Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# અમૃત પ્રવચન

## (અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રશમમૂર્તિ પૂજ્ય 'બહેનશ્રીના વચનામૃત' ઉપર પ્રવચન)

(ભાગ–૩)

શ્રાવણ સુદ ૮, શુક્રવાર તા. ૧૧-૦૮-૧૯૭૮.
વચનામૃત–૧૬૮ થી ૧૭૦ પ્રવચન–૬૧

**સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો. તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ કચરો કાઢતાં ઓછો વખત લાગે, મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે; પરંતુ બંને વહેલા મોડા બધો કચરો કાઢી કેવળજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરશે જ. ૧૬૮.**

**'સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો.'** શું કહે છે ? કે ચૈતન્ય સ્વરૂપ જે ભગવાન પરમાનંદ પ્રભુ, એનું પુણ્ય-પાપના વિકલ્પો અને નિમિત્તના આશ્રયથી છૂટી અને ત્રિકાળી આનંદ અંતર્મુખ વસ્તુ તેના ઉપર અનુભવ થતાં, તેની દૃષ્ટિ થતાં જે કંઈ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે અને એ સ્વાદમાં પ્રતીતિ થાય કે આ તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ જ છે પ્રભુ ! એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હજી તો ધર્મની પહેલી સીઢી. આહાહા..!

અનંત અનંત ગુણનો સાગર પ્રભુ, જેના અનંત ગુણનો પાર નથી એવો જે એકરૂપ સ્વરૂપ ભગવાન, જિન સ્વરૂપ કહો, ભગવાન સ્વરૂપ કહો, પરમાત્મ સ્વરૂપ કહો, એને આ પુણ્ય અને પાપના ભાવો જે છે એ તો વિકારી ભાવ છે. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ એ બધો ભાવ તો શુભ વિકાર છે, એને છોડીને ત્રિકાળી નિર્વિકાર પ્રભુ, એની સત્તાનો સ્વીકાર (થવો), પૂર્ણ હોવાપણે પ્રભુ છે, એની મહિમા આવીને અંતરના પૂર્ણ સ્વભાવનો નિર્વિકલ્પપણે સ્વીકાર (થવો)... આહાહા..! એને સમ્યગ્દર્શન કહે છે.

મુમુક્ષુ :– નિર્વિકલ્પપણે સ્વીકાર એટલે શું ?

ઉત્તર :– નિર્વિકલ્પપણે સ્વીકાર. સમ્યગ્દર્શન નિર્વિકલ્પ છે. કેમ? કે વસ્તુ નિર્વિકલ્પ છે. આહા..હા..! બહુ ઝીણી વાત, બાપૂ ! લોકોને વીતરાગધર્મ (ખબર નથી). આત્મા છે એ નિર્વિકલ્પ નિજ જિન સ્વરૂપ જ છે. સમજાણું કાંઈ ? અસંખ્ય પ્રદેશી ભલે હો પણ દૃષ્ટિમાં એનો ભેદ નથી કે આ અસંખ્ય પ્રદેશી છે. અસંખ્ય પ્રદેશમાં અનંતા ગુણો વિસ્તારથી પથરાયેલા પડ્યા છે છતાં તેના ગુણભેદની જ્યાં દૃષ્ટિ નથી. કેમ કે વસ્તુ પોતે નિર્વિકલ્પ ચૈતન્યઘન છે. આહાહા..!

રાગ વિકાર દુઃખ છે. આહા..હા..! એનાથી રુચિને ફેરવી અને અંતર્મુખ વસ્તુ છે પૂર્ણાનંદ, બહિર્‌ને જોવાનું, માનવાનું છોડી દઈ અંતરમાં જોવાનું અને માનવાનું પ્રગટ કરે. એને અંતરમાં જેવું પૂર્ણ સ્વરૂપ છે એવી એનામાં જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન થાય અને તેમાં પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન થાય. આહા..હા...! બહુ ઝીણી વાત, બાપા ! પ્રથમ સમ્યગ્દર્શનની જ અહીં તો વાત છે. આહા..હા..!

સમ્યક્ એટલે સત્ય દર્શન. સત્ય દર્શન એટલે પૂર્ણ સત્ય સ્વરૂપ જે છે, જેની સત્તા પૂર્ણ સત્ય છે, આહા..હા...! જેનું હોવાપણું, હયાતી, સત્તા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનથી સત્તાવાળી ચીજ છે. આહા..હા...! એની સન્મુખ થતાં, નિમિત્તો; દેવ-ગુરુ ને શાસ્ત્રથી લક્ષ છોડતાં, એની શ્રદ્ધા છે, ભગવાન અને વીતરાગની શ્રદ્ધા છે એનું લક્ષ છોડતાં, એ રાગનું જે જ્ઞાન પર્યાયમાં થાય છે એ પર્યાયનું પણ લક્ષ છોડતાં. આવી વાત છે. લોકોને આકરી લાગે છે. ક્યાં નિવૃત્તિ છે ? વખત ક્યાં છે ?

મહાપ્રભુ અંદર બિરાજે છે, જેના દરબારમાં અનંતા ગુણો–રત્ન ભર્યા છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા..! એવા પ્રભુની અંતરમાં બહિર્મુખનું જોવું, માનવું છોડી દઈને અંતર્મુખ જોવા ને માનવામાં જાય, આહા..હા..! ત્યારે તેને સત્ય જેવડું જેટલું છે તેટલું તેની પ્રતીતમાં આવે, તેથી તે પ્રતીતને સમ્યગ્દર્શન કહે છે. આવી વાત છે, બાપા ! આહા..હા..! અને એ સમ્યગ્દર્શન વિના જે કંઈ શાસ્ત્રજ્ઞાન કરે, વ્રતાદિ તપ કરે એ બધો સંસાર છે. સમજાય છે કાંઈ ?

સમ્યક્ નામ સત્ય દર્શન. સત્ સ્વરૂપ ભગવાન, સત્ સ્વરૂપ સત્તા. પૂર્ણ શક્તિના ભંડારનો ધરનાર એવો પૂર્ણ સત્, એના આશ્રયમાં જતાં જે સત્ય દર્શન થાય, એ નિર્વિકલ્પ દર્શન થતાં, જેટલા ગુણની સંખ્યા અનંત અનંત અનંત અનંત અનંત છે, એ બધા ગુણનો એક અંશ વ્યક્ત પ્રગટ પર્યાયના વેદનમાં આવે. 'ધન્નાલાલજી' ! 'સર્વ ગુણાંશ તે સમકિત' 'શ્રીમદ્'નું એમ વચન છે. આપણે 'ટોડરમલ' ની 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' માં 'જ્ઞાનાદિ અનંતા ગુણોનો એક અંશ પ્રગટ થાય તેને સમકિત કહે છે.' આહા..હા..! આ તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, વ્રત પાળો.

અમારે 'મૂળચંદજી' છેલ્લે કહેતા. (સંવત) ૧૯૮૦ ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા ? ૫૪. ૧૯૮૦ માં વ્યાખ્યા આવી. 'મોક્ષમાર્ગ પ્રકાશક' ચાલતું હતું. ત્યાં તો હજારો માણસો વ્યાખ્યાનમાં આવતા. ૩૦૦ તો ઘર છે. બધા શેઠિયાઓ (આવે), અપાસરામાં સમાય નહિ, પાછળ ખાલી ગલી છે ત્યાં માણસ બેસે. અમારી પ્રસિદ્ધિ તો પહેલેથી એટલી છે ને ! ત્યાં આગળ સાંભળતા એને એકવાર કહ્યું હતું કે, જુઓ ! ભાઈ ! આ ક્રિયાકાંડથી ધર્મ માને છે અને સંક્ષેપ રુચિવાળો છે એને સમકિતી કહેવો એમ ભગવાન કહેતા નથી. સંપ્રદાયની દૃષ્ટિ રાખીને અમને સંક્ષેપ રુચિ છે, વિસ્તાર (રુચિ) નથી (એમ કહે). એ..ઇ...! આ તો ૧૯૮૦ ની વાત છે, ૩૪ ને ૨૦. ૫૪ વર્ષ (થયા). આખી સભા (ભરાય). અત્યારે તો થોડા માણસો છે. પેલો તો આખો અપાસરો ભરાઈ જતો, પાછળ ગલી ભરાય. એ એને સહન ન થયું. ભાગી ગયા બહાર, જંગલમાં દિશાએ ચાલ્યા ગયા. આવીને કહે કે, તું આ કહેતો હતો એ મને સહન થતું નહોતું. એટલે હું ચાલ્યો ગયો. કીધું, ન રુચે તો પણ બેસવું હતું ને. કીધું, માર્ગ તો આ છે. સંપ્રદાયની દૃષ્ટિ રાખીને રુચિ નથી અને માટે સંક્ષેપ રુચિ–સમકિત છે એ વાત તદ્દન જૂઠી છે. 'ધન્નાલાલજી' ! બેરિસ્ટર કહેવાતા, અમારા નાના ગુરુભાઈ હતા. બેરિસ્ટર. દૃષ્ટિ તદ્દન વિપરીત. આહા..હા...! અમારા 'હિંમતભાઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઝોબાળિયા'ના ગુરુ હતા. જોયા હતા કે નહિ ? તમારા ગામના હતા ને ? આહા..હા...!

સંક્ષેપ રુચિનો અર્થ એટલો છે કે વિશેષ જ્ઞાન નથી પણ અનંત આનંદ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો અનુભવ અને રુચિ છે, દૃષ્ટિ થઈ છે. એને વિશેષ જ્ઞાન નથી, વિશેષ જ્ઞાન નથી એટલે વિપરીત જ્ઞાન છે અને વિપરીત શ્રદ્ધા છે માટે સંક્ષેપ રુચિ છે એમ નથી. દસ પ્રકાર આવે છે ને ? સમકિતના દસ પ્રકાર નથી આવતા ? 'મોક્ષમાર્ગ પ્રકાશક', 'આત્માનુશાસન'માં આવે છે. સંક્ષેપ રુચિ, વિસ્તાર રુચિ. મોટો અધિકાર તે દિ' ૫૪માં વર્ષમાં પહેલાં સભામાં ચાલતો. ખળભળાટ.. ખળભળાટ (થઈ ગયો). કીધું, ભાઈ ! ગમે તે માનો બાકી માર્ગ તો આ છે. આહા..!

એ કહે કે, આપણને આ જે સંપ્રદાયની દૃષ્ટિ મળી છે એ સમકિત છે અને હવે વ્રત ને તપ કરવા એ ચારિત્ર છે. બન્ને ખોટું (છે). ખાનગી બોલાવીને કહ્યું પછી, આ ૧૯૮૦ ની વાત છે. કીધું, જુઓ ! તમને અમે મિથ્યાદૃષ્ટિ માનીએ છીએ. પણ જો આ વાત બહાર પાડી તો એ વખતે અમે સંપ્રદાય છોડી દેશું. તમારા વાડામાં આવી ગયા માટે અમે અહીં બેઠા છીએ, મુનિ છીએ, એમ નથી. પાંચ-છ જણા ખાનગીમાં બેઠા હતા. ખાનગી વાત થઈ હતી મેડી ઉપર. એ વખતે દબાઈ ગઈ. પછી ... ગયા, વેશ લઈ લઉં ને આમ કરું... તમે ગમે એમ કરો. માર્ગ તો આ છે, બાપૂ !

અંદર આત્મા પૂર્ણાનંદનો નાથ (બિરાજે છે). ભલે તેને વિશેષ જ્ઞાન વિસ્તારવાળું ન હોય... આહા..હા..! પણ વસ્તુ પૂર્ણ છે તેનો અનુભવ–વેદન થાય અને સમ્યગ્દર્શનમાં અનંતા ગુણનું વ્યક્તપણું વેદન (થાય).. એટલું બધું તે દિ' નહોતું, પણ એ વસ્તુની નિર્વિકલ્પ દૃષ્ટિ થાય (તે સમકિત છે). સમજાણું કાંઈ ? જેમાં દયા, દાન ને વ્રતના વિકલ્પથી લાભ થાય (એ માન્યતા હોય) એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. પછી તો સંપ્રદાય છોડી દીધો.

અહીં કહે છે, **'સમ્યગ્દર્શન થતાં જ...'** આહા..હા..! **'જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો.'** આહા..હા...! અનંતા આનંદ ને અનંતી સત્તા હોવાવાળા ગુણોનો પિંડ પ્રભુ ! આહા..હા..! એમાં સન્મુખ થઈને જ્યાં જ્ઞાન અને પ્રતીત થઈ ત્યાં ચૈતન્યમહેલનો સ્વામી થઈ ગયો. જે અનાદિથી બહારની કુતૂહલતામાં જે ઉભો હતો, આમાં આમ છે ને આમાં આમ છે એ કુતૂહલતા એટલે સુખબુદ્ધિ, આહા..હા..! કોઈ પણ બાહ્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પદાર્થની અનુકૂળતા દેખી અને અંદરમાં કુતૂહલતા થતી કે આ કાંઈક છે, ભાઈ ! આ (કાંઈક) છે. આહા..! એ સુખબુદ્ધિ છે એ મિથ્યાદષ્ટિ છે. આહા.હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

દાન દીધા ને વ્રત બહુ પાળ્યા ને અપવાસ કરીને શરીરને જીર્ણ કરી નાખ્યું, એની બહારની જેને મહિમા છે એને અંતરની દૃષ્ટિનો અભાવ છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય, છતાં એને લડાઈનો ભાવ પણ આવે, આહા..હા...! પણ એ સમ્યગ્દર્શન પછીની વાત છે. ચક્રવર્તી હોય, રાજાનો કુંવર હોય, રાજ હોય અને દુશ્મનો લડાઈ ચડવા માટે વિરોધી આવ્યા હોય દુશ્મનો તો એ ભાવ આવે, પણ એ ભાવને પોતાનો ન જાણે. એ ભાવને પોતાના જ્ઞાનમાં રહી અને તેનું જ્ઞાન કરીને જ્ઞાનમાં એ રહે. આહા..હા...!

અજ્ઞાની પરજીવની દયાનો ભાવ કરે, કોઈની હિંસાનો ભાવ ન કરે.. આહા..હા...! અને વસ્ત્રનો ટુકડો પણ ન રાખ્યો હોય પણ અંદરમાં રાગની મંદતાની એને મહિમા આવે કે, આ..હા..! આપણે તો ઘણું કર્યું. ગૃહસ્થાશ્રમ છોડ્યો, ધંધા છોડ્યા, કુટુંબ છોડ્યું એવી જેને મહિમા આવે છે તે મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! એને ભગવાન આત્મા, જેના અવલોકને આનંદ આવે, જેની માન્યતા કરતા.. આહા..! આનંદનું ફળ આવે. જેને માનતા અનંત અનંત જ્ઞાનના અંકુરા ફુટે. સમજાણું કાંઈ ? આવો પ્રભુનો માર્ગ છે, બાપૂ ! ભલે દુનિયાને એમ લાગે કે એકાંત છે. છે તો એમ જ. સમ્યક્ એકાંત જ છે. આહા..હા...! એમ કહે, આવા વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને કરોડોના મંદિર બનાવીએ એમાંથી કાંઈ કલ્યાણ ન થાય ? ધૂળ પણ કલ્યાણ નથી, સાંભળ ને ! તારા. આહા..હા...!

**‘સમ્યગ્દર્શન થતાં જ...’** ‘થતાં જ’ **‘જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો.’** આહા..હા..! જે રાગ અને પર્યાયનો સ્વામી હતો એ મિથ્યાત્વભાવ હતો. પોતે, સ્વસ્વામીસંબંધ નામનો એનામાં ગુણ છે. ૪૭ શક્તિમાં ૪૭ મી શક્તિ છે – સ્વસ્વામીસંબંધ. આહા..હા..! શુદ્ધ સ્વભાવ દ્રવ્ય, ગુણ અને પર્યાય એ મારા સ્વ છે અને હું એનો સ્વામી છું. એવું સમ્યગ્દર્શન થતાં આ ગુણનું પરિણમન એવું થાય. આહા..હા..! સમજાણું કાંઈ ? નિર્મળ પર્યાય, નિર્મળ ગુણ અને નિર્મળ દ્રવ્ય તે મારું સ્વ અને તેનો હું સ્વામી-ધણી. આ સ્ત્રીનો હું પતિ છું ને પૈસાનો ધણી છું ને ઉદ્યોગપતિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છું ને વેપારના ધંધા મેં ભેગા કર્યા ને સારા ઊંચા કર્યા, એ બધી દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા...!

હવે ચૈતન્યમહેલનો જ્યાં સ્વામી થયો... આહા..હા...! **'તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ કચરો કાઢતાં ઓછો વખત લાગે,...'** તીવ્ર પુરુષાર્થીને અંતરમાં રમણતામાં મંદતા હોય જેને **'તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ કચરો કાઢતાં ઓછો વખત લાગે,...'** તીવ્ર પુરુષાર્થીને સ્વરૂપમાં સ્થિરતા કરવાને ઉગ્ર પ્રયત્ન છે એને હવે અંદર અસ્થિરતાનો કચરો કાઢતા ઓછો વખત લાગે. અસ્થિરતા હજી બાકી છે. સમ્યગ્દર્શન થતાં અસ્થિરતા હજી ચારિત્રની અસ્થિરતા છે, એ અસ્થિરતાનો સ્વામી નથી. તેમ અસ્થિરતાથી મને લાભ થશે, તેમ નથી. પણ અસ્થિરતા છે એને કાઢવા માટે તીવ્ર પુરુષાર્થીને અલ્પકાળ લાગે. આહા..હા...!

**'મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે;...'** પુરુષાર્થ મંદ હોય. આહા..હા...! તીર્થંકર જેવા 'ઋષભદેવ' ભગવાનનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય. ૮૩ લાખ પૂર્વ સુધી સમકિતીમાં, જ્ઞાનમાં રહ્યા, ચારિત્ર નહોતું. ચૈતન્યમહેલના સ્વામી થઈ ગયા હતા પણ જે ચારિત્રનો પુરુષાર્થ, જે અંતરમાં રમણતા જોઈએ તે ૮૩ લાખ પૂર્વ સુધી ન આવ્યું. એક પૂર્વમાં સીત્તેર લાખ, છપ્પન હજાર ક્રોડ વર્ષ જાય. છતાં ૮૩ લાખ પૂર્વ સુધી પુરુષાર્થની મંદતા હતી. આહા..હા...! તીર્થંકર ! અને 'ભરત' ચક્રવર્તીને.. આહા..હા..! જ્યાં અંદરમાં વળ્યા અને જ્યાં મુનિપણું પ્રગટ્યું અને અંતર્મુહૂર્તે તો કેવળજ્ઞાન પ્રગટ્યું. આહા..હા...!

મુમુક્ષુ :– બાપ-દીકરાને આટલો બધો ફેર !

ઉત્તર :– હા, આટલો ફેર. જુઓ ! ૮૩ લાખ પૂર્વ સુધી સમકિતી, ક્ષાયિક સમકિતી રહ્યા, હોં ! 'ઋષભદેવ' આ ૬ લાખ પૂર્વ સુધી ચક્રવર્તી પદમાં રહ્યા પણ જ્યાં અરીસા ભુવનમાં અંદર જાય છે, મકાનમાં ચારે કોર અરીસા (હતા), એમ અંદરમાં અરીસો જોવા ગયો. આહા..હા...! નિજનું ઉગ્રપણે અવલોકન કર્યું. એ અવલોકન કરતાં ક્ષણમાં કેવળજ્ઞાન થયું. આહા..હા..! એ તીવ્ર પુરુષાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે; પરંતુ બંને વહેલા મોડા બધા કચરો કાઢી કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે જ.'** આહા..હા..! બીજ ઊગી એને પૂનમ થશે જ. ચંદ્રની બીજ પૂનમ થશે જ. એમ જેને નિર્વિકલ્પ આત્મા આનંદનો સ્વાદ આવીને સમ્યગ્દર્શન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થયું... આહા..હા...! એ વહેલા કે મોડા પણ કેવળજ્ઞાન લીધે એને છૂટકો છે. સમજાણું કાંઈ ? કેવળજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરશે જ. એ ૧૬૮ (બોલ પૂરો થયો).

૧૬૯. આ તો ઘણા બોલો બધા સૂક્ષ્મ છે. એકદમ ભાવોમાં આવેલા અને સંગ્રહ કર્યો એટલે સમજવા જરી વાર લાગે પણ સમજવા જેવી વાત છે.

**વિભાવોમાં અને પાંચ પરાવર્તનોમાં ક્યાંય વિશ્રાંતિ નથી. ચૈતન્યગૃહ જ ખરું વિશ્રાંતિગૃહ છે. મુનિવર તેમાં વારંવાર નિર્વિકલ્પપણે પ્રવેશી વિશેષ વિશ્રામ પામે છે. બહાર આવ્યા-ન આવ્યા ને અંદર જાય છે. ૧૬૯.**

**'વિભાવોમાં...'** એટલે પુણ્ય અને પાપના વિકલ્પ ને રાગમાં **'અને પાંચ પરાવર્તનોમાં...'** જગતના દ્રવ્યના સંબંધમાં, ક્ષેત્રના સંબધમાં, કાળના સંબંધમાં, ભવના સંબંધમાં અને શુભ-અશુભભાવના સંબંધમાં **'ક્યાંય વિશ્રાંતિ નથી.'** એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં પણ ક્યાંય વિશ્રાંતિ નથી, એ તો રાગ છે. આહા..હા..! આવી વાત માણસને આકરુ પડે. પ્રભુનો માર્ગ એવો છે. એટલે પ્રભુ તારું સ્વરૂપ જ એવું છે.

જૈન કોઈ સંપ્રદાય નથી. જિન વસ્તુનું સ્વરૂપ છે. 'જિન સો હી આત્મા' 'ઘટ ઘટ અંતર જિન વસે' આહા..હા...! એ પોતે જિનસ્વરૂપી ભગવાન છે. આ કોઈ પક્ષ ને વાડાની વાત નથી. એ જિનસ્વરૂપમાં શ્રદ્ધા-જ્ઞાન કરીને ઠરે એ પર્યાયમાં જિન થાય. એ વસ્તુનું સ્વરૂપ છે. એ કાંઈ કોઈ પક્ષની વાત છે ને આનાથી આમ થાય એવું કાંઈ છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'વિભાવોમાં અને પાંચ પરાવર્તનોમાં...'** શુભભાવ વિભાવમાં આવી જાય છે. **'ક્યાંય વિશ્રાંતિ નથી.'** આહા..હા...! **'ચૈતન્યગૃહ જ ખરું વિશ્રાંતિગૃહ છે.'** ચૈતન્યગૃહ. અનંત ગુણનો એક પિંડ એવો પ્રભુ, એ જ ખરું વિશ્રાંતિ, વિશ્રાંતિ લેવા માટે એ ગૃહ છે. આહા..હા...! નિજઘર જ વિશ્રાંતિનું સ્થાન છે. રાગાદિ પરઘર (છે). એ બધા થાકના (સ્થાન છે), રાગ અને દુઃખના સ્થાન છે. આવી વાત અત્યારે લોકોને (આકરી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પડે).

ચૈતન્યગૃહ ! નિજઘર ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનાદિ, પૂર્ણ, એક એક ગુણ પૂર્ણ એવા અનંત ગુણનું પૂર્ણ રૂપ, એવું ચૈતન્યઘર–ચૈતન્યગૃહ એ વિશ્રાંતિનું સ્થાન છે. આ મારા ઘર છે ને આ મારા મહેલ છે ને આ મારા મકાન છે. આહા..! અરે..! પ્રભુ ! ક્યાં ગયો તું ?

મુમુક્ષુ :– કથંચિત્ છે.

ઉત્તર :– કથંચિત્ એટલે ? મિથ્યા માન્યતા તે યથાર્થ છે. એ મિથ્યા માન્યતા છે. આહા..! અરે..! પ્રભુ ! જુઓને !

મુમુક્ષુ :– કથંચિત્ નથી લગાવવું ?

ઉત્તર :– કથંચિત્ લગાવ્યું ને ! મિથ્યાત્વની અપેક્ષાએ તે મિથ્યાદૃષ્ટિ છે, સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..હા..!

**'મુનિવર...'** હવે વિશ્રાંતિગૃહ ભગવાન આનંદકંદ સ્થળ અંદર પડ્યું છે. અતીન્દ્રિય આનંદનું દળ છે પ્રભુ તો. ઇન્દ્રિય તરફના આનંદની જે કલ્પના છે એ તો દુઃખરૂપ છે. આહા..હા..! ઇન્દ્રિયોના વિષયોમાં જે કંઈ ઠીક લાગે છે એ કલ્પના તો ભ્રમ અને દુઃખ છે. આહા..હા...! પોતે જ આનંદનું ઘર છે ને ! આહા..! એટલે દુઃખના થાક ઊતારવા માટેનો વિશ્રાંતગૃહ તો આત્મા છે. આહા..હા..! આવો ઉપદેશ હવે.

**'મુનિવર તેમાં વારંવાર નિર્વિકલ્પપણે પ્રવેશી વિશેષ વિશ્રામ પામે છે.'** આહા..હા..! સમકિતીને તો એકદમ અંદરમાં વારંવાર ઉપયોગ આવે એવું નથી. કોઈ વાર ઘણો વખત લાગે. મુનિ છે, સાચા સંત જેને કહીએ... આહા..હા..! એ મુનિવર તેમાં આનંદના ઘરમાં, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન જે વિશ્રામઘર છે,... આહા..હા...! એમાં **'નિર્વિકલ્પપણે પ્રવેશી...'** વારંવાર અભેદપણે પ્રવેશી. આહા..હા...! નિર્વિકલ્પ પરિણતિપણે તેમાં પ્રવેશી. આહા..હા..! અરે..! બાપૂ ! મુનિપણું કોને કહીએ ! આહા..હા...!

**'મુનિવર...'** આહા..હા..! 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' આદિ સંતો અંદરમાં વારંવાર નિર્વિકલ્પપણે પ્રવેશી **'વિશેષ વિશ્રામ પામે છે.'** વિશેષ આનંદ અને વિશ્રામને ઠરવાનું ત્યાં પામે છે. આહા..હા...! આનંદના ધામમાં ઠરવાનું પામે છે. એને મુનિ કહીએ, બાપા ! ભાઈ ! જેણે વિશ્રાંતિગૃહને જાણ્યું છે, અનુભવ્યું છે હવે એ વારંવાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમાં જવા માગે છે. છટ્ઠે વિકલ્પ આવે, પણ પાધરો અંદરમાં જવા માગે છે. આહા..હા...! જ્યાં અતીન્દ્રિય આનંદનો ડુંગર પડ્યો છે પોતે તેમાં બેસવા–સ્થિર થવા માગે છે. સમજાણું કાંઈ ? આવી વાત છે, બાપા ! વીતરાગ માર્ગ કોઈ (અલૌકિક છે) ! અને એવો માર્ગ બીજે ક્યાંય છે નહિ. જૈન પરમેશ્વર... અહીં તો એમ કહ્યું હતું કે, જૈન એ પક્ષ નથી એ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ભલે જાપાનવાળાએ કહ્યું એટલી અપેક્ષાએ વાત તો કરીએ પણ... આહા..હા...! આવી વસ્તુની સ્થિતિ જગતને હાથ આવવી મુશ્કેલ છે.

એ પરમાત્મા અનંત ગુણનું ધામ, ધ્રુવધામ, જેમાં સ્થિર કરવા માટે મુનિરાજ વારંવાર અંદરમાં જવા તલસી રહ્યા છે. આહા..હા...! મારા આનંદના ઘરને છોડીને અરે...! હું આ વિકલ્પમાં ક્યાં આવ્યો ? મહાવ્રતનો વિકલ્પ ને દેવ-ગુરુની શ્રદ્ધાનો, રાગ અને દેવ-ગુરુ ને શાસ્ત્રનો વિનય એવા વિકલ્પમાં હું ક્યાં આવ્યો ? આહા..હા..! મારું સ્થાન વિશ્રામસ્થાન તો આ છે.

મુમુક્ષુ :– પોતે આવ્યો...

ઉત્તર :– પોતે આવ્યો પુરુષાર્થની નબળાઈથી. આહા..હા...! મારો દેશ આનંદનો દેશ એમાંથી નીકળીને આ વિકલ્પ તો દુઃખ છે. આહા..હા..! આવું છે, બાપૂ ! માર્ગ બહુ ઝીણો. જગતની સાથે મેળ ખાય એવો નથી. આહા..હા...!

**'વારંવાર નિર્વિકલ્પપણે પ્રવેશી...'** શેમાં ? આનંદ સ્વરૂપમાં. નિર્વિકલ્પપણે અંદરમાં જઈ આહા..હા...! **'વિશેષ વિશ્રામ પામે છે.'** અંદર આનંદમાં વિશેષ સ્થિરતા પામે છે. આહા..! એને મુનિ કહીએ, બાપા ! મુનિ તો પરમેશ્વર છે. આહા..હા...! પરમેશ્વરમાં જે દૃષ્ટિ કરીને અંદરમાં ઠરે છે એ પરમેશ્વર છે. પર્યાયે પરમેશ્વર છે. આહા..હા...! વસ્તુએ પરમેશ્વર છે એ તો છે જ, પણ મુનિરાજ તો પર્યાયે પરમેશ્વર છે. આહા..હા...! જેને વિકલ્પમાં આવવું ગોઠતું નથી પણ પુરુષાર્થની કમજોરીને લઈને આવે છે એ ન્યાંથી ખસીને... આહા..હા...! ત્યાં પાછો જાય છે. આહા..હા...! વિશ્રામસ્થાનમાં જાય છે. ત્યાં રાગ છોડું છું અને નિર્વિકલ્પ (થાઉં છું) એવો પણ જ્યાં વિકલ્પ નથી. આહા..હા...! એવી દશાને મુનિરાજ વારંવાર સમ્યગ્દર્શન સહિત મુનિપણું છે એથી આહા..હા...! વારંવાર અંદર પ્રવેશ કરવા માગે છે.

**'બહાર આવ્યા–ન આવ્યા ને અંદર જાય છે.'** આહા..હા...! મુનિ એટલે ધન્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અવતાર, ભાઈ ! આહા..હા..! ચારિત્ર અને ચારિત્ર એ મોક્ષનું સાક્ષાત્ કારણ (છે). આહા..હા...! એવી જેને ચારિત્રદશા અંતરમાં પ્રગટી છે એ અંતરમાં રમવા, જમવા, જામવા, જામી જવા નિર્વિકલ્પપણે વારંવાર અંદર જાય છે. પણ પુરુષાર્થની કમીને લઈને બહાર આવ્યા, પણ આવ્યા–ન આવ્યા થઈને અંદર જાય છે. આહા..હા...! ભાઈ ! માર્ગ આવો, બાપૂ ! જૈનમાં વાડામાં જન્મ્યા છે એને પણ ખબરું ન મળે. અરે..રે...! એ ૧૬૯ (બોલ પૂરો થયો).

**એક ચૈતન્યને જ ગ્રહણ કર. બધાય વિભાવોથી પરિમુક્ત, અત્યંત નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર, તેમાં જ લીન થા, એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે. ૧૭૦.**

૧૭૦. **'એક ચૈતન્યને જ ગ્રહણ કર.'** આહા..હા...! પૂર્ણ ચૈતન્ય વસ્તુ જે છે એને પકડ. એને ગ્રહણ કર નામ એને જાણ. આહા..હા...! બહારના જોવામાં જે કંઈ તને વિસ્મયતા લાગે છે એ બધું અજ્ઞાન છે. આહા..હા...! એ ચૈતન્યને જ ગ્રહણ કરવામાં એકને જ ગ્રહણ કર. ભેદને નહિ, પર્યાયને નહિ, રાગને નહિ. અભેદ ચૈતન્ય સ્વરૂપ એકરૂપ ધ્રુવ સ્વરૂપ, તેને ગ્રહણ કર. આહા..હા...!

ધ્રુવને ધ્યેયમાં ધીરજથી લઈ.. એ બોલ આવ્યા છે. તેર હતા ને ? હમણા 'ભાવનગર'થી. આહા..હા...! ધ્રુવ સ્વરૂપને ધ્યેયમાં વિષય બનાવી... 'કળશટીકા' માં એ છે. ... 'અધ્યાત્મ તરંગિણી' 'કળશ ટીકા' છે ને? 'અધ્યાત્મ તરંગિણી', હોં ! આ ટીકા 'રાજમલ' ની છે. એક 'અધ્યાત્મ તરંગિણી' છે. એમાં આ છે કે, ... ભગવાન પૂર્ણાનંદના નાથને વિષય કર ને ! ધ્યેય બનાવ ને ! તારી દૃષ્ટિ અને તારા જ્ઞાનનું ધ્યેય અને જ્ઞેય એને બનાવ ને ! આહા..હા...! 'કળશ ટીકા' છે ? નથી લાગતું. ત્યાં રહી ગયું. બે-ત્રણ ઠેકાણે સંસ્કૃત ટીકામાં છે.

વસ્તુ પૂર્ણ સ્વરૂપ છે તેને તું ધ્યેય–વિષય બનાવ. વિષય શબ્દે લક્ષ બનાવ. આ વિષય ને આ વિષય એમ નહિ. આહા..હા...! એ ભગવાન આત્મા પૂર્ણ આનંદનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધામ, અતીન્દ્રિય અમૃતનો સાગર ભગવાન આત્મા છે. આહા..હા...! એવા એવા અનંત અનંત અતીન્દ્રિય ગુણોનો પ્રભુ સાગર–સમુદ્ર છે, તેને એકને ગ્રહણ કર. આવું છે, બાપૂ ! આહા..હા...!

**'બધાય વિભાવોથી પરિમુક્ત...'** આહા..હા...! બધાય વિભાવો. ચાહે તો ભગવાનના સ્મરણનો વિકલ્પ હો, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં એ બધા વિકલ્પ અને વિભાવ છે. આહા..હા...! તેથી આ લોકો કહે છે ને ? એ ક્રિયાથી કાંઈ ન થાય એ એકાંત છે. ન થાય એવું હોય ? એનાથી બંધ થાય, ધર્મ ન થાય. આહા..હા...!

**'બધાય વિભાવોથી પરિમુક્ત...'** પરિમુક્ત એટલે ? પરિ–સમસ્ત પ્રકારે મુક્ત. આહા..હા...! પરિ નામ સમસ્ત પ્રકારે મુક્ત. કોઈપણ એક અંશનો સહારો સ્વરૂપની દૃષ્ટિ કરવામાં છે નહિ. આહા..હા...! અરે..રે...! જિંદગી જાય છે, ચાલી જાય છે. આહા..હા...! અને મોતના નગારા માથે વાગે છે. ક્યે સમયે દેહ છૂટશે એની ખાતરી આપીને ઇ નહિ આવે. ઇ કહે, જુઓ ! હવે હું બે કલાક પછી દેહ છૂટવાનો છે, ધ્યાન રાખજે. એમ કંઈ કહીને આવે ? આહા..હા...! માથે મોતના નગારા વાગે, બાપા ! તું કરી લે ને, તારા કલ્યાણના પંથમાં આવી જા. દુનિયા ગમે તે માનો, ન માનો એની સાથે કંઈ સંબંધ નથી. દુનિયા સર્ટિફીકેટ આપે કે આ તો ભારે ભાઈ આ જ્ઞાની અને ધર્મી. એથી કરીને એને કલ્યાણ થઈ જાય એવું નથી. આહા..હા...!

**'બધાય વિભાવોથી પરિમુક્ત...'** પરિમુક્ત એટલે સમસ્ત પ્રકારે મુક્ત. **'અત્યંત નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર.'** એ ચૈતન્યને ગ્રહણ કરની વ્યાખ્યા કરી. **'અત્યંત નિર્મળ નિજ પરમાત્મતત્ત્વ...'** નિજ પરમાત્મતત્ત્વ. વીતરાગ પરમાત્મા દેવ અરિહંત એ તો નહિ, એના ઉપર લક્ષ જશે તો તને રાગ જ થશે. આહા..હા...! ભારે વાત, ભાઈ ! આનુપૂર્વીમાં ગણે છે ને ? ણમો અરિહંતાણં, ણમો આઈરિયાણં, ણમો સિદ્ધાણં, ણમો ઉવ્વજ્ઝાયાણં આડાઅવળા નથી આવતું ? નથી આવતું તમારે ? આનુપૂર્વી. ચોપડી આવે છે. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં, ણમો ઉવ્વજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં. પછી ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં, ણમો ઉવ્વજ્ઝાયાણાં, ણમો સિદ્ધાણં,.. આડાઅવળા. એક ચોપડી આવે છે. એમાં શું થયું ? એ તો વિકલ્પ છે, રાગ છે.

મુમુક્ષુ :– આગળ વધવાનું થાય ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :– હા, સંસારમાં વધવાનું ઇ કારણ છે. આહા..હા..! મુનિરાજ ભાવલિંગી સંત જે સ્વરૂપમાં વિશ્રામ પામ્યા છે એને પણ જે પંચ મહાવ્રતનો વિકલ્પ આવે છે એને 'સમયસાર નાટક' માં ૪૦ બોલ છે એમાં સોળમો બોલ કહ્યો છે, એ જગપંથ છે. આહા..હા...! જેને અંતરમાં વિશ્રામઘર ઉગ્રપણે મળી ગયું છે, રહેવાનું સ્થાન મળી ગયું છે અને ત્યાં વારંવાર જાય છે. એને પણ જે વિકલ્પ આવે છે... આહા..હા...! અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ કહે છે કે એ જગપંથ છે.

'સમયસાર નાટક' માં છે. છે અહીં ? છે એમાં ? લ્યો, મોક્ષદ્વાર જ નીકળ્યું. સોળમો બોલ છે. મોક્ષદ્વાર. આ શું છે ? 'તા કારણ જગપંથ ઇત' મુનિરાજને પણ જે વિકલ્પ ઉઠે છે એ જગપંથ છે. 'ઉત્ શિવમારગ જોર' અંતરમાં રમણતા તે શિવ–મોક્ષનો માર્ગ છે. 'પરમાદી જગ કો ઢૂંકે' છઠ્ઠે ગુણસ્થાને પ્રમાદવાળો, પંચ મહાવ્રતનો વિકલ્પ છે એ પ્રમાદ છે. આહા..હા...! એ 'જગ કો ઢૂંકે' એ જગ તરફ વળી ગયેલો છે. આહા..હા..! આને તો આખો દિ' બાયડી, છોકરા, ધંધા ને વેપાર, એકલા પાપના ઢગલાના પ્રપંચ. આહા..હા...! એનું તો શું પરિણામ આવે ? બાપા ! આહા..હા...!

અહીંયા તો મુનિરાજ જેને ત્રણ કષાયનો અભાવ (છે) અને અંદરમાં વારંવાર પ્રવેશ કરવાનો ભાવ (છે) એને જે આ વિકલ્પ પંચ મહાવ્રતનો, વિનયનો, સ્વાધ્યાયનો, કહેવાનો, સાંભળવાનો આવે... આહા..હા...! (તે) જગપંથ, સંસાર છે, રાગ છે, ઉદયભાવ છે. આહા..હા...! જુઓ ! વીતરાગ માર્ગ ! જુઓ ! પરમાત્મા જિનેશ્વરદેવ, તેના ઉપદેશમાં આ આવ્યું છે. આહા..હા...!

'અપરમાદી શિવ ઓર' પ્રમાદી જે પંચ મહાવ્રતના વિકલ્પમાં આવ્યો એ એટલો જગપંથ તરફ ગયો છે. આહા..હા...! આમ અંદરમાં જાવું એ વિષય ઓર છે. 'સમયસાર નાટક' માં ચાલીસમો બોલ છે.

**'અત્યંત નિર્મળ નિજ...'** અત્યંત નિર્મળ. વિકાર છે એ મલિન છે, પ્રભુ આત્મા છે એ તો અત્યંત નિર્મળ નિજ પરમાત્મ તત્ત્વ (છે). **'પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર.'** એકાંત નથી થતું ? નિજ પરમાત્માને ગ્રહણ કર અને પર પરમાત્મા તરફનું લક્ષ છોડ એ અનેકાંત છે. આહા..હા..!

પે'લામાં તો ભાઈ ! એમ લખ્યું છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ' છે ને ? એમાં દસ હજાર કેવળી અને એક તીર્થંકર, એટલી એની મહિમા છે. અને દસ હજાર તીર્થંકર..

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સાંભળ્યું છે કોઈ દિ'? સાંભળ્યું નથી ? અહીં ઘણી વાર વાત થઈ ગઈ છે. 'ઉપદેશ રત્નમાળા' હોં ! 'દીપચંદજી' નું કરેલું છે. જેણે 'ચિદ્દ્વિલાસ', 'અનુભવ પ્રકાશ' કર્યું છે એમણે 'અધ્યાત્મ પંચસંગ્રહ' બનાવ્યું છે પણ બહુ ઝીણી વસ્તુ છે.

'મહિમા હજાર દસ સામાન્ય જુ કેવલી કી' 'મહિમા હજાર દસ જુ સામાન્ય કેવલી કી, તાકે સમ તીર્થંકરદેવજી કી માનિયે' એક તીર્થંકર દસ હજાર કેવળી કરતા પણ આ એક તીર્થંકરની મહિમા વિશેષ છે. સાંભળ્યું નથી કોઈ દિ' ? અહીં તો વાત થઈ ગઈ છે. 'તીર્થંકરદેવ મિલે દસ હજાર ઐસી' દસ હજાર તીર્થંકર મળે 'ઐસી મહિમા મહંત એક પ્રતિમા કી જાનિયે' કેમ કે ૨૪ કલાક તીર્થંકર ત્યાં બિરાજે છે. ૨૪ કલાક ત્યાં લાભનું કારણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ઇ પ્રતિમા ન માને (એને શું કહેવું ?) એવો વિકલ્પ હોય છે. સમજાણું કાંઈ ? દસ હજાર કેવળી અને એક કોર એક તીર્થંકર અને દસ હજાર તીર્થંકર અને એક કોર એક જિન પ્રતિમા. 'જિન પ્રતિમા જિન સારખી' છતાં ... અહીં કીધું. એનું કારણ-હેતુ આ છે. તીર્થંકર તો એક સ્થાને ન હોય છતાં ભગવાન તો જ્યારે જોઈએ ત્યારે ત્યાં જ બિરાજતા હોય છે. એટલી અપેક્ષા છે. 'ઉપદેશ રત્નમાળા' છે એમાં પાંચમાં છે. આ તો વાતું એવી છે, બાપૂ ! જગતથી (જુદી જાત છે). કહો, 'મોહનલાલજી' આ સાંભળ્યું છે ? આ પહેલાં કોઈ દિ' નથી (સાંભળ્યું) ? અહીં વાત થઈ હતી. અહીં તો ઘણા વર્ષથી બધું વાંચ્યું છે. આખો પંચસંગ્રહ છે. પાંચ શાસ્ત્રો છે. 'પરમાત્મા પુરાણ', 'જ્ઞાનદર્પણ', 'સ્વરૂપાનંદ', 'ઉપદેશસિદ્ધાંત રત્ન', 'સવૈયા ટીકા' (એમ) પાંચ છે. આ તો ઘણા વર્ષોથી અહીં તો જોવાણું છે. 'ચેતનજી' ! એ વાત પહેલાં થઈ હતી. એવો વિકલ્પ આવે, પરમાત્માની પ્રતિમાને પૂજવાનો (વિકલ્પ) આવે પણ એ ધર્મ નથી. આહા..હા...!

મુમુક્ષુ :-

ઉત્તર :- પણ આવે. એની ભૂમિકામાં સાધકપણું છે, સિદ્ધપણું નથી તેટલું બાધકપણું આવે જ. જાણવા માટે આવે જ. હેય તરીકે પણ આવે. આહા..હા...! આવી વાતું છે. 'સમયસાર નાટક' માં નથી કહ્યું ? છે ને ? 'ગુણસ્થાન અધિકાર'માં (બીજો શ્લોક) છે, જુઓ ! એની પહેલાંમાં છે, જુઓ !

**જાકે મુખ દરસસૌં ભગતકે નૈનનિકૌં,**
**થિરતાકી બાની બઢૈ ચંચલતા વિનસી.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવે, એવો ભાવ હોય છે.

**મુદ્રા દેખી કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં,**
**જાકે આગૈ ઇંદ્રકી વિભૂતિ દીસૈ તિનસી.**
**જાકૌ જસ જપત પ્રકાસ જગૈ હિરદૈમૈં,**
**સોઇ સુદ્ધમતિ હોઇ હુતી જુ મલિનસી.**
**કહત બનારસી સુમહિમા પ્રગટ જાકી,**
**સોહૈ જિનકી છબિ સુવિદ્યમાન જિનસી. ૨.**

ગુણસ્થાનની શરૂઆતમાં (આ શ્લોક લીધો છે).

**જાકે ઉર અંતર સુદ્રિષ્ટિકી લહર લસી,**
**વિનસી મિથ્યાત મોહનિદ્રાકી મમારખી.**
**સૈલી જનશાસનકી ફૈલી જાકે ઘટ ભયૌ,**
**ગરબકૌ ત્યાગી ઘટ-દરવકૌ પારખી.**
**આગમકે અચ્છર પરે હૈં જાકે શ્રવનમૈં,**
**હિરદૈ–ભંડારમૈં સમાની વાની આરખી.**
**કહત બનારસી અલપ ભવથિતિ જાકી,**
**સોઈ જિન પ્રતિમા પ્રવાંનૈ જિન સારખી. ૩.**

જે અપેક્ષાએ કહ્યું (હોય) તે અપેક્ષાએ જાણવું જોઈએ ને ? સમજાણું કાંઈ ? આવી વાત. પેલા કહે, નહિ. પ્રતિમાને માને ઇ મિથ્યાદૃષ્ટિ છે. ત્યાં ગયા હતા ને ? ‘મલ્હારગઢ’, ‘મલ્હારગઢ’ ને ? ત્યાં એના ગાનારા માણસો હતા તો એ ગાવા માંડ્યા. પ્રતિમાને માને ઇ મિથ્યાદૃષ્ટિ. શેઠે રોક્યા, રોક્યા. રહેવા દે. કારણ કે ઇ તારણસ્વામીવાળા (હતા). શેઠે રોક્યા. ભાઈ ! પ્રતિમા છે, એની પૂજા-ભક્તિ છે. પણ એ સ્વરૂપમાં જ્યાં ઠરી શકે નહિ એને એવો શુભભાવ અશુભથી બચવા આવ્યા વિના રહે નહિ. એ ન જ આવે અને ન જ માને તો એ વસ્તુને સમજતો નથી. આહા..હા...! અને આવે છતાં એ બંધનું કારણ છે. આહા..હા...! આવી વાતું છે.

‘પંચાસ્તિકાય’ માં ટીકામાં એ કહ્યું છે. અશુભ સ્થાનથી બચવા એવો શુભભાવ આવે પણ છે એ બંધનું કારણ. જ્યાં સુધી અબંધ પરિણામ પૂરા પ્રગટ્યા નથી ત્યાં સુધી અબંધ પરિણામ અલ્પના સ્થાનમાં એવા બંધના પરિણામ એને હોય છે. હોય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે માટે તે આદરણીય છે અને એનાથી જીવને લાભ થાય છે એ પ્રશ્ન અહીંયા અત્યારે નથી. આહા..હા...! આટલી બધી અપેક્ષાઓ.

**'અત્યંત નિર્મળ નિજ પરમાત્મતત્ત્વ...'** નિજ પરમાત્મતત્ત્વ એટલે પરમાત્મ ભગવાન નહિ, મૂર્તિ નહિ અને ભગવાન પણ નહિ. **'નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર, તેમાં જ લીન થા, એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે.'** રજકણનો એક અંશ હોય, રાગનો કે રજકણનો (અંશ હોય તેની આસક્તિ છોડી દે).

મુમુક્ષુ :- ... તો ઘણા પરમાણુ હોય.

ઉત્તર :- ઘણા પરમાણુ હોય, કીધું ને એ તો શુભભાવનો આશ્રય કર્યો. પણ એના સ્વભાવનો આશ્રય કરવો છે એણે એ બધું છોડી દેવું પડશે. આહા..હા...! છતાં એ છોડી દઈને સમ્યગ્દર્શન, જ્ઞાન થયું છતાં એને એવો શુભભાવ આવે એ જાણવાલાયક (છે), જાણેલો પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

⌘ ⌘ ⌘

નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર ને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મા સ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા ! કેટલી વિશાળ દૃષ્ટિ ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે ! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે. 'પરમાગમસાર' બોલ નં.૨૫.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શ્રાવણ સુદ ૯, શનિવાર તા. ૧૨-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૧૭૧, ૧૭૨ પ્રવચન–૬૨**

**એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી. ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે. જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય કરે કે સંસાર અશરણ છે, અનિત્ય છે, તેમને ચૈતન્યની સમીપતા ન થાય. પણ ચૈતન્યના મહિમાપૂર્વક જ તેને વિભાવોનો મહિમા છૂટી જાય, ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી સંસારની મહિમા છૂટી જાય, તે ચૈતન્યની સમીપ આવે છે. ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે; તેની ઓળખાણ કરવી, તેનો મહિમા કરવો. ૧૭૧.**

'વચનામૃત' ૧૭૧. ૧૭૦ થઈ ગયા છે. આજે તો હિન્દી ચાલશે ને ? **'એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી.'** દૃષ્ટાંત (છે). **'એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી.'** નથી સમાઈ શકતી–નથી રહી શકતી. એમ **'ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે.'** આહા..હા..! જેને ચૈતન્યની મહિમા પણ હોય અને દયા, દાન, વ્રત આદિના વિકલ્પની પણ મહિમા હોય, એમ (બે) મહિમા હોઈ શકતી નથી.

મુમુક્ષુ :– દૃષ્ટાંત તો સમજાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જેને ચૈતન્ય ભગવાન પૂર્ણ પરબ્રહ્મ પરમાત્મા, જેમાં નિર્મલ ભાવનો પિંડ છે, એવો આત્મા, જેને આત્માની મહિમા છે એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. એને રાગનો વિકલ્પ અને રાગ-પુણ્યનું ફળ, એની એને મહિમા નથી રહેતી. આહા..હા...! અને જેને રાગ–પુણ્ય પરિણામ અને તેનું ફળ,... છોકરાઓ ન આવ્યા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કેમ શનિવાર છે ને? રજા તો થઈ ગઈ છે. હશે કાંઈક.

જેને દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ અને તેનું પુણ્યબંધન અને તેનું અનુકૂળ ફળ, તેની જેને અંતરમાં રુચિ અને મહિમા છે, તેને ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ નિર્વિકલ્પ આનંદકંદ, સુખવૃંદ, સુખનો સમૂહ છે, આનંદનો કંદ છે,... આહા..હા...! એવા આત્માની તેને મહિમા નથી આવતી. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! જેને વ્યવહાર રત્નત્રય, જેને શુભરાગ કહે છે અને જે દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે,.. આહા..હા...! તેની પણ જેને અંતરમાં મહિમા આવે છે, તેને અંતર ચૈતન્ય ભગવાન (જેમાં) નિમિત્તનો અભાવ, રાગનો અભાવ (છે અને),... આહા..હા...! પોતાના દ્રવ્યમાં આનંદભાવ, ગુણમાં આનંદભાવ(ની) મહિમા નથી તો પર્યાયમાં તેને આનંદભાવ નથી આવતો. સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વિષય છે, ભાઈ !

જેને થોડી પણ પરની મહિમા, અધિકતા, વિશેષતા, આશ્ચર્યતા, વિસ્મયતા, શુભરાગથી લઈને બધી ચીજ, તેમાં કંઈપણ વિસ્મયતા, આશ્ચર્યતા, અધિકતા... આહા..હા...! અને તેની કંઈક મહિમા (રહે છે),.. આહા..હા..! આ સુંદર શરીર, તેનો પણ જેને મહિમા છે. (છોકરાઓ અત્યારે મોડા આવ્યા.) સમજાણું કાંઈ ? આ તો એકલા સિદ્ધાંત છે. **'એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી.'** એમ લખ્યું છે ને ? રહી શકતી નથી એનો અર્થ સમાઈ શકતી નથી. એમ જેને પુણ્ય અને પાપના ભાવ, એક સમયમાં-પર્યાયમાં જ્ઞાનનો પરલક્ષી ક્ષયોપશમ હોય,... આહા..હા...! અને પુણ્યના ફળસ્વરૂપ બહારની આ અનુકૂળ સામગ્રી હોય, તેની જેને અંદરમાં મહિમા છે, તેને ચૈતન્યની મહિમા નથી. તેને સમ્યગ્દર્શન છે નહીં. આહા..હા...! સમજાણું કાંઈ ?

જેને ચૈતન્યની મહિમા છે, ભગવાન પૂર્ણ અનાકૂળ આનંદકંદ પ્રભુ, જેની વિકલ્પથી ખબર નથી પડતી અને એક સમયની પર્યાય (સ્વરૂપ) સન્મુખ થાય તો ખબર પડે, એવી મહિમાવંત પ્રભુ ચીજ, તેની જેને મહિમા નથી તેને પરની મહિમા છે. આહા..હા...! અને જેને પોતાની નિજ ચીજમાં મહિમા છે, તો આત્મામાં એક ભાવભાવ નામનો ગુણ પડ્યો છે. ભાવભાવ નામનો ગુણ પડ્યો છે. આહા..હા...! જેને પોતાનો જ્ઞાયક શુદ્ધ ચૈતન્યપ્રભુ, અનાકુળ આનંદનો નાથ,... આહા..હા...! તેની મહિમા જેને આવી અને દૃષ્ટિ થઈ તો તેના દ્રવ્યમાં ભાવ, ગુણમાં ભાવ અને પર્યાયમાં આનંદનો ભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવે છે. સમજાણું કાંઈ ? સમજાણું કે નહિ ?

મુમુક્ષુ :– કાંઈ સમજાણું નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમજાણું નહિ ? એ ઠીક કહ્યું. વિશેષ સ્પષ્ટીકરણ માંગે છે. જેને ભગવાન આત્મા, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શાશ્વત પદાર્થ પ્રભુ અંદર છે, એ શાશ્વત પદાર્થની જેને મહિમા આવી અને અશાશ્વત દયા, દાનનો વિકલ્પ આદિ પર વસ્તુની મહિમા જેની દૃષ્ટિમાંથી છૂટી ગઈ... આહા..હા...! અતીન્દ્રિય આનંદનો નાથ, સાગર, શાશ્વત પ્રભુ... આહા..હા...! તેની જેને મહિમા આવી, તેને દ્રવ્યમાં આનંદભાવ, ગુણમાં આનંદભાવ અને પર્યાયમાં પણ આનંદભાવ આવે છે. આહા..હા...!

જેને પરની મહિમા (આવે છે) આહા..હા...! કઠણ વાત (છે), ભાઈ ! ઇન્દ્રની ઇન્દ્રાણી... આ તો 'ધાનના ઢોકળા' છે, (એટલે કે) અનાજ ખાઈએ તો શરીર રહે અને ન ખાઈએ તો એં.. એં... થઈ જાય. ઇન્દ્રાણી, જેને અનાજ નથી, હજારો વર્ષે અમૃત આવે, તે ઇન્દ્રાણીની સુંદરતા પણ જેને લક્ષમાં આવે છે, તેને આત્માની સુંદરતા લક્ષમાં નથી આવતી. ઇન્દ્ર એવો જે ભગવાન આત્મા... આહા..હા...! અતીન્દ્રિય અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ ! વીતરાગમૂર્તિ શાશ્વત પ્રભુ, તેની જેને મહિમા નથી, તેને સુંદર સ્ત્રી વગેરેની મહિમા આવે છે. આહા..હા...! અને જેને (સુંદર સ્ત્રી આદિનો) મહિમા છે તેને ચૈતન્યની મહિમા નથી આવતી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભગવાન ! આહા..હા...!

પરમબ્રહ્મ પરમાત્મસ્વરૂપ પ્રભુ આત્મા છે. પરમબ્રહ્મ પરમાત્મા જિનસ્વરૂપી પ્રભુ આત્મા તો છે. આહા..હા...! જેને એની મહિમા નથી, તે અનાદિથી પરની મહિમામાં પડ્યો છે. આહા..હા...! બહારના પૈસા ને આબરૂ ને મકાન ને ફર્નિચર... આહા..હા...! એક ગૃહસ્થ રાજાની વાત આવે છે. જેના લગનમાં.. લગન સમજો છો ? શાદી. એક રાતમાં એક કરોડ રૂપિયા ખર્ચ્યા. અત્યારે રાજા છે. અને દારૂખાનું (ફટાકડા ફોડ્યા), પ્રકાશ અને ભપકો. ઓ..હો..હો..! અરે..! પ્રભુ ! પણ એ શું ચીજ છે ? એ તો ઠીક પણ અંદર ભગવાન પરમાત્મા પોતા સિવાય બહારના મંદિર, પરમાત્માની શોભામાં મહિમા લાગે છે. આહા..હા...! હમણા આવ્યા હતા ને ? 'કલકત્તા'થી, હોમિયોપેથીના મોટા વૈદ્ય છે. 'કલકત્તા'માં. આપણે ત્યાં ત્રણ-ચાર વાર આવી ગયા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. ૪૯ વર્ષની ઉંમર છે. બ્રહ્મચારી છે, બાળ બ્રહ્મચારી છે, લાખોની કમાણી છે, લગ્ન નથી કર્યાં. રાજકુમાર જેવું સુંદર શરીર છે. અહીં તો આવ્યા. વેદાંતી તરીકે હતા. અહીં તો પહેલાં જોવા આવ્યા હતા. પછી સાંભળીને એમ લાગ્યું કે... ઓ..હો..હો..! આ શું ચીજ છે ! બેંગલોરમાં આપણું પંદર લાખનું મંદિર છે, બેંગલોર, ત્યાં આવ્યા. અમે હતા અને એમને આવવાનું થયું, આવ્યા. પંદર લાખનું બેંગલોરનું મંદિર અત્યારે એવું છે, આપણા મુમુક્ષુ તરફથી (બનાવ્યું છે). (મંદિર) જોઈને વેદાંતી વૈદ્ય બાલ બ્રહ્મચારી છે, રાજકુમાર જેવું શરીર છે, લાખોની કમાણી છે, પરજીવની દયા વગેરેમાં ખર્ચ કરે છે. અહીં આવીને કહેવા લાગ્યા, મહારાજ ! આશીર્વાદ આપો કે હું આજીવન આમ જ રહું. એ મંદિર જોઈને એવા ખુશ થઈ ગયા કે એક હજાર રૂપિયા હું મંદિરમાં આપું છું. વૈદ્ય. પણ એ તો બહારની ઘટના છે, પ્રભુ ! આહા..હા...!

અંદરનો દેવ, પરમાત્માનું મંદિર અંદર બિરાજમાન છે, દેહ-મંદિરમાં ભગવાન અનંત ગુણાલકૃંત, અનંત ગુણના અંલકારથી જે શોભિત વસ્તુ છે. આહા..! અનંત... અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... પાર નહિ એટલા ગુણની શોભાથી, શણગારથી ભરેલો ભગવાન છે. તેની જેને સમ્યગ્દર્શનમાં મહિમા આવી,.. આહા..હા..! તેને બહારનો ભપકો, સમવસરણ જુએ તો પણ તેની મહિમા દૃષ્ટિમાં નથી આવતી. સમજાણું કાંઈ ?

સમવસરણ એટલે ? જેમાં સો ઇન્દ્ર, સિંહ અને વાઘ જેના સમવસરણમાં હોય છે, એક ભવતારી ઇન્દ્રો જેની સભામાં હોય, તે સમવસરણ તો હીરા-માણેકથી બનેલું હોય છે. આહા..હા...! સ્ફટિક રત્નથી બનેલા ગઢ હોય. ભગવાન આમ સ્ફટિક રત્ન નીલમણિથી ઉપર અધ્ધર બિરાજે છે. આમ જ્યાં જુએ... આહા..હા...! પણ એ તો બહારની શોભા છે, પ્રભુ ! અંતર અલંકૃત સ્વરૂપ ભગવાન આત્મા, તેની જેને અંતરમાં મહિમા આવી તેને કોઈ બાહ્ય પદાર્થની મહિમા આવતી નથી. સમ્યગ્દૃષ્ટિ–સત્યદૃષ્ટિ, જેને આત્મા પરમાત્મસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ એવો જે પરમાત્મા જેની દૃષ્ટિમાં મહિમા કરીને આવ્યા, તેને સમવસરણ જેવી ઋદ્ધિ અને ઇન્દ્ર-ઇન્દ્રાણીઓ, એ ઋદ્ધિની મહિમા અંતરમાંથી છૂટી ગઈ છે.

બીજી રીતે કહીએ તો જેને પોતાના ચૈતન્યની મહિમા આવી, તેમાં સુખબુદ્ધિ થઈ તો રાગ અને પુણ્યના પરિણામ અને દરેક ચીજમાંથી સુખબુદ્ધિ ઉડી ગઈ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા...!

મુમુક્ષુ :– સમવસરણમાં તો આનંદરૂપ ભગવાન બિરાજે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાન બિરાજે છે, એ તો ભગવાનના છે, આ ભગવાન તો અહીં છે. એ ભગવાન તો પર છે. એ ભગવાન તો એમ કહે છે કે અમારા દર્શન કરવા આવે અને દર્શન કરે તો શુભભાવ થશે, બંધન થશે. આહા..હા...! પ્રભુ ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ ! જેને અંદર રાગની મહિમા આવે છે તેને વીતરાગસ્વરૂપી ભગવાન આત્મા, નિર્વિકલ્પ આનંદનો કંદ નાથ, તેની એને મહિમા નથી. આહા..હા...! **'એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી.'** સમાઈ શકતી નથી. આહા...! આવી વાત છે, પ્રભુ ! શું થાય ?

મુમુક્ષુ :– આ પુસ્તકમાં એવી એવી ધર્મકથા છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એવી વાત છે. 'બહેન'ની વાણી તો અનુભવના આનંદમાંથી નીકળેલી છે ને ! વાણી તો વાણીથી નીકળી છે પણ.. આહા..હા...! નિમિત્તપણું છે તો આત્માથી વાણી નીકળી એમ કહેવામાં આવે છે. 'શ્રીમદ્' પણ કહે છે, આત્મા આત્માથી જ્યારે બોલે ત્યારે આત્માની વાણી કહેવામાં આવે છે. તેનો અર્થ – ભગવાન અનાકૂળ આનંદનો નાથ પ્રભુ, એના અનુભવમાં દૃષ્ટિ લગાવીને આનંદનું વેદન આવ્યું, એની જે વાણી નીકળે છે તે આત્મવાણી નિમિત્તથી, વ્યવહારથી કહેવામાં આવે છે. છે તો જડ. આહા..હા...! આમાં આ છે.

**'મહિમા બે સાથે ન રહી શકે. કેટલાક જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય...'** સ્મશાન વૈરાગ્ય. સ્ત્રી પર, પૈસા પર, લક્ષ્મી (પર), એવો ક્ષણિક વૈરાગ્ય કરીને પોતાને અધિક માને છે. આહા..હા...! **'ક્ષણિક વૈરાગ્ય કરે કે સંસાર અશરણ છે, અનિત્ય છે, તેમને...'** એવા ક્ષણિક વૈરાગ્યમાં **'ચૈતન્યની સમીપતા ન થાય.'** આહા..હા...! પુણ્ય અને પાપના ભાવથી વિરક્ત (થવું) એ વૈરાગ્ય છે. 'પુણ્ય-પાપ અધિકાર'માં આવ્યું છે. આહા..હા...! પુણ્ય-પાપના વિકલ્પથી વૈરાગ્ય. રક્ત નહિ અને વૈરાગ્ય, તેને વૈરાગ્ય કહે છે. સ્ત્રી-પુત્ર છોડી દીધા અને બ્રહ્મચર્ય લઈ લીધું, વૈરાગી છે, એ બધું ક્ષણિક છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ક્ષણિક કૃત્રિમ વૈરાગ્ય કરનાર જીવને ભગવાનની સમીપતા નથી થતી. આહા..હા...! જેને રાગનો... આહા..હા...! પ્રેમ જેને છૂટી ગયો છે... આહા..હા...! વૈરાગ્યદશા (આવી છે)–રાગથી ભિન્ન થઈને વૈરાગ્ય થયો છે તે ચૈતન્યની સમીપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈ જાય છે. આવી વાત સૂક્ષ્મ વાત છે, પ્રભુ ! શું થાય ? આહા..હા...!

ભગવાનસ્વરૂપને ભૂલીને ભ્રમણામાં ભવ કર્યા. ભગવાન ભવના અભાવ સ્વભાવરૂપ ભાવ, એવો ચૈતન્યપ્રભુ, એવા ભગવાનને ભૂલીને ભવભ્રમણના ભાવ કરીને ભવભ્રમણ કર્યું. આહા..! તેની જેને મહિમા આવે છે તેને પરની બધી મહિમા છૂટી જાય છે. ક્ષણિક વૈરાગીને એમ (હોય છે), સ્ત્રી છોડી, પુત્ર છોડ્યો, દુકાન-ધંધા છોડ્યા માટે વૈરાગ્ય છે, એ વૈરાગ્ય નથી. રાગના ભાવથી છૂટવું એ વૈરાગ્ય છે. રાગની રક્તતા છોડીને સ્વરૂપની રક્તતા કરવી એ વૈરાગ્ય છે. આકરી વાત છે, ભાઈ ! આહા..હા...!

**'સમીપતા ન થાય.'** જેને ક્ષણિક વૈરાગ્ય, કૃત્રિમ વૈરાગ્ય (છે), આહા..હા...! અંતર આનંદસ્વરૂપ ભગવાનની દૃષ્ટિ થઈ નથી અને રાગથી વિરક્ત થયો નથી તેને આત્માની સમીપતા નથી થતી. એવું મુનિપણું તો અનંત વાર લીધું. હજારો રાણીઓ છોડી, રાજપદ છોડીને, દ્રવ્યલિંગી મુનિ (થઈને) નિરતિચાર અઠ્યાવીસ મૂળગુણ (નું પાલન કર્યું), તેના માટે ચોકો બનાવીને આહાર-પાણી આપે તો પ્રાણ જાય તો પણ લે નહિ, એવી તો જેની ક્રિયા હતી. આહા..હા...! પણ એ કંઈ મૂળ વૈરાગ્ય નથી. ક્ષણિક વૈરાગ્ય (છે). એ ચૈતન્યની સમીપ જઈ શકતો નથી. આહા..હા...!

**'પણ ચૈતન્યના મહિમાપૂર્વક જેને વિભાવોનો મહિમા છૂટી જાય,...'** વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા, શાશ્વત પદાર્થની મહિમાથી સમ્યગ્દૃષ્ટિ થઈ. આહા..હા...! **'ચૈતન્યના મહિમાપૂર્વક જેને વિભાવોનો મહિમા છૂટી જાય,...'** રાગનો વિકલ્પ છે તેની મહિમા છૂટી જાય. આહા..હા...! એમાં એ ભર્યું છે. આ સાધારણ પુસ્તક નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- આ તો બહુ ઊંચી વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હજી તો સમ્યગ્દર્શન મેળવવાની આ તો વાત છે. આહા..હા...! અનંત અનંત ગુણના રત્નના ભંડારથી ભરેલો, અનંત ગુણના રત્નનો મોટો ઢગલા છે ! આહા..હા...! બહારમાં વરસાદ આવ્યો અને પેશાબ કરવા ગયો તો ત્યાં કોઈ ચરુ જોવે, ચરુ, કરોડોના હીરાનો ચરૂ, લાખ, બે લાખ હીરા (હોય) ત્યાં તેને એમ થઈ જાય... આહા..હા...!

મુમુક્ષુ :- ...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :- એમા શું થયું ? ધૂળમાં શું આવ્યું ? મુનિઓને એની મહિમા છૂટી જાય છે. પેશાબ કરવા ગયા અને જોયું કે આ તો ચરૂ છે. આમાં તો એક એક હીરો કરોડની કિંમતનો, એવા લાખો પડ્યા છે, એ તો ધૂળ છે એમ સમજીને હટી જાય છે.

મુમુક્ષુ :– શિષ્યોને કહે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોઈને કહે નહિ કે ત્યાં પડ્યું છે માટે લ્યો.

મુમુક્ષુ :– લેવાનું ભલે ન કહે, પણ વિકલ્પ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિકલ્પ પણ નથી આવતો. એ શું ચીજ છે ? જગતની ધૂળ છે એવી એ ધૂળ છે. આહા..હા...! એ.. શેઠ ! તમારે સોનાનો ધંધો છે ને ? રાવણના ઘરે સ્ફટિક રત્નનો મહેલ હતો. સ્ફટિક રત્નનો મહેલ ! સોનાનો નહિ. તેની પણ જેને અંદરમાં મહિમા આવી... આ..હા..! ઉપર જોવે તો સ્ફટિક, નીચે જોવે તો સ્ફટિક. દાદરા સમજો છો ? શું કહે છે ? સીઢી. સીઢી પણ સ્ફટિકની. આહા..હા...! પણ એ ચીજ શું છે ? એ તો ધૂળ–માટી છે. આહા..હા..!

મુમુક્ષુ :– માટીનો પ્રકાર જુદો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રકાર જુદી પર્યાય એ પણ પરિણમિત થઈ છે, તેમાં શું પ્રકાર જુદો છે ? જડ છે. કોલસામાં પરમાણુ કાળી પર્યાયરૂપે પરિણમ્યો છે, તે સમયની દશા એવી છે. અને તે પરમાણુની કે જે સ્ફટિકની પર્યાય એવી પર્યાય થવાનો નિયમ-નિશ્ચિત કાળ હતો તો પરમાણુમાં થઈ છે. સમજાણું કાંઈ ? નિજક્ષણ. તે પર્યાયની ઉત્પત્તિના પરમાણુમાં (જન્મક્ષણ હતી). પરમાણુ દ્રવ્ય તો નિત્ય એકરૂપ રહે છે, પર્યાયમાં એવી ચમક (હોય છે). આહા..હા...!

એ તો મેં હમણા જોયું હતું. 'ભાઈ'એ દેખાડ્યું હતું. 'ભાઈ' છે ને ? હીરા લાવ્યા છે ને ? બહેનને વધાવવા. ઇ લાવ્યા હતા. આપણે તો પહેલાં જોયો હતો. ત્યાં 'ભાઈ'ની પાસે. એંશી હજારનો હીરો, એંશી હજારનો એક હીરો ! ડાબલીમાં લાવ્યા હતા, ત્યાં 'રાજકોટ'માં બતાવ્યો હતો. 'ભાઈ', શેઠે કેવા? 'ભાઈ'ના મોટા ભાઈ. ભાઈ એકવાર બતાવવા માટે લાવ્યા હતા. એંસી હજારનો એક હીરો હતો છતાં પણ એમાં કાંઈક ખામી હતી. નહિતર તો કરોડોની કિંમતનો હીરો છે. એક મખમલની ડાબલી હતી અને એમાં (હીરો હતો).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મેં તો 'જામનગર'માં સ્ફટિક રત્ન જોયું છે. આવડું ! સ્ફટિક રત્ન આટલું લાંબુ-પહોળું ! એ તો પરમાણુની પર્યાય તે નિજક્ષણમાં, એ સમયે ઉત્પન્ન થવાની હતી તો ઉત્પન્ન થઈ છે. એ જ પર્યાય... આહા..હા...! વીંછીના ડંખરૂપે જ્યારે પરમાણુ પરિણમે છે, એ જ પરમાણુ વીંછીના ડંખની પર્યાયરૂપ પરિણમિત થયા છે. પરમાણુ તો એના એ છે. આહા..હા...! એમાં વિશેષતા શું ? વીંછીના ડંખના જે રજકણ હતા એ રજકણ અત્યારે આ શરીરરૂપે પરિણમિત થયા છે. પહેલાં જે ડંખરૂપ હતા, સર્પની દાઢમાં વિષરૂપે હતા, એ જ પરમાણુ અત્યારે આ શરીરરૂપે આવ્યા છે. આહા..હા...! અને આ પરમાણુ પણ ભવિષ્યમાં એ (વિષરૂપ) હશે. એ તો પરમાણુની પર્યાય છે. એમાં કોઈ વિશેષતા નથી. આહા..હા...!

અહીં એ કહે છે, જેને ચૈતન્યની મહિમા આવી **'જેને વિભાવોનો મહિમા છૂટી જાય,...'** આહા..હા...! જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય, તે ભાવની પણ મહિમા છૂટી જાય. આહા..હા...! સમજાણું કાંઈ ? જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ અધર્મ છે. શુભભાવ છે. અને પ્રકૃતિ બંધાણી એ તો ઝેરનું ઝાડ છે. 'સમયસાર'માં છેલ્લે આવે છે, ૧૪૧ પ્રકૃતિ છે, એ ઝેરનું ઝાડ છે. તીર્થંકર પ્રકૃતિ પડી છે એ પણ ઝેરનું ઝાડ છે. આહા..હા...! ભગવાન આત્મા અમૃતનું કલ્પવૃક્ષ અંદર છે. તેની જેટલી એકાગ્રતા કરે એટલો પર્યાયમાં આનંદ ઝરે છે. આહા..હા...! એવી મહિમા જેને થાય છે તેને **'વિભાવોની મહિમા છૂટી...'** જાય છે. ભાઈ ! શબ્દો થોડા છે પણ ભાવ ઘણા ભર્યા છે ! આહા..હા...!

**'ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય,...'** આહા..હા...! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદપ્રભુ, અનંત ગુણથી ચમકતો ચળકતો ચેતન-હીરો... આહા..હા...! એની જેને અંતરમાં મહિમા આવી, સમ્યગ્દર્શનમાં એની મહિમા જોઈ... આહા..હા...! તો એ પ્રતીતિ એમ કહે છે કે, ઓ..હો...! આ તો અતીન્દ્રિય આનંદનો સાગર છે. વસ્તુ તત્ત્વ છે એ તો અતીન્દ્રિય આનંદનો સમુદ્ર છે. આહા..હા...! **'ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય,...'** આહા..હા...!

સમ્યગ્દષ્ટિ ભલે ચક્રવર્તી પદમાં હોય, આહા..હા...! પણ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો જેને મહિમાપૂર્વક સ્વાદ આવ્યો. આહા..હા...! સમજાણું કાંઈ ? વાત તો બાપુ ! આ તો ભગવાન પરમાત્મા... આહા..હા...! અંતર ચૈતન્યના હીરાથી ભરેલો,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનંતા અનંતા હીરા ભર્યા છે. ચૈતન્ય રત્નાકર છે. ચૈતન્યના રત્નનો આકાર–દરિયો છે. બાપુ ! એને ખબર નથી, ભાઈ ! દેખનારો શરીરને જોવે, રાગને જોવે પણ દેખનારો દેખનારને નથી દેખતો. આહા..હા...! ઝીણા સિદ્ધાંત છે, પ્રભુ ! આહા..હા...!

**'સંસારની મહિમા છૂટી જાય,'** જેને ચૈતન્યની મહિમા આવે **'તે ચૈતન્યની સમીપ આવે છે.'** આ..હા...! શું કહ્યું ? સમજાણું કાંઈ ? **'ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય, તે ચૈતન્યની સમીપ આવે છે.'** આહા..હા...! જે રાગની મહિમાથી ચૈતન્યથી દૂર... દૂર... દૂર વર્તે છે, તે પોતાના ચૈતન્યની મહિમાથી વિભાવની મહિમા છૂટી જાય છે અને ચૈતન્યની સમીપ જાય છે. અરે..! આવા સિદ્ધાંત. આમાં કરવું શું ? બહાર ક્યાં કરવું હતું ? આહા..હા...! જેની દૃષ્ટિમાં ચૈતન્યહીરલો, અનંત રત્નના હારડા, અંદર બધા રત્નના ભર્યા છે એવા ચૈતન્યની જેને અંદર મહિમા આવી,.. આહા..! તેને બધી મહિમા છૂટી જાય છે. આહા..હા...!

**'ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે;...'** અપૂર્વ, બાપુ ! એ શું ચીજ છે ! આહા..! એ વાણી કેટલું કામ કરે ? બાપુ ! વાણી તો જડ છે. તેને ખબર નથી કે આ ચીજ શું છે ? વાણીને ખબર છે ? ભગવાનની વાણીને ખબર છે કે ભગવાન આત્મા કેવો છે ? આહા..હા...! વાણીથી પાર, પ્રભુ ! **'ચૈતન્ય તો કોઈ અપૂર્વ ચીજ છે; તેની ઓળખાણ કરવી,...'** જોઈએ. આહા..હા...! કરવાનું તો આ છે, જન્મ-મરણ રહિત થવું હોય તો. બાકી તો બધું ઠીક છે. આહા..હા...! **'ઓળખાણ કરવી, તેનો મહિમા કરવો.'** આહા..હા...! શાશ્વત ચૈતન્ય-રત્ન પડ્યું છે, પ્રભુ ! તેનો મહિમા કરવો જોઈએ, તેની ઓળખાણ કરવી જોઈએ. આહા..હા...! તો તેને સમ્યગ્દર્શન-જ્ઞાન થશે, ત્યારે જન્મ-મરણનો અંત આવશે. આહા..હા...! શું છે ? ભગવાન તો એમ કહે છે, તે આ વાણી છે.

મુમુક્ષુ :– ચૈતન્યસ્વરૂપ કેવું છે એ કોઈ દૃષ્ટાંત આપીને કહો ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– દૃષ્ટાંત તો આપ્યું ને ! હીરાનું દૃષ્ટાંત કીધું ને. તેને દૃષ્ટાંત લાગુ નથી પડતા. નિરૂપમ વસ્તુને કોઈ ઉપમા લાગુ નથી પડતી. આહા..હા...! અનુપમ વસ્તુ ! અનુપમ વસ્તુ !! અનુપમ નામ કોઈની ઉપમા આપી શકાય નહિ, એ વસ્તુ-ચીજ કેવી ! આહા..હા...! એ વસ્તુ જેવી જગતમાં બીજી કોઈ વસ્તુ નથી. એટલી ઉપમા આપી શકીએ કે આત્મા કેવો છે ? સિદ્ધ સદૃશ–સિદ્ધ જેવા છે એવો. આહા..હા...!

ભગવાન અંદર નિર્લેપ, નિરાવરણ, અલ્પજ્ઞતા અને અશુદ્ધતા રહિત, સર્વજ્ઞતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને શુદ્ધતાથી ભરેલો ભગવાન (છે). આહા..હા...! એવું આત્મતત્ત્વ છે તેની ઓળખાણ કરવી અને એની મહિમા કરવી જોઈએ. આવી વાત છે, પ્રભુ ! શું થાય ? વાદવિવાદે અત્યારે લોકોને મારી નાખ્યા છે.

મુમુક્ષુ :– ઓળખાણ કરવાથી મહિમા આવે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મહિમા કરે તો ઓળખાણ થાય છે. આ વસ્તુ અંદર કોઈ અલૌકિક છે, અલૌકિક છે એવી મહિમા આવે છે તો દૃષ્ટિ ત્યાં જાય છે, તો ચૈતન્યની નજીક જાય છે. એવી વાત છે. આહા..હા...! ભાઈ ! આ તો અપૂર્વ વાતું છે. આહા..હા...! ૧૭૧ બોલ પૂરો થયો.

**જેમ કોઈ રાજમહેલને પામી પાછો બહાર આવે તો ખેદ થાય, તેમ સુખધામ આત્માને પામી બહાર આવી જવાય તો ખેદ થાય છે. શાંતિ અને આનંદનું સ્થાન આત્મા જ છે, તેમાં દુઃખ અને મલિનતા નથી– એવી દૃષ્ટિ તો જ્ઞાનીને નિરંતર રહે છે. ૧૭૨.**

૧૭૨. **'જેમ કોઈ રાજમહેલને પામી પાછો બહાર આવે તો ખેદ થાય,...'** આહા..હા...! જેને અબજો-અબજો રૂપિયાનો રાજમહેલ મળ્યો. સાડા ત્રણ કરોડનો તો 'મૈસુર'માં છે. વિલાયતમાં લંડનમાં તો 'જ્યોર્જ'નો મોટો (મહેલ છે). એમાં રહે છે તેને બહાર આવે તો ખેદ થાય છે. સમજાણું કાંઈ ? બહાર જાઓ, અહીંથી નીકળી જાઓ. આ..હા..! **'રાજમહેલને પામી પાછો બહાર આવે તો ખેદ થાય, તેમ સુખધામ આત્માને પામી...'** અતીન્દ્રિય આનંદરૂપ સુખધામ. 'શ્રીમદ્'માં આવે છે ને ? 'સ્વયં જ્યોતિ સુખધામ.' ભગવાન સ્વયં જ્યોતિ સુખધામ (છે).

**શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,**
**બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.**

કોઈ ક્રિયા કરે, દયા કરે, ભક્તિ કરે તો પ્રાપ્ત થાય, એમ નથી. આહા..હા...! 'શ્રીમદ્ રાજચંદ્ર'. આહા..હા...! સ્વયં જ્યોતિ સુખધામ આત્માને... આહા..હા..! આત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કેવો છે ? અતીન્દ્રિય આનંદનું સ્થાન, અતીન્દ્રિય આનંદનું ક્ષેત્ર, અતીન્દ્રિય આનંદનું સ્થળ (છે). આહા..હા...! તેને પ્રાપ્ત કર્યા પછી બહાર આવી જવાથી. આહા..હા...! ચાહે તો શુભરાગમાં આવી જાય (તો પણ) ખેદ છે, દુઃખ છે. આવી વસ્તુ છે, ભાઈ ! આહા..હા...!

**'આત્માને પામી બહાર આવી જવાય તો ખેદ થાય છે.'** આહા..હા...! અજ્ઞાની એમ કહે, વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે. આહા..હા...! અરે..રે..! અહીં કહે છે કે જેણે નિશ્ચય આત્માના આનંદનો મહેલ જોયો, એમાંથી નિકળવું, વિકલ્પ આવવો, તેમાં ખેદ–દુઃખ થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! **'આત્માને પામી બહાર આવી જવાય તો ખેદ થાય છે.'** કાલે બતાવ્યું હતું ને ? ૧૪૯ પાના ઉપર બતાવ્યું હતું. એમાં એમ આવે છે, અરે..! જ્યારે વિકલ્પમાં આવે છે તો ધર્મીને એમ લાગે છે, આનંદના નાથમાંથી નીકળતાં એમ લાગે છે, અરે..રે..! અમે પરદેશમાં ક્યાં આવી ગયા ? અરે..રે..! આ અમારો દેશ નથી, આ અમારો પરિવાર નથી. ભારે વાતું આવી, બાપુ !

ધર્મીએ ચૈતન્યના આનંદનો મહેલ જોયો છે, અનુભવ કર્યો છે... આહા..હા...! એમાંથી બહાર નીકળીને ભક્તિનો, પૂજાનો, દાનનો, દયાનો વિકલ્પ આવે છે, તો પણ એને એમ લાગે છે કે અરે..રે..! અમે તો અમારા દેશને છોડીને પરદેશમાં આવી ગયા. આહા..હા...! 'હમ પરદેસી પંખી સાધુ' પરદેશી શબ્દે રાગથી ભિન્ન દેશ છે એ મારો દેશ છે. અમે અમારા એ દેશને છોડીને પરદેશ(માં આવી ગયા). રાગાદિને પરદેશ કહે છે. આહા..હા...! અહીં તો કહે છે કે વ્યવહાર આવે છે તો વ્યવહારથી નિશ્ચય થાય છે. અરે..! એ હોય છે, વ્યવહાર આવે છે (પણ એનાથી થતું નથી).

મુમુક્ષુ :– એમ કેટલાકને થયા છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ તેને એ માનવું છે ને. અત્યારે જે ક્રિયા છે એનાથી પણ અનંતી શુભવાળી (ક્રિયા) નવમી ગ્રૈવેયક ગયો ત્યારે અનંતી કરી છે. રાગની ક્રિયાથી આત્મા પ્રાપ્ત થાય ? આહા..હા...! ચાહે ગમે તેટલા વ્રત, તપ, ભક્તિ, લાખ, કરોડ, અબજ, અનંત કરે. આહા..હા...!

મુમુક્ષુ :– આપની દ્રવ્યશ્રુતની વાણી સાંભળવાથી થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાણી સાંભળવાથી થાય નહિ. તે અંદરમાં સ્પર્શ કરે તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય. વસ્તુ આકરી બહુ. દેવાધિદેવ ભગવાન આત્મા, તેને પોતાના અનુભવ માટે પરની, રાંકાની જરૂર નથી. આહા..હા...! પરપદાર્થ સ્વની અપેક્ષાએ તો રાંકા છે. આહા..હા...!

જેમ સ્વદ્રવ્યની અપેક્ષાથી અન્ય દ્રવ્યને અદ્રવ્ય કહેવામાં આવે છે. સાંભળ્યું છે ? સ્વદ્રવ્યની અપેક્ષાએ ત્રણ લોકના નાથના દ્રવ્યને પણ અદ્રવ્ય કહેવાય. એની અપેક્ષાએ દ્રવ્ય, પણ આ દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય (કહેવાય). એમ આ ક્ષેત્ર- ભગવાનનું જે અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર આનંદનું ધામ, એ સ્વક્ષેત્રની અપેક્ષાએ પરક્ષેત્રને અક્ષેત્ર કહેવામાં આવે છે. આહા..હા...! એમ ભગવાન ત્રિકાળ આનંદના નાથની અપેક્ષાએ સ્વકાળની પર્યાયને ભલે પોતાની ગણો, તો એ સ્વકાળની પર્યાયની અપેક્ષાએ પરની પર્યાય છે તે અકાળ છે અને પોતાના ગુણ સ્વભાવની અપેક્ષાએ પોતાના ગુણ છે અને પોતાના સ્વભાવની અપેક્ષાએ પરનો ભાવ છે એ અભાવ છે. સાંભળ્યું છે કે નહિ ? સપ્તભંગી. આહા..હા...!

૨૫૨ કળશમાં તો ત્યાં સુધી લીધું છે. ૨૫૨ કળશ. ભગવાન આત્મા જે ત્રિકાળી આનંદનું ધામ પ્રભુ, ચૈતન્ય રત્નાકર સાગર ધ્રુવ એ ત્રિકાળી વસ્તુ છે તે સ્વકાળ છે. અને તેની વર્તમાન પર્યાય-નિર્મળ પર્યાય એ પણ પરકાળ છે. ૨૫૨ કળશમાં લીધું છે ને ? બતાવ્યું હતું ને ? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. બાપુ ! મારગડા જુદા. એક સમયની પર્યાયને પરકાળ કહી, તો પછી પરદ્રવ્ય-સમયની પર્યાય પરકાળ તો ક્યાંય ભિન્ન રહી ગઈ. ધીરાના કામ છે, બાપુ ! પૂર્વનો આગ્રહ પકડ્યા હોય એને આ બેસવું કઠણ પડે. તેને ચૈતન્યનો સ્વાદ અને વિચાર (આવે નહિ). આહા..હા...! 'વસ્તુ વિચારત ધ્યાવતે મન પાવે વિશ્રામ, રસ સ્વાદત સુખ ઉપજૈ અનુભવ તાકૌ નામ.' એ ચૈતન્યની મહિમા જે અનુભવમાં આવી, તે મહિમા આગળ જગતના વૈભવની મહિમા છૂટી ગઈ.

મુમુક્ષુ :- આત્માના વૈભવ પાસે જગતનો વૈભવ તો ધૂળ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળ છે, ધૂળ. એ વૈભવ જ નથી. આહા..હા..! 'કુંદકુંદાચાર્ય'એ નથી કીધું ? મારા નિજ વૈભવથી કહીશ. નિજ વૈભવ શું ? હું આ સમયસાર કહીશ. આહા..હા...! અને જો દેખાડું, પ્રભુ ! તું પ્રમાણ કરજે, હોં ! આહા..હા..! અરે..! પ્રભુ ! પણ તમે પંચમ આરાના સાધુ અને પંચમ આરાના પ્રાણીને તમે કહો કે પ્રમાણ-

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનુભવ કરી લેજે. એટલી બધી જોરદાર તમારી વાત ?!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને કાળ ક્યાં લાગુ પડે છે ? આત્માને કાળ ક્યાં છે ? પંચમ કાળ ને ચોથો કાળ, નરકનું ક્ષેત્ર (એને લાગુ નથી પડતા). આહા..હા..! નરકના ક્ષેત્રમાં જેમ સુખની ગંધ નથી, સ્વર્ગના ક્ષેત્રમાં નરકના દુઃખની ગંધ નથી, એમ ભગવાનના ક્ષેત્રમાં શુભાશુભભાવની ગંધ નથી. આહા..હા..! આવું છે.

**'સુખધામ આત્માને પામી બહાર આવી જવાય તો ખેદ થાય છે.'** આહા..હા..! પેલા બ્રહ્મચારી હતા ને ? 'ઇન્દોર'. બ્રહ્મચારી હતા ને ? પહેલાં આવ્યા હતા ત્યારે વાત બરાબર બેઠી હતી કે વાત બરાબર છે. પછી ત્યાં ગયા તો (એમને કહ્યું), તમને 'સોનગઢ'ની શ્રદ્ધા છે તો ભોજન કરવા બધાની સાથે નહિ બેસાય. બહાર ભોજન કરો. 'ઇન્દોર'માં. પછી એની સાથે મળી ગયા. અને એમ પણ કહેવા લાગ્યા કે વ્યવહારમાં આવે તો જરી વિશ્રામ મળે પછી નિશ્ચયમાં જવાય. એ એમ કહેતા હતા. અહીં પાછા આવ્યા. મારી ભૂલ હતી. અરે..! ભાઈ ! વ્યવહારના વિકલ્પમાં–દુઃખમાં આવે તો પછી આનંદમાં જઈ શકે ? આહા..હા..!

ભાઈ ! તેં તારા તત્ત્વની અચિંત્યતા, અપૂર્વતા અને અગાધતા સાંભળી નથી, પ્રભુ ! આહા..હા..! પ્રભુ અંદર અપૂર્વ અગાધ અચિંત્ય અનંત શક્તિઓનો સાગર નાથ છે. આહા..હા..! એની જેને મહિમા આવી, તેને એમાંથી બહાર નીકળતાં દુઃખ થાય છે. આહા..હા...! અજ્ઞાની કહે કે, વ્યવહાર આવે તો તેને જરીક ઠીક પડે. અરે..! પ્રભુ ! સાંભળ તો ખરો, ભાઈ ! આવે, આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ ? કાલે એમાં નહોતું કહ્યું ?

ગુણોની, અનંત ગુણોની ઝીણામાં ઝીણી વાત જેટલી વાત 'દીપચંદજી'એ છંછેડી છે એવી વાત બીજા કોઈએ કહી નથી. બહુ નિવૃત્તિમય જીવન (હતું). એક-એક ગુણમાં અનંતી વિચિત્રતા, અનંતી પ્રભુતા, અનંતી પ્રમેયતા.. વર્ણન કરતાં કરતાં એમ લીધું, 'ઉપદેશ રત્નમાળા'માં કાલે કહ્યું હતું, દસ હજાર કેવળી કરતાં એક તીર્થંકરની મહિમા વિશેષ છે. અને દસ હજાર તીર્થંકર કરતાં ઇ ભગવાનની એક પ્રતિમાની વિશેષતા છે. એનો અર્થ શું ? કે ભગવાન તીર્થંકર તો વિહાર કરે છે અને ભગવાનની પ્રતિમા તો હંમેશા બિરાજમાન રહે છે, એ અપેક્ષાએ. છે તો શુભભાવનું લક્ષ. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા..! કાલે બતાવ્યું હતું. 'ઉપદેશ રત્નમાળા' પુસ્તક છે ને ? 'અધ્યાત્મ પંચસંગ્રહ' છે. કાલે બતાવ્યું હતું. પહેલાં પણ એકવાર કહ્યું હતું. આહા..હા..!

તારો અપૂર્વ આનંદ અને અપૂર્વ શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એ અંતરમાં જે શાંતિ નામનો સ્વભાવ-ગુણ છે તે અમાપ અનંત શાંતિનો ગુણ છે. આહા..હા..! એવા શાંતિના ગુણને જેણે જાણ્યો અને અનુભવ્યો, આહા..હા..! તેને બહારમાં આવતાં દુઃખ લાગે છે. આહા..હા..! જ્ઞાની પણ વિષયની વાસનાના વિકલ્પમાં આવે. પાંચમે સમકિતી છે, પણ જાણે કોઈ ઉપસર્ગ પડ્યો હોય અને દુઃખ પડ્યું હોય એવું લાગે. આહા..હા..! જેમ કોઈ મારતું હોય અને ધોકા મારતા હોય (એમ લાગે છે). ધોકો સમજ્યા ? લાકડી. આહા..હા..! ધર્મી-સમ્યગ્દૃષ્ટિ જીવને... શું કહ્યું ?

મુમુક્ષુ :- કપડાં ધોવાનો..

પૂજ્ય ગુરુદેવશ્રી :- કપડાં ધોવાનો તેનાથી પણ મોટો હોય છે. એ થોડો વાગે ત્યાં સુધી તો શુદ્ધિ રહે, વધારે મારે તો બેશુદ્ધ થઈ જાય. આહા..હા..! એમ પોતાની દૃષ્ટિ પોતાના સ્વભાવ ઉપર છે ત્યાં આનંદ આવે છે, બાહ્યમાં વિકલ્પમાં આવે તો દુઃખના ધોકા વાગે છે. આહા..હા..! આવી વાત સાંભળી જાય નહિ હેં... કઠણ પડે. આહા..હા..! ભગવાન તો અતીન્દ્રિય આનંદનો ખેલાડી પ્રભુ છે. આહા..હા..! એ ખેલની રમતું જેણે જોઈ છે એમાંથી બહાર નીકળવું એને કઠણ લાગે છે, દુઃખ લાગે છે. આહા..હા..!

**'શાંતિ અને આનંદનું સ્થાન આત્મા જ છે,...'** જુઓ ! બે વાત આવી. આહા..! શાંતિ.. શાંતિ.. અકષાય સ્વરૂપ અર્થાત્ વીતરાગ સ્વરૂપ અથવા શાંતસ્વરૂપ, બેહદ અનંત અનંત અમાપ એવી શાંતિથી ભરેલો ભગવાન (છે). એ શાંતિ ચારિત્રની અપેક્ષાએ છે અને આનંદ સુખની અપેક્ષાએ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! ભગવાન આત્મામાં ચારિત્રગુણ, શાંતગુણ પડ્યો છે, એમાં અનંતી-અનંતી શાંતિ છે. આહા..હા..!

એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે, તો એક વાર વિચાર (આવતા) કહ્યું હતું, શાંતિ નામનો ગુણ છે, તેનું રૂપ અસ્તિત્વગુણમાં. શું રૂપ હશે ? કંઈ ખ્યાલમાં નથી આવતું. શાંતિ નામનો ગુણ છે તેમાં અસ્તિત્વ ગુણનું રૂપ છે. કેમ કે શાંતિ છે, એવું પોતામાં અસ્તિત્વનું રૂપ, અસ્તિત્વ ગુણનું રૂપ છે. એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે તો અસ્તિત્વગુણમાં શાંતિનું રૂપ શું હશે ? એ મગજમાં ન આવ્યું.

મુમુક્ષુ :- અસ્તિત્વ ગુણમાં જ્ઞાનનું રૂપ શું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જ તો કહ્યું. સર્વદર્શિ અને સર્વજ્ઞાન, સવારે કહ્યું હતું. એક જણાએ પૂછ્યું હતું. સર્વદર્શિ અને સર્વજ્ઞ એવો એનો ગુણ છે, એવો એનો સ્વભાવ છે. અસ્તિત્વ ગુણમાં સર્વદર્શિ અને સર્વજ્ઞનું રૂપ શું હશે ? આહા..હા..! અસ્તિત્વનું રૂપ સર્વજ્ઞ અને સર્વદર્શિમાં છે એ તો ઠીક. આ તો અગમ્ય વસ્તુ છે, બાપા ! આહા..હા...! અનંત અનંત ગુણનો સાગર, ભંડાર, એની ચાવી ખોલતા... આહા..હા..! એની રાગની એકતા તોડતા, સ્વભાવની જે એકતા થાય એ નિધાન એણે ખોલી નાખ્યા. આહા..હા..! પણ જેને રાગના રસનો પ્રેમ છે, તેણે ભગવાન નિધાન છે તેને તાળા માર્યાં. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'શાંતિ અને આનંદનું સ્થાન આત્મા...'** બે શું લીધા ? શાંતિ એ ચારિત્રનો ગુણ છે એટલે કે વીતરાગી ભાવ અને આનંદ સુખનો ભાવ છે. બે વસ્તુ જુદી છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મામાં અકષાય સ્વભાવ એટલે કે શાંત સ્વભાવ એટલે કે ચારિત્ર નામ સ્વરૂપમાં રમણતારૂપ શાંતિ અંદર ભરી છે. આહા..હા..! તે પણ અમાપ છે. તે પણ આત્મામાં છે અને આનંદ પણ આત્મામાં જ છે. **'તેમાં દુઃખ અને મલિનતા નથી–'** ભગવાન ત્રણ લોકનો નાથ, ચિદાનંદ પ્રભુ, પવિત્ર સ્વભાવનો સાગર, એમાં મલિનતા અને દુઃખ નથી. આહા..હા..! મલિનતા અને દુઃખ તો તેની એક સમયની પર્યાય છે તેમાં છે, વસ્તુમાં નથી. આ શું હશે ? પર્યાયમાં છે અને વસ્તુમાં નથી ! બાપુ ! બે ચીજ ભિન્ન છે. પર્યાય પર્યાયથી છે, દ્રવ્ય દ્રવ્યથી છે. આહા..હા..! એવો માર્ગ છે, ભાઈ ! શું થાય ? અરે..! પ્રભુના–સર્વજ્ઞ પરમાત્માના ભરતમાં વિરહ પડ્યા અને આ વાત પાછળ રહી ગઈ. આહા..! લોકોને આ સમજવી, બહારના વ્યવહારના રસિયાને, નિમિત્તના પ્રેમીઓને (કઠણ પડે છે). આહા..હા..!

(આત્મા) શાંતિ અને આનંદનું સ્થાન છે. **'તેમાં દુઃખ અને મલિનતા નથી–એવી દૃષ્ટિ તો જ્ઞાનીને નિરંતર રહે છે.'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ તો ધ્રુવ ઉપર કાયમ રહે છે. જેથી એને શાંતિ અને આનંદના સ્થાનમાં દૃષ્ટિ પડી છે. આહા..! સમજાણું કાંઈ ? આહા..હા..! જુઓ તો સમ્યગ્દર્શન શું ચીજ છે ! લોકોને બસ ! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવ તત્ત્વની શ્રદ્ધા કરો, સમકિત થઈ ગયું. હવે વ્રત અને તપ લઈ લ્યો. તે ચારિત્ર. બન્ને થોથે થોથા. આહા..! ૧૭૨ (બોલ પૂરો થયો). વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શ્રાવણ સુદ ૧૦, રવિવાર તા. ૧૩-૦૮-૧૯૭૮.**
**વચનામૃત-૧૭૩, ૧૭૪, ૧૭૫, પ્રવચન-૬૩**

**આંખમાં કણું ન સમાય, તેમ વિભાવનો અંશ હોય ત્યાં સુધી સ્વભાવની પૂર્ણતા ન થાય. અલ્પ સંજ્વલન કષાય પણ છે ત્યાં સુધી વીતરાગતા અને કેવળજ્ઞાન ન થાય. ૧૭૩.**

'વચનામૃત' ૧૭૩, ૧૭૨ પૂરો થઈ ગયો ને ? શું કહે છે ? **'આંખમાં કણું ન સમાય...'** અમારે ત્યાં કણું કહે છે, તમારે કિરકીરી કહે છે. આંખમાં એક કણું પણ સમાઈ નથી શકતું. ખટક.. ખટક.. ખટક (કરે છે). રાઈ જેટલું કણું હોય તો પણ આંખમાં ખટકે છે, ખટકે છે. **'તેમ વિભાવનો અંશ હોય ત્યાં સુધી સ્વભાવની પૂર્ણતા ન થાય.'** એક તો વાત એમ છે કે જ્યાં સુધી આત્મામાં વિભાવના અંશની રુચિ છે, ત્યાં સુધી આત્માને અંતર સન્મુખ સમ્યગ્દર્શન નથી થતું. સમજાણું કાંઈ ? ભગવાન ચિદાનંદ સ્વરૂપ પ્રભુ તેનો અનુભવ, આદર, આશ્રય, વિભાવના એક અંશનો પણ પ્રેમ છે તો અંતરમાં અનુભવ નથી થતો. તેને સમ્યગ્દર્શન થઈ શકતું નથી. સમજાય છે કાંઈ ? ભાઈ ! આમ કેમ કહ્યું ? લોકો એમ કહે છે કે નિશ્ચયની સાથે વ્યવહાર હોય અને વ્યવહારની ક્રિયા હોય તો તે કથન બરાબર છે. તે કથન બરાબર છે અને તે વાત બરાબર છે. તેને તો વ્યવહારની હોંશ-ઉત્સાહ છે. સમજાણું કાંઈ ?

૧૪૩ ગાથામાં કહ્યું છે ને ? 'સમયસાર' ૧૪૩ (ગાથા). કેવળી ભગવાન બે નયના સાક્ષી છે. તેને નય નથી. તેનો અર્થ સાક્ષી છે. સમજાણું કાંઈ ? હમણાં તો તેની પણ ઘણી તકરાર છે ને ? ૧૨મી ગાથા. **'सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं'** એટલે કે જેને પૂર્ણ શુદ્ધનય જાણવામાં આવ્યું એવા કેવળીને તેનો પક્ષ નથી. એનો એવો અર્થ કરે છે, હમણાં અર્થ આવ્યો છે કે શુદ્ધનય તો જ્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સુધી સાતમું, આઠમું, દસમું ગુણસ્થાન થાય ત્યારે શુદ્ધનય હોય. કેવળીને શુદ્ધનય કહ્યું છે તો ત્યાં નય નથી. શું કહ્યું ? ત્યાં આવ્યું ને ?

**'ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे'** એનો અર્થ એ લોકોએ એમ કર્યો કે જ્યાં સુધી શુદ્ધનયમાં નથી ત્યાં સુધી એકલો વ્યવહાર છે. ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહાર છે, ત્યાં શુદ્ધનય નથી. અને કેવળીને શુદ્ધનય નથી. શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન છે તો ત્યાં તો નય નથી. અંતરમાં સાતમા ગુણસ્થાન વગેરેમાં શુદ્ધનય છે તેને જાણેલો પ્રયોજનવાન છે, એવો અર્થ કરે છે. ઘણી વિચિત્રતા થઈ છે. આહા..! એમ નથી.

જ્યારે આત્માને રાગના કણની રુચિ છૂટીને, ચાહે તો શુભરાગ હોય, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ હોય, તેનું પણ અવલંબન અને રુચિ છૂટીને અંતરમાં અનુભવમાં જાય છે ત્યાં કોઈ નયપક્ષ અને રાગ રહેતા નથી. સમજાણું કાંઈ ? અંતરમાં જ્યારે આત્મા પોતાનું જ્ઞાયકસ્વરૂપ, જ્ઞાયક, જ્ઞાન અને જ્ઞાતા એવા ત્રણ ભેદને પણ છોડીને પોતાના સ્વરૂપના અનુભવમાં જાય છે ત્યારે એને વ્યવહાર રહ્યો નહિ. તો વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, એ એને રહ્યું નહિ.

એ લોકો એમ કહે છે કે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન તો છઠ્ઠા ગુણસ્થાન સુધી છે, પછી તો શુદ્ધનય છે. એમ નથી. આહા..હા..! રાગના કણના અંશનો પણ પ્રેમ છે... ત્યાં ભાઈ ! એમ કહ્યું છે ને ? કે શ્રુતજ્ઞાનના ક્ષયોપશમથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. ૧૪૩ ગાથા, 'સમયસાર'. શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ છે એ કારણે જ્ઞાનીને વિકલ્પ ઊઠે છે, પણ એ વિકલ્પને પકડવાનો ઉત્સાહ નિવૃત્ત થયો છે. આહા..હા..! વાતમાં બહુ ફેર. સમજાણું કાંઈ ? પહેલાં યથાર્થ ચીજ શું છે એનું જ્ઞાન તો કરે. આહા..હા..!

મુમુક્ષુ :– ક્ષયોપશમ છે પણ ઉત્સાહથી નિવૃત્ત થયો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ તે ઉત્સાહથી નિવૃત્ત થયો છે. છે ખરો, પણ તેમાં ઉત્સાહ નથી, પ્રેમ નથી. આહા..હા..! આ લોકો એમ કહે છે કે નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવે છે અને વ્યવહારથી લાભ થાય છે, એમ કહો તો અનેકાંત છે. અહીં તો કહે છે કે વ્યવહારનો વિકલ્પ આવ્યો, અંતર સ્વરૂપની દૃષ્ટિ થઈ, રાગની, વિકલ્પની રુચિ છૂટીને નિર્વિકલ્પ સ્વભાવનો અનુભવ, દૃષ્ટિ થઈ ત્યારે તો તેમાં વિકલ્પ નથી,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ અનુભવ થયા પછી અંદરમાં રહી શકતા નથી અને બહાર આવે તો શ્રવણનો, મનનનો, કથનનો, ભક્તિનો વગેરેનો વિકલ્પ ઉત્પન્ન થાય છે. પરંતુ તે વિકલ્પ પ્રત્યે ઉત્સાહ નિવૃત્ત થયો છે. તે ઠીક છે, મને લાભદાયક છે એવા ઉત્સાહથી નિવૃત્ત છે. આહા..હા..! આ વાત શી રીતે (બેસે) ? સમજાણું કાંઈ ? આવે છે, સમ્યગ્દૃષ્ટિને પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી રાગ આવે છે. દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો (રાગ આવે છે), પણ અંતર દૃષ્ટિના વિષયમાં એ રાગને પકડવો, એ ઉત્સાહથી નિવૃત્ત થઈ ગયો છે. એક વાત. અને અનુભવ-કાળમાં તો કોઈ વિકલ્પ છે જ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! બહુ ઝીણી વાત, ભાઈ ! વીતરાગમાર્ગ જિનેશ્વર, પરમેશ્વરનો પંથ અલૌકિક ચીજ છે.

અહીં કહે છે કે (આંખમાં) કણુ સમાય શકતું નથી. ભગવાન આત્મા આનંદ ચિદાનંદ સ્વરૂપ, તેના અનુભવમાં સમ્યગ્દર્શન થવામાં રાગનો કણ પણ ત્યાં સહાયક (મદદગાર) નથી થતો. ત્યાં રાગનો કણ પણ ખટકે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! અહીંયા તો બીજી વાત કરે છે. **'આંખમાં કણું ન સમાય,...'** એક રજકણ પણ રહી શકતું નથી, સમાય શકતું નથી.

**'તેમ વિભાવનો અંશ હોય ત્યાં સુધી સ્વભાવની પૂર્ણતા ન થાય.'** આહા..હા..! જ્યાં સુધી વ્યવહાર રત્નત્રયના વિભાવનો અંશ હોય... આહા..હા..! ત્યાં સુધી પૂર્ણતા-આનંદની દશા અને કેવળજ્ઞાનની પૂર્ણ પ્રાપ્તિ ત્યાં સુધી નથી થતી. તો એ વ્યવહાર કરવા લાયક છે એમ કર્તવ્ય છે ? આવે છે, અને પરિણમન છે માટે કર્તા છે, એમ પણ કહેવામાં આવે છે. પરિણમે છે માટે કર્તા છે, એમ પણ જ્ઞાનીને કહેવામાં આવે છે. પરંતુ કરવા લાયક છે એવી બુદ્ધિ નથી રહેતી. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ ? તે કરવા લાયક છે એવી બુદ્ધિ છૂટી ગઈ. અરે..! હું શુદ્ધ છું, પરિપૂર્ણ છું, અબંધ છું, એવો જે વિકલ્પ, રાગ છે તે પણ છૂટી જાય ત્યારે નિર્વિકલ્પ દૃષ્ટિનો અનુભવ થાય છે. આહા..હા..!

સ્વભાવ સહજાનંદ પ્રભુ, તેનો અનુભવ ક્યારે થાય છે ? સમ્યગ્દર્શન, અનુભવ કહો, દર્શન સમ્યક્ કહો, અનુભૂતિ-સ્વભાવની અનુભૂતિ કહો. જેવો પૂર્ણ ચિદાનંદ ભગવાન આત્માની અનુભૂતિ-સ્વભાવને અનુસાર આનંદની જે દશા થાય છે, તેમાં વિકલ્પનો અંશ પણ સહાયક નથી. આહા..! વિકલ્પના એક અંશની પણ રુચિ રહે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ત્યાં સુધી અનુભૂતિ, સમ્યગ્દર્શન થતું નથી. અને પછી રુચિ નથી, દૃષ્ટિ નથી, ઉત્સાહ– આ ઠીક છે, એવો ઉત્સાહ પણ નિવૃત્ત થયો છે, પણ રાગ છે ખરો, તે રાગનો અંશ પણ જ્યાં સુધી રહે ત્યાં સુધી સ્વભાવની પૂર્ણતા પ્રાપ્ત નથી થતી. આહા..હા..! સમજાણું કાંઈ ?

અરે..! આઠ વર્ષના બાળકો હોય (તે પણ) સમ્યગ્દર્શન પામીને કેવળજ્ઞાન પામતા હતા. આહા..હા..! અરે..! પ્રભુ ! તારામાં એટલી તાકાત છે ! તેને કોઈ ઉંમરની જરૂર નથી. આહા..હા..! ભગવાન શાશ્વત વસ્તુ અંદર પડી છે ને ! નિત્યાનંદનો નાથ, સહજાત્મ સ્વરૂપ સહજ આત્મ સ્વરૂપ, એવી ત્રિકાળી શાશ્વત વસ્તુ છે. તેને દૃષ્ટિમાં લઈ અનુભવ થાય છે અને તેમાં સ્થિર થઈને કેવળજ્ઞાન થાય છે. આહા..હા..! આઠ વર્ષનો છોકરો રાજકુમાર હોય, પણ અંતર પૂર્ણ વસ્તુ પડી છે ને આખી ! આહા..હા..! પરંતુ એ વસ્તુમાં જાવું, દૃષ્ટિ કરવી એ કોઈ અલૌકિક ચીજ છે. આહા..હા..!

રાગના વિકલ્પથી પણ હટીને નિર્વિકલ્પ સ્વભાવની દૃષ્ટિ થાય, ત્યારે આત્માની અનુભૂતિ થાય છે. અનુભૂતિ નામ આત્મા સ્વભાવ સહજાનંદ પ્રભુ, તેને અનુસારે દશા હોય છે. તે થયા પછી પણ જ્યાં સુધી રાગનો અંશ રહે છે ત્યાં સુધી પૂર્ણતા નથી થતી. આહા..હા..! સમજાણું કાંઈ ? પહેલાં રાગના અંશમાં રુચિ રહે છે ત્યાં સુધી સમ્યગ્દર્શન નથી થતું અને પછી રાગની આસક્તિનો અંશ પણ રહે ત્યાં સુધી પૂર્ણતા–કેવળજ્ઞાન નથી થતું. આવો માર્ગ છે.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શનના એક સમય પહેલાં દુઃખનો અનુભવ છે કે સુખનો અનુભવ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમ્યગ્દર્શન પહેલાં દુઃખનો અનુભવ છે. વિકલ્પ છે ને ! એ વિકલ્પને તોડીને અંદર જાય છે ત્યારે આનંદનો અનુભવ થાય છે. અરે..! ત્યાં સુધી કહ્યું છે ને ? હું શુદ્ધ અબંધ મુક્તસ્વરૂપ છું, શાશ્વત ચિદ્‌ઘન અસ્તિ તત્ત્વ છું, એવો વિકલ્પ ઊઠે છે તે પણ દુઃખરૂપ છે. આહા..હા..! ૧૪૨ ગાથામાં આવ્યું છે ને ? વ્યવહારનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ.. 'સમયસાર' ૧૪૨ ગાથા, વ્યવહારનો નિષેધ તો અમે કરતા આવ્યા છીએ પણ અત્યારે તો અમે (એમ કહીએ છીએ), શુદ્ધ ચૈતન્યઘન અખંડ અભેદ શાશ્વત વસ્તુનો વિકલ્પ રહે છે, તેનો પણ અમે નિષેધ કરીએ છીએ. એવા નયનો પક્ષ રહેશે ત્યાં સુધી સમ્યગ્દર્શન નહિ થાય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- એક સમય પહેલાં તો સ્વભાવની મહિમા...

પૂજ્ય ગુરુદેવશ્રી :- દુઃખ છે, દુઃખ છે, રાગ છે ને !

મુમુક્ષુ :- સ્વભાવની મહિમામાં લાગેલો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- મહિમા આવી ત્યારે તો સમ્યગ્દર્શન થયું. મહિમા કોને કહે ? મહિમા, આ સારું છે, એવો વિકલ્પ આવ્યો, એ મહિમાનો વિકલ્પ આવ્યો એ તો દુઃખરૂપ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! અદ્ભુત વસ્તુ છે, અનુભવ પહેલાં એવો વિકલ્પ આવ્યો (તે પણ દુઃખરૂપ છે). તેથી તો કહ્યું, સમ્યગ્દષ્ટિને અનુભવ થયા પછી વિકલ્પ તો આવે છે. પરંતુ એ મારી ચીજ છે, એવો ઉત્સાહ નિવૃત્ત થઈ જાય છે, જાણનારો રહી ગયો છે. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા..!

આ તો વીરનો પંથ છે, અહીં કાયરનું કામ નથી. આહા..! લોકો ગમે તે રીતે કહે, આમ છે, ને તેમ છે. (એક ભાઈ) છે ને ? તેણે ભાઈના વખાણ કર્યા છે, તમે હવે નિશ્ચયની સાથે વ્યવહાર લેવા માંડ્યા માટે બહુ સારી વાત છે. વાત એમ છે કે વ્યવહાર આવે તો ઠીક છે, એમ એનો ભાવ છે. આહા..હા..! વ્યવહાર આવે છે તો ખુશ થાય છે, પણ વ્યવહાર આવ્યો એ તો રાગ છે. અરે..! પ્રભુ ! ગુણ-ગુણીનો ભેદ,... 'પરમાત્મ પ્રકાશ'માં નિશ્ચયના બે ભેદ લીધા છે ને ? નિશ્ચય એ પૂર્ણાનંદ છે, એવો વિકલ્પ (આવે) એ પણ એક નિશ્ચયનો વિકલ્પ છે. તે સાસ્રવ છે. અને અંદર નિર્વિકલ્પ નિશ્ચય થયો તે અનાસ્રવ અને સંવર છે. આવી વાત છે, ભાઈ ! વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. આહા..હા..!

સહજ સ્વરૂપ શાશ્વત ચૈતન્યઘન પ્રભુ, જેમાં વિકલ્પનો અવકાશ નથી. જેમ આંખમાં કણું નથી (સમાય શકતું), તેમ ભગવાન આત્મામાં રાગનો અંશ નથી. અને આવો અનુભવ થયા પછી પણ રાગના કણ અસ્થિરતાનો રહે છે, ત્યાં સુધી પૂર્ણતાની પ્રાપ્તિ નથી થતી. એ રાગના કણથી પૂર્ણતાની પ્રાપ્તિ નથી થતી. તેનો અભાવ કરવાથી પૂર્ણતા પ્રાપ્ત થાય છે. વાત તો એવી છે, બાપુ ! સત્ય તો આ છે. તેને ક્યાંક કંઈ પણ ખોડખાંપણ લગાવી દ્યે (તો) તને કલંક લાગશે, ભાઈ ! આહા..હા..!

વીતરાગમૂર્તિ પ્રભુ, પોતે વીતરાગ બિંબ છે, જિનબિંબ આત્મા છે. તેના અનુભવમાં વિકલ્પનો કોઈ અંશ જે દુઃખરૂપ છે તેની મદદ, સહાય બિલકુલ નથી. આહા..હા..! અહીંયા કહે છે કે પહેલાં તો સમ્યગ્દર્શનમાં રાગના કણના અંશનો પ્રેમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રહી ગયો તો સમ્યગ્દર્શન નહિ થાય. એક વાત. પછી **'તેમ વિભાવનો અંશ હોય ત્યાં સુધી સ્વભાવની પૂર્ણતા ન થાય.'** બરાબર છે ? આહા..હા..! સમજાણું કાંઈ ?

**'અલ્પ સંજ્વલન કષાય પણ...'** સંજ્વલન–ચોથા કષાયનો થોડો અંશ. આહા..હા..! બુદ્ધિપૂર્વક પંચ મહાવ્રત વગેરેનો વિકલ્પ છે તે પણ નુકસાન કરનાર છે. આહા..હા..! તે આગળ વધવા નથી દેતો. આહા..હા..! અને સાતમા (ગુણસ્થાનમાં) અંદર ધ્યાનમાં (સાતમામાં) ગયા તો પણ અબુદ્ધિપૂર્વકનો રાગ રહ્યો, ત્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત નથી થતી. સમજાણું કાંઈ ? એવો વીતરાગનો માર્ગ છે, ભાઈ ! સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં તો આ આવ્યું છે. બાકી બધા પોતાના ઘરની ગડબડ કરે.

**'અલ્પ સંજ્વલન કષાય પણ છે ત્યાં સુધી વીતરાગતા અને કેવળજ્ઞાન ન થાય.'** આહા..હા...! અહીં કહે છે કે, રાગ આવે છે તો બરાબર ઠીક આવ્યો. નિશ્ચયની સાથે વ્યવહાર આવ્યો તો ઠીક આવ્યો. પણ વ્યવહાર આવ્યો એ નુકસાનકારક આવ્યો છે. જ્ઞાનીને હેયબુદ્ધિથી રાગ આવે છે. આવે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાનનો... બાપુ ! તેને ખબર નથી. ભાઈ ! પ્રભુ ! તારી ચીજ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય વીતરાગ સ્વભાવથી ભરપૂર ભરી છે. આહા..હા..! એવી વસ્તુને વિકલ્પનો આધાર હોય તો સમ્યગ્દર્શન થાય છે, એમ નથી. અને પછી વિકલ્પનો આધાર હોય તો કેવળજ્ઞાન થાય છે, (એમ પણ નથી). એવી વસ્તુ છે, ભાઈ !

મુમુક્ષુ :– તો પછી છે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ છે, વસ્તુ આ છે. આહા..હા..! એણે જ્ઞાનમાં આવો નિર્ધાર પહેલાં કરવો પડશે, પ્રભુ ! જો જ્ઞાનના નિર્ધારમાં ફેરફાર થશે તો અંતરમાં જઈ નહિ શકે, એ દરબારમાં નહિ પેસી શકે. અંદર ઊંડે ઊંડે રાગનો પ્રેમ અને રસ રહેશે, તે ચૈતન્યના રસમાં ઘૂસી નહિ શકે. આવી વાત છે, પ્રભુ ! શું થાય ? **'ત્યાં સુધી વીતરાગતા અને કેવળજ્ઞાન ન થાય.'** ૧૭૩ (બોલ) પૂરો થયો. ૧૭૪.

'વચનામૃત'ની પ્રશંસા ઘણી આવી છે. 'આત્મધર્મ' હિન્દી પુસ્તક આવે છે ને ? એમાં ઘણા લોકોએ લખ્યું છે, ઘણું સારું છે. ભાઈ ! જરી શાંતિથી આગ્રહ છોડીને, સત્ય શું છે, એમ જ્ઞાન કરે તો તેને પત્તો લાગી જાય... આહા..હા..! કે આ વાત જ સત્ય છે. બાકી બધું વ્યવહારથી થાય છે, વ્યવહાર આવે છે તો અમને ઠીક લાગે છે (એ બધી વિપરીતતા છે).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આઠમી ગાથામાં તો એમ કહ્યું, કે મુનિરાજ સંતો અને જ્ઞાની આત્મા, બીજાને આત્મા કહ્યો પણ તે આત્માનો અર્થ સમજ્યા નહિ તો મુનિરાજ સ્વયં, કહેનાર બીજા હતા, પોતાના નિશ્ચય સહિત વ્યવહારમાં આવ્યા, ત્યારે તેનો અર્થ એણે બતાવ્યો કે દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. આહા..હા..! આવ્યું છે ને ? 'શશીભાઈ'! આઠમી ગાથા. આહા..હા..! દિગંબર સંતોની વાણી, દુનિયામાં ક્યાંય કોઈ વસ્તુ, કોઈ માર્ગની સાથે મેળ ખાય એવું નથી. એ વીતરાગી વાણી વીતરાગના ભાવથી નીકળેલી વાણી છે. આહા..! એ એમ કહે છે. આહા..હા..! જ્યાં સુધી આત્મામાં રાગનો અંશ રહે છે, આવે છે. રાગના અવલંબન વિના ચૈતન્યના અવલંબનથી આત્માનો અનુભવ થયો,.. સમજાણું ? તે પછી પણ રાગ તો રહે છે. રુચિ એમાંથી હટી ગઈ, પણ અસ્થિરતા રહી ગઈ. સમજાણું કાંઈ ? જ્યાં સુધી અસ્થિરતા રહી ગઈ, ત્યાં સુધી કેવલજ્ઞાન અને વીતરાગતા નહીં થાય. જ્યાં સુધી વ્યવહારનો વિકલ્પ આવતો રહેશે ત્યાં સુધી વીતરાગતા નહિ થાય. આહા..હા..! અરે..! આવો માર્ગ. અરે..! તેનો નિર્ણય અને અનુભવ કરવા માટે આ મનુષ્યભવ મળ્યો છે.

'છ ઢાળા'માં તો એમ કહ્યું, કે જેમ ચિંતામણિની પ્રાપ્તિ થાય એમ નિગોદમાંથી ત્રસની પ્રાપ્તિ થવી એ ચિંતામણિ સમાન છે, ભાઈ ! અરે..રે..! ત્યાં અનંત... અનંત... અનંત... અનંત... અનંત... કાળ અનંત નિગોદની દશા. આહા..હા..! તમને શબ્દ ઠીક ન લાગે. અંદર શબ્દનું માહાત્મ્ય શું છે ? એક શરીરમાં અનંત અનંત નિગોદ અને જેના જ્ઞાનનો ઉઘાડ એક અક્ષરના અનંતમાં ભાગમાં, તેના દુઃખની વેદના,.. આહા..હા..! એને પણ આનંદનો નાથ અંદર દ્રવ્ય બિરાજે છે પણ પર્યાયમાં અક્ષરના અનંતમો ભાગ, એક શરીરમાં અનંતા આત્માઓ ! આ..હા..! શું છે આ ? એમાંથી નીકળીને ત્રસપણું પ્રાપ્ત કરવું એ ચિંતામણિ સમાન છે. અરે..! ભાઈ ! તને કિંમત નથી. કિંમત શા માટે નથી ? ધર્મ કરવા માટે. મહા મનુષ્યપણું મળ્યું એ કાંઈ ભોગ માટે કે વિષય કરવા માટે, વેપાર કરવા માટે આ મનુષ્યપણું છે ? સમજાણું કાંઈ ? 'ગોમ્મટસાર'માં તો એમ લખ્યું છે, મનુષ્ય કોને કહીએ ? 'જ્ઞાયતે ઇતિ મનુષ્ય.' જાણનાર હોય તે મનુષ્ય છે, બાકી પશુ છે. આહા..હા..!

ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાનનો સાગર નાથ, શાશ્વત વસ્તુ અંદર બિંબ, જેના કર્તૃત્વમાં કોઈ છે નહી, તેનો કોઈ કર્તા નથી, તેની કોઈ આદિ નથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને તે શાશ્વત વસ્તુનો કોઈ અંત નથી. તે શાશ્વત વસ્તુમાં અનંત શક્તિઓ છે તે શક્તિઓનો અંત નથી. વર્તમાનમાં, હોં ! શક્તિનો અંત નથી. આદિ અને અંત નથી, ભૂત અને ભવિષ્ય એ તો બીજી વાત છે. પણ આત્મામાં જે અનંત શક્તિઓ–ગુણ છે, તે ગુણનો વર્તમાનમાં કોઈ અંત નથી કે આ છેલ્લો ગુણ રહી ગયો. આહા..હા..!

પ્રભુ ! ચૈતન્યદ્રવ્ય સ્વરૂપ ચિદાનંદ ભગવાન, જેની શરૂઆત નથી, જેનો અંત નથી અને વર્તમાનમાં એના અનંતગુણનો છેડો–અંત નથી. આહા..હા..! આ..હા..હા...! શું ચીજ છે આ ? સમજાણું કાંઈ ? એવી ચીજને પ્રાપ્ત કરવી. એ રાગના કણનો પણ પ્રેમ છૂટી જાય ત્યારે તેને અનુભવ થશે. આહા..હા..! પછી પણ રાગનો, વ્યવહારનો કણ આવે છે, અરે..! સાતમા, આઠમા, નવમા, દસમા ગુણસ્થાનમાં અબુદ્ધિપૂર્વકનો રાગ રહેશે ત્યાં સુધી કેવળજ્ઞાન નહિ થાય. આહા..હા..! રાગ આવ્યો છે એ ઠીક છે, સહાયક છે, એમ છે ? આહા..! પાછળ ૧૭૪. આ તો એકલું માખણ છે ! આહા..હા..!

**‘હું છું ચૈતન્ય.’ જેને ઘર મળ્યું નથી એવા માણસને બહાર ઊભાં ઊભાં બહારની ચીજો, ધમાલ જોતાં અશાન્તિ રહે છે; પરંતુ જેને ઘર મળી ગયું છે તેને ઘરમાં રહ્યાં રહ્યાં બહારની ચીજો, ધમાલ જોતાં શાન્તિ રહે છે; તેમ જેને ચૈતન્યઘર મળી ગયું છે, દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે, તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાન્તિ રહે છે. ૧૭૪.**

૧૭૪. **‘હું છું ચૈતન્ય.’** એવું પોતાનું ઘર જેને મળ્યું. આહા..હા..! પોતાનું વતન જે નિર્મળ ત્રિકાળ સ્વરૂપ, તે પોતાનું સ્થાન (છે). હું ચૈતન્ય છું, તેને પોતાનું ઘર મળ્યું. આહા..હા..! **‘જેને ઘર મળ્યું નથી એવા માણસને બહાર ઊભાં ઊભાં બહારની ચીજો, ધમાલ જોતાં અશાન્તિ રહે છે;...’** પોતાના ઘરમાં ગયો નથી અને બહાર ઊભો છે. બહારની વાત છે, પોતાના ઘરમાં ગયો અને પછી બહાર જુએ એ બીજી વાત છે. પોતાના ઘરમાં ગયા વિના બહારમાં રહીને ધમાલ જુએ તો તેને અશાન્તિ રહે છે. આહા..હા..! શું કહે છે ? સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'જેને ઘર મળ્યું નથી એવા માણસને બહાર ઊભાં ઊભાં બહારની ચીજો, ધમાલ જોતાં અશાન્તિ રહે છે;...'** કેમ કે નિજઘરમાં પ્રવેશ કર્યો નથી. બહારનું, હોં ! પહેલી બહારના ઘરની વાત છે. આહા..હા..! **'પરંતુ જેને ઘર મળી ગયું છે...'** હું ચૈતન્ય છું, એવું ઘર મળી ગયું. ભક્તિમાં-ભજનમાં આવે છે ને ?

**અબ હમ કબહૂં ન નિજ ઘર આયે,**
**પર ઘર ભમત નામ અનેક ધરાયે,**
**અબ હમ કબહૂ ન નિજ ઘર આયે.**

નિજ ઘર ચૈતન્ય વસ્તુ ભગવાન જ્ઞાયક સ્વભાવ, પૂર્ણાનંદ સહજાત્મ ચિદ્‌ઘન, આનંદના અમૃતના સાગરથી ભરપૂર ભરેલો અંદર, એવા પ્રભુ જેની દૃષ્ટિમાં, નિજઘરમાં આવી ગયો. આહા..હા..! છે ? **'પરંતુ જેને ઘર મળી ગયું છે...'** હું ચૈતન્ય છું, એવું ઘર મળી ગયું. આહા..હા..! **'તેને ઘરમાં રહ્યાં રહ્યાં...'** ચૈતન્યના ઘરમાં રહેતા. આહા..હા..! **'બહારની ચીજો. ધમાલ...'** શુભ-અશુભભાવ ઉત્પન્ન થાય છે, ધમાલ... **'જોતાં શાન્તિ રહે છે;...'** ધમાલ-રાગ આવે છે તેને જોવે છે, પણ અંતરમાં તો શાંતિ છે (કારણ કે) નિજઘરમાં છે. આહા..! સમજાણું કાંઈ ? આ હોળીમાં લોકો તોફાન કરવા નીકળે છે ને ? ઘરની બહાર ઊભો હોય તો એને દુઃખ લાગે કે હમણાં નીકળશે તો શું કરશે ? શું કરશે ? પકડીને મોઢું કાળું કરશે. હમણાં હોળીમાં ક્યાં હતા ? 'હૈદ્રાબાદ'. તે દિ' ગામમાં લોકો આમ પકડે બધાને, મોઢા કાળુ કરે. બહાર નીકળે તો, ઘરમાં રહે તો કોણ (આવે) ? બારણા બંધ કરીને અંદર બેસે પછી હરકત નહિ. અહીં કહે છે કે ઘરમાં રહીને બહારની ધમાલ જુએ તો તેને અશાન્તિ નથી થતી. એવા નિજઘરમાં રહે છે. આહા..હા..!

'સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત રહે તદ્‌ધ્યાન મહીં, આહા..! પ્રશાન્તિ અનંત સુધામય જે, પ્રણમુ પદ તે વરતે જયતે.' 'શ્રીમદ્'નું અંતિમ વાક્ય છે. 'શ્રીમદ્'નું છેલ્લું (વાક્ય છે).

મુમુક્ષુ :- આપે રાજકોટમાં છેલ્લું કહ્યું હતું.

ઉત્તર :- છેલ્લું કહ્યું હતું. 'સુખધામ અનંત સુસંત ચહી' ત્યાં ગુરુની મુખ્યતા લીધી છે, આત્મા પણ એવો છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત રહે તદ્ધ્યાન મહીં,
પ્રશાન્તી અનંત સુધામય જે...

પ્રશાંતિ–શાંતિ, સ્વભાવમાંથી શાંતિ પ્રગટ થઈ. આહા..હા..! શાંતિ... શાંતિ... શાંતિ પ્રગટ. આહા..! 'પ્રણમું પદ તે' પ્રશાંત સ્વરૂપ ભગવાન ને પ્રશાંત સ્વરૂપ પરિણતિ. 'પ્રણમું પદ તે વરતે જયતે' જેનો જગતમાં જય થયો. આહા..હા..! ડંકા માર્યા અંદરમાંથી ! ભગવાન ત્રણ લોકનો નાથ, ચૈતન્ય સ્વરૂપી હું, કેવળજ્ઞાનની પર્યાયથી પણ અનંતગણું મારું સામર્થ્ય છે. આહા..હા..! ભાઈ ! વાત ઝીણી પણ એના ઘરની વાતું છે. ઘરમાં શું ભર્યું છે તેની ખબર નથી. સમજાણું કાંઈ ?

એ અહીં કહે છે, **'ઘરમાં રહ્યાં રહ્યાં બહારની ચીજો, ધમાલ જોતાં શાન્તિ રહે છે;...'** કેમ કે જાણનાર-દેખનારમાં રહ્યો. પછી ભલે વિકલ્પની ધમાલ ઉત્પન્ન થાય, પણ જ્ઞાતા-દૃષ્ટા રહે છે તો શાંતિ રહે છે. સમજાણું કાંઈ ? આવી વાતું. ભાઈ ! આવું છે. આ કથા-વાર્તા નથી. આ તો આત્મકથા, ધર્મકથા છે. બાકી તો રાગથી લાભ થાય એવી કથા તો વિકથા છે, તે ધર્મકથા નથી. આહા..હા..!

વ્યવહારનયના વિષયમાં રાગ આવે છે, અરે..! પર્યાયબુદ્ધિમાં શાંતિ નથી. એનાથી મને લાભ થશે,... આહા..હા..! એ તો અશાંતિ, પરઘરમાં છે, એ પર ઘરમાં રહે છે. તેને પરની ધમાલ જોવામાં અશાંતિ રહે છે. આહા..હા..! પરંતુ નિજઘરમાં પ્રવેશ કર્યા પછી હોળીમાં ભલે સો-બસ્સો, પાંચસો લોકો હો..હા, હો..હા કરતા નીકળે પણ મારા ઘરમાં પ્રવેશ નહિ કરી શકે. સમજાણું કાંઈ ?

'આફ્રિકા'ના જંગલમાં સેંકડો સિંહ હોય છે, સેંકડો ! સેંકડોના ટોળા નીકળે. તો ફિલ્મવાળા, પહેલાં પાંચ લાખનું સાંભળ્યું હતું, પણ હવે તો પંદર-પંદર લાખ, વીસ લાખની મોટરું (બને છે). મોઢા આગળ લોઢાના સળિયા હોય. એ ખુલ્લા રહે, સિંહ આવીને મારે પણ થાપ અંદર ન લાગી શકે. ચારે બાજુ લોઢાના (સળિયા હોય છે). એ સમયે પાંચ લાખ કહેતા હતા, હવે તો સાડા દસ લાખની રજનીએ લીધી છે. રજની નથી ? ધર્મના નામ (રાખે છે). હતો તો અહીં દિગંબર, 'તારણસ્વામી'નો, પણ અત્યારે અજ્ઞાનના નામે ધમાલ (કરે છે). એવું કો'કને આમ કરે ને કો'કને આમ કરે ને આમ કરે તો આમ થાય. ઢીકણું થાય. એવું ઘણું આવ્યું હતું, છાપામાં આવ્યું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. કોઈ કહેતું હતું. આપણે ક્યાં છાપુ વાંચીએ છીએ? સાડા દસ લાખ રૂપિયાની... સાડા દસ લાખ ને ? મોટર લીધી હમણા. સાડા દસ લાખ. કેવી હશે ? આ મોટર તો સિંહની ફિલ્મ લેવા જાય છે. ‘આફ્રિકા’ના જંગલમાં સેંકડો સિંહના બચ્ચા આમ ચાલ્યા જાતા હોય. એ મોટર એવી હોય છે કે સિંહના ટોળા આવે તો પણ તેનો પગ અંદર પેસી ન શકે.

એમ જે નિજઘરમાં ચૈતન્ય ભગવાનમાં જે આવ્યા... આહા..હા..! તેને પુણ્ય-પાપનો વિકલ્પ ખેદ ઉત્પન્ન નથી થતો, એ તો શાંતિ, જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આહા..હા..! છે તો ખેદ, પણ તેને જાણવા-દેખવામાં રહે છે તો શાંતિ રહે છે. આહા..હા..! આવો ઉપદેશ ! વાણિયાને વેપાર આડે નવરાશ ન મળે. આખો દિ’ બહાર રળવું ને આ કરવું ને આહા..હા...! અરે..રે..રે..! આવો મનુષ્યભવ...

મુમુક્ષુ :– તો પછી ખાવું શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ખાવાના રજકણ તો મળવાના હોય છે (એ તો મળે જ છે). કહે છે ને, ‘ખાનારનું નામ દાણે દાણે લખ્યું છે.’ એનામાં નામ લખ્યું છે એટલે એ જ આવવાના તે આવશે. એ પ્રયત્ન કરશે તો પણ જે આવવાના એ આવશે. નહિ કરે તો પણ જે આવવાનું હશે તે આવશે. ‘ખાનારનું નામ દાણે દાણે લખ્યું છે.’ એમ નથી કહેતા ? શ્રદ્ધા–પ્રતીતિ ક્યાં છે ? હું આમ કરીશ તો આહાર મળશે, આમ કરીશ તો (મળશે)... ધૂળમાં પણ નથી, સાંભળને ! આહા..હા..!

અહીંયા કહે છે, કે જેને ચૈતન્યઘર મળ્યું, એને બહારની ધમાલ જોવા છતાં અંદરમાં શાંતિ રહે છે. અને જેને ચૈતન્યઘર નથી મળ્યું, ઘરની બહાર ઊભા ઊભા રાગમાં ઉભા છે, જ્ઞેયની ધમાલ જોઈને તેને રાગ અને વિકાર જ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**‘ચૈતન્ય ઘર મળી ગયું છે, દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે,...’** આહા..હા..! શુદ્ધ ચૈતન્ય સહજાનંદ પ્રભુ, અમૃતનો પિંડ પ્રભુ છે, સુખામૃતનો પિંડ છે. આહા..હા..! શાશ્વત વસ્તુ જેને અંદરમાં મળી ગઈ, તેને દૃષ્ટિમાં લીધી, સમ્યગ્દર્શનમાં આખી ચીજ મળી ગઈ. સવારે આવ્યું હતું ને ? સમ્યગ્દર્શન એ આત્મા છે. આહા..હા..! ત્રિકાળ સ્વરૂપ પણ આત્મા છે. ત્રિકાળ શ્રદ્ધા, હોં ! અને વર્તમાન શ્રદ્ધા પણ આત્મા છે. તેમાં રાગનો ભાવ નથી. એ તો નિરાગી અરાગી સમ્યગ્દર્શન પર્યાય છે. આહા..હા..! તો એ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા છે. આહા..હા..! સ્વભાવના શરણથી ભગવાન આનંદનો ડુંગર પરમાત્મા પ્રભુ, ઓ..હો..હો...! જેમ વીજળી પડવાથી પર્વતના બે ટુકડા થઈ જાય છે, એ બે ટુકડા કોઈ રેણથી એકઠા નથી થતા. રેણ.. રેણ કહે છે ને ? સાંધે છે ને ? એમ ભગવાન આત્મા અને રાગની વચ્ચે પ્રજ્ઞાછીણી મારીને બે ભિન્ન ટુકડા થઈ ગયા. હવે એ બંને કદી એકઠા નથી થતા. આહા..હા..! આવો માર્ગ છે, બાપુ ! હજી પ્રથમ સમ્યગ્દર્શનની ભૂમિકાનો માર્ગ કોઈ અલૌકિક છે.

ચારિત્ર તો બાપા ! એ તો અલૌકિક વાતું, ભાઈ ! આહા..હા..! ચારિત્ર નામ ચરના. પણ શેમાં ? પશુ ચરે છે તો શું (ચરે છે) ? ઘાસ હોય તે ચરે છે કે ઘાસ વગર પત્થર અને ધૂળ ચરે છે ? આહા..! એક ભાઈ મળ્યા હતા. (આપણા મુમુક્ષુનું) ગામ છે ને ? સનોડા. ભાઈનું ગામ. કરોડપતિ આપણા (મુમુક્ષુ). નાનું ગામ સનોડા અમે ગયા હતા. બધા આવેલા, શેઠિયા આવેલા. આખા ગામને ગોળ આપવો, એવું બધું નક્કી કરેલું. ગામના માણસોને કાઠી સાથે વિરોધ હતો. કાઠી-ગરાસિયા. ગરાસિયા આ લોકોને અનુકૂળ થવામાં મદદ (કરતા હતા). એટલે આખું ગામ કહે કે આખા ગામને ગોળ દેવાનું કાંઈક હતું. ગોળ હતો ને ? બધાને ઘરદીઠ આપવાનો હતો. જમાડવાનું હશે કે ગોળ આપવાનું હશે ? જમાડવાનું હશે. અમે ત્યાં ગયા હતા તેથી આખું ગામ જમાડવાનું હતું. ગામમાં શું ? બે-પાંચ-દસ હજારનો ખર્ચ થાય છે. ન ગયા, ન માન્યા. કેમ કે પેલા કાઠી લોકો છે એ એને અનુકૂળ છે અને અમારાથી વિરુદ્ધ છે તો કાઠીને અનુકૂળ છે ત્યાં સુધી અમે એનો આહાર નહિ લઈએ. પછી ગોળ હતો તે વહેંચ્યો હતો. ગોળ ઘણો લાવ્યા ને ?

અહીં તો બીજું કહેવું છે. એ વખતે એક કણબી આવ્યો હતો. આ તો મોટા શેઠિયા કરોડપતિ અને નાના ગામમાં જન્મેલા અને મોટા શેઠ થઈ ગયા. એક શેઠ આવ્યા ત્યાં ખુશી-ખુશી થઈ ગયો. મહારાજ ! ભગવાને એવું કર્યું છે કે બહારમાં ઘાસ નથી. ભગવાન તારું ભુંડું થશે. એ શું બોલે છે એની બિચારાને ખબર નહિ. અમારી પાસે બેઠા હતા, શેઠિયા બેઠા હતા. ભગવાન તારું ભુંડું થશે. બહારમાં ઘાસ નથી, પશુ ચરે શું ? ઘાસ વિના શું ચરે ? આહા..હા..! એમ પ્રભુ આત્માની દૃષ્ટિ અને અનુભવ થયો નથી તો ચરવું શેમાં ? રમવું શેમાં ? આહા..હા..! સમજાણું કાંઈ ?

**‘દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે,...’** આહા..હા..! **‘તેને ઉપયોગ બહાર જાય...’** વિકલ્પમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવે છે **'ત્યારે પણ શાન્તિ રહે છે.'** આહા..હા..! ભગવાન શાંતિનો સાગર પરમાત્મા, ઉપશમરસ. આહા..હા..! સ્તવનમાં નથી આવતું ?

ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં

ઉપશમરસનો કંદ પ્રભુ ! આત્મા અકષાય વીતરાગ સ્વભાવનો પિંડ પ્રભુ અંદર (છે). આહા..હા..! તેનો જ્યાં અનુભવ થયો... આહા..હા..! તો કહે છે, શાંતિ... શાંતિ.. શાંતિ દેખાય છે. ધર્મીને તો શાંતિ દેખાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? બહારની ધમાલ દેખાય. શરીર આદિ બહારની ક્રિયા થાય પણ અંતરમાં તો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આહા..હા..! આવી વાત છે. ઝીણી વાત, બાપુ ! ધર્મ એવી ચીજ છે. એક સેકન્ડ પણ જ્યાં સમ્યગ્દર્શન થયું તો જન્મ-મરણનો અંત થઈ ગયો. એ વસ્તુ કેવી છે ? આહા..હા..! સમજાણું કાંઈ ? ૧૭૪ (બોલ પૂરો) થયો.

**સાધક જીવને પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે, વિકસે છે. જેમ નંદનવનમાં અનેક વૃક્ષોના વિવિધ પ્રકારનાં પત્ર-પુષ્પ-ફળાદિ ખીલી ઊઠે તેમ સાધક આત્માને ચૈતન્યરૂપી નંદનવનમાં અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠે છે. ૧૭૫.**

૧૭૫. **'સાધક જીવને પોતના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે, વિકસે છે.'** આહા..હા..! તિર્યંચ હોય, મનુષ્ય હોય, નારકી હોય પણ પોતાના ભગવાનનો અનુભવ, સમ્યગ્દર્શન થયું, સાધકપણું થયું, સ્વરૂપનું સાધકપણું થયું, રાગનું સાધકપણું તો અનાદિથી હતું એ બાધકપણાનો નાશ કરીને... આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ તેનું સાધકપણું થયું, શુદ્ધ ચિદાનંદ પ્રભુ... આહા..હા..! આઠ વર્ષની બાળીકા હોય અને તેને સમ્યગ્દર્શન, સાધકપણું થયું. આહા..હા..! **'પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે,...'** આહા..હા..! અનેક નામ અનંત. બધા જેટલા ગુણ છે એ બધાની નિર્મળ પર્યાય સમકિતીને પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન પહેલી ચીજ, ધર્મની પહેલી ચીજ, એવા સાધક જીવને અનંત ગુણસ્વરૂપ ભગવાન આત્મા, તેની દૃષ્ટિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈ, સમ્યગ્દર્શનમાં અનુભવ થયો ત્યારે અનંતગુણની પર્યાય નિર્મળ થાય છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, ભગવાન ! આહા..હા..!

સમ્યગ્દર્શન અર્થાત્ 'સર્વ ગુણાંશ તે સમકિત.' 'સર્વ ગુણાંશ તે સમકિત'. આત્મામાં અનંત ગુણ છે, અપાર ગુણ છે, અપાર ગુણ છે, બાપુ ! ચિદાનંદ સહજાત્મ ભગવાન આત્મા... આહા..હા..! એની જ્યાં દૃષ્ટિ સમ્યક્ થઈ, તેનો અનુભવ થયો તો અનંત ગુણ જેટલા છે, તેમાંથી બધા ગુણનો એક અંશ વ્યક્ત નામ પ્રગટ નિર્મળ દશા થાય છે. ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનમાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? શું કહ્યું ?

**'સાધક જીવને...'** ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર, એવું ભગવાન પોતાનું નિજ સ્વરૂપ, તેનો અનુભવ થયો, સાધક જીવને સમ્યગ્દર્શન થયું, હું રાગ પણ નહિ, શરીર નહિ, વાણી નહિ, અલ્પ પર્યાય પણ હું નહિ,... આહા..હા..! હું તો ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ તે ચૈતન્ય હું છું. આહા..હા..! એવી દૃષ્ટિ જ્યાં થઈ ત્યારે સમ્યગ્દૃષ્ટિને જેટલી સંખ્યામાં અંદર ગુણ છે, એ બધા ગુણની નિર્મળ પર્યાય અંશે પ્રગટ થાય છે. આહા..હા..!

આપણે 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં 'ટોડરમલે' નાખ્યું છે, 'ટોડરમલ' એકદેશ જ્ઞાનનો અંશ, અનંત ગુણનો અંશ સમકિતીને પ્રગટ થાય છે. આહા..હા..! અરે..! સમકિત શું ચીજ છે તેની ખબર ન મળે. આ..હા..! ધર્મની પહેલી સીડી સમ્યગ્દર્શન, એ સમ્યગ્દર્શનમાં અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા, એ જ્ઞાનમાં જણાયને પ્રતીત થઈ તો પ્રતીતની સાથે, જેમ શ્રદ્ધાગુણનો અંશ–પ્રતીતિ પ્રગટ થઈ, એમ અનંત ગુણનો અંશ પ્રગટ થાય છે. સમકિતને ચોથા ગુણસ્થાનમાં ! પાચમું, છઠ્ઠું (ગુણસ્થાન) એ તો કોઈ જુદી ચીજ છે. બાપુ ! વર્તમાન બધા માની બેઠા, ગમે એમ માને. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'સાધક જીવને પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે,...'** વીતરાગી પર્યાય સમકિતીને ઉત્પન્ન થાય છે. આહા..હા..! 'શ્રેણિક'રાજા સમકિતી, ક્ષાયિક સમકિતી હતા. પણ અંદરમાં અનંત ગુણનો એક અંશ વ્યક્ત વેદનમાં આવ્યો હતો. આહા..હા..! અપાર... અપાર... આત્મામાં ગુણની સંખ્યા અપાર..! એવા અનંત.. અનંત... અનંત... અનંત... જેના ગુણની હદ અને સંખ્યાની મર્યાદા નથી, એવા અનંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનંત ધર્મરૂપ, ભગવાન આત્મા ગુણરૂપ છે, તેનું જ્યાં સમ્યગ્દર્શન થયું, તેનો અનુભવ થયો ત્યારે અનંત ગુણનો એક અંશ, બધા ગુણનો અંશ પ્રગટ થયો. દ્રવ્યદૃષ્ટિ થઈ ને ! આહા..હા..!

દ્રવ્ય એટલે વસ્તુ ભગવાન ચિદાનંદ સહજાત્મ પ્રભુ, શાશ્વત ચીજ અંદર જે આત્મા, તેમાં અનંત ગુણ પણ શાશ્વત પડ્યા છે. આહા..હા..! વિકલ્પ, રાગ અને નિમિત્તથી હટીને અંદર સ્વભાવનો આશ્રય કરી સમ્યગ્દર્શન થયું તો તે સાધકજીવ થયો. ચોથાથી બારમા (ગુણસ્થાન) સુધી સાધક છે. બારમું ગુણસ્થાન. આહા..હા..! તેરમે તો ભગવાન સર્વજ્ઞ પરમાત્માને સાધ્ય પૂર્ણ દશા થઈ ગઈ. સાધકદશામાં... આહા..હા..! ચોથા, પાંચમા ગુણસ્થાનમાં શ્રાવકને, સાચા શ્રાવક, હોં ! આ વાડાના શ્રાવક એ શ્રાવક જ નથી. હજી એને સમ્યગ્દર્શન શું છે તેની પણ ખબર ન મળે, શ્રાવક ક્યાંથી થઈ ગયો ?

મુમુક્ષુ :- એ તો વ્યવહારથી શ્રાવક છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વ્યવહારથી પણ નહિ. નિશ્ચય વગર વ્યવહાર હોય નહિ. એકડા વિનાના મીંડાની સંખ્યા થતી નથી. એકડો હોય પછી મીંડું હોય તો દસની સંખ્યામાં ગણવામાં આવે. વાત એમ છે, બાપુ ! જગત ભરમાયું, ગમે તેમ કરો.

મુમુક્ષુ :- મીંડુ એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- શૂન્ય... શૂન્ય. લાખ શૂન્ય હોય તો પણ તેમાંથી એકડો થાય ? આહા..હા..! એકડાનું મીંડુ પણ જુદી જાતનું હોય છે. એમ ભગવાન આત્મા પૂર્ણાનંદ સહજાત્મ સ્વરૂપ પ્રભુ શાશ્વત ચીજની દૃષ્ટિ જ્યાં થઈ, અંતર અનુભવ થયો તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. ત્યારે અનંત ગુણની પર્યાય પ્રગટ નિર્મળ થઈ. આહા..હા..! આવી વાત છે. દુનિયા તો પાગલ કહે એવું છે આ તો. પાગલપણાવાળાને તો પાગલપણું દેખાય એવું છે.

આવો પ્રભુ અંદર સહજાત્મ સ્વરૂપ આનંદનું સરોવર, સાગર એવો આત્મા જે અંદર અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુ, શાશ્વત વસ્તુ (છે). આદિ નથી, અંત નથી, જેના ગુણની સંખ્યાનો પાર નથી. આહા..હા..! તેનો જ્યાં અનુભવ, સમ્યગ્દર્શન થાય છે તો અનંત ગુણ જેટલી સંખ્યામાં છે એ બધા ગુણનો એક અંશ વ્યક્ત વેદનમાં આવી જાય છે. આહા..હા..! આવી વાતું છે, ભાઈ ! આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ જિનેશ્વરદેવની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. આહા..હા..! અરે..રે..! જગતને સમજવા મળે નહિ, સાંભળવા મળે નહિ અને જિંદગી ચાલી જાય, ભાઈ ! આવો જે પ્રભુ આત્મા, **'સાધક જીવને પોતાના અનેક ગુણની પર્યાયો નિર્મળ થાય છે, વિકસે છે.'** જેમ કમળ ખીલે તેમ અનંત શક્તિ જે સ્વભાવરૂપ કમળ છે, તે દૃષ્ટિ પડતાં જ ખીલી જાય છે. પર્યાય ખીલે છે, વિકાસ થાય છે. આહા..હા...! દૃષ્ટિમાં જ્યાં પૂર્ણાનંદ આત્માનો અનુભવ થયો તો અનંત ગુણનો પર્યાયમાં વિકાસ થાય છે. આહા..હા..! એ નિર્મળ થાય છે. પછી દૃષ્ટાંત આપીને વિશેષ વાત કરશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✱ ✱ ✱

**વિકારી પર્યાય પરદ્રવ્યની સન્મુખતા કરે છે તેથી વિકારને દ્રવ્યથી ભિન્ન કહ્યો અને શુદ્ધ પર્યાય સ્વદ્રવ્યની સન્મુખ થાય છે તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહેવાય છે. પણ અભિન્નતાનો અર્થ એ છે કે દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે-શક્તિ છે એ જ્ઞાન પર્યાયમાં આવી જાય છે. પ્રતીતિમાં આવી જાય છે. તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહી છે. પણ એનો અર્થ એ નથી કે અનિત્ય પર્યાય નિત્ય દ્રવ્યની સાથે એકમેક થઈ જાય છે. દ્રવ્ય-પર્યાય બન્નેનું સ્વરૂપ જ ભિન્ન હોવાથી બન્ને ભિન્ન છે. પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે. લક્ષ કરે છે તેથી પર્યાય શુદ્ધ થાય છે. પણ તેથી દ્રવ્ય પર્યાય એક થઈ જાય છે તેમ નથી, બંનેના સ્વરૂપ ભિન્ન હોવાથી પર્યાય દ્રવ્યરૂપ થતી નથી અને દ્રવ્ય પર્યાયરૂપ થતું નથી.**

**'પરમાગમસાર' બોલ નં.૩૦**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



## શ્રાવણ સુદ ૧૧, સોમવાર તા. ૧૪-૦૮-૧૯૭૮.
## વચનામૃત–૧૭૫, ૧૭૬, પ્રવચન–૬૪

'વચનામૃત' ૧૭૫ મો બોલ છે. પોણા બસ્સો.

**'સાધક જીવને પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે,...'** શું કહે છે? ચોથાથી બારમા ગુણસ્થાન સુધી સાધક કહે છે. તો ચોથા ગુણસ્થાનમાં પણ સાધક કહેવામાં આવે છે. આહા..! સાધક જીવને પોતાના અનંત ગુણ અને ધર્મ સ્વભાવ જે સ્વરૂપ પ્રભુ, તેની દૃષ્ટિ કરીને અનુભવ થયો હોય, તેને અહીંયા સમ્યગ્દૃષ્ટિ સાધક કહેવામાં આવે છે. આહા..હા..! નિમિત્ત ઉપરથી લક્ષ છોડીને અને સંકલ્પ-વિકલ્પ શુભાશુભભાવ જે છે તેનાથી પણ લક્ષ છોડીને, એક સમયની જે પર્યાય છે, તેનું પણ લક્ષ્ય છોડીને... આહા..હા..! એકલો જ્ઞાયકસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ ! 'અપ્પા સો પરમપ્પા' પરમાત્મસ્વરૂપી આત્મા (છે). 'ઘટ ઘટ અંતર જિન વસે.' અંતરમાં ભગવાન જિનસ્વરૂપી બિરાજમાન છે. આહા..હા..!

મુમુક્ષુ :– શક્તિરૂપે કે વ્યક્તિરૂપે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સ્વભાવ કહો, શક્તિ કહો, સામર્થ્ય કહો, વ્યક્ત પ્રગટ કહો. વસ્તુની અપેક્ષાએ પ્રગટ છે. આહા..હા..! પર્યાયની અપેક્ષાએ તેને અવ્યક્ત કહ્યું છે. પણ વસ્તુની અપેક્ષાએ પ્રભુ ચૈતન્ય-જ્યોત... આહા..હા..! અતીન્દ્રિય-અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય પ્રભુતા, અતીન્દ્રિય સ્વચ્છતા, અતીન્દ્રિય કર્તા, કર્મ, કરણાદિ શક્તિઓ, એ અતીન્દ્રિય સ્વરૂપનો પિંડ ભગવાન આત્મા છે. ઝીણી વાત છે, પ્રભુ ! એ વસ્તુની દૃષ્ટિ થાય, વર્તમાન પર્યાયમાં ત્રિકાળી ચીજની પ્રતીત અને જ્ઞાન થાય... આહા..હા..! પર્યાયમાં ત્રિકાળીનું જ્ઞાન થાય છે, પણ ત્રિકાળી ચીજ પર્યાયમાં આવતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? પંડિતજીને પુસ્તક આપ્યું ? પત્ર નથી આપ્યો.

અહીંયા પહેલાં **'સાધક જીવને...'** એમ શબ્દ છે. તો સાધક કોને કહે છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા..! ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી સાધક કહેવામાં આવે છે. તો ચોથા ગુણસ્થાનથી પોતાની ચીજ જે પૂર્ણ આનંદનું ધામ પ્રભુ, પૂર્ણ શુદ્ધ સ્વભાવ અનંત... અનંત... અનંત... અનંત એવા ગુણનો એક પિંડ, તેની દૃષ્ટિ થતાં, નિર્વિકલ્પ દૃષ્ટિ થવાથી, તે તત્ત્વમાં, તત્ત્વ જે ચીજ છે તેની પ્રતીતિ તેમાં આવે છે. આહા..હા..! તે પ્રતીતિ આવે છે તેમાં ત્રિકાળી ચીજ આવી જતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

જ્ઞાનની એક સમયની જે પર્યાય છે, તેમાં પૂર્ણાનંદના નાથનું જ્ઞાન થાય છે પણ તે પર્યાયમાં પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ આવતો નથી. એવી સાધક દૃષ્ટિ, જ્યારે સમ્યગ્દર્શન થયું... આહા..હા..! ત્યારે પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે. આહા..હા..! 'શ્રીમદ્ રાજચંદ્ર'એ એમ કહ્યું કે, 'સર્વ ગુણાંશ તે સમકિત.' આપણે 'ટોડરમલ'ની 'રહસ્યપૂર્ણ ચીઠ્ઠી'માં એમ આવ્યું કે જેટલા જ્ઞાનાદિ ગુણની સંખ્યા અનંત અનંત છે, તેની દૃષ્ટિ અને અનુભવ થયો, અનંત ગુણ જેટલી સંખ્યામાં છે તે બધાનો એક અંશ વ્યક્ત પરિણમનમાં આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પહેલાં એનું જ્ઞાન તો કરો કે શું ચીજ છે ? આહા..હા..! એમ કોઈ ક્રિયાકાંડથી આત્મા મળી જાય, એવી ચીજ નથી. આહા..હા..!

ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપી બિરાજમાન (છે). જિન-જિન કહે છે ને ? કહ્યું ને ? 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન.' એનો અર્થ શું ? આ 'સમયસાર નાટક'નો શબ્દ છે. પણ કળશ છે, તેનો એ ભાવ છે. આહા..હા..! વસ્તુ તરીકે આત્મા જિનસ્વરૂપ છે. અર્થાત્ અકષાયસ્વભાવસ્વરૂપ છે. અકષાયસ્વભાવસ્વરૂપ કહો કે જિનસ્વરૂપ કહો. આહા..હા..! તે પૂર્ણાનંદ પ્રભુ જિનસ્વરૂપી ચીજ છે, તેની દૃષ્ટિ કરવાથી, તેને દૃષ્ટિમાં લેવાથી પર્યાયમાં અનંત ગુણની બધી પર્યાય નિર્મળ થાય છે. આહા..હા..! કેમ ? કે, દ્રવ્યદૃષ્ટિ થઈ તો દ્રવ્યમાં જેટલી શક્તિઓ છે, એની દૃષ્ટિ થઈ તો એટલી શક્તિનો અંશ, સમ્યગ્દર્શન સાથે અનંત ગુણનો અંશ વ્યક્ત પ્રગટ વેદનમાં આવે છે. આવી વાત છે, ભાઈ ! સમજાણું કાંઈ ? આ પુસ્તક મળી ગયું ? પંડિતજી ! આ પુસ્તક મળી ગયું ? મળી ગયું ને ત્યાં? 'કાશી' માં મળ્યું ને ? હજી નથી પહોંચ્યું ? બધાને ભેટ આપ્યું છે. નથી મળ્યું ? ગુજરાતી મળ્યું. ભાઈ ! હિન્દી પુસ્તક આપજો. એને હિન્દી આપજો. બધાને ભેટ આપ્યા છે. દઈ દ્યો. શું કહે છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બેનના વચનામૃત છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના વેદનમાંથી આ વાણી આવી છે. બહુ સૂક્ષ્મ વાત છે, ભાઈ !

**'સાધક જીવને પોતાના...'** નિજ ગુણને. પોતાના જે અનંત ગુણ છે, તેની **'પર્યાયો નિર્મળ થાય છે,...'** આહા..હા..! ખીલે છે, વિકાસ થાય છે. જેમ સૂર્યના નિમિત્તથી કમળ અને ગુલાબના ફૂલનો વિકાસ થાય છે, એમ ભગવાન આત્મા ત્રિકાળી શક્તિનો પિંડ જે ગુલાબ અને કમળની પેઠે છે, તેને જ્યારે અંદરમાં દૃષ્ટિ મળી તો બધા ગુણ ખીલી જાય છે. આહા..હા...! ઝીણી વાત છે, પ્રભુ ! અનંતકાળમાં કદી કર્યું નથી.

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' આહા..હા..! 'પર આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું ? મુનિવ્રત ધાર. અઠ્યાવીસ મૂળગુણ પંચ મહાવ્રત (પાળ્યા પણ) 'લેશ સુખ ન પાયો.' (કેમકે) પંચ મહાવ્રતના પરિણામ તો દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પણ સમ્યગ્દર્શન થતાં, ત્રિકાળી વસ્તુની જેટલી શક્તિઓ છે, ગુણ કહો, શક્તિ કહો, સ્વભાવ કહો, સત્‌નું સત્ત્વ કહો, સત્‌ વસ્તુનું સત્ત્વપણું–ભાવ કહો... આહા..હા..! અંતરમાં નિર્વિકલ્પ દૃષ્ટિ, સમ્યગ્દર્શન થતાં પર્યાયમાં જેટલી સંખ્યામાં ગુણ છે તેની વ્યક્ત નિર્મળ પર્યાયો થાય છે. આહા..હા..! અને ખીલે છે. આહા..હા..!

**'જેમ...'** દૃષ્ટાંત આપે છે. **'નંદનવનમાં...'** મેરુ પર્વતમાં નંદનવન છે. આહા..હા..! **'અનેક વૃક્ષોના વિવિધ પ્રકારના...'** અનેક વૃક્ષોના અને વિવિધ પ્રકારના. આહા..હા..! **'પત્ર-પુષ્પ-ફળાદિ ખીલી ઊઠે,...'** નંદનવનમાં અનેક પ્રકારના વૃક્ષ અને અનેક પ્રકારના ફળ-ફૂલ. આહા..હા...! વિવિધ પ્રકારના પત્ર, પુષ્પ અને ફળ વગેરે ખીલી ઊઠે છે. **'તેમ સાધક આત્માને...'** આહા..હા..! સમ્યગ્દષ્ટિને, સાધક જીવને. આહા..હા..! **'ચૈતન્યરૂપી નંદનવનમાં...'** જેમાં અનંત ગુણનું કલ્પવૃક્ષ પડ્યું છે. આહા..હા..! ભગવાન આત્મામાં... આહા..હા..!

'છ ઢાળા'માં તો એમ કહ્યું છે કે ત્રસ (પર્યાય) મળે તો તે પણ ચિંતામણી સમાન છે, એમ કહે છે. 'છ ઢાળા'માં આવે છે ને ? પંડિતજી ! નિગોદમાંથી ત્રસપણું મળે તો (તે ચિંતામણી સમાન છે.) આહા..હા..! એ 'છ ઢાળા'માં આવે છે. આ તો પ્રભુ અંદર ચિંતામણી રત્ન (છે). આહા..હા..! મનુષ્યપણું મળ્યું, વીતરાગની વાણી સાંભળવા મળી અને સાંભળીને જે જ્ઞાન થયું, તેનું પણ લક્ષ છોડીને. વાણી સાંભળી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને જે જ્ઞાન થયું એ જ્ઞાન પોતાથી–ઉપાદાનથી થયું, પણ એ વાણી નિમિત્ત છે. છતાં પણ ઉપાદાનથી થયું તે નિમિત્તના લક્ષથી થયું છે. પોતામાં પોતાથી થયું છે. એ જ્ઞાનનું પણ લક્ષ છોડીને. આહા..હા..! ત્રિકાળી ભગવાનસ્વરૂપ ચિદાનંદ પ્રભુ ! નંદનવન જેવા જ અંદરમાં અનંત ઝાડ નામ અનંત ગુણ છે અને ગુણ દીઠ એના અનંતા ફળ છે. આનંદના, શાંતિના, સ્વચ્છતાના, ઈશ્વરતાના (ફળ છે). આહા..હા..! **'ચૈતન્યરૂપી નંદનવનમાં અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠે છે.'** આહા..હા..! એનું નામ ધર્મ અને એનું નામ સાધક.

મુમુક્ષુ :– આ કલા આપ અમને શિખવાડો ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ શું કહે છે ? કળા તો એણે કરવાની છે કે બતાવનારને કરવાની છે ?

ભગવાન ! તારી પ્રભુતા તો પૂર્ણ પડી છે ને, પ્રભુ ! આહા..હા...! તારી પ્રભુતામાં પામરતાનો અંશ નથી. તો એ પ્રભુતા નિમિત્તના આશ્રયે પ્રગટ થાય છે, એવી પામરતા એનામાં છે નહિ. અને ભગવાન આત્મામાં એવો એક ગુણ પડ્યો છે, અકાર્યકારણ નામની શક્તિ–ગુણ તેમાં પડ્યો છે. આહા..હા...! ભગવાન આત્મા અનંત ગુણમાં એક ગુણ એવો છે, અકાર્યકારણ નામનો ગુણ એમાં છે. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ કારણ થાય અને નિર્મળ કાર્ય થાય, એમ વસ્તુમાં નથી.

અકાર્યકારણ નામનો ગુણ પ્રભુ ! અનંત ગુણમાં એનું રૂપ છે. આહા..હા..! તો જ્ઞાનની પર્યાય જે ખીલે છે, તે પરના લક્ષે ખીલે અને જ્ઞાન સાંભળ્યું, અગીયાર અંગનું જ્ઞાન થયું, તો તેનાથી આત્માનું જ્ઞાન થાય છે, એમ છે નહિ. આહા..હા..! એવી વાત છે. સમજાણું કાંઈ ? પર્યાયમાં જે સ્વતંત્રતા અકાર્યકારણ,.. પ્રત્યેક ગુણમાં અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે ભગવાનમાં તો ભગવાન આત્માની જ્યાં દૃષ્ટિ થઈ, આશ્રય લીધો, આશ્રયનો અર્થ એટલો કે પર્યાય સ્વ તરફ ઝુકી તેટલો આશ્રય. આશ્રયનો અર્થ દ્રવ્યમાં પર્યાય ઘુસી જાય છે (એમ નથી) આહા..હા..!

જે પર્યાયમાં રાગ ને નિમિત્તનો ને વર્તમાન પર્યાયનો આશ્રય હતો,... આહા..હા..! એ પર્યાયમાં દ્રવ્ય ત્રિકાળી ભગવાનનો આશ્રય થયો. **'भूदत्थमस्सिदो खलु'** (સમયસાર) અગિયારમી ગાથા. આહા..હા..! અર્થાત્ પર્યાયમાં જ્યારે ત્રિકાળી જ્ઞાયકભાવનું લક્ષ થયું તો આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. આહા..હા..! એવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પર્યાયમાં અનંત ગુણનો આશ્રય–આધાર થયો, તો પર્યાય પણ અકાર્યકારણ નામની પર્યાય ઉત્પન્ન થઈ, જે પર્યાયમાં વ્યવહાર કારણ અને નિશ્ચય કાર્ય, એમ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

સમ્યગ્જ્ઞાનની પર્યાય જે સ્વદૃષ્ટિના લક્ષે થઈ એ પર્યાયમાં પર જ્ઞાનનો ક્ષયોપશમ (થયો), પરને સાંભળ્યું, સમજ્યો તે કારણ અને જ્ઞાનની પર્યાય તે કાર્ય, પર્યાયમાં એમ નથી. તે પર્યાય અકાર્યકારણપણે પરિણમી છે. આહા..હા..!

મુમુક્ષુ :– આપે સમજાવ્યું ત્યારે અમને સમજાયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો નિમિત્તનું કથન છે, પ્રભુ ! આહા..હા..! આ ચૈતન્યરત્ન ભગવાન... આહા..હા..! ચૈતન્ય રત્નાકર કહ્યું ને ? ચૈતન્ય રત્નાકર. સ્વયંભૂરમણ સમુદ્રના તળમાં વેળુ–રેતી નથી. સ્વયંભુરમણ સમુદ્ર જે છે અસંખ્ય યોજનનો, (તેના) તળમાં રેતી–વાળુ નથી. તળમાં એકલા રત્ન ભર્યા છે. સાંભળ્યું છે ? સ્વયંભૂરમણ સમુદ્ર. જેટલા દ્વીપ અને સમુદ્ર છે તેનાથી પણ એની લંબાઈ ત્રણ યોજન વિશેષ છે. શું કહ્યું? આ બાજું જે સમુદ્ર અને દ્વીપ છે તેની જેટલી પહોળાઈ છે, તેનાથી પણ સ્વયંભુરમણ સમુદ્રની પહોળાઈ ત્રણ યોજન વધારે છે. એ આખા સ્વયંભૂરમણ સમુદ્રમાં નીચે એકલા રત્ન અને માણેક ભરેલા છે. આહા..હા..! એવો આ ભગવાન સ્યવંભૂ... 'પ્રવચનસાર'ની સોળમી ગાથામાં કહ્યું. આહા..હા..!

સ્વયંભૂ ભગવાન સ્વથી ઉત્પન્ન થાય છે.–ભૂ–પર્યાય, હોં ! આહા..હા..! પોતામાં નિર્મળ વીતરાગી સમ્યગ્દર્શનની પર્યાય આદિ, સ્વયંભૂ પોતાથી ઉત્પન્ન થઈ છે. કેમ કે તેની અંદર અનંત ચૈતન્યરત્ન તળિયે પડ્યા છે. જેમ સ્વયંભૂના તળિયે એકલા રત્ન છે, તેમ ભગવાનની પર્યાયની પાછળ તળિયે, આખા ધ્રુવમાં અનંત રત્ન ધ્રુવ પડ્યા છે. સમજાણું કાંઈ ? એવા રત્નની દૃષ્ટિ જ્યાં થઈ, તે દૃષ્ટિ નિર્વિકલ્પ હોય છે. વિકલ્પનું ગજુ નથી–વિકલ્પનું સામર્થ્ય નથી કે તેનાથી સ્વરૂપની દૃષ્ટિ થાય. આહા..હા..! 'ભાઈ'! આહા..હા..! એ કહે છે, જુઓ !

**'આત્માને ચૈતન્યરૂપી નંદનવન...'** આહા..હા..! અનંતા ગુણરૂપી ઝાડ પડ્યું છે અને અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાય ખીલી ઊઠે છે. આહા..હા..! સમ્યગ્દર્શન થતાં, સત્‌દર્શન થતાં. સત્‌દર્શનનો અર્થ – ત્રિકાળી ભગવાન નંદનવન સમાન અનંત ગુણનો પિંડ પ્રભુ, એવા સત્‌નું દર્શન એટલે પ્રતીત અનુભવમાં થતાં... આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આખા નંદનવનમાં જેમ વૃક્ષ પત્ર-પુષ્પ-ફળથી ખીલી ઊઠે છે, તેમ પર્યાયમાં આખા અનંત ગુણ ખીલી ઊઠે છે. આહા..હા..! હજી તો સાધક સમ્યગ્દર્શનની વાત છે. અરે..! લોકો કંઈ કંઈ માનીને બેસે. સમજાણું કાંઈ ?

**'ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠે છે.'** આહા..હા...! ૧૭૫ (બોલ પૂરો) થયો. બોલ ૧૭૬. અહીં આવ્યા ત્યારથી શરૂ થયું છે. સવા બે મહિના ઉપર થઈ ગયું. જેઠ સુદ ૧ આવ્યા ત્યારથી બપોરે શરૂ કર્યું છે. ૧૭૫ થયા. આમ તો ૪૧૩ બોલ છે. આવા ૪૧૩ (વચનામૃત છે). આહા..હા..!

**મુક્તદશા પરમાનંદનું મંદિર છે. તે મંદિરમાં નિવાસ કરતા મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે. આ મોક્ષરૂપ પરમાનંદ મંદિરનો દરવાજો સામ્યભાવ છે. જ્ઞાયકભાવે પરિણમીને વિશેષ સ્થિરતા થવાથી સામ્યભાવ પ્રગટે છે. ૧૭૬.**

૧૭૬. **'મુક્તદશા પરમાનંદનું મંદિર છે.'** આહા..હા..! સિદ્ધદશા પરમાનંદનું મંદિર છે. **'તે મંદિરમાં નિવાસ કરતા મુક્ત આત્માને...'** એ મંદિરમાં નિવાસ કરનારા... આહા..હા..! નિ-વાસ કરનાર. આહા..હા..! અનંત ગુણરૂપ ભગવાન આત્મા, તેમાં પોતાની દૃષ્ટિ પ્રસારીને, તેમાં નિવાસ કરનારા. આહા..હા..! આવો માર્ગ છે. **'મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે.'** આહા..હા..! અસંખ્ય પ્રદેશ. સર્વજ્ઞ સિવાય કોઈ મતમાં આવી વાત નથી. સમજાણું કાંઈ ? આત્મા આત્માની વાત કરી છે પણ સર્વજ્ઞ સિવાય અસંખ્ય પ્રદેશ અને અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ હદ વિનાના. કોઈ ગુણના માપ નથી કે અનંતમાં આ અંત આવ્યો. આ તો સર્વજ્ઞસ્વરૂપી ભગવાને કહ્યું છે અને સર્વજ્ઞસ્વરૂપી ભગવાનમાં એમ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાને કહ્યું છે માટે એમ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કહ્યું છે માટે છે એમ નથી, છે માટે કહ્યું છે. સાકર શબ્દમાં સાકર શબ્દ નથી. પણ સાકર શબ્દ સાકરને બતાવે છે કે આ સાકર છે. સાકરમાં સાકર શબ્દનો અભાવ છે અને સાકર શબ્દમાં સાકર પદાર્થનો અભાવ છે. એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વાણી પદાર્થને બતાવે તો વાણીમાં ચૈતન્ય પદાર્થનો અભાવ છે અને ભગવાન ચૈતન્ય પદાર્થમાં વાણીનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

ભાઈ ! આ તો વીતરાગ ત્રણલોકનો નાથ... આહા..હા..! 'સીમંધર' પ્રભુ મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ બિરાજે છે. જ્યાં એકભવતારી ઇન્દ્ર સાંભળવા જાય છે. પ્રભુ ! તે વાણી કેવી હશે ? શકેન્દ્ર, સુધર્મનો ઇન્દ્ર. ૩૨ લાખ વિમાન, એક વિમાનમાં અસંખ્ય અસંખ્ય દેવ. કોઈ વિમાન નાનું છે પણ ઘણા અસંખ્ય દેવવાળા છે. ૩૨ લાખ વિમાન. આહા..હા..! જેમાં કરોડો ઇન્દ્રાણીઓ. એ ઇન્દ્ર જે છે... આહા..હા..! એ સમકિતી છે, જ્ઞાની છે. કોઈ ચીજ મારી છે એમ માનતા નથી. મારી ચીજ તો મારો આનંદનો નાથ મારી પાસે છે, તે હું છું. આહા..હા..! એવા સમકિતી જ્ઞાની જેને સિદ્ધાંતમાં એકાવતારી–એકભવતારી કહ્યા છે. પંડિતજી ! અને તેની પત્ની, એક મુખ્ય ઇન્દ્રાણી છે તે પણ એકભવતારી છે. કહેવું છે શું ? એવા ત્રણ જ્ઞાનના ધણી મતિ, શ્રુત, અવધિ અને સમકિતી (છે), એકભવતારી. એને ખ્યાલ છે કે મને એક જ ભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એવા ઇન્દ્રો ભગવાનની સભામાં સાંભળવા આવે છે. આહા..હા..! ભાઈ ! એ વાત કેવી હશે ? દયા પાળો, વ્રત કરો એમ તો કુંભાર પણ કહે છે. આહા..હા..! પરની દયા તો ત્રણ કાળમાં પાળી શકતો નથી. પરની દયાનો ભાવ આવે છે, તે સ્વની હિંસા છે. 'પુરુષાર્થસિદ્ધયુપાય'માં છે, પંડિતજી ! 'પુરુષાર્થસિદ્ધયુપાય'માં છે કે દયાનો ભાવ છે એ રાગ છે અને સ્વની હિંસા છે. આહા..હા..! બાપુ ! મારગડા વીતરાગના... આહા..હા..! સમજાણું કાંઈ ?

પરની દયા તો ત્રણ કાળમાં પાળી શકતો નથી. એક વાત. એક સ્વ દ્રવ્ય જે છે, તે પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે. 'સમયસાર'ની ત્રીજી ગાથા. પણ પરદ્રવ્યને અડતા પણ નથી, ત્રણ કાળમાં ક્યારેય અડ્યું નથી. આહા..હા..! ભગવાન આત્મા પોતાના ગુણ, પર્યાયને ચુંબે છે–અડે છે, પરંતુ પોતાના ગુણ-પર્યાય સિવાય આ આત્મા કર્મને પણ સ્પર્શતો નથી. આત્માએ શરીરને ક્યારે પણ સ્પર્શ કર્યો નથી. વાત આવી છે, ભાઈ ! આહા..હા..! અને કર્મનો ઉદય છે તે જડની પર્યાય છે, તે ત્રણ કાળમાં આત્માને અડી નથી. આહા..હા..! આવો માર્ગ છે. ભગવાનની સભામાં ઇન્દ્રો સાંભળવા આવે છે. આહા..હા..! તે કથા, તે દિવ્યધ્વનિ કેવી હશે ! ભાઈ ! આહા..હા..! સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તે અહીંયા કહે છે. આહા..હા..! **'અનંત આનંદ પરિણમે છે.'** મોક્ષ. હવે અહીં જરી એમ લેવું છે. **'આ મોક્ષરૂપ પરમાનંદ મંદિરનો દરવાજો સામ્યભાવ છે.'** 'પ્રવચનસાર' ૭ મી ગાથામાં, ચારિત્ર કહો, સામ્યભાવ કહો, ધર્મ કહો (એવા) મૂળ પાઠમાં ત્રણ બોલ છે. આહા..હા..! ધ્યાન રાખો, હોં ! પ્રભુ પરમાનંદરૂપી જે મોક્ષમંદિર છે, તેનું દ્વાર શું ? કે દ્વાર ચારિત્ર, વીતરાગધર્મ, વીતરાગતા–સામ્યભાવ. સામ્યભાવ નામ ચારિત્રભાવ. ચારિત્રભાવ નામ ધર્મભાવ. ધર્મભાવ નામ વીતરાગી પર્યાયભાવ. આહા..હા..! ત્યાં 'પ્રવચનસાર'માં લીધું છે ને ? ભાઈ ! 'વીતરાગ ચારિત્ર તે ઉપાદેય છે.' વચ્ચે મહાવ્રતનો કણ આવે છે પણ તે ચારિત્ર નથી, તે હેય છે. આહા..હા..! 'પ્રવચનસાર'માં શરૂઆતની ગાથામાં આવે છે.

અહીંયા કહે છે કે મોક્ષરૂપી મંદિર, તેનું દ્વાર શું છે ? અંદર જવાનો દરવાજો શું છે ? તો કહે, 'વીતરાગભાવ.' આહા..હા..! સામ્યભાવ, સમતાભાવ, સ્વરૂપનો જે અનુભવ થયો, વીતરાગી દશા (થઈ) તે ધર્મભાવ, તે ચારિત્રભાવ, તે સામ્યભાવ (છે). આહા..હા..! 'પ્રવચનસાર' પહેલાં શરૂઆતમાં ત્રણ બોલ એકસાથે લીધા છે. 'चरितं खल्लु धम्मो' ચારિત્ર તે ધર્મ છે તે ગાથા છે. અને તે ધર્મને મૂળ પાઠમાં સામ્ય કહ્યો છે. તે શ્લોકમાં 'चरितं खल्लु धम्मो' એ સામ્ય. આહા..હા..! શું કહે છે ?

પૂર્ણ નંદનવન આત્માનો મોક્ષ, તેમાં પ્રવેશ કરવાનો ઉપાય શું ? દરવાજો શું ? આહા..હા..! સામ્યભાવ. 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું ને ? કે હું સામ્યભાવને અંગીકાર કરું છું. 'પ્રવચનસાર'ની પહેલી ગાથાઓમાં છે. હું સામ્યભાવને, વીતરાગભાવને (અંગીકાર કરું છું). આહા..હા..! શા માટે ? મોક્ષનું કારણ છે માટે. શરૂઆતની ગાથામાં આવો પાઠ છે, ટીકા છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

આત્માની દશા જે પૂર્ણાનંદરૂપ મુક્ત દશા, તેને પ્રાપ્ત કરવાનો દરવાજો શું ? તે મેળવવાનું દ્વાર સામ્યભાવ છે. પોતાના સ્વરૂપની સમ્યગ્દર્શનપૂર્વક જે વીતરાગતા ઉત્પન્ન થઈ, ચારિત્રની દશા–ચરવું, અનંત આનંદ ગુણનો પિંડ પ્રભુ ! તેની વસ્તુનું ભાન થયું પછી તેમાં ચરવું. અનંત ગુણમાં ચરવું, રમવું, અનંત ગુણનું ભોજન કરવું. આહા..હા..! 'આનંદામૃત ભોજી' ચારિત્ર એ આનંદ-અમૃતના ભોજી છે. તે ચારિત્ર છે, બાપા ! ચારિત્ર કોને કહીએ ! ભાઈ ! આહા..હા..! તે ચારિત્રને અહીંયા 'બેને'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સામ્યભાવ કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? સામ્યભાવ કહો, સ્વરૂપ આનંદના નાથમાં ચરવું, રમવું, જમવું. આહા..હા..! અને વીતરાગભાવ કહો, તે '**તે પરમાનંદ મંદિરનો...**' મોક્ષરૂપી પરમાનંદ મંદિર. આહા..હા..! અત્યારે હિન્દી દસ હજાર (પુસ્તક) આવી ગયા છે. હમણાં હિન્દી નવા છપાણા છે, દસ હજાર આવી ગયા છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

'**મોક્ષરૂપ પરમાનંદ મંદિરનો...**' પરમ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિરૂપી મોક્ષ. આત્માના સ્વભાવની પૂર્ણતાની પ્રાપ્તિ–લાભ તે મોક્ષ. આહા..હા..! તે મોક્ષરૂપી પરમાનંદ મંદિર. તે પરમાનંદરૂપી મંદિર છે. આહા..હા..! તેની અંદર પ્રવેશ કરવાનો દરવાજો શું છે ? અંદર જવાનું બારણું. શું કહે છે ? દરવાજો. સામ્યભાવ છે. આહા..હા..! રાગનો કણ પણ તેમાં પ્રવેશ કરી શકે એટલી તેની તાકાત નથી. મોક્ષના ઉપાયનો દરવાજો એક સામ્યભાવ છે. આહા..હા..! કેમ ? કે પ્રભુ જિનસ્વરૂપી, સામ્યભાવસ્વરૂપ જ આત્મા છે. આત્મા છે તે જિનસ્વરૂપી છે. 'ઘટ-ઘટ અંતર જિન વસે' જિનસ્વરૂપી આત્મા છે. સામ્યસ્વરૂપી આત્મા ત્રિકાળ, વીતરાગસ્વરૂપી આત્મા ત્રિકાળ (છે). આ સામ્ય અને વીતરાગ સ્વરૂપનો આશ્રય લઈને, જો શક્તિમાંથી વ્યક્તતા વીતરાગતા થઈ... આહા..હા..! તે વીતરાગતા પરમાનંદરૂપી મોક્ષનું દ્વાર છે. કહો.

મુમુક્ષુ :– વાત બરાબર છે પણ તેનું નિમિત્ત શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિમિત્ત તેને કહીએ કે જે પરમાં કંઈ કરે નહિ તેને નિમિત્ત કહે છે. તેનું તો હમણાં સ્પષ્ટીકરણ થઈ ગયું છે. એ ચર્ચા થઈ હતી. (એક વિદ્વાન સાથે) ચર્ચા થઈ હતી. બધા (પંડિતો) બેઠા હતા. આત્માની પર્યાયમાં જે વિકૃત દશા થાય છે... 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા.

મુમુક્ષુ :– શિખરજીમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'શિખરજી'માં તમે હતા ? પણ અમારા પંડિતજીએ એક યથાર્થ વાત કહી, ભાઈ ! વિકૃત અવસ્થા જે પર્યાયમાં થાય છે, તે ષટ્કારક પોતાની પર્યાયના પરિણમનથી થાય છે. પરકારકથી નિરપેક્ષ. સંસ્કૃત ટીકા છે. કર્મના નિમિત્તથી નિરપેક્ષ. આહા..હા..! વિકૃત અવસ્થા પણ નિમિત્તની અપેક્ષાથી રહિત નિરપેક્ષ (થાય છે). આહા..હા..! એ વાતમાં પંડિતજીએ હા કહી હતી. બીજાઓએ તો એમ કહ્યું, એ તો અભેદની વાત છે, અભેદની વાત છે. પણ અભેદનો અર્થ શું ? (એક વિદ્વાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ) બોલ્યા હતા કે સ્વામીજી એમ કહે છે કે વિકાર નિશ્ચયથી પરની અપેક્ષા વગર થાય છે. એટલું પંડિતજી બોલ્યા હતા. ૨૧ વર્ષ પહેલાંની વાત છે. (સંવત) ૨૦૧૩ની વાત. ૩૪ (વર્ષ) થયા. જ્યાં વિકૃત અવસ્થામાં પણ નિમત્તિથી નથી થતી, પરની અપેક્ષા નથી તો મોક્ષના માર્ગની પર્યાયની અપેક્ષા રાખે છે, એમ છે જ નહિ.

બીજી રીતે કહીએ તો મોક્ષની પર્યાય અથવા મોક્ષના માર્ગની પર્યાય, તે પણ એ સમયના ષટ્કારકથી પરિણમે છે. શું કહ્યું ? જન્મક્ષણ છે. 'પ્રવચનસાર' ૧૦૨ ગાથામાં છે. જ્ઞેય અધિકાર છે. તો જ્ઞેયની જે સમયની પર્યાય ઉત્પન્ન થવાની છે તે એનો જન્મક્ષણ છે, તે ઉત્પત્તિનો કાળ છે. એ ઉત્પત્તિનો કાળ, મોક્ષના માર્ગની, મોક્ષની પર્યાય ષટ્કારકથી પરિણામે છે. નિર્મળ પર્યાયનો કર્તા પર્યાય, નિર્મળ કર્મ, નિર્મળ કારણ, નિર્મળ સંપ્રદાન, નિર્મળ અપાદાન, નિર્મળ આધાર. તેને દ્રવ્ય-ગુણનો આધાર નથી. આહા..હા..!

મુમુક્ષુ :– શું એ શાસ્ત્રમાં લખ્યું છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પંડિતજીની હાજરીમાં વાત થઈ હતી. 'પંચાસ્તિકાય' છે અહીં ? ૬૨-૬૨ (ગાથા). તે દિ' બતાવ્યું હતું, જુઓ ! કળશટીકા.

**कम्मं पि संग कुव्वदि सेण सहावेण सम्ममप्पाणं।**
**जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण।।६२।।**

**'તે પ્રકારે જીવ પણ (૧) ભાવપર્યાયરૂપથી પ્રવર્તમાન આત્મદ્રવ્યરૂપથી કર્તૃત્વને ધારણ કરે છે,..'** છે ? છ બોલ લીધા છે. **'એવા–સ્વયમેવ ષટ્કારકરૂપથી વર્તતા અન્ય કારકની અપેક્ષા નથી રાખતા.'** વિકાર, હોં ! આહા..હા..! અહીં તો પોકાર એ, કર્મથી થાય છે, કર્મથી થાય છે. અરે..! સાંભળ તો ખરો. આ વાત તો (સંવત) ૧૯૭૧ની સાલમાં અમે બહાર રાખી હતી. ૬૩ વર્ષ થયા.

પોતાની પર્યાયમાં વિકૃત અવસ્થા છે તે કોઈ કર્મથી થઈ છે અને કર્મ છે તો થઈ છે, તેનું અસ્તિત્વ છે તો અહીં અસ્તિત્વ થયું, જ્ઞેયનો સ્વભાવ એવો નથી. 'પંચાસ્તિકાય' તો ત્યારે જોયું પણ નહોતું. એ તો (સંવત) ૧૯૭૮માં (હાથમાં) આવ્યું. આ તો '૭૧ની વાત છે. સંવત ૧૯૭૧. ૬૩ વર્ષ થયા. પર્યાયમાં વિકાર થાય છે એ કર્મથી નથી, પરની અપેક્ષાથી નથી. ખળભળાટ થઈ ગયો. અમારા ગુરુ હતા, ભદ્રિક હતા એ સાંભળતા હતા. અમે કહેતા હતા એ સાંભળતા હતા. પણ એક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગૃહસ્થ શેઠ હતા, હમણા તો ઘણા પૈસાવાળા થઈ ગયા, પણ એ વખતે એની પાસે દસ લાખ રૂપિયા હતા, ૬૩ વર્ષ પહેલાં. એને એ વાત ખટકી ગઈ કે આ ક્યાંથી કાઢ્યું ? અમારા ગુરુ કહેતા નથી, કદી સાંભળ્યું પણ નથી, તો તમે આ ક્યાંથી કાઢ્યું કે વિકાર અવસ્થા પોતાથી થાય છે, પરથી નથી થતી ? ક્યાંથી કાઢ્યું શું વસ્તુ એવી છે. સમજાણું કાંઈ ? વિકૃત અવસ્થામાં... અહીં જુઓ ! **'એવું સ્વયમેવ ષટ્કારકરૂપથી વર્તતું અન્ય કારકની અપેક્ષા નથી રાખતા.'** એ વખતે કહ્યું હતું. આહા..હા...! જ્યારે વિકૃત અવસ્થામાં પરની અપેક્ષા નથી.. આહા..હા...! તો મોક્ષમાર્ગની પર્યાયમાં પરની અપેક્ષા નથી.

અહીંયા જે કહેવું છે, સામ્યભાવથી મોક્ષ થાય છે. એ પણ એક અપેક્ષા વાક્ય છે. વીતરાગતા છે તે અંદર પૂર્ણ પ્રાપ્તિ કરવા માટે કારણ છે. ખરેખર તો મોક્ષની જે પર્યાય છે, તે પર્યાય ષટ્કારકરૂપે, પોતાથી પૂર્વની પર્યાયની અપેક્ષા રાખ્યા વગર, દ્રવ્ય-ગુણની અપેક્ષા રાખ્યા વગર (પરિણમે છે). આહા..હા...! પ્રભુ ! માર્ગ આવો છે, હોં ! આહા..હા...!

અહીંયા તો ફક્ત દ્વાર-ઉપાય બતાવવો છે કે વીતરાગ પર્યાય છે સમ્યગ્દર્શન સહિતની ચારિત્રની પર્યાય, ધર્મ પર્યાય, સામ્ય પર્યાય, વીતરાગ પર્યાય તે મુક્તિ મેળવવાનું દ્વાર છે. એ પણ એક અપેક્ષાથી કહ્યું છે. માત્ર રાગથી થાય છે, પરથી થાય છે એનો નિષેધ કરવા કહ્યું છે. નિમિત્ત-નિમિત્ત. નિશ્ચયથી તો ભગવાન આત્માની મોક્ષ પર્યાય, પૂર્ણ કેવળજ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદની પર્યાય પોતાના ષટ્કારકથી પરિણતિ થઈને ઉત્પન્ન થાય છે. આહા..હા...! અને તે પર્યાયનો જન્મક્ષણ છે. જ્ઞેય અધિકારમાં એમ લીધું. જ્ઞેયમાં જીવ જે જ્ઞેય છે, એ જ્ઞેયની મોક્ષની પર્યાય જે ઉત્પન્ન થાય છે... આહા..હા...! તે ષટ્કારકના પરિણમનથી સ્વની પર્યાયથી ઉત્પન્ન થાય છે. પર્યાયથી પર્યાય ઉત્પન્ન, પર્યાય કર્મ, પર્યાય કર્તા, પર્યાય કરણ, પર્યાય સાધન. દ્રવ્ય-ગુણ પણ નહિ. આહા..હા...! ભાઈ ! વસ્તુનું આવું સ્વરૂપ છે, એવી અંદરમાં જ્યારે પ્રતીતિ આવે છે તો નિર્વિકલ્પ દર્શન થાય છે. આહા..હા...! આવો માર્ગ છે, પ્રભુ ! શું થાય ? એકાંત લાગે અને એકદમ કહી દે, એનું એકાંત છે, એકાંત છે. જૈનમાં આ એક હથિયાર છે.

મુમુક્ષુ :– વાત તો સાચી છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :– એકાંત છે એ સમ્યક્ એકાંત છે. નિશ્ચયનયનો વિષય સમ્યક્ એકાંત છે. નય છે ને ? પ્રમાણનો તો નિશ્ચય-વ્યવહાર બે વિષય સાથે (છે). નિશ્ચયનય સમ્યક્ એકાંત છે. સમ્યક્ એકાંત, સ્વથી પરિણતિ થાય છે તે સમ્યક્ એકાંત છે.

મુમુક્ષુ :– સ્વરૂપને કહેનાર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને ખબર નથી. આહા..હા...! ભાઈ ! આ તો સર્વજ્ઞ ત્રિલોકના નાથે કહેલી વાત છે, પ્રભુ ! આહા..હા...! એવી વિદ્વતા ન હોય અને એટલું પુણ્ય ન હોય, પણ વસ્તુ તો આવી છે. સમજાણું કાંઈ ?

અહીંયા કહે છે, **'મોક્ષરૂપ પરમાનંદ મંદિરનો દરવાજો સામ્યભાવ છે.'** તેનો અર્થ કે ચારિત્રથી મુક્તિ થાય છે, એ સિદ્ધ કરવું છે. સાક્ષાત્ મોક્ષનું કારણ ચારિત્ર છે. દર્શનજ્ઞાન–સમકિત, જ્ઞાન છે તે પરંપરા કારણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વીતરાગી પર્યાય-ચારિત્ર મોક્ષ પ્રાપ્ત કરવાનો દરવાજો છે. વ્યવહારથી અને પરથી નથી એટલું બતાવવા વીતરાગ ચારિત્ર કારણ બતાવ્યું. આહા..હા...! પરંતુ 'પ્રવચનસાર' ૧૦૨ ગાથામાં અને ૧૦૧ ગાથામાં (કહ્યું કે), જે મોક્ષની પર્યાય ઉત્પન્ન થાય છે, તેને ધ્રુવની અપેક્ષા નથી, તેને વ્યયની અપેક્ષા નથી. એવો પાઠ ૧૦૧માં છે. 'પ્રવચનસાર' ૧૦૧ ગાથા. ભગવાન ! આ તો ભગવાનના ઘરની વાત છે, પ્રભુ ! શું કહીએ ? આહા..હા..!

કેવળજ્ઞાનની જે પર્યાય ઉત્પન્ન થાય છે, તે પર્યાય ષટ્કારકથી પરિણમતી થાય છે. તેને ગુણનું પણ કારણ નથી. કર્મનો અભાવ તો તેનું કારણ નથી. કેમ ? કે તેમાં ભાવ નામની એક શક્તિ છે. ભગવાન આત્મામાં ભાવ નામનો એક ગુણ-શક્તિ છે. તો એ ભાવની પર્યાય વર્તમાનમાં થાય છે તે પોતાની સ્વતંત્રતાથી થાય છે. અને તેમાં અભાવ નામનો એક ગુણ છે, તો કર્મનો અભાવ છે તો અભાવ થયો, એમ નથી. પોતામાં અભાવશક્તિ છે (તો) રાગનું અભાવરૂપે પરિણમન થવું તે અભાવગુણનું કાર્ય છે. આહા..હા...! આકરું કામ છે, ભાઈ ! લોકોને, વાણિયાને... એમાં લખ્યું છે, પત્ર આપ્યો પંડિતજીને ? આ ને ? આ પત્ર વાંચી લેજો. બહુ સારો છે. એની દૃષ્ટિએ લખ્યું છે. એ વાંચી લેજો.

તેમાં એમ લખ્યું છે કે, જૈનધર્મમાં ઘણી શોધ કરી. બધા શાસ્ત્રો શોધ્યા છે. કોઈ શોધક જીવ છે, 'જાપાન'. ૬૩ વર્ષની ઉંમર છે. મેં તો એવું શોધ્યું છે કે જૈનધર્મ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનુભૂતિરૂપ ધર્મ છે. આહા..હા...! બીજી રીતે કહીએ, એટલી બધી તો એને કંઈ ખબર નથી. આત્મા નિર્વાણસ્વરૂપ છે એમ એણે લખ્યું છે. આપણે કહીએ છીએ કે, મુક્તસ્વરૂપ છે. નિર્વાણસ્વરૂપ છે તો પર્યાયમાં નિર્વાણતા આવે છે. મુક્તસ્વરૂપ છે તો મુક્ત પર્યાય આવે છે. આહા..હા...! તે પણ એક અપેક્ષા છે. બાકી તો મુક્તની પર્યાય પણ સ્વતંત્ર નિજક્ષણમાં, તે જ્ઞેયનો સ્વભાવ છે અને તે સમયે તે જ પર્યાય ઉત્પન્ન થવાની લાયકાત છે. ૧૦૧, ૧૦૨ (ગાથા), 'પ્રવચનસાર'.

ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી. આહા..હા...! ગજબ વાત છે તારી, નાથ ! ઉત્પાદને વ્યયની અપેક્ષા નથી, વ્યયને ધ્રુવની અપેક્ષા નથી, વ્યયને ઉત્પાદની અપેક્ષા નથી. ત્રણે સત્ છે ને ? સત્ છે ને ? સત્ અહેતુક હોય છે. છે તેને હેતુ શું ? આહા..હા...! થોડી સૂક્ષ્મ વાત આવી ગઈ છે, પણ સાંભળે તો ખરા. આહા..હા...!

**'મોક્ષરૂપ પરમાનંદ મંદિરનો...'** છે અહીંયા ? 'પ્રવચનસાર' **'चारित्तं खलु धम्मो'** સાતમી ગાથા છે. **'जो सो समो तत्ति णिद्दिट्ठो।'** વીતરાગ ચારિત્ર છે તે સામ્યભાવ છે. સામ્યભાવ છે તે ધર્મભાવ છે, ધર્મભાવ છે તે ચારિત્રભાવ છે. નીચે લખ્યું છે. સામ્ય છે, સામ્ય.. સમજ્યા ? સામ્ય, ધર્મ, ચારિત્ર તે એકાર્થવાચક છે. મૂળ પાઠમાં **'चारित्तं खलु धम्मो धम्मो जो सो समो तत्ति णिद्दिट्ठो।'** ચારિત્ર, ધર્મ અને સામ્ય એક પાઠમાં ત્રણ બોલ છે. સાતમી ગાથા. છે ? **'मोहक्खोहविहीणो'** મોહ અને ક્ષોભથી વિહિન-રહિત. **'परिणामो अप्पणो हु समो।'** એ સામ્ય. જેમાં મિથ્યાત્વના પરિણામનો અભાવ અને રાગદ્વેષના પરિણામનો અભાવ છે એવો વીતરાગભાવ, તે સામ્યભાવ મોક્ષમંદિરનો દરવાજો છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, બાપા ! બહુ ઝીણી. આ તો થોડું વાંચે અને આપણે સમજી ગયા. અરે.. ભાઈ ! આ માર્ગ કોઈ અલૌકિક છે. આહા..હા...!

મુમુક્ષુ :- આત્મા ઠીક, પણ ક્રિયા શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ ક્રિયા. નિર્મળ વીતરાગી પર્યાય (એ ક્રિયા). ૪૭ શક્તિ છે, તેમાં એક ભાવશક્તિ છે. પેલી ભાવશક્તિ ભિન્ન. એક બીજી ભાવશક્તિ છે. ષટ્કારકથી જે વિકૃત પરિણામ થાય છે, એથી રહિત એનો ભાવગુણ છે. તેનાથી રહિત પરિણમવું એનો ભાવગુણ છે. ૪૭ શક્તિમાં છે.

ફરીથી. 'સમયસાર' છે ? જુઓ ! શક્તિ છે ને ? **'કારકો અનુસાર જે ક્રિયા..'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પર્યાયમાં રાગ થવો, રાગનો કર્તા, કર્મ, ક્રિયા પર્યાયમાં (છે). એ કારકો અનુસાર ક્રિયા, એનાથી રહિત ભવનમાત્રમયી, હોવામાત્રમયી, થવામાત્રમયી ભાવશક્તિ. આત્મામાં ભાવ નામનો એક ગુણ એવો છે કે વિકૃત પરિણામથી અભાવરૂપ પરિણમવું તે ભાવનો ગુણ છે. આહા..હા..! શું કહ્યું ઇ ?

આત્મામાં જેમ જ્ઞાન, દર્શન, આનંદ ગુણ છે, એવો એક ભાવ નામનો ગુણ છે. એ ગુણનો ગુણ શું ? ગુણનો ગુણ શું ? કે વિકારરહિત પરિણમવું, એ ગુણનો ગુણ છે. સમજાણું કાંઈ ? બે વાત છે. પહેલી આ વાત છે. અને **'(કર્તા, કર્મ વગેરે) કારકો અનુસાર પરિણમિત થવારૂપ ક્રિયાશક્તિ.'** આ ક્રિયા. શું કહે છે ? કે જે ષટ્કારકો અંદર ગુણમાં છે, તે પર્યાયમાં ષટ્કારકનું પરિણમન શુદ્ધ થવું, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન (વગેરે) ક્રિયા નામની એક શક્તિ આત્મામાં છે, ગુણ છે. ક્રિયા નામનો એક ગુણ છે. એ ગુણનો ગુણ શું ? કે ષટ્કારકરૂપે પરિણમન સહિતપણું, શુદ્ધ ષટ્કારકરૂપે પરિણમન સહિતપણું, એ ક્રિયાનો ગુણ છે. અને ભાવનો ગુણ એ કે વિકારપણે પરિણમન છે, એનાથી રહિતપણે થવું તે ભાવશક્તિનો ગુણ છે. અરે..રે..! શું થાય ? આવો પોકાર તો 'અમૃતચંદ્રાચાર્ય' (કરે છે). અરે..! એક વાતની પણ ખબર ન મળે ને પોતે માની બેસે કે મેં આ માન્યું છે. ભાઈ ! એ વીતરાગના મારગડા જુદા છે, ભાઈ ! આહા..હા..!

'બેન' એ આગળ કહેશે સાચા જ્ઞાન વિના સાચું ધ્યાન થતું જ નથી. પહેલાં સાચું જ્ઞાન થવું જોઈએ કે શું છે ? સમ્યક્જ્ઞાન નહિ પણ ધારણાનું. યથાર્થ શું છે તેનું જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાન થાય તો પછી અંદર ધ્યાન થઈ શકે. પણ જ્ઞાન જ વિપરીત હોય, જે વસ્તુનું સ્વરૂપ છે તેનાથી જ્ઞાન જ વિપરીત હોય તો તેને કદી સ્વરૂપમાં એકાગ્રતા, ધ્યાન થઈ શકે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવું છે. આ વચનોમાં એટલું ભર્યું છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– એ તો પછી આવશે. કહ્યું ને ? હમણાં કહ્યું હતું, તમે ખ્યાલ ન રાખ્યો. હમણાં બેનનું આવશે. મેં પહેલું કહ્યું હતું. આહા..હા..!

સામ્યભાવ. ગજબ વાત છે, પ્રભુ ! કેમ કે પ્રભુ જિનસ્વરૂપ છે તો પર્યાયમાં જિનસ્વરૂપી વીતરાગ પર્યાય થાય છે, એ વીતરાગી પર્યાય મોક્ષ-દ્વાર–મોક્ષનું દ્વાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. આહા..હા...! વ્યવહાર રત્નત્રય રાગાદિ છે એ મોક્ષનું દ્વાર નથી, એ તો બંધમાં પેસવાનું દ્વાર છે. સમજાય છે કાંઈ ? માર્ગ સૂક્ષ્મ છે, ભાઈ ! આહા..હા...! આ તો અલૌકિક વાતું છે. એ સામ્ય કોને કહે છે, એ હવે કહે છે.

**'જ્ઞાયકભાવે પરિણમીને...'** ભગવાન જાણનાર. જાણક.. જાણક.. જાણક.. જાણક.. જાણક.. જાણક.. જાણક એવો જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, જાણકભાવ. પારિણામિક ભાવ નહિ કહીને જ્ઞાયક કહ્યું. કેમ કે પારિણામિક ભાવ તો પરમાણુમાં પણ હોય છે પણ આ તો જ્ઞાયકરૂપી ત્રિકાળ પારિણામિક ભાવ. આહા..હા..! સમજાય છે કાંઈ ? ત્રિકાળી જ્ઞાયકભાવરૂપ પરિણમીને. એ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયમાં જ્ઞાયકરૂપે પરિણમ્યો. વીતરાગભાવરૂપે પરિણમ્યો. વીતરાગભાવરૂપી જ્ઞાયકભાવના આશ્રયે વીતરાગભાવરૂપ પરિણમન પર્યાયમાં થયું. છે?

**'પરિણમીને વિશેષ સ્થિરતા થવાથી...'** સ્વરૂપમાં વિશેષ સ્થિરતા થવાથી **'સામ્યભાવ પ્રગટે છે.'** સામ્યભાવ પ્રગટે છે અને સામ્યભાવ એ મોક્ષનું દ્વાર છે. આહા..હા...! વિશેષ વાત આવશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**ચોથા ગુણસ્થાને વિષય-કષાયના પરિણામ હોય છતાં તે સમ્યગ્દર્શનને બાધા કર્તા નથી અને સમ્યગ્દર્શન ન હોય છતાં અનંતાનુબંધી આદિ કષાયની મંદતા હોય છતાં મિથ્યાત્વના પાપને બાંધે છે. કેમ કે તેને સ્વભાવનો આશ્રય હોતો નથી. કોઈને (સમ્યગ્દૃષ્ટિને) (અપ્રત્યાખ્યાનના) કષાયની ઘણી તીવ્રતા હોય છતાં તેને ક્ષાયિક સમ્યગ્દર્શન હોય છે. કોઈને બાર અંગનું જ્ઞાન હોય તેથી કાંઈ સમ્યગ્દર્શન વિશેષ નિર્મળ હોય ને કોઈને ક્ષયોપશમ થોડો હોય તેથી સમ્યગ્દર્શનમાં નિર્મળતા ઓછી હોય એમ નથી. સમ્યગ્દર્શનના પરિણામ આત્માનો આશ્રય લઈને સ્વતંત્ર પ્રગટ થાય છે. વિષય-કષાયના પરિણામ હોય તે સમ્યગ્દર્શનને બાધા કરતા નથી પણ વિશેષ સમાધિ (નિર્મળતા) થઈ શકતી નથી. 'પરમાગમસાર' બોલ નં.૩૬.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**ચૈતન્યની સ્વાનુભૂતિરૂપ ખીલેલા નંદનવનમાં સાધક આત્મા આનંદમય વિહાર કરે છે. બહાર આવતાં ક્યાંય રસ લાગતો નથી. ૧૭૭.**

**શ્રાવણ સુદ ૧૨, મંગળવાર તા. ૧૫-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૧૭૭, ૧૭૮, પ્રવચન–૬૫**

૧૭૭ છે. છે ને ? સૂક્ષ્મ વિષય છે. '**ચૈતન્યની સ્વાનુભૂતિરૂપ ખીલેલા નંદનવનમાં સાધક આત્મા આનંદમય વિહાર કરે છે.**' આહા..હા..! શું કહે છે ? કે આ આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે અને અતીન્દ્રિય જ્ઞાન અને શાંતિનું પૂર્ણ સ્વરૂપ એ છે. એનો અનુભવ કરી. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ હો, એ કોઈ ધર્મ નથી અને ધર્મનું કારણ નથી.

મુમુક્ષુ :– પરંપરા કારણ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરંપરા કારણ છે જ નહિ. પરંપરા કારણ કહ્યું છે એ તો સમ્યગ્દર્શન થયું, આત્મ-અનુભવ થયો, હું નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ છું એવો અનુભવ થયો તો એ અનુભૂતિ જે છે એ મોક્ષનું કારણ છે. સાથે જે રાગ આવ્યો એને આરોપ કરીને પરંપરા એટલે પછી એને છોડી સ્થિરતા થશે. તેથી સમ્યગ્દૃષ્ટિને પરંપરા કારણ કહ્યું છે. અજ્ઞાનીના જે વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાના ભાવ છે એ પરંપરા કલ્યાણનું કારણ છે, એ બિલકુલ જૂઠ છે. ઝીણી વાત છે. આહા..હા...!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– પડશે, બાપુ ! અનંત કાળ થયો, ભાઈ ! આહા..હા...! અરે..! પ્રભુ ! ચોરાશીના અવતારમાં એક એક યોનીમાં અનંત અવતાર કર્યા, ભાઈ ! આહા..હા...! એમાંથી ત્રસપણું પામવું એ ચિંતામણી સમાન કહ્યું. આહા..હા...! એમાં એટલા દુઃખ સહન કર્યા, નરકમાં નરક ભૂમિમાં ગયો. આહા..હા...! નરકમાં એક ક્ષણના દુઃખ... ભગવાન એમ ફરમાવે છે, એક ક્ષણના દુઃખ કરોડ જીભે અને કરોડ ભવે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ ન કહી શકાય, પ્રભુ ! અરે..! પ્રભુ ! શું છે ? આહા..! એ આત્માના આનંદસ્વરૂપથી વિરૂદ્ધ દૃષ્ટિને કારણે એ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિથી મારું કલ્યાણ થશે, એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવને કારણે નરકમાં અનંત વાર ગયો, નિગોદમાં અનંત વાર ગયો, પ્રભુ ! એ નરકના એક ક્ષણના દુઃખ, એક ક્ષણના..! 'રત્નકરંડ શ્રાવકાચાર'માં છે અને 'છ ઢાળા'માં છે, કરોડ જીભે અને કરોડ ભવે... અરે...! પ્રભુ ! શું છે ? ભાઈ ! અતીન્દ્રિય આનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સ્વરૂપની દૃષ્ટિ, આશ્રય લીધો નથી અને પુણ્ય ને પાપના ભાવનો આશ્રય લઈને મારું હિત થશે, એવા મિથ્યાત્વભાવનું સેવન કર્યું. એ મિથ્યાત્વને કારણે યોનીમાં અનંત વાર અવતર્યો. એમાં નરકનું એક ક્ષણનું દુઃખ. આહા..હા...! ભાઈ ! તેં કદી વિચાર કર્યો નથી. આહા..હા...! કરોડ જીભ અને કરોડો ભવમાં એક ક્ષણના દુઃખ ન કહી શકે.

પ્રભુ ! તું અનંત વાર તેંત્રીસ સાગરની સ્થિતિએ ગયો. દસ હજાર વર્ષની નરકની સ્થિતિમાં અનંત વાર ગયો. દસ હજાર અને એક સમયમાં અનંત વાર ગયો. (દસ હજાર ને) બે સમયમાં અનંત વાર ગયો. આહા..હા...! તેંત્રીસ સાગરની સ્થિતિ અનંત વાર ગયો. પ્રભુ ! એ દુઃખનું વેદન.. આહા..હા...! તો તું એકવાર સમ્યગ્દર્શન પ્રગટ કર. આહા..હા...!

સ્વાનુભૂતિ. રાગ અને પુણ્યના ભાવનો અનુભવ એ કર્મચેતના, કર્મફળચેતનાનો અનુભવ છે એ મિથ્યા અનુભવ છે. આહા..હા...! શું કહ્યું ? જે કંઈ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના થાય એ શુભભાવ કર્મચેતના છે. વિકારભાવનું એમાં ચેતન છે. વિકારભાવનું વેદન છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

સાધક જીવને... આહા..હા..! **'ચૈતન્યની સ્વાનુભૂતિરૂપ...'** ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુની સન્મુખ થઈ, નિમિત્ત, રાગ અને પર્યાયની રુચિથી છૂટી, ત્રિકાળી જ્ઞાયકભાવના આનંદના ધામની રુચિ કરી અનુભવ કરવો. એ અનુભૂતિમાં 'ખીલેલા નંદનવનમાં...' આહા..હા...! જેમ એ દુઃખમાં અનંત કાળ ગયો, એમ ભગવાન આત્મા પોતાના સ્વરૂપનો આનંદનો અનુભવ કરે, તો એક ક્ષણના આનંદમાં-અનુભૂતિમાં- **'નંદનવનમાં સાધક આત્મા આનંદમય વિહાર કરે છે.'** આહા..હા...!

૪૧૨ ગાથામાં કહ્યું છે. 'સમયસાર' ૪૧૨. **'तत्थेव विहर'** 'સમયસાર' ૪૧૨ ગાથા. આહા..હા...! પ્રભુ ! તારી ચીજ અંદર આનંદનું ધામ (છે). આહા..હા...! તારી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રભુતાનો પાર નથી, પ્રભુ ! એવી અંતર શક્તિનો સાગર પ્રભુ છે. એની સન્મુખ થઈ અનુભૂતિ કરવી એ ધર્મની પહેલી સીઢી, શરૂઆત છે. આહા..હા...! એ વિના બધા ભક્તિ ને પૂજા ને દાન ને વ્રત ને કરોડો રૂપિયાના દાન આપે ને કરોડો રૂપિયાના મંદિરો બનાવે એમાં તો શુભભાવ દુઃખરૂપ છે. આહા..હા...! આહા..!

**'ચૈતન્યની સ્વાનુભૂતિ...'** આહા..હા...! ભગવાન અનંત પવિત્ર સ્વભાવથી ભરેલો, એની સન્મુખ થઈને જે એનો અનુભવ થાય છે તેનું નામ સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્જ્ઞાની કહેવાય છે. બાકી બધા થોથા છે. આહા..હા...!

મુમુક્ષુ :– સન્મુખ કેવી રીતે થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ બહારમાં લક્ષ કરતાં આવડે છે કે નહિ ? આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરતાં આવડે છે કે નહિ ?

મુમુક્ષુ :– પણ પરનું કરતાં આવડે માટે..

પૂજ્ય ગુરુદેવશ્રી :– માટે.. ધ્યાન કરતાં આવડે છે કે નહિ ? પરનું, રાગનું, પુણ્યનું ધ્યાન કરતાં આવડે છે કે નહિ ? તો જેમ રાગનું ધ્યાન કરે છે, એ આર્તધ્યાન મિથ્યાત્વભાવ છે, દુઃખરૂપ છે. આહા..હા...! એમ અંતરમાં ધ્યાન લગાવવું. બહારનું ધ્યાન કરે છે એ અંતરમાં લગાડવું. એ પાછળ થોડું આવશે. ઝીણી વાત છે, પ્રભુ ! અત્યારે તો માર્ગને વીંખી નાખ્યો છે, ભાઈ ! આહા..!

અંતર ભગવાન, અંતરની જ્ઞાનની પર્યાયમાં એનું લક્ષ કરી, શ્રદ્ધાની પર્યાયમાં એનો આશ્રય કરી જે અનુભૂતિ થાય છે એ આનંદના સ્વાદની સાથે જ્ઞાનચેતના પ્રગટ થઈ. આહા..હા...! એ **'નંદનવનમાં...'** આહા..હા...! **'સાધક આત્મા...'** પોતાના સ્વરૂપનો સાધક સમ્યગ્દષ્ટિ જીવ. આહા..હા...! **'આનંદમય વિહાર કરે છે.'** અતીન્દ્રિય આનંદમાં એ વિચરે છે. ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હો. આહા..હા..! પણ ધર્મી અને સમકિતી એને કહીએ કે જે પોતાના અતીન્દ્રિય આનંદના અનુભવમાં વિચરે. આહા..હા...! એ નંદનવન–આનંદનું વન–અંદર છે. આહા..હા...! બધા અનંત ગુણ બાગમાં પડ્યા છે એ ખીલી જાય છે. આહા..! ઝીણી વાત છે, પ્રભુ ! પણ સમજવી તો પડશે ને, ભાઈ !

આવું મનુષ્યપણું મળ્યું, એમાં જૈનમાં જન્મ થયો અને જૈનમાં વીતરાગની વાણી સાંભળવા મળી, પ્રભુ ! તો તારે કાંઈક કરવું પડશે. આહા..હા...! બાકી તો ઘણી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વાર, અનંત વાર એક શ્વાસમાં નિગોદના અઢાર ભવ કર્યા. ગજબ વાત છે. શું છે એ ? સાંભળે છે પણ શું છે એ વિચાર કરે તો ખબર પડે. એક નિગોદના ભવમાં એક શ્વાસમાં, એ શ્વાસ મનુષ્યનો શ્વાસ, હોં ! દેવનો શ્વાસ તો એને પંદર દિવસે શ્વાસ ઉઠે છે. શું કહ્યું ? સાગરોપમ (આયુષ્યવાળા) દેવ જે છે એને તો પંદર દિવસે શ્વાસ ઉઠે. એ વાત નથી. સમજાય છે કાંઈ ? દેવ જે પુણ્યના ફળ તરીકે મળે, એક સાગરની સ્થિતિ હોય તો પંદર દિવસે તો શ્વાસ લે છે. શ્વાસોશ્વાસ–શ્વાસ અને ઉચ્છ્વાસ, બે થયા ને ? આહા..હા...! એ શ્વાસ અહીંયા ન લેવો. અહીંયા તો મનુષ્યનો જે શ્વાસ, ઉચ્છ્વાસ છે એ એક શ્વાસોશ્વાસમાં નિગોદના અઢાર ભવ કર્યા, પ્રભુ ! ભૂલી ગયો. ભૂલી ગયો એટલે નથી એમ કેમ કહેવાય ?

જન્મ્યા પછી માતાએ છ માસ માતાએ શું ખવડાવ્યું ? શું ધવરાવ્યો ? નવરાવ્યો ખબર છે ? યાદ છે ? યાદ નથી માટે નહોતું ? આહા..હા...! આ જ ભવમાં જન્મ પછી છ મહિના શું થયું ? કેમ રોયો ? કેમ ખાધું ? કેમ પીધું ? કઈ રીતે ધવરાવ્યો ? એ ક્રિયા થઈ છે ને ? યાદ છે ? યાદ નથી માટે નહોતી ? એમ કોણ કહે ? એમ પૂર્વ ભવનું યાદ નથી તો પૂર્વ ભવમાં આટલા દુઃખ સહન કર્યા એ નથી ? એમ કોણ કહે ? સમજાય છે કાંઈ ? લોજીકથી–ન્યાયથી–સમજવું પડશે. આહા..હા...!

કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો. તારી પ્રભુતા અંદર એટલી પડી છે કે અનંત.. અનંત.. અનંત.. અનંત શક્તિઓ છે અને એક એક શક્તિમાં અનંત અનંત પ્રભુતા છે. આહા..હા...! એવી અનંત પ્રભુતાનો પિંડ પ્રભુ તારી વસ્તુ અંદર છે, ભગવાન ! આહા..હા...!

આચાર્ય તો ભગવાન કહીને બોલાવે છે. ૭૨ ગાથા. ૭૨ છે ને ? 'કર્તા-કર્મ અધિકાર'ની ૭૨. ત્યાં લીધું. સંસ્કૃત ટીકા છે. પુણ્ય અને પાપ ભાવ, શુભ અને અશુભભાવ અશુચિ છે, મેલ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ, તીર્થયાત્રા આદિના ભાવ એ બધો મેલ છે, શુભભાવ મેલ છે. પછી 'અમૃતચંદ્રાચાર્યે' ટીકામાં લીધું છે. ભગવાન આત્મા, એમ ટીકામાં લીધું છે. આહા..હા...! એ પુણ્ય અને પાપના વિકલ્પો પ્રભુ ! એ રાગ છે, દુઃખ છે, આકુળતા છે, નાથ ! પ્રભુ ! તું તો ભગવાન આત્મા અશુચિના સ્થાનમાં એ શુચિ પવિત્ર છે. આહા..હા..! શરીર અશુચિ છે એ વાત અહીંયા નથી. આ તો માંસ ને હાડકા ને ચામડાનું પુતળું છે. અહીંયા એની વાત નથી. પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અંદર જે શુભ અને અશુભભાવ થાય છે... આહા..હા..! એ અશુચિ છે, મલિન છે. ભગવાન આત્મા પવિત્ર છે. એમ સંસ્કૃત ટીકામાં આચાર્ય મહારાજ 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત 'ભગવાન' તરીકે તો બોલાવે છે, પ્રભુ ! આહા..હા...! સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા તો નિર્મળાનંદ છે ને, પ્રભુ ! એક બોલ (થયો). બે બોલ છે. રાગાદિ ભાવ છે... આહા..હા...! એ જડ છે, અચેતન છે. આહા..હા...! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપનો ભાવ વિકલ્પ હોય, એ અજીવ છે, જડ છે. કેમ કે એ રાગ પોતાને જાણતો નથી અને રાગ એ ચૈતન્ય સ્વરૂપ ભગવાન સાથે બિરાજે છે એને જાણતો નથી. એ રાગ પર દ્વારા જણાય છે, જ્ઞાન દ્વારા જણાય છે તેથી તે રાગ અજીવ અને જડ છે. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્ય વિજ્ઞાનઘન છે. એની સામે એમ લીધું છે. ત્રણ વાર ત્રણ વાર લીધું છે. આહા..હા...! શુભભાવ અચેતન જડ (છે), પ્રભુ ! એનાથી આત્માનું કલ્યાણ થશે (એ માન્યતા) મહા મિથ્યાત્વનું સેવન છે. મહા પાખંડ શ્રદ્ધાનું સેવન છે.

મુમુક્ષુ :– પુણ્યથી તો અરિહંતપદ મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પુણ્યથી અરિહંતપદ નથી મળતું. પુણ્યફળા અરહંતા, જે કહ્યું છે એનો અર્થ બીજો છે. એમાં ઉપર ટીકા છે. સમવસરણ મળ્યું એ.. સમજાય છે કાંઈ ? અહીંયા પાઠમાં છે, જુઓ ! ૪૫ છે ને ? એમાં જુઓ ! પુણ્યફળા અરહંતા. આહા..! **'अथैवं'** સંસ્કૃત. **'तीर्थकृतां'** તીર્થંકરને **'पुण्यविपाकोऽकिंचित्कर'** સંસ્કૃતમાં પહેલો શબ્દ છે. ભગવાનને પુણ્ય તો અકિંચિત્કર છે, એને કંઈ કરતા નથી. છે ? અકિંચિત્કર છે. 'इति एवं आख्याति' આહા..હા...! તો લોકો એમ અર્થ કરે છે, પુણ્યફળા અરહંતા. પુણ્યથી અરિહંતપદ પ્રાપ્ત થાય છે. તદ્દન મિથ્યાશ્રદ્ધા, અજ્ઞાન છે. અહીંયા તો પુણ્યનું ફળ, એની વાણી, ઔદારિક શરીર આદિ મળ્યા એ પુણ્યનું ફળ છે, એ ઉદયભાવ છે. અહીં તો કહ્યું ને ? **'तीर्थकृतां'** તીર્થંકરને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે. અકિંચિત્કર **જ** છે. છે ? **'अकिंचित्कर एवेत्यवधारयति'** આહા..હા..! 'પ્રવચનસાર' છે. સમજાય છે કાંઈ ? આગમનું તો આ વાક્ય છે. એમ કહે છે, પુણ્યફળા અરહંતા. પુણ્યના ફળમાં અરિહંતપદ મળે છે. અરે..! પ્રભુ ! એમ નથી. પુણ્ય તો રાગ છે, એના ફળમાં વીતરાગતા, સર્વજ્ઞ થાય છે ? આહા..હા...! રાગથી રહિત...

('પ્રવચનસાર') ૧૬ મી ગાથામાં કહ્યું છે, સ્વયંભુ પોતાનો આત્મા જ્યારે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે તો પોતાના શુદ્ધઉપયોગથી પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ ? સ્વયંભુ. સોળમી ગાથા છે. પંદર ને સોળ ગાથા. સ્વયંભુ. પોતાની કેવળજ્ઞાનની પર્યાય પોતાથી કર્તા, કર્મ છે. પૂર્વની પર્યાયથી પણ કેવળજ્ઞાન થયું નથી. આહા..હા...! કેવળજ્ઞાનની એક સમયની પર્યાય ષટ્કારકથી પરિણમન થઈને પોતાથી ઉત્પન્ન થાય છે. આહા..હા...! એ કર્મના (ક્ષયે) ઉત્પન્ન થાય છે, એ વાત ત્રણ કાળમાં નથી. પુણ્યથી તો નહિ પણ પૂર્વની મોક્ષમાર્ગની પર્યાય છે એનાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, એમ પણ નથી. કેમ કે મોક્ષમાર્ગની પર્યાય છે એ તો વ્યય થાય છે અને કેવળજ્ઞાનની તો ઉત્પત્તિ થાય છે. તો વ્યયથી ઉત્પત્તિ થાય છે ? આહા..હા...! સમજાય છે કાંઈ ?

૧૬ મી ગાથામાં છે. એ તો ષટ્કારકના પરિણમનથી (ઉત્પન્ન થાય છે). કેવળજ્ઞાન તો કર્તા પર્યાય, કર્મ પર્યાય, સાધન પર્યાય, સંપ્રદાન પર્યાય, અપાદાન પર્યાય, અધિકરણ પર્યાય, એ પર્યાયના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે. દ્રવ્ય-ગુણના આશ્રયે પણ નહિ. આહા..હા...! સત્.. સત્. ભગવાન કેવળજ્ઞાન પર્યાય સત્ પર્યાય પ્રાપ્ત થાય છે. કેવળજ્ઞાન મોક્ષદશા એ પોતાની પર્યાયમાં ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થાય છે. આહા..હા...! પૂર્વની પર્યાયથી નહિ, પુણ્યથી નહિ, નિમિત્તથી નહિ, સંઘયણ મજબુત છે તો એનાથી નહિ. આવું સ્વરૂપ છે, ભાઈ ! એણે કોઈ દિ' સાંભળ્યું નથી. લોજીકથી-ન્યાયથી-શું વસ્તુ છે ? સમજાય છે કાંઈ ? ભગવાનનો માર્ગ નયાવોયમ છે-ન્યાયમાર્ગ છે. તો ન્યાયથી વસ્તુની સિદ્ધિ કરે છે. અન્યાય અને કુન્યાયથી સિદ્ધ કરવા જઈશ તો તને મિથ્યાત્વ થશે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીંયા કહે છે, ૭૨ ગાથાના બે બોલ આવ્યા. (રાગ) અશુચિ (છે), ભગવાન નિર્મળાનંદ (છે). રાગ અચેતન, ભગવાન ચેતનસ્વરૂપ. રાગ દુઃખરૂપ, ભગવાન આનંદરૂપ. આહા..હા...! ત્રણ બોલ છે. ૭૨ ગાથા. એ શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો, દાનનો, કરોડો રૂપિયાના દાનનો ભાવ, રાગ મંદ કર્યો હોય તો પુણ્ય છે, દુઃખ છે. કોઈ દિ' સાંભળ્યું નથી. એમ ને એમ અમે ધર્મ કરીએ છીએ (માની લીધું). ધૂળમાં પણ ધર્મ નથી. ધૂળમાં પણ નથી, એનો અર્થ શું ? કે સમ્યગ્દષ્ટિને જે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે એવું મિથ્યાદષ્ટિને નથી બંધાતું. એને તો પાપાનુબંધી પુણ્ય બંધાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

જ્યાં રાગને દુઃખ કહ્યું અને ભગવાન આનંદસ્વરૂપ છે. ત્યાં તો એમ લીધું છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કે દુઃખનું કારણ આત્માની પર્યાય નહિ અને દુઃખનું, રાગનું કાર્ય આત્માની પર્યાય નહિ. અકાર્યકારણશક્તિ ત્યાંથી કાઢી છે. ૪૭ શક્તિ કાઢી છે. પહેલી જીવતરશક્તિ છે. **'जीवो चरित्तदंसणणाणठिदो'** બીજી ગાથાના પહેલાં શબ્દમાંથી જીવતરશક્તિ કાઢી છે. અકાર્યકારણશક્તિ, ૭૨ ગાથાની ટીકામાં લીધું છે કે ભગવાન આત્માની આનંદરૂપ જે દશા છે એ કોઈ રાગનું કાર્ય નથી. આહા..હા...! અને રાગનું એ કારણ પણ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? એની નિર્મળાનંદ પર્યાયનો કર્તા, કરણ એની પર્યાય સ્વતંત્ર છે. આહા..હા..! એને એમ કહેવું કે પુણ્યના ફળમાં અરિહંતપદ પ્રાપ્ત થાય છે, ગજબ કરે છે. આહા..હા...!

મુમુક્ષુ :– પરસન્મુખ થાય ત્યારે પુણ્ય થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર સન્મુખ, પર દિશા.. રાગની દિશા પર તરફ છે. રાગની દિશા, દશા પર તરફ છે. સાંભળો ! ચાહે તો શુભરાગ હો, એની દશા, એની દિશા પર તરફ છે અને વીતરાગ પર્યાયની દશા, એની દિશા દ્રવ્ય ઉપર છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ચાહે તો તીર્થંકર ગોત્રનો ભાવ હોય, એ રાગ છે અને રાગની દિશા પર તરફ છે. આહા..હા...! અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે વીતરાગી પર્યાય છે એ દશા, એની દિશા દ્રવ્ય ઉપર છે. આહા..હા...! દશાની દિશા. રાગની દશાની દિશા (પર તરફ છે).

'મોક્ષ પાહુડ'માં સોળમી ગાથામાં તો 'કુંદકુંદાચાર્યદેવે' ત્યાં સુધી કહ્યું, 'परदव्वादो दुग्गई'. આહા..હા...! ગજબ વાત. 'કુંદકુંદાચાર્ય' અને ભગવાન એમ કહે કે અમે તારી અપેક્ષાએ પરદ્રવ્ય છીએ અને અમારી ઉપર તારું લક્ષ જશે તારી ચૈતન્યની ગતિની દુર્ગતિ થશે. પંડિતજી ! સોળમી ગાથા. આહા..હા...! લોકોને તત્ત્વની ખબર જ નથી. એમ ને એમ મૂઢપણે ચાલ્યા જાય છે કે અમે આમ કર્યું ને આમ કર્યું.

મુમુક્ષુ :– દુર્ગતિનો અર્થ નરક.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દુર્ગતિનો અર્થ એ નહિ. ચૈતન્યની પરિણતિથી વિપરીત (ભાવ થયો) એ દુર્ગતિ. સોળમી ગાથા છે. 'परदव्वादो दुग्गई' 'કુંદકુંદાચાર્યદેવ' એમ કહે છે, અમને માનવામાં તને જે ભાવ થાય છે એ રાગ છે. એ દુર્ગતિ નામ ચૈતન્યની પરિણતિ નહિ. આહા...હા...! માર્ગ જુદો છે, ભાઈ ! લોકો તો બહારની (વાત પડી ગયા). હજી તો બહારના પણ ઠેકાણાં ન મળે અને માન, જ્યાં હોય ત્યાં અભિમાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



(કરે) મેં કર્યું, મેં કર્યું, મને માન મળ્યું, મને અભિનંદન મળ્યા. ત્યાં પાપ છે, પુણ્યના પણ ક્યાં ઠેકાણાં છે ? સમજાય છે કાંઈ ?

અહીંયા તો પુણ્યભાવ હોય તો એ દુર્ગતિ નામ ચૈતન્યની એ પરિણતિ નહિ. એ વિકારગતિ છે તો એ ચૈતન્યની દુર્ગતિ નામ માઠી ગતિ–પરિણામ–છે. 'सदव्वादो सुग्गई'. એવો શબ્દ છે ત્યાં. આહા..હા..! ભગવાનની અનુભૂતિ. સ્વદ્રવ્ય ભગવાન પૂર્ણ સ્વરૂપનું લક્ષ કરીને જે અનુભૂતિ થઈ એ 'सदव्वादो सुग्गई' સુગતિ છે. એ ચૈતન્યની સુગતિ છે. એ ચૈતન્યની પરિણતિ સુગતિ છે અને એનું ફળ પણ સિદ્ધ નામ સુગતિ છે. સિદ્ધ એ સુગતિ છે અને ચાર ગતિ છે એ દુર્ગતિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ કહે છે, બધા કહે છે, અમને બધી ખબર છે.

હમણા તો 'જૈનદર્શન'માં એક લેખ એવો આવ્યો છે કે ચોથે, પાંચમે, છઠ્ઠે તો શુભજોગ જ હોય. બારમી ગાથામાં આવ્યું ને ?

**सुद्धा सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।**

એનો અર્થ ઊંધો કર્યો કે એ તો જે પરમભાવે સ્થિત છે, સર્વજ્ઞ છે એને હવે નય નથી. પણ નય, શુદ્ધનય ક્યાં સુધી છે ? સાતમાથી બારમા સુધી. ચોથેથી છઠ્ઠા સુધી શુભ છે. સાતમાથી બારમા સુધી શુદ્ધઉપયોગ છે અને કેવળમાં શુદ્ધોપયોગનું ફળ છે. એય..! 'પ્રવચનસાર'ની ગાથા છે એમાં ઉતાર્યું છે. ઉપયોગની અપેક્ષાએ લઈએ... સંસ્કૃત ટીકા છે, તો પહેલું ગુણસ્થાન, બીજું ગુણસ્થાન, ત્રીજા ગુણસ્થાનમાં અશુભઉપયોગ છે અને ચોથાથી બારમા સુધી, ચોથા, પાંચમા, છઠ્ઠા સુધી શુભઉપયોગ છે અને સાતમાથી બારમા સુધી શુદ્ધઉપયોગ છે. એ તો મુખ્યતાથી વાત કરી છે. આહા..હા..!

'દ્રવ્ય સંગ્રહ'ની ૪૭ ગાથા છે. તમારે સૈંતાલીસ કહે છે ને ? ચાર અને સાત. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मु णियमा।'** આવો પાઠ છે. **'दुविहं पि मोक्खहेउं'** બે પ્રકારનો મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એનો અર્થ શું ? પોતાનો ચૈતન્યમૂર્તિ જે અંદર આનંદસ્વરૂપ ભગવાન (છે), એની અનુભૂતિ કરીને અંદર જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા એ નિશ્ચય મોક્ષમાર્ગ છે. એ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એ અંતર સ્વરૂપની દૃષ્ટિ થઈ એ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે તો એ ધ્યાન છે એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શુદ્ધઉપયોગ ત્યાં છે, શુભઉપયોગ નહિ. આહા..! સમજાય છે કાંઈ ? આહા..! અને એ ત્રિકાળી ભગવાનના ધ્યાનમાં શાંતિ, શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર થયા એ નિશ્ચય મોક્ષમાર્ગ છે. સાથે રાગ રહ્યો તેને ઉપચારથી વ્યવહાર માર્ગ કહ્યો. હજી ધ્યાનમાં છે તો પણ આ બે વાત આવી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીંયા તો કહે છે, વ્યવહાર છે તેનું ફળ પુણ્યફળ તેનાથી અરિહંતપદ પ્રાપ્ત થાય, એ તદ્દન દૃષ્ટિ ઊંધી છે. અંદર ઉપર લખ્યું છે કે અકિંચિત્કર છે. તીર્થંકરને પુણ્ય અકિંચિત્કર–કાંઈ કરતું નથી. એ પુણ્યફળ તો દેહ, વાણી, હાલવું, ચાલવું એ પુણ્યફળ છે. અને તે પણ તે પુણ્યફળ સમયે સમયે નાશ થાય છે તો ઉદયનો ક્ષાયિકભાવ કહી દીધો છે. ૪૫ ગાથા છે. સમજાય છે કાંઈ ? જેમ નીચલા દરજ્જામાં પોતાના સ્વરૂપમાં ધ્યાનમાં છે. આનંદ અને ધ્યાનમાં છે (તે વખતે) ઉદય આવ્યો તે ખરી જાય છે, આવ્યો તે ખરી જાય છે. અંદર આનંદમાં છે તો ઉદય ખરી જાય છે. ત્યાં જેમ ખરી જાય છે એમ કેવળીને બોલવા આદિનો જે કર્મ ઉદય આવ્યો એ ઉદય સમયે સમયે આવ્યો એ ખરી જાય છે. ખરી જાય છે તો એને ક્ષાયિકભાવ કહી દીધો છે. આહા..હા..! અરે..રે...! હજી માર્ગના સાચું જ્ઞાન વ્યવહારે પણ સાચું નથી એને સમ્યગ્દર્શન અને અનુભૂતિ ક્યાંથી થાય ? આહા..! સમજાય છે કાંઈ ?

**'આનંદમય વિહાર કરે છે. બહાર આવતાં ક્યાંય પણ રસ લાગતો નથી.'** આહા..હા..! આત્માનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું તો એમાં આનંદમાં વિચરે છે. બહાર જ્યાં વિકલ્પ આવ્યો એમાં રસ નથી. બહાર આવતાં ક્યાંય રસ નથી આવતો. શુભભાવ આવ્યો, હોય છે, જ્ઞાનીને પણ શુભભાવ આવે છે પણ રસ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ પુસ્તક તો હવે ચાલીસ હજાર, પચાસ હજાર બહાર આવી ગયા છે. બહેનના ઘણા પુસ્તક (છપાય ગયા છે). આહા..! જોયું છે કે નહિ ? 'વચનામૃત' પુસ્તક આવ્યું છે કે નહિ ? આવ્યું ? વાંચ્યું છે ? વાંચ્યું નહિ હોય. આહા..હા...!

અહીં કહે છે, આહા..હા...! સ્વરૂપના આનંદનો અનુભવ જ્યાં સમ્યગ્દર્શનમાં થયો, અનુભૂતિ જ્યાં થઈ, ધર્મની પ્રથમ દશા જ્યાં પ્રગટ થઈ, એને બહાર આવવામાં, રાગમાં દુઃખ લાગે છે, રસ આવતો નથી. બહારમાં દેખાય, ઇન્દ્ર પણ ભગવાનની ભક્તિ કરે. શું કહેવાય ? નંદીશ્વર દ્વીપ. નંદીશ્વર દ્વીપ શાશ્વત છે ને ? પ્રતિમા શાશ્વત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. ત્યાં અષ્ટાહ્નિકામાં ઇન્દ્રો જાય છે. એ નાચે, દેખાય, બહારમાં ઉત્સાહ દેખાય. સમકિતી છે, જ્ઞાની છે, પહેલાં દેવલોકનો ઇન્દ્ર છે. પગમાં ઘુઘરા બાંધીને ભગવાન પાસે નાચે, ઉત્સાહ દેખાય, પણ એ શુભભાવમાં રસ નથી. આહા..હા...!

મુમુક્ષુ :- નાચવામાં તો આનંદ આવતો હશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કહ્યું ને ? નાચવાની ક્રિયા તો જડની છે. જે રાગ આવ્યો એ વિકાર છે, દુઃખ છે. આહા..હા..! આકરી વાત, ભાઈ ! બહારમાં તો એમ જ દેખાય, ભગવાન પાસે સ્તુતિ કરે એમાં ઉત્સાહ (દેખાય). એક ફેરી કહ્યું હતું, 'સમયસાર'ની ૧૪૩ ગાથા છે, સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનની ક્ષયોપશમ દશા છે, અલ્પ દશા છે તો વિકલ્પ આવે છે પણ વિકલ્પથી ઉત્સાહની નિવૃત્તિ છે, એને રસ નથી. આહા..હા...! બહુ ઝીણી વાત, બાપુ ! એ માર્ગ કોઈ અલૌકિક છે. આહા..હા...! અને તે જૈનદર્શન સિવાય આ વસ્તુ ક્યાંય નથી. અને તે જૈનદર્શન, દિગંબર દર્શન તે જૈનદર્શન છે. બાકી ક્યાંય નથી. અરે..રે...! શું થાય ? પક્ષમાં આવીને લોકો સત્યને અસત્ય કરી દે, (એમ) નહિ થાય. વસ્તુ વસ્તુરૂપે રહેશે. આહા..હા...! અન્યથા કરશે તો એની દૃષ્ટિમાં અન્યથા થશે. વસ્તુમાં અન્યથા નહિ થાય, વસ્તુ તો વસ્તુ છે. આહા..હા...!

અહીં કહે છે, જ્ઞાનીને બહાર આવતાં રસ નથી આવતો. શુભભાવ આવે છે. આહા..હા...! 'ભરતેશ વૈભવ' માં એક લેખ છે. 'ભરતેશ વૈભવ' છે ને ? 'ભરત' ચક્રવર્તી ક્ષાયિક સમકિતી હતા અને રાગ અશુભ આવ્યો. ભોગના કાળમાં અશુભરાગ થયો. ક્રિયા તો જડની થાય છે. આહા..હા...! પણ જ્યારે અશુભ (રાગ) આવ્યો તો દુઃખ લાગ્યું અને જ્યાં ભોગ પૂરો થયો અને નીચે બેસે છે (ત્યાં) નિર્વિકલ્પ ધ્યાન થઈ જાય છે. 'ભરતેશ'માં છે, 'ભરતેશ વૈભવ'માં છે કે ધર્મીજીવને અશુભરાગ, ભોગની વાસના આવી પણ દુઃખ (લાગે છે). અને જ્યાં પૂરો થયો ત્યાં નિર્વિકલ્પ આનંદ, ધ્યાન થઈ ગયું. બીજી ક્ષણે ! કેમ કે લગની ત્યાં છે. ભાઈ ! બાપુ ! મારગડા કોઈ જુદી જાત છે, ભાઈ ! આહા..હા...!

જ્યાં આત્માનો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને અનુભવ થયા, એને રાગ આવ્યો (પણ) રસ નથી. અને રાગ છૂટીને એક ક્ષણમાં, બીજી ક્ષણે ધ્યાનમાં આવી જાય છે. આવી વસ્તુ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ રાગમાં રસ નથી. એ ૧૭૭ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પહેલાં ધ્યાન સાચું હોતું નથી. પહેલાં જ્ઞાન સાચું થાય છે કે–આ શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ બધાંથી જુદો હું છું; અંદરમાં વિભાવ થાય તે હું નથી; ઊંચામાં ઊંચા શુભભાવ તે હું નથી; બધાથી જુદો હું જ્ઞાયક છું. ૧૭૮.**

૧૭૮. **'પહેલાં ધ્યાન સાચું હોતું નથી.'** શું કહે છે ? આત્મામાં જ્યારે સમ્યગ્દર્શન ધ્યાનમાં ઉત્પન્ન થાય છે એ ધ્યાન પહેલાં હોતું નથી. **'પહેલાં ધ્યાન સાચું હોતું નથી.'** કલ્પનાથી કરે કે હું ધ્યાન કરું છું ને આમ કરું છું. આહા..હા...! **'પહેલાં જ્ઞાન સાચું થાય છે...'** પહેલાં જ્ઞાનમાં સત્યતા આવવી જોઈએ. જ્ઞાન સાચું નથી અને જૂઠું જ્ઞાન છે... આહા..હા...! રાગથી કલ્યાણ થશે ને રાગનું કર્તૃત્વ છે એ મારું કાર્ય છે, એવું જ્ઞાન છે એ તો ખોટું જ્ઞાન છે. એ જ્ઞાનમાં એને ધ્યાન થતું નથી. સમજાય છે કંઈ ? આહા..હા...! સૂક્ષ્મ વાત છે, ભાઈ ! માર્ગ એવો છે. આહા..! આહા..હા...!

ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં તો બિરાજે છે. ત્યાંથી તો આ વાણી આવી છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાંથી આવ્યા અને (શાસ્ત્ર) બનાવ્યા. તમને અંગત વાત કદાચિત ન બેસે પણ બેન પણ મહાવિદેહથી આવ્યા છે. અંગત વાત ન બેસે તો એક કોર રાખો, તત્ત્વ શું છે તે સાંભળો, સમજો. સમજાય છે કાંઈ ? આહા..હા...!

મુમુક્ષુ :– વાત અધુરી રહી ગઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત તો એટલી છે કે ભગવાન પાસે જઈને 'કુંદકુંદાચાર્ય' વાણી લાવ્યા એમ બેન પણ ત્યાં હતા. ત્યાં જરી ભૂલ થઈ ગઈ અને અહીં આવી ગયા ને સ્ત્રી થઈ ગયા છે. સમજાય છે કાંઈ ? આ વાણી જુઓને!

ધર્મીજીવ... પહેલાં સમજ્યા વિના ધ્યાન કરવા જાય તો ધ્યાન થતું નથી. પહેલાં સાચું જ્ઞાન થવું જોઈએ. શું ? **'પહેલાં જ્ઞાન સાચું થાય છે...'** શું ? સમ્યગ્જ્ઞાનની અહીંયા વાત નથી. જ્ઞાનમાં સત્યતા આવવી જોઈએ કે રાગ પર છે, સ્વભાવ મારી પૂર્ણ વસ્તુ છે એ પરથી (જુદી છે). રાગથી કોઈ લાભ થશે નહિ, સ્વભાવની દૃષ્ટિથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લાભ થશે. પરલક્ષી જ્ઞાનમાં આવું સાચુંપણું આવવું જોઈએ. આહા..હા..! સમજાય છે કાંઈ ?

**'પહેલાં જ્ઞાન સાચું થાય છે કે...'** શું ? **'આ શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ બધાથી જુદો હું છું;...'** એમ જ્ઞાનમાં પહેલાં (આવવું જોઈએ), સમ્યગ્જ્ઞાન (પછી થાય). પણ જ્ઞાનના ક્ષયોપશમમાં આ વાત પહેલાં આવવી જોઈએ. આહા..હા..! સમજાય છે કાંઈ ? તેરમી ગાથામાં કહેશે. પહેલાં નય, નિક્ષેપ, પ્રમાણથી જ્ઞાન થવું જોઈએ. પણ પછી અનુભવકાળમાં એ પણ અભૂતાર્થ છે. એનાથી કોઈ અનુભૂતિ થતી નથી. આહા..હા...! તેરમી છે ને ? તેરમી ગાથા ચાલી નથી, એમાં આવશે. નવ તત્ત્વનું જ્ઞાન, નય નિક્ષેપનું, પ્રમાણનું જ્ઞાન આવે છે. પહેલાં સાચો ખ્યાલ આવે છે. પછી અંતરમાં જઈને ધ્યાન થાય છે. હજી જ્ઞાનમાં જ વિપરીતતા છે તો ધ્યાન અંદરમાં થાય કેવી રીતે ? આહા..હા...! સમજાય છે કાંઈ ?

પહેલાં એક ફેરી વાત કરી હતી. (સંવત) ૧૯૮૩ ની સાલ. સંવત ૧૯૮૩. કેટલા વર્ષ થયા ? એકાવન. અમે તો આમાં મુહપત્તીમાં હતા ને ? ત્યાં એક શેઠ હતા. એ શેઠ એમ કહેતા હતા કે ભગવાનની પ્રતિમાની પૂજા મિથ્યાદૃષ્ટિને હોય છે. સમ્યગ્દર્શન થયા પછી હોય નહિ. એક મોટા શેઠ હતા. એ વખતે સીત્તેર વર્ષ પહેલાં દસ લાખ રૂપિયા હતા. અત્યારે દસ લાખ ને પાંચ લાખ ધૂળમાં બહુ આવે છે. એ વખતે તો બહુ પૈસા. ચાલીસ હજારની પેદાશ હતી. દસ હજારનું એક ગામ ઘરે હતું. વાણિયાની નાતના (હતા). 'દામનગર' છે. એ એમ કહેતા હતા, સ્થાનકવાસી ખરા ને ? મૂર્તિની પૂજા ક્યાં સુધી છે ? કે મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સુધી છે. સમ્યગ્દૃષ્ટિ (થયા) પછી મૂર્તિની પૂજા ન હોય.

મેં કહ્યું, એકાવન વર્ષ પહેલાં! પંડિતજી ! ન્યાય સાંભળો ! ખરેખર તો જ્યારે આત્માનું જ્ઞાન, અનુભૂતિ થાય છે ત્યારે ભાવશ્રુતજ્ઞાન થાય છે અને ભાવશ્રુતજ્ઞાનમાં બે ભાગ પડે છે. નિશ્ચય અને વ્યવહાર. તો જ્ઞાનનો જે વ્યવહાર ભાગ છે એ જ્ઞેયનો નિક્ષેપ (ભાગ છે). જ્ઞેયના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર ભાગ છે. નયમાં નિશ્ચય અને વ્યવહાર બે ભાગ છે. જ્યારે સમ્યગ્દર્શન થયું, અનુભૂતિ થઈ ત્યારે ભાવશ્રુતજ્ઞાન થયું. એનો એક પક્ષ વ્યવહારનય આવ્યો. નિશ્ચય તો સ્વને જુએ છે. વ્યવહાર આવ્યો. એ વ્યવહાર જ્ઞાન, જ્ઞેયનો જે ભેદ સ્થાપના છે એ નયનો વિષય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ છે. તો સમકિતીને જ નયનો વિષય યથાર્થ હોય છે. પંડિતજી ! સમજાય છે કાંઈ ? સમ્યગ્દષ્ટિને જ વ્યવહારનયનો વિષય છે. છે ભલે શુભભાવ. આહા..હા...! એમ નહિ ચાલે, કીધું. અમે આમાં આવી ગયા છીએ માટે માની લઈએ (એમ નથી). એમાં દીક્ષિત થયા હતા ને ? મોટી દીક્ષા હતી. ધામધૂમ. પાંસઠ વર્ષ પહેલાં હાથીને હોદ્દે ઘરે મોટા ભાઈએ દીક્ષા આપી હતી. અઢારસો, બે હજાર રૂપિયા ખર્ચ કરીને. પાંસઠ વર્ષ પહેલાં. આમાં આવી ગયા માટે તમારું આ માનવું એવા અમે નથી. અમે તો સત્ય હશે એ માનશું. કેમ કે.. એ તો સ્થાનકવાસી હતા ને ? એટલે મૂર્તિને ઉથાપવી હતી. સ્વર્ગમાં મૂર્તિ છે ને ? એ જિનની પ્રતિમા છે. તો એ લોકો કહે છે કે એ જક્ષની છે. કારણ કે ઇન્દ્ર પણ પૂજે છે ને ? એમ નથી. આહા..હા...!

શાશ્વતી પ્રતિમા પણ જિન પ્રતિમા છે. જેમ કેવળજ્ઞાની પરમાત્મા ત્રિકાળ છે તો એમની પ્રતિમા પણ લોકમાં ત્રિકાળ હોય જ છે. આહા..હા..! પણ એ નિક્ષેપ સ્થાપના છે. નામ, દ્રવ્ય, ભાવ એમાં આ સ્થાપના (નિક્ષેપ છે). જ્ઞેયનો એક ભાગ થયો અને અહીં નયમાં નિશ્ચય અને વ્યવહારમાં વ્યવહારનય એક ભાગ થયો. વ્યવહારનયનો વિષય એને હોય છે. અજ્ઞાનીને વ્યવહારનયનો વિષય (નથી). નય જ નથી તો એને નિક્ષેપ ક્યાંથી આવ્યું ? સમજાણું કંઈ ? આવી વાત છે, પ્રભુ ! માર્ગ તો આ છે. ભાઈ !

અહીં કહે છે.. આહા..હા...! પ્રથમ હજી જ્ઞાનમાં પણ સાચું યથાર્થ, વ્યવહાર આવ્યો નહિ તો એને કદી સાચું ધ્યાન થતું નથી, અંદરમાં જઈ શકે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા...! વાત તો આવી અજાણી લાગે પણ બાપુ ! માર્ગ તો આ છે. મરી જાય શુભક્રિયા કરીને, કાયક્લેશ છે. એ ક્લેશ છે. 'નિર્જરા અધિકાર'માં લીધું છે. શુભભાવની ક્રિયા વ્રત ને તપ ને બધા ક્લેશ છે, રાગ છે. આહા..હા..! અરે..! 'યોગીન્દ્રદેવ' તો એમ કહે છે, 'પાપ પાપકો તો સહુ કહે પણ અનુભવીજન પુણ્યકો પાપ કહે' આહા..હા..! પંડિતજી ! 'યોગીન્દ્રદેવ', 'યોગસાર'માં આવે છે. અરે..! એમણે તો કહ્યું પણ પાઠમાં છે. 'પુણ્ય-પાપ અધિકાર' જ્યાં પૂરો થયો, 'જયસેનચાર્યદેવ'ની સંસ્કૃતની ટીકા, એમાં એવો અધિકાર આવ્યો છે કે અહીંયા અધિકાર તો પાપનો આવ્યો છે અને તેમાં વ્યવહાર રત્નત્રયનો અધિકાર કેમ લીધો ? 'જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકા. સાંભળ તો ખરો ! એ વ્યવહાર રત્નત્રયનો ભાવ વ્યવહારે પવિત્ર છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પાપથી બચવા માટે. પણ નિશ્ચયથી સ્વરૂપમાંથી પતિત થાય છે તો વ્યવહારમાં આવે છે તો એને અમે પાપ કહીએ છીએ. 'જયસેનાચાર્યદેવ'ની ટીકા. 'પુણ્ય-પાપ અધિકાર'માં છેલ્લા. અમે તો બધું પહેલેથી (સંવત) ૧૯૭૮ ની સાલથી દિગંબરના શાસ્ત્રો જોઈએ છીએ. ૧૯૭૮, કેટલા વર્ષ થયા ? ૫૬. ધંધો જ આ કર્યો છે ને ! શું કહ્યું એમાં સમજાણું ?

રાગ આવે છે, પણ રાગનો રસ જ્ઞાનીને નથી. રાગ દુઃખરૂપ લાગે છે. અરે..! આહા..હા...! બેનના શબ્દમાં તો આવ્યું છે. ૧૪૯ પાને છે કે નહિ ? ૪૦૧ બોલ, ૪૦૧ બોલ. આહા..હા...! છે ? હિન્દીમાં ૧૭૬ પાનું છે. ૪૦૧ બોલ છે ? **'જ્ઞાનીનું પરિણમન...'** આહા..હા...! **'વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.'** શું કહે છે ? જ્ઞાની-ધર્મીનો ઉપયોગ, પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે. **'જ્ઞાની...'** આહા..હા...! **'નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણ ઠરી જવા તલસે છે.'** ધર્મી તો પૂર્ણ સ્વરૂપમાં આ સમયે જો કેવળજ્ઞાન થતું હોય તો મારે કાંઈ કામ નથી. એમ એની ભાવના છે. છે ? **'આ વિભાવભાવ અમારો દેશ નથી.'** છે ? એ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ આવ્યો એ અમારો દેશ નથી. આહા..હા...!

**'આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ?'** અરે..રે...! આહા..હા...! એ રાગ આવ્યો એ પરદેશ છે, હું ક્યાં પરદેશમાં આવી ચડ્યો ? આહા..હા...! ઝીણી વાત, બાપુ ! પ્રભુનો માર્ગ.. કહે છે, **'આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ? અમને અહીં ગોઠતું નથી.'** શુભભાવમાં અમને ગોઠતું નથી. આહા..હા...! **'અહીં અમારું કોઈ નથી.'** આહા..હા...! શુભરાગમાં અમારી કોઈ ચીજ નથી. વાંચ્યું હોય પણ આ બરાબર સમજ્યા નહિ હોય.

**'જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે...'** આહા..હા...! અંતરમાં જ્ઞાન, દર્શન, આનંદ એ અમારો પરિવાર અંદર છે. આહા..હા..! રાગ ઉત્પન્ન થયો એ અમારો દેશ નહિ, અમારો પરિવાર નહિ. અરે..! હું ક્યાં આવી ચડયો ? ધર્મીને આવું લાગે છે. આહા..હા...! આહા..હા...! **'અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે.'** આહા..હા...! જુઓ ! આ બેનની વાણી. **'અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.'** અમે તો અમારો આનંદસ્વરૂપ ભગવાન-દેશ-એ તરફ જઈ રહ્યા છીએ. આહા..હા...! અમારા સ્વદેશમાં અમે તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જઈ રહ્યા છીએ.

**‘અમારે તો ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે...’** આહા..હા..! સમ્યગ્દષ્ટિને તો પોતાના નિજદેશમાં ત્વરાથી જવું છે. આહા..હા...! વાંચનનો શુભરાગ આવ્યો, સાંભળવાનો આવ્યો.. આહા..હા...! અરે..! અમે પરદેશમાં ક્યાં આવી ચડ્યા ? અમારું વતન સ્વદેશમાં તો જ્ઞાન, શ્રદ્ધા, આનંદ આદિ અમારો પરિવાર વસ્યો છે. રાગ એ અમારો પરિવાર નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? **‘અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.’** આહા..હા...! અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ, બાદશાહ, એ પોતાનો સ્વદેશ છે. સમજાય છે કાંઈ ? અસંખ્ય પ્રદેશમાં અનંતા ગુણની પ્રજા એ અમારો દેશ છે. આહા..હા...! રાગ એ અમારો દેશ નહિ, એ અમારો પરિવાર નહિ. આહા..હા...! જેને લોકો કહે કે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય (થશે). અરે...! પ્રભુ ! સાંભળ તો ખરો. ગજબ કરે છે, નાથ ! તારા આત્મામાં બહુ વિપરીત મિથ્યાત્વભાવ ભર્યો છે, ભગવાન ! એનું દુઃખ થશે. એના ફળમાં તને દુઃખ થશે, ભાઈ ! વર્તમાન લોકો પસંદ કરે, તું માન. એ દુઃખનું વેદન તને મિથ્યાત્વભાવમાં આવશે. આહા..હા...! ત્યારે કોઈ લોકો તને સહાયક નહિ થાય. આહા..હા...! કે અમને બહુ માનતા હતા, અમને પસંદ કરતા હતા, અમને પૂજ્ય તરીકે માનતા હતા તો શું થયું ? અજ્ઞાની તો માને. સમજાય છે કાંઈ ? પણ અજ્ઞાનમાં, રાગથી લાભ થશે એવી જેને માન્યતા છે, એ પરદેશમાં–મિથ્યાત્વમાં–ભમે છે. આહા..હા...! આ બોલ છે ને ? ૪૦૧ બોલ છે, ૪૦૧ બોલ. ૪૧૩ બોલ છે એમાં આ ૪૦૧ બોલ છે. આ પ્રમાણે વાંચ્યું પણ નથી ત્યાં ‘હૈદ્રાબાદ’. ‘હૈદ્રાબાદ’ના શેઠ છે, ઓળખો છો ? વિનંતી કરવા આવ્યા હતા. ત્યાં એના ઘરમાં ચાર દિવસ રહ્યા હતા. પણ આ માર્ગ, બાપા ! ક્યાં ગયા ? ભાઈ ! એ ત્યાં હતા ને ? એની સાથે છે ને એ ?

અહીં કહે છે, **‘પહેલાં ધ્યાન સાચું હોતું નથી. પહેલાં જ્ઞાન સાચું થાય છે...’** શું ? હું આ શરીર નથી. રંગ, ગંધ જે આ શરીરમાં દેખાય છે એ હું નથી. આહા..હા..! એનાથી હું પૃથક છું. **‘અંદરમાં જે વિભાવ થાય તે હું નથી;...’** આહા..હા...! આમ સમ્યક્‌નું ધ્યાન થયા પહેલાં આવું સાચું જ્ઞાન થવું જોઈએ. આહા..હા...! વાત તો આવી છે. છે ? અંદરમાં જે વિભાવ થાય છે, પહેલાં બાહ્ય વસ્તુ કીધી, શરીર, વર્ણ, ગંધ. અંદરમાં જે પુણ્ય, દયા, દાન, વ્રતાદિના ભાવ થાય છે એ હું નથી. પહેલાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અંતર ધ્યાન સમ્યગ્દર્શનમાં જ્યારે થાય છે એ પહેલાં આવું સાચું જ્ઞાન, પરલક્ષ પણ સાચું જ્ઞાન થવું જોઈએ. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ વિના અંતર્મુખમાં ધ્યાનમાં નહિ જઈ શકે. સત્ય સ્વરૂપ જેવું છે તેનાથી વિરૂદ્ધ જ્ઞાન હોય તો સત્યમાં નહિ જઈ શકે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

**'ઊંચામાં ઊંચા શુભભાવ તે હું નથી;...'** છે ? ઊંચામાં ઊંચા શુભભાવ. આહા..હા...! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ હું નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...! અપરાધ છે. કહ્યું નહિ ? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં. એ અપરાધ છે. આહા..હા...! શુભભાવ પણ અપરાધ છે, ગુનો છે. આહા..હા...! અહીં તો ષોડશકારણ ભાવના આવી છે ને એનાથી તીર્થંકર ગોત્ર (બંધાય). આહા..હા...! આ તો સમ્યગ્દષ્ટિ છે એને આવો ભાવ આવે છે, તેને પણ દુઃખરૂપ અને બંધનું કારણ માને છે. આહા..હા...! **'ઊંચામાં ઊંચા શુભભાવ તે હું નથી; બધાથી જુદો હું જ્ઞાયક છું.'** આવું તો પહેલાં જ્ઞાનમાં આવું સત્યપણું આવવું જોઈએ. એ વિના અંતરમાં ધ્યાનમાં સમ્યગ્દર્શન થાય છે એ ધ્યાન નથી થઈ શકતું. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**(સમયસાર) સંવર અધિકારમાં તો એમ કહ્યું છે કે, જાણનક્રિયા તે આધાર છે ને દ્રવ્ય તે આધેય છે. ત્યાં આશ્રયની (અવલંબનની) વાત નથી. પણ શેમાં-કોનામાં જણાય છે તે અપેક્ષાની મુખ્યતાથી ત્યાં વાત છે. ધ્રુવ વસ્તુ પોતે ધ્રુવ વસ્તુને જાણતી નથી પણ પર્યાયમાં ધ્રુવ વસ્તુ જણાય છે. કાર્યમાં કારણનું જ્ઞાન થાય છે તેમ દર્શાવ્યું છે. તેમ અહીં પણ એમ કહ્યું કે સ્વાનુભૂતિથી વસ્તુ પ્રકાશે છે એટલે કે અનુભૂતિની અર્થાત્ પર્યાયમાં ધ્રુવ વસ્તુ જણાય છે. પરંતુ અનુભૂતિની અર્થાત્ પર્યાયની દ્રષ્ટિ કરવાથી ધ્રુવ વસ્તુ પ્રકાશે છે, એમ અહીં કહેવું નથી. નિર્મળ પર્યાય વસ્તુનો આશ્રય કરે છે. ત્યારે તે નિર્મળ પર્યાયમાં વસ્તુ જણાય છે. જાણનારી પર્યાય હોવાથી પર્યાય દ્વારા દ્રવ્ય પ્રકાશે છે. તેમ કહ્યું છે. 'પરમાગમસાર' બોલ નં. ૪૭.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**ધ્યાન તે સાધકનું કર્તવ્ય છે. પણ તે તારાથી ન થાય તો શ્રદ્ધા તો બરાબર કરજે જ. તારામાં અગાધ શક્તિ ભરી છે; તેનું યથાર્થ શ્રદ્ધાન તો અવશ્ય કરવા યોગ્ય છે. ૧૭૯.**

**શ્રાવણ સુદ ૧૩, બુધવાર તા. ૧૬-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૧૭૯, ૧૮૦, પ્રવચન–૬૬**

'વચનામૃત' ૧૭૯ બોલ છે. સૂક્ષ્મ છે, સૂક્ષ્મ. **'ધ્યાન તે સાધકનું કર્તવ્ય છે.'** સૂક્ષ્મ છે, ભગવાન ! સમ્યગ્દષ્ટિ ધર્મીનું ધ્યાન એ કર્તવ્ય છે. આત્માને ધ્યેય બનાવીને, આ મૂળ સૂક્ષ્મ ચીજ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ હો એ કોઈ ધર્મ નથી, એ તો પુણ્યબંધનું કારણ છે. ધર્મની દશા ક્યારે થાય છે ? કે ધ્રુવને ધ્યેય બનાવીને ધ્યાનની ધુણી લગાવી દે. ઝીણી વાત છે, પ્રભુ ! શું થાય ? એણે અનંતકાળથી કર્યું નથી. પોતાનું સ્વરૂપ એક સમયમાં, એક પર્યાય સિવાય પૂર્ણાનંદ પ્રભુ નિત્યાનંદ અનંત ગુણનો પિંડ, તેના ઉપર લક્ષ કરીને ધ્યેય બનાવીને સાધકનું કર્તવ્ય તો એ ધ્યાન છે. આહા..હા...! એ વિના ધર્મ કદી ત્રણ કાળમાં થતો નથી.

'દ્રવ્ય સંગ્રહ'માં ૪૭ ગાથામાં લીધું છે. ચાર અને સાત. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।'** 'દ્રવ્ય સંગ્રહ', 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'. સૂક્ષ્મ વાત (છે), ભાઈ ! આ દેહ, વાણી, મન આ તો જડ છે, એની કોઈ પર્યાય ક્રિયા ચાલે છે એ જડમાં છે. આત્મામાં જે રાગાદિ થાય છે, પુણ્ય ને પાપ, હિંસા, જૂઠું ચોરી, વિષયભોગ, વાસના એ પાપ પરિણામ છે અને દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા, ધ્યાન આદિનો ભાવ એ પુણ્ય પરિણામ છે. બન્ને દુઃખરૂપ અને રાગ છે.

ધર્મીનું કર્તવ્ય શું ? વ્રતાદિના પરિણામ એ કર્તવ્ય નથી, એ તો રાગ છે. આહા..હા...! ધર્મીનું કર્તવ્ય નામ કરવા લાયક કાર્ય એ છે (કે) ધ્રુવને ધ્યાનમાં લઈને,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધ્રુવને ધ્યેય બનાવી, ધ્રુવને વર્તમાન પર્યાયનો વિષય બનાવી.. આવી વાત છે. એ અંતર ચીજ (વસ્તુ) આનંદનો નાથ પ્રભુ, પૂર્ણાનંદ પ્રભુ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ આદિ ગુણનો ભંડાર છે. આહા..હા..! એવી ચીજમાં પહેલાં ધ્યાન લગાવી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! એ શુભ-અશુભ ભાવ જે થાય છે એ પણ અધર્મ છે, ધર્મ નહિ.

મુમુક્ષુ :– તો એને શુભ કીધો કેમ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– શુભ તો ખરેખર અશુભની અપેક્ષાએ કહ્યું. બાકી તો બન્ને અશુદ્ધ જ છે, અશુભ જ છે. ભાઈ ! બહુ ઝીણી વાત, બાપુ ! એક ક્ષણનો ધર્મ જન્મ-મરણનો અંત લાવવાની ચીજની વાત છે. બાકી તો અનંત વાર.. આહા..! ભક્તિ કરી, લાખો, કરોડો, અબજોના દાન કર્યા, લાખો, કરોડો, અબજોના મંદિર બનાવ્યા. એમાં શું આવ્યું ? એમાં તો તારો ભાવ હોય તો શુભ છે અને એ ક્રિયા થાય છે એ તો પરથી થાય છે, તારા ભાવથી થાય છે એમ નથી. આહા..હા...!

અહીંયા તો જેને આત્માનું કલ્યાણ કરવું હોય, જન્મ-મરણના ચોરાશીના અવતાર કરતાં કરતાં એ દુઃખી પ્રાણી છે. આહા..હા...! ચાહે તો એ અબજોપતિ હોય કે મોટા રાજા હોય કે ઇન્દ્ર હોય, આત્માના સ્વભાવથી વિપરીત પુણ્ય-પાપના ભાવમાં પડ્યા છે એ દુઃખી છે. ભાવમાં, હોં ! પુણ્ય-પાપનું ફળ જે ધૂળ મળે છે, લક્ષ્મી આદિ ધૂળ છે એની વાત નથી.

મુમુક્ષુ :– લક્ષ્મી આદિ એની પાસે આવતા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લક્ષ્મી એની પાસે આવે છે ? આત્મા તો અરૂપી છે એની પાસે લક્ષ્મી ક્યાંથી આવે ? લક્ષ્મી તો જડ છે, લક્ષ્મી તો જડ છે. પરમાણુ માટી–ધૂળ છે. જીવમાં તો એનો અભાવ છે. અજીવમાં અજીવનો ભાવ છે. અજીવમાં જીવનો ભાવ છે ? અને જીવના ભાવમાં અજીવભાવ છે? અરે...! કદી કર્યું નથી ને સાંભળ્યું નથી. આહા..હા...!

અહીંયા તો કહે છે કે **'ધ્યાન તે સાધકનું કર્તવ્ય છે.'** આહા..હા..! જેણે આત્માનું સાધન કરવું હોય... આહા..હા..! એનું કર્તવ્ય તો ધ્યાન છે. પોતાની ચીજ જે અંદર પૂર્ણ ધ્રુવ છે એને ધ્યેય બનાવી પર્યાયમાં એમાં એકાગ્રતા કરવી. આહા..હા...! એ સાધક જીવનું કાર્ય નામ કર્તવ્ય છે. આહા..હા...! આ બધો વ્યવહાર તો ઉડી જાય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ.. શેઠ ! આ બધા તીર્થ ફંડ કરવા ને ઢીકણું કરવું ને... એમાં શું કરે ? એ તો પરની જડની ક્રિયા છે. એમાં કદાચિત્ શુભરાગ હોય એ પણ રાગ છે, દુઃખ છે. આહા..હા...! પ્રભુનો માર્ગ જુદો છે.

મુમુક્ષુ :– એના ફળમાં અનુકૂળ પદાર્થ મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળ પણ નથી. અનુકૂળ નથી, એ જ્ઞેય છે. અનુકૂળ ક્યાંથી લાવ્યા ? અનુકૂળ કહેવું કોને ? જ્ઞાનમાં પર પદાર્થ જ્ઞેય તરીકે છે. એમાં આ ઇષ્ટ છે કે અનિષ્ટ એવું કોઈ જ્ઞેયમાં નથી. આહા..હા...! આ તો મુદ્દાની રકમ અનાદિથી કદી કરી જ નથી અને બહારમાં માની લીધું કે અમે ધર્મ કરીએ છીએ. ભગવાનના મંદિરમાં જાઓ, પૂજા-ભક્તિ કરી, લાખ, બે લાખ, પાંચ લાખ, દસ લાખના દાન દીધા, બસ ! થઈ ગયો ધર્મ. ધૂળમાં પણ ધર્મ નથી, સાંભળ તો ખરો.

અહીં પરમેશ્વર જિનેશ્વર ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આવ્યું એ સંતો કહે છે અને એ જ બેનની વાણીમાં આવ્યું છે. આહા..હા...! એ તો જોયું છે ને આખું ? આ આખું જોયું છે ને ? ઘરે આવી ગયું છે. પુસ્તક ભેટ આવી ગયા. પૂછ્યું હતું, ત્યાં આવ્યા હતા. વાંચ્યું છે પણ વાંચે એમાં સમજે શું ? મોટા કૃષિ પંડિત છે. સરકાર તરફથી ખેતરના પંડિતનું બિરૂદ મળ્યું છે.

અહીં તો કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો. આહા..હા...! આચાર્યો ભગવાન તરીકે સંબોધન કરીને ઉપદેશ આપે છે. આહા..હા...! 'સમયસાર' પ્રથમ ગાથામાં એ લીધું કે અનંત અનંત અનંત અનંત સિદ્ધ જે થયા, આચાર્ય કહે છે, પ્રભુ ! હું એમ કહું છું, મારી પર્યાયમાં તો અનંત સિદ્ધોને સ્થાપ્યા છે, હે શ્રોતાઓ ! તમારી પર્યાય અલ્પજ્ઞ છે... આહા..હા...! એમાં અનંત સિદ્ધને સ્થાપ. આહા..હા...! રાગમાં નહિ, રાગ તો ભિન્ન ચીજ છે. આહા..હા...! ઝીણી વાત છે, પ્રભુ ! ચાલતા પંથથી ભગવાનનો માર્ગ કોઈ જુદી જાતનો છે. સવારે કહ્યું નહિ ? એક જાપાનીી માણસ છે. મોટો ઇતિહાસીક શોધક છે. ત્રેંસઠ વર્ષની ઉંમર છે. તમે વાંચ્યું નથી ? નથી વાંચ્યું. અહીં પાનું છે. પાનું છે ? અંદર હશે. આ અહીંયા છે. એમાં લેખ આવ્યો છે. ત્રેસઠ વર્ષની ઉંમર છે. એણે બહુ ઇતિહાસ શોધ્યો. એનો છોકરો સત્તર વર્ષનો છે. દસ અને સાત. એને પણ એમાં રસ છે. જાપાન. તો એમાં લખ્યું છે, બોલ છે, પછી વાંચી લેજો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- સાર તો આપ સંભળાવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કહીએ છીએ ને. એણે લખ્યું છે, જૈનધર્મ શું છે ? અમે આખો ઇતિહાસ અને હજારો શાસ્ત્ર વાંચીને કહીએ છીએ જૈનધર્મ શું છે ? એમાં લેખ છે. આહા..હા...! છે ? જુઓ ! જૈનધર્મ પૂર્ણ રીતે આત્માનુભૂતિ પર આધારિત છે. જાપાની ઇતિહાસીક શોધક લાખો પુસ્તક શોધીને, વાંચીને જૈનનું તત્ત્વ વાંચીને આ જૈન શું કહે છે ? ભલે એને બેસે ન બેસે, જુદી વાત છે. પણ જૈનધર્મ શું છે ? લખ્યું છે કે આત્માનુભૂતિ પર આધારિત છે. આહા..હા...! જેમાં ગુરુ ઉપદેશ અને પ્રવચનનું કોઈ સ્થાન નથી. કોઈ પરના નિમિત્તનું એમાં સ્થાન નથી.

મુમુક્ષુ :- નિમિત્ત વિના તો ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- નિમિત્ત વિના જ થાય છે. નિમિત્તના લક્ષે જે જ્ઞાન થયું એનાથી પણ આત્માનું ભાન નથી થતું. આ તો મૂળ માર્ગ સૂક્ષ્મ છે, ભાઈ ! સમવસરણમાં ભગવાનની વાણી સાંભળી. પોતામાં જ્ઞાનની પર્યાય થઈ એમાં તો નિમિત્ત છે, પણ નિમિત્તથી થઈ નથી, પોતાથી થઈ છે. એ જ્ઞાનની પર્યાય પણ વાસ્તવિક જ્ઞાન નહિ. એ જ્ઞાનની પર્યાયથી પણ ધર્મ થતો નથી. આ બધા પૈસાવાળા પૈસામાં ઘુસી ગયા ને પછી થઈ રહ્યું, જાવ જિંદગી (ચાલી ગઈ). આહા..હા...!

ત્રણ લોકનો નાથ આનંદકંદ પ્રભુ, એને રાગના એકત્વનો મોહ તોડીને,... આહા..હા..! અંતરમાં અનુભવ, આત્માના આનંદનો અનુભવ (થવો) એ જૈન ધર્મ છે. આ જાપાની પંડિત ઇતિહાસીક (લખે છે). મોટી સંસ્થા છે એનો સ્થાપક છે. અંદર લખ્યું છે. એણે કાઢ્યું અને અહીં જૈન ધર્મમાં જન્મ્યા એને ખબર નથી. આહા..હા..! અને નિર્વાણમય છે. આ આત્મા વસ્તુ છે એ નિર્વાણમય છે. એણે એમ ભાષા લખી છે. આપણી જૈનદર્શનની ભાષા છે, આત્મા મુક્તસ્વરૂપ છે. વસ્તુ મુક્તસ્વરૂપ-નિર્વાણસ્વરૂપ જ છે. એણે નિર્વાણ લીધું છે. સવારે બતાવ્યું હતું. 'સમયસાર' ૧૯૮ કળશ. એમાં 'स हि मुक्त एव' (આવે છે). ભગવાન આત્મા શુભરાગના વિકલ્પના બંધથી પણ રહિત છે. ભાઈ ! એ વાત ઝીણી છે, પ્રભુ ! આહા..હા...! તારી પ્રભુતા ભગવંત ! તારી પ્રભુતાની શક્તિ એટલી અપાર છે કે એને અંતર દૃષ્ટિમાં લેવામાં એમાં અકાર્યકારણ નામનો પ્રભુમાં ગુણ પડ્યો છે. આત્મામાં અકાર્યકારણ નામનો ગુણ છે. એ ગુણનો ધરનારો ભગવાન, એની દૃષ્ટિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરવામાં, ધ્યાન કરવામાં એ પર્યાયમાં કોઈ રાગની મદદ મળે તો ધ્યાન કરી શકે, વ્યવહારની મદદ થાય તો સમ્યગ્દર્શન થઈ શકે, એમ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ ? આવી વાતું લોકો બિચારા એમ ને એમ જિંદગી (ગાળે છે). બિચારા કેમ કહ્યું ? શાસ્ત્ર વરાંકા કહે છે. શાસ્ત્રમાં અબજોપતિ હો કે ઇન્દ્ર હો, એને વરાંકા કહે છે. ભિખારી ! તારી ચીજમાં અનંત આનંદની લક્ષ્મી અંદર પડી છે એની તને પ્રતીત અને કિંમત નથી અને બહારની વસ્તુની તને કિંમત છે. ભિખારી ! આત્મ બાદશાહને તું ભૂલી ગયો. એને મુનિને ક્યાં પડી છે ? જગતને ઠીક લાગે કે ન લાગે. એ તો નગ્ન મુનિ નાગા છે. નાગા બાદશાહથી આઘા છે. આહા..હા...! અબજોપતિ હો... સમજાય છે કાંઈ ? એ તો ધૂળ છે. એ લક્ષ્મી તારી છે ક્યાં ? તારામાં તો અનંત આનંદ, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ, અનંત અવિકારી શક્તિથી ભરેલો, શાંતરસથી ભરેલો પ્રભુ.. આહા..હા...! એ લક્ષ્મીની તને કિંમત નથી. જેને સંયોગની કિંમત છે, જેને શુભરાગ આવે છે એની કિંમત છે, જેને વર્તમાન પર્યાયમાં જ્ઞાનના ક્ષયોપશમનો અંશ જે છે તેની જેને કિંમત છે, એને અંતર ત્રિકાળી ચીજની કિંમત નથી. ઝીણી વાત છે, ભાઈ ! ક્યાં ગયા પંડિતજી ? બેઠા છે ? એ કહેતા હતા કે અમને સાંભળવા મળ્યું નથી. છે પંડિત. આહા..હા...!

પ્રભુ ! તારી પ્રભુતા.. એક એક શક્તિમાં અનંતી પ્રભુતા પડી છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, વીર્ય, સ્વચ્છત્વ, કર્તૃત્વ, જીવત્વ, ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિ, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશત્વ, અસંકોચવિકાસ, પરિણમ્યપરિણામકત્વ, ત્યાગઉપાદાનશૂન્યત્વ, અગુરુલઘુત્વ એવી ૪૭ શક્તિ છે. એક એક શક્તિમાં અનંતી પ્રભુતા પડી છે. કેમ કે એક એક શક્તિમાં પ્રભુત્વ ગુણ જુદો છે એનું રૂપ એમાં છે. આહા..હા...! એવી અનંતી શક્તિ–ગુણ, જેનો અંત નથી. પ્રભુ ! એ શું વાત છે ? અનંત એટલા ગુણ–શક્તિ છે કે એનો અંત નથી કે આ છેલ્લો ગુણ છે. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંતમાં છેલ્લો (ગુણ) છે એવી કોઈ ચીજ નથી. આહા..હા...! ક્ષેત્ર ભલે અસંખ્ય પ્રદેશ હો, શરીર પ્રમાણે ક્ષેત્ર ભિન્ન છે, પણ એના ગુણની સંખ્યા જે છે.. બહુ સૂક્ષ્મ વાત છે, ભગવંત ! એ ગુણની સંખ્યામાં અનંત.. અનંત.. અનંત.. અનંત (છે). તો પણ અનંતનો છેલ્લો ગુણ છે એમ અનંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનંત અનંત અનંત કરતાં છેલ્લો આ ગુણ છે એમ આવતું નથી. આહા..હા...! એવા અમાપ બેહદ અનંત શક્તિનો ભંડાર પ્રભુ (છે). આહા..હા...! અને એક એક શક્તિમાં અનંત શક્તિનું સ્વરૂપ-રૂપ (છે).

જ્ઞાન છે, જ્ઞાન તો છે, અસ્તિત્વ છે એ પણ છે. પણ જ્ઞાનમાં છે પડ્યું છે એ અસ્તિત્વનું રૂપ છે. એમ અનંત ગુણમાં એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. આહા..હા..! એ આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, એને ધ્યાનમાં લેવો. એ ધ્યાનની પર્યાય નિર્વિકલ્પ થાય છે. તે વિના સમ્યગ્દર્શન થતું નથી. ધર્મની પહેલી સીઢી એ સમ્યગ્દર્શન. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** 'દ્રવ્ય સંગ્રહ'માં ગાથા છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

બેને પહેલાં અહીંયા એમ કહ્યું કે, **'ધ્યાન તે સાધકનું કર્તવ્ય છે.'** ધ્યાન તે ધર્મી જીવનું કાર્ય છે. આહા..હા...! **'પણ તે તારાથી ન થાય...'** અંતરમાં ધ્યાનમાં ન જઈ શકે તો **'શ્રદ્ધા તો બરાબર કરજે જ.'** શ્રદ્ધામાં તો એમ લેજે કે અંતરમાં જવું અને અંતરમાં ઉતરવું એ ધ્યાન જ કર્તવ્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? **'પણ તે તારાથી ન થાય તો શ્રદ્ધા તો બરાબર કરજે જ.'** શ્રદ્ધામાં તો એમ લેજે કે પૂર્ણાનંદના નાથના ધ્યાનમાં જવું એ જ મોક્ષનો માર્ગ છે. બાકી બધું થોથા છે. આહા..હા..! એવી શ્રદ્ધા તો જરૂર કરજે, પ્રભુ ! એ વિના તને રસ્તો હાથ નહિ આવે. આકરી વાત છે, ભાઈ ! સત્ય વાત આવી છે. આહા..હા...!

**'તારામાં અગાધ શક્તિ ભરી છે;...'** પ્રભુ ! આહા...! અગાધ શક્તિનો અર્થ- એ શક્તિ નામ ગુણ અગાધ છે, અપાર છે. આહા..હા...! સંખ્યા જે અનંત છે એ અનંત શક્તિ-ગુણ સ્વરૂપ, એ અનંત શક્તિનો અગાધ ભાવ છે. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંતને અનંત ગુણા ગુણો તો પણ એનો અંત નથી, એવી અનંત અગાધ શક્તિ પડી છે. આહા..હા...! અરે..! આવી વાત ? મોટા પંડિતોના પણ પાણી ઉતરી જાય એવું છે. આહા..હા...!

કહે છે, **'તારામાં અગાધ શક્તિ ભરી છે;...'** કોઈ બહારથી લાવવાની નથી. આહા..હા...! પ્રભુ ! જેને આત્મા કહીએ એમાં તો અનંત અગાધ શક્તિ ભરી છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય, એવી એવી અનંત પર્યાયનો પિંડ તો એક જ્ઞાનગુણ છે. આહા..હા...! એક ગુણની અનંતી કેવળજ્ઞાન આદિ પર્યાય અને એક ગુણની અનંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શક્તિ, એમાં અનંત ગુણનું રૂપ, આહા..હા...! ભગવાન ! તારામાં એવી અગાધ શક્તિ ભરી છે ને, નાથ ! પ્રભુ ! તું ક્યાં શોધવા જાય છે ? આહા..હા...! મૃગ–હરણની નાભિમાં કસ્તૂરી. હરણ કસ્તૂરીને જંગલમાં ગોતવા જાય છે. મૃગલાની નાભિમાં કસ્તૂરી (છે). ગંધ આવે છે તો બહારથી આવે છે એમ એને લાગે છે. અંદરમાં છે એની એને ખબર નથી. આહા..હા...! એમ મૃગલા જેવા પ્રાણી, 'મનુષ્યસ્વરૂપ મૃગા ચરંતી' મનુષ્યના રૂપમાં છે પણ પોતાની અગાધ શક્તિની પ્રતીતિ અને જ્ઞાન નથી. એ મૃગ જેવા રાગમાં અને પરમાં પોતાપણું માનીને ચાર ગતિમાં રખડે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત ધારી નગ્ન મુનિ (થયો), અઠ્યાવીસ મૂળગુણ અનંતવાર લીધા. એ શું વસ્તુ છે? એ કોઈ ચીજ–વસ્તુ છે ? આત્માની અગાધ શક્તિમાં એ શક્તિ–વસ્તુ છે ? 'મુનિ વ્રત ધાર અનંત બાર ગ્રૈવેયક ઉપજાયો, પર આતમ જ્ઞાન બિન લેશ ન સુખ પાયો.' એ પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ પણ દુઃખ છે, રાગ છે અને દુઃખ છે. 'છ ઢાળા'માં આવે છે. 'છ ઢાળા' પાઠશાળામાં ચાલે છે પણ અર્થની ખબર ક્યાં ? જય નારાયણ. શીખે ને આ શેઠિયાઓ બીજાને પૈસા આપે એટલે થઈ રહ્યું, જાઓ, ધર્મ થઈ ગયો. ધૂળમાં પણ ધર્મ નથી, સાંભળ તો ખરો. ધૂળમાં નથી, એનો અર્થ ત્યાં પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી. આહા..હા...!

જેને આત્મા અનંત અગાધ શક્તિનો પિંડ પ્રભુ, એની દૃષ્ટિમાં એનો સ્વીકાર થાય અને અગાધ શક્તિનો વિશ્વાસ આવ્યો. હું તો અગાધ અનંત અનંત શક્તિનો પિંડ ભગવાન (છું), એમ વિશ્વાસ આવ્યો. એ વિશ્વાસથી પર્યાય, રાગ અને નિમિત્તની રુચિ છૂટી ગઈ. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ વિશ્વાસ તો સ્વ તરફનું લક્ષ કરે, ધ્યાન કરે તો આવશે. આહા..હા...! ઝીણી વાત છે, બાપુ ! કોને પડી છે ? બહારમાં આ ખાવા, પીવા, બાયડી, છોકરા બાવીસ કલાક સાચવીને પાપ કરીને મરી જાય. આહા..! ધર્મ તો નથી પણ ત્યાં તો પુણ્ય પણ નથી. આહા..હા...!

અહીં તો કહે છે, કદાચિત્ અશુભભાવ છોડીને એણે શુભ (ભાવ) કર્યા એ પણ દુઃખરૂપ દશા છે. આહા..હા...! એનાથી રહિત ભગવાન અંતર અનંત ગુણનો પિંડ પ્રભુ, એને જ્ઞાનની પર્યાયમાં સ્વીકાર કરવો, શ્રદ્ધાની પર્યાયમાં એને શ્રદ્ધામાં લાવવો. આહા..હા...! એ શ્રદ્ધા અને જ્ઞાનની પર્યાય ધ્યેયનું લક્ષ કરતાં થાય છે. સૂક્ષ્મ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે, ભાઈ !

એ કહે છે, જુઓ ! **'તારામાં અગાધ શક્તિ ભરી છે; તેનું યથાર્થ શ્રદ્ધાન તો અવશ્ય કરવા યોગ્ય છે.'** આહા..હા...! છે ૧૭૯. આ તો ૪૧૩ બોલ છે. આવા આવા ૪૧૩ બોલ છે. બેને કહ્યું હશે, દીકરીઓએ લખી લીધું હતું. એમાંથી તારવીને એમના ભાઈએ આ બનાવ્યું. જ્યારે પુસ્તક મારા હાથમાં આવ્યું... અત્યાર સુધી વીસ લાખ પુસ્તક છપાયા છે. અમે કોઈને કહ્યું નથી કે પુસ્તક છપાવો કે કરો, બનાવો, અમે તો કોઈને કહ્યું નથી. આ મકાન (-મંદિર) બનાવો કે આ (બનાવે એમ) અમે કોઈને કહ્યું નથી. અમે તો તત્ત્વની વાત કરીએ છીએ. સમજાય છે કાંઈ ? પણ આ પુસ્તક જ્યાં હાથમાં આવ્યું.. આહા..હા...! 'રામજીભાઈ'ને કહ્યું, ભાઈ ! આ લાખ પુસ્તક બનાવો. વીસ લાખ તો છપાય ગયા છે. અમે તો કદી કીધું નથી. દુનિયા કરે છે. પ્રમુખ કહે છે અને એ લોકો કરે છે. સમજાય છે કાંઈ ?

આજે એક પત્ર આવ્યો છે. કોઈ શાસ્ત્રી છે. 'ભીંડ', 'ભીંડ'માં છે. અમારી ઉપર પત્ર આવ્યો છે. મહારાજ ! તમારાથી ઘણો પ્રચાર થયો પણ જૈનધર્મ સુધી એની મર્યાદા રહી. પણ ઇસુ ખ્રિસ્તી, બ્રાહ્મણ વેશ ત્યાં ન આવ્યા તો ફિલ્મ બનાવો. અરે..! ભાઈ ! અમે તો કદી કહ્યું નથી, અમે પ્રચાર કરવા આવ્યા નથી. અમને તો આ આવે છે, વિકલ્પ આવે છે તો આ વાત આવે છે. અમે કોઈને બનાવીએ છીએ ને રચીએ છીએ, પ્રસાર કર્યો (એમ નથી). સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :- અમારા લાભની વાત તો તમારે કહેવી જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ વાત થાય છે. એની ફિલ્મ બનાવો, હજારો ગાયન બનાવો. તમારું નામ રહેશે. હવે નામ અમારું છે ક્યાં ? મોટો કાગળ આવ્યો છે. કોઈ શાસ્ત્રી છે. 'ભીંડ.. ભીંડ' ને ? ત્યાં અમે હતા ને ? હમણાં ગયા હતા ને ? 'કુરાવડ' ગયા હતા. પંચ કલ્યાણક હતા ને ? દસ, બાર હજાર માણસ આવ્યા હતા. 'કુરાવડ'માં. અને 'ભીંડ'માં કોઈક (સાધુ) હતા. આ વાત.. બાપુ ! આહા..!

વસ્તુ જે પાતાળમાં પડી છે, અંદર ગુણ (પડ્યા છે).. આહા..હા...! એક સમયની પર્યાયની સમીપમાં ભિન્ન પડી છે. પર્યાયથી ભિન્ન છે. રાગથી તો ભિન્ન છે. પર, શરીર, વાણી, લક્ષ્મીથી તો પ્રભુ ભિન્ન છે પણ એની એક સમયની પર્યાયથી પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વસ્તુ ભિન્ન છે. પર્યાયમાં વસ્તુ આવી નથી ગઈ. આહા..હા...! અરે..! આવું ક્યાં સાંભળવા મળે નહિ. જીવન ચાલ્યા જશે, પ્રભુ ! મોતના નગારા માથે વાગે છે. એક સમય એવો આવશે કે શરીર છૂટી જશે. આહા..હા..! પહેલાં કહીને નહિ આવે કે હવે મોત આવે છે. તૈયારી કર. એમ કહીને આવે છે ? આહા..હા...! કેમ કે દેહ તો જડ છે, સંયોગી છે તો છૂટશે જ છૂટશે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં કહે છે, **'તેનું યથાર્થ શ્રદ્ધાન તો અવશ્ય કરવા યોગ્ય છે.'** ૧૭૯ થયો.

**અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે; આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે. જેમ ગુફામાં જવું હોય તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે, પછી પોતાને એકલાને અંદર જવું પડે, તેમ ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે, ભેદવાદો બધા છૂટી જાય છે. ઓળખવા માટે 'ચેતન કેવો છે', 'આ જ્ઞાન છે', 'આ દર્શન છે', 'આ વિભાવ છે', 'આ કર્મ છે', 'આ નય છે' એમ બધું આવે, પણ જ્યાં અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે. એક એક વિકલ્પ છોડવા જાય તો કાંઈ છૂટે નહિ, અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે. ૧૮૦.**

**'અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે;...'** શું કહે છે ? ભગવાન આત્મા.. પોતાની પર્યાયમાં જે જ્ઞાનનો ઉપયોગ છે એ જ્યારે અંતરમાં જાય છે ત્યારે હું શુદ્ધ છું ને બુદ્ધ છું ને પરિપૂર્ણ છું એવા વિકલ્પ પણ ત્યાં છૂટી જાય છે. હું પર્યાયવાન છું એમ તો છે જ નહિ, હું તો ત્રિકાળી શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું એવો વિકલ્પ, જે રાગની વૃત્તિ આવે છે (તે પણ છૂટી જાય છે). આહા..હા...! હિન્દી છે ને ? હિન્દી ? હિન્દી છે.

**'અંદર ઉપયોગ જાય...'** જ્ઞાનની વર્તમાન પરિણતિનો વેપાર અંતર તળમાં ધ્રુવ તરફ જાય. આહા..હા...! છે ? **'બધા નયપક્ષ છૂટી જાય છે;...'** વ્યવહારનો રાગ હું છું એ નયપક્ષ તો છૂટી જ જાય છે, પણ હું રાગરહિત છું એવો નયપક્ષ-વિકલ્પ-પણ છૂટી જાય છે. આહા..હા...! આવી વાતું છે. પ્રભુ ! શું થાય ? ભરતક્ષેત્રમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સર્વજ્ઞની ગેરહાજરી. હાજરી–મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે, એમણે કહેલો માર્ગ આ છે. સમજાય છે કાંઈ ? ચાહે તો જગતને બેસે, ન બેસે પણ વસ્તુ તો આ છે. આહા..હા...! કહ્યું હતું ને ? સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરના ભરતક્ષેત્રમાં વિરહ છે અને સર્વજ્ઞપણાની પર્યાયની ઉત્પત્તિનો વિરહ. આહા..હા...! અરે...! અવધિ ને મનઃપર્યય આદિની ઉત્પત્તિનો વિરહ પડી ગયો. એમાં આવો માર્ગ, જે શ્રુતજ્ઞાનની પર્યાયથી (જાણવામાં આવે છે.) આહા..હા...! શાસ્ત્રથી પણ નહિ. આહા..!

હું શુદ્ધ ચૈતન્ય છું, અભેદ છું, અખંડ છું, એક છું એવી વૃત્તિ, રાગ ઉઠે છે એ વિકલ્પ છે. આહા..હા...! તે પણ અંતરમાં જાય છે ત્યાં **'दुविहं पि मोक्खहेउं झाणे'** અંદર ધ્યાનમાં જાય છે, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા અંદર ધ્યાનમાં જાય છે ત્યારે એ નય વિકલ્પ છૂટી જાય છે. આહા..હા...! આકરું પડે, ભાઈ ! શું કરીએ ? માર્ગ તો આ છે. સમજાય છે કાંઈ ?

'પદ્મનંદી પંચવિંશતિઃ' છે. અધિકાર ૨૬ છે. 'પદ્મનંદી' મુનિ થઈ ગયા છે. દિગંબર સંત વનવાસી. એમણે 'પદ્મનંદી પંચવિંશતિઃ' બનાવ્યું. ૨૬. ૨૬ અધિકારમાં બ્રહ્મચર્યનો એવો અધિકાર બનાવ્યો. ઓહો..હો...! બ્રહ્મચર્યનો અધિકાર કરતાં કરતાં કરતાં (કહે છે), પ્રભુ ! બ્રહ્મ નામ આત્માના આનંદ સ્વરૂપમાં ચરવું નામ રમવું એનું નામ બ્રહ્મચર્ય છે. આહા..હા...! આવી વ્યાખ્યા ઘણી કરી. 'પંદ્મનંદી પંચવિંશતિઃ'. પછી કહ્યું, સંત છે, આચાર્ય છે, ભગવતસ્વરૂપ અંદર પરમેશ્વરપદ છે. હે યુવાનો ! મારી વાત તમને ન રુચે, તમે આ વિષયની વાસનાના પ્રેમમાં ફસાઈ ગયા અને હું કહું છું, રાગથી પણ ભિન્ન ભગવાન એવા આનંદના નાથમાં રમવું એ બ્રહ્મચર્ય છે. પ્રભુ ! તમને ન જચે (રૂચે) તો માફ કરજો, પ્રભુ ! અમે તો મુનિ છીએ, બીજું શું કહીએ ? આહા..હા..! અમારી પાસે બીજી શું આશા રાખીશ ? નાથ ! તને ન રુચે તો માફ કરજે. માર્ગ તો આ છે. 'પદ્મનંદી પંચવિંશતિઃ' એનો એક એક અધિકાર... ૨૬ અધિકાર છે પણ નામ આપ્યું છે 'પદ્મનંદી પંચવિંશતિઃ'. કેમ કે 'પદ્મનંદી'માં પ.. પ. નો સંબંધ છે ને ? નહિતર છે તો અધિકાર ૨૬. બધું વાંચ્યું છે ને ? સભામાં (પણ વાંચ્યું છે). આહા..હા...!

એમ અહીં આચાર્ય કહે છે, બેન કહે છે, અત્યારે લ્યો ને. આ વાત અમે કહીએ છીએ એ તને ન રુચે તો માફ કરજે, પ્રભુ ! બીજું શું કહીએ ? માર્ગ તો આ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાઈ ! આહા..હા...!

**‘આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે.’** આહા..હા...! જ્યારે એની પરિણતિ, પર્યાય અંદર ધ્યાનમાં જાય છે. સમ્યગ્દર્શન થયું તે ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શન કોઈ બાહ્યની ક્રિયાકાંડમાં આ માન્યું ને તે માન્યું, એમાં થતું નથી. એ તો અંતરમાં **‘दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा’** એવો પાઠ છે. ‘દ્રવ્ય સંગ્રહ’, જે પાઠશાળામાં ભણાવે છે. સમ્યગ્દર્શન, મોક્ષનો નિશ્ચય સત્ય માર્ગ, એ અંતર ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવી વાત છે. **‘આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે.’**

**‘જેમ ગુફામાં જવું હોય...’** ગુફા.. ગુફા. **‘તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે,...’** વાહન મોટર હો કે ઘોડાગાડી હો, પ્રવેશદ્વાર સુધી જાય. **‘પછી પોતાને એકલાને અંદર જવું પડે,...’** દૃષ્ટાંત તો જુઓ. આહા..હા..! એ મોટર લઈને ગુફામાં ન જઈ શકે. સમજાય છે કાંઈ ? (વાહન) છોડીને એકલાને ગુફામાં જવું પડે છે. છે ? **‘પછી પોતાને એકલાને અંદર જવું પડે, તેમ...’** એ દૃષ્ટાંત થયું. **‘ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે,...’** આહા..હા..! ભગવાન આત્મા.. અરે..! આઠ વર્ષની બાલિકા હો કે સાતમી નરકનો નારકી હો, એના દુઃખની અપારતા, તેંત્રીસ સાગરની સ્થિતિ.. આહા..હા...! જેના ક્ષણના દુઃખો, પ્રભુ કહે છે, એક ક્ષણના દુઃખને કરોડો જીભ અને કરોડો ભવમાં ન કહી શકે, પ્રભુ ! એવા ક્ષણના દુઃખ તેં અનંત વાર અનંત સાગર ભોગવ્યા. આહા..હા...! એ પ્રાણી પણ નરકમાં હોવા છતાં જ્યારે સમકિત પામે છે ત્યારે અંતર ગુફામાં જાય છે. આહા..હા...! એટલા દુઃખ અને એવા સંયોગ, છતાં જ્યારે આત્મામાં અંદર જાય છે... આહા..હા..! તો હું શુદ્ધ છું ને બુદ્ધ છું એવા વિકલ્પના વાહન ત્યાં રોકાય જાય છે. આહા..હા...!

મુમુક્ષુ :– વાહન બરાબર સમજાણું નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ શું કહ્યું ? શેઠ સ્પષ્ટીકરણ કરાવે છે. વિકલ્પ જે ઉઠે છે એ વાહન છે, પણ વાહન ગુફામાં જાવાનું કામ ન કરી શકે. એમ ભગવાન આત્મા પહેલાં વિકલ્પમાં આવ્યો કે હું આત્મા છું, હું શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું, હું રાગ નહિ, શરીર નહિ, વાણી નહિ, મન નહિ એવો વિકલ્પ નામ રાગ આવ્યો, પણ એ રાગ સહિત અંદર ધ્યાનમાં જઈ શકે, એમ નથી. આવી વાત છે, પ્રભુ ! આ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શિક્ષણ શિબિર છે. ઘણા માણસો આવ્યા છે. આ તો જંગલમાં મકાન છે. પહેલાં જંગલમાં મકાન બન્યું હતું, આ (પરમાગમ મંદિર) તો હવે (બન્યું). આ મકાન સ્વાધ્યાય મંદિર (સંવત) ૧૯૯૪ જંગલમાં બન્યું હતું. અહીં તો પાડા બેસતા હતા. પણ એ બનવાનો કાળ છે તો બને છે. બનાવે કોણ ? ને રચાવે કોણ ? આહા..હા...! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– આપની કૃપાથી બન્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ બધી વાતું. એ જડની પર્યાય, પ્રભુ ! 'પ્રવચનસાર' ૧૦૨ ગાથામાં ભગવાન કહે છે કે જડની જે પર્યાય જે સમયે ત્યાં થવાની છે તે એનો જન્મક્ષણ–ઉત્પત્તિનો કાળ–છે તો થાય છે. મંદિરનું કોઈએ ધ્યાન રાખ્યું માટે ઉત્પન્ન કરાવે છે એમ નથી, એમ કહે છે. પ્રમુખ તો એ હતા ને ? ધ્યાન તો એમણે બહુ રાખ્યું છે.

મુમુક્ષુ :– કામ ઉપર ધ્યાન જ ક્યાં આપતો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંદર નહોતા આવતા પણ બહારમાં ધ્યાનમાં પૂછતા હતા બધાને. કેવું બન્યું છે ? સમજાય છે કાંઈ ? આહા..હા..! અમારે આ ભાઈ છે, આવ્યા છે કે નહિ ? એ ઇજનેર હતા. ધૂળમાં પણ (નથી). આહા..! પ્રભુ ! સાંભળ તો ખરો. એ એક એક પરમાણુમાં જ્યારે તે પર્યાયની ઉત્પાદ કાળ છે ત્યારે ઉત્પન્ન થાય છે. બીજો એ પર્યાયને ઉત્પન્ન કરાવી દે કે પૂર્વની પર્યાયથી પછીની પર્યાય ઉત્પન્ન થઈ એમ પણ નથી. નિમિત્તથી તો નહીં, પણ એ પર્યાય જે ઉત્પન્ન થઈ એમાં પહેલાંની પર્યાય હતી તેનાથી બીજી થઈ, એમ નથી. આહા..હા...! એ સમયે આ પર્યાય એ પ્રકારે ઉત્પન્ન થવાનો જન્મ નામ ઉત્પત્તિનો કાળ હતો તો ઉત્પન્ન થઈ છે. બીજો અભિમાન કરે કે મેં બનાવ્યું ને મેં કર્યું, બનાવો અભિમાન. આહા..હા..!

અહીં તો (કહે છે), એ તો છોડી દે. પરને મેં કર્યું એ વાત તો છોડી દે, પણ તું અંદરમાં જેવો છે તેવો વિકલ્પ આવે છે, શુભ-અશુભભાવ તો છોડી દે... આહા..હા..! પણ જેવી વસ્તુ છે એવો વિકલ્પ આવ્યો, રાગની મંદ વૃત્તિમાં વિચાર આવ્યો કે આ ભગવાન શુદ્ધ છે ને પરિપૂર્ણ છે. આહા..હા..! એ રાગની મંદતાની હદ, અંદરમાં જવાની એની તાકાત નથી.

મુમુક્ષુ :– બારણા સુધી તો પહોંચાડે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :– બારણું તો ખુલ્લું છે. પૂર્ણાનંદનો નાથ વ્યક્તપણે પ્રગટ પડ્યો છે. આહા..હા...! અરે..! બરફની.. હોય છે ને, 'મુંબઈ'માં ? પાટ. પચાસ પચાસ મણની બરફની પાટ. અમે તો જાઈએ ત્યારે ખટારામાં પચાસ પચાસ મણની બરફની પાટ, એવી બે-ત્રણ ખટારામાં પડી હોય. પચાસ પચાસ મણની બરફની ધોળી પાટ. આ ભગવાન તો અનંત ગુણની નિર્મળાનંદ પાટ છે. અરે..રે..! એને કેમ બેસે ? કોઈ દિ' વિચારમાં આવ્યું નહિ, આહા..હા..! સાંભળવા મળે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :– બરફ જેવી ઠંડી છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા. બરફ જેમ શીતળ.. શીતળ.. શીતળ પચાસ મણની પાટ પડી છે, એમ આ આત્મા અવિકારી શીતળ સ્વભાવની પાટ અંદર પડી છે.

મુમુક્ષુ :– બરફ જેવી છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– બરફની શીતળતા જડ છે અને આ શીતળતા ચૈતન્ય છે. આહા..હા..! આ દેહના રજકણથી ભિન્ન, કર્મના રજકણથી ભિન્ન, પુણ્ય ને પાપના ભાવથી ભિન્ન, પણ હું શુદ્ધ ને અભેદ અખંડ છું એવા વિકલ્પથી પણ ભિન્ન છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ ! માનો, ન માનો દુનિયા અનાદિથી રખડે છે. ચોરાશીના અવતાર કરીને દુઃખી થાય છે. આહા..હા..! એ જન્મ-મરણના અંત લાવવાની વસ્તુ, વિકલ્પને લઈને અંદર જઈ શકે એવી વસ્તુ નથી. આહા..હા..! એ ગુફા સુધી વાહન આવે પછી એકલાએ અંદર જવું પડે છે. એમ ભગવાન આત્મા અનંત અગાધ ગુણની ગુફાની અંતરમાં જવું હોય તો વિકલ્પથી જઈ ન શકે. આહા..હા..!

આ ગુણી–ભગવાન–પૂર્ણ છે અને અનંત અનંત ગુણ પૂર્ણ છે એવા ભેદનો વિકલ્પ રાગ છે. આહા..હા..! અંતરમાં વસ્તુમાં જવું હોય, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય.. આહા..હા...! હજી તો ચોથું ગુણસ્થાન, હોં ! સમકિત. પાંચમું, છઠ્ઠું એ તો બાપુ કોઈ અલૌકિક વાતું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ અહીં કહે છે, **'પોતે એકલો અંદર જાય છે,...'** ચૈતન્યની ગુફામાં જીવ સ્વયં એકલો અંદર જાય છે. **'ભેદવાદો બધા છૂટી જાય છે.'** શું કહે છે ? વિકલ્પ તો છૂટી જાય છે પણ હું ગુણી છું અને એમાં અનંત ગુણ છે એવા ભેદ પણ છૂટી જાય છે. આવી વાત. આહા..!

અગિયારમી ગાથામાં કહ્યું ને ? 'સમયસાર' ભાવાર્થમાં પંડિતજીએ (કહ્યું) કે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો જીવને અનાદિથી છે. પર્યાયનો ભેદ ને રાગનો ભેદ ને એનાથી લાભ થશે, એવો પક્ષ તો અનાદિથી છે. એક વાત. પરસ્પર પ્રરૂપણા પણ એ કરે છે. એ કહે કે, આનાથી લાભ થશે, રાગથી લાભ થશે, વ્યવહાર કરતાં (કરતાં લાભ) અંદર થશે. અચ્છા, આ વાત બરાબર છે. એમ અજ્ઞાનીઓ પરસ્પર આવી વાતો કરે છે. બે બોલ. ત્રીજો બોલ. જિનવાણીમાં પણ નિમિત્ત દેખીને, હસ્તાવલંબ જોઈને વ્યવહારનો ઉપદેશ ઘણો આવ્યો છે. છે ? અગિયારમી ગાથા. પણ ત્રણેનું ફળ સંસાર છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા..! જિનવાણીમાં પણ વ્યવહાર કહેવામાં આવ્યો છે, કે એને રાગ હોય છે, વ્યવહાર હોય છે પણ એનું ફળ સંસાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

અહીંયા કહે છે, **'ભેદવાદો બધા છૂટી જાય છે.'** આહા..હા...! **'ઓળખવા માટે...'** એ બધું આવે છે. પહેલાં વિકલ્પ આવે છે. આપણે હવે તેરમી ગાથામાં આવશે, નય, નિક્ષેપ, પ્રમાણ. સમજવા માટે એવા વિકલ્પ આવે છે. આહા..હા..! **'ઓળખવા માટે 'ચેતન કેવો છે', 'આ જ્ઞાન છે',...'** ચૈતન્યમાં જાણન.. જાણન.. જાણન.. જાણન... જાણન... ગુણ છે. **'આ દર્શન છે,...'** દૃષ્ટા–દેખવાનો ભાવ દર્શન છે. **'આ વિભાવ છે,...'** રાગનો વિકલ્પ ઉઠે છે એ વિભાવ, સ્વભાવથી વિરૂદ્ધ છે. આહા..! **'આ કર્મ છે,...'** જડ કર્મ છે **'આ નય છે'** હું શુદ્ધ છું એવો વિકલ્પ એ નય છે. **'પણ જ્યાં અંદર પ્રવેશ થાય..'** આહા..હા...! આવી વાતું. પછી લોકોને એકાંત લાગે ને ? સોનગઢ એકાંત કહે છે, એકાંતવાદી છે, એમ કહે છે. કહે.. કહે. અમને બધી ખબર છે.

મુમુક્ષુ :– એકાંતવાદીનો અર્થ જ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને ખબર ક્યાં છે ? આહા..હા..! એમ કે આ વ્રત ને તપ ને ભક્તિ કરે તો કલ્યાણ થશે, એમ તો કહેતા નથી અને એકલા આત્માના આશ્રયે કલ્યાણ થશે એમ નિશ્ચયથી કહે છે માટે એકાંતી છે, એમ કહે છે. કહો, પ્રભુ ! તમને ન બેસે શું કરીએ ? આહા..હા..!

અહીંયા તો કહે છે, **''આ નય છે' એમ બધું આવે, પણ જ્યાં અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.'** બહુ સરસ વાત આવી છે, ભાઈ ! ચૈતન્ય આનંદકંદ પ્રભુ, એની દૃષ્ટિ કરીને જ્યારે એમાં જાય છે... આહા..હા..! આ બધા વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પ સાથે રહેતા નથી. આહા..! ત્યારે એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય છે. ભારે વાતું, બાપુ ! આહા..! અહીં તો બે, ચાર લાખ રૂપિયા દે તો બસ ! ધર્મ ધુરંધર ! ધર્મ બહુ કર્યો ને ધર્મની મદદ કરી. ધૂળ પણ નથી, સાંભળ તો ખરો. એ અજ્ઞાનીઓના.. શું કહેવાય ઇ ? સર્ટીફિકેટ. હું કામ કરીશ. અજ્ઞાની થઈને સર્ટીફિકેટ આપે કે ઓહો..! આણે બહુ ધર્મ કર્યો. પાગલ લોકો તને તારો રિપોર્ટ આપે છે. ત્યાં કામ નહિ આવે. અહીં તો આમ છે. આહા..હા...!

અહીંયા તો અંદરમાં ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે છે એ પણ છૂટી જાય છે ત્યારે અંદર જઈ શકે છે, ત્યારે સમ્યગ્દર્શન પામી શકે છે. આહા..હા..! આવો માર્ગ છે, પ્રભુ ! આહા..હા..! પોકાર કરે છે. બેન કહે છે એ ભગવાન કહે છે અને ભગવાન કહે છે એ બેન કહે છે. સમજાય છે કાંઈ ?

'સમયસાર' ૧૪૩ ગાથામાં નથી કહેતા ? કે વ્યવહારનયનો તો અમે નિષેધ કરતાં આવ્યા જ છીએ પણ હું આત્મા પરિપૂર્ણ છું, શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું, એવો નિશ્ચયનયનો જે વિકલ્પ ઉઠે છે તેનો પણ અમે નિષેધ કરીએ છીએ, એ આ વાત છે. સમજાય છે કાંઈ ? ૧૪૩, 'સમયસાર'. આહા..હા...!

મુમુક્ષુ :- શું લખ્યું છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ લખ્યું છે ને. ૧૪૩ છે ને ? આ ૧૪૩ આવી, લ્યો ! (ગાથાર્થ) '**નયપક્ષથી રહિત જીવ, સમયથી પ્રતિબદ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો), બન્ને નયોના કથનને કેવળ જાણે જ છે પરંતુ નયપક્ષને જરા પણ ગ્રહણ કરતો નથી.**' આ 'કુંદકુંદાચાર્યદેવ'ના શબ્દ છે. અર્થમાં તો એમ લીધું છે, જુઓ ! વ્યવહારનય તો કહેતા આવ્યા છે, લખ્યું છે, હોં ! આગળ ભાવાર્થમાં છે ને ? આગળ વિશેષ છે. વ્યવહાર આવે છે ને ? વ્યવહારને છોડાવે છે. વ્યવહાર તો અમે છોડાવતા આવ્યા જ છીએ. પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ તો છોડાવતા આવ્યા જ છીએ, પણ કેવળ પરિપૂર્ણ પ્રભુ, અતીન્દ્રિય આનંદનું દળ, બરફની જેમ પાટ છે એમ અતીન્દ્રિય આનંદની પાટ પ્રભુ અંદર ધ્રુવ છે. એમાં પેસવા, એનું ધ્યાન કરવા, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા એ વિકલ્પ કામ નથી કરતા. નિશ્ચયનો વિકલ્પ પણ અમે છોડાવીએ છીએ, એમ કહે છે. આહા..હા...!

મુમુક્ષુ :- પણ તેથી શું, એમ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- તેથી શું ? આવે છે ને, ૧૪૨. એ પહેલાં કહી ગયા હતા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પહેલાં ઘણી વાર કીધું છે. જુઓ ! શું કહ્યું ? આહા..હા..! ૧૪૨, હોં ! ગાથા છે. **'તેથી શું ?'** એમ (મથાળામાં) કહ્યું છે. એટલે ? આત્મા અંદરમાં શુદ્ધ છું, બુદ્ધ છું, નિર્મળાનંદ છું, પરિપૂર્ણ છું એવો વિકલ્પ આવ્યો, પણ તેથી શું ? એમ કહે છે. તને તેનાથી શું લાભ થયો ? સમજાય છે કાંઈ ? ભાઈ ! ૧૪૨. પાઠ છે. **'किमात्मनि बद्धस्पृष्टं किमबद्धस्पृष्टं कर्मेति नयविभागनाह-'** એવા નયવિભાગથી કામ શું છે ? આહા..હા..! 'किम' આહા..હા..! 'किम' આહા..હા..! શુભાશુભભાવનો તો નિષેધ કરતા આવ્યા જ છીએ પણ હું પરિપૂર્ણ શુદ્ધ અખંડ આનંદકંદ છું, પરમાત્મ સ્વરૂપ છું, કારણપરમાત્મા હું છું, એવો નિશ્ચયનયના પક્ષનો વિકલ્પ આવ્યો, તેથી શું ? તેથી શું ? આહા..હા...! તેથી શું ? એનાથી તને આત્માનો લાભ શું થયો ? આહા..હા..!

અહીંયા એ કહ્યું, **'પણ જ્યાં અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.'** આહા..હા..! **'એક એક વિકલ્પ છોડવા જાય તો કાંઈ છૂટે નહિ.'** આ વ્યવહારનયના પક્ષનો વિકલ્પ છે ને આ નયનો વિકલ્પ છે એમ એક એકને છોડવા જાય તો નથી છૂટતા. આહા..હા..! અંતર જ્ઞાનાનંદ સ્વભાવમાં જ્યાં એકાગ્ર થાય છે ત્યારે બધા નયના વિકલ્પ છૂટી જાય છે. આહા..હા...! આવો ઉપદેશ. આ શિક્ષણ શિબિરમાં માણસો એકઠા થયા. પ્રભુ ! માર્ગ તો આ છે. પહેલાં એનો નિર્ણય તો કરવો જોઈએ. સમજાય છે કાંઈ ? એ કહ્યું, **'અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.'** એક એક વિકલ્પ છોડવા નથી પડતા. આહા..હા..! જ્ઞાયક ભગવાન આત્મા તરફ ઝુકવાથી ધ્યાનમાં આવી જાય છે ત્યાં બધા વિકલ્પ છૂટી જાય છે. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. બાકી બધી વાતું થોથાં છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

⌘ ⌘ ⌘

> **ઈશ્વરનયનું તાત્પર્ય એમ છે કે, પરને વશ થવારૂપ પરતંત્રતા તેં તારી સ્વતંત્રતા વડે ઊભી કરી છે, માટે તે પરવશતા પણ તું તારા સ્વતંત્ર સામર્થ્ય વડે તોડી શકીશ. તારી પરતંત્રતાના નાશ માટે તારે પર સામે જોઈને બેસી રહેવું પડે તેમ નથી.**
>
> **'પરમાગમસાર' બોલ નં. ૪૯**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શ્રાવણ સુદ ૧૪, ગુરુવાર તા. ૧૭-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૧૮૧-૧૮૩, પ્રવચન–૬૭**

**નિર્વિકલ્પ દશામાં 'આ ધ્યાન છે, આ ધ્યેય છે' એવા વિકલ્પો તૂટી ગયા હોય છે. જો કે જ્ઞાનીને સવિકલ્પ દશામાં પણ દૃષ્ટિ તો પરમાત્મતત્ત્વ પર જ હોય છે, તો પણ પંચ પરમેષ્ઠી, ધ્યાતા-ધ્યાન-ધ્યેય ઇત્યાદિ સંબંધી વિકલ્પો પણ હોય છે; પરંતુ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં વિકલ્પજાળ છૂટી જાય છે. શુભાશુભ વિકલ્પો રહેતા નથી. ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે. – એવો માર્ગ છે. ૧૮૧.**

૧૮૧ બોલ છે. સૂક્ષ્મ વિષય છે. અનંત કાળમાં અનંત અનંત અવતાર ધારણ કરીને કદી એણે સમ્યગ્દર્શન શું ચીજ છે, એ એણે પ્રગટ કરી નથી અને એ એને સમજાણી નથી. અનંત વાર મુનિવ્રત ધારણ કર્યા તો પણ આત્મજ્ઞાન શું ચીજ છે, એ અમલમાં ન લાવ્યો. આહા..! પંચ મહાવ્રતની ક્રિયા અનંત વાર (પાળી), અનંત વાર પાંચ સમિતિ, ગુપ્તિ લીધી. એ અનંત વાર થયું પણ આત્મજ્ઞાન, આત્મા શું ચીજ (વસ્તુ) છે એની દૃષ્ટિ, એનો અનુભવ કદી એક સેકંડ પણ કર્યો નથી. આહા..હા..! એ વસ્તુ વિના જન્મ-મરણ મટશે નહિ, પ્રભુ ! ચોરાશીના અવતાર અનંત અનંત કરે છે અને હજી અનંત કરશે, આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન નહિ પામે તો પરિભ્રમણમાં રખડશે. આહા..હા...! આ વાત જરી સૂક્ષ્મ વાત છે.

જ્યારે આત્મામાં સમ્યગ્દર્શન થાય છે... આહા..હા...! ધર્મની પહેલી સીઢી–સોપાન–આત્મામાં જ્યારે થાય છે ત્યારે શું થાય છે ? '**નિર્વિકલ્પ દશામાં...**'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા...! અંતરમાં આત્મા પૂર્ણાનંદ સ્વરૂપની દૃષ્ટિ કરી, એના અનુભવમાં જ્યારે આત્મા આવે છે ત્યારે **''આ ધ્યાન છે, આ ધ્યેય છે' એવા વિકલ્પો તૂટી ગયા હોય છે.'** આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! કદી સાંભળી નથી અને કદી કરી નથી. આહા..હા...! જ્યારે અંતરમાં નિર્વિકલ્પ ધ્યાન, સમ્યગ્દર્શન થાય છે... આહા..હા...! સમજાય છે કાંઈ ? ત્યારે આ શુભાશુભભાવ જે છે એ બધા તો બંધનું કારણ છે. મુનિને પણ આત્મજ્ઞાન થયા પછી પણ જે શુભરાગ આવે છે એ સંસાર છે. આહા..હા...! સૂક્ષ્મ વાત કદી એ સમજ્યો જ નથી. જગતનો વ્યવસાય ને જગતના ધંધા અને ધર્મને નામે પુણ્યના ધંધા કરીને અનાદિથી મરી ગયો.

અહીં કહે છે કે, જ્યારે આત્મામાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે ત્યારે અંદર નિર્વિકલ્પ દૃષ્ટિ થાય છે. **'નિર્વિકલ્પ દશામાં 'આ ધ્યાન છે, આ ધ્યેય છે'...'** આત્મા ધ્યેય છે. હું ધ્યાન કરું છું એવા રાગનો વિકલ્પ તૂટી જાય છે. આહા..હા...! શુભ-અશુભભાવની વાત તો શું કરવી, એ તો સંસારબંધનું કારણ છે, પણ હું આત્મા પવિત્ર છું, શુદ્ધ છું, અભેદ, અખંડ છું એવા જે વિકલ્પ, રાગની વૃત્તિ ઉત્પન્ન થાય છે, એ અંતરમાં જ્યારે સમ્યગ્દર્શન પામે છે તો નિર્વિકલ્પ દશામાં હું ધ્યાતા, ધ્યાન એવા વિકલ્પ પણ છૂટી જાય છે. આહા..હા...! આવો માર્ગ છે. અરે..રે...! એને જગતમાં રખડતા અનંત અવતારમાં કદી આ કર્યું નથી. સમજાય છે કાંઈ ? અબજોપતિ અનંત વાર થયો. મનુષ્ય થઈને અબજોપતિ (થયો). આહા..!

હમણાં વાત નહોતી સાંભળી ? દોઢ વર્ષ પહેલાં એક ભાઈ હતા. 'ગોવા.. ગોવા' બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. ગુજરાતી હતા, અમારા કાઠિયાવાડી 'પાણાસણા'ના (છે). 'ગોવા.. ગોવા' છે ને ? ત્યાં એનું ચાલીસ લાખનું તો મકાન છે. બંગલા છે, દસ-દસ લાખના બે બંગલા છે. સાઈઠ લાખ. અને બે અબજ ને ચાલીસ કરોડ રૂપિયા હતા. આહા..હા...! એ દોઢ વર્ષ પહેલાં એની સ્ત્રીને આ થયું હતું.. શું કહેવાય છે ? હેમરેજ. ભાઈ ! તમારા નામ પણ ભૂલી જવાય છે. હેમરેજ થઈ ગયું હતું તો 'ગોવા'થી 'મુંબઈ' દવા કરાવવા આવ્યા. હેમરેજ થયું હતું તો સ્ત્રી તો અસાધ્ય હતી. એમાં બે-ચાર દિવસ પછી રાત્રે ઉભા થયા. મને દુઃખે છે, બોલાવો ડૉક્ટરને. જ્યાં ડૉક્ટર આવ્યા ત્યાં તો દેહ છૂટી ગયો. આહા..હા...! કંઈ સાંભળવાનો વખત મળ્યો નહિ કે તું કોણ છો ? ને ક્યાં જઈશ ? આહા..હા...! સ્ત્રી અસાધ્ય હતી તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધણી મરી ગયો છે એ એને કહ્યું નહિ. મહિને, બે મહિને જરી સાધ્ય આવ્યું તો કહ્યું, શેઠ ગુજરી ગયા છે. આહા..હા..! આવી અવસ્થા જગતને અનંત વાર થઈ છે. એ કંઈ નવી ચીજ નથી. બે અબજ ચાલીસ કરોડ કોને કહે ? બસ્સો ચાલીસ કરોડ. આહા..હા...! ધૂળ છે. પાપમાં નિમિત્ત છે.

અહીંયા તો કહે છે કે એ છોડીને પુણ્યભાવ થયા.. આહા..હા...! એ પણ સંસારના પરિભ્રમણનું કારણ છે. અને એનાથી રહિત જ્યારે પોતાના આત્મામાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાના કાળમાં અંતરમાં નિર્વિકલ્પ રાગરહિત દશા થાય છે... આહા..હા...! ત્યારે તો હું ધ્યાન કરનારો છું અને આત્માનું ધ્યાન કરું છું, એવો રાગ પણ રહેતો નથી, છૂટી જાય છે. ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા...! ગજબ વાત છે, ભાઈ ! એણે કોઈ દિ' સાંભળી નથી. બહારથી બધી વાત મળી કે આમ કરો ને આમ કરો. મરી ગયા. મંદિર બનાવો ને ભગવાનની પ્રતિમા સ્થાપો. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં એ કહે છે, 'સમયસાર' ૧૪૩ ગાથામાં આવ્યું છે. એ વાત અહીંયા છે. જ્યારે નિર્વિકલ્પ દશા અંદરમાં સમ્યગ્દર્શનની દશા પ્રાપ્ત થવાના કાળે હું ધ્યાન અને ધ્યેય એવો રાગ છૂટી જાય છે. એ રાગ પણ એમાં નથી રહેતો. આહા..હા...! **'જો કે જ્ઞાનીને...'** જો કે ધર્મીને આત્માનું ભાન છે, હું આનંદ છું, હું પૂર્ણ શુદ્ધ પરમાત્મતત્ત્વ જ છું, એવી દૃષ્ટિ હોવા છતાં જ્ઞાનીને સવિકલ્પ દશામાં રાગ આવે છે. શુભરાગ પણ આવે છે અને અશુભરાગ પણ, જ્યાં સુધી વીતરાગ ન થાય, ત્યાં સુધી એવો રાગ આવે છે. ધર્મીને પણ અશુભરાગ થાય છે પણ એ સમયે પણ **'દૃષ્ટિ તો પરમાત્મતત્ત્વ પર જ હોય છે.'** આહા..હા...! એવા કાળે પણ ધર્મી જીવને પોતાનું પરમાત્મતત્ત્વ સ્વરૂપ, પરમાત્મા શુદ્ધ ચિદાનંદ (દૃષ્ટિમાં વર્તે છે). પરમાત્મા (એટલે) પર પરમાત્મા નહિ. પર પરમાત્મા ઉપર લક્ષ જશે તો રાગ થઈ જશે. પોતાના પરમાત્મતત્ત્વ પર જ દૃષ્ટિ હોય છે. સૂક્ષ્મ છે, ભાઈ ! સમજાય છે કાંઈ ?

સમ્યગ્દૃષ્ટિ જીવને.. (સમ્યગ્દર્શન) કેમ પ્રાપ્ત કરે છે એ વાત તો કરી. અંતર્મુખ થઈને વિકલ્પ છોડીને નિર્વિકલ્પ અનુભવ કરે તો સમ્યગ્દર્શન થાય છે. આહા..હા...! એ થયા પછી પણ વિકલ્પ આવે છે. સમજાય છે કાંઈ ? ધર્મીને આત્મજ્ઞાન થયું, આનંદનું ભાન છે એવા કાળે પણ અંતરમાં રહી શકતા નથી તો શુભ-અશુભભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવે છે. શુભ પણ આવે છે અને અશુભ પણ આવે છે. આહા..હા..! છતાં એ સવિકલ્પ દશામાં પણ **'દૃષ્ટિ તો પરમાત્મતત્ત્વ પર જ હોય છે.'** આહા..હા...! અરે..! ભાઈ ! આવો જૈનધર્મ. જૈનધર્મ એટલે વસ્તુનો ધર્મ, એ કોઈ પક્ષ નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

પોતાનો પરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ, નિમિત્તનું લક્ષ છોડી, રાગનું લક્ષ છોડી, વર્તમાન એક સમયની પર્યાયનું લક્ષ છોડી, હું ધ્યાતા, ધ્યાન અને ધ્યેય છું, એ 'છ ઢાળા'માં આવે છે, એ વિકલ્પને પણ છોડીને. 'છ ઢાળા' છે ને ? ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એમાં આવે છે. પણ કોને ખબર ? જય ભગવાન ! આહા..હા..! સમ્યગ્દર્શનમાં એ ધ્યાન જ્યારે (થાય છે એમાં), હું ધ્યાતા, ધ્યાનનો વિકલ્પ તો નથી. પણ જ્યારે ધર્મીને વિકલ્પ આવે છે, રાગ આવ્યો, થાય છે એ સમયે પણ એની દૃષ્ટિ તો પરમાત્મતત્ત્વ ઉપર જ છે. એ રાગ ઉપર નહિ, પર્યાય ઉપર નહિ, સંયોગ ઉપર નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ તો સારમાં સાર વસ્તુ છે. આહા..!

**'જો કે...'** આહા..હા..! પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પરમાત્મા ઉપર દૃષ્ટિ હોવા છતાં, દૃષ્ટિનું ધ્યેય ત્યાં હોવા છતાં **'પંચ પરમેષ્ઠી,...'** પંચ પરમેષ્ઠીની ભક્તિનો રાગ આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..! પંચ પરમેષ્ઠી. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તેના સ્મરણનો, ભક્તિનો રાગ આવે છે. પણ છે રાગ. આહા..હા..! પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવું, ભક્તિ કરવી એ પણ છે તો શુભરાગ, ભાઈ ! એ ધર્મ નથી. ધર્મીને આવે છે, પણ અનુભવ થયા પછીની વાત છે. મિથ્યાદૃષ્ટિને જે એકલા વિકલ્પ થાય છે એ તો એકલો સંસાર છે. એમાં તો કોઈ વાત નથી. જેણે અંદરમાં જન્મ-મરણનો છેદ કરી દીધો, ચોથે ગુણસ્થાને. શ્રાવક પંચમ (ગુણસ્થાને), મુનિ છઠ્ઠે (ગુણસ્થાને છે) એ પહેલાંની વાત છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અરે...! એણે સાંભળ્યું નથી. સાંભળવાનો વખત મળ્યો તો દરકાર કરી નહિ. આહા..હા...!

સમવસરણમાં અનંત વાર ગયો. મહાવિદેહ ક્ષેત્રમાં આ આત્મા અનંત વાર જન્મ્યો છે. અનંત વાર મનુષ્યપણે થયો છે તો સમવસરણમાં પણ અનંત વાર ગયો હતો પણ એ શું કહે છે એ લક્ષમાં લીધું નહિ. સમજાય છે કાંઈ ? પોતાના ધ્યાન ઉપર એ વાત લીધી નહિ. આહા..હા..! કેવળી આગળ રહી ગયો કોરો, એ અમારી ગુજરાતી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાષા છે.

અમે તો જ્યારે દુકાન પર બેસતા ત્યારે એક સ્વાધ્યાય (આવતી). ચાર સજ્ઝાય માળા છે. અમે તો દુકાન પર સત્તર, અઢાર વર્ષની ઉંમરથી શાસ્ત્રનો અભ્યાસ કરતા હતા. નાની ઉંમરથી. દુકાન ઘરની છે. ત્યાં એ વાંચતા. ચાર સજ્ઝાય માળા છે. એક એક સજ્ઝાય માળામાં બસો-અઢીસો સજ્ઝાય છે. એક એક સજ્ઝાયમાં દસ-પંદર શ્લોક છે. એવી ચાર છે. અહીંયા છે. મેં દુકાન ઉપર મંગાવેલી. એમાં એમ આવ્યું હતું, નાની ઉંમરમાં, અઢાર-ઓગણીસ વર્ષની ઉંમર હતી. અંદર જોયું. કેવળી આગળ રહી ગયો કોરો. અમારી ગુજરાતી ભાષા છે. એમાં આવ્યું. શું ? કેવળજ્ઞાની પાસે ગયો તો પણ લુખ્ખો ને લુખ્ખો એવો ને એવો રહી ગયો. કોરો.. કોરા. કોરાને હિન્દીમાં શું કહે છે ? કેવળી આગળ રહી ગયો કોરો. પરમાત્મા ત્રણ લોકના નાથ... આહા..હા...! સાંભળવા ગયો, અનંત વાર સાંભળ્યું પણ કેવળી આગળ રહી ગયો કોરો. એવો ને એવો અજ્ઞાની મિથ્યાદષ્ટિ રહ્યો. એમ સજ્ઝાય માળામાં આવે છે. નાની ઉંમરથી બે વાત યાદ હતી.

બીજી એક વાત એવી આવી હતી કે દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પીછે પટક્યો. એમ એમાં આવ્યું હતું. શું ? આત્મદર્શન અને સમ્યગ્દર્શન વિના એણે દ્રવ્યસંયમ પંચ મહાવ્રત આદિ અનંત વાર લીધા અને હજારો રાણી છોડી મુનિ થયો, પણ એ પંચ મહાવ્રત આદિના પરિણામ બંધનું કારણ છે, એનાથી રહિત આત્મા છે એનું જ્ઞાન ન કર્યું. તો દ્રવ્યસંયમ–એ બાહ્યની ક્રિયાકાંડથી, એવી ક્રિયા તો અત્યારે છે પણ નહિ, નવમી ગ્રૈવેયક જાય છે, જે ક્રિયા છે, શુભભાવ, શુક્લલેશ્યા, શુક્લલેશ્યા, હોં ! શુક્લધ્યાન નહિ. ધ્યાન બીજું છે અને લેશ્યા જુદી વસ્તુ છે. એવી શુક્લલેશ્યા હતી કે ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એવી એની લેશ્યા હતી. છતાં એ સમ્યગ્દર્શન નહિ. આહા..હા...!

આત્મા અખંડાનંદ પ્રભુ પરમાત્મતત્ત્વ છે એનું વેદન નહિ, એની દૃષ્ટિ નહિ, એનો સ્વીકાર નહિ. તો દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક (પાયો). નવમી ગ્રૈવેયક છે ત્યાં અનંત વાર ગયો. આહા..હા...! ફેર પીછો પટક્યો. ન્યાંથી પડ્યો નીચે. નરક ને નિગોદમાં ગયો. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ ભગવંતનું, સર્વજ્ઞનું, ત્રિલોકનાથ પરમેશ્વરનું વચન છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ અહીં કહે છે, ધર્મીની **‘દૃષ્ટિ તો પરમાત્મતત્ત્વ પર જ હોય છે.’** આહા..હા...! પંચ પરમેષ્ઠીનો વિકલ્પ આવે છે. **‘ધ્યાતા, ધ્યાન, ધ્યેય ઇત્યાદિ સંબંધી વિકલ્પો પણ હોય છે; પરંતુ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં વિકલ્પજાળ છૂટી જાય છે.’** આહા..હા...! અંતરમાં ભગવાન આત્મા, સ્વ અનુભૂતિ–સ્વના અનુભવના કાળમાં એ વિકલ્પ છૂટી જાય છે. કેમ કે વિકલ્પ છે એ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ ? **‘પરંતુ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં વિકલ્પજાળ છૂટી જાય છે.’** આહા..હા...! શુભાશુભ વિકલ્પ નથી રહેતા. આહા..હા...! શુભ અને અશુભભાવ રાગ, અંતર દૃષ્ટિમાં અનુભવ કરવાના કાળે એ રહેતા નથી. આહા..હા...! છે કે નહિ ? ‘સમયસાર’ની ૧૪૩ ગાથા છે એનો આ અર્થ છે. આહા..હા..!

‘સમયસાર’ ૧૪૩ માં એમ કહ્યું, હું શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું એવો જે વિકલ્પ જ છે, રાગ છે એ અંતર દૃષ્ટિ કરવાથી છૂટી જાય છે. ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવો માર્ગ છે, ભાઈ ! અરે..! બાકી તો જન્મ-મરણ કરીને અનંત અનંત વાર થોથા નીકળી ગયા, પ્રભુ ! આહા..હા..! આત્માને ક્યાંય શાંતિ ન મળી. શાંતિ જ્યાં અંદરમાં છે ત્યાં દૃષ્ટિ કરી નહિ અને અશાંતિ જે પુણ્ય ને પાપના ભાવ અશાંતિ ને વિકલ્પ ને દુઃખ છે ત્યાંથી દૃષ્ટિ છૂટી નહિ. આહા..હા..!

**‘શુભાશુભ વિકલ્પો રહેતા નથી. ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે.’** આહા..હા...! મોક્ષ થાય છે એ ઉગ્ર નિર્વિકલ્પ વીતરાગ દશા અંદરમાં થાય છે ત્યારે મુક્તિ થાય છે. વિકલ્પનો અંશ રહેતો નથી, અસ્થિરતાનો અંશ રહેતો નથી. અસ્થિરતાનો અંશ, વિકલ્પ સમ્યગ્દર્શનમાં હોય છે. અંદર સમ્યગ્દર્શન થયું તો પણ અસ્થિરતાનો વિકલ્પ અંદર છે પણ એનો આશ્રય નથી. અને મુક્તિ થાય છે ત્યારે ઉગ્ર અસ્થિરતાનો વિકલ્પ પણ નથી રહેતો. આહા..હા...! આવો માર્ગ. **‘ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે.—એવો માર્ગ છે.’** આવો સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વરનો આ માર્ગ છે, બાકી બધો અમાર્ગ છે. આહા...! ૧૮૧ (બોલ પૂરો થયો).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'વિકલ્પો છોડું', 'વિકલ્પો છોડું' એમ કરવાથી વિકલ્પો છૂટતા નથી. હું આ જ્ઞાયક છું. અનંતી વિભૂતિથી ભરેલું તત્ત્વ છું – એમ અંદરથી ભેદજ્ઞાન કરે તો તેના બળથી નિર્વિકલ્પતા થાય, વિકલ્પો છૂટે. ૧૮૨.**

૧૮૨. વસ્તુ જે પરમાત્મસ્વરૂપી છે, જિનસ્વરૂપી આત્મા છે. કહ્યું હતું ને ? જાપાનવાળાએ પણ ઇતિહાસમાં શોધ કરીને એમ કહ્યું છે કે આત્મા તો નિર્વાણસ્વરૂપી છે. એમ લખ્યું છે. વાંચ્યું ? વાંચી લેજો પછી મુકી દેજો. અંદર છે. એણે શોધ કરી કે જૈન પરમેશ્વર એમ કહે છે કે આત્મા નિર્વાણસ્વરૂપ છે, એમ કહે છે. આવું એણે કાઢ્યું. સમજાય છે કાંઈ ? નિર્વાણસ્વરૂપનો અર્થ ? મુક્તસ્વરૂપ છે. વસ્તુ છે તે મુક્તસ્વરૂપ જ છે. એ મુક્તસ્વરૂપ છે એનો અનુભવ કરવાથી, એમાં સ્થિરતા જામી જવાથી મુક્તમાંથી સિદ્ધની મુક્તિની પર્યાય આવે છે. બંધભાવમાં તો બંધ થાય છે. એ શુભ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગ તો બંધભાવ છે. બંધભાવમાંથી બંધ ઉત્પન્ન થાય છે. મુક્તભાવમાંથી મુક્તિ ઉત્પન્ન થાય છે. આહા..હા..!

એ 'પુણ્ય-પાપ અધિકાર'માં આવ્યું છે. ભાઈ ! પુણ્ય-પાપ અધિકારમાં આવ્યું છે ને ? ભાઈ ! એ બંધ છે એ તો બંધરૂપ છે. શુભ-અશુભ વિકલ્પ જે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ તો બંધરૂપ છે. બંધરૂપમાંથી બંધભાવ જ ઉત્પન્ન થાય છે. આત્મા મોક્ષસ્વરૂપ છે. આહા..હા...! કેમ બેસે ? અનંત કાળ.. અનંત કાળ.. અનંત કાળ વીત્યો. આહા..હા...!

જ્ઞાનીને રૌદ્રધ્યાન અને આર્તધ્યાન આવે છે પણ એનાથી ભેદજ્ઞાન કર્યું છે. એ રાગથી હું ભિન્ન છું, એવો અનુભવમાં, દૃષ્ટિમાં ભેદજ્ઞાન કર્યું છે. અજ્ઞાનીને રાગમાં એકત્વબુદ્ધિ છે. આહા..હા...! રાગ અને આત્મા બન્ને એક છે, એવી એકત્વબુદ્ધિ છે. એ જ મિથ્યાત્વ છે અને એ જ સંસાર અને પરિભ્રમણનું મૂળ છે. આહા..હા..! આમ છે.

**'વિકલ્પો છોડું', 'વિકલ્પો છોડું' એમ કરવાથી વિકલ્પો છૂટતા નથી.'** આહા..હા...! ભગવાન આત્મા નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વ સ્વરૂપ છે એમાં જવા માટે હું વિકલ્પ છોડું,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ નથી રહેતું. વિકલ્પ છોડું, એ પણ રાગ આવ્યો. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! ધર્મ તો કોઈ અપૂર્વ ચીજ છે. પૂર્વે અનંત કાળમાં એક સેકંડ માત્ર કરી નથી. આહા..! અનંત વાર દ્રવ્યશ્રાવક પણ થયો અને શ્રાવકના ભવમાં મંદિરો બનાવ્યા. એમ અનંત અનંત વાર અનંત ભવમાં અનંત મંદિર બનાવ્યા. એય..! દ્રવ્યશ્રાવક થયો ને ? સમ્યગ્દર્શન વિના જૈનકુળમાં જન્મ્યા એટલે શ્રાવક કહેવાણા. ધર્મ નહિ, સમ્યગ્દર્શન નહિ. એણે એક એક ભવમાં કરોડો રૂપિયા ખર્ચીને ભક્તિ માટે મંદિર બનાવ્યા, એવું અનંત અનંત ભવમાં અનંત વાર કર્યું. આહા..હા...! પણ એ તો બધા શુભભાવ છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો અજ્ઞાની કહે છે. શું કહ્યું ભાઈએ ? 'જયપુર'માં એક પંડિત હતા એ એમ કહેતા હતા કે જે દિગંબરમાં જન્મ્યા એ તો સમ્યગ્દર્શન લઈને જ આવ્યા છે. અરે..રે..! ભાઈ ! બોલે છે, ખબર છે, અમને ખબર છે. અરે..! દિગંબરમાં તો અનંત વાર જન્મ્યો છે. અનંત વાર દિગંબર સાધુ થયો છે. એમાં શું આવ્યું ? 'છ ઢાળા'માં કહ્યું નહિ ? શું કહ્યું ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો'. 'છ ઢાળા'માં આવે છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો'. સ્વર્ગમાં ગયો 'પર આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચ મહાવ્રતના પરિણામ પણ દુઃખ છે, રાગ છે અને આસ્રવ છે. આહા..હા..! આવું કઠણ.

અહીંયા કહે છે, આહા..હા...! ચીજ અંદર નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ બિરાજમાન છે. એમાં આ વિકલ્પ રાગ આવ્યો એ છોડું, વિકલ્પ છોડું એમ કરવાથી વિકલ્પ નથી છૂટતા. આહા..હા...! માર્ગ આવો છે. આહા..! **'હું આ જ્ઞાયક છું,...'** આહા..હા...! હું તો જ્ઞાયક જાણન.. જાણન.. જાણન સ્વભાવ, જાણન સ્વભાવ સ્વરૂપથી ભરેલો પ્રભુ હું તો જ્ઞાયક છું. **'અનંતી વિભૂતિથી ભરેલું તત્ત્વ છું.'** આ બહારની ધૂળની વિભૂતિ છે એ તો જડની છે. આહા..હા...! અનંત વિભૂતિથી ભરપુર તત્ત્વ ભગવાન આત્મા છે. આહા..હા...! એક એક જ્ઞાનગુણ આદિ વિભૂતિ, એવી અનંતી વિભૂતિ આત્મામાં પડી છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ... સંસાર આહા..હા...! પહેલાં કહ્યું ને ? આત્મજ્ઞાન થયું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પછી રાગ આવે છે, એ રાગને તો જાણે છે, મારું કર્તવ્ય છે એમ ધર્મી માનતા નથી. આહા..હા...! સૂક્ષ્મ વાત છે, ભાઈ ! અરે..રે..! એણે અનંત અનંત કાળમાં જૈનનો સાધુ દિગંબર થયો તો જૈન શ્રાવક તો અનંત વાર થયો. પણ એ બાહ્ય દ્રવ્યશ્રાવક થયો, દ્રવ્યલિંગી દ્રવ્ય સાધુ થયો. પણ પોતાનું સ્વરૂપ રાગથી રહિત ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ વિભૂતિથી ભરપુર છે એનો અનુભવ ન કર્યો, એની દૃષ્ટિ ન કરી. સમજાય છે કાંઈ ? છે ?

**'હું આ જ્ઞાયક છું. અનંતી વિભૂતિથી ભરેલું તત્ત્વ છું–એમ અંદરથી ભેદજ્ઞાન કરે...'** એ વ્યવહાર આદિનો વિકલ્પ જે આવે છે એનાથી ભેદજ્ઞાન કરે, ભિન્ન પાડે. આહા..હા..! જેમ કાંકરા અને ઘઉં જુદા પાડે છે એમ રાગરૂપી મેલ અને ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુને રાગથી ભિન્ન કરી, ભેદજ્ઞાન કરી પોતાની દૃષ્ટિ આત્મામાં લગાવી રાગથી ભિન્ન થાય છે ત્યારે એને સમ્યગ્દર્શન, જ્ઞાન થાય છે. આહા..હા.! છે ?

અંતરથી **'એમ અંદરથી..'** શું અંદરથી ? કે વૃત્તિ જે વિકલ્પ ઉઠે છે તે (હું) નહિ. હું તો અનંત જ્ઞાન, આનંદસ્વરૂપ જ્ઞાયક છું. એમ રાગથી ભગવાન જ્ઞાયકને ભિન્ન કરી, ભેદજ્ઞાન કરી. આહા..હા..! 'ભેદજ્ઞાન સાબુ ભયો,' આવે છે ? પછી શું આવે છે ? 'સમરસ નિર્મલ નીર, ધોબી અંતર આત્મા ધોવે નિજ ગુણ ચિર.' 'સમયસાર નાટક' 'બનારસીદાસ'. 'ભેદજ્ઞાન સાબુ ભયો' રાગના વિકલ્પથી ભિન્ન કરી પોતાના સ્વરૂપનું ભેદજ્ઞાન કર્યું. એ ભેદજ્ઞાન સાબુ ભયો. સમરસ નિર્મલ નીર. એ રાગથી ભિન્ન થયો ને વીતરાગી સમ્યગ્દર્શન થયું. આહા..હા..! હજી ચોથા ગુણસ્થાને, હોં! સમરસ નીર. નિર્મલ નીર. વીતરાગી સમતા.. સમતા વિકલ્પથી રહિત. એવો સમરસ નિર્મલ નીર. ધોબી અંતરઆત્મા ધોવે નિજ ગુણ ચિર. પોતાના અનંત ગુણનો ચિર, એમાં રાગ છે તેને ભિન્ન પાડે છે. આહા..હા...! આવો માર્ગ છે. સમજાય છે કાંઈ ?

'સમયસાર' માં 'અમૃતચંદ્રાચાર્યે' તો ત્યાં સુધી કહ્યું. સંત દિગંબર મુનિ. **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन'** **'भेदविज्ञानतः सिद्धाः'** અત્યાર સુધી જે કોઈ મુક્તિ પામ્યા એ રાગથી ભિન્ન કરીને ભેદજ્ઞાનથી મુક્તિ પામ્યા છે. **'भेदविज्ञानतः सिद्धाः अस्यैवाभावतो बद्धा'** અને રાગથી ભિન્ન કરવાના અભાવથી એ અનાદિથી બંધનમાં પડ્યો છે. 'સમયસાર નાટક'. 'અમૃતચંદ્રાચાર્યદેવ'ના કળશ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એનું 'બનારસીદાસે' હિન્દી બનાવ્યું. સમજાય છે કાંઈ ? **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन'** અત્યાર સુધી જેટલા પરમાત્મપદને પામ્યા છે, અનંત સિદ્ધ થયા એ બધા રાગથી ભેદજ્ઞાન કરીને પ્રાપ્ત થયા છે. આહા..હા...!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– છે ક્યાં ? છે ક્યાં ? દૃષ્ટિમાં ક્યાં સ્વીકાર છે ? 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..!

'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો,
મોહ મહાતમ આતમઅંગ કિયો પરસંગ મહાતમ ઘરો,
જ્ઞાનકલા ઉપજી અબ મોકુ, કહું ગુણ નાટક આગમ કેરો,
તાસુ પ્રસાદ સે સધે સિવમારગ, વેગે મિટે ઘટ વાસ વસેરો'

આહા..હા...! શું કહ્યું ? 'બનારસીદાસ' 'સમયસાર નાટક'.

**ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો,** ત્રિકાળ હું તો સિદ્ધસ્વરૂપી, મુક્તસ્વરૂપી ત્રિકાળી છું.

મુમુક્ષુ :– મુક્ત થઈ ગયા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– થઈ ગયા, અંદર દૃષ્ટિ થઈ તો મુક્ત થઈ ગયા. આહા..હા..! **'ચેતનરૂપ અનૂપ...'** પ્રભુ ! શું કહીએ ? એને કોઈ ઉપમા દઈ શકીએ (એમ નથી) કે અંદર ચૈતન્ય શું છે ? અનૂપ, અમૂરત. એમાં રંગ, ગંધ, સ્પર્શ, મૂર્તપણું નથી. આહા..હા...! **'સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમઅંગ કિયો પરસંગ મહાતમ ઘરો,'** પણ રાગની ક્રિયાને પોતાની માનીને મોહમાં ઘુસી ગયો. આહા..! **'મોહ મહાતમ આતમઅંગ'** રાગના મોહભાવને આત્માના અંગ સાથે જોડી દીધો. આહા..! આ તો તમારી હિન્દી છે. **'મોહ મહાતમ આતમઅંગ, કિયો પરસંગ મહાતમ ઘરો'** રાગનો, પરનો સંગ કર્યો, અજ્ઞાન ઉત્પન્ન કર્યું. આહા..હા...!

**'જ્ઞાનકલા ઉપજી અબ મોકુ,'** હવે તો રાગથી મારી વસ્તુ ભિન્ન છે એનું જ્ઞાન થયું છે. આહા..હા...! **'કહું ગુણ નાટક આગમ કેરો,..'** હું 'સમયસાર નાટક' ને કહીશ. આહા..હા...! ભગવાન આત્મા સ્વરૂપની વાત હું કહીશ. આહા..! આવ્યું ને ઇ ? **'કહું ગુણ નાટક આગમ કેરો, તાસુ પ્રસાદ સે સધે સિવમારગ,'** રાગના વિકલ્પથી, ભેદજ્ઞાન કરવાથી સિદ્ધપદની પ્રાપ્ત થાય છે. એ જ્ઞાનકળાથી મુક્તિ થાય છે. કોઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગની ક્રિયાથી ધર્મ અને મુક્તિ થાય છે એમ ત્રણ કાળમાં નથી. આહા..! **'જ્ઞાનકલા ઉપજી અબ મોકુ, કહું ગુણ નાટક આગમ કેરો, તાસુ પ્રસાદ સે સધે સિવમારગ,'** મોક્ષનો માર્ગ, રાગથી ભિન્ન કરવાથી મોક્ષના માર્ગની સિદ્ધિ થાય છે. **'તાસુ પ્રસાદ સે સધે સિવમારગ, વેગે મિટે ઘટ...'** આ ઘટ.. ઘટ–શરીર–ધૂળ માટી. એમાં વસવું વેગે મટી જશે. આહા..હા...! નહિતર આ ઘટ અનંત વાર મળ્યા અને હાડકા, ચામડાના શરીર. આહા..હા...! કલંક છે, ભવ કલંક છે, એમ 'યોગીન્દ્રદેવ' કહે છે. આહા..હા..! એ ભવનું કલંક તો ત્યારે મટશે કે પોતાનું સ્વરૂપ રાગથી ભિન્ન કરીને અનુભવ કરવો અને ભેદજ્ઞાનથી છેલ્લે પણ રાગની અસ્થિરતાથી જુદા પડી અંદર જામી જવું, એ નિર્વિકલ્પ દશાથી મુક્તિ થાય છે. સમજાય છે કાંઈ ? એ કહ્યું, જુઓ !

**'એમ અંદરથી ભેદજ્ઞાન કરે તો તેના બળથી...'** જુઓ ! આહા..હા...! એ વિકલ્પ જે ઉઠે છે એનાથી મારી વસ્તુ ભિન્ન અનંત જ્ઞાયક અનંત વિભૂતિથી ભરપુર પ્રભુ છે. આહા..હા...! 'શ્રેણિક' રાજા. હજારો રાણી હતી, હજારો રાજા ચામર ઢાળતા હતા. છતાં ક્ષાયિક સમકિતી હતા. એ આત્મજ્ઞાન એવું થયું હતું કે આટલું રાજ અને રાગ છે એનાથી હું ભિન્ન છું એમ અનુભવ થયો. સમજાય છે કાંઈ ? આહા..હા...! અરે...! 'ભરતેશ્વર' લ્યો. છ ખંડ ને મોટું રાજ, ચક્રવર્તી. પણ એ સમકિતી હતા. આત્મજ્ઞાનનો અનુભવ હતો. હું તો આનંદસ્વરૂપ છું. આ રાગ આવે છે એ પણ હું નહિ. આ દેહાદિ, ચક્રવર્તીપદ એ મારા નહિ. એવા અનુભવમાં સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીપદમાં પણ રહી શકે છે. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– બે ભાઈઓ બાઝ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બાઝ્યા. થોડો રાગ છે. 'બાહુબલી' ની બન્નેની લડાઈ થઈ ને ? રાગ છે ને ? પણ અંદરમાં ભાન છે. રાગથી હું ભિન્ન છું એ ચીજ હું છું. આહા..હા...! એ વાત બાપુ ! એ કંઈ ધારણાથી પ્રગટ થાય છે એવી વસ્તુ નથી. આહા..હા...! એ 'ભરત' ચક્રવર્તી, જ્યારે 'ઋષભદેવ' ભગવાન જ્યારે અષ્ટાપદ પર્વત ઉપર મોક્ષ જાય છે ત્યારે ત્યાં ગયા હતા. આમ દેહ છૂટતો જોયો. અષ્ટાપદ પર્વત, 'ભરત' ચક્રવર્તી. આમ ગયા ને જોયું, સમકિતી ત્રણ જ્ઞાન, ક્ષાયિક સમકિત (છે) અને ખબર છે કે હું આ ભવે મોક્ષ જવાનો છું. પણ રાગ આવ્યો, રૂદન આવ્યું. અરે..રે...! પ્રભુનો વિરહ પડ્યો. ભરતક્ષેત્રમાં સૂર્ય ઉગ્યો હતો એ સૂર્ય આજે અસ્ત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈ ગયો. આહા..હા...! સમજાય છે કાંઈ ? રાગ આવે છે. ઇન્દ્ર કહે છે. ઇન્દ્ર પણ સ્વર્ગમાંથી સાથે આવ્યા. ભગવાનનો મોક્ષ થયો (એટલે) ઇન્દ્ર આવ્યા. બત્રીસ લાખ વિમાનનો (સાહેબો). ઇન્દ્ર કહે છે, 'ભરત'! કેમ રડો છો? તમે તો આ ભવે મોક્ષ જવાના છે. અમારે તો હજી એક ભવ કરવાનો છે. ઇન્દ્ર કહે છે. સાંભળ, સાંભળ, ઇન્દ્ર ! ખબર છે. સમજાય છે કાંઈ ? ઇન્દ્ર અને 'ભરત' વચ્ચે અષ્ટાપદ પર્વત પર ચર્ચા થઈ. ભગવાનનો આમ દેહ છૂટતો જોયો, એક તો બહારમાં પિતા હતા અને એક તીર્થંકર હતા, એમનો વિરહ જોઈને વિકલ્પ, રાગ આવ્યો, રાગ આવ્યો. રૂદન આવ્યું. અંતરમાં ભાન છે કે રાગ હું નથી, રૂદનની ક્રિયા મારી નથી. આહા..હા..! આ તે કંઈ વાત છે ! ઇન્દ્રે એમ કહ્યું, અરે..! 'ભરતજી' તમારે તો આ છેલ્લો દેહ છે ને! તમારે તો આ દેહ છોડીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. શું કરવા રડો છે ? સાંભળ, સાંભળ ઇન્દ્ર ! ઇન્દ્રને કહે છે, સાંભળ ! મને અંદર રાગ આવ્યો છે. એવું થાય છે. હું જાણું છું કે હું આ ભવે કેવળ પ્રાપ્ત કરીને મોક્ષ જવાનો છું. પણ રાગ આવ્યો છે તો એ ક્રિયા થઈ ગઈ. પણ હું એ ક્રિયાનો પણ કર્તા નથી અને રાગ આવ્યો એનો પણ કર્તા નથી. આહા..હા...! આ તે શું વાત હશે ! જૈન ધર્મની વાત જ લોકોને બિચારાને મળી નથી. અન્ય ધર્મની જેવી વાતું સાંભળી અને અમે જૈન છીએ અને જૈન ધર્મ પામ્યા. આહા..હા..!

અહીં કહે છે, **'એમ અંદરથી ભેદજ્ઞાન કરે તો તેના બળથી નિર્વિકલ્પતા થાય,...'** આહા..હા...! રાગ તો છે. ધર્મી મુનિને પણ પંચ મહાવ્રતનો રાગ આવે છે અને સમકિતી શ્રાવક હોય, આત્મજ્ઞાન થયું છે છતાં સ્ત્રીના વિષયનો રાગ આવે છે. આહા..હા...! પણ એ રાગને દુઃખ જોવે છે. અને રાગથી ભિન્ન મારી ચીજ છે એમાં હું છું. એ રાગમાં હું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આર્તધ્યાન થઈ જાય છે. ધર્મીને પણ એવો રાગ તો આવે છે પણ કાળો સર્પ જેમ દેખે એમ રાગને કાળો સર્પ, નાગ દેખે છે. આહા..હા...! આ ભેદજ્ઞાનની મહિમા છે.

એ કહે છે, **'વિકલ્પો છૂટે.'** એના બળે નિર્વિકલ્પતા થાય અને વિકલ્પ છૂટી જાય છે. આહા..હા.! ૧૮૨ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**ચૈતન્યદેવ રમણીય છે, તેને ઓળખ. બહાર રમણીયતા નથી. શાશ્વત આત્મા રમણીય છે, તેને ગ્રહણ કર. ક્રિયાકાંડનો આડંબર, વિવિધ વિકલ્પરૂપ કોલાહલ, તેના પરની દૃષ્ટિ છોડી દે; આત્મા આડંબર વિનાનો, નિર્વિકલ્પ છે, ત્યાં દૃષ્ટિ દે; ચૈતન્ય રમણતા વિનાના વિકલ્પ–કોલાહલમાં તને થાક લાગશે, વિસામો નહિ મળે; તારું વિશ્રામગૃહ છે આત્મા, તેમાં જા તો તને થાક નહિ લાગે, શાન્તિ મળશે. ૧૮૩.**

૧૮૩. **'ચૈતન્યદેવ રમણીય છે.'** શું કહે છે ? અંદર ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ (છે). 'નિજપદ રમે સો રામ કહીએ'. આત્મામાં આનંદનો બાગ પડ્યો છે. આહા..હા...! એ રમણીય છે. એમાં પુણ્ય ને પાપના વિકલ્પ એ વસ્તુમાં છે નહીં. આવો ધર્મ ક્યાંથી કાઢ્યો ? કો'ક એમ કહે છે. અમે તો અત્યાર સુધી સાંભળતા આવ્યા છીએ કે દયા, દાન, વ્રત, ભક્તિ ધર્મ છે. આ નવો ક્યાંથી કાઢ્યો ? નવો નથી, પ્રભુ ! અનાદિકાળના આ વસ્તુ છે. આહા..હા...! તને સાંભળવા મળી નથી માટે નવી છે એમ કોણ કહે ?

મુમુક્ષુ :– જુદો ધર્મ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જુદો ધર્મ છે, સાચી વાત છે. અજ્ઞાનીઓએ માન્યું છે એના કરતાં જુદી ચીજ છે. એ દરબાર છે, ગરાસિયા છે. અહીંનો રસ છે, વાંચે છે, દરબાર છે. આહા..હા...! અરે..! પ્રભુ ! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત દિગંબર સંતો થયા, એમણે આ માર્ગ કહ્યો છે અને આ માર્ગમાં આવ્યા હતા. સમજાય છે કાંઈ ? એ તો રાત્રે કહ્યું હતું. એક 'ભાવદીપિકા' ગ્રંથ છે. 'દીપચંદજી'નો. 'દીપચંદજી' નહિ ? 'અનુભવ પ્રકાશ', 'ચિદ્વિલાસ' બનાવ્યા ને ? એમણે 'અધ્યાત્મ પંચસંગ્રહ' બનાવ્યું છે. મોટો ગ્રંથ છે, અહીંયા બધા છે. આ 'અધ્યાત્મ પંચસંગ્રહ' છે. ઘણી વાત છે, બહુ સૂક્ષ્મ વાત છે. 'દીપચંદજી' છે ને ? શું કહેવું હતું ?

'ભાવદીપિકા'માં એમ લખ્યું છે, બસ્સો વર્ષ પહેલાં. હું લખું છું તો આગમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનુસાર શ્રદ્ધાવાળા મને કોઈ દેખાતા નથી. બસ્સો વર્ષ પહેલાં. હું લખું છું, લોકોના સંગમાં આવું છું તો કોઈની આગમ અનુસાર શ્રદ્ધા હોય એમ કોઈ દેખાતું નથી. અને આગમની શ્રદ્ધા શું ચીજ છે એની ખબર નથી. અને હું જે વાત કરું છું તો સાંભળતા નથી. માટે હું લખી જાઉં છું. એમ 'ભાવદીપિકા'માં લખ્યું છે. ગ્રંથ છે. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– લોકો સાંભળતા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લોકોને ક્યાં પડી છે ? દુનિયાને રાગનો, જગતનો રસ (છે). એ રાગના રસવાળા અંદર જઈ શકે નહિ. આહા..હા...! મુનિ થયા એને પણ પંચ મહાવ્રતનો રાગ છે એ રાગના રસમાં પડ્યા છે. એ પણ મિથ્યાદૃષ્ટિ છે.

અહીંયા તો રાગ પોતાના સ્વરૂપમાં નથી. એવા રાગનો જેને રસ છે અને એનો પ્રેમ છે એને આત્માનો અનાદર છે, હેય છે. જેને રાગ ઉપાદેય છે, તેને આત્મા હેય છે. 'પરમાત્મ પ્રકાશ'માં કહ્યું છે. જેને આત્મા ઉપાદેય છે, તેને રાગ હેય છે. ધર્મીને અનંત આનંદનો નાથ રમણીય છે એ ઉપાદેય, આદરણીય છે. તેને રાગ હેય છે. ચાહે તો ભગવાનની ભક્તિનો, નામ સ્મરણનો હોય પણ એ હેય છે. છોડવા લાયક છે. અજ્ઞાનીને રાગ ઉપાદેય છે, આદરણીય છે, તેને ભગવાન આત્મા હેય છે. 'પરમાત્મ પ્રકાશ'માં ૩૬ ગાથામાં કહ્યું છે. સમજાય છે કાંઈ ? વાતું આવી છે. વકીલ ! એ વકીલમાં તમારા કાયદામાં આ કાંઈ નથી. ગપ માર્યા છે. સરકારે કાયદા બાંધ્યા હોય. આ તો કેવળીના કાયદા છે. આહા..હા...! શું કહ્યું ?

**'ચૈતન્યદેવ રમણીય છે.'** રમણીય છે. આહા..હા..! જેમાં રમવાથી આનંદ આવે છે, એવી એ ચીજ છે. રાગમાં રમવાથી તો દુઃખ થાય છે, પ્રભુ ! આહા..હા...! આહા..હા..! સમકિતી ચક્રવર્તીને છન્નુ હજાર સ્ત્રી હોય છે પણ રાગ આવે છે તો દુઃખ લાગે છે. છૂટી શકતા નથી તો જરી એમાં આવી જાય છે. આહા..હા..! અહીંયા કહે છે, ચૈતન્યદેવ. દેવ આત્મા ભગવાન દેવાધિદેવ છે. આહા..હા..! પહેલાં કહ્યું હતું ને ?

સત્તર વર્ષની ઉંમરે અંદરથી આવ્યું હતું. બોંતેર વર્ષ પહેલાં. 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.' આ કડી બનાવી હતી. હું તો વેપારી હતો, કંઈ કવિ નહોતો. પણ કોણ જાણે એવું આવી ગયું. રામલીલા જોવા ગયેલા. રામલીલા નથી આવતી ? બે દુકાન હતી. અમારા ફઈના દીકરાની બહેનના લગન હતા તો દેશમાં ગયા હતા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હું અને નોકર બે હતા. પછી અમે રામલીલા જોવા ગયા. રામલીલામાં એવા વૈરાગી માણસ. આમ શાંત.. શાંત. સાંભળીને મને છ કડી આવી ગઈ. આ કડી યાદ રહી ગઈ. બાકીની પુસ્તકમાં લખેલી એ દુકાનમાં પડી રહી. લીટાવાળા કાગળ હોય છે ને ? એમાં લખ્યું હતું. આંકેલા કાગળ. 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' આ સ્ત્રી તને નહિ. એમ અંદર આવ્યું. ત્યારથી મેં બ્રહ્મચર્ય લઈ લીધું. શિવરમણી રમનાર–મુક્તિરૂપી રમણીનો રમનાર પ્રભુ તું છે ને ! આહા..હા...! તું હી દેવનો દેવ. આ ચૈતન્યદેવ કહ્યું ને ? આહા..હા...! હે પ્રભુ ! તું તો દેવાધિદેવ છો. ઇન્દ્રો મોટા દેવ છે એનો પણ તું દેવ છો. આહા..હા...! તારી શક્તિમાં રમણતા એટલી પડી છે. એક એક શક્તિમાં રમણતા કરવાથી પણ આનંદ આવે છે તો અનંત અનંત શક્તિનો ભંડાર ભગવાનમાં રમે છે તો એ ચૈતન્ય રમણીય પદાર્થ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

**'ચૈતન્યદેવ રમણીય છે. તેને ઓળખ.'** આહા..હા...! બધા શાસ્ત્રનું જ્ઞાન કરવું, બીજું કરવું એ બધું છોડી ચૈતન્ય અંદર રમણીય આનંદપ્રભુ છે, નિર્મળાનંદ નાથ છે તેને ઓળખ. આહા..હા...! તેનું જ્ઞાન કર. તે તરફ ઝુકી જા. આ રમણીય પદાર્થ ચૈતન્યપ્રભુની ઓળખાણ કર. શાસ્ત્રની ઓળખાણથી પણ તારી ઓળખાણ નથી થતી. આહા..હા...! છે ? **'ચૈતન્યદેવ રમણીય છે. તેને ઓળખ.'**

**'બહાર રમણીયતા નથી.'** શરીર, વાણી, મન, પૈસા–ધૂળમાં તો નથી પણ પુણ્ય-પાપમાં રમણીયતા નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'બહાર રમણીયતા નથી.'** ભગવાન ચૈતન્યદેવ અનંત આનંદ અને અનંત સ્વભાવનો સાગર, અનંત ગુણનું ગોદામ (છે). ગોદામ સમજો છો ? ગોદામ મોટા નથી હોતા ? માલ ભરવાના. ગોદામ હોય ને. અમે તો 'મુંબઈ' માલ લેવા જતા ને. મોટા ગોદામ જોતા હતા. કેસરના, કેસરના ડબ્બા હોય ને ? હજારો ડબ્બા આમ પડ્યા હોય. નાની ઉંમરમાં માલ લેવા જતા હતા. અમારે ત્યાં દુકાનમાં પણ તેર ગોદામ છે. 'પાલેજ'માં અત્યારે છે. તેર તો ગોદામ છે. એક એક સાંઈઠ સાંઈઠ હજારના. ફઈના દીકરા ભાગીદાર હતા, એના દીકરા છે. તેર ગોદામ છે. લાખ લાખના ત્રણ મકાન છે. અત્યારે છે. તેર ગોદામ. ત્રણ ભાઈ છે તો વ્હેંચી દીધા. બે દુકાન હતી, ત્રણ નહોતી તો તેર ગોદામામાં એની દુકાન બનાવી. માલ ભરવાનું ગોદામ હતું. 'મનસુખ' એણે દુકાન બનાવી. આ બે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દુકાન તો બે ભાઈઓએ લઈ લીધી. ત્રણ ભાઈ છે ને ? ત્રણેએ વ્હેંચી લીધી. મોટા ગોદામ છે. આ આત્મા અનંત ગુણનું ગોદામ છે. આહા..હા...! અનંત શક્તિનો સંગ્રહાલય છે. અનંત શક્તિનો સંગ્રહ-આલય-સ્થાન છે. અને અનંત સ્વભાવનો સાગર પ્રભુ છે. અરે...! એને ક્યાં કંઈ ખબર છે ? આહા..! બહાર રમણીયતા કંઈ નથી, પ્રભુ ! આહા..હા...!

**'શાશ્વત આત્મા રમણીય છે,...'** ભગવાન તો શાશ્વત છે ને ? ત્રિકાળ. આહા..હા...! ક્યારેય ઉત્પત્તિ થઈ અને ક્યારેય નાશ થાય છે, એમ નથી. એ તો શાશ્વત વસ્તુ છે અંદર જ્ઞાયકભાવ. આહા..હા...! તેને ઓળખ. **'શાશ્વત આત્મા રમણીય છે, તેને ગ્રહણ કર.'** આહા..હા...! રાગ આવે છે પણ ગ્રહણ ન કર. **'ક્રિયાકાંડનો આડંબર,...'** દયા, દાન ને વ્રત ને તપ ને ક્રિયાકાંડનો આડંબર, રાગનો (આડંબર છે). **'વિવિધ વિકલ્પરૂપ કોલાહલ,...'** આહા..હા..! ભિન્ન ભિન્ન પ્રકારના રાગ કોલાહલ છે. તેના પરથી દૃષ્ટિ હટાવી દે. તારે કલ્યાણ કરવું હોય તો, હિત કરવું હોય તો, જન્મ-મરણથી રહિત થવું હોય તો. **'ક્રિયાકાંડનો આડંબર, વિવિધ કોલાહલરૂપ કોલાહલ, તેના પરની દૃષ્ટિ છોડી દે;...'**

**'આત્મા આડંબર વિનાનો,...'** છે. ભગવાન આત્મા, રાગ, વિકલ્પનો આડંબર છે તેનાથી રહિત છે. આહા..હા...! **'નિર્વિકલ્પ છે,...'** અભેદ વસ્તુ ત્રિકાળ આનંદનો નાથ (છે) **'ત્યાં દૃષ્ટિ દે;...'** ત્યાં દૃષ્ટિ લગાવ. આહા..હા..! **'ચૈતન્યરમણતા વિનાના વિકલ્પ-કોલાહલમાં તને થાક લાગશે,...'** આહા..હા...! ચૈતન્યની અંતર દૃષ્ટિ ને રમણતામાં, ચૈતન્યરહિત જે શુભ વિકલ્પ છે એ ચૈતન્યરહિત છે. ચાહે તો શુભરાગ હો પણ ચૈતન્યરહિત જડ છે. આહા..હા...! **'ચૈતન્ય રમણતા વિનાના વિકલ્પ-કોલાહલમાં તને થાક લાગશે,...'** તને થાક લાગશે. આહા..હા...! **'વિસામો નહિ મળે; તારું વિશ્રામગૃહ છે આત્મા,..'** આહા..હા...! જેમાં અનંતી વીતરાગતા, અનંત આનંદ, અનંત શાંતિ ભરી છે. એ તારું વિશ્રામઘર છે. આહા..હા...! **'તેમાં જા તો તને થાક નહિ લાગે,...'** શુભાશુભભાવમાં તો થાક લાગશે. અંતરમાં જા, થાક નહી લાગે. **'શાંતિ મળશે.'** આહા..હા...! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❋ ❋ ❋

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શ્રાવણ સુદ ૧૫, શુક્રવાર તા. ૧૮-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૧૮૪, ૧૮૫. પ્રવચન–૬૮**

**ચૈતન્ય તરફ વળવાનો પ્રયત્ન થતાં તેમાં જ્ઞાનની વૃદ્ધિ, દર્શનની વૃદ્ધિ, ચારિત્રની વૃદ્ધિ–સર્વવૃદ્ધિ થાય છે, અંતરમાં આવશ્યક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, વ્રત, તપ બધું પ્રગટે છે. બહારના ક્રિયાકાંડ તો પરમાર્થે કોલાહલ છે. શુભ ભાવ ભૂમિકા પ્રમાણે આવે છે પણ તે શાંતિનો માર્ગ નથી. સ્થિર થઈ અંદર બેસી જવું તે જ કરવાનું છે. ૧૮૪.**

'વચનામૃત' ૧૮૪ બોલ છે. સૂક્ષ્મ વાત છે. આમાં એકલું માખણ તત્ત્વ ચાલ્યું છે. **'ચૈતન્ય તરફ વળવાનો પ્રયત્ન થતાં...'** શુભ-અશુભભાવને પણ છોડી ચૈતન્ય ભગવાન જે અનંત ગુણના ઓરડા અંદર ભર્યા છે. ઓરડા સમજો છો ? કમરા. આહા..હા...! ભગવાન આત્મામાં ચૈતન્ય સ્વભાવ, આનંદ સ્વભાવ, શાંત સ્વભાવ, સ્વચ્છત્વ સ્વભાવ, પ્રભુત્વ સ્વભાવ એવા અનંત અનંત ગુણના ઓરડા ભર્યા છે. આહા..હા...! એવા ચૈતન્ય સ્વરૂપ તરફ વળવાથી. સાર વાત છે ભગવાન આ તો. **'પ્રયત્ન થતાં...'** વસ્તુ જે ભગવાન પરમાનંદમૂર્તિ પ્રભુ, એવા સ્વભાવને જ્ઞાનમાં લઈને... આહા..હા...! એ તરફ ઝુકવું. પ્રયત્નથી એ તરફનો ઝુકાવ થવો. છે? **'થતાં તેમાં જ્ઞાનની વૃદ્ધિ,...'** આહા..! કેમ કે જ્ઞાનસાગર ભગવાન છે. એમાં એકાગ્ર થવાથી એમાં ચૈતન્ય તરફ ઝુકવાથી સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ થાય છે. શું કહ્યું ?

પહેલાં જ્યારે ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો અનુભવ દૃષ્ટિ કરે છે, ત્યારે તો શુદ્ધિ, જ્ઞાનની શુદ્ધિ, દર્શનની શુદ્ધિ ઉત્પન્ન થાય છે. અનંત ગુણની શુદ્ધિ (ઉત્પન્ન થાય છે). ચૈતન્ય સ્વભાવ મહાસાગર, સ્વયંભુ પ્રભુ, એમાં અનંત અનંત શાંતિ, અનંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આનંદ એવા અનંત ગુણનો ભંડાર ભગવાન છે, એ તરફ ઝુકવાથી, પ્રયત્ન કરવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે. જ્ઞાન ઉત્પન્ન થયું છે. હવે એ તરફ ઝુકવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે. સમ્યગ્જ્ઞાન. શાસ્ત્રજ્ઞાનથી કોઈ જ્ઞાનની વૃદ્ધિ નથી થતી, એમ કહે છે. પ્રભુ ! ઝીણી વાત, ભાઈ ! શાસ્ત્રજ્ઞાન તો અગિયાર અંગનું ભણવું અનંતવાર થયું પણ એ કોઈ જ્ઞાન નથી. કારણ કે શાસ્ત્ર પર વસ્તુ છે. એનું જ્ઞાન કરવું એ તો પોતાની પર્યાયમાં પરલક્ષી જ્ઞાનનો અંશ દેખાય છે, પણ એ જ્ઞાન નથી.

જ્યાં ચૈતન્યસાગર ભગવાન અંદર ઉછળે છે, અરે...! કેમ બેસે આ વાત ? જેમ દરિયામાં, સમુદ્રમાં કાંઠે ભરતી આવે છે. સમુદ્રના કાંઠે.. કાંઠે કહે છે ને? કિનારે. હિન્દી તો આવડતી નથી. કાંઠે ભરતી આવે છે, એમ ભગવાન ચૈતન્ય સમુદ્ર પ્રભુ,.. આહા..હા...! એ તરફ ઝુકવાથી, ઝુકવાનો પ્રયત્ન કરવાથી પર્યાયમાં જ્ઞાનની ભરતી આવે છે. આવી વાત છે, પ્રભુ ! સમજાય છે કાંઈ ? કોઈ શાસ્ત્ર વાંચવાથી જ્ઞાનની વૃદ્ધિ નથી થતી. આહા..હા..!

મુમુક્ષુ :– આપ તો શાસ્ત્ર વાંચો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાંચીએ છીએ, એ તો વિકલ્પ આવે છે. વસ્તુ જે જ્ઞાનની સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ અને જ્ઞાનની વૃદ્ધિ, સમ્યગ્જ્ઞાનનું ટકવું એ તો ચૈતન્ય સ્વભાવના અવલંબનથી જ થાય છે. આહા..હા...! કેમ કે જેમાં અનંત જ્ઞાન બેહદ જ્ઞાન, પ્રભુ ! એ જ્ઞાન શું વસ્તુ છે ? એ જ્ઞાનસ્વભાવ છે એ બેહદ અનંત.. અનંત.. અનંત.. સ્વભાવ છે. એ જ્ઞાન આદિ અનંત ગુણનો પિંડ પ્રભુ એ તરફના પ્રયત્નથી ઝુકવાથી અંતરની જે જ્ઞાનરૂપ શક્તિ છે, એ પ્રગટ, વ્યક્તિ–પ્રગટ પર્યાયમાં જ્ઞાનની, સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ થાય છે. આહા..હા...! આવી વાત છે, ભાઈ !

મુમુક્ષુ :– આગળની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પહેલાં તો ભાન થયું. હવે પછી અંદર એકાગ્ર થવાથી જ્ઞાનની વૃદ્ધિ, શુદ્ધ સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ થાય છે. ઉત્પત્તિ તો પહેલાં થઈ. ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા.. આહા..હા...! આ તો એવી વાત છે કે ભાઈ ! દુનિયાથી જુદી જાત છે. આહા..હા...!

અમે ઘણા વર્ષ પહેલાં ઓગણીસ-વીસ વર્ષની ઉંમર હતી ત્યારે ભરૂચ ગયા હતા. પાલેજ પાસે ભરૂચ છે. સાધુ માટે ગયા હતા, અમે તો સ્થાનકવાસી હતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ને. સ્થાનકવાસી સાધુ મુંબઈથી આવ્યા હતા તો એની સંભાળ કરવા ગયા હતા. પછી વખત મળ્યો તો ત્યાં મીરાબાઈનું નાટક હતું. વાંકાનેરવાળા ડાહ્યાભાઈ ધોળશા (હતા). મોટું નાટક હતું. એ આઠ દિવસમાં ત્રણ નાટક પાડતા હતા. એક રાતના પંદરસો રૂપિયા હતા. દોઢ હજાર, એ વખતે, હોં ! આહા..હા...! અહીં બીજું કહેવું છે.

મીરાબાઈનું નાટક હતું. મીરાબાઈના લગ્ન રાણા સાથે થયા. પણ મીરાબાઈની દૃષ્ટિએ એને ઈશ્વરની ભક્તિ એવી લાગી. રાણા કહે છે, હે મીરા ! છે ને ત્યાં ? એનો ગઢ અમે જોયો છે. મીરા ! મારા બંગલામાં આવ. હું તને મારી પટરાણી બનાવું. આહા..! રાણી કહે છે, 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ, સાધુડાની સંગે હું તો ઘેલી થઈ.' હું તો હવે પાગલ થઈ ગઈ છું. હું તારા મહેલમાં આવું એ હવે મને રહ્યું નથી. મને સાધુડાની સંગે સત્સંગ છે. ભજન કરતી હતી. મોટું નાટક હતું. આ તો સીત્તેર, બોંતેર વર્ષ પહેલાંની વાત છે. પણ એ એમ બોલતી હતી કે, 'સાધુડાની સંગે રાણા હું ઘેલી થઈ.'

એમ અહીંયા સમકિતી કહે છે, આહા..હા...! મારા આત્માના સંગથી હું તો ગાંડો થઈ ગયો છું. દુનિયા મને પાગલ કહો તો કહો. શાસ્ત્રથી જ્ઞાન થતું નથી, વાંચનથી નથી થતું, શ્રુતથી નથી થતું એવો હું ગાંડો થઈ ગયો છું. પંડિતજી ! મારો જ્ઞાનસાગર અંદર ભર્યો છે ને પ્રભુ ! એની અંદર ઝુકવાથી જ્ઞાન આવે છે, બાકી બધી વાત ખોટી છે. આહા..હા...!

**'જ્ઞાનની વૃદ્ધિ, દર્શનની વૃદ્ધિ,...'** દેખવાની શક્તિની પર્યાયમાં–અવસ્થામાં પણ ત્રિકાળનો સ્વભાવનો આશ્રય લઈને ઝુકવાથી દર્શનની વૃદ્ધિ થાય છે. આહા..હા...! **'ચારિત્રની વૃદ્ધિ,...'** સ્વરૂપમાં ભગવાન આત્મામાં ચારિત્રગુણ જે ત્રિકાળ પડ્યો છે એ તરફ ઝુકવાથી શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ, વીતરાગ પર્યાય, જે ચારિત્રપર્યાય છે, વીતરાગભાવ એ અંતરમાં ઝુકવાથી વૃદ્ધિ પામે છે.

મુમુક્ષુ :– ઝુકવાની વિધિ શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ પર તરફ ઝુકે છે એ છોડી સ્વ તરફ ઝુકવું એ વિધિ. આહા..હા...! જેની રુચિ હોય એ રુચિ અનુયાયી વીર્ય. જેની જરૂરિયાત લાગે એ તરફ વીર્ય ઝુક્યા વિના રહે નહિ. સંસારના વીર્યની, રાગની રુચિ છે તો વીર્ય ત્યાં રાગમાં ઝુકી જાય છે. અનાદિથી આહા.હા..! જેની જરૂરિયાત લાગે, જેની રુચિ લાગે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હું તો પૂર્ણાનંદ નાથ સહજાત્મ સ્વરૂપ (છું).. આહા.હા...! એવી ચીજની જેને લગની લાગે.. આહા..હા..! રાગની લગની અનંત કાળથી છે. આ સૂતર હોય છે ને? સૂતર. શું કહે છે ? પીંજણ. સૂતર નહિ ? પીંજણ કરે છે ને ? એક પછી એક, એક પછી એક દોરો લગાવી દે છે. એમ અજ્ઞાની અનાદિથી એક પછી એક સંકલ્પ, વિકલ્પ, રાગ, રાગ, રાગ, રાગ, રાગ, રાગ અનાદિથી કરે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? જ્યારે એ રાગની રુચિ અને રસ છૂટી ગયો અને ભગવાન પૂર્ણાનંદ વીતરાગમૂર્તિ જિનસ્વરૂપ પ્રભુની રુચિ જામી ગઈ તો એ તરફ વીર્યનું ઝુકવું થઈ જાય છે. આ વિધિ છે. એય..!

વાત તો સાચી છે, પણ પેલા સામા વિરોધ કરે છે. એ પણ (આ મુમુક્ષુ) કહેતા હતા. (બીજા વિદ્વાન) છે ને ? અહીંનો બહુ વિરોધ કરે છે. એને મળ્યા. વાતચીત થઈ તો એણે કહ્યું. આપણે ભાષણ કર્યું હતું. વાત તો એમની સાચી છે, પણ અમે અત્યાર સુધી જે પક્ષ લીધો છે એ કઈ રીતે છોડીએ ? નરક, નિગોદમાં જશું પણ અમે અમારો પક્ષ નહિ છોડીએ. આહા..હા...! એમની સાથે વાત થઈ હતી. એમણે ભાષણ કર્યું હતું. આપણે ભાષણ લીધું છે. બાપુ ! આ તો પરમાત્માના ઘરની વાત, પરમાત્મા કહે છે એ વાત છે, ભાઈ ! આ કોઈ પક્ષની, વાડાની વાત નથી. એ કબુલ કરે છે, વાત તો સાચી કરે છે પણ અમે પક્ષ લીધો એ અમારાથી મુકાય નહિ. નરક, નિગોદમાં જઈશું પણ અમારાથી મુકાય નહિ. અર..ર..ર...! દુનિયા કહે, અત્યાર સુધી તમે શું કર્યું ? અત્યાર સુધી અમને જૂઠા રસ્તે ચડાવ્યા ? જો સાચી વાત કબુલ કરે અને બહાર પાડે તો તમે પંડિતે અમને શું કર્યું ? અરે..! ભાઈ ! એ દુનિયાના માન શું કામ કરશે ? પ્રભુ ! સમજાય છે કાંઈ ? આહા..!

અહીંયા તો પ્રભુ એમ કહે છે.. આહા..હા...! એ તો એક (દિગંબર સાધુ) છે. 'દિલ્હી.' સાધુ બહુ નરમ છે. અમને મળ્યા નથી. પાંચ વર્ષથી દીક્ષા લીધી છે. અહીંનું વાંચન કરીને એમ કહ્યું, કોઈ ભાઈ છે એ વાત કરતા હતા, અમને તો કોઈએ કહ્યું. 'કાનજીસ્વામી' કહે છે એ આચાર્યની વાત કરીને એમણે આચાર્યનું કામ કર્યું છે. આ તો અમારી વાત કંઈ બહારની નથી. પ્રભુ ! શું કહીએ ? અમે તો વિદેહમાં હતા ત્યાંથી આવ્યા છીએ. આહા..હા...! અને બેન પણ વિદેહથી આવ્યા છે. જેમ આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' 'ટોડરમલજી'નું કરેલું વાંચીએ છીએ કે નહિ ? તો આ એમનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પુસ્તક છે તો એ વાંચીએ છીએ, એમાં વિરોધ શું ? આહા..હા...! ભાઈ ! માર્ગ બહુ અલૌકિક છે.

અહીંયા તો પ્રભુ એમ કહે છે અને એમ છે, કહે છે એમ છે. ભગવાન ચૈતન્યસ્વરૂપ અનંત આનંદના શાંતિ આદિ ગુણથી છલોછલ ભરેલો છે. આહા..હા...! એ તરફના ઝુકાવથી ચારિત્રની વૃદ્ધિ થાય છે. આહા..હા...! પંચ મહાવ્રત પાળવામાં કાંઈ ચારિત્રની વૃદ્ધિ નથી થતી. એ પંચ મહાવ્રતના વિકલ્પ તો અચારિત્ર છે. આહા..હા...! એ કહ્યું ? ચારિત્રની વૃદ્ધિ થાય છે. અરે..! **'સર્વવૃદ્ધિ થાય છે,...'** જેટલા ગુણ છે, અનંત ગુણનો પિંડ પ્રભુમાં એકાગ્ર થવાથી, ઝુકવાથી જેટલા ગુણ છે એ બધાની પર્યાયમાં વૃદ્ધિ અને શુદ્ધિ થાય છે. આ માર્ગ છે, ભાઈ ! આહા..હા...! ભાઈ ! અરે..! પ્રભુ !

મુમુક્ષુ :– સાધન તો બતાવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ સાધન. રાગથી ભિન્ન કરવું એ પ્રજ્ઞા સાધન છે. કહ્યું હતું ને ? રાગ, વિકલ્પથી ભિન્ન કરવું, ભેદજ્ઞાન એ સાધન છે. એ પ્રજ્ઞાછીણીમાં આવી ગયું. પ્રજ્ઞાછીણી શ્લોક છે ને ? ૧૮૧. એમાં આવી ગયું છે. આહા..હા...! અહીં તો ઘણા વર્ષથી ચાલે છે. ૪૪ વર્ષમાં આ ૪૪મું ચોમાસુ ચાલે છે. ૪૪મું ચોમાસુ ચાલે છે. આહા..હા...!

અહીંયા કહે છે, ભગવાન આત્મામાં શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ નામ વીતરાગતા ભરપુર ભરપુર ભરપુર છલોછલ ભગવાન ભરેલો છે. એ તરફ ઝુકવાથી જ ચારિત્રની વૃદ્ધિ થાય છે અને સર્વ ગુણની વૃદ્ધિ થાય છે. છે કે નહિ ?

મુમુક્ષુ :– એક પક્ષની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એક જ પક્ષની વાત છે. સ્વભાવ સન્મુખની. પર્યાય સન્મુખની વાતનો નિષેધ થાય છે. આહા..હા...!

**'અંતરમાં આવશ્યક,...'** છે ? આવશ્યક નામ સામાયિક. ચોવિસંતો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ છ આવશ્યક જે છે એ પણ આત્મા અંદરમાં આનંદ ને પૂર્ણાનંદ સ્વરૂપમાં ઝુકવાથી પર્યાયમાં છ આવશ્યક, સત્ય છ આવશ્યક (પ્રગટ થાય છે). સામાયિક નામ સમતા, સામાયિક નામ સમતાનો લાભ. ચોવિસંતો નામ ભગવાનની સ્તુતિ. એ પોતાના સ્વભાવમાં ઝુકવાથી ભગવાનની સ્તુતિ સાચી થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? બાહ્યના ભગવાનની સ્તુતિ છે એ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિકલ્પ અને રાગ છે. આહા..હા...! અને વંદન. છ આવશ્યક છે ને ? સામાયિક, ચોવિસંતો–ચોવીસ તીર્થંકરની સ્તુતિ, વંદન, પ્રતિક્રમણ, કાઉસગ્ગ, પ્રત્યાખ્યાન. છ એ બોલ પોતાનો શુદ્ધ ચૈતન્યઘન ભગવાન તરફ ઝુકવાથી છએ આવશ્યકની ધર્મક્રિયા એમાંથી ઉત્પન્ન થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? છે ?

**'અંતરમાં આવશ્યક, પ્રતિક્રમણ,...'** આહા..હા...! રાગથી હટીને સ્વભાવમાં એકાગ્રતા, ઝુકવાથી પ્રતિક્રમણની ક્રિયા વીતરાગી દશા ઉત્પન્ન થાય છે. આહા..હા...! આ પ્રતિક્રમણ છે. **'પ્રત્યાખ્યાન,...'** પચખાણ, પ્રત્યાખ્યાન કહે છે ને ? એ પણ સ્વરૂપને દૃષ્ટિમાં લઈને એમાં ઝુકવાથી જે જ્ઞાન ને શાંતિની વૃદ્ધિ થઈ તે પ્રત્યાખ્યાન છે. આહા...! જ્ઞાન તે પ્રત્યાખ્યાન, આવે છે ? ક્યાં ? ૩૪ ગાથા, 'સમયસાર' ૩૪ ગાથા. જ્ઞાન તે પ્રત્યાખ્યાન. આહા..હા...! અર્થાત્ આત્મા પવિત્ર ભગવાન પૂર્ણાનંદ તરફ ઝુકવાથી ચૈતન્યની દશા જે નિર્મળ થાય છે તેને અહીંયા પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આહા..હા...! આવું છે. દુનિયાને કઠણ પડે. નિવૃત્તિ નહિ અને પ્રવૃત્તિમાં આખી જિંદગી એમાં કાઢે. કલાક, બે કલાક વખત મળે તો 'શ્રીમદ્ રાજચંદ્ર' કહે છે,...

'શ્રીમદ્ રાજચંદ્ર' આત્મજ્ઞાની થયા. એક ભવમાં મોક્ષમાં જવાના છે. ઝવેરાતનો ધંધો હતો, 'મુંબઈ'માં ઝવેરીનો. 'અગાસ' આશ્રમ છે ને ? અગાસ છે, વડવા છે. તેમની શક્તિ બહુ હતી. હતા ગૃહસ્થાશ્રમમાં પણ આત્મજ્ઞાન એવું થયું અને અનુભવમાં એટલું આવ્યું કે, એમણે કહ્યું, અરે...! થોડો અશેષ કર્મનો ભોગ છે. થોડો રાગ બાકી છે, આવે છે. 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવેશષ રે.' રાગનો ભાગ હજી છૂટતો નથી. સ્વભાવનો અનુભવ થયો છતાં વીતરાગતા પૂર્ણ આવતી નથી. એ રાગના ભાવમાં અમારો ભાવ આવી જાય છે. 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે, તેથી દેહ એક ધારીને, તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ.' આહા..હા...! અમારું વતન જે શુદ્ધ ચૈતન્યઘન આનંદ(કંદ સ્વરૂપ છે.) આહા..હા...!

એ તો એમાંથી બતાવ્યું હતું ને ? બેનમાંથી બતાવ્યું હતું. આહા..હા...! અમારું વતન તો અંદર અસંખ્ય પ્રદેશી ભગવાન અનંત ગુણનો પિંડ, એ અમારો સ્વદેશ છે, એ અમારું વતન છે, એ અમારું સ્થાન છે, એ અમારો દેશ છે. આહા..! એ દેશમાં (અમારો) થોડો રાગનો ભાવ રહી ગયો છે તો રાગનું ભોગવવું હજી થોડો કાળ

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રહેશે. અમે કહીએ છીએ કે અમારા આત્મામાં એમ આવે છે કે એક ભવ પછી હું કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષમાં જઈશ. 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.. હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશના નાહિ રે..' પુણ્ય ને પાપના રાગના દેશમાં અમે નથી. 'હમ પરદેશી પંખી સાધુ' શુભ ને અશુભરાગ એ પરના દેશમાં અમે નથી. આહા..હા...! 'હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશના નાહિ રે, સ્વરૂપનું સાધન કરી, જાશું સ્વરૂપ સ્વદેશ રે, હમ પરદેશી પંખી સાધુ' રાગ જે દયા, દાનના વિકલ્પ આવે છે એ પરદેશ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ બતાવ્યું હતું ને ? કેટલામું છે ? ૪૦૧, ૪૦૧ બોલ છે. આહા..હા..! છે ? ૪૦૧ બોલ છે. આહા..! છે ૪૦૧ ?

**'જ્ઞાનીનું પરિણમન...'** ધર્મીનું સ્વભાવ તરફનું પરિણમન. આહા..હા...! **'વિભાવથી પાછું વળી...'** પુણ્ય અને પાપના વિકારી ભાવથી પાછું વળી **'સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.'** પોતાના સ્વરૂપ તરફ ઝુકી રહ્યું છે. આહા..હા...! **'જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે.'** હું તો મારા સ્વરૂપની સ્થિતિમાં પૂર્ણ થઈ જાઉં, એમ તલસે છે–ભાવના એવી છે. **'આ વિભાવભાવ અમારો દેશ નથી.'** આહા..હા...! શુભ-અશુભરાગ આવે છે પણ એ અમારો દેશ નહિ, પ્રભુ ! આહા..હા...! ગામ, દેશ તો નહિ કે અમારું રાજકોટ છે ને અમારું પાલનપુર છે ને અમારુ.. એ તો ક્યાંય ધૂળમાં રહ્યા. પણ અંદરમાં પુણ્યના ભાવ, દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે છે એ અમારો દેશ નહિ, નાથ ! અમે જ્યાં છીએ ત્યાં એ નથી અને જ્યાં એ છે ત્યાં અમે નથી. આહા..હા...! ક્યાં ગયા ભાઈ નથી આવ્યા ? ક્યાં ગયા ભાઈ નથી આવ્યા ? ત્યાં બેઠા છે, ઠીક. સમજાય છે કાંઈ ? રાજકોટમાં વાંચે છે. બહુ અભ્યાસ. આ ભાઈ ચાર-ચાર કલાક અભ્યાસ કરે છે. રાજકોટના ડૉક્ટર છે. આ ત્રણે ડૉક્ટર છે. બહારના. અંદરના ડૉક્ટર તો સમ્યગ્દર્શન, જ્ઞાન થાય છે ત્યારે ડૉક્ટર થાય છે.

અહીંયા કહે છે, **'આ વિભાવભાવ અમારો દેશ નથી.'** જુઓ ! ધર્મીની દૃષ્ટિ સ્વ વતન ઉપર છે. શુદ્ધ ચૈતન્ય ભગવાન ઉપર દૃષ્ટિ હોવાથી રાગમાં આવ્યા તો એ અમારો દેશ નહિ. આહા..હા..! **'આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ?'** એ રાગમાં આવ્યા એ અરે..રે...! પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ? અમારા દેશથી અમે આગળ ગયા. જુઓ ! આ ધર્મી.

મુમુક્ષુ :– રાગ પરદેશ છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :- રાગ પરદેશ છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે છે એ પરદેશ છે, સ્વદેશ નહિ. પ્રભુ સ્વદેશમાં એ ક્યાં છે ? છે ? **'અમને અહીં ગોઠતું નથી. અહીં અમારું કોઈ નથી'** અહીં અમને ગમતું નથી. આહા..હા...! રાગમાં આવે છે, સમકિતીને પણ રાગ તો આવે છે. આહા..હા...! પણ અમને ગોઠતું નથી. શુભભાવ પણ સારો નથી લાગતો, એમ કહે છે. આહા..હા...! લક્ષ્મી ને બહાર ધૂળની વાત તો ક્યાંય રહી ગઈ.

અમે એકવાર 'કોલાબા' ગયા હતા. માલ લેવા 'મુંબઈ' કોલાબા ગયા હતા. પછી થયું, કોલાબામાં આ લોકો શું કરે છે ? સટ્ટાનો મોટો ધંધો અને વિલાયતથી ત્યાં ફોન આવતા હતા. દરિયો નજીક હતો તો ત્યાં ઘણા મારવાડી એકઠા થતા હતા. આ તો ઘણા વર્ષ પહેલાંની વાત છે. (સંવત) ૧૯૬૬. અમે તો જોવા માટે ગયેલા. ત્યાં એક મારવાડી આમ લંગોટો પહેરીને દીધા, લીધા, દીધા, લીધા (કરતો હતો), પાગલ જેવો લાગતો હતો. સટ્ટો. દીધા, લીધા. શું છે પણ આ ? દીધા, લીધા સમજ્યા ? સટ્ટાના વેપારમાં આમ દીધા, આમ લીધા. શું લીધું, દીધું ? તને ખબર નથી. તે દિ' એમ લાગતું હતું, આ શું કરે છે ? પાગલ જેવા. 'મુંબઈ'માં 'કોલાબા' છે. વિલાયતથી ફોન આવતા હતા. ફોન આવે પછી એ લોકો ધંધો કરતા હતા. આટલા લેવા, આટલા દેવા. પાગલ જેવા લાગતા હતા અમને તો. એમ આ અજ્ઞાની અનાદિથી પરમાં રાગ અને પુણ્ય-પાપમાં આવે છે પાગલ જેવો ધંધો કરે છે. આહા..હા...!

મુમુક્ષુ :- જ્ઞાનીઓને પુણ્ય તો હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હોય છે, કીધું ને. છતાં અમારો દેશ નહિ, અમારો આ પરિવાર નથી. આહા..હા...! અમે તો પરદેશમાં આવી ગયા. આહા..હા...! જ્યાં અમૃતના સાગર ભર્યા છે, અતીન્દ્રિય આનંદના થાળ અંદરમાં ભર્યા છે. આહા..હા...! અરે..! કોણ માને ? ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદના થાળ.. થાળ કહે છે ? થાળ. એક એક ગુણ અનંત આનંદથી ભરેલો છે. એવો અનંત આનંદનો થાળ આત્મા અંદર છે. અતીન્દ્રિય આનંદ, હોં ! આ ઇન્દ્રિયના વિષયનો જે આનંદ છે એ તો દુઃખ છે. દુઃખ છે, આકુળતા છે, રાગ છે, વ્યભિચાર છે. આહા..હા...! આવી વાત છે, પ્રભુ ! 'નિર્જરા અધિકાર'માં કહ્યું છે ને ? વ્યભિચાર છે. રાગ આવે છે એ વ્યભિચાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. આહા..હા...! અમારા સ્વરૂપમાં તો વીતરાગતા અને આનંદ ભર્યો છે. અમારા અનુભવમાં અમારું વતન તો એ છે. અમે ક્યાં આવી ચડ્યા ?

**'જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે.'** આહા..હા...! જ્યાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, અનંત વીર્ય જ્યાં અંદરમાં છે એ અમારો દેશ છે. આહા..! ધર્મી એને પોતાનો દેશ માને છે. અજ્ઞાની રાગ ને પરને પોતાનો દેશ, રહેવાનું વિશ્રામસ્થાન માને છે. આહા..હા...! આકરી વાતું છે, ભાઈ ! શું થાય ? છે ?

**'અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.'** આહા..હા...! સ્વરૂપ જે પોતાનું સ્વદેશ પૂર્ણાનંદ આદિ જ્ઞાનસ્વભાવ એ તરફ અમે જઈ રહ્યા છીએ. **'અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને...'** ઉગ્ર પુરુષાર્થથી અલ્પ કાળમાં અમારું મૂળ વતન જે સ્વદેશ સ્વરૂપ છે ત્યાં જઈને **'નિરાંતે વસવું છે, જ્યાં બધા અમારા છે.'** જ્યાં બધા અમારા છે. આહા..હા...! આવી વાતું. સાંભળવી કઠણ પડે. ક્યાંય ખ્યાલ ન મળે. અંદર કોણ છે ? પ્રભુ ! પરમાત્મસ્વરૂપે બિરાજમાન આત્મા (છે). આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે' ભગવાન જિનસ્વરૂપી પરમાત્મા ઘટ ઘટમાં દેહ મંદિરમાં અંદર ભિન્ન વસે છે. આહા..! કેમ બેસે ? બે બીડી, સીગારેટ સરખી પીવે તો પાયખાને ઝાડા ઉતરે. આવા તો અપલખણ. હવે એને આવી વાત ? સવારે ઉઠે ને ? પાયખાને જાય ત્યારે બે બીડી, સીગારેટ (પીવે). સવારમાં ઉઠીને ઉકાળો, ચા પીવે. દોઢ પા શેર ઉકાળો કહે છે ને ? ચા. ઉકાળો પીવે (પછી કહે), મગજ તર થઈ ગયું. સાંભળવા આવ્યો છું પણ ચા પીધા વિના આવ્યો છું, મારું મગજ કામ કરતું નથી. પાગલના લખણ તો જુઓ !

મુમુક્ષુ :– દુનિયા..

પૂજ્ય ગુરુદેવશ્રી :– દુનિયા આખી પાગલ છે. આહા..હા...!

અહીં કહે છે, અહીંયા આવ્યું ને ? પ્રત્યાખ્યાન, વ્રત, તપ બધું અંદર પોતાથી પ્રગટ થાય છે. વ્રતનો જે વિકલ્પ છે એ નહિ. સ્વરૂપ જે શુદ્ધ આનંદ સ્વરૂપ છે એમાં એકાગ્ર થવું, વિંટાઈ જવું, આખા ચૈતન્યમાં વીંટાઈ જવું (એ વ્રત છે). વીંટાઈ જવું એને શું કહે છે ? લપેટ જાના. એ વ્રત છે. આહા..હા...! એ વ્રત અંદર શુદ્ધ ચૈતન્યઘન ભગવાન તરફ ઝુકવાથી થાય છે. અને આ વ્રત જે બાહ્યના છે એ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિકલ્પ, રાગ છે. આહા..હા..! છે ?

**'તપ,...'** તપ પણ ઉગ્ર તપ. શુદ્ધ ચૈતન્યમાં ઉગ્ર પુરુષાર્થથી લીન થવું તે તપ છે. બાકી આ બાહ્યના તપ અનશન, ઉણોદરી આદિ એ તો શુભરાગ છે. આહા..હા...! એ તપ. આહ..! **'બધું પ્રગટે છે. બહારના ક્રિયાકાંડ તો પરમાર્થે કોલાહલ છે.'** આહા..હા...! બાહ્ય ક્રિયાકાંડના જે શુભભાવ છે એ તો કોલાહલ છે. આહા..! દ્વેષ છે. **'શુભ ભાવ ભૂમિકા પ્રમાણે આવે છે...'** શુભભાવ આવે તો છે. મુનિને પણ પંચ મહાવ્રતના વિકલ્પ આવે છે. સમ્યગ્દૃષ્ટિને ચોથે ભક્તિ, પૂજાનો ભાવ આવે છે. **'પણ તે શાંતિનો માર્ગ નથી.'** આહા..હા..! સમજાય છે કાંઈ ? એ તો રાગ છે. અશુભથી બચવા માટે એવો ભાવ આવે છે. પણ એ શાંતિનો માર્ગ નથી. આહા..હા...!

શાંતિનો માર્ગ તો પ્રભુ પૂર્ણ શાંતિથી ભરેલો આત્મા,.. ભજનમાં પણ આવે છે ને ? 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં' ભજનમાં આવે છે. 'ઉપશમરસ વરસે રે પ્રભુ' ભગવાનનું શરીર ઉપશમરસના જળથી જાણે ભરેલું છે. આહા..હા...! અંદર ઉપશમરસનો પિંડ પ્રભુ છે. બહારમાં જગતના જેટલા શાંત પરમાણુ છે એ બધા પરમાણુ શરીરરૂપે પરિણમ્યા છે. આહા..હા...! શાંતિનો સાગર, શાંતિની પાટ અંદર મોટી છે. આહા..! એનું અવલંબન (લેવું) તે શાંતિનો માર્ગ છે. ભૂમિકા અનુસાર શુભરાગ આવે છે પણ એ શાંતિનો માર્ગ નથી. સમજાય છે કાંઈ ?

**'સ્થિર થઈ અંદર બેસી જવું...'** આહા..! પહેલાં એ ચૈતન્યસ્વરૂપનો અનુભવ, દૃષ્ટિ કરીને, પછી સ્વરૂપમાં અંદર સ્થિર થઈ જવું. આહા..હા..! અંદરમાં વિશ્રામ સ્થાન લેવું. આહા..! આ શું ? પોતાના શુદ્ધ ચૈતન્ય-સ્વદેશમાં વિશ્રામ લેવો. **'તે જ કરવાનુ છે.'** છે ? **'સ્થિર થઈ અંદર બેસી જવું તે જ કરવાનું છે.'** આહા..હા...! હવે ૧૮૫.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મુનિરાજ કહે છે—ચૈતન્યપદાર્થ પૂર્ણતાથી ભરેલો છે. તેની અંદરમાં જવું અને આત્મસંપદાની પ્રાપ્તિ કરવી તે જ અમારો વિષય છે. ચૈતન્યમાં સ્થિર થઈ અપૂર્વતાની પ્રાપ્તિ ન કરી, અવર્ણનીય સમાધિ પ્રાપ્ત ન કરી, તો અમારો જે વિષય છે તે અમે પ્રગટ ન કર્યો. બહારમાં ઉપયોગ આવે છે ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારોમાં રોકાવું થાય છે, પણ ખરેખર તે અમારો વિષય નથી. આત્મામાં નવીનતાઓનો ભંડાર છે. ભેદજ્ઞાનના અભ્યાસ વડે જો તે નવીનતા–અપૂર્વતા પ્રગટ ન કરી, તો મુનિપણામાં જે કરવાનું હતું તે અમે ન કર્યું. ૧૮૫.**

એ 'નિયમસાર'માં આવે છે એ વાત અહીંયા છે. 'નિયમસાર'માં આ 'પદ્મપ્રભમલધારીદેવ' છે ને ? 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ છે. 'નિયમસાર'ના કર્તા. એમણે 'નિયમસાર'ની ટીકા બનાવી છે. વચ્ચે 'કુંદકુંદાચાર્યદેવ' છે, એ 'અમૃતચંદ્રાચાર્ય' છે, આ બાજુ છે એમણે ટીકા બનાવી. એમાં અંદર એમ કહ્યું, **'મુનિરાજ કહે છે—ચૈતન્યપદાર્થ પૂર્ણતાથી ભરેલો છે.'** આહા..હા..! મારી ચીજ તો પૂર્ણ ગુણથી પૂર્ણતાથી ભરેલી છે. મારામાં રાગ તો નથી પણ મારામાં અપૂર્ણતા પણ નથી. આહા..હા...! આવી વાતું છે.

મુમુક્ષુ :– આજે રક્ષાદિન છે..

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ રક્ષાનો આ ભાવ છે. રક્ષા અહીં બાંધી એમાં શું ધૂળ આવી ? અંદર સ્વભાવની રક્ષા કરવી એ રક્ષાબંધન છે. આહા..હા...! ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદની રાગથી રક્ષા કરવી અને સ્વરૂપની દૃષ્ટિ કરવી અને સ્થિરતા કરવી એ રક્ષાબંધન છે. એવી વાત છે. જુઓ ! અહીંયા કહ્યું.

**'મુનિરાજ કહે છે—ચૈતન્યપદાર્થ પૂર્ણતાથી ભરેલો છે. તેની અંદરમાં જવું અને આત્મસંપદાની પ્રાપ્તિ કરવી તે જ અમારો વિષય છે.'** આહા..હા...! 'નિયમસાર'માં 'પદ્મપ્રભમલધારીદેવ' કહે છે. અમારો વિષય તો પૂર્ણાનંદમાં જવું એ અમારો વિષય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. રાગાદિ, પુણ્ય આદિ અમારો વિષય નથી. આહા..હા...! **'આત્મસંપદાની પ્રાપ્તિ કરવી તે જ અમારો વિષય છે.'** આત્મસંપદા. પ્રભુ મહાસંપદાથી ભરેલો છે. પુણ્ય અને પાપના ભાવ તો આપદા છે.

મુમુક્ષુ :– રૂપિયા મળે અને આપદા !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્યાં રૂપિયા મળતા હતા ? ધૂળમાં ? રૂપિયા એની પાસે આવે ત્યારે માને છે કે મને મળ્યા. એ તો મમતા એને મળી છે. લક્ષ્મી તો ભિન્ન છે. આત્મા લક્ષ્મીને ત્રણ કાળ ત્રણ લોકમાં અડતો નથી. લક્ષ્મી આત્માને ત્રણ કાળ ત્રણ લોકમાં અડતી નથી. અજ્ઞાની રાગને અડે છે (કે) મને લક્ષ્મી મળી ને હું અબજોપતિ થયો. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...! **'આત્મસપંદાની પ્રાપ્તિ કરવી તે જ અમારો વિષય છે.'** મુનિ એમ કહે છે. પંચ મહાવ્રત આદિ પાળવા એ અમારો વિષય નથી. એ આવે છે. આહા..હા...! જુઓ ! **'ચૈતન્યમાં સ્થિર થઈ અપૂર્વતાની પ્રાપ્તિ ન કરી,...'** આહા..હા...! ભગવાન પૂર્ણાનંદમાં સ્થિર થઈ અપૂર્વતા–પૂર્વે કદી નથી કરી એવી દશાની પ્રાપ્તિ ન કરી, **'અવર્ણનીય સમાધિ પ્રાપ્ત ન કરી,...'** આહા..હા...! વર્ણનમાં, કથનમાં ન આવી શકે એવી શાંતિ.. શાંતિ.. શાંતિ.. સમાધિ એટલે પેલા બાવા સમાધિ કહે છે એ નહિ, હોં ! સમાધિ નામ આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત સમાધિ. આધિ નામ સંકલ્પ અને વિકલ્પ, વ્યાધિ નામ શરીરમાં રોગ, ઉપાધિ નામ બાહ્યની ક્રિયા, વસ્તુ. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત સમાધિ. પેલા બાવા સમાધિ લગાવે છે એ નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવો માર્ગ છે.

**'સમાધિ પ્રાપ્ત ન કરી, તો અમારો જે વિષય છે તે અમે પ્રગટ ન કર્યો.'** જુઓ ! મુનિરાજ આમ કહે છે, હોં ! આહા..હા...! જેમને ત્રણ કષાયનો તો અભાવ થઈ ગયો છે અને પૂર્ણાનંદ વસ્તુનો તો અંદર અનુભવ થયો છે પણ પર્યાયમાં પૂર્ણતા નથી તો કહે છે, આહા..હા...! અમે જો પૂર્ણતા પ્રગટ ન કરી, અમારો એ વિષય છે, આહા..હા...! **'બહારમાં ઉપયોગ આવે છે ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારોમાં રોકાવું થાય છે,...'** બહારમાં વિકલ્પ આવે છે ત્યાં દ્રવ્ય, ગુણ અને પર્યાય વિચારમાં આવે છે. એ પણ પરમાર્થ આવશ્યક નથી. 'નિયમસાર'માં છે. પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયનો વિચાર કરવો એ પણ આવશ્યક નથી, એ અનાવશ્યક છે. આહા..હા...! શું થાય ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન પૂર્ણાનંદનો નાથ જળહળ જ્યોતિએ બિરાજમાન છે. અનંત અનંત ગુણના ચૈતન્ય-ચમત્કારથી ભરેલો છે, એ અમારો વિષય છે. એ અપૂર્વ અમે પ્રાપ્ત ન કર્યું તો અમારો વિષય અમને મળ્યો નહિ. આહા..હા...! અમારો વિષય પંચ મહાવ્રત પાળવા એ નથી. એ તો પરવસ્તુ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? કઠણ વાત કહેવી અને કહેવું સમજાય છે કાંઈ ? વાત તો આવી છે, ભાઈ !

અરે..રે...! દેહ છૂટી જશે, પ્રભુ ! ક્યાં જઈશ તું ? ક્યાં જઈશ ? તારી વસ્તુની દૃષ્ટિ ન કરી અને રાગનો પ્રેમ, રાગના રસમાં રહી ગયો, પ્રભુ ! ક્યાંય ચોરાશીના અવતારમાં જઈને રખડીશ. કેમ કે આત્મા તો અનંતકાળ રહેનાર છે, તો દેહ છૂટ્યા પછી ક્યાંક રહેશે કે નહિ ? ક્યાં રહેશે ? જેને રાગનો રસ છે એ મિથ્યાત્વમાં રહેશે. અને જેને આત્માનો રસ છે એ ભવિષ્યમાં આત્મામાં રહેશે. આહા..હા...!

**'બહારમાં ઉપયોગ આવે છે ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારોમાં રોકાવું થાય છે,...'** રોકાવું થાય છે, હોં ! આહા..હા...! અખંડાનંદ પ્રભુ અભેદની દૃષ્ટિ અને એકાગ્રતામાંથી નીકળીને જે વિકલ્પ આવ્યો છે તો દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર કરે છે તો બહારમાં રોકાઈ ગયા. એકરૂપ ચીજની દૃષ્ટિ અને સ્થિરતામાંથી બહાર આવ્યા... આહા..હા...! **'ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારમાં...'** દ્રવ્ય–હું ત્રિકાળી દ્રવ્ય છું. મારામાં અનંત ગુણ છે અને વર્તમાન એની પર્યાય છે. એવા ત્રણ પ્રકારના વિચારમાં રોકાવું એ રાગમાં રોકાય છે. આહા..હા...!

'નિયમસાર'માં કહ્યું. આવશ્યક અધિકાર છે. ગાથા છે, શ્લોક છે. જે કાંઈ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં પણ આવે છે એ પર આવશ્યક છે, એ અનાવશ્યક છે, એ આવશ્યક નહિ. આહા..હા...! 'નિયમસાર' ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે કે મેં મારી ભાવના માટે આ 'નિયમસાર' બનાવ્યું છે. ('પદ્મપ્રભમલધારીદેવ') ટીકા કરનાર છે. આહા..હા...! '...' આ પાઠ છે. 'નિયમસાર' મારી ભાવના માટે મેં બનાવ્યું છે. એમાં એમ કહ્યું. આહા..હા...! હું બહાર આવું છું તો દ્રવ્ય, ગુણ, પર્યાયના વિચાર આવે છે એ પણ પરાધીન છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

એ અહીંયા આવ્યું છે. **'બહારમાં ઉપયોગ આવે છે ત્યારે દ્રવ્ય...'** દ્રવ્ય નામ ત્રિકાળી વસ્તુ. ગુણ નામ ત્રિકાળી સ્વભાવ, પર્યાય નામ વર્તમાન હાલત–દશા. આહા..હા...! હજી દ્રવ્ય, ગુણ, પર્યાય કોને કહેવા (એની ખબર ન મળે). એ ત્રણના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિચારમાં રોકાવું પણ રાગ છે. આહા..હા...! ભગવાન એકરૂપ અભેદ છે એવી દૃષ્ટિ અને સ્થિરતા થઈ એ તો ધર્મ (છે), પણ એમાં રહી શકે નહિ અને જે વિકલ્પ આવ્યો તો દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણનો વિચાર કર્યો એ પણ બહાર રોકાઈ ગયો. અંતર જવું હતું એ છોડીને બહાર રોકાઈ ગયો. આવી વાત છે. લોકોને આકરું લાગે. આહા..હા..!

**'પણ ખરેખર તે અમારો વિષય નથી....'** શું કહ્યું ? વસ્તુ જે ભગવાન આત્મા (છે), મુનિરાજ એમ કહે છે, અમારા સ્વરૂપમાં અમે રમીએ છીએ, રહીએ છીએ એ અમારું કર્તવ્ય છે પણ એમાંથી નીકળીને જ્યારે રાગ આવ્યો તો દ્રવ્ય, ગુણ, પર્યાયના વિચાર આવ્યા એ અમારો વિષય નથી. છે ? **'ખરેખર તે અમારો વિષય નથી...'** દ્રવ્ય, ગુણ અને પર્યાયના વિચાર એ પણ અમારો વિષય નથી. આહા..હા...! બહાર ધંધાના વિકલ્પ કરવા ને બાયડી, છોકરાના ને પૈસાના (વિકલ્પ) એ તો પાપ છે. આ તો અંતરમાં દ્રવ્ય, ગુણ, પર્યાયના વિચાર શુભભાવ છે. આહા..હા...!

એકરૂપ ત્રિકાળી ભગવાન, એની દૃષ્ટિ કરીને સ્થિર રહેવું એટલો તો ધર્મ છે. અને એમાંથી હજી વીતરાગતા પૂર્ણ ન થાય તો રાગ આવે છે. આહા..હા...! ત્યાં રોકાઈ જવું એ રાગ કોણ ? આ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેના વિચાર એ રાગ. આહા..હા...! **'પણ ખરેખર તે અમારો વિષય નથી. આત્મામાં નવીનતાઓનો ભંડાર છે.'** નવીન નવીન આનંદ અને શાંતિ આદિનો તો ભંડાર છે. પુણ્ય-પાપના ભાવ એ કોઈ નવીન નથી. આહા..હા..! અનંતકાળથી કરેલા એવા ક્લેશરૂપ ભાવ છે. આવી વાત. ગૃહસ્થાશ્રમમાં રહેવું અને આ કરવું, બે વાત ચાલે છે કે નહિ ? એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. સમકિતી પોતાના શુદ્ધ ચૈતન્યના વિષયમાં રહે છે. રાગ આવે છે તો એમાં નથી રહેતા. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ અમારો વિષય નથી. આવે છે, પણ એ અમારો વિષય નથી.

'પદ્મનંદી પંચવિંશતિ:' 'પદ્મનંદી' મુનિએ એક શ્લોક બનાવ્યો છે. અરે..! અમારો વિષય તો પૂર્ણાનંદમાં રહેવું એ છે. એમાંથી બહાર આવી ગયા તો અમે પરદેશમાં આવી ગયા. જ્યાં અમારો પરિવાર નથી. જ્યાં અમારો પરિવાર અંદર અનંત ગુણનો પરિવાર છે ત્યાંથી અમે હટી ગયા. આહા..હા...! અને દ્રવ્ય, ગુણ, પર્યાયના વિચાર કરવા એ પણ રાગમાં રોકાવું છે. આહા..હા...! આકરી વાત છે, પ્રભુ ! શું થાય ?

મુમુક્ષુ :– રોગ પણ આકરો છે ને !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :– મહા આકરો રોગ, બાપુ ! મિથ્યા શ્રદ્ધાનો મહારોગ પાગલ છે. આહા..હા...! રાગ આવે છે એમાં રાજીપો, ખુશી થાય છે એ પાગલ છે. બહારની ચીજથી રાજી થાય એ તો મોટો પાગલ છે. અમારે પચીસ લાખની ઉપજ છે, અમારી પાસે પાંચ કરોડ, દસ કરોડ રૂપિયા છે. નહિ ? ભાઈ ! એને તો ઘરની દુકાન હતી. ૪૨ વર્ષની ઉંમર છે. 'મુંબઈ'માં દુકાન ચાલે છે. બે-ત્રણ લાખની પેદાશ છે. દુકાન છોડી દીધી, ધંધો છોડી દીધો. ત્રણ ભાઈ છે તો મને ચોથો ભાગ આપો. હવે હું દુકાને નહીં આવું. ૪૨ વર્ષ ઉંમર છે. આ બેઠા. એક દીકરી છે, એક દીકરો છે. તેર વર્ષનો એક દીકરો છે, બાર વર્ષની દીકરી છે. દુકાન બંધ કરી દીધી. વેપાર બધો બંધ. ભાઈઓએ પાંચ લાખ દીધા. પાંચ લાખ, બસ ! સંતોષ કરીને બેસી ગયા. પાંચ લાખનું એક મહિને પાંચ હજાર વ્યાજ આવે છે. બસ ! એટલામાં બધો ખર્ચ કાઢે છે, શાસ્ત્રમાં આપે છે. ખર્ચ કરી નાખે. ૪૨ વર્ષની નાની ઉંમર છે. 'ભાવનગર' (રહે છે). 'બોટાદ'ના ગાંધી છે. અહીં તો પચીસ લાખ ને પચાસ લાખ હોય તો હખ ન મળે.

અહીં કહે છે, **'આત્મામાં નવીનતાઓનો ભંડાર છે.'** અનંત આનંદ, અનંત શાંતિ જ્યાં પર્યાયમાં પ્રગટ થાય. આહા..હા...! અનંત કાળમાં કદી શાંતિ પ્રગટ નથી થઈ એવી શાંતિનો તો ભંડાર ભગવાન છે. એ તરફ ઝુકવાથી પર્યાયમાં વર્તમાનમાં પણ શાંતિ આવે છે. આહા..હા...! એ શાંતિ આવે છે તે ધર્મ છે. આહા..હા..!

**'ભેદજ્ઞાનના અભ્યાસ વડે...'** છે ? રાગ આવે છે તેનાથી ભેદજ્ઞાન કરીને. આહા..હા...! રાગથી ભિન્ન પ્રભુ એવો આત્મા છે એવું ભેદજ્ઞાન–ભિન્ન જ્ઞાન–કરીને. આહા..! **'જો તે નવીનતા–અપૂર્વતા પ્રગટ ન કરી,...'** અનંત આનંદમાંથી આનંદનો નમુનો બહાર ન આવ્યો.. આહા..હા...! અનંત શાંતિનો ભંડાર ભગવાન તરફનો આશ્રય લઈને પર્યાયમાં અપૂર્વ નવીન શાંતિ, વીતરાગતા ન આવી.. આહા..હા..! **'ભેદજ્ઞાનના અભ્યાસ વડે જો તે નવીનતા–અપૂર્વતા પ્રગટ ન કરી, તો મુનિપણામાં જે કરવાનું હતું તે અમે ન કર્યું.'** મુનિપણામાં તો આ કરવાનું છે. 'નિયમસાર'ની ગાથા છે એનું બેને (અહીં લીધું છે) સમજાય છે કાંઈ ?

મુનિપણું.. આહા..! એ તો પરમેશ્વરપદ. જ્યાં અતીન્દ્રિય આનંદમાં રમતા.. રમતા.. રમતા, ઝુલતા ઝુલતા કેવળજ્ઞાન પામે છે. એ મુનિ કહે છે, આ મુનિ છે પોતે આચાર્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી. 'અમૃતચંદ્રાચાર્ય' આચાર્ય છે, 'કુંદકુંદાચાર્ય' આચાર્ય છે અને 'પદ્મપ્રભમલધારીદેવ' 'નિયમસાર'ની ટીકા કરનાર મુનિ છે, આચાર્ય નથી. એ મુનિ એમ કહે છે. આહા..હા...! અમારો વિષય જે અપૂર્વતા, અનંતકાળમાં કદી શાંતિ ને આનંદ ને સમ્યગ્દર્શન, ચારિત્ર પ્રગટ ન કર્યા તો મુનિપણામાં જે કરવાનું હતું તે અમે ન કર્યું. આહા..હા...! મુનિપણામાં તો કરવાનું આ છે. વસ્તુના સ્વરૂપમાં અંતર દૃષ્ટિ લગાવી આનંદમાં સ્થિર થઈ જવું એ મુનિપણાનું કર્તવ્ય છે, એ મુનિપણાનું કાર્ય છે. છે ? **'જે કરવાનું હતું તે અમે ન કર્યું.'** આહા..હા...! અંતર વસ્તુમાં જામી જવું એ અમારું કર્તવ્ય છે અને એ ન કર્યું તો અમે કાંઈ ન કર્યું. આહા..હા...! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

⌘ ⌘ ⌘

**સમ્યગ્દ્રષ્ટિએ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કર્યો ત્યાર પછી (એવી ભાવના તેને રહે છે કે) એક ક્ષણ પણ તે છોડવા લાયક નથી. પરમાત્માને પડખે આવ્યો પછી એક ક્ષણ પણ પરમાત્માનું પડખું છોડવા લાયક નથી અને પુણ્ય-પાપના પડખે ચડવા જેવું નથી. એક ક્ષણ પણ શુદ્ધાત્માને વિસ્મરણ કરવા યોગ્ય નથી.રાગનું કાર્ય કદી પણ ગ્રહણ કરવા લાયક નથી, અને શુદ્ધાત્માને કદી પણ છોડવા લાયક નથી, અને જેને રાગનો રંગ ચડી ગયો છે તેને પરમાત્માનો રંગ કેમ ચડે ? અને જેને પરમાત્માનો રંગ ચડી ગયો છે તેને રાગનો રંગ કેમ ચડે ? હજુ સમ્યગ્દષ્ટિને રાગ આવે છે ખરો, પણ રાગનો રંગ ચડતો નથી, અને શુદ્ધાત્માનો રંગ એક સમય માત્ર પણ ઉતરતો નથી. સમ્યગ્દષ્ટિને અતીન્દ્રિય સુખનો અનુભવ ધારા પ્રવાહરૂપથી ચાલે છે તે એની મોટપ (મહાનતા) છે.**

**'પરમાગમસાર' બોલ નં.૮૧**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શ્રાવણ વદ ૧, શનિવાર તા. ૧૯-૦૮-૧૯૭૮.
વચનામૃત–૧૮૬ થી ૧૮૯ પ્રવચન–૬૯

**ગૃહસ્થાશ્રમમાં વૈરાગ્ય હોય પણ મુનિરાજનો વૈરાગ્ય કોઈ જુદો જ હોય છે. મુનિરાજ તો વૈરાગ્યમહેલના શિખર ઉપરના શિખામણિ છે. ૧૮૬.**

૧૮૬ બોલ છે ? આ 'વચનામૃત'માં ૧૮૬ બોલ છે. ૧૮૫ થઈ ગયા. **'ગૃહસ્થાશ્રમમાં વૈરાગ્ય હોય...'** શું કહે છે ? ગૃહસ્થ અવસ્થા છે ત્યાં જેને અંતરમાં આનંદસ્વરૂપ ભગવાનનો અનુભવ થયો હોય તો એને ગૃહસ્થાશ્રમમાં ધર્મી કહેવાય છે. આહા..હા...! ચાહે તો ચક્રવર્તીનું રાજ હો, બળદેવ આદિ હો પણ અંતરમાં આત્મા પૂર્ણાનંદ પ્રભુનો સ્પર્શ કરીને આનંદનું વેદન આવ્યું હોય, અનુભવ થયો હોય એને સમકિતી સાધક ગૃહસ્થાશ્રમમાં કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? કોઈ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરે માટે તે ધર્મી અને સાધક છે એમ નથી. કેમ કે એ તો બધો રાગ અને વિકલ્પ છે. આહા..હા...! શુભભાવ છે. એનાથી ભિન્ન ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એક સમયમાં પૂર્ણ સામાન્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, એની દૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન થાય છે. ત્યારે એમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. ત્યારે તો હજી એને ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આહા...! અને એને વૈરાગ્ય હોય છે. છે ?

**'ગૃહસ્થાશ્રમમાં વૈરાગ્ય હોય...'** સમ્યગ્દર્શન થયું તો નિશ્ચયથી તો શુભ-અશુભભાવથી પણ વિરક્ત છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, એની જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયા તો એને પુણ્ય ને પાપના વિકલ્પથી વૈરાગ્ય, વિરક્ત છે. સમજાય છે કાંઈ ? જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બન્ને સાથે પ્રગટ થાય છે. આહા..હા...! જ્ઞાન એ કે પૂર્ણ આનંદ સ્વરૂપનું ભાન અને વૈરાગ્ય એ કે શુભ-અશુભભાવથી વિરક્ત. વૈરાગ્યની દશા એ શુભ-અશુભ, પુણ્યથી વિરક્ત વૈરાગ્ય છે. બહારના સ્ત્રી, કુટુંબ, દુકાન છોડી એ વૈરાગ્ય વૈરાગ્ય નથી. આહા...હા...!

મુમુક્ષુ :– બધું પાણીમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પાણીમાં નહિ, વસ્તુ જ નથી. આહા..હા...! બહારની વસ્તુ છોડી તો (એ વૈરાગ્ય છે એમ નથી). અંતરમાં આત્માનો સ્વભાવ ત્યાગોપાદાનશૂન્યત્વ શક્તિ (છે). ઝીણી વાત છે, પ્રભુ ! આહા..હા...! આત્મામાં એવો એક ત્રિકાળી ગુણ છે કે જે પરવસ્તુના ત્યાગ અને ગ્રહણ રહિત એનો ગુણ છે. પરનો ત્યાગ કરું અને પરનું ગ્રહણ કરું એ બુદ્ધિ જ મિથ્યાત્વ છે. આહા..હા...! વસ્તુ જે ભગવાન આત્મા, જ્ઞાયક સ્વભાવથી આનંદથી ભરેલો પ્રભુ છે. એમાં એક શક્તિ-ગુણ એવો છે, કે રજકણથી માંડીને કોઈ પરચીજ ગ્રહણ કરું અને છોડું, એ સ્વરૂપમાં નથી. આહા..હા...! એવી જ્યાં અંદરમાં દૃષ્ટિ થાય છે–ધર્મની પહેલી સીઢી, આહા..હા...! હું રાગથી રહિત અને અનંત આનંદથી સહિત (છું.) આહા..હા...! એકત્વ-વિભક્ત. ત્રીજી ગાથા આવે છે. ગાથાનો આધાર નથી લેતા, ન્યાયથી (કહીએ છીએ).

હું આત્મા અંદર પૂર્ણાનંદ અનંત જ્ઞાન, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય પ્રભુતાની શક્તિથી ભરેલો પ્રભુ છું. એની દૃષ્ટિમાં, ધર્મીની દૃષ્ટિમાં પરમાત્મદ્રવ્ય એ હું છું, એમ છે. આહા..હા...! એ રાગ હું છું અને નિમિત્તમાં હું છું ને નિમિત્ત ને રાગથી મારામાં કંઈક લાભ થશે, એ દૃષ્ટિ ધર્મીની હોતી નથી. આવી વાત સૂક્ષ્મ છે, પ્રભુ !

ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ, શુદ્ધ પરમાત્મ સ્વરૂપે બિરાજમાન આત્મા છે. જો પરમાત્મસ્વરૂપ ન હોય તો પર્યાયમાં પરમાત્મા આવશે ક્યાંથી ? આહા..હા...! સમજાય છે કાંઈ ? લીંડીપીપર–છોટી પીપર હોય છે ને ? એમાં ચોંસઠ પહોરી તીખાશ ભરી છે. જેમ ચોંસઠ પહોર એને ઘુંટવાથી જે અંદરમાં છે તે બહાર આવે છે. ચોંસઠ નામ પૂર્ણ. ચોંસઠ પૈસા કહે છે ને ? ચોંસઠ પૈસા નામ સોળ આના, સોળ આના નામ રૂપિયો, રૂપિયો નામ પૂર્ણ, પૂર્ણ નામ સર્વસ્વ. આહા..હા...!

લીંડીપીપર જેમ કદે નાની, રંગે કાળી છે છતાં અંતરમાં પૂર્ણ તીખાશ અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લીલો રંગ પૂરો ભર્યો છે. આહા..હા...! એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપના વિકલ્પથી મલિન દેખાય છે. સમજાય છે કાંઈ ? અને અલ્પજ્ઞ પર્યાયમાં દેખાય છે એ એનું પૂર્ણ સ્વરૂપ નથી. એ પૂર્ણ સ્વરૂપ તો સર્વજ્ઞ સ્વભાવી, સર્વદર્શી સ્વભાવી અને પૂર્ણ વીતરાગ સ્વરૂપ એ એનું પૂર્ણ સ્વરૂપ છે. એની દૃષ્ટિ કરવાથી, જેમ એ ચોંસઠ પહોર પીપરને ઘુંટવાથી છે તેમાંથી આવે છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. જે કૂવામાં હોય તો અવેડામાં આવે છે. એમ અંદર પીપરમાં શક્તિ અને સામર્થ્ય છે તો ઘુંટવાથી બહાર આવે છે. એ ઘુંટવાથી બહાર આવી છે એમ કહેવું એ તો નિમિત્તથી કથન છે. જો ઘુંટવાથી તીખાશ બહાર આવે તો લાકડી અને કોલસાને ચોંસઠ પહોર ઘુંટે તો એમાં નથી તો ક્યાંથી આવશે ? આહા..હા...! સમજાય છે કાંઈ ? લોજીકથી–ન્યાયથી એને સમજવું પડશે. અનંત કાળથી દુઃખી પ્રાણી છે. અને રઝળતો રઝળતો ચોરાસી લાખ યોનિમાં... એક યોનિમાં અનંત ભવ કર્યા વિના રહ્યો નથી. અનંત અનંત કાળ થયો, પ્રભુ ! તારી વસ્તુ શું છે એની ખબર નથી. (લીંડીપીપરમાં) જેમ ચોંસઠ પહોરી તીખાશ ભરી છે અને લીલો રંગ ભર્યો છે, એમ આત્મામાં પૂર્ણ આનંદ અને પૂર્ણ વીતરાગતાથી ભરેલો આત્મા છે. એ પૂર્ણાનંદ અને પૂર્ણ વીતરાગ સ્વરૂપ છે, એને એકાગ્રતાથી ઘુંટવાથી છે તેમાંથી બહાર આવે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીતરાગતા એ અંદર શક્તિ છે એમાંથી આવ્યું.

એમ કહે છે, ગૃહસ્થાશ્રમમાં વૈરાગ્ય હોય છે. સમ્યગ્દર્શન સહિત પુણ્ય ને પાપના રાગથી વિરક્ત થઈને ગૃહસ્થાશ્રમમાં પણ વૈરાગ્ય હોય છે. પણ આ સમકિત (થયું હોય ને) રાગથી રહિત (થયો હોય તો). **'પણ મુનિરાજનો વૈરાગ્ય કોઈ જુદો જ હોય છે.'** આહા..હા...! મુનિ કોને કહીએ ? જેને અંદરમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. ભરતીને શું કહે છે ? બાઢ. સમુદ્રમાં કાંઠે જેમ ભરતી આવે છે ને ? આહા..હા...! એમ મુનિરાજને, સાચા મુનિ છે એને. આહા..હા...! અતીન્દ્રિય આનંદ જે પરિપૂર્ણ ભર્યો છે એની દૃષ્ટિ અને સ્થિરતાથી એની પર્યાયમાં અતીન્દ્રિય આનંદ હિલોળા મારે છે. આહા..હા...! પર્યાય નામ કાંઠે અતીન્દ્રિય આનંદ આવે છે. આહા..હા...! એ મુનિરાજનો વૈરાગ્ય–રાગથી રહિત, કોઈ જુદો જ વૈરાગ્ય હોય છે. આહા..હા...!

જે મુનિરાજને પંચ પરમેષ્ઠીમાં ગણાય છે તેમની અંતર દશા, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં એટલા ઘુસી ગયા છે કે જેમને પંચ મહાવ્રતનો શુભરાગ આવે છે તે દુઃખ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લાગે છે. આહા..હા...! ઝીણી વાત છે, પ્રભુ ! તું કેવો છે, કેમ છે ? એની તને ખબર નથી. આહા..! મૃગની નાભિમાં કસ્તુરી પણ મૃગને કસ્તુરીની ખબર નથી. એમ મૃગલા જેવા જીવ અનાદિથી અંતરમાં આનંદની શક્તિ પૂર્ણાનંદ ભરી છે.... ભાષા સમજાય છે ? મૃગ હોય છે ને ? મૃગ–હરણ.. હરણ. એની નાભિમાં કસ્તુરી છે. પણ એને એમ લાગે છે ગંધ બહારથી ક્યાંકથી આવે છે ? તો બહાર ગોતે છે. એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. આહા..હા...! અજ્ઞાની બહારથી પૈસામાંથી, સ્ત્રીમાંથી, કુટુંબમાંથી, આબરૂમાંથી, મોટો અધિકાર મળ્યો એમાંથી આનંદ આવે છે એવા હરણ જેવા, મૃગલા જેવા અજ્ઞાની પરમાં સુખબુદ્ધિ માનીને પોતાના આનંદસ્વરૂપનો અનાદર કરે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

મુનિરાજને તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ (આવ્યો છે). સાચા સંત, હોં ! ભાવલિંગી. એકલા નગ્ન થઈ જાય એ સાધુ થઈ ગયા એમ નહિ. અને અઠ્યાવીસ મૂળગુણ પાળે, મહાવ્રત પાળે તો પણ એ સાધુ નહિ. સાધુ તો એનાથી ભિન્ન થઈ અતીન્દ્રિય આનંદની શક્તિ જે અંદરમાં પડી છે એની પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. આહા..હા...! એ અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પુણ્ય-પાપના રાગથી વૈરાગ્ય ઘણો હોય છે. 'પુણ્ય-પાપ અધિકાર'માં કહ્યું છે. વૈરાગ્ય એને કહીએ. વૈરાગ્ય આ બાયડી, છોકરા ને દુકાન છોડી દીધા માટે વૈરાગી છે એ વૈરાગી નથી, ભાઈ !

વૈરાગ્ય તો પરમાત્મા એને કહે છે, પોતાનું અસ્તિત્વ જે મોજૂદ ચીજ છે એના આનંદનો અનુભવ થયો હોય અને રાગ ને પુણ્ય-પાપના ભાવથી વિરક્ત દશા થઈ હોય એને વૈરાગ્ય કહે છે. આહા..હા...! **'મુનિરાજનો વૈરાગ્ય કોઈ જુદો જ હોય છે. મુનિરાજ તો વૈરાગ્યમહેલના શિખર ઉપરના શિખામણિ છે.'** આ શાસ્ત્રના શબ્દ છે. આહા..હા...! વૈરાગ્યનો મહેલ, એનું શિખર, એનું શિખામણિ. આહા..હા...! અંતરના આનંદની એટલી દશા (થઈ છે)... 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિરાજ તો ત્યાં સુધી કહે છે કે એમને જરી રાગનો અંશ છે થોડો પણ એમની દશામાં જેવી સર્વજ્ઞની દશા છે એવી એમની દશા છે. એમાં ઓછપ જોઈએ તો અમે જડ છીએ, એમ કહે છે. આહા..હા..! સાચા સંતની વાત છે, હોં ! આમ તો દ્રવ્યલિંગ અનંત વાર લીધું. નગ્ન થયો, પંચ મહાવ્રત ધારણ કર્યા, હજારો રાણી છોડી, એ કોઈ વૈરાગ્ય નથી, એ કોઈ ત્યાગ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અંતર ભગવાન પૂર્ણાનંદ શક્તિના ભંડારમાં જતાં સ્વભાવમાં આસ્તિકતા થઈ અને રાગથી આસ્તિક્યતા છૂટી ગઈ કે એ વસ્તુ હું નહિ, એવો જ્ઞાન અને વૈરાગ્ય જેને અંતરમાં વર્તે છે એ તો વૈરાગ્યના મહેલના શિખરના શિખામણિ છે. આહા..હા...! બાપુ ! મુનિરાજ તો આવા હોય. એ સમજવું... પુસ્તક આવ્યું છે. આવ્યું ને હમણાં ? નાનું પુસ્તક. ધન્ય મુનિદશા ! અમને તો ખબર છે. ઘણા પુસ્તક આવ્યા છે. એમાં બેનના વચનો છે તેનો સંગ્રહ કરીને કોઈએ બનાવ્યું છે. આહા..હા...!

પ્રચુર સ્વસંવેદન એ મુનિનું ભાવલિંગ છે. 'સમયસાર' પાંચમી ગાથા. 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, હું 'સમયસાર' કહીશ પણ હું મારા નિજ વૈભવથી કહીશ. નિજ વૈભવથી કહીશ. નિજ વૈભવ શું ? પોતાના આનંદમાંથી જે અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો, અને રાગથી વિરક્તતા જે અંદર પ્રગટ થઈ અને જ્ઞાનની ધારા અંદર ઉત્પન્ન થઈ, સમકિતની ધારા ઉત્પન્ન થઈ, વીતરાગની ધારા ઉત્પન્ન થઈ એ અમારો નિજ વૈભવ છે. આ ધૂળના વૈભવ છે એ તો માટીના છે. આહા..હા...!

મુમુક્ષુ :— ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– માટી બાંધે તો શું માટીથી મટી જાય છે ? એ તો એની પર્યાય જ્યારે મટવાની હશે ત્યારે મટશે. આહા..હા...! મેં એક વાર કહ્યું હતું ને ? અમે 'મુંબઈ'માં આહાર લેવા ગયા હતા. મોટા ગૃહસ્થ હતા, પાંચ-છ કરોડ રૂપિયા હતા. ત્યાં અમે આહાર લેવા ગયેલા. ત્યાં આમ ઓરડામાં મખમલ પાથરેલા. એક દીકરો હતો એ બિચારો ગુજરી ગયો. બહુ રુચિ. લગન કર્યા પહેલાં, પણ બહુ રુચિ હતી. ટાટામાં નોકરી હતી. ત્યાં મુંબઈમાં ટાટા છે ને ? છે તો જમશેદપુરની પણ ત્યાંનો એક ભાગ છે. ત્યાં મોટો નોકર હતો. નાની ઉંમર. એને થઈ ગયું હતું... શું કહેવાય આ ? કિડની. આહા...! એક વર્ષના લગન. અહીંયા લગન પહેલાં આવતો હતો. લગન પછી પણ આવ્યો હતો. બહુ રસ હતો. તમારા દર્શન કરવા છે. અંદર ગયા તો બિચારાને કિડનીનું દર્દ હતું. અમે શેઠને ત્યાં આહાર કરવા ગયેલા તો ત્યાં ગયેલા. શેઠને ત્યાં આહાર કરવા ગયેલા ત્યાં રૂમમાં બધામાં મખમલ પાથરેલા હતા. પાંચ લાખ ઉપર તો જેનો ઘરવખરો છે. શું કહેવાય છે ? શું કહે છે ? ફર્નીચર. હું તો પગલા કરવા ગયેલો. મને એમ થયું, અરે...! અહીંયાથી નીકળવું મુશ્કેલ પડશે. આહા..! આપણા શાંતાબેન છે ને ? એમના બેનના નણંદ છે. આવે, સાંભળે. પાંચ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છ કરોડ રૂપિયા છે. મોટી દુકાન છે ત્યાં અરબસ્તાનમાં. પૈસા બહુ ઉપજાવે છે. એમાં શું આવ્યું ધૂળમાં ? આહા..હા...! એ વૈભવ તો જડના. મસાણમાં હાડકા હોય છે એમાં ચમક ઉઠે છે. મસાણમાં ઘણા માણસ મરી ગયા હોય તો હાડકામાંથી ચમક ઉઠે.

અમે નાની ઉંમરના હતા ત્યારે બહાર નીકળતા હતા. દસ-બાર વર્ષની ઉંમર. કોમળ શરીર. અમે મસાણમાં જવાનું કહેતા તો વૃદ્ધો કહે, ત્યાં નહિ જવાનું. કેમ ? ત્યાં ભૂત–વ્યંતર છે. પેલી ચમક હોય ને ? હાડકાની ચમક. ફોસ્ફરસ (હોય). ત્યાં વ્યંતર છે એમ કહીને બાળકને જવા ન દે. પછી પૂછ્યું કે, આ છે શું ? હાડકાની ફાસફૂસ... શું કહે છે ? ફોસ્ફરસ. એમ આ બધી ચીજ મસાણની ફોસ્ફરસ છે. આહા...હા...! બંગલા ને પૈસા ને સ્ત્રી ને કુટુંબ ને આબરૂ ને કીર્તિ મસાણના હાડકાની ફોસફાસ છે. એમ અંતરમાં ભાન થતાં... આહા...હા...! અંતરમાં જ્યાં આનંદની ભરતી આવે છે તો રાગથી વૈરાગ્ય છે તો મુનિરાજ તો વૈરાગ્યના મહેલના શિખરના શિખામણી છે.

**મુનિ આત્માના અભ્યાસમાં પરાયણ છે. તેઓ વારંવાર આત્મામાં જાય છે સવિકલ્પ દશામાં પણ મુનિપણાની મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતા નથી. મર્યાદા છોડી વિશેષ બહાર જાય તો પોતાની મુનિદશા જ ન રહે. ૧૮૭.**

૧૮૭. **'મુનિ આત્માના અભ્યાસમાં પરાયણ છે.'** આહા..હા...! મુનિ તો અંતર આનંદ સ્વરૂપના અભ્યાસમાં તત્પર છે. શાસ્ત્રનો અભ્યાસ પણ વિકલ્પ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ધર્માત્મા મુનિરાજ તો પોતાના આનંદસ્વરૂપ ભગવાનના અભ્યાસમાં તત્પર પરાયણ છે. આહા..હા...! સમકિતી ગૃહસ્થાશ્રમમાં હો, છે તો પોતામાં તત્પર, પણ રાગ ઘણો આવે છે તો એને જાણે છે. પણ મુનિરાજને તો ઘણો અલ્પ રાગ આવે છે. સંજ્વલન કહે છે. સંજ્વલન–પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે છે એ આત્માની શાંતિ બાળે છે. આહા..હા..હા...! સંજ્વલન શબ્દ છે ને? ચોથી ચોકડી છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય. શાસ્ત્ર ભાષા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જુદી છે. એ સંજ્વલન મુનિને અંદર આનંદની ધારા વહે છે. પાતાળમાંથી જેમ ધારા વહે એમ અંતરમાંથી ધ્રુવ પાતાળમાંથી (આનંદની ધારા વહે છે). દૃષ્ટિ ત્યાં ધ્રુવ ઉપર પડી છે. આહા..હા...! અને મુનિને તો ધ્રુવનો આશ્રય ઘણો છે. સમકિતીને ધ્રુવનો આશ્રય છે પણ થોડો છે. અંતર આનંદ સ્વરૂપ ભગવાનમાં સમીપમાં ગયા છે તો અંદર ઘણા આનંદ અને શાંતિનો પ્રવાહ અને ધારા વહે છે તો એ તો આત્માના અભ્યાસમાં તત્પર છે. આહા..હા...! શાસ્ત્રના અભ્યાસમાં તત્પર છે એમ નથી કહ્યું. કેમ કે શાસ્ત્ર પરવસ્તુ છે એ તરફનું લક્ષ કરવાથી તો વિકલ્પ આવે છે. સ્વરૂપના લક્ષે અભ્યાસ કરે તો તો અંતર એકાગ્રતા વધે છે. આહા..હા...!

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપથી ભરેલો કળશ છે. અમૃતથી ભરેલો કળશ છે. આહા...! એમાં મુનિરાજનો અભ્યાસ તત્પર છે. **'તેઓ વારંવાર આત્મામાં જાય છે...'** આહા..હા...! આનંદનો સ્વાદ આવ્યો છે ને તો એ વારંવાર અંદર આત્માનો સ્વાદ લેવા જાય છે. આહા..હા...! સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં વારંવાર અંતરમાં નથી જઈ શકતા. તેમને અંતરમાં અનુભવ છે. હું સમ્યક્‌માં પૂર્ણાનંદ પરમાત્મતત્ત્વ છું. હું અલ્પજ્ઞ નહિ, રાગ નહિ, નિમિત્તમાં હું નથી. પણ એને હજી રાગની, ત્રણ કષાયની તીવ્રતા છે તો અંદરમાં વારંવાર ઉપયોગ જામતો નથી. મહિને, બે મહિને, પંદર દિ' એ, કોઈ વખતે અંતર્મુહૂર્તમાં પણ થઈ જાય છે. પણ મુનિરાજ તો વારંવાર અંદરમાં જાય છે. આહા..હા...! અતીન્દ્રિય આનંદનું પાતાળ અંદર ભર્યું છે. આવો ધર્મ. એમાં–આત્મામાં વારંવાર જાય છે.

**'સવિકલ્પ દશામાં પણ...'** મુનિને પંચ મહાવ્રતના વિકલ્પ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય, ભક્તિનો પણ રાગ આવે છે. એ રાગની દશામાં પણ... છે ? **'મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતા નથી.'** આહા..હા...! એ તો એટલા પંચ મહાવ્રતાદિના વિકલ્પ આવે છે એટલામાં જાય છે, પણ એનાથી આઘા નથી જતા. હું બીજાને કલ્યાણ કરાવી દઉં, હું પાઠશાળા ચલાવી દઉં, એવા વિકલ્પમાં આઘા નથી જતા. આહા..હા...! **'વિશેષ બહાર જતા નથી. મર્યાદા છોડી વિશેષ બહાર જાય...'** આહા..હા...! **'તો પોતાની મુનિદશા જ ન રહે.'** બહારની સંભાળ કરવા જાય તો પોતાની અંદર વીતરાગ દશા ન રહે. આહા..હા...! એ ૧૮૭ (બોલ પૂરો થયો).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતાની વાત છે. અનાદિથી જીવે એવું કર્યું છે કે ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે અને બની શકે છે તે કરતો નથી. મુનિરાજને પરના કર્તૃત્વની બુદ્ધિ તો છૂટી ગઈ છે અને આહાર-વિહારાદિના અસ્થિરતારૂપ વિકલ્પો પણ ઘણા જ મંદ હોય છે. ઉપદેશનો પ્રસંગ આવે તો ઉપદેશ આપે, પણ વિકલ્પની જાળ ચાલતી નથી. ૧૮૮.**

૧૮૮. '**ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતાની વાત છે.**' શું કહે છે ? શરીરની ક્રિયા હું કરું, હલાવી શકું, હું બોલી શકું, હું પૈસા લઈ શકું, હું પૈસા દઈ શકું એ બધી ક્રિયા પોતાની નથી, જડની ક્રિયા છે. '**ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી...**' આહા..હા...! આકરી વાત છે. આ આંગળી ચાલે છે તે જડને કારણે ચાલે છે, આત્માથી નહિ. એમાં એવી બુદ્ધિ કરવી કે હું બરાબર શરીરની ક્રિયા કરી શકું, જોઈને પગ મુકી શકું, જોઈને ભાષા હું કરી શકું, એ મૂર્ખ છે.

મુમુક્ષુ :– ભાષા સમિતિમાં આવે છે સાવધાનીથી...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાષા સમિતિમાં આવે એ વિકલ્પ છે. એ વિકલ્પમાં આવે છે એટલું બોલે પણ એ છે રાગ. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ રાગનો કર્તા પણ નથી, પ્રભુ ! ઝીણી વાત છે. રાગ આવે છે પણ જ્ઞાની છે એ રાગનો કર્તા થતો નથી. રાગ એ ઝેર છે. આહા..હા...! વીતરાગ સ્વરૂપ અમૃત છે. એ અમૃતના સાગરનો જેને અનુભવ થયો તેને રાગ ઝેર જેવો દેખાય છે. આહા..હા...! ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનો સાગર છે, એનો જેને સમ્યગ્દર્શન, અનુભવ થયા એ અનુભવના સ્વાદ આગળ, નબળાઈને લઈને રાગ આવે છે પણ એ ઝેર જેવો લાગે છે. દુઃખ લાગે છે. આહા..હા...!

વિષકુંભ કહ્યું છે. 'સમયસાર' 'મોક્ષ અધિકાર'. પ્રતિક્રમણ, પ્રતિહાર ને ભગવાનના દર્શન ને પ્રતિમાના દર્શન એ વિકલ્પ છે, ઝેરનો ઘડો છે, એમ કહ્યું છે. રાગ છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ને ? પોતાનું સ્વરૂપ તો વીતરાગી અમૃતસ્વરૂપ છે. આહા..હા...! એ કેમ બેસે ? આત્મા પવિત્ર અમૃતનો સાગર છે. એક એક ગુણમાં અમૃત ભર્યું છે. એવા અનંત અમૃતનો સાગર ભગવાન, એનો જેને અંદર અનુભવ થયો, ધર્મદૃષ્ટિ થઈ, વિકારદૃષ્ટિ, પર્યાયબુદ્ધિ છૂટી ગઈ તેને રાગ આવે છે એ ઝેર જેવો લાગે છે. આહા..હા...! અને સમ્યગ્દૃષ્ટિને વિષય વાસના પણ આવે છે પણ જેમ કાળો નાગ જોવે એમ એ વાસનાને કાળો નાગ, ઝેર જુએ છે. આહા..હા...! વાસના આવે છે. 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' ચક્રવર્તી હતા, તીર્થંકર હતા, કામદેવ હતા. ત્રણ પદવી હતી. છન્નુ હજાર સ્ત્રી હતી. ત્રણ જ્ઞાન તો લઈને આવ્યા હતા અને આત્માનો અનુભવ, સમ્યગ્દર્શન લઈને તો માતાના પેટમાં આવ્યા હતા. પછી છન્નુ હજાર સ્ત્રી સાથે લગ્ન કર્યાં. એ રાગ આવ્યો પણ ઝેર લાગતો હતો. આહા..! હું લગન કરું છું તો મને સુખ મળશે, એવી બુદ્ધિ ધર્મીને નથી. પણ નબળાઈને લઈને, આત્માનું જ્ઞાન અને આનંદનો સ્વાદ હોવા છતાં રાગ આવે છે તેને ઝેર જુએ છે. આહા..હા...! એવા મુનિરાજ અથવા કોઈ પણ જીવ..

પરનું '**કાર્ય કરવાની બુદ્ધિ કરવી...**' આહા..હા...! હું પરનો મોક્ષ કરાવી દઉં, એ બુદ્ધિ પણ મિથ્યાત્વ છે. 'બંધ અધિકાર'માં આવે છે, ભાઈ ! હું પરને બાંધું, પરને છોડાવું એ તો અજ્ઞાન છે. પર તો પોતાના વીતરાગભાવથી છૂટશે અને રાગભાવથી બંધાશે. આહા..હા...! આવી વાત આકરી બહુ. સમજાય છે કાંઈ ? હું પરને જીવાડી શકું છું અને હું પરથી જીવી શકું છું, એ બુદ્ધિ મહામૂર્ખની મિથ્યાત્વની છે. આહા..હા...! કેમ કે પરની જીવાડી શકું છે તો તું પરને આયુષ્ય દઈ શકે છે કે જીવાડી શકે ? એના આયુષ્ય છે તે પ્રમાણે એ જીવશે, તું શું જીવાડી શકે છે ? અને પરને મારી શકું છું. આહા..હા...! એના આયુષ્ય પૂર્ણ થયા વિના મરશે નહિ અને તું કહે કે હું મારી શકું છું. ભ્રમ અજ્ઞાનીની ભ્રમણા છે. આહા..હા...!

એ કહે છે, '**ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતાની વાત છે. અનાદિથી જીવે એવું કર્યું છે કે ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે.**' દેશની સેવા કરું. મૂર્ખ છે. પરની સેવા કોણ કરી શકે ? સમજાય છે કાંઈ ? અમારા વ્યાખ્યાનમાં તો 'ગાંધીજી' આવ્યા હતા. 'મોહનલાલ ગાંધી'. (સંવત) ૧૯૯૫, 'રાજકોટ'. આવ્યા હતા, વ્યાખ્યાનમાં આવ્યા હતા. તે વખતે કહ્યું હતું કે પરને હું સુખી કરી શકું છું...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તે દિ' (આ ભાઈ) નહોતા. હજી રળવામાં હતા, ભણવામાં હશે. એ મોટા ડૉક્ટર છે. ચાર-ચાર કલાક હંમેશાં વાંચે છે. ઘણો અભ્યાસ અને યાદદાસ્ત પણ બહુ. એ 'ગાંધી' આવ્યા તો મેં તો એમ કહ્યું હતું, 'બંધ અધિકાર'માંથી, પરને હું સુખી કરી શકું છું, દેશની સેવા કરી શકું છું, જીવાડી શકું છું એ માન્યતા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીની છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- મૂર્ખ એ શબ્દ નહોતો કહ્યો. ત્યારે આ શાસ્ત્રનો શબ્દ છે ને ? શાસ્ત્રનો પાઠ છે. 'સમયસાર', 'બંધ અધિકાર'. હું પરને જીવાડું છું, જીવાડી શકું છું, હું પરની દયા પાળી શકું છું એ અજ્ઞાન છે, મિથ્યાત્વ છે, એ વિપરીત બુદ્ધિવાળો છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! એક તણખલાના બે ટુકડા કરવા એ પણ મારી શક્તિ નહિ. એ 'શ્રીમદ્' કહે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગૃહસ્થાશ્રમમાં જવેરાતનો ધંધો હતો, આત્મજ્ઞાની હતા. 'મુંબઈ'માં હતા. (સંવત) ૧૯૫૭માં ગુજરી ગયા. ૧૯૨૪માં જન્મ હતો. તેંત્રીસ વર્ષની ઉંમરમાં ગુજરી ગયા, પણ આત્મજ્ઞાન હતું, અનુભવ હતો. ધંધાનો વિકલ્પ હતો તો ઝવેરાતનો ધંધો કરતા હતા, પણ એ રાગથી પણ ભિન્ન હતા. સમજાય છે કાંઈ ? આહા..હા..! એ 'શ્રીમદ્ રાજચંદ્ર' વખતે 'ગાંધી'નો સંયોગ હતો. પણ એમની શક્તિને ન સમજી શક્યા. 'શ્રીમદ્'ની શું દૃષ્ટિ છે અને 'શ્રીમદ્'ની શું દશા છે, એ 'ગાંધી' ન સમજી શક્યા. એમનો પરિચય ઘણો હતો. પરદેશમાં જઈને ખ્રિસ્તી થવાની 'ગાંધીજી'ની તૈયારી હતી પણ એમનો પરિચય થયો તો ઓ..હો..! આટલી નાની ઉંમરમાં આટલી વાત કરે છે ! વિલાયતથી 'ગાંધી' ઉતર્યા અને મળ્યા. આહા..હા...! એમનું પાણી ઉતરી ગયું. ઓ..હો...! હિન્દુસ્તાનનમાં આવો બુદ્ધિવાળા ! નાની ઉંમરમાં આટલી તાકાત ! તો ખ્રિસ્તી થતા રહી ગયા. બહારમાં નથી, ન્યાં ધૂળમાં કંઈ નથી.

એવી શક્તિ જોઈને ખ્રિસ્તી થવાની દૃષ્ટિ ઉઠી ગઈ. છતાં હું પરનું કરી શકું, મેં દેશને સ્વતંત્ર કરી દીધો, આ ન આવ્યું ? પંદરમી તારીખ ને? ઑગસ્ટ. કેટલામી છે આજે ઓગણીસ ? કોણ કરે ? અરે..! પ્રભુ ! આહા..હા...! એ દેશની ક્રિયા હું કરી શકું છું, હું પરને સ્વતંત્ર કરાવી દઉં છું, એ બુદ્ધિ મિથ્યાભ્રમ અજ્ઞાન છે. સમજાય છે કાંઈ ?

એ કહે છે, '**ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતાની વાત છે.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**અનાદિથી જીવે એવું કર્યું છે કે ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે...**' હું પરને સુખી કરું, પરને દુઃખી કરું, પરને બાંધી દઉં, પરનો મોક્ષ કરાવી દઉં.. આહા..હા..! એ ક્રિયાનું કરવું એ અનાદિથી કરી શકતો નથી. (છતાં કરવાની બુદ્ધિ કરે તે) મિથ્યાત્વભાવ છે, મહા જૂઠો પાખંડભાવ છે. સમજાય છે કાંઈ ? હું આ મંદિર બનાવી શકું છું. એ અંદર આવ્યું ને ? '**અનાદિથી જીવે એવું કર્યું છે કે ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે...**' હું મંદિર બનાવું, આવું કરું. આહા..! શું બનાવી શકે ?

મુમુક્ષુ :– મંદિર નથી લખ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ બધા પરદ્રવ્યની વાત છે. મંદિર પરદ્રવ્ય આવ્યું નહિ ? સોળમી ગાથામાં કહ્યું નહિ ? ગાથા '**परदव्वादो दुग्गई**' 'મોક્ષ પાહુડ', 'કુંદકુંદાચાર્યદેવ' દિગંબર સંત મુનિએ એમ કહ્યું, સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો રાગ થશે, દુર્ગતિ (થશે), તારી ચૈતન્યગતિ નહિ થાય. આવી વાત છે. આહા..હા...! કહો, ભાઈ ! તમારે કરોડોના મોટા વેપાર ધંધા. આ મેં કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું.

એ તો અન્યમતિમાં એક 'નરસિંહ મહેતા' થયા છે. 'નરસિંહ મહેતા' ભગત. એણે કહ્યું છે, 'હું કરું હું કરું...' 'નરસિંહ મહેતા' 'જૂનાગઢ'ના હતા. અન્યમતમાં વૈષ્ણવ (હતો). 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે'. ગાડું હોય ને ? નીચે કૂતરો હોય તો એની પીઠ અડે. ગાડું તો બળદથી ચાલે છે. અત્યારે તો દૃષ્ટાંત દેવો છે. પણ કૂતરો એમ જાણે કે આ મારાથી ચાલે છે.

એમ દુકાનના થડે બેસીને આ વેપાર-ધંધાની ક્રિયા હું કરી શકું છું, એ કૂતરા જેવા (છે). મુનિને ક્યાં પડી છે કે તમને ઠીક પડે કે ન પડે, તમારી મરજી. કહો, શેઠ ! એને એ જ શેઠાઈનો ધંધો છે. શું કહેવાય ઇ ? શરાફ.. શરાફ. શરાફનો ધંધો છે. આહા..હા...! અરે..! એક રજકણ, તણખલાના બે ટુકડા હું કરી શકું છું એ ભ્રમણા અજ્ઞાનીની મિથ્યાત્વ છે. આહા..હા...!

એ કહે છે, '**અનાદિથી જીવે એવું કર્યું છે કે ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે અને બની શકે છે...**' પોતાના આનંદ અને જ્ઞાનનો અનુભવ થઈ શકે છે. પોતાનો જ્ઞાનસ્વરૂપી ભગવાન, એમાં જઈને એકાગ્ર થઈ શકે છે એ ન કર્યું. આહા..હા..! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ'. 'શ્રીમદ્'નું વાક્ય છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' શુદ્ધ નામ પવિત્ર, બુદ્ધ નામ જ્ઞાનનો સાગર. ચૈતન્યઘન નામ અસંખ્ય પ્રદેશી. સ્વયં જ્યોતિ. પોતાની જ્યોતિ પોતાથી અનાદિથી છે. અને સુખધામ– અતીન્દ્રિય આનંદનું એ સ્થાન છે. 'બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' તને બીજું શું કહીએ ? કહે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'. આહા..હા..! એ વખતે હિન્દુસ્તાનમાં આટલા ક્ષયોપશમવાળો પુરુષ બીજો કોઈ નહોતો. એટલો ક્ષયોપશમ ! બહુ બુદ્ધિ, બહુ બુદ્ધિ ! તેંત્રીસ વર્ષે દેહ છૂટી ગયો. બાવીસ વર્ષે આત્મજ્ઞાન થયું હતું, બાવીસ વર્ષે આત્મજ્ઞાન થયું હતું. અને સોળ વર્ષની ઉંમરમાં એમ કહ્યું, 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો.' શુભ, પૂર્વના પુણ્યને લઈને તને દેહ મળ્યો. આહા..! 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તોયે અરે..! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો' પ્રભુ ! આહા..હા...! તને આવો મનુષ્ય ભવ મળ્યો તો ભવચક્રનો એક આંટો ન છોડ્યો. એક છોડે તો અનંત છૂટી જાય છે. મિથ્યાત્વ છૂટવાથી સમ્યગ્દર્શન થવાથી ભવચક્ર રોકાઈ જાય છે. સમજાય છે કાંઈ ?

'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો' ગૃહસ્થાશ્રમમાં દેહની સોળ વર્ષની ઉંમર દેહની, ઉંમર છે ને ? આત્માની ઉંમર (નથી). આત્મા તો અનાદિઅનંત છે. 'લક્ષ્મી અને અધિકાર વધતાં' લક્ષ્મી ઘણી વધી ગઈ, અધિકાર મળ્યો, મહિને મહિને પચાસ હજારનો પગાર મળે એવો અમલદાર થયો. 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો' પ્રભુ ! શું વધ્યું તને ઇ ? આહા..! 'શું વધ્યું તે તો કહો.' આહા..હા...! 'વધવાપણું સંસારનું નરદેહને હારી જવો, એનો વિચાર નહિ અહોહો એક પળ તમને હવો' એમ કહે છે. આહા..! આહા..હા...! શું વધ્યું ? અબજો રૂપિયા મળ્યા. દીકરા આઠ, આઠ. એક દીકરો પાંચ-પાંચ, દસ-દસ લાખની પેદાશવાળા. અને એક દીકરાને કરોડો, અબજોપતિની દીકરી પચીસ-પચાસ લાખ લઈને આવે છે. તને શું વધ્યું ? આહા..! સંસાર વધ્યો. આહા..હા...! સંસારમાં રખડવાનું વધ્યું, ભાઈ ! ભગવાન તો આ પ્રવૃત્તિ અને રાગની પ્રવૃત્તિથી પણ ભિન્ન છે. આહા..હા...!

**'ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે અને બની શકે છે તે કરતો નથી. મુનિરાજને પરના કર્તૃત્વની બુદ્ધિ તો છૂટી ગઈ છે...'** જુઓ ! સમકિતીને પણ પરના કર્તૃત્વની બુદ્ધિ તો છૂટી ગઈ છે પણ રાગ વિશેષ આવે છે. અને મુનિરાજને તો પરની કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ છે અને રાગ ઘણો મંદ થઈ ગયો છે. આહા..હા..! વીતરાગી બિંબ થઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગયા છે. જિનબિંબ. એમ અંતરમાં વીતરાગી બિંબ થઈ ગયા છે. આહા..હા...! **‘અને આહાર-વિહારાદિના અસ્થિરતારૂપ વિકલ્પો પણ ઘણા જ મંદ હોય છે.’** આહાર અને વિહારની વિકલ્પ, વૃત્તિ ઘણી મંદ હોય છે. અતીન્દ્રિય આનંદમાં રમતા, ઝુલતાં... આહા..હા...! રાગ ઘણો મંદ થઈ ગયો (છે) અને વીતરાગી આનંદની રમતમાં (લીન થયા છે).

‘નિજપદ રમે સો રામ કહીએ’. નિજ આનંદસ્વરૂપમાં રમે તે રામ, બાકી રાગમાં રમે તે હરામ. સમજાય છે કાંઈ ? આહા..હા...! આકરી વાત છે. ‘આનંદઘનજી’ થયા છે એમણે ગાયન બનાવ્યું છે. અહીં તો બધું જોયું છે ને ! કરોડો શ્લોકો શ્વેતાંબરના અને ભજન બધું જોયું છે, ઘણું જોયું છે. ‘આનંદઘનજી’માં એવું એક પદ આવ્યું છે. ‘નિજપદ રમે સો રામ કહીએ’. પોતાના આનંદસ્વરૂપમાં રમે તે રામ ને આતમરામ કહીએ. બાકી રાગમાં રમે તે હરામી, હરામ કહીએ. ‘કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ’. કૃષ્ણ કોને કહે છે ? જે રાગને કૃષી નાખે, નાશ કરી નાખે અને પોતાની શક્તિ પ્રગટ કરી દે તે કૃષ્ણ છે. કૃષ્ણ હતા એ સમકિતી હતા. કૃષ્ણ જે વાસુદેવ હતા એ આત્મજ્ઞાની હતા. એ આત્મજ્ઞાનમાં હતા. હજી ત્રણ કષાય રહ્યો હતો અને નરકનું આયુષ્ય (બંધાયું) એ વાત કંઈ નહિ. પણ એ આત્મામાં છે. અત્યારે પણ ત્યાં છે પણ આત્મામાં છે. આહા..હા...! વાસુદેવ કૃષ્ણ કહે છે ને ? પોતાના આનંદ સ્વરૂપમાં દૃષ્ટિ, અનુભવ થયા હતા.

‘બાહુબલી’ અને ‘ભરત’ બે ભાઈ. બન્નેને આત્મજ્ઞાન હતું. છતાં રાગ આવ્યો તો લડાઈમાં આવી ગયા. છતાં એ લડાઈની ક્રિયા હું કરી શકું છું એમ નથી માનતા. રાગ આવ્યો એ મારું કર્તૃત્વ છે એમ માનતા નથી. અરે..! સમજાય છે કાંઈ ? એ વીતરાગનો માર્ગ ભાઈ ! લોકોને અત્યારે સાંભળવા મળતો નથી. અત્યારે તો આ કરો, વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો, રથ કાઢો ને ગજરથ કાઢો.

મુમુક્ષુ :– જગ્યા નાની પડે છે તો મોટું મંદિર બનાવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ એનાથી બન્યું છે ? એ તો હમણાં બેંગલોરમાં કહ્યું નહિ ? પંદર લાખનું એવું મંદિર બન્યું છે. આજે નથી આવ્યા. (આજે ડૉક્ટર) આવવાના છે. ‘કલકત્તા’ હોમિયોપેથીના મોટા ડૉક્ટર છે. ૪૯ વર્ષની ઉંમર છે, બાળ બ્રહ્મચારી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. સુંદર શરીર, બહુ રૂપાળા છે. અહીં પાંચ વાર આવી ગયા. ખબર છે ? 'કલકત્તા', નહિ ? 'કલકત્તા'માં (એક) હોમિયાપેથીના વૈદ્ય છે. આજે આવવાના છે એમ સાંભળ્યું છે. એ છે તો અન્યમતિ વૈષ્ણવ. પણ અહીંયા સાંભળ્યું તો સાંભળીને એમ લાગ્યું, ઓ..હો...! આ શું ? પૈસા બહુ કમાય છે. બ્રહ્મચારી છે, સ્ત્રી નથી. પૈસા બહુ કમાય છે, રાજકુમાર જેવું શરીર છે. બધા પૈસા દયા ને એમાં આપી દે છે. કીધું, પૈસા દેવા એ તમારો હક છે ? પૈસા તમારા છે ? અને પૈસા દેવામાં કદાચિત્ રાગ મંદ થયો તો એ પુણ્ય છે, રાગ છે. એ બંધનું કારણ છે. આહા..હા...! સાંભળતા હતા. પાંચ વાર આવી ગયા છે. એણે 'બેંગલોર'માં મંદિર જોયું. હમણાં પંદર લાખનું નવું મંદિર મુમુક્ષુ તરફથી બન્યું છે. એક શ્વેતાંબર છે એની પાસે બે કરોડ રૂપિયા (છે). શ્વેતાંબર હતા હવે દિગંબર થઈ ગયા. હવે તો ઘણા થઈ ગયા છે, પરદેશમાં પણ ઘણા થઈ ગયા છે. એણે આઠ લાખ નાખ્યા હતા. 'બેંગલોર'માં આઠ લાખ. અને બીજા એક સ્થાનકવાસી 'મુંબઈ'ના હતા. 'મહાવીર માર્કેટ' એમની છે. એ કરોડપતિ છે, સ્થાનકવાસી છે. એણે ચાર લાખ આપ્યા. બાર લાખનું મંદિર બન્યું. આમ દેખાવ.. આ..હા...! વૈદ્ય વૈષ્ણવ જોઈને ખુશી થઈ ગયા. ઓ..હો..હો..! એક હજાર રૂપિયા હું આપું છું. પણ છે એ શુભભાવ. ભગવાનનું સ્મરણ કરવું એ પણ શુભભાવ છે. એ શુભભાવમાં રંગાય જાય અને મારું કર્તવ્ય છે (એમ માને) તો મિથ્યાદૃષ્ટિ છે, સત્યદૃષ્ટિ નથી, જૂઠી દૃષ્ટિ છે. આહા..હા...! હું જ્ઞાન જાણનારો, દેખનારો રાગ કરું, એ મારી વસ્તુમાં છે જ નહિ.

એમ મુનિરાજને '**પરના કર્તૃત્વની બુદ્ધિ તો છૂટી ગઈ છે અને આહાર-વિહારાદિના અસ્થિરતારૂપ વિકલ્પો પણ ઘણા જ મંદ હોય છે. ઉપદેશનો પ્રસંગ આવે તો ઉપદેશ આપે, પણ વિકલ્પની જાળ ચાલતી નથી.**' વિકલ્પ ઉપર વિકલ્પ, વિકલ્પ ઉપર વિકલ્પ એમ ચાલતા નથી. આહા..હા..! વિકલ્પ શબ્દે રાગ. રાગ.. રાગ.. રાગ.. રાગ.. એમ નથી થતું. અંદરમાં ઘુસી જાય છે તો વીતરાગતા થઈ જાય છે. ઉપદેશ આપતા આપતા પણ અંદર ઘુસી જાય છે. આહા..હા...! આવી વાત ! કેમ કે એમને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હજારો વાર આવે છે. પ્રમત્તદશા અનુભવમાં હોય તો વિકલ્પ છે, એ છૂટીને તરત અપ્રમત્તદશા આનંદમાં આવી જાય છે. આમ લોકો જુએ કે ઉપદેશ આપે છે, પણ અંદર આનંદમાં આવી ગયા હોય. પોણી સેકંડના અડધા ભાગમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અંદર જાય છે અને પોણી સેકંડના ભાગમાં છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ ! આહા..હા...! હજી મુનિની દશા શું છે એ ખબર નહિ. કેવળજ્ઞાની કેવા છે એની ખબર નથી. હું મારી વસ્તુમાં કેવો છું, એની ખબર નથી. આહા..હા...!

મુમુક્ષુ :– ઊંઘ નથી આવતી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઊંઘ પોણી સેકંડ. 'છ ઢાળા' માં નથી આવ્યું ? 'છ ઢાળા'માં. 'પીછલી રયની મેં એક આસન...' 'છ ઢાળા'માં આવે છે. છે ને ? 'પીછલી રયની મેં એક આસન..' બસ ! આસન ફરતું નથી. છઠ્ઠે ગુણસ્થાને પોણી સેકંડ જેટલી ઊંઘ આવી જાય છે. પણ તરત જાગૃત–અપ્રમત્ત દશા થાય છે. એક મિનિટ પણ જો નીંદર આવી જાય તો મુનિપણું રહેતું નથી. બાપુ ! એ ચીજ કોને કહે ! લોકોને ક્યાં કાંઈ ખબર છે ? મુનિ કોણ ? સમકિત કોણ ?

મુમુક્ષુ :– લોકો શું કરે પણ ? એને ઉપદેશ એવો મળ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉપદેશ મળ્યો પણ પોતાની પાત્રતા અજ્ઞાન હતું તો એવો ઉપદેશ મળ્યો ને ? ભગવાન બિરાજે છે ત્યાં કેમ ન ગયો ? મહાવિદેહમાં સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે. આહા..હા...! પોતાની યોગ્યતા નથી. આહા..હા...! ઉપદેશ મળ્યો અજ્ઞાનનો તો એણે સ્વીકારી લીધો. તપ કરો, વ્રત કરો, ભક્તિ કરો તમારું કલ્યાણ થશે. એ ઉપદેશ જ મિથ્યાત્વનો છે. સમજાય છે કાંઈ ?

**'ઉપદેશનો પ્રસંગ આવે તો ઉપદેશ આપે,...'** ધર્મના લોભી જીવને જોઈ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલજી'એ કહ્યું છે. આવે છે ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' 'ટોડરમલ'. ધર્મના લોભી જોઈને મુનિને જરીક શુભરાગ આવે છે. આહા..હા...! પોતાની નબળાઈને લઈને. પણ એને છોડીને તરત અંદર ઘુસી જાય છે. આહા..હા...! ઉપદેશથી મને લાભ થશે અને બીજાને મારાથી લાભ થશે, એવી માન્યતા નથી. આહા..હા...! વાતમાં બહુ ફેર. વાતે વાતે ફેર છે. ભગવાન ત્રિલોકના નાથ, જિનેશ્વરદેવનો માર્ગ કોઈ અલૌકિક છે, ભાઈ ! અહીં કહે છે, **'વિકલ્પની જાળ ચાલતી નથી.'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય, તેમ દૃષ્ટિનો દોર ચૈતન્યમાં બાંધી દે, પછી ભલે ઉપયોગ બહાર જતો હોય. અનાદિ-અનંત અદ્ભુત આત્માને–પરમ પારિણામિક ભાવરૂપ અખંડ એક ભાવને–અવલંબ. પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો પૂર્ણતા આવશે. ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે પણ સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે. ૧૮૯.**

૧૮૯. '**તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે.**' તાત્ત્વિક વાત આવી. ભગવાન ચૈતન્ય ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા... છે ? '**તારો દૃષ્ટિનો દોર...**' જેમ પતંગનો દોર, ઊડે છે પણ દોર પોતાના હાથમાં રાખે છે. એમ ધર્મી જીવ પોતાની દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે છે. પોતાની દૃષ્ટિ ધ્રુવ ઉપર બાંધી છે. ધ્રુવ ઉપર જોડી દીધી છે. આહા..હા...! સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે જેણે જ્ઞાયકભાવ ધ્રુવ છે એની ઉપર દૃષ્ટિ લગાવી દીધી છે. ચાહે તો વિકલ્પ આવતો હોય પણ દૃષ્ટિ ધ્રુવ ઉપર છે એ ખસતી નથી. ખસતી નથી એને શું કહે છે હિન્દીમાં ? હટતી નહિ. આહા..હા..!

'**તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે.**' પ્રભુ ! તારે જો કલ્યાણ કરવું હોય તો. આહા..હા..! સંયોગ ઉપરથી લક્ષ છોડી દે, દયા, દાનનો વિકલ્પ આવે છે એની ઉપરથી લક્ષ છોડી દે. એક સમયની પર્યાયનું અસ્તિત્વ છે એનું લક્ષ છોડી દે. આહા..હા...! ત્રિકાળી ચૈતન્ય ભગવાન ઉપર દોર લગાવી દે.

મુમુક્ષુ :– કેવી રીતે લગાવાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પોતાની પર્યાયને ત્યાં જોડી દે.

મુમુક્ષુ :– કઈ રીતે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંતર્મુખ થઈને જોડી દે.

મુમુક્ષુ :– અંતર્મુખ કઈ રીતે થવાય ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :- અંતર્મુખ તો કરનારને ખબર પડે કે બીજો કરી દે ? પોતાની પર્યાય જે વર્તમાનમાં ચાલે છે એ પર તરફના લક્ષવાળી છે એ છોડી દે. અને ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ જોડી દે. જોડી દે એ કેમ કરવું ? આહા..હા...!

'કળશ ટીકા'માં કહ્યું છે, શું કહીએ ? અનુભવ કેમ કરવો એ વાત ચાલતી નથી. પણ એટલું કહીએ છીએ કે જ્ઞાનનું પરિણમન થાય એ અનુભવ છે. 'કળશ ટીકા'માં છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! જ્ઞાન શબ્દે આત્મા. ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાનની જે વસ્તુ છે એની અંતર્મુખ થઈને દૃષ્ટિ થવી, અનુભવ થવો એ સ્વભાવ તરફ દોર લગાવી દીધો. ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ જોડી દીધી. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! આ ધર્મ કોઈ એવી વસ્તુ નથી કે એમ ને એમ થઈ જાય કે હું દયા પાળું છું ને હું વ્રત કરું છું. દયા મંડળીનો નાયક છું માટે ધર્મ થયો. ધૂળમાં ક્યાંય નથી. સમજાય છે કાંઈ ? અંતર આનંદનો નાથ નિર્વિકલ્પ ચૈતન્ય વસ્તુ પડી છે, વર્તમાન પર્યાયને ત્યાં જોડી દે. પર્યાય-અવસ્થા પર સન્મુખ છે એ સ્વસન્મુખ કરી દે. આહા..હા...! ભાષામાં શું આવે ? છે ?

**'તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય, તેમ દૃષ્ટિનો દોર ચૈતન્યમાં બાંધી દે,...'** જ્ઞાયક સ્વભાવ ત્રિકાળ છે ત્યાં દૃષ્ટિ લગાવી દે. પર્યાયમાં જે બુદ્ધિ છે એ મિથ્યા બુદ્ધિ છે. કેમ કે એક સમયમાં આખો આત્મા આવી જતો નથી. એક સમયના અંશને આત્મા માનવો એ મિથ્યાત્વ છે. તેને છોડીને, ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ સ્વભાવ પર દૃષ્ટિ, પર્યાયને લગાવી દે. પછી ભલે વિકલ્પ આવે, પણ દૃષ્ટિ ધ્રુવ ઉપર છે એ ખસતી નથી. આહા..હા...! એનું નામ ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શ્રાવણ વદ ૨, રવિવાર તા. ૨૦-૦૮-૧૯૭૮.
વચનામૃત–૧૮૯, ૧૯૦, પ્રવચન–૭૦

૧૮૯. એક લીટી ચાલી છે. ભગવંતસ્વરૂપ એવી વસ્તુ છે, એ વસ્તુ અંદર દ્રવ્ય જે સ્વભાવ ત્રિકાળ ધ્રુવ રહેનારી વસ્તુ, એની ઉપર દૃષ્ટિ દે તો તારો ધ્રુવનો સ્વીકાર યથાર્થ થશે અને તારો કલ્યાણ માર્ગનો પંથ ખુલશે. સૂક્ષ્મ છે, ભાઈ ! કદી અભ્યાસ કર્યો નથી. છે ? **'તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે.'** આહા..હા...! ચૈતન્યરસ જ્ઞાયકભાવ, જે નિમિત્તથી પણ ભિન્ન, રાગનો વિકલ્પથી, દયા, દાનના વિકલ્પથી પણ ભિન્ન અને એક સમયની વર્તમાન અવસ્થાથી પણ ભિન્ન, એવી વસ્તુ આત્મા છે. પૂર્ણાનંદ પૂર્ણ જ્ઞાનઘન અભેદ એક ધ્રુવ (છે) ત્યાં દૃષ્ટિ લગાવી દે. બાકી બધી વાતું છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! એણે કદી કર્યું નથી અને કહ્યું તે એણે માન્યું નથી. આહા..હા...!

જેને આત્માનું કલ્યાણ કરવું હોય તો પહેલાં તો પોતાની દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. આહા..હા...! ચૈતન્ય જે ધ્રુવ વસ્તુ અંદર છે તેની વર્તમાન અવસ્થા પલટે છે પણ કાયમ રહેનારી વસ્તુ જે છે, અવિનાશી અનાદિઅનંત નિત્ય પ્રભુ... આહા..હા...! એની ઉપર દૃષ્ટિ લગાવી દે, એમ કહે છે. છે ? દોર, **'દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે.'** આહા..હા...! આ કામ છે.

**'પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય,...'** પતંગ ઉડે છે પણ દોર હાથમાં રહે છે. એમ આત્મામાં પુણ્ય ને પાપ આદિ વિકલ્પ હો, છતાં દોર, જે ધ્રુવ છે તેની પરની દૃષ્ટિ છૂટતી નથી. આહા..! આવી વાત આકરી ભારે. જે પૂર્ણાનંદ પ્રભુ (છે) તેની ઉપર દોર લગાવી દીધો પછી ભલે એ શુભભાવમાં આવે પણ દ્રવ્યમાં દૃષ્ટિ લગાવી દીધી, ત્યાંથી દૃષ્ટિ ખસતી નથી. સૂક્ષ્મ છે, ભગવાન ! આહા..હા...!

**'તેમ...'** પતંગ ઉડે છે છતાં દોર તો હાથમાં રહે છે. **'તેમ દૃષ્ટિનો દોર ચૈતન્યમાં બાંધી દે,...'** આહા..હા...! શ્રદ્ધાનો વિષય જે ચૈતન્ય સ્વરૂપ ભગવાન પૂર્ણ છે ત્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દૃષ્ટિનો દોર લગાવી દે. આહા..! આકરું કામ, ભાઈ ! ક્રિયાકાંડના જેટલા પરિણામ છે... ભાષા સહેલી છે, ભાઈ ! વસ્તુ અલૌકિક છે. આહા..હા...! અનંતકાળમાં કદી કર્યું નથી અને જે કર્યું એ તો બધા પુણ્ય ને પાપના ભાવ કર્યા. એ તો દુઃખનું વેદન છે. એ દુઃખના વેદનમાં વર્તમાન દુઃખ છે અને ભવિષ્યમાં પણ એનું ફળ દુઃખનું વેદન છે. આહા..હા...! એ કારણે પ્રભુ ! અંદર કોઈ પૂર્ણ ચીજ આત્મા છે કે નહિ ? આત્મતત્ત્વ છે કે નહિ ? એ તત્ત્વ છે તે ત્રિકાળી ધ્રુવ છે. ચાહે ભલે વર્તમાન પર્યાય–અવસ્થા–પલટતી હોય, પર્યાયમાં હલચલ હો, પણ વસ્તુ ધ્રુવ છે એમાં હલચલ નથી. હલચલ નથી અર્થાત્ એ પલટતી નથી. અને પલટતી દશામાં હલચલ વિનાની ચીજ આવતી નથી. આહા..હા...! આવી વાત છે, પ્રભુ ! મોંઘું લાગે પણ વસ્તુ તો આ છે. બાકી તો બધા સંસારના રસ્તા અનાદિથી કરી રહ્યો છે, ભાઈ ! એ કાંઈ નવી વસ્તુ નથી. આહા..હા...! આહા..!

**'ચૈતન્યમાં બાંધી દે, પછી ભલે ઉપયોગ બહાર જતો હોય.'** આહા..હા...! પછી ભલે પર્યાયમાં શુભભાવમાં આવતો હોય પણ દોર દૃષ્ટિ બંધાયો છે તે ખસતો નથી. ચાહે તો અશુભભાવ પણ આવે છે છતાં દૃષ્ટિનો દોર જે દ્રવ્ય ઉપર લાગ્યો છે તે ખસતો નથી. આહા..! સમજાય છે કાંઈ ? **'પછી ભલે ઉપયોગ બહાર જતો હોય.'** આહા..હા...! પરની ક્રિયા કરે છે એ વાત તો અહીંયા છે નહિ. પણ પોતાની પર્યાયમાં ઉપયોગ શુભાશુભભાવમાં જાય છે છતાં દૃષ્ટિમાં વિષય પુણ્ય-પાપના ભાવ નથી. અને એની પર્યાય જે જાણનારું જ્ઞાન છે એ પણ દૃષ્ટિનો વિષય નહિ. આહા..હા...! દૃષ્ટિનો દોર ધ્રુવ ઉપર બાંધી દે. આ આવી કોઈ જુદી વસ્તુ છે. આ ત્રણ ડૉક્ટર બેઠા છે. દાંતના ડૉક્ટર છે, ચોકઠાના. 'મુંબઈ'માં મોટા ડૉક્ટર છે. એ બેઠા છે ને ? મોટા ડૉક્ટર છે, હોં ! આમ દેખાય છે શાંત. પણ એ સંસારના ડૉક્ટર છે. આહા..હા...!

પ્રભુ ! તું ધ્રુવ વસ્તુ અંદર છો કે નહિ ? કાયમ રહેનારું આત્મતત્ત્વ છે કે નહિ ? કે વર્તમાન પર્યાય પલટે છે એમાં જ આખું તત્ત્વ આવી જાય છે ? આહા..હા...! એ પર્યાયને ત્રિકાળ ધ્રુવમાં લગાવી દે. વાત તો ભાષા સાદી છે પણ ભાઈ ! એ ચીજ અનંત પુરુષાર્થ માંગે છે, અનંત પુરુષાર્થ. આહા..હા...! ચાહે તો શાસ્ત્રનું જ્ઞાન કર્યું હોય અને શુભભાવ એટલા કર્યા હોય કે લાખો, કરોડો રૂપિયા ખર્ચ્યા, દાન, દયા પાળ્યા હોય, વ્રતાદિ કર્યા હોય પણ એ બધા રાગ ને ક્લેશ ને દુઃખ છે. આવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વાત છે.

તારે આત્માનું હિત કરવું હોય તો ધ્રુવ ઉપર દૃષ્ટિ લગાવી દે. આહા..હા...! ભાષા તો બહુ (સાદી છે). ભૂતાર્થ અગિયારમી ગાથામાં આવે છે ને ? આ તો સાદી ગુજરાતી ભાષા (છે).

મુમુક્ષુ :– લોકો એમ કહે છે, આપની વાણી પચાવવી અને 'સોનગઢ'નું પાણી પચાવવા બન્ને અઘરા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ભાઈ કહેતા હતા. અહીંનું પાણી થોડું ભારે છે. લોહ.. લોહ. લોહ.. લોહવાળું પાણી છે. પત્થરમાંથી પાણી આવે છે ને એટલે જરી લોહ છે. ખબર છે. પણ આ તો વસ્તુ ભગવાન.. આહા..હા...!

એ પ્રશ્ન ઉઠ્યો હતો, (સંવત) ૧૯૮૬ની સાલમાં. ૧૯૮૬. 'અમરેલી'. અહીંયા હતા ને (એક મુમુક્ષુ) ? એ વખતે તો દસ લાખ હતા. અત્યારે તો એના દીકરાને સાત, આઠ, દસ કરોડ રૂપિયા થઈ ગયા છે. અમારું ચોમાસુ હતું તો ત્રણે ભાઈઓ આવ્યા હતા. હવે તો ત્રણે ગુજરી ગયા. ત્યાં ચોમાસુ હતું તો આવ્યા હતા. એ વખતે ૧૯૮૬ની સાલ. કેટલા વર્ષ થયા ? ૪૮ વર્ષ, પચાસમાં બે ઓછા. એની પાસે એ વખતે દસ, પંદર લાખ હતા. હવે તો આઠ, દસ કરોડ થઈ ગયા. એ સાંભળવા આવ્યા હતા. એ વખતના દસ લાખ એટલે ? પચીસ ગુણા અત્યારે ગણવા. એ ત્રણે ભાઈઓ બેઠા હતા. વ્યાખ્યાન ચાલતું હતું. વ્યાખ્યાનમાં એમ કહ્યું, ભાઈ ! એ રાગની ક્રિયા પણ દુઃખરૂપ છે. એનાથી ભિન્ન ભગવાન અંદર છે. અમે મોટા પૈસાવાળા છીએ ને પૈસા ખર્ચીએ છીએ. એ વખતે પૈસા બહુ ખર્ચતા હતા. લાખો રૂપિયા દાનમાં આપતા હતા. લાખો રૂપિયા. છેલ્લી સ્થિતિમાં આવ્યા હતા ત્યારે કહી ગયા હતા, મહારાજ ! મને અહીંયા રહેવાના ભાવ છે. પણ પૈસા બહુ ખર્ચતા. લોકોએ બાંધી દીધી. નિવૃત્તિ નહિ. લાખો રૂપિયા આપતા. તપાસવામાં, એવામાં તેવામાં. છેલ્લી સ્થિતિમાં તો ઘણા કરોડ થઈ ગયા હતા.

આ વાત સાંભળીને એમ કહ્યું, મહારાજ ! આ વાત પચતી નથી. પચવી મુશ્કેલ છે. ૪૮ વર્ષ પહેલાં. તો મેં એમ કહ્યું, પ્રભુ ! હમેશા રોટલા ખાવો છો. બાજરાની કે ઘઉંની, એ વખતે મેસુભ આવી જાય, ચાર શેર ઘી પાયેલો મેસુભ આવી જાય તો ના પાડે છે કે મને નહિ પચે ? ત્રણે શેઠિયા બેઠા હતા. ૧૯૮૬ના ચોમાસામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અમે બધા દિગંબર શાસ્ત્ર રાખ્યા હતા. તો મેં બધા દિગંબર શાસ્ત્ર વાંચ્યા. ત્યાં રાખ્યા હતા. કારણ કે જ્યાં મહારાજ હોય ત્યાં શાસ્ત્ર દિગંબર હશે તો મહારાજ વધારે રહેશે. પુસ્તક કબાટમાં ભરી દીધા હતા. મોટા ગૃહસ્થ હતા. ત્યાં જોડે ચીતડ છે, ત્યાં પણ રહ્યા છીએ. મહિનામાં પંદર દિ' જતા હતા. ત્યાં પણ દિગંબરના પુસ્તકો રાખ્યા હતા. જ્યાં દિગંબરના શાસ્ત્ર હશે ત્યાં મહારાજ વધારે રહેશે.

એણે કહ્યું, મહારાજ ! આ પચે નહિ, હોં ! રાગ વિનાની વસ્તુ શુદ્ધ ચૈતન્યઘનની દૃષ્ટિ કરવી એ પચે નહિ. પ્રભુ ! હમેશા રોટલા ખાતા હો અને બાજરાના રોટલા, ઘઉંની રોટલી, પુરી (ખાતા હો), એમાં મેસુભ આવી જાય તો ના પાડો છો કે મને નહિ પચે ? ભલે થોડો ખાય. મેસુભ સમજ્યા ? ચણાનો લોટ એક શેર અને ચાર શેર ઘી પાઈને બનાવે તેને મેસુભ કહે છે. ચણાનો લોટ. એને શું કહે છે ? અને એક ઘઉંની બને છે. ઘઉં હોય ને ? ઘઉં, એક શેર ઘઉંનો લોટ અને ચાર શેર ઘી પાય એને શક્કરાપારા કહે છે. અમે તો બધું જોયું છે.

અમારે (સંવત) ૧૯૮૧ નું ચોમાસુ 'ગઢડા' હતું. સંવત ૧૯૮૧. ત્યાં જમણવાર કર્યો હતો તો ત્યાં શક્કરપારા કર્યા હતા. શક્કરપારાનો અર્થ–એક શેર લોટ અને ચાર શેર ઘી પાયને બનાવે એને શક્કરપારા કહે છે. અને એક શેર ચણાનો લોટ અને ચાર શેર ઘી પાય એને મેસુભ કહે છે. એવી કોઈ શક્કરપારા જેવી વસ્તુ આવી જાય તો ના પાડો છે કે મને નહિ પચે ? ભલે થોડું પણ મને પચશે, પચશે, લાવો, લાવો. ત્રણે શેઠિયાઓ બેઠા હતા. ત્રણે ઘણા પૈસાવાળા હતા. બે ભાઈ 'જમશેદપુર', એક ભાઈ 'મુંબઈ' રહેતા હતા. ત્રણે ગુજરી ગયા. આહા..!

ભાઈ ! ન પચે એમ ન હોય. અનુકૂળ ચીજ મળી. અરે..! રસગુલ્લા મળે. દૂધના રસગુલ્લા આવે છે ને ? રોટલી ન મળે અને રસગુલ્લા આવે તો ના પાડે છે ? ભલે થોડા પણ ખાશે, પચશે. એમ આ વસ્તુ એવી છે, પ્રભુ ! કદી સાંભળી નથી, કદી અનુભવી નથી. આવે તો ના ન પાડતો, થોડું પણ પચશે, એમ કહેજે. આ તો ૧૯૮૬ની વાત. કેટલા વર્ષ થયા ? પચાસમાં બે ઓછા. અમારે તો પહેલેથી આ ચાલે છે. કરોડોપતિ આવે છે, અબજોપતિ આવે છે. વાત તો આ છે, ભાઈ ! બાકી બધી તમારી ધૂળધાણી છે. અમારે વૈદ્યરાજે–ડૉક્ટરે પકડ્યું ને ? રાગથી ભિન્ન, રાગ તો જ્ઞેય છે. એમણે પકડી લીધું. હજી પણ રાગ કોને કહેવાય એની ખબર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી. પરની દયાનો ભાવ, પાંચ-પચાસ લાખ ધર્મને નામે ખર્ચવાનો ભાવ એ બધો રાગ છે. એ બધા વિકલ્પ છે, રાગ છે, વૃત્તિઓ છે. એ આત્માનું સ્વરૂપ નહિ. આહા..!

અહીં કહે છે, આહા..! આ તો બેનના શબ્દો છે. **'પછી ભલે ઉપયોગ બહાર જતો હોય.'** ચૈતન્યમૂર્તિ અંતર ધ્રુવ ભગવાન, અનંત ગુણનો અદ્ભુત સાગર પડ્યો છે, પ્રભુ ! તને ખબર નથી. આહા..હા...! કેવો છે આત્મા ? **'અનાદિ-અનંત અદ્ભુત આત્મા...'** આહા..હા...! આદિ નહિ, અંત નહિ એવો પ્રભુ અનાદિઅનંત ધ્રુવ નિત્યાનંદ નાથ, એવો જે આત્મા, આહા..હા...! **'પરમ પારિણામિક ભાવરૂપ અખંડ એક ભાવ...'** જરી શાસ્ત્રભાષા છે. પરમપારિણામિક અર્થાત્ પરમ સહજાત્મસ્વરૂપ. આહા..હા...! સહજ સ્વરૂપ ત્રિકાળી, જેમાં પલટો નથી, જેમાં રાગ નથી, જેમાં સંયોગ નથી એવો જે સહજ સ્વભાવ તેને અહીંયા પારિણામિક કહે છે. આવી ભાષા. સહજ પરમ પારિણામિક ભાવરૂપ ભગવાન અખંડ એક ભાવ. આહા..હા...! ધર્મી જીવ ધર્મની દૃષ્ટિમાં તો એને આ અખંડ આત્મા પરમ સ્વભાવભાવ એ દૃષ્ટિમાં આવે છે. આહા..હા...! અને એ દૃષ્ટિ ન હોય અને ચાહે તો શાસ્ત્રજ્ઞાન કરે ને દયા, દાન, વ્રતાદિ કરે બધું મિથ્યાત્વ છે. એ કહ્યું ?

અનાદિ અનંત પ્રભુ અંદર વસ્તુ જે આત્મતત્ત્વ છે અદ્ભુત આત્મા (છે). આહા..! એ ચૈતન્ય ચમત્કારથી શક્તિના ગુણથી ભરેલો પ્રભુ (છે). પણ એ અંતર્મુખ દૃષ્ટિ કરે તો ખ્યાલમાં આવે છે. સમજાય છે કાંઈ ? આવી વાત છે, ભાઈ ! આહા..હા...! અદ્ભુત આત્માનો પરમ સ્વભાવભાવરૂપ અખંડ એક ભાવ, તેનું અવલંબન લે. આહા..હા...! નિત્યાનંદની સમીપ જા. એના પડખે જા. પર્યાયબુદ્ધિનું પડખું (છોડી દે). પડખાંને શું કહે છે ? પક્ષ. આ બાજુ જે પર્યાયબુદ્ધિનો (ઝુકાવ) છે તેને છોડી દ્રવ્યબુદ્ધિમાં જા. જેમ જમણી બાજુ સુવે છે ને ? પછી થાક લાગે તો આ બાજુ (ફરે). ડાબી બાજુ બહુ સુવે તો જમણી બાજુ ફરે. પાછું પડખું ફરે. એમ તારી પર્યાય–અવસ્થા રાગ ઉપર દૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ છે. એ દૃષ્ટિનો વિષય, સમ્યગ્દર્શન જે છે, એ સમ્યગ્દર્શનનો વિષય અખંડ પરમાત્મ સ્વભાવ છે ત્યાં પર્યાયને લઈ જાય. અર..ર...! આ શું છે ? કરવું શું આમાં ? એય..! ભાઈ ! આ તમારા કરોડોના વેપાર-ફેપાર બધા ધૂળધાણી છે, એમ કહે છે. આહા...! એ તો જડની પર્યાય છે. પ્રભુ ! એ તારી નહિ અને તારાથી થતી નથી. તારાથી એ થાય છે કે પોતાનું સ્વરૂપ ભૂલીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શુભ ને અશુભભાવ રાગનો વિકાર થાય છે એ અજ્ઞાનભાવ અને મિથ્યાત્વભાવ છે. આહા..હા...!

પરિભ્રમણમાં ચોરાશીના અવતાર કરવાનું છોડવું હોય તો તારી વર્તમાન દૃષ્ટિ અંતર તત્ત્વમાં લઈ જા. આહા...! જ્યાં પાતાળમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ (ભર્યા છે). વર્તમાન પર્યાયમાં જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. આહા..હા...! ત્યાં દૃષ્ટિ લઈ જાય. તને સમ્યગ્દર્શન થશે. ધર્મની પહેલી સીઢી પ્રગટ થશે, બાકી તો રખડવાના ભાવ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'અવલંબ. પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો...'** પરિપૂર્ણ સ્વરૂપ છે, દ્રવ્ય જે વસ્તુ છે એ તો પરિપૂર્ણ વસ્તુ છે. અન્યમતમાં પણ વેદાંતમાં એમ કહે છે, પૂર્ણમ ઇદ્મ્. ત્રિકાળી સ્વરૂપ છે એ પૂર્ણ ઇદ્મ્–પૂર્ણ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! **'પરિપર્ણ આત્માનો...'** પરિપૂર્ણ–સંપૂર્ણ સમસ્ત પ્રકારે જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિની પૂર્ણતાથી (ભરેલો છે). આહા..! **'પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો...'** ત્રિકાળી જ્ઞાન અને આનંદ પ્રભુ, એનો આશ્રય કરીશ, એનું અવલંબન લઈશ, એનો પર્યાયમાં આધાર લઈશ.. આહા..હા...! **'તો પૂર્ણતા આવશે.'** શું કહે છે ? પૂર્ણ સ્વરૂપ જે અંદર છે એના આશ્રયે પૂર્ણ પર્યાય ઉત્પન્ન થશે. કેવળજ્ઞાન, પરિપૂર્ણ અનંત આનંદ જે પરિપૂર્ણ પર્યાય છે, એ પરિપૂર્ણ સ્વભાવના આશ્રયે થશે. આહા..હા...! અહીંયા તો એમ કહેવું છે કે પરિપૂર્ણ વસ્તુ જે છે એના આશ્રયે પરિપૂર્ણ પર્યાય થશે. વર્તમાન મોક્ષપર્યાય, સિદ્ધની કેવળ થાય છે એ પહેલાં જે મોક્ષનો માર્ગ છે, તેના આશ્રયે પણ મોક્ષ નહિ થાય. પંડિતજી ! અહીં તો સીધા..

પરિપૂર્ણ જેમ પૂનમ થાય છે, પૂનમ. પૂનમ–પૂર્ણતા. સોળ કળાએ ચંદ્ર ખીલે છે પણ એનું સ્વરૂપ જ સોળ કળા શક્તિવાન છે. એમ ભગવાન આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન આદિ સોળ કળારૂપ પરિપૂર્ણ પ્રભુ છે. અરે...! કેમ બેસે ? કોઈ દિ' નજરું કરી નથી. કદી લક્ષમાં લીધું નથી. અંદર પ્રભુ પૂર્ણાનંદનો નાથ, એક સમયની પર્યાયની પાસે આખું પાતાળ પડ્યું છે. આહા..હા...! એની ઉપર દૃષ્ટિ દેવાથી અથવા પરિપૂર્ણ તત્ત્વનો આશ્રય કરવાથી પરિપૂર્ણ પર્યાય થશે. એમાં તો એમ પણ કહ્યું, મોક્ષમાર્ગની પર્યાય છે તો મોક્ષ થશે એમ પણ નથી. કેમ કે મોક્ષમાર્ગની પર્યાય નિજ દ્રવ્યના અલ્પ આશ્રયે ઉત્પન્ન થઈ છે અને કેવળજ્ઞાન એ ઉગ્ર આશ્રયથી કેવળજ્ઞાન ઉત્પન્ન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય છે. અરે..! આવી વાતું હવે. ભાઈ ! કેવળ પરિપૂર્ણ પર્યાય પૂર્ણ આશ્રયથી ઉત્પન્ન થાય છે. મોક્ષના માર્ગથી પણ નહિ. ભાઈ ! પચાવવું કઠણ છે, પણ જન્મ-મરણ મટાડવાનો આ રસ્તો છે, ભાઈ ! બાકી તો પરિભ્રમણ કરીને (થોથા નીકળી ગયા છે). આહા...હા...!

હમણા એકનો બાપ આવ્યો હતો. 'નાઈરોબી'થી, 'નાઈરોબી'. એનો બાવીસ વર્ષનો દીકરો હતો. એને એવું થયું કે લોહીમાં કેન્સર થયું. લોહીમાં કેન્સર. લોહી સમજ્યા ? રૂધિર–ખુનમાં કેન્સર. એવું કેન્સર થયું. જુવાન ૨૨ વર્ષનો. ભાઈ ! તમારા આવ્યા હતા ને એ ? એણે કહ્યું હતું. મહાજન છે. આહા..હા...! એવું લોહી નીકળે. 'લંડન' ડૉક્ટર પાસે લઈ ગયા. ડૉક્ટર કહે, ચોવીસ કલાક રહેશે. ડૉક્ટર બચાવી શકે નહિ. પણ થોડું લોહી કાઢ્યું ને બીજું લોહી ચડાવ્યું. આઠ દિવસ રહ્યો. પણ એટલું આયુષ્ય હતું, હોં ! આઠ દિવસ રહ્યો. બાવીસ વર્ષનો જુવાન. પછી આંખમાંથી, કાનમાંથી લોહી નીકળે. આહા..હા...! આ શરીર તો વેદનાની મૂર્તિ છે. એક અંગુલમાં ૯૬ રોગ પરમાત્મા કહે છે. 'કુંદકુંદાચાર્ય' પાહુડમાં એમ કહે છે, પ્રભુ ! એક તસુ... તસુ સમજ્યા ? આમ. એક તસુમાં આટલામાં ૯૬ રોગ છે, એવો પાઠ છે. 'કુંદકુંદાચાર્યદેવ' એમ કહે છે કે એક તસુમાં ૯૬ રોગ છે તો આખા શરીરમાં કેટલા ? એવા શબ્દ છે. કેટલા ? એમ શબ્દ લીધો છે. તું વિચાર તો કર. આહા..હા...! આ તો વેદનાની મૂર્તિ, પ્રભુ ! આ તો જડ છે. ભગવાન આત્મા આનંદની મૂર્તિ ચૈતન્ય છે. આહા..હા...!

ચૈતન્ય-ચમત્કાર મહાપ્રભુ, જેની એક સમયની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય, એવી અનંતી પર્યાયનો પિંડ જે જ્ઞાનગુણ, એવી અનંતી શ્રદ્ધાપર્યાયનો શ્રદ્ધાગુણ, એવી અનંતી સ્થિરતા ચારિત્રની પર્યાયનો ચારિત્રગુણ. એમ અનંતા આનંદની અનંતી પર્યાયનો એક આનંદગુણ. એવા અનંત અનંત ગુણ પરિપૂર્ણ ભગવાનની અંદર પડ્યા છે. આહા..હા...! ગુણ શું ને પરિપૂર્ણ શું ? આહા..હા...! એ પરિપૂર્ણ પ્રભુના અવલંબને પરિપૂર્ણ કેવળજ્ઞાનની પર્યાય થશે. અપૂર્ણ પર્યાય જે મોક્ષમાર્ગ છે તેના આશ્રયે પણ પરિપૂર્ણ પર્યાય નહિ થાય. આહા..હા...!

સર્વજ્ઞપર્યાય... આહા..હા...! સર્વજ્ઞસ્વરૂપ પ્રભુ, સર્વજ્ઞસ્વરૂપ.. આહા..હા...! પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ. એ જ્ઞાન અને આનંદની શીતળ શાંત પાટ. પૂર્ણાનંદની પાટ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અંદર પડી છે. આહા..હા...! એનો આશ્રય લઈશ તો સમ્યગ્દર્શન થશે, એનો ઉગ્ર આશ્રય લઈશ તો ચારિત્ર થશે. એનો પૂર્ણ આશ્રય લેશે તો કેવળજ્ઞાન થશે. આહા..હા...! આવું છે, ભાઈ ! છૂટવાનું સ્વદ્રવ્યનો આશ્રય એક કારણ, બંધનના કારણ અનંત અનંત છે. આહા..હા...! શુભભાવ પણ અસંખ્ય પ્રકારના છે, અશુભભાવ પણ અસંખ્ય પ્રકારના ભગવાન કહે છે. આહા..હા...! અને એની તારમ્યતાના ભાવ, શુભના પણ અનંત છે અને અશુભના પણ અનંત છે. સમજાય છે કાંઈ ? એ બન્નેથી પાર પરમાત્મા (છે).

વિકાર છે એની સીમા છે. પુસ્તકમાં આવે છે. સીમાનો અર્થ મર્યાદિત છે. વિકૃત અવસ્થા મર્યાદિત છે અને પૂર્ણ જે સ્વભાવ છે અમર્યાદિત ત્રિકાળ છે. આહા..હા...! વિકૃત અવસ્થાની સીમા છે તો મર્યાદિત છે તો છૂટી જશે. આહા..હા...! કહો, ભાઈ ! આવું ન્યાં ક્યાંય 'કલકત્તા'માં ક્યાંય ન મળે. નહિ ? આહા..હા...! પણ એ વસ્તુ શું છે એને હજી લક્ષમાં લેવી કઠણ. અંદર પરિપૂર્ણ વસ્તુ (છે). જેમ પાતાળમાં પાણી પૂરું ભર્યું છે એમ આત્માના ધ્રુવમાં પૂર્ણ આત્માનું તત્ત્વ શક્તિ પૂરી ભરી છે. એ પૂર્ણ તત્ત્વના આશ્રયે પૂર્ણ પર્યાય થશે. એ વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા...! છે ? **'પૂર્ણતા આવશે.'**

**'પૂર્ણતા આવશે. ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે...'** ભલે નિમિત્ત છે **'પણ સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે.'** સર્વજ્ઞની ત્રણ લોકના નાથ તીર્થંકરની વાણી હો, પણ એ વાણીના આશ્રયે કોઈ સમ્યગ્દર્શન નથી થતું. વાણીના આશ્રયે કોઈ કેવળજ્ઞાન નથી થતું. ખરેખર તો પરમાત્મા ૩૧ મી ગાથામાં એમ કહે છે, જેમ આ જડ ઇન્દ્રિયો છે, આ જડ માટી, અને ભાવેન્દ્રિય છે, જે ક્ષયોપશમ, એક એક વિષયને જાણનારી ઇન્દ્રિય અને એનો જે વિષય છે, સ્ત્રી, કુટુંબ-પરિવાર, દેશ, દેવ-ગુરુ ને શાસ્ત્ર, બધાને ઇન્દ્રિય કહેવામાં આવે છે. એ પર, ઇન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય ત્રણેનું લક્ષ છોડીને અનીન્દ્રિય ભગવાન જે આત્મા છે, એની શ્રદ્ધા કર, એનો સ્વીકાર કર તો તને સમ્યગ્દર્શન થશે. આવું છે, બાપા !

પૈસાવાળાને જાણે એમ થઈ જાય... આહા..હા...! એ.. ભાઈ ! બહુ પૈસાવાળા છે, કરોડોપતિ. કેટલા કરોડ ! એમ કોઈક કહે છે. ધૂળપતિ છે. અહીંયા તો જેને આત્માના પતિ થવું હોય (એને માટે વાત છે). આહા..હા...! પત્નીનો પતિ આત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નહિ, નરપતિ, નરેન્દ્ર. નરપતિ કહે છે ને ? મનુષ્યનો પતિ. ધૂળેય નથી, સાંભળ તો ખરો. આહા..હા...! લક્ષ્મીપતિ, એમ કહે છે ને ? લક્ષ્મીપતિ ? મૂઢ જડ. આહા..હા...! લક્ષ્મીપતિ, ઉદ્યોગપતિ. આ ઉદ્યોગ બહુ કરે છે ને ? ગૃહસ્થ મોટા. (એક મુમુક્ષુ પાસે) ચાલીસ કરોડ છે. પહેલાં સાધારણ હતા. નવ નવ તો મોટા કારખાના છે. 'કલકત્તા'માં. એનો મોટો દીકરો છે ને ? અમે ત્યાં ગયા હતા તો કહે, મહારાજ ! એકવાર પગલા કરો. તો (એક-એક) કરોડના મોટા કારખાના છે. ત્રણ વાર ગયા. કીધું, ભાઈ ! હવે નહિ જવાય. એક એક કરોડના કારખાના. એવા તો નવ. કરોડ ઉપરના કારખાના છે. ધૂળમાં પણ નથી. આ કોથળા બને છે ને ? કોથળાને શું કહે છે ? શણના બારદાન. પણ એ બારદાન એવા બને છે કે આમ સીવીને બનાવે એવા નહિ, આમ ગોળ બને. સીવાયને શું કહે છે ? સીવવું. કોથળા. એવા કારખાના છે. બધું શણ વગર બાંધે, ગાંઠ માર્યા વિના કોથળા થાય. સમજ્યા કે નહિ ? સમજાય છે કાંઈ ? શણમાં ગાંઠ બાંધે ને ? ત્યાં તો એક એવું કારખાનું છે કે બાંધ્યા વિના આખા (કોથળા બને). ત્યાં અમને લઈ ગયા હતા. ધૂળ છે, કીધું. અમને તો કંઈ વિસ્મયતા ને આશ્ચર્ય કંઈ લાગતું નથી. પ્રભુ !

વિસ્મય તો પ્રભુ આ આત્મા આશ્ચર્યકારી વસ્તુ છે, નાથ ! તને ખબર નથી. આહા..હા...! અંદરમાં અદ્‌ભુત અદ્‌ભુત ચૈતન્યચમત્કારથી ભરેલો ભગવાન (બિરાજે છે). ગુરુની વાણી કહે, તીર્થંકરની વાણી કહે **'પણ સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે.'** આશ્રય કરવો એ ગુરુ કરાવી દે છે ? બ્રાહ્મણ ગુરુ થઈને લગન કરાવી દે, પછી ગુરુ એનું ઘર ચલાવે ? બ્રાહ્મણ હોય છે ને ? એમ ગુરુ... આહા..હા...! વાણી દ્વારા સત્યની વાત એને કહે છે. પણ આશ્રય લેવાનો છે એ આશ્રય કરાવી દે ? આહા..હા...! એ બેન (કહે છે).

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– લાભમાં શુભભાવ (થાય છે), બીજું કાંઈ લાભ નથી. પરદ્રવ્યને માનવામાં રાગ આવે છે. ચાહે તો ત્રણ લોકના નાથ તીર્થંકર એમ કહે છે કે મને તું માનીશ કે અમે સર્વજ્ઞ છીએ તો તને વિકલ્પ, રાગ થશે. સ્વદ્રવ્યના આશ્રય વિના કલ્યાણ કદી (ત્રણ કાળમાં થતું નથી). સમજાય છે કાંઈ ? આહા..હા...! આકરી વાત છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ અહીં કહે છે. તીર્થંકરો, સર્વજ્ઞ પરમાત્મા, દિવ્યધ્વનિ અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં નીકળે છે. એવા મહાવિદેહમાં અનંત વાર જન્મ્યો હતો. આહા..! ત્યાં સમવસરણમાં અનંત વાર સાંભળ્યું છે. સાંભળ્યું એ તો નિમિત્ત છે. આશ્રય કરવો એ કંઈ નિમિત્ત કરાવી દે છે ? આહા..હા...!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ કહે છે પણ ઉપાદાન કરે કોણ ? એનો આત્મા. ઉપાદાન-નિમિત્તના ૪૭ દોહરામાં આવે છે ને ? પછી નિમિત્ત હારી ગયું. નિમિત્ત કહે છે કે હું છું તો તને ક્ષાયિક સમકિત થાય છે. અરે..! તું શું, તું તો રખડાવનાર છે, એમ કહે છે. છે એમાં ? ઉપાદાન-નિમિત્તના ૪૭ દોહરા છે. 'ભૈયા ભગવતીદાસ'. અહીં તો સભામાં ઉપાદાન-નિમિત્તના બધા વ્યાખ્યાન થઈ ગયા છે. 'વસ્તુવિજ્ઞાન સાર' પુસ્તક છે. ઘણા વર્ષ પહેલાં (છપાઈ ગયું છે). (સંવત) ૨૦૦૦ ની સાલ.

અહીંયા કહે છે કે **'સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે.'** આહા..હા...! અંતરમાં ઝુકવું એ કંઈ ગુરુ કરાવી દે છે ? સર્વજ્ઞ કરાવી દે છે ? આહા..હા..! પોતાની વર્તમાન દશાને ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપમાં ઝુકવું, આશ્રય લેવો એ તો પુરુષાર્થથી આત્મા કરી શકે છે. કોઈ બીજા ગુરુ કરાવી દે કે ગુરુની કૃપા થઈ જાય તો અંદર આશ્રય થઈ જાય. એવી કોઈ વસ્તુ નથી.

મુમુક્ષુ :– એમની કૃપા થાય અને ન થાય એમ બને કઈ રીતે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ કૃપા કહેવી કોને ? એ વીતરાગ સ્વરૂપનો આશ્રય કરે તો કૃપા ભગવાનની થઈ, એમ કહેવામાં આવે છે. 'શ્રીમદ્' માં આવે છે, 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી ગુરુગમકી.' 'શ્રીમદ્ રાજચંદ્ર' તેંત્રીસ વર્ષે ગુજરી ગયા. આત્મજ્ઞાની સમ્યગ્દષ્ટિ અનુભવી (હતા). ઝવેરાતના લાખોના ધંધા (હતા), પણ નૈતિક જીવન. ઘણું નૈતિક. અને આત્મજ્ઞાની. તેંત્રીસ વર્ષની ઉંમરમાં દેહ છૂટી ગયો. સંઘરણીનો રોગ થયો હતો. (સંવત) ૧૯૫૭ માં ચૈત્ર વદ પાંચમ. આહા..હા...! એ એમ કહેતા હતા, 'કરુણા હમ પાવત હૈ તુમકી' હે નાથ ! સર્વજ્ઞપ્રભુ ! છે એમાં ? 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી'. કરુણાનો અર્થ–હે નાથ ! તમારા જ્ઞાનમાં મને આ સમયે સમ્યગ્દર્શન થશે એમ આવ્યું, એ આપની કરુણા છે.

મુમુક્ષુ :– ...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ પણ આ. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથના જ્ઞાનમાં (આવ્યું કે) આ જીવ આ સમયે ધર્મ પામશે એ ભગવાનના જ્ઞાનમાં આવી ગયું છે. એ જ્ઞાનમાં જેમ આવ્યું તેમ અહીંયા થયું તેને ભગવાનની કરુણા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ કરે ? આહા..હા..! એ માટે તો અર્થ કર્યો.

યમ નિયમ સંયમ આપ કિયો,
પુની ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો,
વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો,
દ્રઢ આસન પદ્મ લગાય દિયો,
સબ શાસ્ત્રન કે નય ધારી હૈયે,
મત ખંડન મંડન ભેદ લિયે,
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો.

‘યમ નિયમ સંયમ..’ યમ નામ પંચ મહાવ્રત ને નિયમ નામ એવો અભિગ્રહ ધારણ કર્યો કે હું ભીક્ષા લેવા જાઉં તો બાઈનું નામ લક્ષ્મી હોય, એના સાડલામાં લક્ષ્મીનું ચિત્ર હોય, મોતી નામ હોય, મોતીચૂરનો લાડવો ખાતી હોય અને મોતીના કપડા પહેર્યા હોય તો એના હાથે લઉં, એ વિના લઉં નહિ, એવો મારે નિયમ છે. એવા નિયમ પણ અનંત વાર લીધા. ‘યમ નિયમ સંયમ આપ કિયો’ સંયમ લીધો. ઇન્દ્રિય દમન કર્યું. ‘યમ નિયમ સંયમ આપ કિયો’.

‘પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો’ ત્યાગ વૈરાગ્ય અથાગ (લીધો). નગ્નપણું અંદર એક વસ્ત્રનો દોરો નહિ. પરથી વૈરાગ્ય એ કૃત્રિમ વૈરાગ્ય છે, એ મૂળ વૈરાગ્ય નહિ. છે ? ‘યમ નિયમ સંયમ આપ લિયો, પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો.’

‘વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દ્રઢ આસન પદ્મ લગાય દિયો’ અને શ્રુતજ્ઞાન કર્યું. શ્રુતજ્ઞાન ભણીને ‘મત ખંડન મંડન ભેદ લિયો’ પણ એણે ભેદજ્ઞાન કર્યું નહિ. આહા..હા...! એવું કરવા છતાં એ સાધન નથી. ચોવીસ વર્ષની ઉંમરમાં આ પદ બનાવ્યું છે. હતા તો ગુજરાતી પણ હિન્દીમાં બનાવ્યું છે. ક્ષયોપશમ ઘણો હતો. ક્ષયોપશમ એટલે જ્ઞાનનો વિકાસ ઘણો હતો. નાની ઉંમરથી. આહા..હા..! સોળ વર્ષની દેહની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉંમરમાં એવું લાગ્યું હતું, 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો' લક્ષ્મી વધી, કુટુંબ વધ્યું, આબરૂ વધી, તારે શું વધ્યું ? 'શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો, વધવાપણું સંસારનું નરદેહને હારી જવો, એનો વિચાર નહિ અહો ! એક પળ તમને હવો.' એનો વિચાર તેં એક પળ પણ કદી કર્યો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? થોડું ગુજરાતી હતું, પણ ગુજરાતી ભાષા સાદી છે.

અહીં કહે છે, **'સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે.'** આહા..હા...! ૧૮૯ (બોલ પૂરો) થયો.

**મેં અનાદિ કાળથી બધું બહાર-બહારનું ગ્રહણ કર્યું–બહારનું જ્ઞાન કર્યું, બહારનું ધ્યાન કર્યું, બહારનું મુનિપણું લીધું, અને માની લીધું કે મેં ઘણું કર્યું. શુભભાવ કર્યા પણ દૃષ્ટિ પર્યાય ઉપર હતી. અગાધ શક્તિવાળો જે ચૈતન્યચક્રવર્તી તેને ન ઓળખ્યો, ન ગ્રહણ કર્યો. સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર્યું નહિ, વિશેષને ગ્રહ્યું. ૧૯૦.**

૧૯૦. **'મેં અનાદિ કાળથી બધું બહાર-બહારનું ગ્રહણ કર્યું...'** શુભભાવ ને અશુભભાવ ને પરવસ્તુ મેં ગ્રહી હતી, પરવસ્તુ મેં છોડી એવું અનાદિથી બહાર બહારનું કર્યું. **'બહારનું જ્ઞાન કર્યું,...'** પરવસ્તુનું જ્ઞાન કર્યું. સ્વનું જ્ઞાન ન કર્યું. આ ડૉક્ટરપણું ને એલ.એલ.બી. ને વકીલાત ને એમ.એ. ના (ભણતર કર્યા). એ બધું પરનું જ્ઞાન, અજ્ઞાન છે. સમજાય છે કાંઈ ? 'રામજીભાઈ' ત્રીસ-પાંત્રીસ વર્ષ પહેલાં પાંચ કલાકના બસ્સો રૂપિયા લેતા હતા. કોર્ટમાં જતા હતા. ત્રીસ વર્ષથી વકીલાત છોડી દીધી. પહેલાં કોર્ટમાં પાંચ કલાક જતા તો બસ્સો રૂપિયા લેતા હતા. એ વખતે, હોં ! બસ્સો એટલે અત્યારે પચીસગણા થયા. પણ એ જ્ઞાન હતું એ કુજ્ઞાન હતું. એ પોતે કહે છે, કુજ્ઞાન હતું. જજને પાણી ભરાવે આમ, જજ બેઠા હોય ને ? જજને એવી દલીલ આપે. અમારે બીજા એક ભાઈ હતા. એ 'રાજકોટ'માં વકીલ હતા. એણે મને એકવાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહ્યું, મહારાજ ! આ ભાઈ એવા છે કે જજને પાણી ભરાવે છે. જજને બોલવા ન દે. બધામાં પ્રસિદ્ધ હતા ને ! એ વખતના બધા વકીલમાં એ પ્રસિદ્ધ હતા. પણ એ પ્રસિદ્ધિ અજ્ઞાનની હતી. સમજાય છે કાંઈ ? એ બધું કુજ્ઞાન હતું. પરના આશ્રયે થયેલું એ કુજ્ઞાન છે. ડૉક્ટર ! આ તમારી હોમિયોપેથી.. એય..! ભાઈ ! આ તમે દાંતના ચોકઠામાં ઘણા હોશિયાર છો, એ બધું કુજ્ઞાન છે.

મુમુક્ષુ :- કુજ્ઞાન રૂપિયા દે છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળમાં પણ રૂપિયા દેતા નથી. એ તો પુણ્યને લઈને આવે છે. અમે તો ઘણા જોયા છે ને ! એક બેરિસ્ટર નહિ ? 'મોરબી'ના બેરિસ્ટર હતા. તો એને કોઈ અસીલ જ આવે નહિ. નામ ભૂલી ગયા. 'રાજકોટ' રહેતા હતા. અમે તો બધાને જોયા છે ને ! આ કાંઈ બેરિસ્ટર નહોતા છતાં ઘરે પૈસા દેવા આવતા હતા. આટલું કરો, ભાઈ ! અમારું આટલું કામ કરી આપો. છેવટે છોડ્યું ત્યારે તો પાંચસો (રૂપિયા લેતા હતા).

મુમુક્ષુ :- એના ઉપર ચોકડી મારો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ચોકડી છે. મોટા બેરિસ્ટર હતા. કોઈ અસીલ આવતા નહોતા. અસીલ, ઘરાક જ નહોતા આવતા. આ કાંઈ બેરિસ્ટર નહોતા છતાં ઘરાક ઘરે આવતા હતા. બસ્સો રૂપિયા લ્યો, પાંચ કલાક અમારામાં આવો. એમાં શું છે ? એ તો પુણ્યને લઈને એવી પ્રસિદ્ધ થાય છે. ધૂળમાં એમાં શું આવ્યું ? આહા..હા..!

ભગવાન અંદર અનંત આનંદ ને અનંત જ્ઞાનની લક્ષ્મીથી ભરેલો છે. આહા..હા..! એ કહે છે, જુઓ ! **'બહારનું જ્ઞાન કર્યું, બહારનું ધ્યાન કર્યું,...'** શું (કહ્યું) ? રાગનું ધ્યાન કર્યું ને ભગવાનનું ધ્યાન કર્યું એ તો બધા બહારના ધ્યાન છે. **'બહારનું મુનિપણું લીધું,...'** સાધુ અનંતવાર પંચ મહાવ્રત ધારણ કરીને નગ્ન અનંત વાર થયો. એમાં શું થયું ? એ તો 'શ્રીમદ્'માં આવ્યું નહિ ? 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો' પણ વસ્તુ ક્યાં ? સમ્યગ્દર્શન વિના, સ્વદ્રવ્યના આશ્રય વિના એ બધું થોથા છે. આવું છે, ભગવાન !

આઠ વર્ષનો બાળક હોય છે... આહા..હા...! જ્યારે આત્માનું જ્ઞાન થાય છે અને સમ્યગ્દર્શનમાં આત્મા રસ આવે છે, આહા..હા..! એ આનંદના રસ આગળ અબજોપતિ હો, ચક્રવર્તીનો પુત્ર હોય, મકાનમાં નીચે નીલમની લાદી હોય, નીલમની લાદી !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્ફટિકની લાદી હોય અને હજારો રાણી સાથે લગ્ન કર્યાં હોય, પણ જે આત્મજ્ઞાન થયું, અંદરમાં આત્માનો સ્વનો દોર બાંધી આનંદ (આવ્યો)... આહા..હા..! (એ કહે છે), માતા ! મને રજા દે, બા ! મને મારા આનંદ સ્વરૂપનો આનંદ આવ્યો છે. એ આનંદની મારે સાધના કરવી છે. વિશેષ આનંદ પ્રગટ કરવો છે. મારે વનવાસ જવું છે. આહા..હા..! માં ! માતા રોવે છે. રજા નથી આપી શકતી. માતા ! એકવાર રોવું હોય તો રોઈ લે પણ આનંદ સ્વરૂપને હું સાધવા જઉં છું, ફરીને મા નહિ કરું, બા ! બીજી માતા નહિ કરું. એમ કોલકરાર કરીએ છીએ. મારે હવે ભવ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

એક ધ્રુવનું નાટક થાય છે. અમે તો બધું જોયું છે ને ! ફિલ્મ જોઈ છે, નાટક જોયા છે. દુકાન હતી. મોટા મોટા નાટક આવતા હતા, સરઘસ આવતા હતા, બધું આવતું. એક વાર અહીંયા ભાવનગરમાં.. હું 'પાલેજ'માં દેશમાં આવેલો, ધ્રુવનું નાટક હતું. અન્યમતિમાં ધ્રુવ આવે છે. ધ્રુવ ને પ્રહ્લાદ અવિચળ પદ આપ્યું, એમ એમાં આવે છે. ધ્રુવ એ રાજાનો કુંવર હતો. ધ્રુવ રાજકુમાર હતો. નાની ઉંમરમાં એની માતા ગુજરી ગઈ તો પિતાએ બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યાં. એમાં ધ્રુવને વૈરાગ્ય થયો. એ પ્રકારનો, તત્ત્વ તો ક્યાં હતું ? વૈરાગ્ય આવ્યો તો જંગલમાં ચાલ્યો ગયો. જંગલમાં લાકડી થાય છે ને ? આમ હાથ રાખવાની. પાવડી.. પાવડી.

વનવાસમાં બેઠા હતા. મોટું નાટક હતું. (સંવત) ૧૯૬૬ની વાત છે. બે ઇન્દ્રાણી ઉપરથી લલચાવવા આવતી હતી. ધ્યાનમાં બેઠા હતા. રાજકુમાર પણ દીક્ષિત થઈ ગયો. અન્યમતિનો બાવો, જૈન સાધુ નહિ. વનમાં લીલા પડદાં (લગાવેલા). છાપેલા પડદા હોય છે. પડદો ખુલે તો જાણે વનમાં ઊંડે બેઠો છે એમ દેખાય. બે ઇન્દ્રાણી ઉપરથી (ઉતરે છે). લાકડી ઉપર પગ રાખીને નીચે આવી. એને સમજાવવા, સ્ત્રીનો ભોગ લેવા માટે. અરે..! રાજકુમાર અમારું આ શરીર તો જુઓ ! ઇન્દ્રાણી. કોમળ શરીર, સુંવાળું શરીર એમ બહુ વખાણ કર્યાં.

ત્યારે ધ્રુવ કહે છે, માતા ! તારું શરીર સુંદર બહુ છે, વાત બરાબર છે, પણ માતા ! હું એમ કહું છું કે મારે જો એકાદ ભવ કરવાનો હશે તો તારી કુખે આવીશ, બીજી વાત નથી. મારે એકાદ ભવ બાકી હોય.. ડૉક્ટર ! ધ્રુવનું નાટક છે, ધ્રુવ નહિ ? ધ્રુવ પ્રહ્લાદ.. આવે છે ? બધું જોયું છે. અમે તો બધા શાસ્ત્ર જોયા છે. વેદાંતના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જોયા છે, બધાના જોયા છે. નાટક પણ બધાના જોયા છે. મોટા મોટા નાટક, મુંબઈમાં મોટી ફિલમ જોઈ છે. આહા..હા...! પણ એ વખતે બોલતી ફિલમ નહોતી, બોલતી નહોતી, હવે બોલતી ફિલમ થઈ.

એ ધ્રુવને શરીર દેખાડીને બે ઇન્દ્રાણી લલચાવે છે. કોમળ શરીર (દેખાડે છે). માતા ! તારું શરીર કોમળ, બહુ સુંદર છે. માતા ! તું આશા રાખે છે એમ નથી. પણ મને કદાચિત્ એકાદ ભવ કરવાનો હશે તો હું તારી કુખે આવીશ, તારો પુત્ર થઈશ, બીજી વાત નથી. આહા..હા...! એ વખતે એ લોકો વૈરાગી નાટક (કરતા). અત્યારે તો બધું ફરી ગયું. અત્યારે તો ફિલમ-બિલમમાં બધું... સ્ત્રી આમ ઉભી હોય અને હાથ આમ નાખે. અર..ર..ર...! એવા દેખાવ. અનીતિના દેખાવ. લોકોની બુદ્ધિ બગડે એવા નિમિત્ત છે અત્યારે તો. આહા..હા...!

મુમુક્ષુ :– બધું રાગ પેદા કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ પેદા કરે છે. બહારમાં ફિલમના ફોટા આવે છે ને ? એક બાઈને પેલાએ આમ હાથ નાખ્યો હતો. અર..ર..ર...! આવા અનીતિના દેખાવ ? ખબર છે ને અમને. ત્યાં જોવા જવા માટે લાઈન લાગી હોય. સેંકડો માણસો ટિકીટ લેવા (ઉભા હોય). મૂરખ છે, પાગલ છે. આહા..હા...!

અહીંયા તો કહે છે, તું પરના નાટક જોવે છે તો તારો નટ–આત્માનું નાટક અંદરથી જો. તારામાં પ્રભુ ! તને ખબર નથી. પ્રભુ ! તારામાં તો પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એવી અનંતી શક્તિની પૂર્ણતા તારામાં નાથ (ભરી છે). નાથ કેમ કહ્યું ? નિજ સ્વરૂપની રક્ષા કરે અને જે નથી મેળવ્યું તેને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરે. જોગ, ક્ષેમના કરનારને નાથ કહે છે. લાંબી વાત છે થોડી. આહા..હા...! જે અંતરનું સ્વરૂપ આત્માના આશ્રયે પ્રાપ્ત થયો ધર્મ, એનું રક્ષણ કરે અને કેવળજ્ઞાન આદિ નથી પામ્યો તેનો પ્રયત્ન કરીને પામે, એને અહીંયા નાથ કહેવામાં આવે છે. પત્નીનો પતિ નાથ, એ તો કૃત્રિમ, કૃત્રિમ, કૃત્રિમ ખોટા છે. આહા..હા..! આ નાથ આત્મા. આહા..હા...! પોતાની શક્તિ ને સાગર જે પૂર્ણ ભર્યો છે, એની દૃષ્ટિ, સમ્યગ્દર્શન થયું તો એની રક્ષા કરે. સમ્યગ્દર્શનથી હેઠે ન જાય, પડે નહિ. અને સમ્યગ્દર્શન થયા પછી કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન છે. એ જોગ, ક્ષેમના કરનારને નાથ કહેવામાં આવે છે. મળેલી વસ્તુનું રક્ષણ કરે અને નહિ મળેલી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂર્ણતાની પ્રાપ્તિ કરે. આહા..હા...! આવી વાત છે અહીં તો. દુનિયાથી જુદી છે, બાપા ! આહા..!

**'બહારનું ધ્યાન કર્યું, બહારનું મુનિપણું લીધું, અને માની લીધું કે મેં ઘણું કર્યું. શુભભાવ કર્યા પણ દૃષ્ટિ પર્યાય ઉપર હતી.'** આહા..હા...! દૃષ્ટિ તો વર્તમાન રાગ ને પુણ્ય ને પર્યાય ઉપર હતી. મિથ્યા હતી. **'અગાધ શક્તિવાળો જે ચૈતન્ય ચક્રવર્તી...'** પ્રભુ, ચૈતન્ય ચક્રવર્તી ભગવાન ! આહા..હા..! **'તેને ન ઓળખ્યો,...'** કારણને ગ્રહણ ન કર્યું. તેં ઓળખાણ ન કરી. બહારનું જ્ઞાન આદિ બધું કર્યું. **'ન ઓળખ્યો, ન ગ્રહણ કર્યો. સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર્યું નહિ,...'** સામાન્ય સ્વરૂપને ગ્રહણ ન કર્યું. એકરૂપ ત્રિકાળને ગ્રહણ ન કર્યું અને **'વિશેષને ગ્રહ્યું.'** પર્યાયને અને રાગને ગ્રહણ કર્યા એ તારી મિથ્યાદૃષ્ટિ છે. સામાન્ય જે ત્રિકાળી ધ્રુવ છે એને ગ્રહણ કર તો તને સમ્યગ્દર્શન થશે, એ વિના સમ્યગ્દર્શન–ધર્મ–થશે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✻ ✻ ✻

**સમ્યગ્દષ્ટિને રાગ કે દુઃખ નથી એમ કહ્યું છે એ તો દૃષ્ટિની પ્રધાનતાથી કહ્યું છે પણ પર્યાયમાં જેટલો આનંદ છે તેને પણ જ્ઞાન જાણે છે અને જેટલો રાગ છે એટલું દુઃખ પણ સાધકને છે તેમ જાણે છે. પર્યાયમાં રાગ છે દુઃખ છે તેને જો જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે. સમ્યગ્દષ્ટિને દૃષ્ટિનું જોર બતાવવા આસ્રવ નથી તેમ કહ્યું છે પણ જો આસ્રવ સર્વથા ન હોય તો મુક્તિ હોવી જોઈએ.**

**'પરમાગમસાર' બોલ નં.૮૮**

✿

**રાગ છે તે ચૂડેલ ડાકણ સમાન છે, રાગનો પ્રેમ કરવાથી એ તને ખાઈ જશે-ભરખી જશે. પાપરાગની તો શું વાત ! પણ શુભરાગ કે જેણે હજારો રાણી છોડીને રાજપાટ છોડીને પંચમહાવ્રતના શુભરાગમાં પ્રેમ કર્યો છે તે આનંદસ્વરૂપ આત્માને ઘાયલ કરે છે, મારી નાખે છે. વીતરાગભાવ ધર્મ છે તેને રાગભાવથી ધર્મ મનાવે તે વીતરાગના વેરી છે. પાપી મિથ્યાદૃષ્ટિ છે**

**'પરમાગમસાર' બોલ નં.૮૯**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શ્રાવણ વદ ૩, સોમવાર તા. ૨૧-૦૮-૧૯૭૮.
વચનામૃત–૧૯૧, ૧૯૨, પ્રવચન–૭૧

**દૃષ્ટિનો દોર હાથમાં રાખ. સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર, પછી ભલે બધું જ્ઞાન થાય. એમ કરતાં કરતાં અંદર વિશેષ લીનતા થાય, સાધક દશા વધતી જાય. દેશવ્રત અને મહાવ્રત સામાન્ય સ્વરૂપના આલંબને આવે છે; મુખ્યતા નિરંતર સામાન્ય સ્વરૂપની–દ્રવ્યની હોય છે. ૧૯૧.**

૧૯૧. ૧૯૧ કહે છે ને ? સૂક્ષ્મ વાત છે. જેને પોતાનું કલ્યાણ કરવું હોય તેને ત્રિકાળ જ્ઞાયક સામાન્ય સ્વભાવ જે છે તેની ઉપર દૃષ્ટિ લગાવવી જોઈએ.

મુમુક્ષુ :– એનો ઉપાય શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ ઉપાય. ઉપાય બીજો શું હોય ? જે દૃષ્ટિ નિમિત્ત ઉપર છે, રાગ ઉપર છે, પર્યાય ઉપર છે એ દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. સૂક્ષ્મ વિષય છે, ભાઈ ! એ વિશેષ જે પર્યાય છે તેની દૃષ્ટિ પણ છોડીને. સંયોગી ચીજ જે ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્ર કે પરવસ્તુનું લક્ષ તો છોડવું, પણ એનો શ્રદ્ધા આદિ જે રાગ છે તેનું પણ લક્ષ છોડવું અને વર્તમાન પર્યાય જે વિશેષ છે તેનું પણ લક્ષ છોડવું. આહા..! આવી વાત છે, ભાઈ !

હવે કહે છે કે, '**દૃષ્ટિનો દોર હાથમાં રાખ.**' છે ? ૧૯૧ છે ને ? દૃષ્ટિ જે છે તેને ધ્રુવ ઉપર લગાવી દે. આહા..હા...! ત્યારે તને સમ્યગ્દર્શન થશે. ધર્મની શરૂઆત ત્યારે થશે. બાકી લાખ વાત ક્રિયાકાંડ કરે, દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને એ બધો વ્યવહાર રાગ છે. એનાથી આત્માનું કલ્યાણ થતું નથી. આહા..હા..! વિશેષ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પોતાની જે પર્યાય છે તેની ઉપર લક્ષ કરવાથી પણ સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા...!

**'દૃષ્ટિનો દોર હાથમાં રાખ. સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર,...'** આહા..હા..! એકરૂપ જે ત્રિકાળ ધ્રુવ જ્ઞાનસામાન્ય સ્વભાવ, જેમાં પર્યાયની વિશેષતા પણ નથી (એવા) **'સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર,...'** આહા..હા...! ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ સ્વરૂપ, જે એક સમયની પર્યાયથી પણ ભિન્ન છે તેની ઉપર દૃષ્ટિ લગાવી દે અને ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ સ્વભાવને શ્રદ્ધામાં, જ્ઞાનમાં ગ્રહણ કર. આહા..હા...! આકરી વાત છે.

ધર્મ કઈ રીતે થાય છે એ કદી યથાર્થપણે સાંભળ્યું જ નથી. આહા..હા...! ધર્મ એ રીતે થાય છે કે ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય સ્વભાવને જ્ઞાનમાં ગ્રહણ કરવાથી તેને શ્રદ્ધામાં લેવાથી સમ્યગ્દર્શનરૂપી ધર્મની પહેલી શરૂઆત થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર,...'** સામાન્ય શું ? ધ્રુવ જે એકરૂપ વસ્તુ જે ત્રિકાળ પડી છે તેની ઉપર દૃષ્ટિ લગાવી દે અને જ્ઞાનની વર્તમાન પર્યાયમાં તેને ગ્રહણ કર. પર્યાયમાં નિમિત્તને ગ્રહણ ન કરવું, રાગને ન ગ્રહણ કરવો, એક સમયની પર્યાયને પર્યાયમાં ગ્રહણ ન કરવી. સૂક્ષ્મ વાત છે, ભાઈ ! અનંતકાળમાં એણે કર્યું નથી તેની અપૂર્વ વાત છે.

અહીં તો કહે છે કે જો તને સમ્યગ્દર્શન–ધર્મની પહેલી સીડી, હજી સમ્યગ્દર્શન(ની વાત છે), પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન એ તો કોઈ અલૌકિક વસ્તુ છે. પ્રથમ સમ્યક્ નામ સત્ય દર્શન છે પર્યાય, સત્ય દર્શન એ છે પર્યાય પણ પર્યાયને સામાન્યમાં લગાવી દે. વિશેષમાં સામાન્યને ગ્રહણ કરી લે. આ શું વાત છે ? આહા..! ભાઈ ! અલૌકિક વાત છે. ત્યાં તમારે (કાંઈ નથી). શું તમારું ગામ કહેવાય ? 'જયપુર'. આહા..હા..! એ પૈસામાં કોઈ ધર્મ નથી, એમ કહે છે. લાખો, કરોડો રૂપિયા ખર્ચી દે એટલે ધર્મ થઈ જાય (એમ નથી). અને તે પણ પૈસા મારા છે એમ માનીને દે તો મિથ્યાત્વ થાય છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૈસા ક્યાં એના બાપના હતા. પૈસા તો જડના હતા. પૈસા તો અજીવ છે. ભગવાન આત્મા તો ચૈતન્ય અરૂપી જીવ છે. જીવનો અજીવ થઈ જાય છે ?

મુમુક્ષુ :– બન્નેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો હોય ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :– નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ શું ? બન્ને પદાર્થ સ્વતંત્ર છે. 'સર્વ સંબંધ નિષેધ:' આહા..હા...! 'સમયસાર' ૨૦૦ કળશ. **'नास्ति सर्वोऽपि सम्बन्धः'** અરે..! કંઈ સાંભળ્યું નથી. અંદર સત્ય પ્રભુ કોણ છે ? એક સમયમાં પૂર્ણાનંદ નાથ સામાન્ય નામ વિશેષ, પર્યાય રહિત, રાગ રહિત, સંયોગ રહિત તો છે પણ વર્તમાન વિશેષ પર્યાય છે તેનાથી પણ રહિત છે. આહા..હા...! તેને ગ્રહણ કર. સામાન્ય ઉપર લક્ષ દે તો તારી વિશેષ પર્યાયમાં સમ્યગ્દર્શન થશે. સમજાય છે કાંઈ ? છે ?

**'પછી ભલે બધું જ્ઞાન થાય.'** પછી અનેક જીવ, અજીવ જગતની પર્યાય છે તેનું જાણવું થાય, પરલક્ષી જ્ઞાન થાય. પણ અંતરમાં શુદ્ધ ધ્રુવ સ્વરૂપ છે તેની દૃષ્ટિ થઈ એ દૃષ્ટિ તેમાંથી ખસતી નથી. પછી ગમે તે પ્રકારનું જ્ઞાન કરે, રાગ આવ્યો તેને જાણે, શરીરની ક્રિયા થાય છે તેને જાણે, કરે નહિ, કરતો નથી. જાણે, પણ દૃષ્ટિ ધ્રુવ ઉપર લગાવી હોવાથી જે સમ્યગ્જ્ઞાન થયું એ જ્ઞાનમાં બીજી ચીજ ગમે તે જાણો. આહા..હા...! એ બારમી ગાથામાં કહ્યું ને ? જાણેલો પ્રયોજનવાન છે. એમાં મોટી તકરાર છે ને ? **'सुद्धो सुद्धादेसो णादव्वो'** એ તો કેવળીને છે. નીચે ચોથે, પાંચમે, છઠ્ઠે તો વ્યવહારનય હોય છે, એમ કહે છે. આહા..હા...!

મુમુક્ષુ :– નિશ્ચય વગરનો વ્યવહાર...

પૂજ્ય ગુરુદેવશ્રી :– નીચે વ્યવહાર જ હોય છે, શુદ્ધનય ઉપર સાતમે, આઠમે, દસમે પછી હોય છે. આહા..હા..!

અહીં તો પહેલેથી, જેને આત્માનું કલ્યાણ કરવું હોય, જન્મ-મરણ રહિત થવું હોય તો પહેલે દરજ્જે ત્રિકાળી જ્ઞાયકભાવને પકડ. આહા..હા..! કે જેમાં અનંત આનંદ ને અનંત જ્ઞાન ને અનંત શાંતિ, અનંત અનંત અમર્યાદિત પ્રભુતા અંદર ભરી છે... આહા..હા...! એ ચૈતન્ય રત્નાકર પ્રભુ, ચૈતન્યના રત્નોનો આકાર નામ દરિયો ભરેલો ભગવાન અંદર છે. આહા..હા...! ક્યાં ખબર છે. ત્યાં દૃષ્ટિ લગાવી દે. **'પછી ભલે બધું જ્ઞાન થાય.'** પછી દયા, દાનનો રાગ આવે છે તેનું જ્ઞાન થાય. જ્ઞાન થાય. આકરી વાત બહુ, બાપુ ! શું થાય ? ('સમયસાર') અગિયારમી (ગાથામાં) ભૂતાર્થનું નિશ્ચય જ્ઞાન થયું પછી બારમી (ગાથામાં) જાણેલો (પ્રયોજનવાન છે) એ સિદ્ધાંત અહીંયા કહ્યો છે. આહા..હા...!

અંદર વસ્તુ જે સામાન્ય એકરૂપ નિર્વિકલ્પ પ્રભુ, સામાન્ય નામ ધ્રુવ સદૃશ સ્વભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધરનાર પ્રભુ છે ત્યાં દૃષ્ટિનો દોર લગાવી દે. પછી સમ્યક્જ્ઞાન થાય છે એ જ્ઞાનમાં પર ચીજ, રાગાદિ, વ્યવહાર રત્નત્રય આવે છે. આવે છે તેને જાણ. આહા..હા...! હું વ્યવહાર દયા, દાન કરું છું, એમ નહિ. હું વિકલ્પને કરું છું (એમ લાગે છે) ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. સત્યદૃષ્ટિમાં તો પૂર્ણ સત્ય પ્રભુ આવે છે ત્યારે એને સમ્યગ્જ્ઞાન થાય છે. એ જ્ઞાનમાં પછી અપૂર્ણ જ્ઞાન છે, નિજ સ્વભાવનો આશ્રય ઓછો છે તેથી અંદર રાગની મંદતાનો ભાવ આવે છે અને શરીરની ક્રિયા શરીરને કારણે થાય છે તેને જાણ. આહા..હા...! આવી વાતું સમાજમાં (અત્યારે ચાલતી નથી).

**'એમ કરતાં કરતાં અંદર વિશેષ લીનતા થાય,...'** સ્વરૂપ જે ધ્રુવ ચૈતન્ય સામાન્ય એકરૂપ ભેદ વિનાની વસ્તુ છે, વિશેષ પર્યાય જે છે તેનાથી પણ સામાન્ય ભિન્ન છે. અરે...! આ કઈ જાતની વાત ? તેની ઉપર દૃષ્ટિ દેવાથી તને સમ્યગ્જ્ઞાન થશે, સમ્યગ્દર્શન થશે, સુખની દશાની પ્રાપ્તિ થશે પછી જ્ઞાનમાં કોઈ રાગાદિ કે પરચીજ હોય, સ્વને જાણ્યો તો પરને જાણવું એવો સ્વપરપ્રકાશક સ્વભાવ છે તો ભલે જાણે. આહા..હા...! આકરું કામ છે, ભાઈ ! એવું સ્વરૂપ જે ધ્રુવ ચૈતન્ય ભગવાન છે તેને ગ્રહણ કર્યું, આદર કર્યો, સત્કાર કર્યો, સ્વીકાર કર્યો.. આહા..હા...! ત્યારે અંદરમાં સ્વીકાર કરતાં કરતાં અંદરમાં રમતા રમતા.. છે ? **'એમ કરતાં કરતાં અંદર વિશેષ લીનતા થાય...'** આનંદસ્વરૂપમાં વિશેષ લીનતા થશે. ચારિત્ર નામ ચરવું, રમવું, જમવું. પોતાના શુદ્ધ ચૈતન્યઘનને અનુભવમાં દૃષ્ટિમાં લીધો પછી સ્વરૂપમાં–આનંદકંદમાં–વિશેષ વિશેષ લીનતા થવી, એવી લીનતા થશે. **'સાધકદશા વધતી જાય.'** આહા..હા..! શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને દૃષ્ટિમાં લીધું તો એનો આશ્રય વધતાં વધતાં સાધકદશા વધી જશે. વ્યવહાર કરતાં કરતાં સાધકદશા થશે, એમ તો ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :– વ્યવહારનો તો આપ જોરથી નિષેધ કરો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :— વ્યવહાર રાગ છે તે પોતાના સ્વરૂપમાં છે જ નહિ, પોતાની ચીજ જ નથી ને. આહા..હા...! ખરેખર તો 'નિયમસાર'ની અપેક્ષાએ તો એક સમયની નિર્મળ પર્યાય છે તેને પણ પરદ્રવ્ય કહી છે. એય..! કેમ ? કે જેમ પરદ્રવ્યમાંથી નવી શુદ્ધિની પર્યાય ઉત્પન્ન થતી નથી એમ પર્યાયમાંથી નિર્મળ પર્યાય ઉત્પન્ન થતી નથી. આહા..! નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ અને વિશેષ નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે એ પર્યાયમાંથી નિર્મળ પર્યાય ઉત્પન્ન નથી થતી. એ ત્રિકાળી જ્ઞાયકભાવના આશ્રયે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા...! આવું છે, ભાઈ !

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પરમ પારિણામિક કહો કે સામાન્ય સ્વભાવ કહો કે જ્ઞાયકભાવ કહો. સદ્દશ ભાવ કહો, ધ્રુવ ભાવ કહો, નિત્ય ભાવ કહો, એકરૂપ ભાવ કહો. બધું એક જ છે. આહા..હા...! ભગવાન અંદર ધ્રુવ સ્થંભ પડ્યો છે. જેમ વજ્રનો સ્તંભ હોય એમ ભગવાન ધ્રુવ સ્તંભ અંદર પડ્યો છે. આહા..હા...! એનો આશ્રય લેવાથી, દૃષ્ટિમાં એનો સ્વીકાર કરવાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થશે. ધર્મની શરૂઆત ત્યાંથી થશે. બાકી લાખ ક્રિયાકાંડ ને વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરે એ બધું બંધનું કારણ છે, એનાથી સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા...! અરે..! રાગને કારણે તો સમ્યગ્દર્શન થતું નથી પણ રાગને જાણનારી જે જ્ઞાનની પર્યાય છે તેના આશ્રયે પણ સમ્યગ્દર્શન થતું નથી. વાત મોંઘી છે, ભાઈ ! અત્યારે તો ગડબડ બહુ ચાલી છે. શેઠિયાઓ જાણે વ્યવહારના વ્યવસાયમાં ઘુસી ગયા. એય..!

જાપાનવાળાએ લખ્યું છે, હોં ! જાપાનમાં એક મોટો ઇતિહાસીક શોધક છે. લેખ આવ્યો છે. એણે લખ્યું છે કે જૈનધર્મ એટલે શું ? એણે ઘણી શોધ કરી. હજારો શાસ્ત્રો જાણવા માટે (વાંચ્યા). મોટો લેખ આવ્યો છે, (એક વિદ્વાને) બહાર પ્રકાશિત કર્યો છે. જૈનધર્મ એટલે અનુભૂતિ એ ધર્મ છે. આત્મા જ્ઞાયક ત્રિકાળ છે... એટલી બધી તો એને ખબર ન હોય, પણ શાસ્ત્ર શોધીને એટલું કાઢ્યું કે જૈનધર્મ એ અનુભૂતિ ધર્મ છે. આનંદ સ્વરૂપ ભગવાન, એનો અનુભવ કરવો એ જૈનધર્મ છે. એણે એમ લીધું છે, અત્યારે આ જૈનધર્મ વાણિયાના હાથમાં આવ્યો છે અને વાણિયા વ્યવસાયમાં ઘુસી ગયા છે. વ્યવસાય.. વ્યવસાય.. આ કરવું ને આ કરવું ને.. શરીરને ઠીક ન હોય, શું કહેવાય ? કાંઈક આવે છે. શું કહેવાય ? હાર્ડ. હાર્ટ એટેક આવે તો પણ પરદેશમાં રખડવા માટે ફરે. બહારના વ્યવસાય આડે નવરા નથી, એમ કહે છે. જાપાની ઇતિહાસીકે શોધ કરતાં કરતાં મોટો લેખ લખ્યો છે, એ આવ્યો છે. લેખ શેમાં છે ? 'અહિંસા વાણી.' અહિંસા વાણી નીકળે છે ને ? એમાં લેખ છે. (એ વિદ્વાને) લેખ વાંચ્યો તો પછી ત્યાં લેખ લખ્યો છે. જાપાની માણસ આમ કહે છે.

તારી ચીજ અંદર શુદ્ધ પૂર્ણાનંદ છે. એણે એ પણ કહ્યું કે આત્મા નિર્વાણસ્વરૂપ છે, એમ કહ્યું છે. નિર્વાણસ્વરૂપ નામ મોક્ષસ્વરૂપ છે. મોક્ષસ્વરૂપ નામ અબદ્ધ, જે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ચૌદમી-પંદરમી ગાથામાં આવ્યું ને ? અબદ્ધસ્પૃષ્ટ. આત્મા રાગના બંધના સંબંધથી રહિત છે. એની એટલી બધી દૃષ્ટિ ન ગઈ હોય, પણ મુક્તસ્વરૂપ છે. નિર્વાણસ્વરૂપ છે એમ એણે લીધું છે. નિર્વાણ–મોક્ષસ્વરૂપ જે આત્મદ્રવ્ય છે. ત્રિકાળ મોક્ષસ્વરૂપ છે. આહા..હા...! એવો મોક્ષસ્વરૂપ ભગવાન આત્માના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, તેના આશ્રયે ચારિત્ર થાય છે, તેના આશ્રયે શુક્લધ્યાન થાય છે, તેના આશ્રયે કેવળજ્ઞાન થાય છે. આહા..હા..! નવરાશ ન મળે. માથે પંડિત જે કાંઈ કહે.. જય નારાયણ !

મુમુક્ષુ :– ભગવાનની ગાદીએ બેઠા છે ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ ભગવાનની ગાદીએ શું કહે છે એની તુલના તો કરવી પડે કે નહિ ? બહારથી કહે કે અમે કંઈ સમજતા નથી, એ તો પંડિત લોકો કહે છે એ બરાબર છે. જય નારાયણ ! વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો કલ્યાણ થશે, જય-જય નારાયણ ! ધૂળમાંય નથી, સાંભળ ને ! સમજાય છે કાંઈ ?

અહીંયા કહે છે કે અંતર સ્વરૂપ જે ધ્રુવ છે તેને પકડીને સમ્યગ્દર્શન થયું પછી એમાં લીન થતાં થતાં.. આહા..હા...! છે ? **'સાધકદશા વધતી જાય.'** વચ્ચે દયા, દાન, વ્રત આદિનો રાગ, વિકલ્પ આવે છે પણ જ્ઞાની તો તેના જાણનાર રહે છે, કર્તા નથી. આહા..હા...! આકરી વાતું. કેમ કે એ તો જ્ઞાયક ચૈતન્ય સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ છે. ભગવાન આત્મા તો સર્વજ્ઞસ્વરૂપી આત્મા છે. ત્રિકાળમાં ત્રણ લોક ત્રણ કાળને અડ્યા વિના જાણે. લોક અને અલોકને અડ્યા વિના પોતાના સ્વભાવમાં જાણે એવી એની શક્તિ અને તાકાત છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! પરમેશ્વર સ્વરૂપ છે. એ આવ્યું છે ને ? મારા પરમેશ્વર સ્વરૂપને ભૂલી ગયો હતો. ૩૮ મી ગાથા. ('સમયસાર'). છે ને, બધું છે. 'સમયસાર'માં તો ઢગલો પડ્યો છે, આખો દરિયો છે. અત્યારે 'સમયસાર' આહા..હા...! પ્રભુની સર્વજ્ઞની સાક્ષાત્ વાણી (છે).

'કુંદકુંદાચાર્યદેવ' બે હજાર વર્ષ પહેલાં ભગવાન પાસે ગયા હતા. ત્યાં જઈને આઠ દિવસ રહ્યા હતા. વર્તમાનમાં એ જ ભગવાન બિરાજે છે. સમવસરણમાં બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વ છપ્પન લાખ કરોડ સીત્તેર લાખ કરોડ છપ્પન હજાર કરોડ વર્ષ જાય છે. એવું એવું કરોડ પૂર્વનું પ્રભુનું આયુષ્ય છે. આહા...! અહીંયા વીસમા 'મુનિસુવ્રત' ભગવાન થઈ ગયા ત્યારે તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તેમનો જન્મ અને દીક્ષા (કલ્યાણક) થયા છે. આગામી ચોવીસીમાં અહીંયા તેરમા તીર્થંકર થશે ત્યારે મોક્ષ જશે. ભગવાન બિરાજે છે. અરિહંતપદે બિરાજે છે. ભગવાન 'મહાવીર' આદિ (સિદ્ધપદમાં બિરાજમાન છે). પૂર્વમાં છે, પૂર્વ વિદેહમાં છે. આહા..હા..!

મુમુક્ષુ :– .. એવું ક્યાંય લખ્યું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં લખ્યું છે. 'પ્રવચનસાર'માં લખ્યું છે કે હું એક એક તીર્થંકરને વંદન કરું છું અને મહાવિદેહમાં બિરાજે છે તેમને હું વંદન કરું છું. 'પ્રવચનસાર'માં છે.

મુમુક્ષુ :– 'પ્રવચનસાર'માં ક્યાં લખ્યું છે એ અમને ખબર નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ લખ્યું છે. બધું બતાવવા માટે વખત (જોઈએ). પહેલી પાંચ ગાથામાં છે. સમજાય છે કાંઈ ? અને 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. 'જયસેનાચાર્યદેવ' થયા. પહેલી ટીકા 'અમૃતચંદ્રાચાર્યદેવે' કરી, બીજી ટીકા 'જયસેનાચાર્યદેવે' કરી. એમની બીજી ટીકામાં છે કે મહાવિદેહમાં 'કુંદકુંદાચાર્યદેવ' ગયા હતા અને પછી 'શિવકુમાર' રાજાને સંબોધન કરવા માટે આ શાસ્ત્ર બનાવ્યા. છે અહીંયા ? સંસ્કૃત છે. અહીંયા નથી. સમજાય છે કાંઈ ? અને 'દેવસેન આચાર્ય'નું 'દર્શન પાહુડ' છે. 'દર્શનસાર'. પાહુડ તો આઠ છે. પાહુડમાં પણ છેલ્લે છે. ભગવાન મહાવિદેહમાં ગયા હતા ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. આહા..હા...! 'દર્શનસાર'માં તો એમ લખ્યું છે... 'દેવસેન આચાર્ય' દિગંબર સંત છે, અહો..! અહીંયા બધા ગ્રંથ છે. અહીંયા તો હજારો જોયા છે ને ? અહીં તો (સંવત) ૧૯૬૫-૬૬ની સાલથી બધા શાસ્ત્રનો અભ્યાસ કર્યો છે. ઘરની દુકાન હતી. સમજાય છે કાંઈ ?

અહીંયાથી અગિયાર માઈલ દૂર 'ઉમરાળા' છે ત્યાં જન્મ થયો. તેર વર્ષ ત્યાં રહ્યા અને નવ વર્ષ દુકાનમાં. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. બહાર જીન છે ત્યાં દુકાન હતી. નવ વર્ષ ત્યાં રહ્યા. છેલ્લા પાંચ વર્ષ તો દુકાન મેં ચલાવી હતી. સત્તરથી બાવીસ વર્ષ. અમે તો ખાનગીમાં વાંચતા હતા. બાકી બધા ધંધો કરે. અમારા ભાગીદાર હતા એ થડે બેસે. અમે તો અંદર બેસીને શ્વેતાંબરના શાસ્ત્ર વાંચતા હતા. શ્વેતાંબર હતા ને ? નાની ઉંમરથી. એમાં પહેલું પુસ્તક આવ્યું 'અધ્યાત્મ કલ્પદ્રુમ'. અઢાર વર્ષની ઉંમર. અત્યારે તો નેવું થયા. 'અધ્યાત્મ કલ્પદ્રૂમ' શ્વેતાંબરનું છે. શ્વેતાંબરનું છે પણ એમાં કોઈ તત્ત્વની વાત નથી. વૈરાગ્યની વાત હતી. આ 'સમયસાર'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્યારે (સંવત) ૧૯૭૮ માં આવ્યું, આ જ્યાં જોયું.. આ..હા..! ઓ..હો...! શેઠિયાઓને કહી દીધું કે આ શાસ્ત્ર શરીરરહિત થવાની ચીજ છે. સિદ્ધ થવાની આ ચીજ છે. બત્રીસ સૂત્ર સિદ્ધાંત સ્થાનકવાસીના છે એમાં આ વસ્તુ નથી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- નહોતું, કહ્યું નહોતું, પણ આ વસ્તુ છે, એમ કહ્યું હતું. સમજાય છે કાંઈ ? પછી એ વાત તો (સંવત) ૧૯૭૮ ની સાલમાં 'સમયસાર' જ્યારે મળ્યું પછી મોટાભાઈને મેં પૂછ્યું, મોટી દીક્ષા લીધી હતી. તેવીસ, સાડી તેવીસ વર્ષની ઉંમરે મોટા ભાઈએ હાથીના હોદ્દે પાંસઠ, છાંસઠ વર્ષ પહેલાં અઢારસો-બે હજાર ખર્ચીને ઘરે દીક્ષા આપી હતી. બે દુકાન હતી. હજી દુકાન ચાલે છે, 'પાલેજ'માં મોટી દુકાન છે. પાંત્રીસ, ચાલીસ લાખ રૂપિયા છે. ત્રણ-ચાર લાખની ઉપજ છે. એ જ છાંસઠ વર્ષ પહેલાંની દુકાન છે. ભાગીદારના દીકરા છે. પણ એ બધું ધૂળધાણી છે. પછી ભાઈને કહ્યું, હું સાધુ નથી. આ માર્ગ પણ નથી. હું તો છોડી દઈશ. પછી ભાઈએ કહ્યું.. મોટા ભાઈને મારી ઉપર ઘણો પ્રેમ હતો. અમે સાથે રહેતા હતા ને ! ભાઈ ! આપની પ્રસિદ્ધિ ઘણી છે અને એકદમ છોડશો તો ખળભળાટ થઈ જશે. મોટા ભાઈએ કહ્યું. ખળભળાટ થઈ જશે. મહારાજ ! ધીમે ધીમે છોડવું, એમ કહ્યું. ધીમે ધીમે સમજ્યા ? હળવે હળવે. મોટાભાઈ એ વાત તો અમે એમને (સંવત) ૧૯૮૭ ની સાલમાં કહી હતી. ૧૯૮૭. ૧૯૭૦ માં દીક્ષા (લીધી). ૧૯૮૭ પછી ચાર વર્ષ કાઢ્યું. ધીમે ધીમે ભાઈ ! મહારાજ !

અહીંયા એમની હાજરી હતી. અહીંયા 'સ્ટાર ઑફ ઇન્ડિયા' નામનું એક મકાન છે. 'સ્ટાર ઑફ ઇન્ડિયા' હિન્દુસ્તાનનો ચળકતો તારો, એવું એક મકાન છે. જંગલમાં છે. ત્યાં પડાવ નાખ્યો. ત્યાં ભાઈની હાજરીમાં મુહપત્તી છોડી દીધી. એક છાપાવાળો આવ્યો હતો. મોટો છાપાવાળો 'અમદાવાદ'નો છે. એ આવ્યા એને કહ્યું, હું હવે સ્થાનકવાસીનો સાધુ નથી. એને સાંભળીને લોકોમાં ખળભળાટ થઈ ગયો. ઘણા લોકો અહીંયા આવતા હતા. હજારો લોકો. માર્ગ બાપુ ! બીજો છે. દિગંબર ધર્મ એ જ ધર્મ છે, બીજો કોઈ ધર્મ નથી. આહા..! દિગંબર ધર્મના સંપ્રદાયમાં પણ ખબર નથી. બહારની ક્રિયા વ્રત ને તપ ને મુનિપણું લઈ લો. બાર વ્રત કરો ને પડિમા લઈ લો. શેઠિયાઓ કરી શકે નહિ અને આ કરે એટલે કહે, આહા..! એણે ઘણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્યું. એવું તો અનંત વાર કર્યું છે. સાંભળ ! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એવો દ્રવ્યલિંગી મુનિ અનંત વાર થયો પણ આત્મદર્શન જે સમ્યક્ છે એ ત્રિકાળનો આશ્રય કરવો જોઈએ તે કર્યો નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા...!

ભગવાન એક સમયની પર્યાયની પાસે પૂર્ણાનંદનો નાથ પડ્યો છે અને ૪૯ ગાથામાં તો કહ્યું છે, પર્યાયની અપેક્ષાએ જે અવ્યક્ત વસ્તુ છે એ વસ્તુ વ્યક્તને અડતી નથી. ઇ શું કહ્યું ? અવ્યક્ત વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ ભગવાન ધ્રુવ છે, અનંત.. અનંત.. અનંત.. અનંત અમર્યાદિત ગુણનો પિંડ પ્રભુ છે. એ ધ્રુવ વસ્તુ જે સામાન્ય છે એ વર્તમાન પર્યાયને અડતી નથી. એની પર્યાય જે છે, સમ્યગ્દર્શન, જ્ઞાનમાં ભાન થયું પણ એ દ્રવ્ય છે તે પર્યાયને અડતું નથી. આહા..! શું કહે છે આ ? પંડિતજી ! ૪૯. 'अव्यतं' અવ્યક્તના છ બોલ છે.

છ દ્રવ્ય સ્વરૂપ લોક, છ દ્રવ્ય સ્વરૂપ લોકમાં અનંતા સિદ્ધો ને કેવળીઓ બધા આવી ગયા. એ જાણવા લાયક છે, વ્યક્ત છે, બાહ્ય છે. ભગવાન આત્મા.. આ પહેલો બોલ છે. ૪૯. અવ્યક્ત. બધું કંઠસ્થ છે ને ! (સંવત) ૧૯૭૧ ની સાલમાં શ્વેતાંબરના છ-સાત હજાર શ્લોક કંઠસ્થ કર્યા હતા. છ-સાત હજાર શ્લોક. પછી તો આ મળ્યું. સંપ્રદાયમાં આપણા બધા દિગંબર શાસ્ત્ર જોયા હતા. સમજાય છે કાંઈ ? એમાં આ આવ્યું છે, જુઓ ! ૪૯ છે ને ? ગુજરાતી છે, જુઓ ! **'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે...'** આત્માના જ્ઞાનસ્વરૂપમાં છ દ્રવ્ય સ્વરૂપ તો જ્ઞેય છે. પર તરીકે જ્ઞેય છે. અરિહંત, સિદ્ધ આદિ અનંત સિદ્ધો પણ પોતાના જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જ્ઞેય છે. આહા..હા..! **'વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે...'** સમજાય છે કાંઈ ? આહા..! જુઓ !

**'વ્યક્તપણું તથા અવ્યક્તપણું...'** વર્તમાન પર્યાય પ્રગટ–વ્યક્ત છે અને ત્રિકાળી પર્યાયમાં આવ્યો નથી એ અપેક્ષાએ અવ્યક્ત છે. તો પર્યાયનું અને સામાન્યનું જ્ઞાન એક સાથે થાય છે, એમ થવા છતાં... છે ? **'વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળા મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી...'** સામાન્ય જે આ સમકિતનો વિષય કહ્યો એ પર્યાયને અડતો નથી. આહા..હા..! પરદ્રવ્યને તો કદી અડતો જ નથી. પર્યાય જે છે એ કર્મને અડતી નથી. પર્યાય જે છે એ શરીરને અડતી નથી, પણ પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહા..! આ તે શું વાત ? છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે.'** આહા..હા...! એકરૂપ જે ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ સામાન્ય, એ ધ્રુવ છે તે નિત્ય છે, એ કાયમી અસલી વસ્તુ છે, એ પર્યાયને અડતી નથી. કેમ કે પર્યાય એક વિશેષ અંશ છે, આ (ધ્રુવ તો) સામાન્ય છે. આવી વ્યાખ્યા. કહો, શેઠ ! તમે તો બધું ન્યાં શીખ્યા છો. વ્યાકરણ ને સંસ્કૃત શીખ્યા છો. આ તો ત્યાં ક્યાં હતું ? 'કારંજા'માં ભણેલ છે. 'કારંજા'. આહા..હા..!

વ્યક્ત જે પર્યાય ચીજ છે.. આહા..હા...! પોતાની વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયકભાવનો સ્વીકાર કર્યો, સમ્યગ્દર્શન થયું તો એ સમ્યગ્દર્શનની પર્યાય અવ્યક્ત જે દ્રવ્ય વસ્તુ છે તેને અડતી નથી. શું કહે છે આ ? મોક્ષનો માર્ગ અંદર પ્રગટ થયો, ત્રિકાળ જ્ઞાયકના અવલંબથી વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ, એ વીતરાગી પર્યાયને વીતરાગ સ્વરૂપ ત્રિકાળી ધ્રુવ અડતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– મિશ્રિત કહ્યું ને ? બન્નેનું જ્ઞાન થવા છતાં પણ. બન્નેનું જ્ઞાન સાથે થાય છે પણ જે અવ્યક્ત વસ્તુ છે તે વ્યક્તને અડતી નથી. જ્ઞાન એકસાથે થાય છે. આહા..! પંડિતજી ! આ બધા પંડિત બેઠા છે. આહા..હા..!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– સ્વીકાર નહિ, એને બેસે છે ત્યારે હા પાડે છે. એના ખ્યાલમાં આવે છે કે આ વાત બરાબર છે, તો હા પાડે છે. આહા..હા...!

અહીંયા કહે છે કે પોતાની **'સાધકદશા વધતી જાય.'** શું (કહ્યું) ? પોતાના દ્રવ્ય સ્વરૂપ સામાન્યની દૃષ્ટિ કરવાથી અને ત્યાર પછી એમાં લીન થવાથી સાધકદશા, શુદ્ધતા વધતી જશે. પાંચમું, છઠ્ઠું, સાતમું ગુણસ્થાન આદિ વધતા જશે. પણ એ ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં લીન થવાથી, સાધક દશા વધતી જશે. કોઈ વ્યવહાર ક્રિયા વચ્ચે આવે છે માટે સાધક દશા વધતી જાય છે એમ નથી. આહા..હા...! છતાં કહે છે, **'દેશવ્રત અને મહાવ્રત સામાન્ય સ્વરૂપના આલંબને આવે છે;...'** અર્થાત્ સામાન્ય સ્વરૂપમાં દૃષ્ટિ છે છતાં ભૂમિકા પ્રમાણે પંચમ ગુણસ્થાન, છઠ્ઠા ગુણસ્થાનમાં વ્રતનો વિકલ્પ આવે છે. (સામાન્ય સ્વરૂપના) આલંબનથી નહિ પણ આલંબનના કાળમાં. આહા..હા..! શબ્દ તો એવા પડ્યા છે, ભાઈ ! **'દેશવ્રત અને મહાવ્રત સામાન્ય સ્વરૂપના આલંબને...'** એનો અર્થ એ કે ધ્રુવ જે ચિદાનંદ ભગવાનનું આલંબન જે દૃષ્ટિમાં થયું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ આલંબનના કાળમાં શુદ્ધિ આગળ વધે છે ત્યારે મહાવ્રત અને અણુવ્રતના વિકલ્પ આવે છે. અને આવે છે તેને જાણે છે. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં ભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધ પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.' 'સમયસાર નાટક'. આહા..હા..!

એ સામાન્યનું અવલંબન લઈને જે સમ્યગ્દર્શન, જ્ઞાન થયા એમાં લીનતા થઈને ચારિત્ર થયું... આહા..હા..! એ સાધકદશા શુદ્ધિની વૃદ્ધિ થઈ, વધતી ગઈ.. આહા..હા...! એને દેશવ્રત અને મહાવ્રતના વિકલ્પ, સામાન્યના અવલંબનના કાળે, સામાન્યનું આલંબન પૂર્ણ નથી, પૂર્ણ આશ્રય નથી (તો વિકલ્પ આવે છે). આહા..હા..! ભાઈ ! આ તો ત્રણ લોકના નાથ 'સીમંધર' ભગવાનની વાણી છે. આ બેન ત્યાંથી આવ્યા છે અને ત્યાંની વાણી કહે છે. આહા..! સમજાય છે કાંઈ ? આ વાત ઝીણી, બાપુ ! અંગત વાત બેસવી કઠણ છે. અંગત ન બેસે, તત્ત્વની વાત તો સાંભળો. આહા..હા...!

કહે છે કે, શ્રાવકના દેશવ્રત, પણ સામાન્યનું અવલંબન છે એને સાધકદશા વધી ગઈ ત્યારે વ્રતના વિકલ્પ આવે છે. એ સામાન્યની જેને દૃષ્ટિ જ નથી એને વ્રતાદિ આવે છે એ તો મિથ્યા વ્રત અને અજ્ઞાન છે. આહા..હા...!

મુમુક્ષુ :– બાળવ્રત, બાળતપ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બાળવ્રત અને બાળતપ. આહા..! પણ જેને પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા... વેદાંતમાં પણ કહે છે, 'પૂર્ણ મિદં'. પણ એને પર્યાય અને દ્રવ્યની કાંઈ ખબર નથી. એમ ને એમ એકલી વાતું કરે છે. વેદાંત છે ને ? એક સર્વ વ્યાપક શુદ્ધ છે (એમ માને છે). એ નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ વેદાંતી છે. સમજાય છે કાંઈ ? આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી (વાત છે). પર્યાય અને દ્રવ્ય, બે વસ્તુ છે. સમજાય છે કાંઈ ? અનંત દ્રવ્ય છે, અનંત આત્માઓ છે, અનંત સિદ્ધ છે. વેદાંતમાં આવું છે જ નહિ.

અહીંયા કહે છે, આહા...! પોતાની ચીજ જે શુદ્ધ ચૈતન્યઘન છે, દૃષ્ટિનો દોર ત્યાં લગાવી દીધો અને પછી તેમાં લીન થતાં થતાં સાધકદશાની શુદ્ધતા વધે છે ત્યાં સાધકદશા ચોથેથી પાંચમે આવી. લીન થવાથી સાધકદશા વધી ને ? ત્યાં બાર વ્રતનો વિકલ્પ આવે છે. તેને પણ જાણે છે. આગળ જતાં છઠ્ઠે-સાતમે મુનિની દશા થઈ. સાધકપણું સ્વના આશ્રયે વધે છે. વધતા વધતા છઠ્ઠું-સાતમું આવ્યું. મુનિને પહેલાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સાતમું આવે છે, સાતમું ગુણસ્થાન. પહેલાં છઠ્ઠું નથી આવતું, સપ્તમ આવે છે. પછી સાતમામાંથી ખસી જાય ત્યારે છઠ્ઠે આવે છે. એ છઠ્ઠે અને સાતમા ગુણસ્થાનવર્તી મુનિની વાત છે. એ અંતર્મુહૂર્તમાં હજારો વાર છઠ્ઠે-સાતમે આવે છે. સમજાય છે કાંઈ ? જેને પોણી સેકંડની અંદર નિદ્રા આવે છે. એને સાચા મુનિ કહીએ. આહા..! એ મુનિને અંદરમાં શુદ્ધચૈતન્યના અવલંબને સાધકદશા વધી, એમાં જે મહાવ્રતના વિકલ્પ આવ્યા એને એ જાણે છે. છે ? સામાન્ય સ્વરૂપના અવલંબનના કાળે આવે છે.

**'મુખ્યતા નિરંતર સામાન્ય સ્વરૂપની...'** જુઓ ! વ્રતનો વિકલ્પ આવ્યો પણ દૃષ્ટિના વિષયમાં દ્રવ્યની જ મુખ્યતા હોય છે. ત્રિકાળ જ્ઞાયક ભગવાનની દૃષ્ટિથી ખસતા નથી. સાધકજીવ ધર્મીને ત્રિકાળ જ્ઞાયકભાવની દૃષ્ટિ છે એ કદી ખસતી નથી. સમજાય છે કાંઈ ? આહા..હા..! આવી વાતું હવે શું કહે ? એ એક વાત થઈ. ૧૯૧ બોલ (પૂરો થયો). તમારે પુસ્તક આવ્યું છે કે નહિ ? ત્યાં પુસ્તક આવ્યું કે નહિ ? એક વાર ? બે વાર ? પૂરું નહિ ? થોડું થોડું વાંચ્યું હશે. એક ચોપડી પૂરી નથી વાંચી ? અહીં તો ઠપકો આપીએ છીએ. આ પુસ્તક બહુ સારું આવી ગયું. પચાસ હજાર પુસ્તક લગભગ છપાઈ ગયા. તાડપત્રમાં આવ્યું છે, નાના નાના પત્રમાં આવ્યું છે, નાની ચોપડીમાં આવ્યું છે. સમજાય છે કાંઈ ? આ ચોપડી છે ને ? આ ચોપડી નહિ આવી. પછી લઈ જજો. સમજાય છે કાંઈ ?

અહીંયા કહે છે, પ્રભુ ! ચૈતન્યઘન અનંત આનંદનો દરિયો, સમુદ્ર છે. ભગવાન આત્મા અનંત ગુણનું ગોદામ છે. તમારા બધા ગોદામ ધૂળના છે. ભલે કરોડો રૂપિયા હોય. એય..! ભાઈ ! એ બધા કરોડોપતિ છે. તમારી પાસે બેઠા છે ને ઇ ? છ ભાઈઓ છે, ઘણા પૈસા છે.

મુમુક્ષુ :– બહુ મજા હશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાંય મજા નથી, દુઃખ છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે તો 'परदव्वादो दुग्गई'. આહા..હા..! ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' 'મોક્ષ પાહુડ'માં સોળમી ગાથામાં એમ કહે છે, 'परदव्वादो दुग्गई'. યાદ રાખ તું, તારી ચીજ સિવાય બીજી ચીજ ઉપર તારું લક્ષ જશે તો ચૈતન્યની ગતિ છૂટીને વિકારની ગતિ થશે, દુર્ગતિ થશે. આહા..હા..! અરે..! દેહ, લક્ષ્મી ઉપર તો ઠીક, સ્ત્રી ઉપર તો ઠીક, એ તો દુર્ગતિ–રાગ છે, પણ ત્રણ લોકના નાથ કહે છે, હું તારા લક્ષમાં આવીશ તો તને રાગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થશે, તારી દુર્ગતિ થશે. એય..! સોળમી ગાથા છે. 'મોક્ષ પાહુડ'. છે અહીંયા ? છે, છે. મોક્ષ પાહુડ. કેટલામી ગાથા ? સોળ.. સોળ. 'परदव्वादो दुग्गई' શબ્દ છે પણ મારે તો બીજું કહેવું છે કે પંચ મહાવ્રતના વિકલ્પ છે એ મુનિને જગપંથ છે. એ 'સમયસાર નાટક'માં છે. એ બતાવ્યું હતું. આ 'परदव्वादो दुग्गई'. પરદ્રવ્યથી દુર્ગતિ થાય છે. 'કુંદકુંદાચાર્યદેવ' બહારમાં ભગવાન પાસે ગયા હતા અને અંતરમાં ભગવાન આત્મા પાસે ગયા હતા.

મુમુક્ષુ :– પરદ્રવ્ય એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પોતાના આત્મા સિવાય દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, ધંધો બધું પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :– પૈસા મારા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળ છે તારી, પૈસા મારા માને એ મૂઢ છે. પૈસા જડ વસ્તુ છે. જડ વસ્તુ જીવની ક્યાંથી થઈ ગઈ ? અજીવ છે એ જીવના થઈ ગયા ? મૂઢ છે એ એમ માને છે. રાગનો ભાવ પણ મારો માને તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. પોતાની પર્યાયમાં જે વિકૃત અવસ્થા થાય છે એ પણ પોતાની માને તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, તો પર ચીજ મારી છે, આ મારી સ્ત્રી છે ને હું એનો પતિ છું ને લક્ષ્મીપતિ છું ને ઉદ્યોગપતિ છું... આહા..! ઝીણી વાત છે, ભાઈ ! આ તો વીતરાગનો માર્ગ છે. જુઓ !

'परदव्वादो दुग्गई सद्दव्वादो हु सुग्गई'. પોતાનું ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ, એના આશ્રયે પર્યાય થાય તે સુગતિ છે. આહા..હા...! ત્રિલોકનાથ ભગવાન પરમાનંદ પ્રભુ, અનંત અનંત ગુણનું ગોદામ પરમાત્મા, એનો આશ્રય કરવાથી જે દૃષ્ટિ થઈ એ 'सद्दव्वादो हु सुग्गई'–એ સુગતિ–ચૈતન્યની પરિણતિ છે–એ સુગતિ છે. આહા..હા...! અને જેટલો પરદ્રવ્યના આશ્રયે રાગ થાય છે એ ચૈતન્યના સ્વભાવથી વિરુદ્ધ દુર્ગતિ છે, એમાં સિદ્ધગતિ નહિ થાય. સ્વર્ગ આદિ મળે તો એ સ્વર્ગ દુર્ગતિ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અબજોપતિ. અબજો રૂપિયા મળે, દુર્ગતિ છે. એ ચીજ તો પર છે, તારી ક્યાંથી થઈ ગઈ ? આહા..!

પેલા ભાઈ ગુજરી ગયા ને ? આ તો બે અબજ ચાલીસ કરોડ, એ ભાઈ ગુજરી ગયા. એના ભાઈ હમણા ગુજરી ગયા, ભાઈએ કહ્યું. આ ભાઈ છે ને ? એમના સાળા હતા. એમની પાસે બે અબજ ચાલીસ કરોડ. કેટલા ? બે અબજ ચાલીસ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કરોડ. બસ્સો ચાલીસ કરોડ. 'ગોવા'. આ ભાઈ બેઠા છે ને ? એના સાળા છે. એ સાળા ગુજરી ગયા. બીજા સાળા હતા. એ આજે વાત કરી. બીજા ભાગીદાર હતા ને ? ભાઈ ! ભાગીદાર ને ? એ પણ હમણા ગુજરી ગયા. ભાઈએ આજે કહ્યું. આ બેઠા છે એમના સાળા, સગા સાળા. એની બહેન આમની વેરે છે. એની પાસે બે અબજ ચાલીસ કરોડ. આમની બે દીકરીઓ છે. અબજોપતિની બહેનની બે દીકરીઓ આપણે ત્યાં બાળ બ્રહ્મચારી છે. ચોંસઠમાં બાળ બ્રહ્મચારી છે. બેનની નીચે ચોંસઠી દીકરીઓ છે ને ? બાળ બ્રહ્મચારી છે. બન્ને દીકરીઓ બ્રહ્મચારી છે. આ એમના બનેવી છે. બે અબજ ને ચાલીસ કરોડ. ધૂળમાં ન્યાં કાંઈ નથી.

મુમુક્ષુ :– અંબાજીને માનતા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'અંબાજી'ને માનતો હતો, ખબર છે ને. એ તો મૂઢ જીવ હતો. સ્થાનકવાસી જૈન હોવા છતાં અંબાજીને માનતો હતો. બે અબજ ને ચાલીસ કરોડ થયા, તો પણ. અને પાંચ મિનિટમાં ગુજરી ગયો. એકદમ. એની સ્ત્રીને હેમરેજ થયું હતું. હેમરેજ. હેમરેજ થયું તો અસાધ્ય થઈ ગઈ હતી. તો દવા કરવા 'મુંબઈ' લાવ્યા. ત્યાં તો મોટું ચાલીસ લાખનું મકાન છે. દસ દસ લાખના બે છે. સાંઈઠ લાખના ત્રણ મકાન 'ગોવા'માં છે. અહીંયા દવા કરવા લાવ્યા. બે-ચાર દિવસથી અસાધ્ય હતી. એમાં એને કાંઈક થયું. રાત્રે કહે, મને દુઃખે છે. ડૉક્ટરને બોલાવો. ડૉક્ટર જ્યાં આવે ત્યાં ભાઈસા'બ પરગતિ, દુર્ગતિમાં ચાલ્યો ગયો. ઢોરમાં ક્યાંક ગયો હશે.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :— ગુજરી ગયો. આહા..હા..! બે મિનિટમાં, પાંચ મિનિટમાં. ધૂળમાં પૈસા તારા (પડ્યા રહ્યા). ચાલીસ લાખના બંગલા ને.. પછી મડદું ત્યાં લઈ ગયા. કારણ કે મોટા ગૃહસ્થ ને ? ત્યાંથી ધામધૂમથી કાઢી ગયા. પણ મરી ગયો, ક્યાંય દુર્ગતિમાં ઢોરમાં ગયો હશે. કારણ કે માંસ, દારૂ આદિ તો વાણિયા ન ખાય એટલે નરકમાં તો ન જાય પણ તિર્યંચમાં.. તિર્યંચ સમજ્યા ? આ ગાય, ભેંસ છે ને ? તિર્યંચ કેમ કહીએ છીએ ? મનુષ્યનું શરીર આમ ઊભું છું અને પશુ ગાય, ભેંસ, ખીસકોલીના શરીર આડા છે. આડાને તિર્યંચ કહે છે. 'ગોમ્મટસાર'. એવા તિર્યંચ કેમ થયા ? કે પૂર્વે આત્માના સ્વભાવથી વિરૂદ્ધ આડોડાઈ બહુ કરેલી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'ગોમ્મટસાર'માં પાઠ છે. આડોડાઈ કરેલી. રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને વિકાર.. પુણ્ય તો થોડા પણ પાપના વિકારની આડોડાઈ બહુ કરી. મરીને ગતિમાં ગયો ત્યાં શરીર એનું આડુ થઈ ગયું. આત્મા તો આડો થઈ ગયો (પણ શરીર પણ આડુ થઈ ગયું). આહા..હા...! 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી', 'ગોમ્મટસાર'માં આ છે. એ આડો થઈ ગયો. તિર્યંચ શરીર આમ આડું થઈ ગયું. આ ઉંદર, મીંદડી, કૂતરો, હાથી, ઘોડા બધા આમ છે ને ? આહા..હા..! એ તો જેવા પરિણામ છે તેવી ગતિ થઈ જશે. આહા..હા...! જ્યાં ધર્મ શું વસ્તુ છે એની ખબર નથી અને સત્ સમાગમમાં બે-ચાર કલાક કાઢવા, એ પુણ્ય પણ નથી. સમજાય છે કાંઈ ? તો એને પુણ્યના પણ ઠેકાણા નથી. બાવીસ-તેવીસ કલાક એકલા પાપના ધંધામાં લઢણ. લઢણને શું કહે છે ? લઢણ કહે છે ? ધંધાના પાપના પરિણામ ઘૂંટવા. અરે..રે..! ભગવાન ! બાપુ ! એને તો દુર્ગતિ છે. આહા..હા..!

અહીં તો પરમાત્માની વાણી છે તે કહે છે. આહા..!

**આત્મા તો નિવૃત્તસ્વરૂપ – શાન્તસ્વરૂપ છે. મુનિરાજને તેમાંથી બહાર આવવું પ્રવૃત્તિરૂપ લાગે છે. ઊંચામાં ઊંચા શુભભાવ પણ તેમને બોજારૂપ લાગે છે, જાણે કે પર્વત ઉપાડવાનો હોય. શાશ્વત આત્માની જ ઉગ્ર ધૂન લાગી છે. આત્માના પ્રચુર સ્વસંવેદનમાંથી બહાર આવવું ગમતું નથી. ૧૯૨.**

૧૯૨. '**આત્મા તો નિવૃત્તસ્વરૂપ...**' ભગવાન આત્મા તો રાગથી પણ નિવૃત્તસ્વરૂપ છે. આહા..હા..! આત્મા જેને કહીએ, અંદર સચ્ચિદાનંદ પ્રભુ એ તો રાગ અને પરથી નિવૃત્તસ્વરૂપ છે. કેમ કે નવ તત્ત્વ જે છે એમાં શરીર આદિ, લક્ષ્મી આદિ તો અજીવતત્ત્વ છે. કર્મ એ અજીવતત્ત્વ છે. દયા, દાનના પરિણામ પુણ્યતત્ત્વ છે. હિંસા, જૂઠના પરિણામ પાપતત્ત્વ છે. બન્ને મળીને આસ્રવતત્ત્વ છે. રાગમાં રોકાઈ જવું એ બંધતત્ત્વ છે અને પૂર્ણ દશા પ્રગટ થવી એ મોક્ષતત્ત્વ છે અને આ ભગવાન જ્ઞાયકતત્ત્વ એનાથી ભિન્ન છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'આત્મા તો નિવૃત્તસ્વરૂપ...'** શાંતસ્વરૂપ (છે). એકલો અકષાય સ્વભાવનો પિંડ પ્રભુ છે. અકષાય કહો કે શાંત કહો. નિર્વિકલ્પ શાંતસ્વરૂપ ભગવાન આત્મા, જેમાં વિકલ્પની વૃત્તિનું ઉત્થાન પણ નથી. આહા..હા..! એવો શાંતસ્વરૂપ છે. **'મુનિરાજને તેમાંથી બહાર આવવું પ્રવૃત્તિરૂપ લાગે છે.'** આહા..હા...! મુનિ જે સાચા છે.. આહા..હા..! આનંદના નાથમાં અંદર ઘુસી ગયા છે. એમાંથી બહાર વિકલ્પ આવે છે, વિકલ્પ એ બહાર છે, બહાર આવવું તો પ્રવૃત્તિરૂપ લાગે છે, પ્રવૃત્તિ લાગે છે. આહા..! અરે..! અમે પરદેશમાં ક્યાં આવી ગયા ? પંચ મહાવ્રતના પરિણામમાં આવીએ છીએ તો પરદેશમાં આવી ગયા. અમારો સ્વદેશ તો અંદર રહી ગયો. આહા..હા...! છે ? **'બહાર આવવું પ્રવૃત્તિરૂપ લાગે છે.'**

**'ઊંચામાં ઊંચા શુભભાવ પણ...'** ઊંચામાં ઊંચા શુભભાવ, જેનાથી તીર્થંકર ગોત્ર બંધાય એ પણ બોજારૂપ લાગે છે. રાગ છે ને ! રાગથી નિવૃત્તસ્વરૂપ ભગવાન છે. એને રાગ આવે છે એ બોજો લાગે છે. આહા..હા...! બોજો સમજો છો ? ભાર લાગે છે. આહા..! ભગવાન આત્મા વિકલ્પના રાગથી નિવૃત્તસ્વરૂપ છે એમ ભાન થયું, એવા સમકિતીને અને મુનિરાજ બહાર વિકલ્પમાં આવે છે તો બોજો લાગે છે. આહા..હા..! રાગ છે, ક્લેશ છે, દુઃખ છે. આહા..! **'જાણે કે પર્વત ઉપાડવાનો હોય.'** ડુંગર ઉપાડવાનો હોય. એમ શુભરાગ આવે છે પણ આવો બોજો લાગે છે. આહા..! શુભરાગને તો 'મોક્ષ અધિકાર'માં એમ કહ્યું છે–વિષકુંભ–ઝેરનો ઘડો છે. ભગવાન અમૃતસ્વરૂપ છે, રાગ ઝેરનો ઘડો છે. ધર્મીને મુનિરાજને રાગ આવે છે પણ બોજો લાગે છે. આહા..હા...! **'જાણે કે પર્વત ઉપાડવાનો હોય.'**

**'શાશ્વત આત્માની જ ઉગ્ર ધૂન લાગી છે.'** આહા..હા..! મુનિને તો શાશ્વત ત્રિકાળીની ધુન લાગી છે. **'આત્માના પ્રચુર સ્વસંવેદનમાંથી બહાર આવવું ગમતું નથી.'** અંતરના આનંદના વેદનમાંથી બહાર આવવું ગમતું નથી પણ નબળાઈથી આવવું પડે છે તો એને જાણે છે, પણ એને બોજો જાણે છે, દુઃખરૂપ જાણે છે. એનું નામ સમ્યગ્દષ્ટિ અને જ્ઞાન કહે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શ્રાવણ વદ ૪, મંગળવાર તા. ૨૨-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૧૯૩, ૧૯૪, ૧૯૫. પ્રવચન–૭૨**

**સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારી રાખે છે, ટકાવી રાખે છે, સ્થિર રાખે છે – એવી સહજ દશા હોય છે.**

**સમ્યગ્દષ્ટિ જીવને તેમ જ મુનિને ભેદજ્ઞાનની પરિણતિ તો ચાલુ જ હોય છે. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને તેની દશાના પ્રમાણમાં ઉપયોગ અંતરમાં જાય છે તેમ જ બહાર આવે છે; મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઊતરી જાય છે. ભેદજ્ઞાનની પરિણતિ–જ્ઞાતાધારા–બન્નેને ચાલુ જ હોય છે. તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી. અવિરત સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાન પ્રમાણે અને મુનિને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે. પુરુષાર્થ વિના કાંઈ પરિણતિ ટકતી નથી. સહજ પણ છે, પુરુષાર્થ પણ છે. ૧૯૩.**

સમ્યગ્દષ્ટિને ચોથે ગુણસ્થાને કે પાંચમા ગુણસ્થાને આત્માના આનંદનો સાચો અનુભવ છે તેનો ઉપયોગ તેની દશાને અનુસાર અંતરમાં જાય છે. અને બહાર આવે છે. તરત બહાર આવે છે કેમ કે દશા ઓછી છે. જેવી મુનિની દશા છે એવી દશા નથી. આહા..હા...! અંતરના ઉપયોગમાં એકાકારના અનુભવમાંથી નીકળીને કોઈ વખતે વિકલ્પ બહાર આવે છે. આહા..હા...! આવો માર્ગ.

**'મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઊતરી જાય છે.'** સંત જે આત્માના આનંદના અનુભવી, ભાવલિંગી (છે) એમનો ઉપયોગ તો ક્ષણભર બહાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રહે છે અને બીજી ક્ષણે અંતરમાં ચાલ્યો જાય છે. સમજાય છે કાંઈ? ગૃહસ્થને નિર્મળતાની જે દશા ઉત્પન્ન થઈ, પણ જેવી મુનિની દશા છે એવી દશા નથી. એની દશા અનુસાર કોઈ વખતે ઉપયોગ અંદરમાં એકાકાર થાય છે. પછી બહાર વિકલ્પમાં આવે છે. અને મુનિરાજને તો શીઘ્ર શીઘ્ર (નિર્વિકલ્પતા થાય છે). આહા..હા...! જે વિકલ્પ આવ્યો તેનાથી છૂટીને નિર્વિકલ્પમાં બીજી સેકંડે અંદરમાં ચાલ્યા જાય છે.

મુમુક્ષુ :– વિકલ્પને ઓળંગી જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઓળંગી જાય છે. આહા..હા..! ક્ષણભરમાં મુનિરાજને તો અંદર (ઉપયોગ આવી જાય છે). સંત સાચા, હોં ! જેને આત્મજ્ઞાન સહિત દર્શન, ચારિત્ર પ્રગટ થયા છે, એવા મુનિને બહારમાં તો વિકલ્પ થોડો આવે છે પછી તરત અંદરમાં ચાલ્યા જાય છે. આહા..હા..! છઠ્ઠે આવે છે તો વિકલ્પ છે, પછી તરત સાતમામાં અંદર ચાલ્યા જાય છે. એને ક્ષણભરમાં સપ્તમ (ગુણસ્થાન) આવે છે. આહા..! ગૃહસ્થને એટલો ક્ષણભરમાં ઉપયોગ અંદરમાં એકાકાર નથી થતો. સમજાય છે કાંઈ ? શુદ્ધ પરિણતિ ચાલે છે છતાં ગૃહસ્થને અંદરમાં ઉપયોગ ક્યારેક આવે છે. અને મુનિરાજને તો બહાર આવ્યા કે ઉપયોગ '**બહુ ઝડપથી વારંવાર અંદર ઊતરી જાય છે.**' આહા..હા..! સાચા સંત છે એમને તો ઉપદેશના સમયે પણ અંતર ઉપયોગ ચાલ્યો જાય છે. આકરી વાત. બહુ ઝડપથી નિર્મળ દશા ઉત્પન્ન થાય છે એ કારણે, વિકલ્પમાં આવ્યા તો પણ બહુ ઝડપથી અંદરમાં ચાલ્યા જાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એનું જ્ઞાન તો લોકોએ કરવું પડશે ને ? કે મુનિપણું કેવું છે ? અને ગૃહસ્થપણામાં સમકિતી કેવા હોય છે ? આહા..હા...! છે ?

'**બહુ ઝડપથી વારંવાર...**' બહુ ઝડપથી અને વારંવાર. આહા..હા..! પરમેશ્વરપદ પર્યાયમાં પ્રગટ થયું છે. જેવા પરમેશ્વર શક્તિરૂપે હતા એવું વ્યક્તરૂપે પરમેશ્વરપદ પ્રગટ થયું છે. મુનિ પંચ પરમેષ્ઠી છે ને ? આહા..હા..! એમને બહાર વિકલ્પ આવ્યો, છઠ્ઠી ભૂમિકામાં પ્રમાદને કારણે મહાવ્રત આદિનો (વિકલ્પ આવ્યો) પણ તત્કાળ બહુ ઝડપથી આનંદના નાથમાં ઉપયોગ ચાલ્યો જાય છે. આવી વાતું છે.

મુમુક્ષુ :– આવી વાત ચાલતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ચાલતી નથી. બહુ આકરું કામ, ભાઈ ! જન્મ-મરણ રહિતની શ્રદ્ધા એ કોઈ અલૌકિક વાતું છે, ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :– અજૈનને જૈન માની લીધું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જૈનપણું શું છે એની ખબર નથી. આહા..હા..!

**'ભેદજ્ઞાનની પરિણતિ–જ્ઞાતાધારા...'** જાણન-દેખનની ધારા. આહા..હા...! **'બન્નેને ચાલુ જ હોય છે.'** ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હો અને ચાહે તો મુનિ હોય, બન્નેને જ્ઞાતૃધારા–જાણન-દેખન ધારા તો કાયમ ચાલતી રહે છે. આહા..હા...! ભલે ગૃહસ્થાશ્રમમાં રાગાદિ વિશેષ આવે છે. છતાં જ્ઞાત્રધારા તો સદા ચાલે છે. આહા..હા...! આવી વાત છે.

**'તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી.'** અંતર્મુખમાં પુરુષાર્થ તો ચાલે જ છે. જ્યારથી રાગના વિકલ્પથી ભિન્ન પડીને નિર્વિકલ્પ આનંદનો અનુભવ, ભેદજ્ઞાન થયું ત્યારથી અંતર્મુખમાં પુરુષાર્થ તો ચાલે જ છે. આહા..હા..! **'ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી.'** આહા..! આ લોકો એમ કહે છે ને કાળલબ્ધિ હોય ત્યારે થાય. પણ એ કાળલબ્ધિ થશે ક્યારે ? પોતાના સ્વભાવ તરફ પુરુષાર્થ કરશે ત્યારે કાળલબ્ધિ થશે. ત્યારે તો કાળલબ્ધિનું જ્ઞાન થાય છે. ઘણીવાર કહ્યું છે ને ? એમ કાળલબ્ધિ, કાળલબ્ધિ કહે (એમ નહિ).

એ તો અમારે (સંવત) ૧૯૭૨ માં એ પ્રશ્ન સંપ્રદાયમાં બહુ ચાલ્યો. ૧૯૭૨. કેટલા વર્ષ થયા ? ૬૨. સાંઈઠ અને બે. પ્રશ્ન બહુ ચાલ્યો કે કેવળજ્ઞાનીએ દીઠું એમ થશે, આપણે શું પુરુષાર્થ કરીએ ? એવો પ્રશ્ન ઉઠ્યો. તમારા જન્મ પહેલાંની વાત છે. બાંસઠ વર્ષ થયા. બહુ કરતા હતા. સંપ્રદાયના અમારા ગુરુભાઈ હતા એ બહુ બોલતા હતા. એકવાર કહ્યું કે તમે એમ કહો છો કે કેવળજ્ઞાનીએ દીઠું એમ થશે પણ કેવળજ્ઞાન જગતમાં છે અને એક સમયની જ્ઞાનની સત્તામાં ત્રણ કાળ ત્રણ લોક જુએ છે એવી કેવળજ્ઞાનની પર્યાય, સર્વજ્ઞપર્યાય જગતમાં છે એમ સ્વીકાર કર્યા પછી કેવળજ્ઞાનીએ જોયું એમ થશે (એ યથાર્થ છે). ન્યાય સમજાણો ?

મુમુક્ષુ :– જ્યારે કેવળજ્ઞાનની શ્રદ્ધા થાય..

પૂજ્ય ગુરુદેવશ્રી :– જે ('પ્રવચનસાર'ની) ૮૦ ગાથામાં આવે છે. **'जो जाणदि अरहंतं'** તે દિ' તો કે દિ' વાંચ્યું હતું ? પણ અંદરથી આવ્યું હતું. ૮૦ ગાથામાં જે વાત છે એ જ વાત (સંવત) ૧૯૭૨માં આવી હતી. સમજાય છે કાંઈ ? 'પ્રવચનસાર' અને 'સમયસાર' તો પછી (સંવત) ૧૯૭૮ માં જોયું. પણ ૧૯૭૨ માં સંપ્રદાયમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઘણી ચર્ચા ચાલી. આપણે શું કરીએ ? ભાઈ ! કેવળજ્ઞાનીએ દીઠું હશે ત્યારે સાચું મુનિપણું આવશે. ભાઈ ! તમે આ શું કહો છો ? કીધું. સમજાય છે કાંઈ ?

એ વખતે તો મેં 'ગજસુકુમાર'નો દૃષ્ટાંત આપ્યો હતો. 'ગજસુકુમાલ'નો દૃષ્ટાંત આપ્યો હતો. ૧૯૭૨. 'ગજસુકુમાર' 'કૃષ્ણ'ના ભાઈ છે, એ હાથીના હોદ્દે એમના ખોળામાં બેસીને ભગવાનના દર્શન કરવા જતા હતા. 'ગજસુકુમાલ' 'શ્રીકૃષ્ણ'ના નાના ભાઈ. એ વખતે એક સોનીની દીકરી બહુ સુંદર રૂપાળી હતી. સોનાના દડે રમતી હતી. હાથીના હોદ્દે બેઠેલા કૃષ્ણએ જોઈ. જોઈને કહ્યું, આ કન્યાને 'ગજસુકુમાલ' સાથે પરણાવી દો. કન્યાને અંતઃપુરમાં લઈ જાઓ. લઈ ગયા. અને 'ગજસુકુમાલ' ભગવાન પાસે જાય છે. એ દેશના સાંભળી અને અંદરમાંથી એકદમ પાવર ફાટ્યો. પ્રભુ ! હું આત્મામાં રમણતા કરવા દીક્ષા અંગીકાર કરવા ઇચ્છું છું. એ વાણી કેવી હશે ત્યાં ! પ્રભુ ! આપની આજ્ઞા હોય... ત્યાં શ્વેતાંબરમાં એવો પાઠ છે ... એવો પાઠ છે. બધું યાદ છે. હું તો દીક્ષા અંગીકાર કરવા ઇચ્છું છું. ભગવાન કહે છે, આહા..! સોહમ્. ભગવાનની વાણી ૐ છે એવું શ્વેતાંબરમાં નથી. જેમ સુખ ઊપજે એમ કરો.

માતા પાસે ગયા. (કહે છે), માતા ! હું તો મારા આનંદસ્વરૂપમાં રમવા માટે દીક્ષા અંગીકાર કરવા ઇચ્છું છું, બા ! મને રજા દે. 'કૃષ્ણ'ની મા 'દેવકી'. આહા..હા...! 'શ્રીકૃષ્ણે' અઠ્ઠમ કરીને ધ્યાન કર્યું હતું. 'દેવકી' ઉદાસ થઈ ગઈ હતી. અરે..! છ-છ દીકરા ચાલ્યા ગયા, એમનો મેં લ્હાવો લીધો નહિ અને તમે 'શ્રીકૃષ્ણ'ને જન્મથી બહાર ગોકુળમાં લઈ ગયા, તો મેં તો કોઈ દીકરાનું બાળપણ જોયું નહિ. એમ બહુ ખેદ થયો. તો 'શ્રીકૃષ્ણે' દેવને બોલાવ્યા અને કહ્યું, મારી માતાને દીકરો આપ. દેવે આવીને કહ્યું, એક આત્મા સ્વર્ગમાં છે તે આવશે. એ 'ગજસુકુમાર'નો જીવ આવ્યો અને જન્મ થયો. નાની ઉંમરના હતા ત્યારે ભગવાન પાસે દર્શન કરવા ગયા. 'નેમિનાથ' પરમાત્માના સમવસરણમાં ગયા. 'નેમિનાથ' ને (આમનું) કુટુંબ એક હતું ને ? આહા..હા..! વાણી સાંભળતા એવી વાત અંદરમાં થઈ ગઈ. પ્રભુ ! હું સમ્યગ્દૃષ્ટિ તો ઠીક પણ હું તો સ્વરૂપમાં રમણતા કરવા દીક્ષા લઈને વનવાસમાં જાઉં છું.

માતાને કહ્યું, માતા ! મને દીક્ષા દે, બા ! દીક્ષાનો અર્થ–અંદર સ્વરૂપમાં રમણતા કરવી એ દીક્ષા. માતા ના પાડે છે કે બેટા ! તું મારો એકનો એક દીકરો છે. તારું બાળપણ તો મેં થોડું જ જોયું છે. માતા ! મારું મન ક્યાંય લાગતું નથી. મારો ભગવાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દેવાધિદેવ આત્માની સમીપ જવા માટે અભિલાષી થયો છે. આહા..હા...! હું સ્ત્રીની સમીપમાં નહિ, રાગની સમીપમાં નહિ, પર્યાયની સમીપમાં નહિ.. આહા..હા...! મારો નાથ પ્રભુ પૂર્ણાનંદ છે તેની પાસે હું જવા માગું છું. પછી રજા આપી. દીક્ષા થઈ. દીક્ષા લીધી અને અંદરથી એકદમ પાવર ફાટ્યો. પ્રભુ ! હું તો દ્વારકાના સ્મશાનમાં બારમી પડિમા લઈને ચાલ્યો જાઉં છું. શ્વેતાંબરમાં પડિમાનો અધિકાર ઘણો છે. આપણે દિગંબરમાં બારમી પડિમા આવે છે પણ એ સામાયિકનો પાઠ છે એમાં આવે છે. બધી સામાયિક અહીંયા છે. આવે છે ને પાઠમાં ? બાર પડિમા આવે છે. બારમી પડિમામાં છેલ્લે ધ્યાનમાં રહીને ઉપસર્ગ અને પરિષહ હોય એને સહન કરે તો કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ જાય. અને સહન ન કરે તો ભ્રષ્ટ થઈ જાય.

ભગવાન પાસે દીક્ષા લીધી. આહા..હા...! એ રાજકુમાર 'ગજસુકુમાર'. 'ગજસુકુમાર' એટલે શું ? ગજ નામ હાથીનું તાળવું જેમ લાલચોળ સુંવાળુ હોય એમ એમનું શરીર લાલચોળ સુંવાળુ હતું. 'ગજસુકુમાર'. થોડો તડકો લાગે તો શરીર લાલચોળ થઈ જતું. એવા સુકોમળે પ્રભુ પાસે દીક્ષા લીધી. પ્રભુ ! હું તો દ્વારકાના સ્મશાનમાં જાઉં છું. હું તો ધ્યાન કરવા બારમી પડિમા ધારણ કરું છું. આહા..હા..! મેં દૃષ્ટાંત આપ્યું કે આ ભગવાને કેવી રીતે કહ્યું હશે ? અને કઈ રીતે પુરુષાર્થ ઉપડ્યો હશે ? અમે જોઈએ ત્યારે તમને થશે, એમ ત્યાં કહ્યું હતું ? આહા..હા..! ભાઈ ! આ તો (સંવત) ૧૯૭૨ ની વાત છે. મેં તો કીધું, મને બેસશે એ વાત માનીશ, હું એમને એમ વાત નહિ માનું.

અંદરમાં જ્યાં અનુભવ ને ભાન થયું ને જ્યાં દીક્ષા લીધી.. આહા.હા..! હું તો સ્વરૂપમાં અંદરમાં શીઘ્ર પુરુષાર્થ કરીને બારમી પડિમા ધારણ કરું છું. આહા..હા...! ત્યાં એના સસરા... શું નામ ? ભૂલી ગયા. સોનીની દીકરી. 'સોમિલ.. સોમિલ'. એના બાપને ખબર પડી કે આ તો દીકરીને લઈ ગયા અંતઃપુરમાં અને આણે તો દીક્ષા લીધી. સ્મશાનમાં એ ભાઈ ગયા, એના સસરા. મનુષ્યને બાળે એની રાખ હતી એ લીધી. પાણી નાખીને એની પાળ બાંધી, પાળ. એમાં નાખી અગ્નિ. એકદમ અંદર ઉતરી ગયા. અને ઉતર્યા ત્યાં કેવળજ્ઞાન થયું. જે દિવસે દીક્ષા તે દિવસે કેવળજ્ઞાન. આહા..હા...! કેટલો પુરુષાર્થ હશે ઇ !

મુમુક્ષુ :- એવી કાળલબ્ધિ હતી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :- પણ કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય છે ? પોતાના સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરે ત્યારે કાળ પાકી ગયો એવું જ્ઞાન થયું છે. પહેલાં કહ્યું હતું. સમજાય છે કાંઈ ? અરે...! પ્રભુ ! તું કોણ છો ? શું આવી મંદ પુરુષાર્થની વાત કરે છે ? આહા..! તારા સ્વરૂપમાં અંદર જવાનો પુરુષાર્થ તો તારે કરવો જ પડશે. અને કર્યા પછી કાળલબ્ધિ થઈ તો ખ્યાલ આવ્યો કે આ કાળે, આ સમયે આ દશા થવાની હતી. આહા..હા...! (તે જ થઈ છે.)

અહીં એ કહે છે, **'તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી.'** આહા..હા..! સ્મશાનમાં આમ ઉભા છે. ત્યાં એમના માથામાં અગ્નિ લગાવી. આપણે ત્યાં 'સ્વાધ્યાય મંદિર'માં ફોટો છે. ચૈતન્યની જાગૃત દશામાં એટલો પુરુષાર્થ અંદર ઉપાડ્યો... આહા..હા...! ભેદજ્ઞાન તો હતું જ, રાગથી ભિન્નતાની ધારા તો હતી જ પણ અંદરમાં જ્ઞાનની ધારાને દ્રવ્ય સ્વભાવની સમીપ લઈ ગયા અને લીન થઈ ગયા તો કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું. આહા..હા...! સવારે રાજકુમાર અને સાંજે કેવળજ્ઞાન ! આહા...! આવો પુરુષાર્થ કરીને સ્વભાવ સન્મુખ થાય છે પછી સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કાયમ ચાલે જ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! દુનિયાથી જુદી જાત છે.

એક દિવસ તો છોડી દીધું. સંપ્રદાય છોડી દીધો, ગુરુને બધાને છોડી દીધા. મને અંદરમાં બેસશે તે વાત માનીશ, કોઈ સંપ્રદાયની નહિ. ગુરુ કહે કે શાસ્ત્ર કહે. એક દિવસ તો (છોડી દીધું). નાની ઉંમર, ૨૫ વર્ષની ઉંમર હતી. એક દિવસ ચાલ્યો ગયો હતો. 'પાળિયાદ'ની પાસે 'કાણિયાર' ગામ છે. પછી બધા મોટા મોટા શેઠિયા આવ્યા. પહેલાં તો બે વર્ષમાં અમે કોઈ દિ' બોલ્યા નહોતા. પણ આવું થયું તો એકલા (બોલવું પડ્યું). પછી આવ્યા. મારી ઉંમર ૨૫ વર્ષની. એ લોકો આવ્યા ને કહ્યું, મહારાજ ! પધારો, ફરી પધારો. સંપ્રદાયમાં આવી જાઓ. ગયા હતા. પછી મને કોઈ ગુરુની શ્રદ્ધા ન રહી. સંપ્રદાયની કોઈ શ્રદ્ધા રહી નહિ. (સંવત) ૧૯૭૨ માં. આહા..હા..!

અહીં કહે છે કે જ્ઞાનીને રાગથી ભિન્ન ભેદજ્ઞાન થયું ત્યારથી કોઈ કાળ પુરુષાર્થ વિનાનો નથી હોતો. આહા..હા...! પોતાનું વીર્ય સ્વરૂપ તરફ વળ્યું, એ વળ્યું ઇ વળ્યું. આહા..હા...! સમજાય છે કાંઈ ? અને એ વીર્યનું કાર્ય છે-સ્વરૂપની શુદ્ધિની રચના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરવી એ વીર્યનું કાર્ય છે. સમજાય છે કાંઈ ? ઇ શું કહ્યું ? આત્મામાં એક વીર્ય નામનો ગુણ છે. આ વીર્ય જે રેતથી પુત્ર થાય, એ રેત તો ધૂળ છે, એ નહિ. આત્મામાં એક વીર્ય નામનો, બળ નામનો ગુણ છે. ભગવાન આત્મામાં વીર્ય નામની એક શક્તિ છે, સામાન્ય ત્રિકાળ છે. એ શક્તિનું કાર્ય શું ? એ ૪૭ શક્તિમાં આવ્યું છે. સ્વરૂપ રચના કરવી એ વીર્યનું કાર્ય છે. રાગની રચના કરવી, દયા, દાનની રચના કરવી એ વીર્યનું કાર્ય નથી. આહા..હા...! રાગની રચના થાય છે એ નપુંસકતાનું કાર્ય છે. પ્રભુ ! આવો માર્ગ છે, ભાઈ ! વ્યવહાર રત્નત્રયનો શુભરાગ આવે છે એ વીર્યગુણનું કાર્ય નહિ. આહા..હા...! વીર્યહિન નપુંસકતાનું કાર્ય છે.

જેમ નપુંસકને વીર્ય નથી હોતું તો પુત્ર નથી થતા. એમ શુભભાવમાં ધર્મની પ્રજા નથી થતી. આહા..હા..! સમજાય છે કાંઈ ? ૪૭ શક્તિ છે ને ? 'સમયસાર', એમાં એ છે. સ્વરૂપની રચના કરવી એ વીર્યનું કાર્ય છે. 'સમયસાર'માં પાછળ છે. અહીંયા તો બધું ચાલી ગયું છું, ઘણું ચાલ્યું છે. અહીં તો ૪૪ મું ચોમાસુ છે. આ ૪૪ મું ચોમાસુ છે. ૪૪–બે ચોગડા. સમજાય છે કાંઈ ? આહા..હા...!

કહે છે, પુરુષાર્થ તો ચાલે જ છે. આહા..હા...! **'અવિરત સમ્યગ્દૃષ્ટિને...'** ચોથે ગુણસ્થાને હોય. હજી સંવર ચારિત્રની દશા ન પ્રગટી હોય, અવિરત છે. આહા..હા..! એવા સમ્યગ્દૃષ્ટિને **'ચોથા ગુણસ્થાન પ્રમાણે અને મુનિને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે.'** સમ્યગ્દૃષ્ટિને સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ ચાલતો જ રહે છે. મુનિને મુનિના પ્રમાણમાં, ગૃહસ્થ સમકિતીને સમકિતના પ્રમાણે. આહા..! એ વાત પણ લીધી છે.

'અધ્યાત્મ પંચ સંગ્રહ' એક પુસ્તક છે. 'દીપચંદજી'નું કરેલું છે. એમાં એવું ઘણું લીધું છે, તમે એમ કહો છો, નિશ્ચય થશે, નિશ્ચય થશે, કાળલબ્ધિ થશે ત્યારે થશે. તો ભગવાને તો પુરુષાર્થ કરવાનું કહ્યું છે. એ નિરર્થક જાય છે. એમાં ઘણું લખાણ છે. સમજાય છે કાંઈ ? બધી લાંબી લાંબી વાત છે. બધું જોયું છે. નિશ્ચય નિશ્ચય માનો પણ પુરુષાર્થ, વ્યવહાર અંદર છે. એ પુરુષાર્થ કરવો એ વ્યવહાર છે. આહા..હા..! જે પર્યાય પરમુખ છે એ પર્યાયને સ્વસન્મુખ કરવી એ પુરુષાર્થ છે. આહા..હા...! પુરુષાર્થ વિનાનું ભેદજ્ઞાન રહેતું નથી. આહા..હા...!

'નિયમસાર' માં તો એમ લીધું છે કે ગૃહસ્થાશ્રમમાં જે સમકિતી શ્રાવક છે તેને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે છે. પંડિતજી ! ભક્તિનો અધિકાર છે. 'નિયમસાર'માં એવી ગાથા છે. 'નિયમસાર' છે અહીંયા ? આ તો 'નિયમસાર' લાગે છે. ભક્તિ અધિકાર. જુઓ ! આવ્યું. ૧૩૪ ગાથા છે. **'सम्मत्तमाणचरणे जो भत्ति कुणइ सावगो'**. ત્રણે– દર્શન, જ્ઞાનની સાથે ચારિત્ર પણ છે. ભલે એ મુનિનું ચારિત્ર નથી પણ એની યોગ્યતા પ્રમાણે ચારિત્ર જ છે. **'सम्मत्तमाणचरणे जो भत्ति कुणइ सावगो समणो'** સાચા શ્રાવક એને કહીએ કે જેને દર્શન, જ્ઞાન, ચારિત્રની અંદર ભક્તિ નામ પરિણતિ થઈ હોય. ચારિત્ર લીધું છે. **'सम्मत्तमाणचरणे जो भत्ति कुणइ'** ભક્તિ નામ ભજન, અંદર એકાકારતા. બહારની ભક્તિ રાગ છે અને અંતર સ્વરૂપની ભક્તિ નિર્વિકલ્પ દશા છે. આહા..હા...! **'तस्स दु णिव्वुदिभत्त'** એને નિવૃત્તિ ભક્તિ કહે છે. **'होदि त्ति जिणेहि पण्णत्तं'** જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિમાં એમ આવ્યું છે કે સાચા શ્રાવક જેને કહીએ એને અંતરમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે ઉત્પન્ન થયા છે. સમજાય છે કાંઈ ?

બધા એમ કહે છે ને કે ગૃહસ્થાશ્રમમાં ચારિત્ર નથી, ગૃહસ્થાશ્રમમાં ચારિત્ર નથી. પણ એ ચારિત્ર તો પૂર્ણ ચારિત્ર છે એ નથી. પણ બે કષાયનો અભાવ છે એટલું ચારિત્ર તો પંચમ ગુણસ્થાનમાં પણ છે. આહા..હા..! ચોથે ગુણસ્થાને સ્વરૂપ આચરણરૂપ ચારિત્ર છે અને પાંચમે વિશેષ સ્થિરતારૂપ ચારિત્ર છે. આહા..હા...! મુનિની તો વાત શું કરવી ! એ તો ચારિત્ર–અંદર રમણતા ઉગ્ર છે. આહા..હા...!

અહીંયા કહે છે, **'અવિરત સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાન પ્રમાણે અને મુનિને છટ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે.'** આહા..હા...! **'પુરુષાર્થ વિના કાંઈ પરિણતિ ટકતી નથી.'** આહા..હા..! જે વીર્ય સ્થિરતા માટે અંતરમાં ગયું એ સ્થિરતા વિના વીર્ય ત્યાં રહેતું નથી. અંદરમાં વીર્યનો પુરુષાર્થ અંતર્મુખ સદાય ચાલે છે. **'સહજ પણ છે,...'** પરિણતિ સ્થિર નથી રહેતી, અર્થાત્ **'સહજ પણ છે, પુરુષાર્થ પણ છે.'** સહજ સ્વભાવ સન્મુખ પુરુષાર્થ છે અને સહજ પણ છે, બન્ને વાત છે. જુઓ ! આ વચનામૃત. ૧૯૩ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પૂજ્ય ગુરુદેવે મોક્ષનો શાશ્વત માર્ગ અંદરમાં દેખાડ્યો છે, તે માર્ગે જા. ૧૯૪.**

૧૯૪ માં (અમારું) નામ આપ્યું છે. **'મોક્ષનો શાશ્વત માર્ગ અંદરમાં દેખાડ્યો છે, તે માર્ગે જા.'**

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો બેને વિનયથી વાત કરી છે. **'ગુરુદેવે મોક્ષનો શાશ્વત માર્ગ અંદરમાં દેખાડ્યો છે,'** વિકલ્પમાં મોક્ષમાર્ગ નથી, નિમિત્તમાં નથી, અંદરમાં દેખાડ્યો છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ તરફની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ મોક્ષમાર્ગ છે. વ્યવહાર મોક્ષમાર્ગ બંધનું કારણ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– પૂજ્ય ગુરુદેવે બતાવ્યું, એમ છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– બતાવ્યું પણ પેલો સમજ્યો ત્યારે બતાવ્યું કહેવાય ને ? સમજાય છે કાંઈ ? બતાવ્યું ક્યારે કહેવાય ? કે અંદરથી સમજે ત્યારે બતાવ્યું એમ નિમિત્તથી કહેવામાં આવે. બતાવ્યું તો અનંત વાર સમવસરણમાં ભગવાને બતાવ્યું. અંતર્મુખ પુરુષાર્થ કરે નહિ ને બતાવ્યું એમ ક્યાં આવ્યું ? બતાવ્યું ત્યારે કહેવાય કે અંતર્મુખ પુરુષાર્થ કર, વીતરાગની આજ્ઞા, ગુરુની આજ્ઞા આ છે કે વીતરાગતા પ્રગટ કર. વીતરાગતા કઈ રીતે પ્રગટ થાય છે ? કે ત્રિકાળી દ્રવ્ય વીતરાગ સ્વભાવના આશ્રયે થાય છે. આ આજ્ઞા છે. સમજાય છે કાંઈ ?

'આત્માવલોકન' નામનું એક પુસ્તક છે. 'આત્માવલોકન'. એમાં એક ગાથા મુકી છે કે સંતો, મુનિઓ શું કહે છે ? વારંવાર વીતરાગભાવ, વીતરાગભાવ (બતાવે છે). 'મૂહુ.. મૂહુ' એવો શબ્દ છે. 'મૂહુ.. મૂહુ..' વારંવાર વીતરાગ ભાવ, વીતરાગ ભાવ એ ધર્મ છે. વીતરાગ ભાવ એ મોક્ષમાર્ગ છે. વીતરાગ ભાવ પ્રગટ કરો એનો અર્થ ભગવાન અને ગુરુની આજ્ઞા એ છે કે વીતરાગતા (પ્રગટ કરો). વીતરાગતા ક્યારે થાય છે ? વીતરાગસ્વરૂપ પ્રભુ આત્મા, વીતરાગ જિનસ્વરૂપી આત્મા (છે). 'ઘટ ઘટ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાન સો મતવાલા સમજૈ ન.' આહા..હા...! પોતાના અભિપ્રાયના મતવાળા ગાંડા–પાગલ, અંદર જિનસ્વરૂપ છે તેને સમજતા નથી. સમજાય છે કાંઈ ? કહો. અહીં તો પુનમપૂરની વાત છે. આહા..હા...! એ કહે છે, છે ?

'પંચાસ્તિકાય'ની ૧૭૨ ગાથા છે. એમાં લીધું છે કે ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. ચારે અનુયોગ. ચરણાનુયોગ હો, કરણાનુયોગ હો, દ્રવ્યાનુયોગ હો, પ્રથમાનુયોગ હો. ૧૭૨ માં બે પ્રકારનું તાત્પર્ય લીધું છે. એક સૂત્ર તાત્પર્ય, ગાથાદીઠ કહ્યું એ સૂત્ર તાત્પર્ય. અને આખા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા (છે). આહા.હા...! ગમે તે રીતે કરણાનુયોગમાં, ચરણાનુયોગમાં વિધિ, કથન હો પણ ત્યાં વીતરાગતા પ્રગટ કરવાની જ વાત છે. અને એ વીતરાગતા સમ્યગ્દર્શન પણ વીતરાગ પર્યાય છે. સરાગ સમકિત કહેવું એ તો રાગના દોષની અપેક્ષાએ (કહ્યું છે). બાકી સમકિત તો વીતરાગી પર્યાય છે. આહા..હા..! વીતરાગી પર્યાય, વીતરાગપણું ચારે અનુયોગનો સાર છે. એનો અર્થ–ચારે અનુયોગમાં એમ કહ્યું કે વીતરાગસ્વરૂપ ભગવાનનો આશ્રય લે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

'મૂહુ.. મૂહુ..' મુનિઓ વારંવાર વીતરાગનો ઉપદેશ આપે છે, એમ પાઠ છે. મુનિ, રાગથી લાભ થશે એવો ઉપદેશ કદી કરતા નથી. અને કરે તો એ મુનિ નહિ. તમે વ્રત કરો, તપસ્યા કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો એનાથી તમારું કલ્યાણ થશે, એ પ્રરૂપણા જ મિથ્યાદષ્ટિની છે. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા તો એમાં આવી નહિ. આહા..હા...! વીતરાગતા (રૂપ) તાત્પર્ય ક્યાંથી ઉત્પન્ન થાય છે ? કે વીતરાગમૂર્તિ પ્રભુ, અકષાય સ્વભાવસ્વરૂપ પ્રભુ (છે). આહા..હા...!

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે...

'નિર્મળતા રે સ્ફટિક...' સ્ફટિક જોયું છે ? અમે તો આટલું સ્ફટિક જોયું છે. 'જામનગર'માં.

મુમુક્ષુ :– આપણા મંદિરમાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આપણા મંદિરમાં છે એ તો પ્રતિમા છે. આ તો આવડું સ્ફટિક. ત્યાં એક ફેરી ગયા હતા. (સંવત) ૧૯૯૧ ની સાલ. બહુ મોટા ડૉક્ટર હતા. બધા વ્યાખ્યાનમાં આવતા હતા. 'સમયસાર'ની ૧૦૦ મી ગાથા ચાલતી હતી. દિવાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ આવ્યા હતા. બધા આવતા હતા. ડૉક્ટર-બાક્ટર બધા વ્યાખ્યાનમાં તો આવે. નામ પ્રસિદ્ધ છે ને ! એમાં ૧૦૦ મી ગાથા ચાલી હતી. એક ડૉક્ટર હતા એનો અઢી હજારનો પગાર. મહારાજ ! મારા દવાખાને આવે. છ લાખનું એકેક સોલેરિયમ છે. સોલિરિયમ નામનો એક સંચો છ લાખ રૂપિયાનો છે. તે વખતની વાત છે, હોં ! (સંવત) ૧૯૯૧ની વાત છે. જોવ ગયા. એણે બતાવ્યું કે, જુઓ ! આ સ્ફટિક રત્ન છે. એમ ભગવાન આત્મા,...

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે,
શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો,
ત્રણલોકના નાથ તીર્થંકરોએ ધર્મને પ્રકાશ્યો.

'શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે..' રાગના અભાવ સ્વભાવની વીતરાગતા ભગવાને પ્રકાશી. આહા..હા..! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ ! માર્ગ.. આહા..હા...! હજી એની વિધિની ખબર ન મળે કે કઈ વિધિથી સમ્યગ્દર્શન થાય છે ? સમ્યગ્દર્શન વિના શું ? આહા..હા...!

ઇ કહે છે. **'માર્ગ અંદરમાં દેખાડ્યો છે.'** આહા..હા...!

**બધાએ એક જ કરવાનું છે :– દરેક ક્ષણે આત્માને જ ઊર્ધ્વ રાખવો, આત્માની જ પ્રમુખતા રાખવી. જિજ્ઞાસુની ભૂમિકામાં પણ આત્માને જ અધિક રાખવાનો અભ્યાસ કરવો. ૧૯૫.**

૧૯૫. **'બધાએ એક જ કરવાનું છે :–'** આહા..હા...! શું ? **'દરેક ક્ષણે આત્માને જ ઊર્ધ્વ રાખવો,...'** પ્રત્યેક સમયમાં ભગવાન ધ્રુવ સ્વરૂપને મુખ્ય રાખવો. આહા..હા...! **'બધાએ એક જ કરવાનું છે :– દરેક ક્ષણે આત્માને જ...'** આત્માને જ. આત્માને જ. ત્રિકાળી આનંદકંદનો નાથ મારો પ્રભુ, એને મુખ્ય રાખ. સમજાય છે કાંઈ ? આહા..હા..! **'દરેક ક્ષણે આત્માને જ ઊર્ધ્વ રાખવો,...'** ઊર્ધ્વ નામ મુખ્ય. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'આત્માની જ પ્રમુખતા રાખવી.'** પ્રમુખપણું પણ એકલા આત્માનું જ રાખ. પર્યાયની પ્રમુખતા, રાગની પ્રમુખતા નહિ. આહા..હા...! આવી વાત. ગમે તે પ્રસંગમાં હો, રાગના શુભભાવમાં કે અશુભભાવમાં (હો), પણ એની ઊર્ધ્વતા જે ભગવાન વીતરાગસ્વરૂપ છે એની પ્રમુખતા મુખ્ય રહે. આહા..હા...! એનું ધ્યેય છૂટી જાય તો સમ્યગ્દર્શન રહેતું નથી. આહા..હા...! **'પ્રમુખતા રાખવી.'**

**'જિજ્ઞાસુની ભૂમિકામાં પણ...'** આહા..હા..! **'આત્માને જ અધિક રાખવાનો અભ્યાસ કરવો.'** અધિક નામ ભિન્ન. **'णाणसहावाधियं'** ૩૧ ગાથામાં આવે છે ને ? **'णाणसहावाधियं'** દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયનો વિષય ભગવાન આદિ બધા. એ બધી ઇન્દ્રિયથી લક્ષ છોડીને **'णाणसहाव'** જ્ઞાનસ્વભાવ **'अधियं'** ભિન્ન. આત્મા જુદો છે એમ જાણવું એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. ૩૧ માં છે. **'णाणसहावाधियं मुणदि आदं'**. ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુને રાગ અને પર્યાય ને પરથી ભિન્ન, ભિન્ન–જુદો રાખવો. દૃષ્ટિમાં જુદો કરવો એનું નામ જિન છે અને એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા...! મુખ્યતા જ્યાં ઊર્ધ્વપણે સ્વભાવની છે એ જો છૂટી જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. ચાહે તો પંચ મહાવ્રતની ક્રિયા કરતા હોય, નગ્ન હોય પણ દ્રવ્યની મુખ્યતા જો ન રહે અને પર્યાય ને રાગની મુખ્યતા થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આવી વાત છે.

**'આત્માને જ અધિક રાખવાનો અભ્યાસ કરવો.'** આહા..હા...! આ અભ્યાસ કરવો. રાગ કરવો ને ફલાણું કરવું એમ નહિ. આહા..હા...! ઊર્ધ્વ નામ પહેલાં, પહેલાં દરજ્જામાં આત્માને રાખવો. પહેલો નંબર કોઈને આપવો નહિ. આહા..હા..! ૧૯૫ (બોલ પૂરો) થયો. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✠ ✠ ✠

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શ્રાવણ વદ ૫, બુધવાર તા. ૨૩-૦૮-૧૯૭૮.**
**વચનામૃત-૧૯૬, ૧૯૭, પ્રવચન-૭૩**

**સ્વરૂપ તો સહજ જ છે, સુગમ જ છે; અનભ્યાસે દુર્ગમ લાગે છે. કોઈ બીજાના સંગે ચડી ગયો હોય તો તેને તે સંગ છોડવો દુષ્કર લાગે છે; ખરેખર દુષ્કર નથી, ટેવને લીધે દુષ્કર કલ્પાય છે. પરસંગ છોડી પોતે સ્વતંત્રપણે છૂટા રહેવું તેમાં દુષ્કરતા શી ? તેમ પોતાનો સ્વભાવ પામવો તેમાં દુષ્કરતા શી ? તે તો સુગમ જ હોય ને ? ૧૯૬.**

૧૯૫ થઈ ગયો ને ? '**સ્વરૂપ તો સહજ જ છે,...**' શું કહે છે ? શુદ્ધ સહજાત્મ સ્વરૂપ, શુદ્ધ ચૈતન્યઘન તો સહજ સહજ છે. એ કંઈ કૃત્રિમ નથી. સમજાણું કાંઈ ? અંતર સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન અસ્તિત્વ જે મોજૂદગી ચીજ છે એ તો સહજ છે. આહા..હા...! '**સુગમ જ છે;...**' આહા..હા..! પોતાની ચીજ પ્રાપ્ત કરવી સુગમ છે, પણ અનાદિકાળથી પરસંગના પ્રેમમાં પોતાના અસંગ ચેતનનો સંગ કર્યો નહિ. સમજાય છે કાંઈ ? આહા..! '**સુગમ જ છે; અનભ્યાસે દુર્ગમ લાગે છે.**' સહજાત્મ શુદ્ધ ચૈતન્યઘન પરમાત્મ સ્વરૂપ નિર્વિકલ્પ સ્વરૂપ સહજ અને સુગમ છે. આહા..હા...!

પાંચમી ગાથામાં 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, હું જે એકત્વ-વિભક્ત (આત્મા) દર્શાવું, રાગથી પૃથક અને સ્વભાવની શુદ્ધતાથી અપૃથક-અભેદ દેખાડું '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज**' પાછો બીજો શબ્દ લીધો. જો દેખાડું તો પ્રભુ ! પ્રમાણ કરજે, હોં ! આહા..હા...! અનુભવથી પ્રમાણ કરજે એમ સીધું કહ્યું છે. સાંભળીને એમ ને એમ હા ઠીક છે ને એવી આ ચીજ છે નહીં. 'કુંદકુંદાચાર્ય' પંચમ આરાના સંત અને પંચમ આરાના શ્રોતાને કહે છે, પ્રભુ ! તારી ચીજ અંદર મોજૂદ પડી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે ને ! આહા..હા..! એ ચીજ સહજ છે, સુગમ છે હું તને મારા વૈભવથી દેખાડીશ તો તું પ્રમાણ કરજે. પ્રમાણની વ્યાખ્યા-અનુભવથી પ્રમાણ કરજે, એમ લીધું છે. આહા..હા...!

સહજાત્મ સ્વરૂપ... એ તો એક સજ્ઝાય હતી, એ સજ્ઝાય યાદ આવી ગઈ. એક સજ્ઝાયમાળા છે, એવી ચાર છે. અમે દુકાન ઉપર વાંચતા હતા એમાં આવ્યું હતું. 'સહજાનંદી રે આત્મા સૂતો કંઈ નિશ્ચિંત રે.' પ્રભુ ! તું સહજાત્મ આનંદનો નાથ પરમાત્મા છે ને ! તું આ અજ્ઞાન-અંધકારમાં કેમ સૂઈ ગયો ? આહા..! એ વખતે આ તો (સંવત) ૧૯૬૬-૬૭ ની વાત છે. 'સહજાનંદી રે આત્મા...' સહજ સ્વરૂપ આનંદમૂર્તિ છે ને ! આહા..હા...! 'સૂતો કંઈ નિશ્ચિંત' તું કેમ નિશ્ચિંત થઈને સૂઈ ગયો ? આહા..હા...! તારી ચીજ અંદર છે, નિર્વિકલ્પ વસ્તુ છે ને, પ્રભુ ! આહા..હા..! જેમાં વિકલ્પની સહાય નથી, એવી ચીજ અંદર સહજ પડી છે અને સુગમ છે. રાગને પોતાનો કરવો હોય તો એ દુર્ગમ છે. રાગ, વિકલ્પ જે છે તેને પોતાનો કરવો હોય અને રાખવો હોય તો એ દુર્ગમ છે. કેમ કે રાગ કદી પોતાનો થઈ શકતો નથી. આહા..હા...! એમ એક પરમાણુને પણ પોતાનો કરવો હોય તો નહિ થઈ શકે. પણ પોતાની ચીજ છે એ તો સહજ છે ને ! આહા..હા...! સુગમ છે ને !

**'અનભ્યાસે દુર્ગમ લાગે છે.'** છે ? અભ્યાસ નથી, એ તરફનું જોર, વલણ નથી. આહા..હા...! રાગાદિ વિકલ્પથી પરદ્રવ્યની મહિમા (લાગે છે), એમાં તને વિસ્મયતા લાગી પણ તારી વસ્તુની વિસ્મયતા તેં છોડી દીધી. આહા..! સમજાય છે કાંઈ ?

**'કોઈ બીજાના સંગે ચડી ગયો હોય...'** દૃષ્ટાંત આપે છે. કોઈ પ્રાણી બીજાના સંગમાં ચડી ગયો હોય **'તો તેને તે સંગ છોડવો દુષ્કર લાગે છે;...'** દુષ્કર લાગે છે. દુષ્કર લાગે છે. ખરેખર દુષ્કર નથી. પરનો સંગ કર્યો એ છોડવો ખરેખર દુષ્કર નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? **'ટેવને લીધે દુષ્કર કલ્પાય છે.'** પરના સંગમાં એવી આદત પડી ગઈ તેથી તેને છોડવો દુષ્કર લાગે છે. **'પરસંગ છોડી પોતે સ્વતંત્રપણે છૂટા રહેવું...'** પરસંગ છોડી. પહેલી બાહ્યની વાત છે. **'પોતે સ્વતંત્રપણે છૂટા રહેવું તેમાં દુષ્કરતા શી ?'** આહા..હા...!

**'તેમ...'** એ દૃષ્ટાંત થયું. **'તેમ પોતાનો સ્વભાવ પામવો...'** વીતરાગસ્વરૂપ પ્રભુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા, પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. છે એને પ્રાપ્ત કરવો. 'શ્રીમદ્' પણ એકવાર કહે છે, સત્ સરળ છે, સર્વત્ર છે, સરળ છે. સર્વત્ર છે, જ્યાં જુઓ ત્યાં સર્વત્ર નિત્યાનંદ પ્રભુ અંદર પડ્યો જ છે. આહા..હા...! ત્યાં એટલું લીધું છે કે, બતાવનાર જોઈએ. ગુરુ બતાવે છે ને ? કે જો ! તારી વસ્તુ અંદર પૂર્ણાનંદથી ભરી પડી છે. આહા..! એને અશુદ્ધતાનો સંગ નથી, અલ્પતાનો સંગ નથી એવી અસંગ વસ્તુ અંદર પડી છે, પ્રભુ ! આહા..!

કહે છે, **'તેમ પોતાનો સ્વભાવ પામવો...'** જેમ પરસંગ છોડવો દુષ્કર છે એમ માને છે પણ પરસંગ તો (પોતે) અભ્યાસે કર્યો છે, એ છોડીને એકલા સ્વતંત્ર રહેવું હોય તો રહી શકે છે. **'તેમ પોતાનો સ્વભાવ પામવો...'** આહા..હા..! કાયમી અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવો પોતાનો જે કાયમી અસલી સ્વભાવ છે, (તેને પામવામાં) **'તેમાં દુષ્કરતા શી ?'** આહા..હા...!

મુમુક્ષુ :– ... પણ કઠણ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કઠણ (લાગે) છે એનો અર્થ કે સંગ બહુ કર્યો છે તો એને છોડવો કઠણ લાગે છે. આહા..! એ તો બોધિદુર્લભ ભાવના કહી ને ? બીજી વસ્તુ પામવી સુલભ છે. કેમ કે અનંત વાર મળી છે. એ અપેક્ષાએ પોતાની વસ્તુ દુર્લભ છે એમ કહેવામાં આવ્યું છે. બાર ભાવના છે ને ? બોધિદુર્લભ ભાવના. આહા..હા...! એ તો પરપદાર્થ અનંતવાર મળ્યા એ સુલભ છે. એમાં કોઈ નવીનતા નથી. પણ પોતાનો ભગવાન આત્મા, અમૃતનો સાગર... આહા..હા...! નિર્વિકલ્પ વસ્તુ જે સંગરહિત છે તેને પામવી સુગમ છે. પરસંગ છોડે તો સુગમ છે. રાગાદિનો વિકલ્પ ચાહે તો વ્યવહાર દયા, દાન આદિનો વિકલ્પ હોય (એનો સંગ છોડે તો સુગમ છે). આહા.હા...!

મુમુક્ષુ :– વસ્તુ સહજ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સ્વતંત્ર છે, સહજ છે. આહા..હા...! વાત સૂક્ષ્મ છે.

**'તેમ પોતાનો સ્વભાવ પામવો...'** છે તેને પ્રાપ્ત કરવો છે. ન હોય તેને પ્રાપ્ત કરવો દુષ્કર છે. આહા.! **'તેમ પોતાનો સ્વભાવ પામવો તેમાં દુષ્કરતા શી ?'** આહા..હા...! **'તે તો સુગમ જ હોય ને ?'** એ તો સુગમ છે ને પ્રભુ ! તારી અસંગ ચીજ છે, સંગનું લક્ષ છોડીને અસંગપણું પ્રાપ્ત કરવું એ તારી વસ્તુ તો સહજ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા...! સમજાય છે કાંઈ ? ૧૯૬ બોલ સૂક્ષ્મ છે.

ભગવાન પૂર્ણાનંદ અંદર અસ્તિપણે પડ્યો છે. સત્ છે, ધ્રુવ છે, સચ્ચિદાનંદ પ્રભુ સત્ છે, ચિદ્ ને જ્ઞાન, આનંદથી પરિપૂર્ણ ભર્યો છે. તેં પરનો સંગ કર્યો તો અસંગ વસ્તુને તેં પ્રાપ્ત ન કરી. વ્યવહાર રત્નત્રય.. આહા..! એમ આવે છે ને ? કે વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે. એમ છે જ નહિ. સમજાય છે કાંઈ ? અહીંયા તો નિશ્ચયથી નિશ્ચય પ્રાપ્ત થાય છે. ઝીણી વાત છે, ભાઈ !

વર્તમાનમાં તો મોટા પંડિતો પણ ત્યાં ચાલ્યા ગયા છે કે વ્યવહાર બરાબર હોય તો વ્યવહાર નિશ્ચય સુધી પહોંચાડી શકે છે. પણ વ્યવહાર ક્યારે કહેવાય ? જ્યારે રાગથી ભિન્ન પડીને અનુભવ થયો પછી રાગ આવે છે તેને વ્યવહાર કહે છે. પહેલાં વ્યવહાર ક્યાંથી આવ્યો ? આહા..હા...! સમજાય છે કાંઈ ? અત્યારે તો 'સમયસાર' આદિ મોટા મોટા પુસ્તકો નીકળે છે એમાં આ ઘુસાડી દે છે. આજે કોઈ પૂછતા હતા, કે (આ વિદ્વાને) એમાં કેમ લખ્યું કે આ ઠીક છે ? કીધું, એમને બધી ખબર છે. પંડિતજી ! 'અમૃતધારા' પુસ્તક છે ને ? 'અમૃતધારા'. (એ વિદ્વાને) કાલે પ્રશ્ન કર્યો. મેં કીધું, એમાં ફેરફાર છે. શ્રદ્ધાની ચોખ્ખી વસ્તુ એમાં નથી. કેમ કે વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય છે એવી વાત ત્યાં ઘણી છે. પંડિતજીએ પણ એકવાર ખાનગીમાં લખ્યું હતું કે એની શ્રદ્ધાની સ્થિતિ સ્થિર નથી રહેતી. એની શ્રદ્ધા એકરૂપ નથી રહેતી. પણ એમાં પહેલાં લખ્યું છે, આમ જાણીને આ જાણવું, એમ પંડિતજીએ લખ્યું છે. પરથી થતું નથી એમ લક્ષ રાખીને વાંચવું. ખબર છે ? ભાઈ ! બહુ ઝીણી સૂક્ષ્મ વાત છે, પ્રભુ ! લોકોને વ્યવહાર રાગ છે એનો રસ છે અને એ વ્યવહાર ક્રિયાથી અંદર નિશ્ચયમાં પહોંચાય છે, એવું લખાણ 'જયસેનાચાર્ય'ની ટીકામાં આવે છે. વ્યવહારથી નિશ્ચય (પમાય).

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :— હા, પણ એ કઈ અપેક્ષાએ ? એ તો વ્યવહાર છે એની રુચિ છોડી પોતાથી ઉત્પન્ન થયું, તો વ્યવહારથી ઉત્પન્ન થયું એમ આરોપ આપવામાં આવે છે. શું કરે ? આહા..હા...!

અહીંયા તો કહે છે, પ્રભુ અખંડાનંદ નાથ તારો ચૈતન્ય અમૃતનો સાગર ભરેલો છે ને ! આહા..હા...! રાગનો–ઝેરનો સંગ તેં કર્યો. વિકલ્પ જે રાગ છે તેના સંગમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તને ઝેરનો સંગ થયો. એવા સંગમાં તેં અમૃતનો સંગ છોડી દીધો. આહા..હા...! સમજાય છે કાંઈ ? 'કર્તા-કર્મ અધિકાર' માં ૬૯-૭૦ ગાથામાં આવ્યું છે. 'કર્તા-કર્મ અધિકાર'માં ૬૯-૭૦ ગાથા છે ને ? પોતાની ઉદાસીન અવસ્થા છોડીને, એમ લીધું છે. સંસ્કૃત ટીકામાં છે. એનો અર્થ શું ? કે ખરેખર તો પ્રભુ જે આત્મા આનંદ અને જ્ઞાયકસ્વરૂપ છે એની અવસ્થા થવી જોઈએ. સમજાય છે કાંઈ ? ૬૯-૭૦, કર્તા કર્મ. છે ? (અધિકારની) પહેલી ગાથા. જુઓ ! કર્તા-કર્મમાં જુઓ !

**'આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર...'** જ્ઞાનભવન, આનંદભવન, સ્વભાવભવનમાત્ર. આહા..હા...! **'જે સહજ ઉદાસીન (જ્ઞાતા-દૃષ્ટામાત્ર) અવસ્થા તેનો ત્યાગ કરીને...'** એનો અર્થ કે એની અવસ્થા જ્ઞાતા-દૃષ્ટાની થવી જોઈએ. કર્તા-કર્મ છે ને ? પણ એ અવસ્થાનો ત્યાગ કરીને. અવસ્થા હતી ને ત્યાગ કર્યો, એમ અહીંયા નથી કહેવું.

મુમુક્ષુ :- ઉત્પન્ન નથી કરતો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઉત્પન્ન નથી કરતો તેને અવસ્થાનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા...! લોકોને અહીંની વાત એવી લાગે છે... અહીંની વાત નથી, પ્રભુ ! અંતર તારી વસ્તુની વાત છે, ભાઈ ! ભગવાન ! તારી વસ્તુ શું છે ? આહા..! એ તો સવારે ચાલે છે ને ? અબદ્ધસ્પૃષ્ટ. તારી વસ્તુ અંદર અબદ્ધસ્પૃષ્ટ પડી છે, મુક્ત સ્વરૂપ છે. આહા..હા...! જાપાનવાળાએ એમ કહ્યું કે, આત્મા તો નિર્વાણસ્વરૂપ છે. જાપાનવાળાએ શોધ કરીને એમ શબ્દ લીધો છે. જૈન આમ કહે છે. નિર્વાણસ્વરૂપ છે એટલે આપણી ભાષામાં મોક્ષસ્વરૂપ છે. મોક્ષસ્વરૂપ છે તો મોક્ષની પર્યાય મોક્ષસ્વરૂપમાંથી આવે છે. બંધભાવમાંથી મોક્ષની પર્યાય આવતી નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીંયા શું કહ્યું ? **'પોતાના અજ્ઞાનભાવને લીધે...'** કર્મને કારણે નહિ. કર્મનો ઉદય દર્શનમોહનો છે તો અમને અજ્ઞાન થયું એમ નથી. પોતાના સ્વરૂપના અજ્ઞાનભાવને લીધે **'જ્ઞાનભવનમાત્ર...'** આત્માનું શુદ્ધપણું થવું, પર્યાયમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની શુદ્ધતા થવી એવી સહજ ઉદાસીન અવસ્થા. આહા..હા...! **'(જ્ઞાતા-દૃષ્ટામાત્ર) અવસ્થા તેનો ત્યાગ કરીને...'** તેનો ત્યાગ કરીને એનો અર્થ શું ? કે જ્ઞાતા-દૃષ્ટાની અવસ્થા ઉત્પન્ન નહિ કરીને-તેનો ત્યાગ કરીને. **'અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે...'** ક્રોધાદિનો અર્થ. સ્વરૂપનો પ્રેમ છોડી રાગનો પ્રેમ (કરે છે) તેને આત્મા પ્રત્યે ક્રોધ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? દ્વેષ અરોચક ભાવ. ભગવાન આનંદસ્વરૂપ રુચે નહિ અને રાગ રુચે, તેને આત્મા પ્રત્યે દ્વેષ છે. આહા..હા...!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ કહ્યું ને ! રાગનો પ્રેમ છે. 'પરમાત્મ પ્રકાશ'માં કહ્યું કે જેને રાગનો પ્રેમ છે તેને આત્મા હેય છે. અને જેને આત્મા ઉપાદેય છે તેને રાગ હેય છે. વાત ગુલાંટ ખાય છે. આહા..હા...! 'પરમાત્મ પ્રકાશ'ની ૩૬ ગાથા. રાગ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો જેને પ્રેમ છે તેને આત્મા હેય થઈ ગયો. આહા..હા...! તો આત્મા પ્રત્યે એને દ્વેષ થઈ ગયો. રાગ પ્રત્યે પ્રેમ અને સ્વભાવ પ્રત્યે દ્વેષ થયો. આહા..હા..! એને આ ક્રોધ કહે છે. સમજાય છે કાંઈ ? જેને રાગનો પ્રેમ છે,... શુભરાગ, હોં ! આ દયા, દાન, વ્યવહાર રત્નત્રય જેને કહે છે, એવા રાગનો જેને પ્રેમ છે તેને ત્રિકાળી સ્વભાવ પ્રત્યે ક્રોધ નામ દ્વેષ છે. દ્વેષના બે ભાગ છે ને ? દ્વેષના બે ભાગ–ક્રોધ અને માન. રાગના બે ભાગ–માયા અને લોભ. અહીંયા કર્તા-કર્મમાં ક્રોધ કેમ કહ્યું છે ? કે એને દ્વેષ છે. આહા..હા...! ગજબ વાત છે, પ્રભુ !

જેને વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે, એમ કહે છે તેની સામે ભગવાનની, સંતોની આ દલીલ છે. આહા..હા...! રાગનો પ્રેમી વ્યભિચારમાં ચડી ગયો. તો પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવ, તેની અવસ્થા જ્ઞાતા-દ્દષ્ટા થવી જોઈએ, એ છોડીને અજ્ઞાનભાવથી સ્વભાવ પ્રત્યેના અરુચિભાવથી ક્રોધભાવનો કર્તા થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવો માર્ગ છે. એ કર્તા છે. એ લાંબી વાત છે. કર્તા-કર્મ અધિકાર ચાલતો હતો ત્યારે ચાલ્યું છે.

અહીંયા કહે છે, **'દુષ્કરતા શી ?'** ઓહો..! રાગના સંગનો પ્રેમ છે, જેમ પરનો સંગ હતો એને છોડવામાં દુષ્કરતા શી ? સ્વતંત્ર પોતાના સ્વભાવ તરફ જાવું છે એમાં પરનો (પ્રેમ) છોડવામાં દુષ્કરતા શી ? આહા..! એમ ભગવાન આત્મા રાગના પ્રેમમાં વ્યભિચારમાં ચડી ગયો છે.. આહા..હા...! એને છોડવામાં દુષ્કરતા શી ? એમ કહે છે. આહા..હા...! અને જેની જરૂરિયાત દ્દષ્ટિમાં આવે છે ત્યાં વીર્ય–પુરુષાર્થ થયા વિના રહે નહિ. શું કહ્યું ઇ ? રુચિ અનુયાયી વીર્ય. જો રાગની રુચિ છે તો વીર્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગના કર્તાપણાનું કામ કરે છે અને આત્મા આનંદસ્વરૂપની રુચિ છે તો રુચિ અનુયાયી વીર્ય. પુરુષાર્થ એ તરફ ઢળે છે. આહા..હા...! આવી વાતું છે. માણસને એવું લાગે કે આ તે શું ? અત્યાર સુધી સાંભળ્યું, પૈસા ખર્ચવા ને આમ કરવું ને આમ કરવું એમાં થઈ ગયો ધર્મ. ધૂળમાં પણ ધર્મ નથી. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૈસા ક્યાં એના બાપના હતા ? એ તો જડ છે. પૈસા એના પણ કે દિ' હતા ? બાપનાનો અર્થ કે એના ક્યાં હતા ? આહા..હા...! 'સમયસાર'માં 'નિર્જરા અધિકાર'માં તો કહ્યું છે કે જો હું રાગને મારો કરું તો હું અજીવ થઈ જાઉં. છે ? 'નિર્જરા અધિકાર'માં છે. મૂળ ગાથા છે. આહા..હા...! શરીર મારું છે, કર્મ મારા છે, પૈસા મારા છે, એમ જો માનું તો હું અજીવ થઈ જાઉં.

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાં પણ નથી. ક્યાં પૈસા ? પૈસા તો જગતની ચીજ છે. એ તો પુદ્‌ગલની પર્યાય છે, એ કંઈ જીવની પર્યાય છે અને જીવના છે એમ તો છે નહિ. આહા..હા..! બહુ કામ આકરું. મોટા ગજરથ ચલાવવા ને રથ ચલાવે. આહા.હા...!

મુમુક્ષુ :– જયપુરમાં ચલાવ્યો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જયપુરમાં ચલાવ્યો હતો, ખબર છે ને. એકવીસ તો હાથી રથયાત્રામાં હતા. ચાલીસ હજાર માણસ. આખું જયપુર ઉછળી ગયું હતું. અમે તો રથમાં બેઠા હતા. લોકો જોવા આવ્યા હતા કે આ છે કોણ ? એકવીસ હાથી ને ચાલીસ હજાર માણસ. માણસ.. શું કહેવાય તમારે ? મેડી. એની ઉપર લાખો માણસ જોતા હતા. ચાલીસ હજાર તો સાથે હતા. કંઈ દેખાય નહિ, ક્યાં હાથી ને ક્યાં શું છે ? એને ખબર છે ને. શું પણ, એ ક્રિયા તો જડની અને પરની છે. આહા..હા...! આત્માએ એ રથ ચલાવ્યો એ વાત ત્રણ કાળમાં સાચી નથી.

મુમુક્ષુ :– હવે ફરીને જયપુર પધારજો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં કદાચિત્ શુભભાવ હોય તો એ રાગ છે. આહા..હા..! રાગના પ્રેમીને ભગવાન પ્રત્યે દ્વેષ થઈ ગયો. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ અહીંયા કહે છે, **'તે તો સુગમ જ હોય ને ?'** ભગવાન જે સ્વતઃ સિદ્ધ વસ્તુ છે તે તો પ્રાપ્ત કરવામાં સુગમ જ હોય ને ? આહા..હા...! ફક્ત દૃષ્ટિનો પલટો થવો જોઈએ. રાગ ઉપરની રુચિનો પ્રેમ છે તો આખા સંસારનો પ્રેમ છે. અને રાગનો કર્તા થયો તે આખી દુનિયાનો કર્તા છું, એમ માન્યું. આહા..હા...! એ માન્યતા પરસંગથી થઈ છે તો પરસંગ છોડી શકે છે. સ્વરૂપ પોતાનું છે, અસંગ વસ્તુ છે તેનો સંગ કરવો. આહા..! છે તેનો સંગ કરવો. રાગાદિ તો પોતાની વસ્તુમાં છે જ નહિ. આહા..હા...! ૧૯૬ (બોલ પૂરો થયો).

**પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી. ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો. સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.**

**અબરખનાં પડ કેવાં પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદા પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ. જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે. જુદો જ છે પણ તેને ભાસતો નથી. વિભાવ ને જ્ઞાયક છે તો જુદેજુદા જ; – જેમ પાષાણ ને સોનું ભેગાં દેખાય પણ જુદા જ છે તેમ.**

**પ્રશ્ન :– સોનું તો ચળકે છે એટલે પથ્થર ને તે – બને જુદા જણાય છે, પણ આ કઈ રીતે જુદા જણાય ?**

**ઉત્તર :– આ જ્ઞાન પણ ચળકે જ છે ને ? વિભાવભાવ ચળકતા નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે – જણાય છે. જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે. જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય ?**

**જેમ સાચાં મોતી ને ખોટાં મોતી ભેગા હોય તો મોતીનો પારખુ એમાંથી સાચા મોતીને જુદા પાડી લે છે, તેમ આત્માને 'પ્રજ્ઞાથી ગ્રહવો'.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જે જાણનારો છે તે હું, જે દેખનારો છે તે હું — એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદા પાડી શકાય છે. આ જુદા પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો, પણ તે સાધન ન થાય, સાધન તો પ્રજ્ઞા જ છે.**

**સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ-સુખબુદ્ધિ તૂટી જાય છે, સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે. ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય. એમ ન હોય કે પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કર. ૧૯૭.**

૧૯૭. **'પ્રજ્ઞાછીણીને...'** આહા..હા...! રાગથી આત્મા સ્વભાવ અને રાગ તો ભિન્ન જ છે. સમજાય છે કાંઈ ? પત્થર હોય ને ? મોટો પત્થર હોય છે. અમે તો 'રાજકોટ' માં એક ફેરી જંગલમાં ગયા હતા. ઘણા પથરા હતા, લાખો મણ. એ પત્થરમાં એક ઝીણી રગ હોય છે. ધોળી અને ઝીણી રગ. ત્યાં ઉપલા પત્થરમાં અને નીચલા પત્થરમાં સંધિ છે, સાંધ છે, એક નથી થયા. ત્યાં આગળ રૂની વાટ કરીને દારૂખાનું નાખે. હજારો મણ પત્થર ઉપરથી છૂટી જાય છે. સપાટીવાળા, હોં ! ઉપરથી ફેરફાર હોય પણ નીચેથી નીકળે એ સપાટીવાળા પત્થર નીકળે. કેમ કે બેની વચ્ચે સંધિ હતી, તો સાંધમાં નાખવાથી બન્ને જુદા પડી જાય છે.

એમ ભગવાન આત્મા અને રાગ વચ્ચે સંધિ છે. આહા..હા..! અસંધિ કદી નથી થઈ. રાગ અને ત્રિકાળ સ્વભાવ કદી એક થયા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ પ્રજ્ઞાછીણીમાં છે. સંધિ છે, અસંધિ નથી થયા. કળશ ટીકા છે ને ? શું કહે છે ? આહા..હા...! જેમ એ પત્થર અને બીજા પત્થર વચ્ચે સાંધ છે, એક નથી. સાંધ છે, ભિન્ન છે. પોતાનું ચૈતન્યદળ અને રાગના વિકલ્પનો શુભભાવ, ચાહે તો તીર્થંકર ગોત્રનો હો, બેની વચ્ચે સાંધ છે. આહા..હા...! આવી વાત છે. રાગ અને ત્રિકાળી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વીતરાગ સ્વભાવ કદી એક થયા જ નથી. વિભાવના અભ્યાસથી એને એમ લાગે છે કે આ મારી ચીજ છે, પણ બન્ને વસ્તુ એક થઈ નથી, માને તો પણ થઈ નથી. આહા..હા...! આમ છે.

**'પ્રજ્ઞાછીણીને...'** આ સાધન કહે છે. રાગ અને સ્વભાવ વચ્ચે પ્રજ્ઞાછીણી નાખ. આહા..હા...! **'પ્રજ્ઞાછીણીને શુભાશુભભાવ...'** શુભ અને અશુભ બન્ને ભાવ. આહા..હા.! **'અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી.'** જ્ઞાન શબ્દે આત્મા શુદ્ધ સ્વભાવ. જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ અને રાગ વચ્ચે સંધિ છે, એક નથી. તો **'જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિ...'** રાગથી સૂક્ષ્મ ભિન્ન એવો આત્મા, એની **'અંતઃસંધિમાં પટકવી.'** અર્થાત્ રાગની એકતા તોડીને સ્વભાવની એકતા કરવી એ પ્રજ્ઞાછીણી અંદર પટકી એમ કહેવામાં આવે છે. આવી વાતું છે.

જેમ લોઢાની છીણી તીખી હોય છે ને ? તીખી. તો લોઢાના બે કટકા થઈ જાય છે. લાકડીના તો થાય છે પણ લોઢાના થઈ જાય છે. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે અને રાગ એ દુઃખરૂપ છે, બે વચ્ચે અનાદિથી એકતા થઈ નથી. આહા.હા...! કેમ કે દુઃખ અને આનંદ બન્ને વિપરીત છે. રાગ છે એ દુઃખ છે. આહા..! છે ને ?

'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ' આહા..હા...! ચાહે તો દયા, દાન, વ્રતનો રાગ હોય, એ 'રાગ આગ દાહ દહે સદા' આહા..હા..! તો કમાવું ને ધંધાના રાગની વાત તો શું કરવી ? આહા..હા..! આ તો શુભરાગ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો પ્રેમ છે, એ રાગ અગ્નિ છે, કષાય અગ્નિ છે. ભગવાન આત્મા શીતળ અકષાયસ્વરૂપ છે. આત્મા જેને કહીએ એ તો અકષાય વીતરાગ શીતળ શાંતસ્વરૂપનો પિંડ છે અને રાગ છે તે વિકૃત અવસ્થાની અગ્નિ દાહ (છે). આહા..હા..! 'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ'. એ વિકલ્પથી જે રાગ થયો, ચાહે તો પરમાત્માની ભક્તિ હો ને પંચ પરમેષ્ઠીનું સ્મરણ હોય, એ બધો રાગ છે. આહા..હા..! એ આગ છે. એ શાંતિને દઝાડે છે, બાળે છે. આહા..હા...! પર્યાયની, હોં ! ત્રિકાળી શાંતિને તો અડતો નથી. આહા..હા...!

કહે છે, **'શુભાશુભભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિ...'** રાગ–શુભાશુભભાવ અને આત્મા એટલે જ્ઞાન, એની સૂક્ષ્મ અંતઃસંધિમાં પ્રજ્ઞાછીણી પટકવી. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અર્થાત્ જે જ્ઞાન રાગની સાથે એકત્વ છે એ તો ત્યાં રહ્યું, હવે પછીની જે જ્ઞાનપર્યાય છે તેને રાગથી ભિન્ન કરી, પર્યાયમાં રાગ અને સ્વભાવનું એકત્વ હતું, એમ માન્યું હતું એ માન્યતા છોડી દે. અને રાગ અને સ્વભાવ વચ્ચે જ્ઞાનની પ્રજ્ઞાછીણી પટક. આહા..હા...! જેમ કરવતથી લાકડીના બે ટુકડા થાય છે, એમ ભેદજ્ઞાનની તલવારથી, કરવતથી (રાગ અને આત્મા જુદા જણાય છે.) સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :- સૂક્ષ્મ સંધિ કેવી રીતે દેખાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ કહ્યું ને ? જ્ઞાન લક્ષણ છે, રાગ દુઃખ લક્ષણ છે. બન્નેની વ્યાખ્યા ત્યાં પ્રજ્ઞાછીણીમાં આવી છે. બંધનું લક્ષણ રાગ છે, ભગવાનનું લક્ષણ આનંદ અને જ્ઞાન છે. બન્નેના લક્ષણ જાણીને રાગથી ભિન્ન પોતાની પ્રજ્ઞાછીણી પટક. આહા..હા...! સૂક્ષ્મ વાત (છે).

મુમુક્ષુ :- આ તો અમને યાદ રહી ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- યાદ રહી ગયું, એમાં શું ? પહેલાં એને ધારણમાં તો યાદ રહે કે માર્ગ તો આ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! કરવું પછી પણ ધારણામાં તો વાત એમ લેવી કે રાગથી ભિન્ન પડવું એ પ્રજ્ઞાછીણી ને સાધન છે, બીજો કોઈ માર્ગ છે નહિ. આમ જેને જ્ઞાનમાં, પરલક્ષીજ્ઞાનમાં પણ સાચાપણું નથી, એને રાગથી ભિન્ન થવાની યોગ્યતા નથી. આહા..હા...! ન્યાં ક્યાંય સાંભળ્યું નથી. એક તો હો.હા.. સંસારની ને એમાંથી જાય તો આ કરો.. આ કરો.. બસ ! વ્રત કર્યાં, આટલા અપવાસ કર્યાં, રસનો ત્યાગ કર્યો, દાડમના રસનો ત્યાગ કર્યો..

મુમુક્ષુ :- એ તો કરવું પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- શું કરવું પડે છે ? રાગના રસને પણ છોડી દે. પરના રસનો ત્યાગ (કહે છે પણ) પરનો ગ્રહણ ત્યાગ તો આત્મામાં છે જ નહિ. આહા..હા...! રસનો ત્યાગ કરું, પણ અંદરમાં રસનો ત્યાગ છે જ. રસને ક્યારે ગ્રહણ કર્યો હતો કે ત્યાગ કરે ? પોતાના રાગને જે એકત્વમાં ગ્રહણ કર્યો હતો એ રાગના રસને છોડી દે. આહા..હા..! અને આનંદના રસમાં એકવાર આવી જા. આહા..હા...! આવી વાત છે, ભાઈ !

મુમુક્ષુ :- આત્માનો રસ મોસંબી જેવો છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આત્માનો આનંદરસ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :– આત્માનો રસ મોસંબી જેવો હશે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મોસંબી તો જડ છે. મોસંબીનો સ્વાદ આત્માને આવતો નથી. મોસંબીની કાળમાં મોસંબી ઉપર લક્ષ જાય છે, એ ઠીક છે, એવો રાગનો સ્વાદ એને આવે છે. આહા..હા...! સ્ત્રીના વિષયમાં રમવામાં સ્ત્રીના શરીરના ભોગનું વેદન નથી. એ તો જડ છે. પણ પોતાના આનંદનું લક્ષ છોડીને આ ઠીક છે, એવા રાગની ઉત્પત્તિ કરે છે એ રાગનો ભોક્તા છે. પરનો ભોક્તા તો અજ્ઞાની પણ કદી નથી. આહા..હા...!

મુમુક્ષુ :– આખી દુનિયા રાગમાં ધર્મ માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આખી દુનિયા રાગમાં ઘુસી ગઈ છે. એ માટે તો વાત કરે છે. આહા..હા...!

અહીંયા કહે છે, **'અંતઃસંધિમાં પટકવી.'** ૧૮૧ કળશમાં પ્રજ્ઞાછીણી આવે છે. આહા..હા...! ત્રિકાળી સ્વભાવ જ્ઞાન લક્ષણ, જ્ઞાનની મુખ્યતાથી લીધું છે, અને રાગ સ્વભાવ આકુળતા, બન્નેના લક્ષણ ભિન્ન ભિન્ન જાણીને રાગથી પ્રજ્ઞાને હટાવી લે. એનું નામ રાગ અને જ્ઞાન–આત્મા વચ્ચે પ્રજ્ઞાછીણી પટકી એમ કહેવામાં આવે છે. હાય હાય !આવી વાત છે.

મુમુક્ષુ :– સાધન શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ સાધન કહ્યું ને. રાગથી ભિન્ન પ્રજ્ઞા સાધન છે. અથવા રાગથી ભિન્ન અનુભવ એ સાધન છે. આહા..હા...!

મુમુક્ષુ :– અનુભવ થાય ત્યારે રાગ તો હોતો નથી, ભિન્ન કેવી રીતે થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– બસ, તેથી કહ્યું ને, જ્ઞાતૃધારા પકડી તો રાગધારા છૂટી ગઈ. આહા..હા...! જેમ પાણીનો ધોધ પડે છે ને ? એમ આત્માનો જ્ઞાનપ્રવાહ ધ્રુવ આમ ચાલે છે. એ પ્રવાહમાં રાગથી ભિન્ન પડીને ઘુસી જા. આહા..હા...! આવી વાત છે, બાપુ ! ભાષા શું કરે ? એ તો કહ્યું હતું ને ? પ્રજ્ઞાછીણી. નિર્વિકલ્પની વાત શું કરવી ? એ કહ્યું હતું. સમજાય છે કાંઈ ? કાલે કહ્યું હતું. જ્ઞાનને જ્ઞાનરૂપે પરિણમાવે છે, એમ કહે. ભાષા બીજી શું કરે ? રાગરૂપે જે પરિણમે છે તો પોતાની જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા છોડી દીધી. આહા..હા..! જેને છોડી દીધું છે તેને ગ્રહણ કરી લે અને જેને ગ્રહણ કર્યું છે તેને છોડી દે. આહા..હા...! આવી વાત છે. ભાષામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કેટલી વાત આવે ? આહા..! એ અનુભવગમ્ય છે.

'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો' એમ નથી કહ્યું કે વ્યવહાર રત્નત્રય મોક્ષનો માર્ગ છે. રાગથી ભિન્ન કરીને પ્રજ્ઞાછીણી દ્વારા આત્માને ગ્રહણ કર્યો તો અંદર દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય થઈ એ અનુભવ અને એ મોક્ષનો માર્ગ છે. આહા..હા...! બહારના શેઠિયાઓ મોટા મજૂર એમાં ઘુસી ગયા, એમાં આ ક્યાં સમજે ? અમારી પાસે એક દરબાર આવ્યા હતા. ભાવનગર દરબાર. કરોડ રૂપિયાનો તાલુકો છે. એક વર્ષની કરોડની ઊપજ. દરબાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. 'માનસ્તંભ' વખતે. 'કૃષ્ણકુમાર' હતા. એક વર્ષની કરોડની પેદાશ હતી. સાંભળતા હતા, નરમ માણસ. અમારી વાત સાંભળવા તો આવ્યા હતા. ભાવનગરથી અહીં વ્યાખ્યાનમાં આવેલા. માણસ ઘણું હતું. તો કહ્યું, દરબાર ! જેને એક મહિને લાખ રૂપિયા જોઈએ છે એ માગણ છે, ભિખારી છે અને કરોડ રૂપિયાની માગણી કરે છે તો એ ભિખારીમાં ભિખારી છે. આ કૃષિ પંડિત છે. પેલા તો દરબાર, મોટા રાજા હતા. એનો દીકરો છે, 'કૃષ્ણકુમાર'. આવ્યા હતા. 'પાલીતાણા'ના દરબાર આવ્યા હતા. એ દરબાર આવ્યા હતા. 'ડુંગરપુર'ના દરબાર છે, રાજા છે. અહીં તો વ્યાખ્યાનમાં (આવે). બહારમાં નામ છે તો આવે ખરા પણ સમજે નહિ બિચારા, શું કરે ? આહા..હા...! એમ કહ્યું, જેને કરોડની માંગણી છે તે માંગણ નામ ભિખારી છે. સાચી વાત, મહારાજ ! અમારે ક્યાં એની પાસે પૈસા લેવા હતા કે આ દરબાર છે તો એને ઠીક પડે તો પૈસા... શું કહેવાય ? ફંડ ફાળો કરી દે. અહીં અમારે ફંડ ફાળાનું શું કામ છે ? સમજાય છે કાંઈ ?

એકવાર 'જામનગર' દરબાર પાસે ગયા હતા. એને ઠીક નહોતું. અમે જંગલ જતા હતા ત્યાં પાસે બંગલો હતો. એને ખબર પડી કે મહારાજ મારા બંગલા પાસે આવે છે. એ આવી શકતા નહોતા. આંખની બહુ પીડા હતી. આમ હાથા રાખતા હતા. નહિતર તો ગામમાં આવે. મહારાજ ! મને ઠીક નથી. એક કરોડ રૂપિયાની વર્ષની પેદાશ. 'જામનગર'. મોટા દરબાર તો બધા વ્યાખ્યાનમાં આવતા. એ આવી શકતા નહોતા તો કહ્યું, મહારાજ ! આપ મારા બંગલા પાસે જંગલ આવો છો, એક ખેતર, બે ખેતર દૂર મારા બંગલે પધારો. એમ કહેવરાવ્યું. એની રાણી તો ઘણા પૈસાની માંગણ ભિખારી (હતી). બેઠા સામે. અને જંગલ ગયા હતા. નજીકમાં બંગલો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હતો. શું કહેવાય મોટું ? રંગોળી. રંગોળી કરી હતી. રાજા-રાણી નીચે ઉતર્યા હતા, બહાર આવ્યા. રાણી તો નજીક આવ્યા. અંદર ગયા ને બેઠા. પા કલાક વાત કરી. સવારની વાત છે. કીધું, આ રાજ નહિ, દરબાર ! આ સામ્રાજ્ય તો ભિખારાનું છે. સામ્રાજ્ય તો એને કહીએ અનંત આનંદનો નાથ સામ્રાજ્ય જે પડ્યું છે એને દૃષ્ટિમાં લે તો એ સામ્રાજ્ય અને એ રાજા કહેવાય. બાકી બધા ભિખારા છે. દસ મિનિટ, પા કલાક બેઠા હતા. સવાર હતી. દૂધ પણ નહોતું પીધું. એક હજાર રૂપિયા મૂક્યા, એક હજાર આપ્યા. જ્ઞાન ખાતે આપું છું. આપણે અહીં 'મોક્ષમાર્ગ પ્રકાશક' શાસ્ત્રમાં નાખ્યા. પણ એ બિચારા ગરીબ માણસો. પોતાની ચૈતન્ય-લક્ષ્મીથી ગરીબ છે. નામ પ્રસિદ્ધ છે કે 'કાનજીમુનિ' આવા છે ને લોકોમાં બહુ આબરૂ છે ને ઘણા માણસો આવે છે. આહા..હા...!

મુમુક્ષુ :– એણે હજાર રૂપિયા આપ્યા તે ક્યાં .. ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– હજારમાં શું ડાળિયા થયા ? અમારે શું છે ? લાખ આપે તો શું છે ? આ તો કહ્યું ને ? આજે (મુમુક્ષુઓ) આવ્યા હતા. અમારે અઢી લાખ આપવા છે. હમણા મારી પાસે આવ્યા હતા. મેં તો કોઈને કહ્યું નથી અને કહેતો નથી. પણ આ વાત કરવા આવે. હમણા આવ્યા હતા, કહે, મારે અઢી લાખ આપવા છે અને બીજા પાંચ-સાત લાખના મકાન, સોસાયટી બનાવવી છે. દસ હજારના મકાન બનાવે એમાં એનું નામ રાખશું. એમ કહેતા હતા. અહીં તો કોઈને કંઈ કહેતા નથી. અમને એની વિસ્મયતા જ નથી લાગતી કે અઢી લાખ આપે છે ને આમ છે. એમાં છે શું ?

મુમુક્ષુ :– અઢી લાખ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– અઢી લાખ છે તો શું થયું ? એ તો એકવાર નહોતું કહ્યું ? આનું ઉદ્‌ઘાટન હતું ને ? આ છવીસ લાખનું મકાન છે. ત્રીસ હજાર માણસ આવ્યા હતા. એક શેઠ મારી પાસે આવ્યા હતા. પૈસાવાળા, પાંચ-છ કરોડ રૂપિયા. અમે તો અંદર બેઠા હતા, ત્યાં આવ્યા. બે ભાઈ હતા. પૈસા થોડા મુક્યા. મને એમ કે બે-ચાર હજાર હશે. આમ જોયું તો દસ હજારની પાંચ નોટ. પચાસ હજાર. કીધું, હું તો એક પાઈ પણ રાખતો નથી. અહીં તો ચાર રોટલી જમીએ છીએ. જેવા આવ્યા એવા (પ્રમુખને) આપી દીધા. પચાસ હજાર દસ મિનિટમાં ! શેઠનું નામ નથી આપતા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ એમાં શું છે ? પચાસ હજાર શું પાંચ કરોડ દે તો એમાં છે શું ? કદાચિત્ રાગની મંદતા કરી હોય તો એ પુણ્ય, શુભરાગ છે, ઝેર છે.

એ માટે તો કહે છે, એ રાગથી પણ ભિન્ન પડી જા. રાગ ઝેર છે, આકુળતા છે, દુઃખ છે, અગ્નિ છે. આહા..હા...! ભગવાન શીતળ સ્વભાવ શાંતરસ (છે). આહા..! ભક્તિમાં પણ આવે છે ને ?

ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં,
ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં. આહા..હા...!

હે નાથ ! તારો ઉપશમ સ્વભાવ અંદર પૂર્ણ પ્રગટ થયો. શાંત.. શાંત.. શાંત.. શાંત. વિકલ્પનું જરીયે ઉત્થાન નથી જ્યાં. આહા..હા...! તો તમારી આંખમાં અમને તો ઉપશમરસ દેખાય છે અને ભગવાનના શરીરના પરમાણુઓ પણ એવા છે, જેટલા શાંતરસથી પરિણમતા પરમાણુઓ છે બધા એમની પાસે આવી ગયા છે. એ ભક્તામરમાં આવે છે. શાંતરસના જેટલા પરમાણુ છે એ બધા તમારા શરીરમાં આવી ગયા છે. ભક્તામરમાં આવે છે. એ તો બધું જોયું છે ને ! ભક્તામર તો ગૃહસ્થાશ્રમમાં જોયું હતું. કંઠસ્થ કર્યું હતું. પછી ભૂલી ગયા હવે તો. હે નાથ ! આપની શાંતદશા, વીતરાગદશા, શાંતદશા (છે). પ્રભુ ! આપની વાણીમાં પણ શાંતરસ ઝરે છે. આહા..હા...!

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ
વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

જેને શુભભાવ છોડવો મુશ્કેલ પડે છે તેને નપુંસક કહે છે. 'સમયસાર' 'પુણ્ય-પાપ અધિકાર'માં સંસ્કૃતમાં ક્લીવ છે. ક્લીવનો અર્થ નપુંસક કર્યો છે. શુભભાવ છોડવા મુશ્કેલ છે, પુરુષાર્થ નથી એ તો નપુંસક છે. આહા..હા...! શુભભાવ કરનારા બધા પાવૈયા, હીજડા છે. અહીં તો આવી વાત છે, ભગવાન ! શેઠ ! 'સમયસાર' માં પુણ્ય-પાપ અધિકારમાં બે વખત આવ્યું છે. સમજાય છે કાંઈ ? એક અજીવ અધિકારમાં આવ્યું છે અને એક પુણ્ય-પાપ અધિકારમાં આવ્યું છે. નપુંસક કહ્યું છે. શુભભાવના પ્રેમવાળા, રુચિવાળા નપુંસક છે. નપુંસકને જેમ વીર્ય નથી તો પુત્ર નથી થતા. એમ શુભભાવની રુચિવાળા નપુંસક છે એને ધર્મપર્યાય ઉત્પન્ન થતી નથી,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધર્મપ્રજા ઉત્પન્ન નથી થતી. શુભભાવથી નપુંસકતામાંથી શુદ્ધ ધર્મની પર્યાય ઉત્પન્ન નથી થતી. આહા..હા...! ભાઈ ! આવું છે, બાપુ ! અહીં તો. પેલું તો જાણે કરોડો રૂપિયા આમ થઈ ગયા ને.. આહા..હા...! શું થયું ? અબજોપતિ જોયા છે ને ! આહા..! (ગોવાના એક ભાઈ) ગુજરી ગયા બિચારા, એના ભાઈ હમણા ગુજરી ગયા. સાંભળ્યું છે. આ એના બનેવી બેઠા છે. બે અબજ ચાલીસ કરોડ. દોઢ-બે વર્ષ પહેલાં પાંચ મિનિટમાં ગુજરી ગયા. મુંબઈ. હમણા એના ભાઈ ગુજરી ગયા. એમાં ધૂળમાં શું છે ?

અહીં કહે છે, આહ..હા...! '**જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી. ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો.**' આહા..હા...! સમય વર્તે સાવધાન, એ લગ્નમાં આવે છે. એમ સમય વર્તે, સમય નામ આત્મા, એમાં વર્તવામાં સાવધાન થઈ જા. લગન કરે છે ને ? ત્યારે બ્રાહ્મણ બોલે, સમય વર્તે સાવધાન. સમય થઈ ગયો, આઠ ને પચીસ મિનિટે લગ્ન છે. સમય વર્તે, સમય પૂરો થઈ ગયો. સાવધાન થઈ જાઓ, કન્યાને અહીં લાવો. અહીંયા સમય વર્તે સાવધાન. સમય નામ પોતાનો આત્મા. આહા..હા...! સમય કહે છે ને ? સમ અય. સમ્યક્ પ્રકારે. અય – આનંદ અને જ્ઞાનમાં પરિણમન કરે છે તે સમય. તેમાં સાવધાન થઈ જા. રાગની સાવધાની છોડી દે. વિશેષ કહેશે...(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✻ ✻ ✻

**શરીર-ધન-મકાન આદિ અનુકૂળતા દેખીને તને વિસ્મયતા અને કુતૂહલતા આવે છે તો ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ છે, અજાયબ-ઘર છે તેનું કુતૂહલ તો કર ! ભગવાન સર્વજ્ઞદેવે જેના આટલા-આટલા વખાણ ને મહિમા કર્યા છે એવો આત્મા કેવો છે તેને દેખવા કુતૂહલ તો કર ! એકવાર વિસ્મયતા તો કર કે તું કેવડો મોટો મહાન પદાર્થ છો ! તેને દેખવા-અનુભવવાનું કુતૂહલ તો કર ! નરકનો નારકી મહા પીડામાં પડ્યો છે પણ આવા મહાન આત્માની કુતૂહલતા કરીને આત્માને અનુભવે છે તો તું આવા અનુકૂળ યોગમાં એકવાર કુતૂહલ તો કર !**

**'પરમાગમસાર' બોલ નં.૯૨.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



## શ્રાવણ વદ ૬, ગુરુવાર તા. ૨૪-૦૮-૧૯૭૮. વચનામૃત–૧૯૭, પ્રવચન–૭૪

સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તો એની વિધિ શું ? એની રીત શું ? સૂક્ષ્મ ભાવ છે. અહીંયા પ્રજ્ઞાછીણીને... કોઈ તો એમ કહે કે, ક્રમબદ્ધપર્યાય થશે ત્યારે થશે, વસ્તુનો સ્વભાવ એવો છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં આવ્યું છે કે, દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ (થાય છે). જ્યારે જે થવાની તે થવાની, આઘીપાછી થશે નહિ. એમાં આ પુરુષાર્થ ક્યાં આવ્યો ? અને 'જો જો દેખી વીતરાગને તે તે હોસી વીરા, અનહોની કબહુ ન હોસી, કાહે હોત અધિરા' વીતરાગે જોયું ત્યારે થશે, એમાં પુરુષાર્થ ક્યાં આવ્યો ? સાંભળો !

વીતરાગે જોયું તેમ થશે અને સર્વજ્ઞે જેવું જોયું તેવું થશે, પણ ક્રમબદ્ધમાં જેમ થવાનું હશે તેમ થશે, એનો નિર્ણય કોણ કરે ? અંતર ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી વીતરાગમૂર્તિ તરફની દૃષ્ટિ કરે તો એ પુરુષાર્થ આવ્યો, સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે તો સ્વભાવ આવ્યો, કાળલબ્ધિ પણ એ સમયે પાકી છે તો પોતાની પર્યાયમાં નિર્મળતા પ્રગટ થઈ. ભવ્યતા પણ એ સમયે એવો ભાવ થવાનો હતો તે થયો અને નિમિત્તનો પણ તે સમયે અભાવ છે તો થાય છે. પાંચેય સમવાય સાથે છે. અરે..રે...! સમજાય છે કાંઈ ? ક્રમબદ્ધમાં આ પ્રશ્ન ઉઠે છે કે એ ક્રમબદ્ધ છે તો નિયત થઈ ગયું. નિયતિવાદ તો મિથ્યાત્વ છે. અરે..! એકાંત નિયતિ મિથ્યાત્વ છે. સાંભળ તો ખરો. નિયત તો નિયત સમયે જ થશે. પણ એના પુરુષાર્થથી અને સ્વભાવ સન્મુખ થવાથી એ સમયે કર્મનો અભાવ પણ ત્યાં નિમિત્તપણે છે. તે કાળે ત્યાં પર્યાય નિર્મળ સમ્યગ્દર્શન ષટ્કારકની પરિણતિથી થશે. શું કહ્યું ?

સમ્યગ્દર્શનની પર્યાય એ પર્યાય પોતે સ્વયં કર્તા, પર્યાય કર્મ–કાર્ય, પર્યાય કરણ–સાધન, પર્યાય અપાદાન, પર્યાય સંપ્રદાન–પોતે રાખે છે, પોતાથી પર્યાયથી પર્યાય થઈ, પર્યાયના આધારે પર્યાય થઈ. ઝીણી વાત છે. આહા..હા..! આવી વાત છે. આવી જ વાત છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'જૈનદર્શન'માં આજે બહુ વિરોધ આવ્યો છે. નિયત છે, જ્યારે થવાનું હશે ત્યારે થશે. અરે...! સાંભળ તો ખરો. આહા..હા...! ક્રમબદ્ધનો પણ વિરોધ. એ તો (પહેલાં પણ) ક્રમબદ્ધનો વિરોધ (દિગંબર સમાજના અમુક વિદ્વાનોને) હતો. હવે (વિદ્વાનોએ) કબુલ કર્યું છે કે ક્રમબદ્ધ છે અને નિમિત્ત છે પણ નિમિત્તથી પરમાં કંઈ થતું નથી. આ બોલ હમણાં 'જૈન સંદેશ'માં કબુલ કર્યા છે. તે વખતે તો વિરોધ હતો. સૂક્ષ્મ વાત છે, ભાઈ !

સર્વજ્ઞ છે એમણે જોયું તેમ થશે, એ તો અમારે (સંવત) ૧૯૭૨ ની સાલમાં પ્રશ્ન થયો હતો. ૬૨ વર્ષ થયા. ૬૦ + ૨. ૬૨ વર્ષ. કેટલાકનો તો તે દિ' જન્મ પણ નહોતો. એ વખતે પ્રશ્ન થયો હતો. અમારી દીક્ષા (સંપ્રદાયમાં) થઈ હતી. દીક્ષાને બે વર્ષ થયા હતા. (સંવત) ૧૯૭૦ માં દીક્ષા લીધી. પાંસઠ વર્ષ દીક્ષાને થયા. પણ બે વર્ષ પછી એ પ્રશ્ન બહુ ચાલ્યો. સંપ્રદાયના અમારા જે ગુરુભાઈ હતા એ એમ કહેતા હતા કે કેવળજ્ઞાનીએ દીઠું એમ થશે, આપણે શું કરીએ ? સર્વજ્ઞે દીઠું એમ થશે આપણે શું કરીએ ? બે વર્ષ તો સાંભળ્યું. નવદીક્ષિત હતા ને ? સાડી ત્રેવીસ વર્ષે દીક્ષા લીધી હતી. દોઢ વર્ષ થયું હતું. પચીસ વર્ષની ઉંમર હતી. પછી એકવાર એમ કહ્યું, તમે કહો છો એમાં વિરોધ શું છે તે સમજો. સર્વજ્ઞે દીઠું એમ થશે એ વાત તો એમ જ છે. પણ સર્વજ્ઞ જગતમાં છે, જ્ઞાનની એક સમયની પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે એવી પર્યાય જેની શ્રદ્ધામાં આવે છે તો એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. દ્રવ્ય ઉપર જાય છે, એટલા શબ્દો તે વખતે નહોતા. પણ એ વખતે એમ કહ્યું હતું કે આ જગતમાં સર્વજ્ઞ છે, સર્વજ્ઞપર્યાય છે, જે 'પ્રવચનસાર'ની ૮૦ મી ગાથામાં ચાલે છે ને ? **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** એ ભાવ અંદરથી આવ્યો હતો. એ વખતે 'પ્રવચનસાર' જોયું નહોતું. ભગવાન અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય જે કોઈ જાણે અને માને છે, એ એના પર્યાય અને ગુણને દ્રવ્યમાં અભેદ કરીને નિર્ણય કરે છે ત્યારે સર્વજ્ઞે જોયું એમ સર્વજ્ઞની એને પ્રતીતિ આવે છે. ભાઈ ! બાસઠ વર્ષ પહેલાં બહુ ચર્ચા ચાલી.

સર્વજ્ઞે દીઠું હશે એમ થશે, આપણે શું કરીએ ? કીધું, આ તમે શું મુંડાઈને બેઠા ? બાપુ ! પર્યાય છે. સર્વજ્ઞે જોયું, ભાઈ ! સર્વજ્ઞે જોયું એમ છે. 'જે જે દેખી વીતરાગને તે તે હો સી વીરા, અનહોની કબહુ ન હોસી કાહે હોત અધીરા'. પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એની દૃષ્ટિ ક્યાં છે ? જેણે વીતરાગે દીઠું એમ માન્યું એની વીતરાગની પર્યાયની પ્રતીતિ થઈ કે નહિ ? અને વીતરાગ પર્યાયની પ્રતીતિ થાય છે તે પર્યાયના આશ્રયે પર્યાયની પ્રતીતિ નથી થતી. આહા..હા...! એ વીતરાગ પર્યાયની પ્રતીતિ વીતરાગ સ્વરૂપ ત્રિકાળ છે એને આશ્રયે પ્રતીતિ થાય છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ ! મુદ્દાની વસ્તુ છે, બાપા ! એ તો બાસઠ વર્ષ પહેલાં અંદરથી ચર્ચા આવી હતી. ઘણી ચર્ચા થઈ. એકવાર તો સંપ્રદાય છોડી દીધો. હું સત્યને માનનારો છું, એમ કોઈ ગડબડ મનાવે, આમાં આવી ગયા માટે માનું એવું મને નથી. એક શેઠે કહ્યું હતું, આવી વાત કરે છે તો વગર દોરાની પરાઈ ઉડે છે. અમારા ગુરુએ કહ્યું નથી, શાસ્ત્રમાં એવું છે નહિ ને આણે આ ક્યાંથી કાઢ્યું ? આ પડાઈ જ્યાં પડવાની હશે ત્યાં પડશે. સોનગઢ આવી ગઈ. એમાં જરીક સૂક્ષ્મ (ભાવ) છે, ભગવાન !

સર્વજ્ઞે દીઠું એમ થશે, ક્રમબદ્ધ થશે. પણ ક્રમબદ્ધ થશે એની માથે લખાણ એવું છે કે હું અકર્તાપણાને બતાવું છું. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ક્રમબદ્ધ બતાવતા પહેલાં 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે), હું અકર્તાપણાને 'आख्याति'. હું અકર્તાપણાને બતાવું છું. એનો અર્થ એ થયો કે ક્રમબદ્ધ થાય છે તેને રાગને, પર્યાયને હું કરું એવી બુદ્ધિ ઉડી જાય છે. આહા..હા...! ઝીણી વાત છે, બાપુ ! અત્યારે તો મૂળ માર્ગને મુકીને ગડબડ એટલી બધી ચાલી છે.

જેને, વીતરાગ જગતમાં છે એવી વીતરાગી પર્યાયની સત્તા નામ હયાતી જગતમાં મોજૂદ છે એ પર્યાયની પ્રતીતિ કોને થાય છે ? પોતાની પર્યાયના અવલંબને વીતરાગી પર્યાયની પ્રતીતિ નથી થતી. એ વીતરાગી પર્યાય પર છે પણ એ વીતરાગી પર્યાય ભગવાનને પ્રગટી, એ ક્યાંથી પ્રગટી ? બહારથી આવી ? વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા છે, જિનસ્વરૂપ (છે). આહા..હા...! 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, મત મદિરાકે પાન સો મતવાલા સમજે ન.' સૂક્ષ્મ વાત છે, ભગવાન! આખી દુનિયાને જાણીએ છીએ. અહીં તો પાંસઠ વર્ષ થયા. અમે તો દુકાન ઉપર પણ શાસ્ત્ર વાંચતા હતા. અઢાર વર્ષની ઉંમરથી. અત્યારે તો નેવું થયા. પૂર્વના સંસ્કાર હતા ને ! એ જરી સૂક્ષ્મ વાત છે, ભગવાન ! અંદરની અંગત વાત છે.

દુકાન ચાલતી હતી. પાંચ વર્ષ મેં પણ દુકાન ચલાવી. સત્તર વર્ષથી બાવીસ. એટલે (સંવત) ૧૯૬૩ થી ૧૯૬૮. ૧૯૬૮ ના વૈશાખમાં દુકાન છોડી દીધી. અત્યારે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ દુકાન મોટી છે. ‘ભરૂચ’ અને ‘વડોદરા’ વચ્ચે ‘પાલેજ’ છે. અત્યારે દુકાનમાં ૩૫-૪૦ લાખ રૂપિયા છે, ત્રણ-ચાર લાખની ઉપજ છે. એ તો પાપની દુકાન છે.

મુમુક્ષુ :— એના વિના..

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાં કાંઈ નથી. મેં તો દુકાન ચલાવનાર અમારા એક ભાગીદાર હતા એમને પણ કહ્યું હતું. તે વખતે સંવત ૧૯૬૬ ની સાલ. વીસ વર્ષની ઉંમર દેહની હતી. દેહની ને ? આત્મા તો અનાદિઅનંત છે. એ વખતે અમારા ભાગીદારને કહ્યું હતું, મારાથી ચાર વર્ષ મોટા હતા. કીધું, શું તમે આ આખો દિવસ-રાત દુકાન.. દુકાન.. દુકાન.. દુકાન. યાદ રાખો... યાદ રાખો મરીને તમે તિર્યંચમાં જશો. કેમ કે મને એમ લાગે છે કે તમે દેવ તો નહિ થાઓ. નરકમાં તમે જાશો નહિ. કેમ કે આપણે વાણિયા છીએ એટલે ઇંડા, માંસ, દારૂનો ખોરાક નથી માટે નરકમાં નહિ જાઓ. દેવમાં જશો એ લખણ મને તમારા દેખાતા નથી. ૧૯૬૬ ની સાલમાં ૨૦ વર્ષની ઉંમર. ૬૮ વર્ષ પહેલાંની વાત છે. ૬૮ વર્ષ પહેલાંની. અત્યારે ૮૯ થયા. અને મનુષ્ય થવાની લાયકાત મને દેખાતી નથી. નરકમાં જશો નહિ, મનુષ્ય થવાની લાયકાત દેખાતી નથી, યાદ રાખો ! મારાથી ચાર વર્ષ મોટા હતા. સાંભળતા હતા. અમને તો ભગત કહેતા હતા. ભગતની સામે ન બોલવું. યાદ રાખો, તિર્યંચ થશો. કીધું, હોં ! મોટા મોટા વેપાર ને બે-બે લાખની પેદાશ ને.. મરીને ઢોર થશો, પશું થશો, યાદ રાખો. કેમ કે પોતાની વસ્તુ શું છે તેની તો ખબર નથી પણ સત્‌સમાગમમાં બે-ચાર કલાક હમેશા કાઢવા એ વખત પણ નથી. તમારા પુણ્યના પણ ઠેકાણા નથી. અને પાપ.. પાપ આખો દિ’ આ રળવું ને કમાવું ને આ લીધું ને આ દીધું.. એમાં ધૂળમાં શું આવ્યું તને ? બે લાખની પેદાશ એક વર્ષની. હવે તો ત્રણ-ચાર લાખની પેદાશ છે. પેદાશ સમજ્યા ? આમદાની. શું થયું એમાં ? આ બાવીસ કલાક એમાં. સંત સમાગમ આવે તો કલાક સાંભળવા જાય. એ પણ રાત્રે એક કલાક જાય. સાધુ પછી રાતડિયા કહેતા. દિવસે તો સામું જોવે નહિ. ધંધો.. ધંધો.. ધંધો. અર..ર.ર..! પાપ, પાપ ને પાપ આખો દિ’. આ કર્યું ને આ કર્યું ને આ લીધું ને આ દીધું. બાયડી, છોકરાને સાચવવા ને એના ભોગ ને.. એ બધા એકલા પાપ. ધર્મ તો નહિ  પણ ત્યાં તો પુણ્ય પણ નથી. એય..! બે-ચાર, ચાર-ચાર કલાક દરરોજ હમેશા સાચો સત્ સમાગમ હોય. સાચો સત્ સમાગમ, હોં !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એના સમાગમમાં આવે, શાસ્ત્ર ત્રણ-ચાર કલાક વાંચે તો એને પુણ્ય તો થશે. ધર્મ તો પછી. આ નિવૃત્તિ પણ ન મળે. આહા..હા...! એ વખતે મેં તો કહ્યું હતું. અહીંયા એમ કહે છે.

એ પ્રશ્ન પછી (સંવત) ૧૯૭૨માં ચાલ્યો કે સર્વજ્ઞ દીઠું એમ થશે, આપણે શું કરીએ ? અરે..! પ્રભુ ! સાંભળ તો ખરો, પ્રભુ ! પંડિતજી ! જે ૮૦ મી ગાથામાં આવ્યું, **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'**. અરિહંતની પર્યાય કેવળજ્ઞાન. એ પર્યાયને જે જાણે તે પોતાની પર્યાયને ગુણમાં ભેળવીને, ગુણ-દ્રવ્યમાં ભેળવીને અનુભવ કરે તેને અરિહંતની પર્યાયની પ્રતીતિ વ્યવહારથી યથાર્થ આવી. આહા..હા...! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ !

અહીંયા એ કહે છે, જુઓ ! **'પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ...'** જ્યાં પુણ્ય અને પાપનો ભાવ, જ્યાં સમ્યગ્દર્શન કરવા જાય છે અને ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય છે અને સર્વજ્ઞે દીઠું એમ થશે એવી સર્વજ્ઞની પર્યાયની પ્રતીતિ કરવા જાય છે ત્યારે પ્રજ્ઞાછીણી રાગથી ભિન્ન કરી નાખે છે. એય...!

મુમુક્ષુ :– એક સમયમાં ઘણું કામ કર્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એક સમયમાં. કાલે બતાવ્યું હતું. 'रभसा'. 'રાજમલજી'ની 'કળશટીકા' છે. 'रभसा' ૧૮૧ કળશ છે. આહા..!

**'પ્રજ્ઞાછીણીને શુભાશુભભાવ...'** શું કહે છે ? આહા..હા..! એ પ્રજ્ઞા નામ જ્ઞાનની વર્તમાન પ્રજ્ઞા જે સાધન છે, એને શુભાશુભભાવથી ભિન્ન કરીને. આહા..હા...! કેમ કે સર્વજ્ઞની પર્યાય છે અને એમણે જોયું એમ થશે તો એ સર્વજ્ઞની પર્યાયથી નિયત જ છે, જે સમયે થવાનું છે તે. એમ પોતામાં પણ સર્વજ્ઞે દીઠું એ સમયે થશે, પણ એનો નિર્ણય કોણે કર્યો ? રાગથી મારો સર્વજ્ઞ સ્વભાવ ભિન્ન છે... સમજાય છે કાંઈ ? સર્વજ્ઞની પ્રતીતિ કરવી હોય તો સર્વજ્ઞ સ્વભાવ તરફ ઘુસવું પડશે. જેમાંથી સર્વજ્ઞ પર્યાય આવી છે. એ સર્વજ્ઞ પર્યાય આવી ક્યાંથી ? સર્વજ્ઞ સ્વભાવ છે એમાંથી આવે છે. કોઈ પૂર્વની પર્યાયથી નહિ, નિમિત્તથી નહિ, વજ્રનારાચ સંહનન છે ને મનુષ્યપણું છે તો કેવળજ્ઞાન થયું, એવું કોઈ દિ' નથી. એ કેવળજ્ઞાનની પર્યાય, સર્વજ્ઞની પર્યાય સર્વજ્ઞસ્વરૂપી જે ભગવાન આત્મા છે એમાંથી આવે છે. જ્યારે સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય છે, ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય છે ત્યારે પ્રજ્ઞાછીણી શુભાશુભભાવથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભિન્ન.. આહા..હા...! **'અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિ...'** આહા..! એ શુભઅશુભ વિકલ્પ રાગ છે અને ભગવાન વીતરાગસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ, જ્ઞાનબ્રહ્મ. જ્ઞાન અને આનંદનું પૂર્ણ રૂપ છે. પ્રભુ જ્ઞાનાનંદ પૂર્ણ રૂપ છે. એ રાગથી ભિન્ન કરીને પ્રજ્ઞાછીણી દ્વારા સ્વભાવ સન્મુખ થાય છે તો **'અંતઃસંધિમાં પટકવી.'** આહા..હા...!

સર્વજ્ઞસ્વરૂપી પ્રભુમાં સર્વજ્ઞશક્તિ છે. આત્મામાં જેમ જ્ઞાનગુણ છે, દર્શનગુણ છે, આનંદગુણ છે, અસ્તિત્વગુણ છે એવો એક સર્વજ્ઞ નામનો ગુણ છે. આહા..હા...! ૪૭ શક્તિમાં બધું આવ્યું છે. 'સમયસાર'માં પાછળ છે. એ સર્વજ્ઞ સ્વભાવ જે છે એની દૃષ્ટિ કરવાથી રાગથી ભિન્ન થવું પડે છે. આહા..હા...! સૂક્ષ્મ વાત છે, ભાઈ ! પ્રજ્ઞાછીણી દ્વારા શુભ-અશુભ વિકલ્પ–રાગ અને જ્ઞાન નામ આત્મા, એની સૂક્ષ્મ અંતઃસંધિમાં (પટકવી). બન્ને એક તો છે જ નહિ. રાગ અને સ્વભાવ, ભગવાન જ્ઞાનસ્વભાવ બન્ને કદી એક થયા જ નથી. એક એણે માન્યા છે. બે વચ્ચે સંધિ છે, સાંધ છે. ભિન્નતાની સાંધ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિ..'** જ્ઞાનસ્વભાવ વસ્તુ રાગથી વિકલ્પથી, ચાહે તો દયા, દાન હોય, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય, પણ એ બધો રાગ છે. આહા..હા..! એ રાગથી ભગવાન સર્વજ્ઞસ્વભાવી પ્રભુ જ્ઞાનસ્વરૂપી (ભિન્ન છે). જ્ઞાનસ્વરૂપી કહો, સર્વજ્ઞસ્વરૂપી કહો, જ્ઞસ્વભાવી કહો, જ્ઞ ને સર્વજ્ઞસ્વભાવી કહો, એક જ વાત છે. આહા..હા..! અંદરમાં **'અંતઃસંધિમાં પટકવી.'**

**'ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી...'** આહા..હા..! જાણનારો જે ઉપયોગ છે એને સૂક્ષ્મ કરી ધીરજથી, સૂક્ષ્મ કરી. આહા..હા...! **'તે બંનેની સંધિમાં સાવધાન થઈને...'** બંનેની એકતા નથી અને ત્યાં સાંધ છે. પત્થરનો દૃષ્ટાંત આપ્યો હતો. મોટા લાખો મણના પત્થર હોય છે ને ? એમાં વચ્ચે રગ હોય છે, ઝીણી રગ હોય છે. એમાં સુરંગ નાખે. લાખો મણના પત્થર ઉપરથી તૂટી જાય છે. એમ ભગવાન આત્મા અને વિકલ્પ–રાગ વચ્ચે સંધિ છે. રગ છે–સંધિ છે, એક નથી. જો એક હોય તો જુદા પડે નહિ, જુદા પડે તો એક થયા જ નથી. આહા..હા...! આવી વાતું છે. સમજાય છે કાંઈ ?

**'બરાબર સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં...'** સ્વભાવ જ્ઞાન અને રાગ બન્નેના લક્ષણ ભિન્ન છે. એવી સંધિમાં નામ જ્યાં એકતા નથી ત્યાં. **'સાવધાન થઈને...'** આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાનની દશાને સ્વરૂપ તરફ ઝુકાવવાથી રાગથી ભિન્ન થાય છે એ પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકી એમ કહેવામાં આવે છે. આવી વાતું, બાપુ ! શું થાય ? અંતર ભગવાન આત્મા પૂર્ણાનંદનું દળ અને રાગ જે વિકૃત પર્યાય, બે વચ્ચે એકતા કદી થઈ નથી. વચ્ચે સંધિ છે, એકતા નથી, એકતા માની છે. સમજાય છે કાંઈ ? એ એકતા તોડવામાં જ્ઞાનની વર્તમાન પ્રજ્ઞાછીણી, જેમ લોઢાની છીણીથી બે ટુકડા થઈ જાય છે એમ જ્ઞાનની પર્યાયને રાગથી ભિન્ન કરીને અંદર લઈ જાય છે તો રાગ અને ભગવાન બન્ને ભિન્ન થઈ જાય છે. આહા..હા...! આવી વાત છે.

મુમુક્ષુ :– રાગ ક્યાં ચાલ્યો જાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ ચાલ્યો જાય છે, ભિન્ન રહી જાય છે, પોતાના સ્વભાવમાં નહિ. પછી અસ્થિરતા રહે છે તો સ્વરૂપમાં સ્થિરતા કરવાથી અસ્થિરતાનો નાશ થાય છે. પહેલાં તો એકતા તોડે છે. આહા..હા..! આવી વાત. આવું સ્વરૂપ છે, પ્રભુ ! શું કરે ? આહા..! આ કોઈ પંડિતાઈની વસ્તુ નથી. અગિયાર અંગ તો અનંત વાર ભણ્યો. આ તો અંતરની પંડિતાઈની વસ્તુ છે.

શરીર તો એમાં છે જ નહિ તેથી અહીંયા એની વાત ન કરી અને રાગ છે પણ એકત્વ નથી, સંધિ છે. આહા..હા...! બંધનું લક્ષણ રાગ, ભગવાનનું લક્ષણ જ્ઞાન અને આનંદ, એમ બન્નેના લક્ષણ ભિન્ન જાણીને બન્નેની વચ્ચે સાંધ છે ત્યાં જ્ઞાનની એકાગ્રતાને પટકવી. અરે..! આવી વાત છે આ. છે ? **'સાવધાન થઈને...' 'બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.'** પટકવી. આહા..હા...! ચૈતન્ય લક્ષણે લક્ષિત પ્રભુ અને રાગ લક્ષણ એ બંધ લક્ષણ, બન્નેના લક્ષણ ભિન્ન જાણીને બેની વચ્ચે પ્રજ્ઞાછીણી પટકવી. આવી વાત છે. આ તો પ્રથમ હજી સમ્યગ્દર્શન થવાની વાત છે. ચારિત્ર ને જ્ઞાન એ તો બહુ અલૌકિક વાતું છે, બાપુ ! આહા..! લોકોને તેથી લાગે છે ને ? સોનગઢનું એકાંત છે. સોનગઢનું નથી, આ તો ભગવાનના ઘરનું છે. સમજાય છે કાંઈ ? હવે દૃષ્ટાંત આપે છે.

**'અબરખના પડ કેટલા પાતળાં હોય છે,...'** અબરખ.. અબરખ. એના પડ હોય છે ને ? બહુ પાતળાં, પાતળાં (હોય છે). અબરખ કહે છે તમારામાં ? એના પડ બહુ પાતળાં હોય છે. **'ત્યાં બરાબર એને સાવધાનીથી એને જુદાં પાડે, તેમ...'** આહા..! પાતળાં છે પણ સાવધાનીપૂર્વક પડ જુદા પાડે તો છૂટા પડી જાય છે. પાતળાં બહુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોય છે. એને એકદમ જોર કરવા જાય તો ટુકડા થઈ જાય. પાતળાં પડને સાવધાની, ધીરેથી જુદા પાડે છે. એમ ભગવાન આત્માને.. આહા...! અરે..! વખત ક્યાં છે ? સાવધાની ક્યાં ? દુનિયાની ક્રિયાકાંડમાં ઘુસી ગયો. અરે..! પ્રભુ ! તારી વાત રહી ગઈ. જે કરવાનું હતું એ રહી ગયું. આહા..હા..!

વિકલ્પ જે દયા, દાન આદિ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો પણ હો, એ રાગ છે. પર દિશા તરફની દશા તે રાગ છે. સ્વ દશાની દિશા સ્વ છે. શું કહ્યું ઇ ? જે કંઈ પુણ્ય ને પાપ રાગ છે એ દશાનું લક્ષ પર દિશા તરફનું છે. પરની દિશાથી એ દશા ઉત્પન્ન થાય છે. અને વીતરાગ દશા સ્વની દિશાથી વીતરાગ દશા ઉત્પન્ન થાય છે. અરે..! શું કહે છે આ ? સમજાય છે કાંઈ ? ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ (હોય), એ વિકારની દશા છે એની દિશા પર તરફ છે. પરના લક્ષે વિકૃતિ ઉત્પન્ન થાય છે. અને સમ્યગ્દર્શન વીતરાગ દશા એ સ્વની દિશામાં, સ્વદેશમાં દૃષ્ટિ જાય છે તો એ દશા ઉત્પન્ન થાય છે. કેમ કે પોતાનો સ્વદેશ વીતરાગ સ્વદેશ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અરે..રે..! જે કરવાનું હતું એ કર્યું નહિ અને જિંદગી ચાલી જાય છે. આહા..! (એક મુમુક્ષુની) દશા નરમ છે, એમ કીધું. સિરીયસ નથી. ડૉક્ટરે એમ કહ્યું. આજે ડૉક્ટર આવ્યા હતા. સિરીયસ નથી. પહેલાં કો'ક સિરીયસ કહેતું હતું. નરમ છે, નબળાઈ છે. સાગરવાળા બીડીવાળા કરોડોપતિ છે. બહુ પ્રેમ છે. અહીં મહિનો, બે મહિનો આવે છે. બે લાખનું મકાન બનાવ્યું છે. આવે છે. હમણા નબળા પડી ગયા છે. આહા..! શરીર તો નબળું હોય કે ન હોય, એ તો શરીરની દશા છે. આત્મામાં નબળાઈ આવતી નથી. એ વૃદ્ધાવસ્થા તો જડની દશા છે. બાળપણ, વૃદ્ધાવસ્થા, યુવાની એ તો જડની પુદ્‌ગલની દશા છે, પ્રભુ ! એ તારી દશા નહિ. તારી બાળ, યુવાન ને વૃદ્ધ દશા તો એને કહીએ કે રાગની એકતાબુદ્ધિ રાખવી એ બાળબુદ્ધિ, બાળ અવસ્થા છે. આહા..હા..! અને રાગથી ભિન્ન કરી અંતરાત્માની દૃષ્ટિ થઈ એ યુવાન અવસ્થા છે. અને રાગની અસ્થિરતાથી બિલકુલ છૂટી વીતરાગ દશા ઉત્પન્ન થાય એ આત્માની વૃદ્ધાવસ્થા છે. આહા..હા...! વાત તો એમ છે, પ્રભુ ! શું કરીએ ? ક્યાં કહેવું ?

મુમુક્ષુ :– આ તો બિલકુલ નવી વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નવી નથી, અનાદિથી છે. ન સાંભળી હોય એટલે નવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લાગે. પરમાત્મા ત્રણ લોકના નાથ 'સીમંધર' ભગવાન તો કહી રહ્યા છે. આહા..હા...!

અહીંયા એ કહે છે, **'અબરખના પડ...'** પડ.. પડ. **'પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે, તેમ...'** એ તો દૃષ્ટાંત થયું. **'સૂક્ષ્મ ઉપયોગ કરી...'** આહા..હા..! **'સ્વભાવ–વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ.'** પ્રભુ ! આહા..હા...! અને તે ધ્યાનમાં થાય છે. 'દ્રવ્યસંગ્રહ'ની ૪૭ ગાથા છે ને ? ૪૭. ચાર અને સાત. ત્યાં 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'એ લીધું છે, **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।'** આહા..હા...! 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'. સંતો દિગંબર કોઈપણ હો, બધા એક જ વાત કરનારા છે. સમજાય છે કાંઈ ? નિશ્ચય મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એનો અર્થ **'दुविहं पि मोक्खहेउं'** નિશ્ચય અને વ્યવહાર બે પ્રકારના મોક્ષમાર્ગ ધ્યાનમાં (પ્રાપ્ત થાય છે). અંતરમાં રાગથી ભિન્ન પડી આત્મા અનુભવમાં આવ્યો... આહા..! આનંદનું અને જ્ઞાનનું વેદન થયું તેને નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે. અને બાકી રાગ રહ્યો તેને આરોપથી વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે. આહા..હા...! એ બહારથી નથી થતો, એમ કહે છે. અંદર ધ્યાનમાં નિશ્ચય મોક્ષમાર્ગ થાય છે. આહા..હા...!

**'તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી...'** અંતર તરફનું ધ્યેય બનાવી, સ્વરૂપની પૂર્ણતાનું ધ્યેય બનાવી, ધ્યાનની પર્યાયમાં ધ્યેય બનાવી, પર્યાયમાં વિષય (બનાવી). ત્રિકાળ જ્ઞાયકનો વિષય બનાવી. આહા..હા...! **'જે ક્ષણે વિભાવભાવ વર્તે છે...'** હો રાગનો વિકલ્પ ત્યાં, **'તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે.'** આહા..હા..! જ્ઞાનની પર્યાયને રાગ અને સ્વભાવ વચ્ચે નાખી તો જ્ઞાતાધારા, રાગ હોવા છતાં જ્ઞાતાધારામાં રાગ જણાય છે. પણ રાગ મારો છે એમ જ્ઞાતાધારામાં જણાતું નથી. આહા..હા...! રાગનો વિકલ્પ છે અને સ્વભાવ વચ્ચે ભેદ છે, એ ભેદના ભાવનું જ્ઞાન લક્ષણ દ્વારા અને રાગને બંધ લક્ષણ દ્વારા ભિન્ન કરી, સ્વરૂપની દૃષ્ટિ અંદર થઈ. આહા..! **'જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે.'** આહા..હા...! સ્વભાવને જુદો જાણી લે. વિભાવપણું ભલે પ્રગટ હો પણ જ્ઞાતાધારા પોતાને રાગથી જુદી જાણી લે છે. આહા..! આ જ્ઞાનધારા, ધ્રુવધારા.. આહા..હા...! આવી વાત છે.

**'જુદો જ છે...'** બન્ને જુદા જ છે. **'પણ તને ભાસતો નથી.'** આહા..! રાગનો વિકલ્પ અને સ્વભાવ ભગવાન બન્ને ભિન્ન જ છે. તને પર્યાયબુદ્ધિ હોવાથી ભિન્ન ભાસતા નથી. રાગની રુચિથી સ્વભાવ ભિન્ન છે એમ તને અંતરમાં ભાસતું નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા...! છે ? **'વિભાવ ને જ્ઞાયક છે તો જુદેજુદા જ;...'** વિકલ્પ જે રાગ છે અને ભગવાન સ્વભાવ જે ત્રિકાળ છે એ છે તો જુદેજુદા. આહા..હા..! છે ?

**'જેમ પાષાણ અને સોનું...'** સોનાનો પત્થર હોય છે ને ? સોનાના રજકણ સહિત. એ તો ખબર છે. તમે નીલમણિનું કરો છો ને ? નીલના પથરા. પત્થર અને સોનું ખાણમાં એકસાથે દેખાય છે પણ સોનું અને પત્થર બન્ને વસ્તુ જ ભિન્ન છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'જેમ પાષાણ ને સોનું ભેગાં દેખાય પણ જુદાં જ છે તેમ.'** વિકલ્પ જે રાગાદિ, ગુણ-ગુણીના ભેદનો પણ જે વિકલ્પ છે એનાથી ભગવાન ભિન્ન જ છે. ભગવાન એટલે આત્મા. આત્માને ભગવાન કહીને જ બોલાવ્યો છે. 'કર્તા-કર્મ અધિકાર'ની ૭૨ ગાથા. ભગવાન આત્મા. આહા..હા...! આચાર્યએ એમ કહ્યું. પુણ્ય-પાપના ભાવ અશુચિ છે, પ્રભુ ! ચાહે તો ભગવાનની ભક્તિ અને તીર્થંકર ગોત્ર બાંધવાનો ભાવ પણ છે તો અશુચિ. શરીર અશુચિની વાત નથી, એ તો હાડકા, પીંજર, માંસ છે. પણ પુણ્યના પરિણામને પણ પ્રભુએ અશુચિ કહ્યા છે. ૭૨ ગાથા. ભગવાન આત્મા તો નિર્મળાનંદ જ્ઞાયક અંદર છે. આહા..હા...! અશુચિથી ભગવાન શુચિ ભિન્ન છે. આહા..હા...! અરે...!

મુમુક્ષુ :– કેટલો ભિન્ન છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– તદ્દન ભિન્ન છે. સોળે સોળ આના ભિન્ન છે. સૂક્ષ્મ વાત છે. રાગથી તો ભિન્ન છે પણ રાગથી ભિન્ન જે સમ્યગ્દર્શન થયું એ પર્યાયથી પણ દ્રવ્ય તો ભિન્ન છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે તેટલું શ્રદ્ધામાં આવે છે, પણ એ દ્રવ્ય આવતું નથી. દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. પર્યાય પર્યાયમાં (છે), દ્રવ્ય દ્રવ્યમાં છે. આહા..હા...!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, અહીંયા એ વાત કહે છે. અહીંયા તો ફક્ત વિભાવથી ભિન્ન બતાવવું છે, પણ વિભાવથી ભિન્નતા થઈ એવી જે સમ્યગ્દર્શનની પર્યાય થઈ, એ પર્યાયથી પણ દ્રવ્ય તો ભિન્ન છે. પર્યાયમાં–એક સમયની દશામાં ધ્રુવ આવ્યો નથી. ધ્રુવનું જેટલું સામર્થ્ય છે તેટલું શ્રદ્ધામાં આવ્યું, પણ એ ચીજ આવી નહિ, વસ્તુ ભિન્ન રહે છે. આહા..હા...! આવી વાત હવે કોઈ દિ' સાંભળી ન હોય.

૪૯ ગાથામાં કહ્યું, નહિ ? ૪૯ ગાથામાં. વ્યક્ત અવ્યક્ત. વ્યક્ત નામ પર્યાય,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અવ્યક્ત નામ દ્રવ્ય, બેનું એકસાથે જ્ઞાન થવા છતાં... આહા..હા...! વ્યક્ત અવ્યકતને સ્પર્શતું નથી. વ્યક્ત નામ દ્રવ્ય, અવ્યક્ત દ્રવ્ય એ વ્યક્તને સ્પર્શતું નથી–પર્યાયને સ્પર્શતું નથી. પાંચમો બોલ છે, બતાવ્યો હતો. અવ્યક્તના છ બોલ છે, એમાં પાંચમો બોલ આ છે. વ્યક્ત, અવ્યક્તનું એકસાથે જ્ઞાન થવા છતાં વ્યક્તને અવ્યક્ત અડતું નથી. આહા..હા...! રાગ તો ભિન્ન જ્ઞેય જ છે. આહા..હા...! હવે અહીંયા પોકાર એ ચાલે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, અપવાસ કરો, રાગ મંદ કરો, મંદ રાગથી અંદર નિશ્ચય પ્રાપ્ત થશે. એ દૃષ્ટિ વિપરીત છે. બાપુ ! શું થાય ? ભાઈ ! તને એમાં નુકસાન છે, બાપુ ! તું હોંશ કરીને જગતને બતાવે છે કે અમે જાણે કે આહા..હા..! કે વ્યવહાર અને નિશ્ચય બન્ને અમે માનીએ છીએ. વ્યવહારથી પણ લાભ થાય છે, નિશ્ચયથી પણ લાભ થાય છે, એ અનેકાંત છે અને દુનિયા પણ રાજી રાજી થઈ જાય. આહા..!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે...! એ અનેકાંત નહિ, એકાંત છે, સાંભળ તો ખરો. અનેકાંત તો એ કે સ્વભાવના આશ્રયે લાભ થાય છે અને રાગથી લાભ થતો નથી. આહા..હા...! શું થાય ? સપ્તભંગી ચાલે છે ને ? અસ્તિ-નાસ્તિ. તો સ્વથી અસ્તિ છે અને પરથી નાસ્તિ છે. ત્યાં પણ દ્રવ્યથી અસ્તિ છે અને રાગથી નાસ્તિ છે. આહા..હા...! રાગથી નાસ્તિ ભિન્ન છે અસ્તિ, રાગથી નાસ્તિ ભિન્ન છે અસ્તિ. આહા..! અરે..! પ્રભુ ! તારી લીલા એવી છે, ભાઈ ! આહા..હા...!

'અનુભવ પ્રકાશ'માં તો લીધું છે કે તારી શુદ્ધતાની તો શું વાત કરીએ પણ તારી અશુદ્ધતા પણ મોટી. એમ 'દીપચંદજી' એ 'અનુભવ પ્રકાશ'માં લીધું છે. કેમ કે સમવસરણમાં અનંત વાર ગયો, સાંભળ્યું પણ અશુદ્ધતા છોડી નહિ. રાગથી લાભ થશે, રાગથી લાભ થશે, ભગવાનની ભક્તિથી લાભ થશે. ભગવાન સંભળાવે છે તો મને લાભ થશે. એમ તારી દૃષ્ટિ પર ઉપર રહી. આ ઝીણી વાત છે. ત્યાં નીલમણીમાં ને ઢીકણામાં નથી. શું કહેવાય ઇ ? નિલમ.. નિલમ. બતાવ્યો હતો. એક ફેરી નિલમ બતાવવા માટે લાવ્યા હતા. એમાંથી પછી પૈસા ભેગા કરે. એક મુસલમાન નોકર છે. મહિનાના ત્રણ હજાર આપે છે. ઘસાવાના મહિનાના ત્રણ હજાર. એ મુસલમાન આવ્યો હતો. શેઠ પાસેથી ત્રણ હજાર મહિને મળે છે. બીજે જાઉં તો વધારે મળે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ શેઠ પાસે ઘણા વર્ષોથી છું. મુસલમાન હતો. એક મહિનાના ત્રણ હજાર આપે છે. ત્રણ હજાર ફક્ત ઘસવાના. ધૂળ. આહા..હા...!

મુમુક્ષુ :– એ તો .. વેપારી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ધૂળ છે. અધર્મના વેપારી છે. આવી વાત છે, પ્રભુ ! શું કરીએ ? અરે..રે..! દેહની સ્થિતિ પૂરી થશે, પ્રભુ ! ક્યાં જઈશ તું ? રાગ ને પુણ્ય ને મારા છે એમ માનીશ તો મિથ્યાત્વમાં તું ભવિષ્યકાળમાં રહીશ. આહા..હા...! અને મિથ્યાત્વને લઈને તારે ચાર ગતિમાં ભટકવું પડશે. આહા..હા...! આ ટાણા તને મળ્યા છે, પ્રભુ ! આહા..! 'ગોમ્મટસાર'માં મનુષ્યનો અર્થ કર્યો છે. મનુષ્યતે–જ્ઞાયતે ઇતિ મનુષ્ય. જે જાણનારને જાણે તે મનુષ્ય છે. આહા..હા...! રાગને ભિન્ન કરી પ્રભુની–આત્માની–ઓળખાણ કરે. અહીં તો પ્રભુ આત્મા ભગવાન છે. અશુચિ કહ્યું ને ? રાગાદિ અશુચિ છે, પ્રભુ શુચિ છે. રાગ છે... આહા..હા..! જડ છે. રાગ દયા, દાન, વ્રતાદિના પરિણામ જડ છે. કેમ કે ચૈતન્યના પ્રકાશનો અંશ એમાં નથી. એ રાગ પોતાને જાણતો નથી, રાગ સમીપમાં પ્રભુ આત્મા છે તેને જાણતો નથી, રાગ જ્ઞાન દ્વારા જણાય છે. માટે રાગને જડ કહેવામાં આવ્યો છે. આહા..હા...! અને ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે. આહા..હા...! ત્રણ બોલ લીધા છે. ત્રીજો બોલ–શુભ-અશુભભાવ એ દુઃખરૂપ છે. આહા..હા...! ચાહે તો તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ દુઃખરૂપ છે. આહા..હા...! 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં લીધું છે, પંડિતજી ! અપરાધ લીધું છે. અપરાધ છે. આહા..હા...! અહીં રાજી રાજી થઈ જાય. શુભભાવ તો સમકિતીને આવે છે. મિથ્યાદૃષ્ટિને એવો તીર્થંકર ગોત્રનો શુભભાવ થતો જ નથી. આહા..હા...! છતાં એમ હોવા છતાં સમ્યગ્દૃષ્ટિને શુભભાવ આવે છે પણ દુઃખરૂપ લાગે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવી વાત છે.

અહીંયા એ કહે છે, જુઓ ! **'પાષાણ ને સોનું ભેગાં દેખાય પણ જુદાં જ છે...'** એમ ભગવાન આત્મા આત્મતત્ત્વ ને ? રાગ એ તો પુણ્યતત્ત્વ અને પાપત્ત્વ છે. આત્મતત્ત્વ રાગ—પુણ્ય-પાપતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે. નહિતર નવ તત્ત્વ નહિ રહે. આહા..હા...! ભગવાન આત્મા જ્ઞાયકતત્ત્વ પુણ્ય-પાપતત્ત્વથી ભિન્ન છે. જ્ઞાયક તત્ત્વ ભિન્ન છે અને પુણ્ય-પાપ તત્ત્વ ભિન્ન છે. આહા..હા...!

**'પ્રશ્ન :– સોનું તો ચળકે છે એટલે પથ્થર ને તે–બંને જુદા જણાય છે,...'** સોનાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ચમક આવે છે, ચમક. પથ્થરમાં ચમક નથી તેથી બંને જુદા જણાય છે. **'પણ આ કઈ રીતે જુદા જણાય ?'** પણ ભગવાન આત્મા જ્ઞાનની ચમક ક્યાં છે અંદર ? રાગ નથી ચમકતો અને જ્ઞાન ચમકે એમ કઈ રીતે ભિન્ન જણાયો ? સાંભળ તો ખરો.

**'ઉત્તર :– આ જ્ઞાન પણ ચળકે જ છે ને ?'** ચમકે છે એ જ્ઞાન જ છે. રાગને જાણે, પોતાને જાણે એવી ચમકતી વસ્તુ તો ચૈતન્યમાત્ર ચમકતી વસ્તુ છે. આહા..હા...! સોનું જેમ ચમકતી વસ્તુ છે તો લોઢાથી, પથ્થરથી જુદી પડી જાય છે. તો કહે છે, આમાં ક્યાં ચમકે છે ? સાંભળ તો ખરો. આહા..હા..! એ ચૈતન્ય ચમકતી વસ્તુ છે. જે પોતામાં રહીને પોતાને જાણે અને પોતામાં રહીને રાગ આવ્યો તેને ભિન્ન જાણે. એવી ચૈતન્ય ચમકતી વસ્તુ છે અંદર. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'વિભાવભાવ ચળકતા નથી...'** જેમ પથ્થર નથી ચમકતો, સોનું ચમકે છે એમ ભગવાન ચૈતન્ય ચમકે છે. પોતાને જાણે એવો ચૈતન્ય ચમત્કાર છે. અને ચમત્કારનો અર્થ એમ છે કે એક સમયમાં લોકાલોકને સ્પર્શ કર્યા વિના જાણે એવો ચૈતન્ય ચમત્કાર તું છો. આહા..હા...! લોકાલોકને જાણે છે એમ કહેવું એ તો અસદ્‌ભુત વ્યવહારનય છે. કેમ કે જેમાં તન્મય ન થાય તેને જાણે છે એમ કહેવું એ અસદ્‌ભુત વ્યવહારનય છે. પણ પોતાની પર્યાયમાં લોકાલોક સંબંધી જ્ઞાન જે પોતાનું જ્ઞાન છે, એ પોતાની પર્યાયને–જ્ઞાનને જાણે છે. આહા..હા...! એવી ચૈતન્ય ચમકતી વસ્તુ પ્રભુ છે ને ! આહા..હા..! તારો ચમકાર..

આંખ આટલી છે અને અંદર જ્ઞાનની જે પર્યાય છે, ક્ષેત્ર તો અલ્પ છે. જાત્રામાં (પર્વત ઉપર) ચડીએ છીએ ત્યારે પચીસ-પચીસ ગાઉ સુધી દેખાય છે. તો આટલા ક્ષેત્રમાં છે તો આવડું જ ક્ષેત્ર જોવે એમ નથી. એ તો પચીસ-પચીસ જોજનનું ક્ષેત્ર જણાય છે. 'ગિરનાર' ચડતી વખતે અમે તો જોયું છે ને ! એ ચૈતન્ય ચમત્કાર છે. જેને અડ્યા વિના પચીસ-પચીસ જોજનનું, પચીસ-પચીસ ગાઉનું જ્ઞાન પોતામાં રહીને પોતાને પણ જાણે છે અને પરને પણ જાણે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'વિભાવભાવ ચળકતા નથી...'** વિકલ્પ જે રાગ છે એ નથી ચમકતો, એમાં જ્ઞાનનો અંશ ક્યાં છે ? આહા..હા...! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ તો જ્ઞાનીને પણ આવે છે પણ એ ચમકતો નથી. એમાં જ્ઞાન નથી, એ આંધળો છે. આહા..હા...! અરે..! આવી વાતું હવે. સોનાનો અને પથ્થરનો દૃષ્ટાંત આપ્યો. **'જ્ઞાન જ ચળકે છે–જણાય છે.'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એને જ ખ્યાલ આવે છે. એમ કહે છે ને ? હું મને જોતો નથી. પ્રભુ ! એ જોતો નથી એમ કઈ સત્તામાં તેં નિર્ણય કર્યો ? હું જોતો નથી. હું જોતો નથી, હું મને દેખાતો નથી. એ કઈ સત્તામાં નિર્ણય કર્યો ? રાગની સત્તામાં ? કે જ્ઞાનની સત્તામાં ? સમજાય છે કાંઈ ? એ જોતો નથી એ જ જુએ છે. એવી વસ્તુ છે. ઝીણી વસ્તુ બહુ, ભાઈ ! અત્યારે તો વ્યવહારના પક્ષના રસીલાઓ એવા બધા દંભી ઉંધા આઘા થઈ ગયા કે સત્ય વાતને ખોટી વાત સ્થાપીને પોતાની વાત સાચી છે એમ ઠરાવે છે. છે, એ કંઈ નવીન વસ્તુ નથી. અનાદિથી ચાલે છે.

મુમુક્ષુ :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પહેલાં કહ્યું, નહિ ? બાવીસ, તેવીસ કલાક તો એ રળવું ને કમાવું ને ભોગ ને બાયડી ને છોકરા ને કુટુંબને સાચવવા. પાપ, પાપ ને પાપ. એય...!

મુમુક્ષુ :– ફરજ બજાવે છે ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શેનો ફરજ હતો ? પાપની ફરજ છે એની ? પરની રક્ષા કરી શકે છે આત્મા ? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' શાસ્ત્ર તો એમ કહે છે કે પરની દયા તો કરી શકતો નથી. કેમ કે પર પદાર્થ પોતાની પર્યાયથી પર રહે છે. પોતાની પર્યાય સહિત–કાર્ય સહિત રહે છે તો એ કાર્યને પર કાર્ય કઈ રીતે કરે ? પણ પરની દયા પાળવાનો ભાવ આવ્યો, 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' કહે છે કે તારી હિંસા છે. આહા..હા...! વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મા, એ રાગમાં પોતાની વીતરાગતા હણાય જાય છે. આવો માર્ગ છે, બાપુ ! દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવો નથી.

'હસ્તિનાપુર'ના છોકરાઓ છે કે નહિ ? આવ્યા છે ને ? 'હસ્તિનાપુર'ના નથી આવ્યા ? એને પ્રેમ છે. બધા છોકરાઓ છે ને ? છે, છે. પાંચ-છ છોકરાઓ છે. ત્યાં આવ્યા હતા. હમણા ચાર વાગે ત્યાં આવજો. બધા છોકરાઓને લઈને આવજો. હમણા વ્યાખ્યાન પુરું થાય પછી આવજો. તમે પણ આવજો. ક્યાં ગયા ? એ તો કહેતા હતા, હું ચાર વાગે આવીશ. આહા..હા...! લોકો મુકી જાય છે, અમે તો કાંઈ ખાતા નથી. લોકો મુકી જાય છે તો અમે છોકરાઓને બોલાવીને દઈ દઈએ છીએ. પેંડા મુકી જાય છે, કેળા મુકી જાય છે, શું કહેવાય ? સફરજન સો સો મુકી જાય છે. છોકરાઓને આપી દઈએ, અમે તો કાંઈ (ખાતા નથી). અમે તો ચાર પાતળી રોટલી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જમીએ છીએ. આહા..હા..! સમજાય છે કાંઈ ? લોકો બહુ પ્રેમથી મુકી જાય છે. અંદર ઘણું ભેગું થઈ જાય છે. આપણે છે ને ? બોર્ડિંગ. એના છોકરાઓને દઈ દઈએ.

મુમુક્ષુ :- જયપુરના મહા વિદ્યાલયના વિદ્યાર્થીઓને મળ્યું કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીંયા છે તો એને પણ (મળશે). અહીંયા જેમ બોર્ડિંગ છે તેમ અમારે ઇ છે. હમણા કોઈ કહે છે, એક બ્રહ્મચર્ય આશ્રમ બનાવો. પણ મેં તો કોઈ દિ' કોઈ આશ્રમ બનાવો કે મકાન બનાવો કહ્યું જ નથી. પછી કહે, પ્રમુખને કહો. એ શું કરે ? એવું કરવા જાય તો પચાસ, સો, બસો માણસ ભેગા થાય. ચારે કોરથી (આવે છે). સ્થાનકવાસી આવે છે. અમે હમણા ત્યાં હતા ને ? 'હૈદ્રાબાદ', 'હૈદ્રાબાદ' ને ? 'હૈદ્રાબાદ' તો હતા, પછી 'કુરાવડ'માં, 'કુરાવડ'માં તુલસીની તેરાપંથી અર્જિકા હતી. 'ઉદેપુર'માં. એ અમારી પાસે આવી. મહારાજ ! હું આપનું વાંચન કરું છું. હવે મારે આ છોડવાના ભાવ છે તો મને સોનગઢ બોલાવજો. કીધું, અમે કોઈને બોલાવતા નથી. અર્જિકા છે. બીજી 'રાજકોટ'માં છે, એક 'હૈદ્રાબાદ'માં બહાર હતી. બે-ત્રણ માઈલ દૂર હતી. અમારી બાહ્યમાં પ્રસિદ્ધિ સાંભળીને અહીંનું વાંચન કર્યું છે. મહારાજ ! મને આપના દર્શન કરવા છે. પણ બે-ત્રણ માઈલ દૂર જતા નથી. અમે આવીએ તો અમને રોટલા નહિ મળે. અમે જો તમારી પાસે દર્શન કરવા આવશું તો અમને ભ્રષ્ટ માનીને સંપ્રદાયના લોકો રોટલા નહિ આપે. એવા તો ઘણા આવે છે. સ્થાનકવાસી શ્વેતાંબરના સાધુના પત્ર આવે છે કે, અમને ત્યાં રાખો. અહીં તો એ ઉપાધિ કોણ કરે ? આ શિક્ષણ શિબિર તો આ લોકોએ કરી છે એટલું. અમે કોઈને કહ્યું નથી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- ક્યાંથી કાઢે પ્રમુખ ? એમની પાસે પૈસા પડ્યા છે ? અને એ ઉપાધિ કરે કોણ ? આ તો વાત ઝીણી છે, બાપા ! આ તો વ્યાખ્યાન કરવું એ પણ વિકલ્પ છે, ઉપાધિ છે.

**'જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે.'** આહા..હા...! જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન રાગને જાણે, જ્ઞાન શરીરને જાણે, જ્ઞાન લોકાકાશને જાણે, જ્ઞાન છ દ્રવ્યને જાણે. છે ? **'જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય ?'** સોનું છે એ ચમક કોણ જાણે છે ? સોનું જાણે છે ? એનો ચળકાટ તો જ્ઞાન જાણે છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ ભગવાન પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ પ્રભુ, 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી, સ્વરૂપા પરરૂપા ભાસી.' પરને જાણનાર હું છું, કોઈ પરને કરનારો ને પર છે તો હું પરને પ્રકાશું છું એમ પણ નથી. મારી સ્વપરપ્રકાશક શક્તિ જ એવી છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? વસ્તુ એવી સૂક્ષ્મ છે, ભાઈ ! લોકો તો પછી એમ બોલે, સોનગઢ એકાંત છે. એ હથિયાર બહુ સહેલું કરી નાખ્યું છે.

મુમુક્ષુ :– હલચલ નથી, બિલકુલ એકાંત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એકાંત છે તો અનેકાંત નથી, એમ કહે છે. એ તો હવે એટલા પંડિત નીકળ્યા. હવે નીકળ્યા તો વાત આવી શકે છે, નહિતર તો બધા ગડબડ કરતા હતા. 'જૈન દર્શન'માં બહુ આવે છે. એ પત્ર છે ને ? બહુ વિરોધ આવે છે, બહુ વિરોધ આવે છે. શું કરે ? એને સમજાણું એ કરે. 'જામે જિતની બુદ્ધિ હૈ ઇતનો દિયે બતાય, વાંકો બુરો ન માનીએ, ઔર કહાં સે લાય ?' બુરો ન માનીએ, એ પ્રભુ છે, ભગવાન છે. કોઈ પ્રત્યે વિરોધ નથી. ગમે તેટલું કહો. એ પણ આત્મા છે, ભગવાન છે, સાધર્મી છે. પર્યાયમાં એક સમયની ભૂલ છે, ભગવાન તો ત્રિકાળી ભૂલરહિત છે. આહા..! કોઈ પ્રત્યે વિરોધ નહિ, દ્વેષ નહિ. ગમે તે પ્રકારે કહો, જાણવું. આહા..હા...!

**'જેમ સાચાં મોતી ને ખોટાં મોતી ભેગાં હોય તો મોતીનો પારખુ એમાંથી સાચાં મોતીને જુદાં પાડી લે છે,...'** લ્યો ! મોતી.. મોતી. સાચા મોતી આવે છે ને ? **'તેમ આત્માને પ્રજ્ઞાથી ગ્રહવો.'** સાચું મોતી એ છે, રાગાદિ ખોટા મોતી છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ ! **'જે જાણનારો છે તે હું,...'** જેની સત્તામાં જાણવું થાય છે તે હું છું. જાણવાનો ભાવ જેમાં નથી એ જડ રાગ પર છે. આહા..! **'જે દેખનારો છે તે હું...'** એ શ્લોકનો અર્થ છે. 'સમયસાર'નો મૂળ શ્લોક. **'એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદા પાડી શકાય છે.'** જુદા પાડી શકાય છે. આહા..!

**'આ જુદાં પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે.'** જ્ઞાનની દશાથી જ એ જુદું પડે છે. કોઈ રાગની ક્રિયાથી જુદું પડતું નથી. કેમ કે જેને જુદું પાડવું છે એને સાથે રાખીને જુદું પડે ? વ્યવહાર રાગ છે તેને સાથે રાખીને અંદરમાં જુદા પડાય છે ? આહા..હા...! વ્યવહારના વિકલ્પથી જ્ઞાનની પર્યાયથી જુદું કરવું. એ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શ્રાવણ વદ ૭, શુક્રવાર તા. ૨૫-૦૮-૧૯૭૮.
વચનામૃત–૧૯૭, ૧૯૮, પ્રવચન–૭૫

'વચનામૃત' ૧૯૭ ચાલે છે. છેલ્લો પેરેગ્રાફ છે ને ? **'સ્વભાવના મહિમાથી...'** શું કહે છે ? દેહની ક્રિયા થાય છે, બાહ્યની ક્રિયા થાય છે એ તો જડથી પરથી થાય છે. અને પોતામાં કોઈ રાગભાવ આવ્યો, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો, એ પણ રાગ છે. એનો રસ ક્યારે છૂટે ? આહા..! અંતર સ્વભાવ આનંદકંદ પ્રભુની મહિમા આવે તો રાગનો રસ છૂટી જાય. આહા..હા..! એવી વાત છે. બહારના લાખો, કરોડો મંદિરો બનાવે, અબજો રૂપિયા ખર્ચ કરે, એ કોઈ ધર્મ નથી. આહા..હા...! એમાં કદાચિત્ રાગનો ભાવ મંદ થાય છે તો એ પુણ્ય છે.

મુમુક્ષુ :– બંધ થાય કે ન થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પુણ્ય છે. પુણ્ય છે પણ પુણ્યનો રસ છે તો મિથ્યાત્વ છે. આમ વાત છે. આહા..હા..! ભગવાન આત્માનો સ્વભાવ.. આકરો છે, લોકોને એથી આકરું લાગે છે ને ? વ્યવહાર કરો, વ્યવહાર કરો, વ્યવહારથી નિશ્ચય થાય છે. 'સમયસાર'માં પણ લોકોએ એમ લખ્યું છે. વ્યવહારથી 'સમયાસર'માં વાત ચાલે છે પછી છેલ્લે નિશ્ચય છે. અહીં તો પહેલેથી નિશ્ચય થયા વિના સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા...!

રાગ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, મંદિરો બનાવે, કરોડો રૂપિયા ખર્ચવા એ ક્રિયા તો જડની, પરની છે. એમાં કદાચિત્ રાગની મંદતાનો ભાવ થયો હોય તો એમાં જ્યાં સુધી રસ છે કે આ મારી વસ્તુ છે, હું કરું છે અને મને એનાથી લાભ છે, ત્યાં સુધી તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! આકરી વાત. લોકોને બહુ આકરું લાગે.

મુમુક્ષુ :– એક તો પૈસા જાય ને પાછું મિથ્યાત્વ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૈસા ક્યાં હતા એના ? પૈસા જડના છે. જડ જડને કારણે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવ્યું, જડને કારણે રહ્યું અને જડને કારણે ગયા. એ પૈસા મેં ખર્ચ્યા ને મારા છે, એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિની છે. આહા..હા...! એ લક્ષ્મી તો અજીવ છે, ધૂળ છે, પુદ્‌ગલની પર્યાય છે. એ મારી છે, એમ માનવું.. આહા..હા...! એ મિથ્યાદૃષ્ટિ છે, બાપુ ! ભાઈ ! માર્ગ એવો છે. અત્યારે તો એવું બધું કરી નાખ્યું છે એટલે આ વાત એને એકાંત લાગે છે. ખબર છે બધી, દુનિયા શું કહે છે એ ખબર નથી ? સમજાય છે કાંઈ ?

અહીંયા કહે છે, **'સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ-સુખબુદ્ધિ તૂટી જાય છે.'** આહા..હા...! પોતાનો આનંદકંદ પ્રભુ, જ્ઞાનસ્વરૂપી જ્ઞાતા-દૃષ્ટા એવો.. સવારે કહ્યું હતું ને ? એની શક્તિ એટલી અનંત છે કે કોઈ ગુણનો અંત આવી જાય એવી વસ્તુ નથી. ઓહો..હો...! અનંત ગુણ એટલા છે કે અનંત ગુણમાં આ છેલ્લો છે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! એમ અનંત ગુણનો પિંડ પ્રભુ, એની મહિમાથી પરપદાર્થ પ્રત્યે રાગ અને પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ-સુખબુદ્ધિ તૂટી જાય છે. ત્યારે સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? બહુ આકરું કામ છે.

મુમુક્ષુ :- સ્વભાવ તો ઠીક છે પણ મહિમા શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- મહિમા, સ્વરૂપ અંદર ચિદાનંદ જ્ઞાન, આનંદકંદ પ્રભુ છે. રાગના વિકલ્પથી એ જુદો છે. આહા..! અને એકલા ચૈતન્ય ચમત્કારથી પરિપૂર્ણ ભરેલો છે. અને અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંતની કોઈ સંખ્યા નથી. એવા ગુણથી ભરેલો ભગવાન આત્મા છે. આહા..હા...! એ તરફ ઝુકવાથી, એની મહિમા આવે છે તો એ તરફ ઢળી જાય છે. આહા..! ત્યારે તો ધર્મની દૃષ્ટિમાં એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવ્યા એ રાગનો રસ છૂટી જાય છે. એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી. આહા..હા...!

રાગ શુભ છે, બહારની ક્રિયા તો પોતાથી થતી નથી. આ મંદિર બનાવવા ને ભગવાનને પધરાવવા એ ક્રિયા પોતાથી થાય છે એમ ત્રણ કાળમાં નથી. આહા..હા..! અને એમાં કદાચિત્ રાગ મંદ કર્યો હોય તો (પુણ્ય છે). પોતે કરીને માન ખાય કે અમે આટલું કર્યું, અમારી પ્રશંસા કરે તો એ તો પાપ છે. પણ કદાચિત્ રાગની મંદતાનો ભાવ આવ્યો પણ એનો પણ જેને રસ છે, તેને આત્માના સ્વભાવની મહિમાનો રસ નથી. અને જેને આત્મા ચિદાનંદ પ્રભુ, અનાકુળ આનંદનું ધામ, સ્વયં જ્યોતિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સુખધામ.. આહા..હા...! સ્વયં જ્યોતિ, ચૈતન્ય જ્યોતિ, આનંદ જ્યોતિ, સુખધામ. અતીન્દ્રિય આનંદનું સ્થાન. સુખધામ અતીન્દ્રિય આનંદનું અમૃતનું સ્થાન. આહા..હા..! એની મહિમા આવ્યા વિના રાગનો રસ છૂટતો નથી અને રાગનો રસ છે ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો કરોડો મંદિરો બનાવો ને અબજો રૂપિયા ખર્ચો. આહા..હા...! એ તો પરની ક્રિયા છે, પ્રભુ ! તને સમજવું કઠણ પડશે. આહા..હા...!

ભગવાન આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા આનંદસ્વરૂપ છે. એમાં પરની ક્રિયાનો તો અભાવ છે જ, પણ એ રાગ મંદ થયો તેના કર્તાપણાનો પણ અભાવ છે. આવી વાત. સમજાય છે કાંઈ ? એ રાગનો રસ. જેને શુભરાગના ભાવનો પ્રેમ છે એને ભગવાન પૂર્ણાનંદના નાથનો અપ્રેમ નામ દ્વેષ છે. ઝીણી વાત, ભાઈ ! કઠણ પડે એવી છે. શું થાય ? આહા..હા...! અનંત વાર મુનિવ્રત ધારણ કર્યા, પંચ મહાવ્રત લીધા તો પણ એ બધો શુભરાગ હતો. અત્યારે તો એવો શુભભાવ છે જ નહિ. જ્યારે નવમી ગ્રૈવેયક ગયો, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' રાગના રસથી પરમાં રહ્યો 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' રાગનો રસ છૂટીને પ્રભુનો અદ્‌ભુત આનંદરસની મહિમા આવી નહિ અને આનંદરસમાં ગયો નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ?

'નિર્વિકલ્પ રસ મેં રોગ ન શોક લોકવાદ સબ મેટ્યા' આહા..હા..! ભગવાન આત્માનો, રાગના રસમાં પ્રેમ છોડીને.. આહા..હા..! અંતર ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુનો પ્રેમ અને રસ આવ્યો તો અંતરમાં એકાગ્રતા થઈ. એની મહિમા પાસે રાગનો પ્રેમ ને રસ ને અનુભવ છૂટી જાય છે. રાગમાં સુખબુદ્ધિ ને રસબુદ્ધિ હતી તે છૂટી જાય છે. આહા..હા...! ભાષા તો બહુ સરળ છે પણ ભાઈ ! ભાવ બહુ અલૌકિક છે. આહા..હા...!

ચૈતન્યના અનંત ગુણ જે નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યઘન છે, એ તરફના ઝુકાવમાં જે મહિમા આવી, તેને રાગનો રસ અને રાગની સુખબુદ્ધિ છૂટી જાય છે. ચાહે તો ભક્તિનો ભાવ હો ને ચાહે તો તીર્થંકર ગોત્રનો ભાવ હો, પણ એ ભાવ ઉપરથી રસબુદ્ધિ, સુખબુદ્ધિ, હિતબુદ્ધિ છૂટી જાય છે. આહા..હા...! આવી વાત આકરી પડે. ભાઈ ! માર્ગ તો આ છે. આહા..! છે ?

**'સ્વભાવમાં જ રસ લાગે,...'** આહા..હા..! પ્રભુ જ્યાં રાગથી ભિન્ન પડીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આનંદનો રસ આવ્યો, અતીન્દ્રિય આનંદનું વેદન આવ્યું એનું નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનમાં પ્રતીતિ એનું લક્ષણ છે પણ એની સાથે અનંત ગુણના આનંદ આદિનું વેદન આવે છે. ભાઈ ! સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. આહા.હા...! કદી એણે યથાર્થપણે સાંભળી જ નથી, અંતર પરિચય કર્યો નથી, અંતર અનુભવમાં ભગવાન આત્માને લીધો નથી. એને બહારની ક્રિયાકાંડના રાગના રસમાં જીવન અનાદિથી ખોવાઈ ગયું છે. એ કહે છે.

મુમુક્ષુ :– જૈનકુળમાં અમે જન્મ્યા છીએ તો સમ્યગ્દર્શન તો અમને છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જૈનમાં શું, જૈન છે ક્યાં ? જૈન કોને કહીએ ? 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન' જિનસ્વરૂપી વીતરાગમૂર્તિ અનાકુળ આનંદનો કંદ પ્રભુ તો ઘટમાં વસે જ છે. અને જૈન ઘટમાં વસે છે અર્થાત્ એનો અનુભવ કરીને રાગને અને એકત્વબુદ્ધિને જીતી લીધી એને જૈન કહેવાય છે. બાકી વાડાના જૈન એ જૈનાભાસ છે, એ જૈન નથી. આવું છે, બાપુ ! ભગવાનનો આ સંદેશ છે. શું થાય ? સમજાય છે કાંઈ ? આહા..હા...!

મુમુક્ષુ :– ભગવાને આમ કહ્યું છે એમ અમારે કેમ માનવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ન્યાયથી તુલના કરે. ન્યાયથી તુલના કરે કે નહિ ? કે રાગનો રસ છે તો આત્માનો રસ નથી, એમ ન્યાયથી ખ્યાલમાં આવે છે. વ્યવહારથી નિશ્ચય થાય છે એમ માનનારને રાગનો રસ છે. પંડિતજી ! આહા..હા...! સૂક્ષ્મ વાત છે, નાથ, પ્રભુ ! તારી પ્રભુતા એટલી અંદર છે કે એની પાસે પર્યાય પણ પામર છે તો રાગની તો શું વાત કરવી ? આહા..હા...! એવો ભગવાન ચૈતન્ય ચમત્કાર રતન હીરલો છે. 'પરખ્યા માણેક મોતી, પરખ્યા હેમ કપુર, પણ એક ન પરખ્યો આત્મા' શું ચીજ છે ? એ વિના બધું ધૂળ ને ધાણી છે. આહા..હા...!

**'સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે.'** ધર્મી જૈનને, જે જૈન થયા, રાગની એકતા તોડીને જૈન થયા.. આહા..હા..! એને સ્વભાવમાં જ રસ લાગે છે. અતીન્દ્રિય આનંદમાં જ એને રસ લાગે છે. આહા..હા..! ભલે ચક્રવર્તીના રાજમાં દેખાય પણ એને રાગ અને એ પદનો રસ નથી. આહા..હા..! જ્ઞાતા તરીકે જાણવા લાયક થઈ ગયો. રાગ આવ્યો ને છ ખંડ ને છન્નુ હજાર સ્ત્રીઓ, બધું જ્ઞાનના પરજ્ઞેય તરીકે જાણે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'ભરતેશ વૈભવ'માં તો એમ લીધું છે, 'ભરતેશ વૈભવ' છે ને ? પુસ્તક છે ને ? બધું જોયું છે. વ્યાખ્યાન થઈ ગયા છે. આહા..હા...! જેને આત્માનો નિર્વિકલ્પ રસ પ્રગટ્યો, સમ્યગ્દર્શન પ્રગટ થયું એને કોઈ ભોગની વાસના આવે છે પણ કાળા નાગની જેમ એને દુઃખ લાગે છે. રાગની મીઠાશ છૂટી ગઈ છે. સમજાય છે કાંઈ ? ત્યાં તો થોડું એમ કહ્યું છે કે કદાચિત્ રાગ આવ્યો તો દુઃખરૂપ લાગે છે. કાળો નાગ જેમ દેખે ને લાગે એવો રાગ દેખાય. છતાં એ વાસના થઈ, બીજી ક્ષણે નીચે ઉતરીને ધ્યાનમાં બેસે તો નિર્વિકલ્પ દશા થઈ જાય છે. આહા..હા...! કેમ કે અંદર દૃષ્ટિ આત્માના રસ ઉપર છે. રાગ આવ્યો તો જરી જોડાઈ ગયા, પણ રસ વિના જોડાયા છે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

માતાની.. શું કહેવાય એ ગાંધી ગયા હતા ઇ ? 'નવાખંડ'. એમાં એમ થયું હતું, મુસલમાનનું જોર બહુ થયું. માતાને નગ્ન કરીને એના પચીસ, ત્રીસ વર્ષના જુવાન પુત્રને, બન્નેને નગ્ન કરીને આમ ભેટાવતા હતા. અરે..! ભગવાન ! અંદરમાં એમ થતું, અર..ર..ર...! આ શું કરે છે ? બંન્નેને નગ્ન કરીને ઇન્દ્રિયને આમ કરે. અરે..રે...! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ ! જેને રસ ઉડી ગયા છે. માતા, જનેતા (છે). અર..ર..! આ શું થાય છે ? જેના પ્રેમનો રસ છૂટી ગયો છે. એ તો માતા છે. આહા..હા..! અરે..રે...! આ લોકો શું કરે છે ? પછી ગાંધી ગયા હતા. બહુ જુલમ હતો તો ગાંધી ગયા હતા.

ગાંધી અમારે ત્યાં 'રાજકોટ'માં (સંવત) ૧૯૯૫ની સાલમાં વ્યાખ્યાનમાં આવ્યા હતા. ગાંધી આવ્યા હતા, કસ્તુરબા તો બાર, તેર વાર આવેલા. એમની સાથે મહાદેવ દેસાઈ, એ ત્રણ વાર વ્યાખ્યાનમાં આવેલા. ગાંધી પાંત્રીસ મિનિટ બેઠા હતા. પ્રવૃત્તિ ઘણી ને. વ્યાખ્યાનમાં આવેલા, પણ પાંત્રીસ (મિનિટ) બેઠા. મને થોડો વખત છે. એ તો ત્યાં ગયા હતા બિચારા. એની લાઈન લૌકિક. પણ એ કોઈ ધર્મ નહિ. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– આપે શું સંભળાવ્યું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કહ્યું હતું કે હું પરને જીવાડી શકું છું અને પરને સુખી કરી શકું છું, એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મૂઢ છે. અમને ક્યાં કોઈની પડી છે કે આને ઠીક પડે તો કહેવું. બંધ અધિકારમાં છે. 'સમયસાર' 'બંધ અધિકાર'માં છે. હું પરને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બચાવી શકું છું, સુખી કરી શકું છું, સગવડતા આપી શકું છું, એવી પર ક્રિયાનો જે કર્તા થાય છે એ મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે. આહા..હા...!

મુમુક્ષુ :– ગાંધીજીએ બરાબર યાદ રાખ્યું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ યાદ રાખ્યું હતું એણે. થોડા વર્ષ પછી કોઈને કહ્યું, એક મહારાજ મને મૂઢ કહેતા હતા એ ક્યાં છે ? મેં તો સિદ્ધાંત કહ્યો હતો. પણ એને આવું કોઈ સંભળાવનાર મળ્યું નહિ. અને જાણે ઓહો..હો..! અમે જગતના કામ કરી દઈએ, સુખી કરી દઈએ, દેશનો ઉદ્ધાર કરી દઈએ. ધૂળમાં પણ નથી, સાંભળ તો ખરો. અહીં તો આ વાત છે, ભગવાન ! ઇન્દ્ર હોય તો પણ શું ? અમારે શું છે ? દુઃખ લાગે. એને એમ લાગે કે આટલા આટલા કામ કરીએ, લોકો વખાણ કરે કે ઓહો..હો...! ગાંધી મહાત્મા એટલે ? પણ એટલે શું ? આહા..હા...! ભાઈ ! પરને સગવડતા દેવાનું માન છે એ મિથ્યાત્વભાવ છે. હું પર દુઃખીને ભિક્ષા, રોટલી દઉં છું. રોટલી દઉં છું, એ રોટલી જડ છે. એ હું આપું છું એવું મિથ્યા અભિમાન, મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- પહેલાં તો એ ધર્મ જ હતો, આપે કહ્યું તો મિથ્યાત્વ થઈ ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મિથ્યાદૃષ્ટિ જ હતો. એની લૌકિકની લાઈન. પણ આ તો બાર અંગ કોઈ બીજી વસ્તુ છે, ભાઈ ! આહા..હા..! આવ્યા હતા, એની સ્ત્રી તો બાર વાર વ્યાખ્યાનમાં આવેલા. પણ આ વસ્તુ તો અત્યારે ચાલતી નથી. અને ગડબડ કરી. લોકોને કંઈ પડી નથી. બસ ! આમ રાજી રાજી થઈ જાય એવું બનાવે. મંદિર બનાવ્યા ને લાખ, બે, પાંચ, દસ લાખ ખર્ચ્યા ને ગજરથ કાઢ્યા. ધર્મી ધર્મ ધુરંધર છે, ધૂળેય નથી, સાંભળ તો ખરો. આહા..હા...!

અહીંયા કહે છે, **'સ્વભાવનો જ રસ લાગે, બીજું નીરસ લાગે.'** એ રાગ આવે છે એનો રસ નથી આવતો. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો રસ જે સમ્યગ્દૃષ્ટિને આવ્યો, એને રાગનો રસ આવતો નથી. આહા..હા...! આવું વસ્તુ સ્વરૂપ બહુ આકરું, બાપા ! જન્મ-મરણ રહિત થવાની કળા અલૌકિક છે. જન્મ-મરણ ચોરાશીના અવતારથી રહિત.. આહા..હા...!

એક નિગોદના ભવમાં પ્રભુ ! એક શ્વાસોશ્વાસમાં અઢાર ભવ. આહા..હા..! સ્વર્ગના દેવને હજાર વર્ષે આહારનો અમૃત ઓડકાર આવે છે અને પંદર દિવસે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શ્વાસોશ્વાસ લે છે. આહા..હા..! આમ શ્વાસ લેતાં પંદર દિવસ થઈ જાય છે. આ મનુષ્યના શ્વાસોશ્વાસ અહીંયા લેવા. એમાં અસંખ્ય સમય જાય છે. અસંખ્ય સમયમાં નિગોદના ભવ પ્રભુ ! અઢાર ભવ કરે છે. અરે..! પ્રભુ ! એ દુઃખ કેવા હશે ? યાદ ક્યાં છે ? યાદ નથી માટે નહોતું એમ પ્રભુ ! કોણ કહે ? જન્મ થયા પછી છ મહિના, બાર મહિનામાં શું હતું ? માતાએ કઈ રીતે ધવરાવ્યો, નવરાવ્યો ખબર છે ? ખબર નથી માટે નહોતું, એમ કોણ કહે ? સમજાય છે કાંઈ ? એમ અનંત ભવમાં આવા નિગોદના, નરકના ભવ કર્યા, પ્રભુ ! અનંત દુઃખ. તારા દુઃખ જોઈને જગતના પ્રાણીને આંસુ આવે એવા દુઃખ હતા. એવું ભૂલી ગયો માટે નહોતું એમ કોણ કહે ? ભાઈ ! આહા..હા...! સમજાય છે કાંઈ ? અને ભગવાનને ભૂલી ગયો માટે ભગવાન નથી એમ કોણ કહે ? ચૈતન્ય ત્રણ લોકનો નાથ પરમાત્મા ચૈતન્ય ચમત્કારને ભૂલી ગયો. એને ભૂલી ગયો તેથી ચૈતન્ય વસ્તુ ધ્રુવ આનંદકંદ છે એ કંઈ ચાલી જાય છે ? એની દૃષ્ટિમાંથી હટી ગઈ. દૃષ્ટિમાંથી હટી ગઈ માટે વસ્તુ કાંઈ ચાલી જાય છે એમ નથી. આહા..હા...!

અહીં કહે છે, ઝીણી વાત, ભાઈ ! લોકોને આમ બહારમાં એટલો રસ આવે. આટલી સભા ને માણસો ને વીસ-વીસ હજાર, પચાસ હજાર, લાખ-લાખ માણસો આવે અને ધર્મોપદેશ જાણે ચાલતો હોય.. ઓહો..હો..! અરે..! ભાઈ ! એ ઉપદેશની વાણી પણ પોતાની નથી, એ તો જડની પર્યાય છે. ભાષાવર્ગણાની છે, એ આત્માની નહિ. આત્મા ઉપદેશ આપી શકતો નથી. અરે...! ઉપદેશ દેવાના વિકલ્પ આવ્યો, પ્રભુ ! એ પણ રાગ છે. એ પણ 'સમાધિ શતક'માં તો એમ કહ્યું કે એ ઉન્માદ છે. આહા..! મુનિએ કહ્યું ને પોતાને ? આહા..હા..! 'પૂજ્યપાદસ્વામી'. ઉન્મત્તો.

મુમુક્ષુ :– ઉન્મત્તો, ઉન્મત્તો એમ કહ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉન્મત્તો એ ઉન્માદ છે, પ્રભુ ! અર..ર..ર..! એ લાખો, કરોડો રૂપિયા ખર્ચે અને રાગની મંદતા થાય એ ઉન્માદ છે. આહા..! જગતને કઠણ (પડે), બાપુ ! સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય અલૌકિક વાત છે. અરે...! 'દીપચંદજી' બસો વર્ષ પહેલાં થયા. 'ભાવ દીપિકા' બનાવ્યું છે. 'અધ્યાત્મ પંચ સંગ્રહ' છે, 'ચિદ્ વિલાસ' છે, 'અનુભવ પ્રકાશ' છે. બધું છે, બધું જોયું છે. અહીંયા બધા પુસ્તક છે. એમણે લખ્યું કે અરે..રે..! હું તો કોઈ જીવને જોઉં છું તો આગમ અનુસારી શ્રદ્ધા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મને દેખાતી નથી. બધા પ્રાણીને જોઉં છું તો આગમ અનુસારી શ્રદ્ધા પણ મને દેખાતી નથી અને હું કહું છું તો એને સાંભળતા નથી. અરે..! તમારી નિશ્ચયાભાસની વાત છે, (એમ કહી દે છે). 'ભાવ દીપિકા'માં છે. તો હું લખીને જાઉં છું, માર્ગ આ છે. અત્યારે તો લોકો સાંભળે છે. આહા..! દસ, દસ હજાર માણસ, 'ભોપાલ'માં ચાલીસ હજાર માણસ. હમણા 'કુરાવડ'માં ગયા હતા ત્યારે દસ, બાર હજાર માણસ હતા. પંચ કલ્યાણક હતા ને ? સાંભળે છે. આ તે છે શું ? આખી દુનિયાથી જુદી જાતની વાત આ શું કહે છે ? પણ લોકો સાંભળે છે. આ છે શું ? અને એકધારું ૪૩-૪૪ વર્ષથી ચાલે છે. અહીંયા ૪૪ ચોમાસા થયા. ૪૪ મું ચોમાસુ ચાલે છે. અહીં તો પહેલેથી ૪૩-૪૪ વર્ષથી આ વાત ચાલે છે. આહા..!

પ્રભુ ! પણ તું સાંભળ તો ખરો. આહા.! તારો ચૈતન્યકંદ આનંદ નાથ, એની જેને દૃષ્ટિ (થઈને) મહિમા આવી, એને રાગનો રસ અને મહિમા છૂટી જાય છે. આહા..હા...! એ શુભભાવની જેને મહિમા છે એને ભગવાન આત્માની મહિમા નથી. અને જેને આનંદકંદની મહિમા છે તેને રાગની મહિમા નથી. સમજાય છે કાંઈ ? આહા..!

આજે એક જાતિસ્મરણનું આવ્યું છે, ભાઈ ! 'બોટાદ'માં. એની ઉપરથી બેન વિદેહથી આવ્યા છે. એ લોકોને ઝટ ન બેસે. હમણા 'બોટાદ'ના એક છોકરાની વાત છે. અમારો 'બોટાદ' સંપ્રદાય હતો ને. ત્યાં એક રાણા રજપૂત હશે. દવાખાનામાં કામ કરે છે. એનો છ વર્ષ પહેલાં એક દીકરો મરી ગયો. છ વર્ષ પહેલાં. મોટું લખાણ આવ્યું છે. છ વર્ષ પહેલાં એ દડે રમતો હતો. મોઈ.. મોઈ.. લાકડીની મોઈ હોય છે ને ? એ મોઈ પડી ગઈ કૂવામાં. કૂવામાં આમ જોવા ગયો ત્યાં પડી ગયો, મરી ગયો. છ વર્ષ પહેલાં. અને અગિયાર મહિના પછી એ જ માતાની કુખે આવ્યો. મોટું લખાણ આવ્યું છે. એ જ માતાની કુખે આવ્યો. પહેલાં સ્વપ્ન આવ્યું કે હું અહીંયા જ રહીશ, બીજે નહિ જાઉં. આજે મોટું લખાણ આવ્યું છે. એ વાત હોઈ શકે, એમાં કોઈ વિશેષતા નથી. આહા..હા...!

બેનને તો અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણ છે. અસંખ્ય અબજ વર્ષની વાત જાણે કાલની જોતા હોય એમ અંદર જુએ છે. પણ એ વાત લોકોને બેસવી (કઠણ પડે છે). લોકો કહે છે કે એ તો વિસ્મય છે ને આશ્ચય કરાવવા માટે કહે છે. અરે..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રભુ ! સાંભળ તો ખરો, નાથ ! આવી વસ્તુ આવી ગઈ છે. આજે મોટું લખાણ આવ્યું છે, મને કોઈએ બતાવ્યું હતું. ભાઈ લાવ્યા હતા. છ વર્ષ પછી બોલ્યો કે હું તો પૂર્વનો 'હિતેન્દ્રસિંહ' કે એમ કાંઈક છે. આ મારો ફોટો છે, હું આ છું. આ મારો મિત્ર છે, મારી નાની બહેનને સાથે લઈને નિશાળ જતો હતો. બધી વાત કરી. લોકો તો દંગ થઈ ગયા. 'બોટાદ' અહીંથી ૨૫ માઈલ છે. એ તો હો, એમાં નવી શું વસ્તુ છે ? મિથ્યાદૃષ્ટિને પણ પૂર્વનું જાતિસ્મરણ થાય છે, એમાં શું છે ? મિથ્યાદૃષ્ટિને વિભંગ (જ્ઞાન) થાય છે. અભવિને પણ. સાત દ્વીપ અને સાત સમુદ્ર દેખે, એમાં શું છે ? સમજાય છે કાંઈ ? એ તો અજ્ઞાનની મતિની ધારણાનો ભેદ છે તો અજ્ઞાનીને પણ સ્મરણ થઈ જાય છે, એમાં નવી વસ્તુ શું છે ? આહા..! લોકોને એમ લાગે કે આવું હોય ? પણ આ પ્રત્યક્ષ છે અહીંયા, જો ! સમજાય છે કાંઈ ? આહા..!

અમારી પાસે તો રિપોર્ટ લેવા આવ્યા હતા ને ? બેન પોતે છે પણ બેનના ભાઈની દીકરી ને ? એને જાતિસ્મરણ થયું. છે મિથ્યાત્વ, પણ અહીંયા બતાવ્યું. 'જૂનાગઢ'ના લુહાણાની હું દીકરી છું. 'ગોકણ' એનું નામ છે. હમણા ગયા હતા. છોડી છે અત્યારે. બેનના ભાઈની દીકરી. અહીંયા રિપોર્ટ લેવા આવ્યા હતા. 'અમેરિકા'થી આવ્યા હતા. અહીં આવ્યા. મારી સાથે વાતચીત થઈ. એણે કહ્યું, આવા જાતિસ્મરણવાળા કેસ મારી પાસે એક હજાર છે. 'યુરોપ'માં, 'આફ્રિકા'માં, 'અમેરિકા'માં. છોડીનો રિપોર્ટ (લીધો). છોડી તો પંદર-સોળ વર્ષની થઈ ગઈ છે.

'જૂનાગઢ' ગયા હતા. 'જૂનાગઢ' ગયા તો તેના માતા, પિતા, ઘર, મકાન બધું બતાવ્યું. અત્યારે છે. એના પિતાજી અહીંયા આવે છે. લુહાણા છે. લુહાણા સમજ્યા? લુહાણા હોય છે ને ? લુહાણાને શું કહે છે ? લુહાણા જ્ઞાતિ છે. અહીંયા આવે છે. ત્યાં જઈને બરાબર (બતાવ્યું કે) હું અહીંયા મકાનમાં રહેતી હતી, અહીંયા કોલસા છે, અહીંયા આ છે. મારી બેનને.. પેલી શું કહેવાય ? ગરબી. ગરબી કહે છે ને ? આસો મહિનામાં ગરબી થાય ને ? ગરબી, ગરબી થાય છે. તો હું ફરતી હતી. નાની ઉંમરની બધી વાત એણે કરી તો પેલા તો વિસ્મય થઈ ગયા. એના પિતા અહીંયા ઘણી વાર આવે છે. એ કોઈ નવી વસ્તુ નથી. આહા..હા..! એ જાતિ કરતાં આત્મજાતિનું જ્ઞાન થવું એ યથાર્થ જાતિસ્મરણ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! એ તો જાતિસ્મૃતિ ભવનું જ્ઞાન છે. આ તો જાતિ–આત્મજાતિ છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનંત અનંત અનંત અનંત ગુણનો પિંડ, આનંદનો નાથ, એનું અંદરથી સ્મરણ આવવું,.. આહા..હા...! એનો અનુભવ થવો એ જ પ્રથમ દરજ્જાનો ધર્મ છે. એ વિના બધું એકડા વિનાના મીંડા છે. મીંડા.. મીંડા. આહા..! લાખો ભક્તિ કરે ને કરોડો રૂપિયા ખર્ચે, બધી હો.. હા કરે, એ બધો રાગ અને નિરર્થક વાત છે. સમજાય છે કાંઈ ?

એ અહીં કહે છે, **'ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ...'** આહા..હા...! **'ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય.'** જણાય છે. જ્યારે સ્વભાવ શુદ્ધ ચૈતન્યનું, રાગથી પૃથક પડી સમ્યગ્દર્શન થયું ત્યારે જ્ઞાનના આનંદનો રસ આવ્યો. આહા..! **'ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય.'** રાગથી ભિન્નની સંધિનું જ્ઞાન ત્યારે થાય છે. આહા..હા...! એ વિકલ્પ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો હો પણ એનાથી ભિન્ન સંધિ જણાય છે. અંતર સ્વરૂપની દૃષ્ટિ કરવાથી રાગની ભિન્ન સંધિ જણાય છે, ખ્યાલ આવે છે. રાગ અને ભગવાન કદી એક થયા નથી. સમ્યગ્દર્શનમાં એવી સૂક્ષ્મ અંતઃસંધિનું જ્ઞાન થાય છે. આહા..હા...! અરે..! આવી વાતું હવે.

બહાર અસંખ્ય તિર્યંચ છે ને ! સમકિતી છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય તિર્યંચ સમકિતી છે. એક સમકિતી અને અસંખ્ય મિથ્યાદૃષ્ટિ, એટલી તિર્યંચની સંખ્યા ત્યાં છે. એમાં કોઈ સમકિતી તિર્યંચને જાતિસ્મરણ છે, કોઈને અવધિજ્ઞાન પણ છે, આહા..હા...! કોઈએ પૂર્વે સાંભળ્યું હતું એ વાતને અંદર યાદ કરીને અનુભવ કર્યો. એવા છે, અસંખ્ય છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! ભગવાન આત્માની બલિહારી છે, પ્રભુ !

'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં તો કહ્યું છે, કે તિર્યંચના સમકિત અને સિદ્ધના સમકિતમાં કોઈ ફેર નથી. પંડિતજી ! આહા..હા..! ભલે ચારિત્રમાં–સ્થિરતામાં ફેર હો. પણ સમ્યગ્દર્શન જે ચિદાનંદ પ્રભુનો અનુભવ થયો અને એમાં પ્રતીતિ થઈ એ સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ હો કે સમ્યગ્દૃષ્ટિ સિદ્ધ હો, સમ્યગ્દર્શનમાં કોઈ ફેર નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? બાપુ ! મારગડા જુદા, ભાઈ ! ગણધરદેવ કહે છે. ગણધરદેવે એમ કહ્યું છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં લખ્યું છે. તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત, બન્ને એક સરખા છે, એમ ગણધરદેવ કહે છે. આહા..હા...! પણ એ શું ચીજ છે એની ખબર નથી. આહા..હા...! શું કહ્યું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'અંતરની સૂક્ષ્મ સંધિ જણાય.'** એ રાગનો વિકલ્પ જે શુભ છે, એનો રસ છૂટીને જ્યાં ચૈતન્યનો રસ આવ્યો તો બન્ને વચ્ચેની સંધિ, બન્ને એક નહોતા, એવી સંધિ જણાય છે. આહા..હા...! એક હોય તો ભિન્ન પડે નહિ અને ભિન્ન પડે તો એક થયા જ નથી. એવું સમ્યગ્દર્શનમાં જણાય છે. આહા..હા...! આરે..! આવી વાતું હવે. ભાઈ ! મારગડા પ્રભુના વીરના માર્ગ છે, બાપા ! એ કાયરના કામ અહીં નથી. પુણ્યમાં ધર્મ માને એ કાયરો, નપુંસકો (છે). પુણ્ય-પાપ (અધિકારમાં) લીધું છે, શુભભાવને માનનારા શુભભાવથી નથી ખસતા એ નપુંસક છે. હિજડાને જેમ વીર્ય નથી તો પુત્ર થતા નથી, એમ શુભભાવમાં ધર્મની પ્રજા ન હોય. આહા..હા...!

સ્વરૂપ આત્માનું જે વીર્ય છે એ વીર્યનું કાર્ય શું ? એ ૪૭ શક્તિમાં આવ્યુ છે. બધા વ્યાખ્યાન થઈ ગયા છે. અહીં તો ૪૩ વર્ષથી ચાલે છે. સ્વરૂપની રચના કરે તે વીર્ય. રાગની રચના કરે તે નપુંસક. જ્ઞાનીને પણ રાગ આવે છે પણ એટલી અંદર નપુંસકતા છે. આહા..હા...! શું કહ્યું ? ૪૭ શક્તિમાં છે. વીર્ય–ભગવાનનું આત્મબળ એને કહીએ કે જે સ્વરૂપની શુદ્ધતા–સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની રચના કરે. એનું નામ વીર્યનું કાર્ય છે. શુભની રચના કરે એ વીર્યનું કાર્ય નહિ. પંડિતવીર્ય. અંદર વસ્તુ–વીર્ય, આત્મબળ. આ વીર્ય જે સ્ત્રીને, પુત્રને હોય છે એ તો જડ, માટી–ધૂળ છે. આહા..!

આત્મામાં એક વીર્ય નામનો ગુણ છે અને વીર્ય નામના ગુણનું રૂપ દરેક ગુણમાં છે. આહા..હા...! શું કહ્યું ઇ ? આત્મામાં એક વીર્ય નામનું ગુણ છે તો એ ગુણનું દરેક ગુણમાં (રૂપ છે). જ્ઞાનમાં વીર્યશક્તિ છે, વીર્યનું રૂપ છે. વીર્યશક્તિ ભિન્ન રહે છે પણ વીર્યની શક્તિ જ્ઞાનગુણમાં પણ છે. જ્ઞાનનું સામર્થ્ય જે અંદર છે એ વીર્યનું રૂપ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– વીર્ય નામનો ગુણ આત્મામાં છે તો આત્માનું શું કામ કરે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો કહ્યું ને ? પુરુષાર્થથી સ્વરૂપની રચના કરે છે. નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાનની રચના કરે એ વીર્ય. અને એ વીર્ય દરેક ગુણમાં, અનંત ગુણમાં એની શક્તિ વ્યાપી છે. આ વાત આકરી. જ્ઞાનમાં જ્ઞાનશક્તિ, દર્શનમાં દર્શનશકિત, ચારિત્રમાં ચારિત્રશક્તિ, અસ્તિત્વમાં અસ્તિત્વની શક્તિ, વસ્તુત્વમાં વસ્તુત્વશક્તિ, પ્રમેયત્વમાં પ્રમેયત્વશક્તિ (છે). આહા..હા...! એક એક શક્તિમાં વીર્યનું રૂપ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વીર્યગુણ જે છે એ બીજા ગુણની અંદર નથી જતો પણ વીર્યનું જે તત્ત્વ છે એનું રૂપ અનંત ગુણમાં છે. આહા..હા...!

જેમ સત્તા નામનો એક ગુણ છે, અસ્તિત્વ નામનો, સત્તા નામનો ગુણ છે એ ગુણ પોતામાં સત્તા રાખે છે પણ જ્ઞાનગુણમાં એ સત્તાનું રૂપ છે. ઇ શું ? જ્ઞાન છે, તે પોતાથી છે. એમ સત્તાનું રૂપ જ્ઞાનમાં પણ છે. અરે..રે...! આવો આત્મા ક્યાં...? સમજાય છે કાંઈ ? આહા..! કઠણ લાગે, બાપુ ! અભ્યાસ નથી, ભાઈ ! અને અભ્યાસ અત્યારે બીજા થઈ ગયા. પંડિતો ને સાધુ બહારમાં ધમાધમ કરે. હવે એમાં આ વાત સાંભળવા ન મળે એટલે કઠણ લાગે. શું થાય ? દુનિયાની ખબર નથી ? બધી ખબર છે. હિન્દુસ્તાનમાં દસ દસ હજાર માઈલ ત્રણ વાર ફર્યા છીએ. ઘણું બધું જોયું છે. અરે..! પ્રભુ ! આ મારગડા કોઈ જુદા છે, ભાઈ !

સત્તા નામની જે શક્તિ છે એ જ્ઞાનની સત્તામાં એ શક્તિ જતી નથી, પણ જ્ઞાનની શક્તિમાં છે, એમ સત્તા નામની શક્તિનું રૂપ એમાં છે. આહા..હા...! એમ શ્રદ્ધા નામના ગુણમાં સત્તાગુણ જતો નથી, પણ શ્રદ્ધા છે, એવું સત્તાગુણનું રૂપ શ્રદ્ધાગુણમાં છે. આહા..હા...! એમ આનંદગુણ જે છે.. આહા..હા...! અતીન્દ્રિય આનંદગુણ છે, એમાં સત્તાગુણ જતો નથી પણ આનંદગુણ છે, એવું સત્તાગુણનું રૂપ એમાં છે. આહા..હા...! અરે..! આકરી વાતું બહુ, ભાઈ !

ભગવાન તો અનંત શક્તિનો પિંડ છે અને એક એક શક્તિમાં અનંત શક્તિનું રૂપ છે. એવો સાગર–મહાસાગર પ્રભુ છે. ચૈતન્ય રત્નાકર છે. ચૈતન્ય રત્નાકર. આહા..! ચૈતન્યના રત્નથી ભરેલો આકર નામ દરિયો–સમુદ્ર છે. એની જેને સમ્યગ્દર્શનમાં દૃષ્ટિ થઈ અને એની જેને મહિમા આવ્યો, એને રાગનો મહિમા ને રસ છૂટી જાય છે. અને રાગ અને આત્મા વચ્ચે સંધિ છે એ અનુભવમાં સમકિતીને સંધિ જણાય છે. અજ્ઞાનીને એ સંધિ જણાતી નથી. આહા..હા...! ઇ શું કહ્યું ?

**‘ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય.’** રાગ ને આત્મા ભિન્ન છે એવી સંધિ સમ્યગ્દષ્ટિને જ્ઞાન થાય છે. અજ્ઞાનીને તો રાગને હું કરું છું અને રાગ મારી વસ્તુ છે, રાગ કરતા કરતાં મને આત્મજ્ઞાન થશે (એમ માને છે) રાગ અને સ્વભાવ વચ્ચે સંધિ છે એનું એને જ્ઞાન નથી. આહા..હા...! આવી કઈ વાત આ તે ? કઈ જાતનો ઉપદેશ આ ? આહા..હા...! અમે તો બધાને જાણીએ છીએ ને. ૬૬ વર્ષથી દુકાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છોડીને તો આ ધંધો છે. ૬૬ વર્ષ. સંવત (૧૯૬૮) ના વૈશાખમાં દુકાન છોડી દીધી. સંવત ૧૯૬૮. તમારા જન્મ પહેલાંની વાત છે. અમે તો દુકાન ઉપર પણ અભ્યાસ કરતા હતા. પિતાજી સ્થાનકવાસી હતા ને તો દુકાન ઉપર એના શાસ્ત્ર વાંચતા હતા. ઘરની દુકાન હતી. અને નાની ઉંમરમાં ૧૭-૧૮ વર્ષની ઉંમરે પહેલું પુસ્તક મળ્યું હતું. 'અધ્યાત્મ કલ્પદ્રૂમ' નામનું શ્વેતાંબરનું પુસ્તક છે. એ પહેલાં જોયું. એમાં વૈરાગ્યની વાત હતી, તત્ત્વની વાત એમાં નથી. આહા..હા...!

'સમયસાર' જ્યારે હાથમાં આવ્યું.. આહા..હા...! (સંવત) ૧૯૭૮ માં જ્યારે વાંચ્યું.. ઓ..હો...! આ તો અશરીરી થવાની વસ્તુ છે. સિદ્ધ થવાની આ વસ્તુ છે. એમાં વાચ્ય જે છે એ સિદ્ધ થવાની વસ્તુ છે. વાચક તો શબ્દ છે, એમાં ક્યાં વાચ્ય છે ? સમજાય છે કાંઈ ? આહા..હા...!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીંયા પહેલાં તો 'બોટાદ' આવ્યા હતા. (સંવત) ૧૯૭૭ ની સાલ. પણ વાંચ્યું નહોતું, છોડી દીધું. પછી અહીં 'દામનગર' છે, 'દામોદર' શેઠ હતા. દિગંબરના બધા પુસ્તક રાખતા હતા. મોટા ગૃહસ્થ હતા, ગરાસિયા હતા. ઘરે તો દસ હજારની ઊપજનું એક ગામ હતું. ચાલીસ હજારની ઉપજ હતી. ઘરે આરબ હતા, ઘરે ઘોડા, હાથી. અને શું કહેવાય બંદુકને ? આરબ બંદુક રાખતા હતા. અમારી નાતના વાણિયા હતા. પણ મોટા હતા. અમે દિગંબર પુસ્તક વાંચતા હતા તો દિગંબર પુસ્તક લીધા. ઘણા રાખતા હતા. એમની પાસે પહેલું મળ્યું. મળ્યા પછી મેં જંગલમાં જઈને જોયું. ગામ છોડીને એક માઈલ છેટે મોટો ખાડો છે. લાખો મણ ધૂળ કાઢેલો ખાડો છે. આહા..હા...! આ ચીજ ! સમજાય છે કાંઈ ? ૩૨ સૂત્રમાં એ (વાત) ક્યાંય (નથી). કેટલા વર્ષ થયા તો પણ કંઈ પત્તો ન લાગ્યો. એમાં છે જ નહિ. શ્વેતાંબર શાસ્ત્રમાં સત્ય વાત છે જ નહિ. એ કૃત્રિમ છે. દિગંબરમાંથી બે હજાર વર્ષ પહેલાં નીકળેલા છે. કૃત્રિમ. મિથ્યાત્વ થયા પછી શાસ્ત્ર રચ્યા અને સર્વજ્ઞનું નામ આપ્યું છે. લોકો બિચારા મુંઝાઈ ગયા. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ સર્વજ્ઞની વાણી છે. આહા..હા...! 'સમયસાર' સર્વજ્ઞની વાણી છે. એમાં આ આવ્યું. આહા..હા...!

પ્રભુ ! તને રાગથી ભિન્ન જ્યારે આત્માનું જ્ઞાન થશે, તને બે વચ્ચે એકતા નથી ને સંધિ છે એનો ખ્યાલ આવશે. આહા..હા...! છે ? **'એમ ન હોય કે પરમાં**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**તીવ્ર રુચિ હોય...**' રાગમાં રુચિ–પ્રેમ હોય અને '**ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.**' એમ કદી બનતું નથી. આહા..હા...! શુભરાગ જે વિકલ્પ છે, શુભ, આહા..! તેની જ્યાં સુધી રુચિ હોય, તીવ્ર રુચિ હોય અને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે એમ બનતું નથી. આહા..હા...! કેમ કે 'રુચિ અનુયાયી વીર્ય.' રાગની રુચિ છે તો વીર્ય ત્યાં કામ કરે છે, અજ્ઞાનમાં. આહા..હા...! અને પોતાનો આનંદસ્વરૂપ ભગવાનની રુચિ થઈ તો રુચિ અનુયાયી વીર્ય, વીર્ય ત્યાં કામ કરે છે. આહા..! આવી વાત છે, ભાઈ ! સમાજમાં આવી વાત કરવી ? બાપુ ! સમાજ એ આત્મા છે કે નહિ અંદર ? એક આત્મા એવો પ્રભુ અંદર બિરાજે છે ને ! આહા..હા...! દેહને ન જુઓ, પ્રભુ ! આ દેહ તો માટી જડની ક્રિયા છે. આહા..હા...! અંદર રાગ આવે છે એ તો વિકૃત અવસ્થા છે. એ સિવાય પરમાત્મા ભગવાન અંદર બિરાજે છે એ તો આનંદકંદ છે. આહા..હા...!

રાગનો રસ હોય, ભલે શુભરાગ હોય, દયા, દાન, ભક્તિ, પૂજા, (પૈસા) ખર્ચવા, પણ ત્યાં રસ છે.. આહા..! અને ઉપયોગ અંદરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે (એમ બને નહિ). બે વાત કરી કે રાગથી ભિન્ન પોતાનું જ્ઞાન થયું ત્યાં રાગ અને આત્મામાં એકતા નહોતી એ સંધિનું જ્ઞાન થયું. પણ જ્યારે રાગનો રસ છે તો રાગથી એકત્વબુદ્ધિ છે એને જ્ઞાનમાં અંતર બુદ્ધિ–ઉપયોગ કામ કરે એમ બની શકે નહિ. શું કહ્યું ઇ ? જેને રાગનો રસ છે એ રાગથી ભિન્ન પડવાનું પ્રજ્ઞાછીણીનું કામ કરે એમ બની શકે નહિ. આહા..હા...!

મુમુક્ષુ :– રાગ તો ઠીક, રસ એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એકત્વ થવું એ રસ. એકત્વ થઈને બીજો ભાવ છૂટી જાય એનું નામ રસ છે. 'સમયસાર'માં નવ રસ આવે છે. જીવ અધિકાર પૂરો થાય છે ત્યાં નવ રસ આવે છે. વિષયની વાસનામાં એકાકાર થાય છે તો બીજા વિકલ્પ છૂટી જાય છે. બીજા વિકલ્પ રહેતા નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે એમ બને નહિ. શું કહે છે ? બે વાત કરી. રાગનો રસ છૂટીને ચૈતન્યના રસનું જ્ઞાન સમ્યક્‌માં થયું તો રાગ અને આત્મા વચ્ચે સંધિ છે તેનું જ્ઞાન એને થયું. એકતા તૂટી તો એકતા નહોતી એવું જ્ઞાન થયું. આહા..હા...! અને જ્યારે રાગનો રસ રહે અને રાગથી ભિન્ન પડવાની પ્રજ્ઞાછીણી કામ કરે, એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કદી બનતું નથી. આહા..હા...! આવું છે. કહો. તમે પત્રિકા કાઢો છો ને ! આહા..!

એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ. રાગરસ રહે અને રાગથી ભિન્ન પ્રજ્ઞાછીણી કામ કરે, એમ બની શકતું નથી. ગજબ વાત છે, ભાઈ ! શુભરાગનો રસ પણ છોડવો પડશે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય.. આહા.હા...! ચાહે તો ભક્તિનો ભાવ ને દાનમાં કરોડો, અબજો ખર્ચ્યા હોય, પણ એ ભાવ રાગ છે. એ ક્રિયા તો પરની છે. ઇ રાગનો રસ રહે અને રાગથી ભિન્ન કરવાનું કાર્ય પ્રજ્ઞા કરે એમ બની શકતું નથી. ભાષા તો સાદી છે, પ્રભુ ! આહા..હા...!

તારી પ્રભુતાનો પાર નથી, પ્રભુ ! પણ એ પ્રભુતાની એને ખબર નથી. આહા..! એ પરમેશ્વરસ્વરૂપ પ્રભુ છે. તારું સ્વરૂપ 'અપ્પા સો પરમઅપ્પા.' આહા..હા...! આત્મા તે પરમાત્મા છે. આહા..હા...! ભગવાન પર્યાયમાં પરમાત્મા થયા, તારો સ્વભાવ પરમાત્મા છે. સમજાય છે કાંઈ ? એ પરમાત્માની જ્યાં દૃષ્ટિ થઈ તો રાગનો રસ છૂટી ગયો. અને રાગનો રસ રહે અને રાગથી ભિન્ન પડવાનું કામ જ્ઞાન કરે, એમ કદી બનતું નથી. આહા..હા...! એ ૧૯૭ (બોલ પૂરો) થયો.

**જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં કર્તાપણું છૂટે છે. વિભાવ પોતાનો સ્વભાવ નથી તેથી આત્મદ્રવ્ય કાંઈ પોતે ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી, દ્રવ્ય તો શુદ્ધ રહે છે; માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે 'પર એવા જડ પદાર્થને હું કરું છું, રાગાદિ મારું સ્વરૂપ છે, હું વિભાવનો ખરેખર કર્તા છું.' વગેરે ભ્રમણા થઈ રહી છે. યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય તો કર્તાપણું છૂટે છે. ૧૯૮.**

૧૯૮. '**જ્ઞાતાપણાના અભ્યાસથી...**' હું તો જાણનાર છું, રાગ પણ નહિ ને પર પણ નહિ. જાણનાર-દેખનાર જ્ઞાતા-દૃષ્ટા હું છું, એવા અભ્યાસથી '**જ્ઞાતાપણું પ્રગટ થતાં...**' '**જ્ઞાતાપણાના અભ્યાસથી...**' શું કહ્યું સમજાણું ? વ્રત, તપનો રાગ આવ્યો એનાથી નહિ. જ્ઞાતાપણાના અભ્યાસથી-હું તો જાણનાર-દેખનાર છું. લક્ષણ જે જ્ઞાન છે તેનાથી લક્ષિત થનારી વસ્તુ છું. એ અબંધ. જ્ઞાન લક્ષણથી લક્ષિત થનારી વસ્તુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અબંધ. અને રાગ લક્ષણથી બંધ થવાવાળી વસ્તુ–બંધ. બંધનું લક્ષણ રાગ અને આત્માનું લક્ષણ જ્ઞાન. એ જ્ઞાન લક્ષણ અબંધને બતાવે છે અને રાગ લક્ષણ બંધને બતાવે છે. આહા..હા...! આવી વાતું પણ આકરી બહુ, બાપા !

પ્રભુ ! તું મોટો છો, ભાઈ ! તને ખબર નથી. તારી મોટપની મહિમાનો પાર નથી. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં..' ભગવાને જે સર્વજ્ઞ સ્વરૂપ જોયું 'કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો' વાણી દ્વારા ચૈતન્યની વાત કેટલી કરાય ? પ્રભુ ! દુશ્મન દ્વારા મિત્રની, સજ્જનની વાતું કેટલી કરાય ? વાણી જડ, ભગવાન ચૈતન્ય, બન્ને વિરૂદ્ધ. વાણી દ્વાર ચૈતન્યનું સ્વરૂપ પ્રભુની વાણીમાં કેટલું આવે ? 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં' ભાષા તો ગુજરાતી છે. સર્વજ્ઞે જ્ઞાનમાં જે દીઠું 'કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો, તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?' એ ભગવાનની વાણીમાં પણ ચૈતન્યનું પૂરું રૂપ આવ્યું એમ પણ કહેવાય છે, હોં ! અને પછી પૂર્ણ નથી આવતું, અનંતમે ભાગે આવે છે, એમ 'ગોમ્મટસાર'માં છે. ભગવાને જેટલું દીઠું એનાથી અનંતમે ભાગે વાણીમાં આવે છે. અને સાંભળનારને અનંતમે ભાગે જ્ઞાન થાય છે. આહા..હા...! એક બાજુ પાંચમી ગાથામાં એમ આવે છે કે ભગવાન પૂર્ણ કહે છે, એમ પણ આવે છે. એ અપેક્ષાથી (કહ્યું છે). પાંચમી ગાથામાં છે. સમયસાર ટીકા, 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકામાં છે.

અહીં કહે છે, **'જ્ઞાતાપણાના અભ્યાસથી...'** આહા..હા...! રાગની ક્રિયાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થાય છે, એમ નહિ. આહા..હા...! બહુ માર્ગ આકરો. **'જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં કર્તાપણું છૂટે છે.'** હું તો જ્ઞાતા-દૃષ્ટા મારો ત્રિકાળી સ્વભાવ છે. એના અભ્યાસથી જાણવું-દેખવું પર્યાયમાં પ્રગટ થાય છે. આહા..હા..! એ પ્રગટ થતાં **'કર્તાપણું છૂટે છે.'** એ રાગનો વિકલ્પ આવે છે તેનું કર્તાપણું જ્ઞાનીને–ધર્મીને છૂટી જાય છે. કેમ ? જ્ઞાતાપણું.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાતા.. જ્ઞાતા.. જ્ઞાતા.. જ્ઞાતા એવો અભ્યાસ કરતાં જ્ઞાતા પ્રગટ થયો, એ જ્ઞાતા પ્રગટ થતાં. રાગનો જ્ઞાતા થયો અને રાગનું કર્તાપણું છૂટી ગયું. રાગનો પણ જ્ઞાતા છે. પોતાનો જ્ઞાતા છે અને રાગનો જ્ઞાતા છે એવો ભાવ પ્રગટ થાય છે. આહા..હા...!

વ્યવહાર રત્નત્રય જાણેલો પ્રયોજનવાન છે, એમ બારમી ગાથામાં આવ્યું છે. બહુ તકરાર (છે). એમાં **'ववहारदेसिदा'** વ્યવહાર દેખાડવો (એમ આવે છે). પણ દેખાડવો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ તો પદનો શબ્દ છે. વ્યવહારને દેખાડવો એનો અર્થ ઉપદેશ કરવો (એમ નથી). **'ववहारदेसिदा'** એવો પાઠ છે. એનો અર્થ બીજો છે. 'અમૃતચંદ્રાચાર્યે' ટીકામાં એમ લીધું છે કે જેને આત્મજ્ઞાન, દર્શન થયા એને પર્યાયમાં રાગની મંદતા અને શુદ્ધતાની અલ્પતા છે તેને તે સમયે જાણેલો પ્રયોજનવાન છે, એવો પાઠ છે. **'ववहारदेसिदा'** ની વ્યાખ્યા આ છે. એની મોટી તકરાર પંડિતો વચ્ચે (ચાલે છે). મોટા શેઠે દિલ્હીમાં પ્રશ્ન કર્યો. આ **'ववहारदेसिदा'** (કહ્યું છે). ઉપદેશની વ્યાખ્યા નથી, પ્રભુ ! એ તો પદમાં ભાષા એવી આવી છે. **'ववहारदेसिदा'**. એનો અર્થ કે આત્મજ્ઞાનીને આત્મજ્ઞાન થયું, રાગથી પૃથક થઈને સમ્યગ્દર્શન થયું, એની પર્યાયમાં નબળાઈથી રાગ છે અને શુદ્ધતા અલ્પ છે. સંસ્કૃતમાં 'तदात्वे' એવો પાઠ છે. 'तदात्वे' તે તે સમયે જાણેલો પ્રયોજનવાન છે, એવો પાઠ છે. અરે..રે...! શું થાય ? આહા..હા...!

**'કર્તાપણું છૂટે છે.'** સમ્યગ્દષ્ટિને રાગ આવે છે પણ કર્તાપણું છૂટી જાય છે. આહા..હા...! જ્યાં સુધી રાગ કરવા લાયક છે એમ માનીને રાગનો કર્તા થાય છે ત્યાં સુધી તો એ મિથ્યાદષ્ટિ છે. જ્ઞાનની અપેક્ષાએ રાગરૂપ પરિણમન છે તો કર્તા કહેવામાં આવ્યું છે. ૪૭ નયમાં. એ પરિણમન છે ને ? પરિણમન છે તે કર્તા, એ અપેક્ષાથી કર્તા કહેવામાં આવ્યું છે, પણ કરવા લાયક છે એવી દૃષ્ટિથી સમ્યગ્દષ્ટિ છૂટી જાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અહીંયા એ વાત કરી છે. વિશેષ કહેશે, ટાઈમ થઈ ગયો. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**મિથ્યાત્વભાવ છે તે વિકારીભાવ છે, તે પણ પોતાના ષટ્કારકોથી થાય છે, તેને કર્મની કે નિમિત્તની અપેક્ષા નથી. જ્યારે વિકારની પર્યાયને પણ કે જે આત્માનો સ્વભાવ નથી. તેમ જ કોઈ એવી શક્તિ નથી કે વિકારને કરે, છતાં પણ સ્વતંત્રપણે પોતાના એક સમયના ષટ્કારકથી થાય છે, તો પછી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચય મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય છે તે પોતે એક સમયના ષટ્કારકથી પરિણમન થઈને જ ઉત્પન્ન થાય. જે નિશ્ચય મોક્ષમાર્ગને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની પણ અપેક્ષા નથી તે વ્યવહારરત્નત્રયના રાગથી થાય એમ કેમ બને ? 'પરમાગમસાર' બોલ નં.૧૧૫.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શ્રાવણ વદ ૮, શનિવાર તા. ૨૬-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૧૯૮, ૧૯૯, પ્રવચન–૭૬**

૧૯૮ બોલ છે. 'વચનામૃત' ૧૯૮ બોલ છે. **'જ્ઞાતાપણાના અભ્યાસથી...'** કોઈ વ્રત, નિયમ ને તપના અભ્યાસથી આત્મા જણાતો નથી. આહા..હા..! જ્ઞાતા ને જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા છું અને દૃષ્ટા–જ્ઞાતા-દૃષ્ટા છું, એવો વારંવાર અભ્યાસ કરવાથી, એ તરફ ઝુકાવ કરવાથી.. આ સમ્યગ્દર્શનની વિધિ છે. **'જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં...'** જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં. આહા..હા...! હું જાણન-દેખન જ્ઞાતા છું એમ વારંવાર અંતર્મુખ અભ્યાસ કરવાથી જ્ઞાતાપણું પર્યાયમાં પ્રગટ થાય છે. આહા.હા..! **'ત્યારે કર્તાપણું છૂટે છે.'** આહા..હા...! રાગનો વિકલ્પ છે એનું કર્તાપણું પણ ત્યારે છૂટે છે. આહા..હા...!

પરની ક્રિયા તો અજ્ઞાની પણ કરી શકતો નથી. અજ્ઞાની પોતાના શુદ્ધ સ્વભાવના અજ્ઞાનથી જે સ્વભાવમાં નથી એવા પુણ્ય-પાપના, વિકૃતભાવનો કર્તા થાય છે. એ જ્ઞાતાપણાના અભ્યાસથી રહિત છે. આહા..હા...! **'જ્ઞાતાપણાના અભ્યાસથી...'** બહુ જ ટૂંકું અને એકલું ભાવ સ્વરૂપ અંદર છે. આહા..હા..! કોઈ શાસ્ત્રજ્ઞાનના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થાય છે એમ નથી. આહા..હા..! એમ કોઈ વ્રત ને નિયમ ને તપ ને ભક્તિ ને પૂજા કરે તો એનાથી આત્માનું જ્ઞાતાપણું પર્યાયમાં પ્રગટ થાય છે, એમ નથી. આવી વાત છે, પ્રભુ ! ભાઈ ! આહા..!

**'વિભાવ પોતાનો સ્વભાવ નથી...'** ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ હો એ વિભાવ છે. એ વિભાવ પોતાનો સ્વભાવ નથી. કાયમી જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ, આવો વિભાવો પોતાનો સ્વભાવ નથી. આહા..હા..! વ્યવહાર રત્નત્રયના શુભરાગનો વિકલ્પ એ વિભાવ છે, એ પોતાનો સ્વભાવ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'તેથી આત્મદ્રવ્ય કાંઈ...'** શું કહે છે ? શુભભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ છે એ વિભાવભાવ પોતાનો સ્વભાવ નથી. તેથી **'તેથી આત્મદ્રવ્ય**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**કાંઈ પોતે ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી,...'** ભગવાન આત્મા, પોતાનો સ્વભાવ જે આત્મદ્રવ્ય છે એ વિભાવમાં, સ્વયં ઊછળીને, દ્રવ્ય ઊછળીને વિભાવમાં કદી એકમેક નથી થઈ જતું. આહા..હા...! ઝીણી વાત બહુ, ભાઈ !

**'દ્રવ્ય તો શુદ્ધ રહે છે;...'** શુભ-અશુભ વિભાવભાવ હો, છતાં દ્રવ્ય સ્વભાવ, જે જ્ઞાતા-દૃષ્ટાનો ત્રિકાળ સ્વભાવ (છે) એ ઊછળીને એની વિભાવમાં એકતા નથી થતી. સમજાય છે કાંઈ ? **'દ્રવ્ય તો શુદ્ધ રહે છે;...'** ભગવાન જ્ઞાયક સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન તો શુદ્ધ રહે છે. શુદ્ધ ઊછળીને વિભાવમાં એકત્વ થાય છે એમ ત્રણ કાળમાં કદી (બનતું) નથી. અજ્ઞાની માને છે. આહા..હા...! વિભાવ મારો છે એવા અભ્યાસથી, હું જ્ઞાતા છું એવો અભ્યાસ છોડીને, વિકાર વિભાવ મારો છે, એવા અભ્યાસથી વિભાવમાં એકત્વબુદ્ધિ કરે છે અને વિભાવનો કર્તા થાય છે. આવી વાત છે, ભાઈ !

એક આંખ આમ ફરે છે એનો કર્તા આત્મા નથી. એ તો અજ્ઞાન ભાવે પણ એનો કર્તા નથી. સમજાય છે કાંઈ ? દેહની જડની ક્રિયા અને કર્મનો ઉદય જડ, એનો તો અજ્ઞાનભાવે પણ કર્તા થઈ શકે નહિ. આહા..હા...! ફક્ત અજ્ઞાનભાવે વિભાવનો અધ્યાસ અને અભ્યાસ હોવાથી વિભાવનો કર્તા અજ્ઞાની પોતાને માને છે. માને છે. વસ્તુના સ્વભાવમાં વિભાવ નથી. આહા..હા...! જેને એ શુભભાવરૂપી વિભાવનો રસ છે, એ વિભાવનો કર્તા થાય છે. જેને જ્ઞાતા સ્વભાવનો રસ છે તે વિભાવનો કર્તા નહિ થતાં પોતાની દશામાં રહીને વિભાવ પૃથક છે એમ જાણે છે. આહા..હા...! આવો માર્ગ છે.

આજે મોટો કાગળ આવ્યો છે. આ બધાની ફિલ્મ ઉતારો, ફિલ્મ ઉતારો. અરે..! પ્રભુ ! એક બહુ લાંબો કાગળ આવ્યો છે. અરે..! પ્રભુ ! બોલવાની ક્રિયા પણ પોતાની નથી. શું કરવું ? આહા..હા...! બોલવું, જેને બોલવાની હોંશ છે એ તો ભાષાનો કર્તા થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ તો કર્તા માને છે. જડનો કર્તા થઈ શકતો નથી. એમ વિભાવભાવનો કર્તા થઈ શકતો નથી. કેમ કે દ્રવ્ય સ્વભાવ કદી વિભાવરૂપ કદી થતો નથી. પણ પોતાના દ્રવ્ય સ્વભાવને છોડીને વિભાવના અભ્યાસથી, વિભાવનો કર્તા, રચના કરનાર હું છું એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહા...! આકરી વાતું, ભાઈ ! સમજાય છે કાંઈ ? આહા..હા...! છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'માત્ર...'** થાય છે શું ? દ્રવ્ય તો શુદ્ધ રહે છે. દ્રવ્ય સ્વભાવ ઊછળીને રાગની ક્રિયામાં, વિભાવમાં કદી આવતો નથી. આહા..હા..! ત્યારે થાય છે શું ? **'માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે...'** આહા..હા...! ભ્રમણા અનાદિ કાળની છે. જ્ઞાતા-દૃષ્ટાનું ભાન નથી.. આહા...! અને ભ્રમણામાં **'માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે 'પર એવા જડ પદાર્થને હું કરું છું'...'** વાણીને હું કરું છું, આહા..હા...! ગજબ વાત છે, પ્રભુ ! ઉપદેશની ભાષાનો કર્તા હું છું, એ અનાદિ કાળની માન્યતાને લીધે છે. આહા.! બહુ આકરું કામ, ભાઈ ! આહા..હા..!

'કરે કર્મ સો હી કરતારા, જો જાને સો જાનનહારા. કર્તા સો જાને નહીં કોઈ, જાને સો કર્તા નહીં હોઈ.' આહા..હા..! 'સમયસાર નાટક' (માં) 'સમયસાર' ના કળશની ગાથા બનાવી છે. સમજાય છે કાંઈ ? 'સમયસાર નાટક.' 'કરે કર્મ સોહી રે કર-તારા,..' રાગની પર્યાય હું કરું છું એ કર્તા, રાગનો કર્તા મિથ્યાદૃષ્ટિ થાય છે. ''કરે કર્મ સોહી રે કરતારા, જો જાને સો જાનનહારા,' હું જ્ઞાન આનંદસ્વરૂપ એવી ચીજ મારી, રાગનો કર્તા, એવા અનુભવમાં રાગનો કર્તા જાણનાર રહે છે, એ રાગનો કર્તા થતો નથી. આહા..હા...! ભાઈ ! આવી વાતું છે. આ દવાખાનામાં ઇંજેક્શન દે.. એને તો વાંચન ઘણું છે. ચાર-ચાર કલાક દરરોજ વાંચે છે. તમારી જેમ નહિ, આખો દિ' મજૂરી કરે. આ તો દૃષ્ટાંત તમારું (આપ્યું), હોં ! આહા..હા...!

ભગવાન આત્મા પોતાનો સ્વભાવ છોડીને કદી વિભાવમાં આવ્યો નથી, આવતો નથી, આવશે નહિ. પણ આવા આત્માના સ્વભાવનું ભાન નથી એ પોતાની પર્યાયમાં વિકૃત દશાનો કર્તા થાય છે. શરીરનો ને પૈસા ને તમારે શું કહેવાય ? આ નીલમણીને ઘસવું એ ક્રિયા તો આત્મા કરી શકતો જ નથી.

મુમુક્ષુ :– આત્મા ક્યાં કરે છે ? જીવ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જીવ કહો કે આત્મા કહો, એક જ છે. વેદાંતવાળા કહે છે કે જીવ કર્તા થાય છે, આત્મા તો ભિન્ન છે. એમ છે નહિ. આત્મા કહો કે જીવ કહો, એક જ વસ્તુ છે. એ લોકો કહે છે, આત્મા તો નિર્લેપ ભિન્ન છે પણ જીવ રાગમાં જોડાઈને સંસાર ઉભો કરે છે. બધું ખોટું છે. આ તો જૈન પરમેશ્વર, વસ્તુનું સ્વરૂપ છે એવી સ્થિતિ બતાવે છે. આ કોઈ પક્ષ નથી, આ જૈનધર્મ કોઈ વાડો નથી. એ તો વસ્તુનું સ્વરૂપ એવું છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જિનસ્વરૂપી ભગવાન 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન' આહા..હા...! 'મત મદિરાકે પાન સો..' પોતાના મતના દારૂ પીધેલા પ્રાણી મતવાલા સમજે નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા...! 'કરે કર્મ સો હી કર તારા..' રાગ કર્મ, હોં ! પરની ક્રિયા નહિં. રાગ કરે તે કર્તા થાય છે. 'જો જાને સો જાનનહારા' હું જ્ઞાતા-દૃષ્ટા, (મારા) સ્વભાવમાં વિભાવનો અભાવ છે. મારામાં જેનો અભાવ છે તેનો હું કર્તા નથી. 'કર્તા સો જાને નહિ કોઈ,' રાગનો કર્તા છે એ આત્મા શું છે તેને જાણી શકતો નથી. અને 'જાને સો કર્તા નહિ હોઈ' હું જ્ઞાનસ્વરૂપી પ્રભુ, હું શું કરું ? જગત જ્ઞેય છે, હું જ્ઞાતા છું. એ પણ પર તરીકે જ્ઞેય છે. સ્વજ્ઞેય તો જ્ઞાનસ્વરૂપી ભગવાન છે. અને પરજ્ઞેય રાગથી માંડી બધા પરજ્ઞેય, તેનો હું જ્ઞાતા છું. અને પરજ્ઞેય મારા પરજ્ઞેય તરીકે જ્ઞેય છે. પરજ્ઞેય તરીકે જ્ઞેય છે. આહા..હા...! આકરી વાત, ભાઈ ! આકરું પડે. ઇ કહે છે, જુઓ !

**'માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે 'પર એવા જડ પદાર્થ...'** શરીર, વાણીને હું કરું છું. આહા..હા...! દુકાનને થડે બેસીને હું ધંધો કરું છું. પૈસા લેવા, દેવા, ઘરાકને બોલવવા, ઘરાકને સમજાવા, એ બધી જડની ક્રિયાને અજ્ઞાની પોતાની માને છે.

મુમુક્ષુ :- .. તો પણ કરવું પડે છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કરી શકતો નથી, માને છે. એ શરાફ બજારની દુકાનમાં બેસીને કરી શકતો નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- તો કોણ કરે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો જડની ક્રિયા છે. જડ દ્રવ્ય છે કે નહિ ? તો એની પર્યાય એના કાળે છે કે નહિ ?

મુમુક્ષુ :- અમારા વિના ન થઈ શકે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- તમારા વિના રાગની પર્યાય ન થઈ શકે એમ પણ નથી અને તમારા વિના જડની પર્યાય ન થઈ શકે, એમ પણ નથી. આહા..હા..! વીતરાગ માર્ગ, બાપા ! એટલે કે વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મા. વીતરાગની આજ્ઞા વીતરાગતા ઉત્પન્ન કરવાની છે. ચારે અનુયોગમાં આ એમની આજ્ઞા છે. વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગપણું પ્રગટ થયું તો વાણીમાં વીતરાગતા પ્રગટ કરો એમ આવે છે. રાગ કરો અને રાગના કર્તા થાઓ, એ વીતરાગની વાણીમાં નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ અજ્ઞાની માને છે. આહા.હા..! સમજાય છે કાંઈ ? બહુ આકરું કામ. આખી દુનિયાના વ્યવસ્થિત કામ કરે અને કહે કે, એ અમારા કામ નહિ. આહા..!

લોટનું દળ પડ્યું હોય એમાંથી ગોયણું કરી રોટલી કરે છે. એ ક્રિયા તારી નહિ, એમ કહે છે. એ ક્રિયા જડની જડમાં થાય છે. એ ક્રિયા તારામાં થતી નથી અને તારાથી એ થતી નથી. એમાં તું નથી, એ તારામાં નથી અને તારું એ કાર્ય નથી. આહા..હા...! આવું કામ છે, ભાઈ !

સમ્યગ્દર્શનમાં તો આત્મા જ્ઞાતા છે એવો અનુભવ થયો. પછી ભલે રાગ આવો, રૌદ્રધ્યાન હો, આર્તધ્યાન થાઓ, એનો જાણનાર-દેખનાર રહે છે. આવી વાત છે, ભાઈ ! કર્તા નથી થતો. પર્યાયમાં રાગની રચના થાય છે એ અપેક્ષાએ, જ્ઞાનનયની અપેક્ષાએ પરિણમે તે કર્તા એમ કહેવામાં આવે છે. પણ કરવા લાયક છે એવી બુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. આહા..હા...! આવો ધર્મ.

**'માન્યતાને લીધે પર એવા જડ પદાર્થ..'** શરીર, વાણી, પૈસા.. એ પૈસા મેં લીધા ને પૈસા મેં દીધા, હું આહાર લઉં છું અને હું આહારનો નિહાર કરું છું.. આહા..હા...! બધી જડની ક્રિયાને અજ્ઞાની પોતાની માને છે. સમજાય છે કાંઈ ? આકરું કામ ભારે, ભાઈ ! એ જડ ઇન્દ્રિયો છે એની જડમાં જે પર્યાય–ક્રિયા થાય છે એ મારાથી થઈ એ અનાદિકાળની માન્યતા છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! હું આ પાનું ફેરવી શકું છું, એ ક્રિયા આત્માની નથી.

મુમુક્ષુ :– હમણા તો ફેરવ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો થઈ રહી છે. આહા..હા...! એ પરમાણુની એ સમયે એવી અવસ્થા ઉત્પન્ન થવાનો જન્મક્ષણ હતો. જન્મ નામ ઉત્પત્તિનો કાળ હતો તો એ થઈ છે. આંગળીથી નહિ. આવી વાત. આંગળી પરદ્રવ્ય છે, (પાનાના) પરમાણુ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યની પર્યાય–આંગળી આમ થઈ તો (પાનું) આમ થયું, એમ નથી. આહા..હા...! આવો માર્ગ (છે) અંદર.

ઇ કહે છે, **'રાગાદિ મારું સ્વરૂપ છે,...'** બે વાત આવી. શરીર, વાણીની ક્રિયા હું કરું છું.. આહા..હા...! હું રોટલી બનાવી શકું છું, હું પૈસા ગણીને લઈ શકું છું, ગણીને દઈ શકું છું એ બધી જડની ક્રિયા પોતાથી થઈ એમ અજ્ઞાની માને છે. માન્યતા છે, વસ્તુ એમ નથી. આહા..હા...! આટલું બધું ? આ ઝવેરાતના ધંધામાં હું ઝવેરાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દઉં છું, લઉં છું, એમ માને છે એ મૂઢ છે, એમ કહે છે.

મુમુક્ષુ :– જયપુરમાં થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સોનગઢમાં ન થઈ શકે, જયપુરમાં થઈ શકે. આહા..હા...! જયપુર એ પરદ્રવ્ય છે અને એ વખતે હીરા, માણેકની દેવાની ક્રિયા, લેવાની ક્રિયા પરદ્રવ્યની છે. ગજબ વાત છે, ભાઈ !

મુમુક્ષુ :– બધા આમ જ વિચારત તો આ પરમાગમ મંદિર ન બનત.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એની મેળાએ બને છે. (પ્રમુખે) બનાવ્યું નથી. એ ધ્યાન રાખતા હતા પણ ધ્યાન રાખ્યું માટે બનાવ્યું (એમ નથી).

મુમુક્ષુ :– હું તો અહીં આવતો જ હતો ક્યાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ન્યાં પૂછતા હતા ને, બહાર પૂછતા હતા. અહીં આવતા નહોતા. ત્યાં નીકળે તો પૂછે કેમ બન્યું ? કેટલું થયું ? શું થયું ? એમ પૂછે. એ ધ્યાન રાખ્યું માટે આ બન્યું છે ? ત્રણ કાળમાં નહિ. એ ક્ષેત્રમાં તે પરમાણુની તે પ્રકારની ઉત્પત્તિનો જન્મક્ષણ છે તો ઉત્પત્તિ થઈ છે. છવીસ લાખનું (મંદિર) કોણ કરે ? અને છવીસ હજાર માણસો આવ્યા હતા. સાઈઠ હજાર આવવાના હતા, પણ સરકારનો કાંઈક વિરોધ હતો તો અશાંતિ હતી. અહીં શાંતિ હતી. અહીં તો દસ દિવસ છવીસ હજાર માણસ. અગિયાર લાખનો ખર્ચ. છવીસ લાખનું આ (બન્યું). સાડત્રીસ લાખ. એ તો એ સમયે પ્રભુ ! પરમાણુની પર્યાય જ્યાં જવાની હોય ત્યાં જાય, જ્યાં રહેવાની હોય ત્યાં રહે આ એવી વાત છે, ભાઈ ! આકરું કામ છે.

મુમુક્ષુ :– આપે હમણાં કીધું કે આટલા રૂપિયાથી થયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– થયું એટલે એ રૂપિયાથી થયું એમ નથી. એની કિંમત આટલી છે એમ કહેવામાં આવ્યું. પૈસાથી આ થયું નથી.

મુમુક્ષુ :– કિંમત તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કિંમત તો દુનિયા માને છે એ અપેક્ષાએ કિંમત છે. કિંમત નામ પચીસ લાખ, એ ભાવ એમાં નથી. એમાં ભાવ તો જડની પર્યાયનો ભાવ એમાં છે. પચીસ લાખ ભાવ એવો ભાવ એમાં છે ?

મેં એક ફેરી રાત્રે બધાને પૂછ્યું હતું. બેઠા હતા. સોનાનો ભાવ શું છે ? કોઈ કહે, સો છે, બસો છે. એ સોનાનો ભાવ છે ? સોનાનો ભાવ તો વર્ણ, ગંધ, રસ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્પર્શ એ સોનાનો ભાવ છે. સમજાય છે કાંઈ ? સોનાનો ભાવ શું છે ? એ જાણે કે મહારાજને ખબર નથી એટલે પૂછે છે, શું ભાવ છે ? અરે..! ભાઈ ! સોનું એ રજકણ છે ને ? તો એનો ભાવ તો રંગ, ગંધ, રસ, સ્પર્શ એ એનો ભાવ છે. સો ને પાંચસો એ એનો ભાવ છે ? એ તો તમારા કલ્પનાના ભાવ છે. આહા..હા..! આવી વાતું છે, બાપા ! ભાઈ ! આહા..હા...!

'સ્વ પર પ્રકાશક શક્તિ હમારી, તાતૈં ભેદ ભ્રમ ભારી.' સ્વપરપ્રકાશક આત્મા છે તો સ્વ અને પરને જેમ છે તેમ જાણી શકે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? રજકણનું કે રાગનું કંઈ કરી શકે છે (એમ નથી). અરે..! જમતી વખતે આમ થાય છે એ ક્રિયા જડની છે, એ આત્માથી થતી નથી. આ વાત.. સમજાય છે કાંઈ ? લોકો નથી કહેતા ? ચાવીને ખાવું. ન્યાં અંદરમાં દાંત નથી. છે ને ? અંગ્રેજીમાં કાંઈક કહે છે ને ? માટે ચાવીને ખાવું. કોણ ચાવે છે ? સાંભળ તો ખરો, પ્રભુ ! એ દાઢ અને દાંતની પર્યાય એમ થવાનો સ્વકાળ હતો તો એનાથી આમ થાય છે. એનાથી રોટલીના બે ટુકડા થયા એ દાંતથી નથી થયા. દાંત રોટલીને અડતા નથી તો પછી ટુકડા ક્યાંથી થાય ? આ તે વાત.. એય...!

સાકર છે એને જીભ અડતી જ નથી. સાકરની પર્યાયમાં જીભની પર્યાયનો અભાવ છે. જીભની પર્યાયમાં સાકરનો અભાવ છે. અભાવ છે તો અડે ક્યાંથી ? આહા..હા...! અને એ સમયે આ ગળ્યું છે એવું જ્ઞાન થાય છે એ પોતાની પર્યાયમાં તે પ્રકારના જ્ઞાન ઉત્પત્તિનો કાળ હતો તો જ્ઞાન ઉત્પન્ન થયું છે. એ ગળ્યું છે માટે જ્ઞાન ઉત્પન્ન થયું એમ નથી. આવી વાતું છે, બહુ ઝીણી બાપા ! આહા..હા...!

એ અહીં કહે છે, **'રાગાદિ મારું સ્વરૂપ છે, હું વિભાવનો ખરેખર કર્તા છું'** આહા..હા...! ચાહે તો એ દયા, દાન, અઠ્યાવીસ મૂળગુણ મુનિના, શ્રાવકના બાર વ્રત આદિના વિકલ્પને હું કરું છું.. આહા.હા...! **'વગેરે ભ્રમણા થઈ રહી છે...'** એ તો ભ્રમણા, ભગવાનમાં ભ્રમણા થઈ રહી છે. આહા..હા...! ઝીણી વાત, ભાઈ !

મુમુક્ષુ :– ભગવાનમાં ભ્રમણા થઈ રહી છે તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો 'શ્રીમદ્દે' એકવાર કહ્યું, 'શ્રીમદ્ રાજચંદ્ર'. 'શ્રીમદ્ રાજચંદ્ર'ના એક પત્રમાં છે. ભગવાન પૂર્ણ સ્વરૂપ તો છે પણ છતાં એને અપલક્ષણના પાર નથી. તો લોકો એમ કહેવા લાગ્યા કે, અરે..! ભગવાનના અપલક્ષણ કહે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ એ ભગવાન આ આત્માની વાત કરે છે. સાંભળ તો ખરો. એક પત્રમાં છે. ભગવાન આત્મા પરિપૂર્ણ સ્વરૂપ તો છે છતાં એના અપલક્ષણના પાર નથી. રાગ ને પુણ્ય મારા કરે એ એના અપલક્ષણ છે. આહા..હા...! એ ભગવાન પરમાત્માના અપલક્ષણ નથી કહેતા. એની શૈલી એવી છે. આહા..હા...!

પરિપૂર્ણ ભગવાન સ્વભાવથી ભરેલો ભગવાન પરમાત્મસ્વરૂપ છે પણ એની પર્યાયમાં અપલક્ષણના પાર નથી. રાગ ને દ્વેષની મીઠાશ, રાગ ને દ્વેષના પરિણામને રચનારો હું, એ બધા અપલક્ષણ છે. એ જ્ઞાન લક્ષણ ભગવાન છે એ નહિ. આહા..હા...! એ તો જાણનાર-દેખનાર જ્ઞાનસ્વરૂપ (છે). રાગ થાય છે એને પણ પોતાથી પૃથક કરીને પોતાને જાણે છે, એમાં એ જાણનારી પર્યાય એ સમયે એ પ્રકારે ઉત્પન્ન થવાવાળી છે તો થાય છે. આહા..હા...!

આત્મામાં એક 'અકારણકાર્ય' નામનો ગુણ છે. શું કહ્યું ? ભગવાન આત્મામાં એક અનાદિઅનંત, જેમ જ્ઞાન અનાદિઅનંત છે એમ અકાર્યકારણ નામનો ગુણ અનાદિઅનંત છે. આહા..હા...! તો આત્મા રાગનો કર્તા, રાગ એનું કાર્ય અને રાગનો કર્તા આત્મા, રાગનું કારણ આત્મા એ વસ્તુમાં નથી. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ ! મહાવ્રત આદિના પરિણામનું કાર્ય મારું અને એ મહાવ્રતનું કારણ હું છું, એમ વસ્તુમાં નથી. અકાર્યકારણ નામનો ગુણ છે. પ્રત્યેક ગુણમાં અકાર્યકારણનું રૂપ છે. શું કહ્યું ? જેમ અસ્તિ ગુણ છે એ પ્રત્યેક ગુણમાં અસ્તિ છે એ પોતાથી અસ્તિરૂપ છે. અસ્તિગુણને કારણે નહિ. આહા..હા...! એમ અકાર્યકારણ નામનો ભગવાન આત્મામાં ગુણ છે તો જ્ઞાનગુણમાં પણ અકાર્યકારણનું રૂપ છે. તો જ્ઞાનગુણની પર્યાય રાગને કરે અને રાગથી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય એમ વસ્તુમાં નથી.

એમ દર્શનમાં. એમ દર્શનની પર્યાયમાં અકાર્યકારણપણાનો ગુણ છે તો પર્યાયમાં અકાર્યકારણપણું આવ્યું. સમ્યગ્દર્શનની પર્યાયમાં. એ સમ્યગ્દર્શનની પર્યાય રાગને કરે અને એ રાગથી સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ એમ વસ્તુમાં નથી. આહા..હા..! કોઈ દિ' સાંભળ્યું નથી આ બધું. પેલા પૈસા ને નીલમ ને ફલાણા ને ઢીકણા...

મુમુક્ષુ :- જ્યારે અમેરિકામાં હતા ત્યારે આ વાત નહોતી કરી અને પહેલી વાર સોનગઢમાં આવ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ન્યાં એના ઘરે ઉતર્યા નહોતા ? ન્યાં એને ઘણું કહ્યું હતું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નીલમ બતાવ્યો હતો. આટલા છે, એમાંથી ઘણા લાખ પેદા થશે. અહીં તો ધૂળ લાગે. આહા..હા...! એક વાર તો એક ભાઈ 'રાજકોટ' બતાવવા લાવ્યા હતા. (સંવત) ૧૯૯૯માં ચોમાસુ હતું ને ? એંસી હજારનો એક હીરો. એંસી હજારનો. ડાબલી લઈ, ડાબલી અને મખમલનું પેલું.. ખાડો.. ખાડો શું કહે છે ? એમાં હતો. એંસી હજારનો એક હીરો. ધૂળ છે આ, કીધું. માટી છે. એ પર્યાય આત્માથી અહીંયા આવી છે અને આત્માએ એને ઘસીને બનાવી છે (એમ નથી). એને ઘસે છે ને ? સરાણ હોય છે ને એની પણ ? બેલ્જીયમમાં હીરાનો એક માણસ અમારી પાસે આવ્યો હતો. હીરાને સરાણે ચડાવે. જેમ લોઢાને ચડાવે ને એમ. એ આત્મા કરી શકે છે ? માને છે, થાય છે એને માને છે. થાય છે એને હું કરું છું એમ માન્યતા છે. અહીં કહે છે ને ? આહા..હા...!

મુમુક્ષુ :– મહિનાના ત્રણ હજાર આપે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ત્રણ હજાર આપે છે ને. મુસલમાન મારી પાસે આવ્યો હતો. ત્રણ હજાર આપે છે. હું બીજે જાઉં તો મને ચાર હજાર મળે, પણ હું શેઠ પાસે ઘણા વર્ષથી રહું છું. એ કહેતો હતો, બિચારો આવ્યો હતો, મુસલમાન હતો. છે, હજી છે ને ? એ મારી પાસે આવ્યો હતો. (શેઠના) મકાનમાં ઉતર્યા હતા ત્યાં એ મુસલમાન આવ્યો હતો. હું એના નીલ ઘસું છું ? શું કહેવાય ઇ ? પન્ના.. પન્ના. મહિને ત્રણ હજાર આપે છે. મહિનાના ત્રણ હજાર. હજી એ મુસલમાન છે, હોં ! એનો નોકર છે. હું બહાર જાઉં તો મને ચાર હજાર મળે પણ શેઠ પાસે ઘણા વર્ષથી છું. એના મકાનમાં (બીજા મુમુક્ષુ) આવ્યા હતા. એ બિચારા ગુજરી ગયા. આહા..! સાડા ચાર વાગે તો કાંઈ નહોતું. પણ પછી જોયું તો કોઈએ ગળા ફાંસી આપી. અર..ર..ર...! કારણ કે એ પૈસા ઉઘરાવતા હતા. પાંચ લાખ. એક જણ પાસે અઢી લાખ હતા તો એણે કહ્યું કે.. શું કહેવાય ? ઇસરી. ઇસરી જવું છે તો અઢી લાખ આપો. એમાં ગમે તે થયું. સાડા ચાર વાગે જોયું તો કોઈએ ગળે ફાંસી આપી હતી. અર.ર..! જગતની એ પર્યાય તો થવાની હતી. આહા..હા...!

મુમુક્ષુ :– ક્રમબદ્ધ તુટી ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્રમબદ્ધ બરાબર આવી ગઈ. એ ક્રમમાં એ જ પર્યાય થવાની હતી એ આવી. પરમાણુમાં એ સમયની એ પર્યાય થવાની હતી તે થઈ. બીજા નિમિત્તે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ કરી નથી, આત્માએ કરી નથી, પર્યાય તે સમયે (તેવી થવાની હતી). આહા..હા.! એમ પરદ્રવ્યનો કર્તા તો છે નહિ પણ રાગાદિ મારું સ્વરૂપ છે, હું વિભાવનો ખરેખર કર્તા છું એ ભ્રમણા છે. ભાઈ ! ધર્મ વસ્તુ એવી છે. આહા..હા...!

**'યથાર્થ જ્ઞાતાધાર પ્રગટ થાય...'** આહા..હા...! રાગથી ભિન્ન વસ્તુ પડી છે, ભિન્ન જ છે. એવું જ્ઞાતાનું ભાન થયું.. આહા..હા...! **'તો કર્તાપણું છૂટે છે.'** અંદરથી રાગથી ભિન્ન પડ્યો જ્ઞાયક, આ તો જ્ઞાન છે, જ્ઞાન છે એ રાગને કેમ કરે ? એમ કર્તાપણું છૂટી જાય છે. આહા..હા...! સમ્યગ્દૃષ્ટિને રાગ અને આત્મા વચ્ચે જ્ઞાનછીણીથી ભિન્ન પડ્યા, જણાયું કે રાગ અને હું તો ભિન્ન જ હતા, ભિન્ન હતા તો ભિન્ન પડ્યા. ભિન્ન પડ્યા ત્યાં રાગનું કર્તાપણું છૂટી જાય છે. આહા..હા...! આવી વાત છે, બહુ આકરો શબ્દ, ઉપદેશ આવો આકરો છે. માટે સોનગઢવાળા એકાંત નિશ્ચય નિશ્ચય (કહે છે). એમ કરીને બિચારા બોલે છે. માર્ગ બીજો છે, ભાઈ ! જન્મ-મરણ રહિત થવાનો, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની ચીજ કોઈ અલૌકિક છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય...'** યથાર્થ શું કહ્યું ? જણાયું કે હું રાગ નથી અને આ છું, એ યથાર્થ જ્ઞાતાધારા નથી. શું કહ્યું ? 'યથાર્થ' શબ્દ કેમ વાપર્યો છે ? આમ તો શાસ્ત્ર વાંચીને જાણ્યું કે રાગ ભિન્ન છે, હું ભિન્ન છું એમ જાણ્યું, પણ એ કંઈ જ્ઞાતાધારા પ્રગટી નહિ. એ તો ધારણમાં, લક્ષમાં લીધું. આહા..હા...! પંડિતજી ! આવી વાતું છે. ક્યાં ગયા તમારા છોકરા ગયા ? ગયા હશે. આહા..હા...! છે ?

અહીંયા કહે છે, પ્રભુ ! એકવાર તારી ઋદ્ધિ સાંભળ તો ખરો. તારી ઋદ્ધિ કેવી છે ? તારી ઋદ્ધિમાં જ્ઞાન ને આનંદ ને શાંતિ પડી છે. એ તારી સંપદા છે. એ તારી લક્ષ્મી છે. એમ રાગથી ભિન્ન પડી... આહા..હા..! જ્ઞાનસંપદા, આનંદસંપદાનું ભાન થયું ત્યારથી જ્ઞાતાધારા (પ્રગટી અને) રાગથી કર્તાપણું છૂટી ગયું. આહા..હા..! એ ૧૯૮ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્ય દરબારમાં જ ઉપયોગને લગાડી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ. અનંત અનંત કાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, માટે તું પણ આમ કર.

અનંત અનંત કાળ ગયો, જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને ? અટકવાના તો અનેક અનેક પ્રકાર; સફળ થવાનો એક જ પ્રકાર – ચૈતન્ય દરબારમાં જવું તે. પોતે ક્યાં અટકે છે તે જો પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે.

દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે, શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે, 'આ રાગની મંદતા, આ અઠ્યાવીસ મૂળગુણ–બસ આ જ હું, આ જ મોક્ષનો માર્ગ,' ઇત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે; પણ આ અંદરમાં વિકલ્પો સાથે એક્તાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી ? આ અંતરમાં શાન્તિ કેમ દેખાતી નથી ? પાપભાવ ત્યાગી 'સર્વસ્વ કર્યું' માની સંતોષાઈ જાય છે. સાચા આત્માર્થીને અને સમ્યગ્દષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડ ટકી શકે.

ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધાં. (દષ્ટિ-અપેક્ષાએ) બધું કરી લીધું, અસ્થિરતારૂપ ડાળાં-પાંદડાં જરૂર સુકાઈ જશે. દ્રવ્યલિંગી સાધુએ મૂળ જ પકડ્યું નથી; એણે કાંઈ કર્યું જ નથી. 'સમકિતીને ઘણું બાકી છે ને દ્રવ્યલિંગી મુનિએ ઘણું કરી લીધું' – એમ બાહ્યદષ્ટિ લોકોને ભલે લાગે; પણ એમ નથી પરિષહ સહન કરે પણ અંદરમાં કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી, આકુળતા વેદાય છે, તેણે કાંઈ કર્યું જ નથી. ૧૯૯.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'જીવને અટકવાના જે અનેક પ્રકાર છે...'** રોકાવાના અનેક પ્રકાર છે. પરનું કરું, પર મારી ચીજ છે, પરથી મને લાભ થાય છે, રાગથી મને લાભ થાય છે એમ અટકવાના, રોકાવાના, મિથ્યાત્વના અનેક પ્રકાર છે. આહા..હા...! મિથ્યાત્વના પણ સ્થૂળપણે અસંખ્ય પ્રકાર છે. સૂક્ષ્મપણે મિથ્યાત્વના અનંત પ્રકાર છે. એ 'બંધ અધિકાર'માં લીધું છે. 'સમયસાર'. હું પરને જીવાડું છું, પરને મારી શકું છું એ મિથ્યાત્વ છે. મિથ્યાત્વનો એક ભાગ છે એમ ત્યાં લખ્યું છે. આખું મિથ્યાત્વ ન આવ્યું. ત્યાં લખ્યું છે. એક મિથ્યાત્વનો આ ભાગ છે કે હું પરને જીવાડી શકું છું, હું પરને સગવડ આપી શકું છું, હું પરને સુખી કરી શકું છું, પરને હું મોક્ષ કરાવી શકું છું, એ પણ મિથ્યાત્વનો એક ભાગ છે. સમજાય છે કાંઈ ? મિથ્યાત્વના તો અસંખ્ય પ્રકાર છે. એમાંથી આ એક મિથ્યાત્વનો ભાગ છે. આહા..હા..!

આજે આવ્યું છે. 'જૈન પથ પ્રદર્શક'માં લખાવો, આત્મધર્મમાં લખાવો. આવા ભાવલિંગી સાધુ હોય છે, દ્રવ્યલિંગી આવા હોય છે. દ્રવ્યલિંગી ગમે તે હો, સાત ગુણ ભલે હો, અઠ્યાવીસમાંથી સાત હોય તો પણ આપણને વંદનીક છે, એમ લખ્યું છે. નામ આપ્યું નથી. પત્ર આવે, કોઈ લખે બિચારા. અઠ્યાવીસ મૂળગુણમાંથી સાત ગુણ હોય તો પણ આપણાથી તો અધિક છે. અહીં તો કહે છે, અઠ્યાવીસ મૂળગુણમાંથી એક ગુણ તોડે તો અઠ્યાવીસ પણ એની પાસે નથી. કોઈ પત્ર આવ્યો છે, મોટો લાંબો આવ્યો છે. પત્ર આવ્યો છે. આવે, લોકો લખે. તમે જો વર્તમાન મુનિને માનો અને વંદન કરો તો લોકો તમને કરોડો રૂપિયા આપશે. તમારી આબરૂ બહુ વધી જશે. રૂપિયા આવે કે ન આવે, અહીં ક્યાં અમારે પડી છે ? અમે કોઈને કહેતા નથી કે તમે રૂપિયા આપો. અહીં તો કરોડપતિ આવે છે. એક પાઈ દ્યો, સો દ્યો, પચાસ દ્યો, અમે તો કોઈને કદી કહ્યું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? છતાં કહ્યું નહિ? એક શેઠ આવ્યા હતા. દસ મિનિટ બેઠા હતા. અંદર મારા ઓરડામાં. પૈસા નીચે મુક્યા. મેં કીધું, કેટલા છે આ ? બોલ્યા નહિ. જોયું તો પચાસ હજાર દસ દસ હજારની પાંચ નોટ. અરે..! આ તો અમે રાખતા નથી. એક પાઈ પણ (રાખતા નથી). અમે તો પ્રમુખને આપી દીધા. પાંચ મિનિટમાં પચાસ હજાર. એવા દસ દસ હજાર તો બહુ આવે છે. આપણે (મુમુક્ષુના) ઘરે એક દિ' રહ્યા હતા તો દસ હજાર મુક્યા હતા. 'મુંબઈ'માં એક દિવસ રહ્યા હતા, દસ હજાર (મુક્યા). અમે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કોઈના લેતા નથી ને દેતા નથી.

આ (મુમુક્ષુની) દુકાનમાં 'આસામ' ગયા હતા. આસામ.. આસામ. આ ભાઈ છે ને ? સામે બેઠા છે. ત્યાં એની દુકાન છે. દસ મિનિટ ગયા તો કાજુ ને દ્રાક્ષ બધાને વહેંચ્યા. અને દસ હજાર મુક્યા. મેં પૂછ્યું, કોના છે ? બોલ્યા નહિ. દુકાનના છે, દુકાનના છે. દસ મિનિટના દસ હજાર. ભાવનગરના મોટા ગૃહસ્થ છે, બહુ ઉદાર છે અને નરમ માણસ છે. અને ત્યાં આપણે 'કલકત્તા'માં, (એક મુમુક્ષુ) પાસે પચીસ-ત્રીસ કરોડ છે ને ? 'કલકત્તા'માં હતા ને ? કઈ સાલ ? ૧૯૮૪. જૈન તિથી. બીજ પહેલાં એકમને દિવસે આવ્યા. દસ હજારની નોટ લઈને આવ્યા. કાલે જયંતિ છે તો હું દસ હજાર આપું છું. એ તો પુણ્યના ફળ જગતમાં આવે છે એમાં આત્માને શું ? આહા..! ભિખારી એમ માને છે કે મને પૈસા મળ્યા. ભિખારી છે, રાંકા છે. આહા..હા...!

મુમુક્ષુ :– વરાંકા લખ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વરાંકા લખ્યું છે, વરાંકા લખ્યું છે. સિદ્ધાંતમાં કળશમાં વરાંકા (લખ્યું છે). મોટા રાજા છે, કરોડની પેદાશ છે બધા ભિખારી છે. પોતાની લક્ષ્મીની ખબર નથી અને દુનિયાની જડની લક્ષ્મી મારી, ભિખારી ! ભીખ માંગે છે કે મને પૈસા દો ને બાયડી દો ને છોકરા દ્યો, આબરૂ દ્યો. ભિખારી છે.

મુમુક્ષુ :– શેઠિયાઓને ભિખારી કહ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શેઠિયા કોને કહેવા ? શેઠિયા બેઠા એ હેઠિયા છે. આહા..હા...! અહીં તો 'કૃષ્ણકુમાર' દરબાર પણ આવ્યા હતા. ભાવનગર દરબાર. માનસ્તંભમાં આવ્યા હતા. બે-ત્રણ વાર આવ્યા હતા. કરોડની ઉપજ છે. મેં તો કહ્યું હતું, રાજન ! એક મહિને પાંચ લાખ માગે, લાખ માગે એ નાનો ભિખારી છે અને કરોડ માગે એ મોટો ભિખારી છે. અમારે ક્યાં એની પાસે પૈસા લેવા હતા ? દરબાર આવ્યા હતા. છતાં એણે કબુલ કર્યું. મહારાજ ! નરમ માણસ હતા. 'કૃષ્ણકુમાર' હતા, ગુજરી ગયા. ભાવનગર દરબાર. એમાં શું આવ્યું ? તારો કરોડ શું અબજ રૂપિયા હોય તો શું ? એ તો ધૂળ છે. અનંતી લક્ષ્મી ભગવાન આત્મામાં પડી છે એની તો તને કિંમત નથી. આહા..હા...!

અનંત જ્ઞાન, અનંત દર્શન.. પ્રભુ ! શું કહીએ ? એ અનંત ગુણની સંખ્યાનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અંત નહિ. શું છે આ તે ? અંદર એટલા ગુણ છે કે એક, બે, ત્રણ કરતાં કરતાં અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. (કરો એમાં) આ છેલ્લો ગુણ છે, એવું એમાં નથી. આ તે વસ્તુ છે શું ? સમજાય છે કાંઈ ? એટલી અનંત સંખ્યા આત્મામાં પડી છે કે જે આ અનંતનો છેલ્લો ધર્મ છે, છેલ્લો છે એવું કાંઈ નથી. શું કહે છે આ ? અનંત અનંત અનંત અનંત ગુણા કરીને અનંતની છેલ્લી દશા આ ગુણ છે, એવું આત્મામાં નથી. આહા..હા..! અનંત.. અનંત.. અનંત.. અનંત.. ગુણથી બિરાજમાન પ્રભુ, જેનો અંત નથી, સંખ્યાનો અંત નથી. શું છે આ ? આ શું કહે છે ? શું કહે છે ? છે તો આટલા ક્ષેત્રમાં. શરીર પ્રમાણે આત્મા ભગવાન છે અંદર, પણ એના ગુણની સંખ્યા અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંતને અનંતગુણા ગુણો તો પણ અનંત વર્ગ કરો તો પણ આ છેલ્લો ગુણ છે, એવું કદી થતું નથી. આ તે શું વસ્તુ છે ? ભાઈ ! પ્રભુ ! તેં તારી વસ્તુ, તારી લક્ષ્મી અનંતી અનંતી પડી છે, તને ખબર નથી. આહા..હા...!

એ અહીં કહે છે, જીવને પોતામાં આવવાનો (પ્રકાર) એક જ છે અને અટકવાના અનેક છે. સમજાય છે કાંઈ ? '**તે બધામાંથી પાછો વળ...**' આહા..હા...! કોઈ રાગનો કર્તા ને કોઈ પુણ્યનો કર્તા ને કોઈ પોતાની બોલવાની ક્રિયા લોકોમાં ઠીક પડે એમાં રાજીપણાના કર્તા (થાય), બધો મિથ્યાત્વ ભાવ છે. આહા..હા...! અટકવાના ઘણા સ્થાન છે.

મુમુક્ષુ :– બધા જૂઠા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– જૂઠી તો પર્યાય જૂઠી છે. દ્રવ્ય તો સત્ સાહેબ મોટો પડ્યો છે. આહા..હા...! એ તો પહેલાં કહ્યું ને ? દ્રવ્ય સ્વભાવ ઊછળીને કદી વિકારમાં આવતો નથી. આહા..હા...! ભાઈ ! આ તો ધર્મકથા છે. ધર્મકથામાં વીતરાગતા ઉત્પન્ન થાય એ ધર્મકથા છે. જે રાગથી લાભ કહે એ ધર્મકથા નહિ, એ તો પાપકથા, વિકથા છે. આહા..હા...! પોતાના અનંત અનંત અનંત અનંત (ગુણ છે). શું છે આ તે ? જેમ ક્ષેત્રનો અંત નથી, તો છે શું ? આહા..હા...!

એક આત્મામાં શું, એક પરમાણુમાં લ્યો ને. જેટલા ગુણ એક આકાશમાં છે તેટલા ગુણ એક પરમાણુમાં છે. આકાશના એક અસ્તિત્વગુણની પહોળાઈ અમાપ અમાપ અમાપ છે અને પરમાણુમાં અસ્તિત્વગુણ આટલામાં છે. શું છે આ ? સમજાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કાંઈ ? અને એક પરમાણુમાં પણ આકાશના પ્રદેશ કરતાં અનંતગુણા ગુણ છે. ભગવાન આત્મામાં પણ અનંતગુણા ગુણ છે, જેનો અંત નથી કે આ છેલ્લો ગુણ છે. એમ પ્રભુ એ પરમાણુ જડેશ્વર છે. જડેશ્વર છે–જડનો પોતે ઈશ્વર છે. આહા..હા...! એમાં જડના અનંત ગુણ કેટલા છે ? કે આ અનંત અનંત અનંત અનંતમાં પરમાણુમાં આ છેલ્લો ગુણ છે, એવું નથી. આ તે શું છે ? આહા..હા...! ગજબ વાત છે, પ્રભુ ! શું કહે ? કદી વિચારમાં આવ્યું નથી, વિચારમાં લીધું નથી અને જગતના થોથા ને વિચારમાં મરી ગયો, એમાં ને એમાં. આહા..હા...! શું છે આ ?

ભગવાને કહ્યું છે, પ્રભુ ! તારામાં એટલા ગુણ છે કે અનંત અનંત સંખ્યા કરો, જેમ એક પાંચને પાંચ વાર ગુણો તો પાંચને પાંચ વડે ગુણતા પહેલાં પચીસ થયા. પછી પચીસ ને પાંચે ગુણો, એમ પાંચ વાર ગુણો તો એ એનો વર્ગ કહેવાય. એમ એક અનંતને એટલી સંખ્યાને એક વાર અનંતે ગુણો, એની સંખ્યા આવે એને બીજી વાર એવા અનંત વાર ગુણો. આહા..હા...! અનંત ગુણ એટલા છે. અનંતને અનંત વાર ગુણો. એક વાર ગુણ્યા અનંતી સંખ્યા, વળી બીજી સંખ્યા આવી એને એનાથી ગુણો, એમ અનંત વાર ગુણો. વકીલ ! તમારા કાયદામાં આવું કોઈ દિ' નહિ આવ્યું હોય. એવા અનંત ગુણનો નાથ પ્રભુ ! ભગવાન તારી વસ્તુ છે. આહા..હા...! તને તારી કિંમત નથી અને તારી વસ્તુમાં નથી એની તને કિંમત અને મહિમા તને આવી એ ભ્રમણા છે. આહા..હા..!

દ્રવ્યલિંગી સાધુ થયો, એ અહીંયા આગળ કહેશે. **'જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે,...'** આહા..હા...! એ શુભરાગની ક્રિયાની મીઠાશમાં રોકાઈ જાય છે પણ અનંત અનંત ગુણની સંખ્યાનો પાર નહિ, અંત નહિ, એવા ભગવાન પ્રત્યે પ્રેમ કરતો નથી, એની તરફ નજર કરતો નથી. આહા..હા...!

મુમુક્ષુ :– એની તરફ નજર કરતાં કેટલા પ્રકારના મિથ્યાત્વ તૂટી જાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એક સમયમાં મિથ્યાત્વ તૂટી જાય છે.

મુમુક્ષુ :– કેટલા પ્રકારના મિથ્યાત્વ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંતર દૃષ્ટિ જ્યાં થઈ, જ્ઞાન સમયાંતરમાં સમ્યગ્જ્ઞાન થઈ જાય છે. સમ્યગ્દર્શન થયું તો જ્ઞાન સમયાંતરમાં સમ્યગ્જ્ઞાન થઈ જાય છે. આહા..હા...! એ તો બતાવ્યું ને ? ૧૯૧ કળશ, પ્રજ્ઞાછીણી. આ બધું આટલું આટલું કહ્યું પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થશે કેટલા સમયમાં ? રાગથી આમ છે ને અનંત ગુણ છે ને ફલાણું છે. તો કહ્યું, 'रभसा'. 'रभसा'નો અર્થ શીઘ્ર કર્યો અને 'रभसा'નો અર્થ એક સમય કર્યો. એક સમયમાં. ભગવાન ભૂલમાં છે તો એક સમયમાં ભૂલ ભાંગીને ભગવાન થઈ જાય છે. આહા..હા..! પહેલાં આવી ગયું છે. જ્ઞાતાના અભ્યાસથી જ્ઞાતા થઈ જાય છે. આહા..હા...! કોઈ વ્યવહાર ક્રિયા ને દાન ને દયા ને મંદિર બનાવ્યા ને મંદિરમાં ઘણી પૂજા કરી માટે જ્ઞાતાપણાનું ભાન થઈ જશે (એમ નથી). આહા..હા...! એવી વસ્તુ છે. દુનિયાને કઠણ પડે એટલે લોકો પછી વિરોધ કરે. એની દૃષ્ટિમાં ન બેસે એટલે વિરોધ કરે. એમાં કાંઈ નહિ. કરે, એવું છે. એવી ચીજ છે. આહા..હા...!

એક પરમાણુની સત્તા આટલામાં. આકાશની સત્તા અમાપ... અમાપની સત્તા આટલી પહોળી તો પણ સત્તા જે છે તે એક જ છે. આત્મામાં સત્તા નામનો ગુણ છે એ અસંખ્ય પ્રદેશમાં છે અને આકાશનો સત્તાગુણ છે તે અનંત પ્રદેશમાં વ્યાપક છે. શું છે આ ? અને પરમાણુમાં સત્તાગુણ એક પ્રદેશ પરમાણુ છે એટલામાં છે. આહા..હા...! ત્યાં ક્ષેત્રની મહત્તાની જરૂર નથી. એની શક્તિની મહત્તાની જરૂર છે આવી વાત છે, ભાઈ ! આહા..હા...!

પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર બિરાજે છે, એને રાગથી ભિન્ન પાડીને સંધિ તોડી દે. સંધિ છે એની જ્ઞાનમાં લઈને છૂટી પાડી દે. આહા..હા...! અટકવાના અનેક પ્રકાર છે. છે ? **'ચૈતન્ય દરબારમાં જ ઉપયોગને લગાવી દે;...'** આહા..હા..! બધાથી વિમુખ થઈ, સ્વભાવ સન્મુખ થઈ, ભેદ ને વિશેષ ને નિમિત્ત ને રાગ ને સંયોગ બધાથી વિમુખ થઈ, પર સન્મુખ અનાદિથી છે એ બધાથી વિમુખ થઈ... આહા..હા..! તારું મુખ પલટી નાખ. આહા.હા...! ઝીણી વાત બહુ, બાપુ ! ન પકડાય, ન બેસે એને એવું લાગે આ તો એકલી નિશ્ચયની વાતું કરે છે. આમ કરતાં કંઈ થાય, વ્યવહાર કરતાં (થાય) એ વાત જ કરતાં નથી. બાપુ ! ભાઈ ! એ વ્યવહાર રાગ છે. રાગની સીમા છે. રાગની સીમા છે. સીમા નામ વિકૃતભાવની હદ છે અને અવિકૃત સ્વભાવની હદ નથી, અપરિમીત સ્વભાવ છે. પરિમીત સીમાવાળી વસ્તુ છે એને છોડી શકાય છે. પણ અસીમ વસ્તુ છે તેને ન છોડી શકાય. તારી માન્યતા ભલે હો, પણ એ વસ્તુ અંદરથી નહિ છૂટી શકે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...! આકરું કામ બહુ. વસ્તુસ્થિતિ એવી છે, ભાઈ ! ભગવાન કહે છે માટે એવી વસ્તુ છે એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નહિ, પણ વસ્તુ એવી છે એવું ભગવાને જાણ્યું અને કહ્યું. આહા..હા...!

અનંત અનંત અનંત અનંત ક્ષેત્રને પણ જ્ઞાનની પર્યાય જાણી લે છે. જાણી લે છે માટે ત્યાં અનંતનો અંત આવી ગયો એમ નથી. અર્થાત્ એક આત્મામાં અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. ગુણ છે. તેને ભગવાને જાણી લીધા માટે ત્યાં અંત આવી ગયો, એમ નથી. આવી વાત છે, બાપુ ! શું થાય ? ભાઈ ! અરે..રે.! પરમ સત્યને સાંભળવા ન મળે. એ ક્યાં વિચાર કરે ને ક્યાં જાય ? કેની કોર જાય ? આહા..હા...!

એ અહીં બેન કહે છે, **'ચૈતન્ય દરબારમાં જ ઉપયોગને લગાવી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ.'** આહા..હા..! પ્રભુત્વની પ્રભુતા તને બેસે તો પ્રભુતા ગુપ્ત નહિ રહી શકે. પ્રભુતાની પ્રભુતા તને રુચે તો એ પ્રભુતા ગુપ્ત નહિ રહી શકે. દર્શનમાં પ્રસિદ્ધિમાં આવી જાય છે. સમજાય છે કાંઈ ? ન્યાં અમેરિકામાં આ બધું નથી કાંઈ. આહા..હા...! અને આ ટાણા આવ્યા, ભાઈ ! આ કરવા લાયક છે. આહા..હા...! **'ચૈતન્ય દરબારમાં જ ઉપયોગને લગાવી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ.'** થશે જ. પ્રભુતાની પ્રભુતા તને રુચે અને પર્યાયમાં પ્રભુતા પ્રગટ ન થાય એમ બને નહિ. સમજાય છે કાંઈ ? આવી વાત છે.

**'અનંત અનંત કાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે,...'** અનંત જીવોએ આવો પુરુષાર્થ કર્યો છે, તું એકલો નવો નથી. આહા..હા...! રાગની જેલમાંથી નીકળીને અનંત અનંત જીવો ચૈતન્ય દરબારમાં ઘુસી ગયા. **'માટે તું પણ આમ કર.'** અનંત જીવોએ આમ કર્યું, એવું તું પણ કર. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

⌘ ⌘ ⌘

**આકુળતાવાળા સુખથી પણ શરીરનો વ્યાધિ ભૂલી જવાય છે તો અનાકુળતાવાળા સુખથી જગત કેમ ન ભૂલાય ? અર્થાત્ આત્માના સાચા સુખ વડે સંસારનાં ગમે તેવાં ઘોર દુઃખો પણ ભૂલી જવાય છે. 'પરમાગમસાર' બોલ નં.૧૧૦.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



## શ્રાવણ વદ ૯, રવિવાર તા. ૨૭-૦૮-૧૯૭૮.
## વચનામૃત-૧૯૯, ૨૦૦. પ્રવચન-૭૭

૧૯૯ બોલ ચાલે છે. અહીંયાથી છે. બીજો પેરેગ્રાફ છે ને ? બીજો પેરેગ્રાફ. **'અનંત અનંત કાળ ગયો, જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને ?'** ક્યાંક ને ક્યાંક, કોઈ રાગના પ્રેમમાં, વ્યવહારના પ્રેમમાં (અટકે છે).

મુમુક્ષુ :- પૈસાના પ્રેમમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પૈસા ને શરીર એ ચીજ તો વળી દૂર રહી ગઈ. આહા..હા...! પૈસા, શરીર, કુટુંબના પ્રેમમાં અને આગળ જતાં અંદર શુભરાગ આવે છે, અશુભરાગના પ્રેમમાં અને આગળ જતાં શુભરાગના પ્રેમમાં અનેક પ્રકારે અટકવાના રસ્તા છે. છે ને ? **'અટકવાના તો અનેક અનેક પ્રકાર;...'** છે. પરંતુ **'સફળ થવાનો એક જ પ્રકાર-ચૈતન્ય દરબારમાં જવું...'** આહા..હા..! ભગવાન અનંત ગુણનો દરબાર છે, આત્મા બાદશાહ છે અને અનંત ગુણની એની પ્રજા છે. તેના સ્વદેશમાં જાવું. આહા..હા..! આ જયુપર છોડીને અમેરિકામાં રખડે છે ને ? આ તો દૃષ્ટાંત છે. આહા..હા..!

પોતાનો સ્વદેશ આનંદધામ પ્રભુ, અનંત ગુણનો દરબાર આત્મા.. આહા..હા...! એમાં પ્રવેશ કરવો એ એક જ છૂટવાનો રસ્તો છે. સંસારના બંધનમાંથી છૂટવાનો આ એક રસ્તો છે, ભાઈ ! એ 'છ ઢાળા'માં પણ આવે છે ને ? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી સકલ જગ દ્વંદ ફંદ, નિજ આતમ ધ્યાવો' પ્રભુ ! આનંદનું ધામ નાથ છે... આહા..હા...! ત્યાં દરબારમાં પ્રવેશ કરો. આહા..હા...!

મુમુક્ષુ :-

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ અટકે છે માટે ફસાય છે. એ અટકે છે અંદર. ઇ કહેશે અહીંયા. **'પોતે ક્યાં અટકે છે તે જો પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે.'** આહા..હા...! કોઈ રાગના પ્રેમમાં, કોઈ શરીરના પ્રેમમાં, કોઈ કર્મના નિમિત્તે મારામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિકાર થાય એવા કર્મના પ્રેમમાં (અટકે છે). આહા..હા..! સમજાય છે કાંઈ ? કોઈ ગુણી-ગુણના ભેદનો વિકલ્પ આવે છે એના પ્રેમમાં (અટકે છે). આહા..! આકરી વાત છે, ભાઈ ! ભેદના વિકલ્પ આવે છે એમાં અટકે છે. અટકવાના તો અનેક પ્રકાર છે, છૂટવાનો એક પ્રકાર. ચૈતન્ય ભગવાન અનંત ગુણના દરબારમાં અંદર જવું. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ એક જ રસ્તો છે. **'પોતે ક્યાં અટકે છે તે જો પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે.'** હવે દૃષ્ટાંત આપે છે.

**'દ્રવ્યલિંગી સાધુ...'** આહા..હા...! **'દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે,...'** ક્યાં ? **'શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે,...'** આહા..હા...! પંચ મહાવ્રતનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, ક્યાંક ક્યાંક સૂક્ષ્મપણે (અટકી જાય છે). દ્રવ્યલિંગી દિગંબર અનંત વાર થયો પણ સૂક્ષ્મ રાગના પ્રેમમાં ત્યાં રોકાઈ જાય છે. આહા..હા...!

મુમુક્ષુ :– શુભરાગની મીઠાશ કેવી હોય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગની મીઠાશ નામ રાગનો પ્રેમ એ મીઠાશ. કેમ કે શુભ ઘણું કર્યું. સ્ત્રી છોડી, કુટુંબ છોડ્યું, દુકાન-ધંધો છોડ્યો તો મેં કેટલું કર્યું ! એમ શુભરાગની મીઠાશના પ્રેમમાં રોકાઈ જાય છે. આહા..! સમજાય છે કાંઈ ? આહા..હા..!

**'આ રાગની મંદતા,...'** આહા..હા...! આવી રાગની મંદતા કે એની ચામડી ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એવો શુભભાવ ત્યાં છે. તો મારામાં ઘણું થઈ ગયું, મેં ઘણું કર્યું. એવી દૃષ્ટિ ત્યાં રોકાઈ ગઈ. આહા..હા...! શાસ્ત્રનું જ્ઞાન ઘણું કર્યું. કહેવાની શક્તિ આવી. 'સબ શાસ્ત્રનકે નય ધારી હૈયે, મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન બાર અનંત કિયે, તદપિ કછુ હાથ હજુ ન પર્યો, અબ ક્યોં ન બિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધન સે, બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે.' આહા..હા..! ભગવાન તો એક સમયની પર્યાયની પાસે બિરાજે છે, આખો ભગવાન. આહા..હા..! સૂક્ષ્મ વાત છે, પ્રભુ !

અનંત કાળથી રખડે છે, રઝળે છે. નરક ને નિગોદના પણ અનંત ભવ કર્યા. મનુષ્યના અનંત ભવ કર્યા. અનંત કાળે એક વાર મળે તો પણ અનંત વાર ભવ કર્યા. આહા..હા...! એનાથી અસંખ્યગુણા અનંતા નરકના (ભવ) કર્યા. મનુષ્યની અનંત સંખ્યા કરતાં અનંત કાળે એક વાર મનુષ્યપણું મળે તો પણ અનંત વાર મનુષ્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થયો, મનુષ્યની એ અનંતી સંખ્યા કરતાં નરકની સંખ્યામાં અસંખ્યગુણા અનંત વાર ગયો. આહા..હા...! મનુષ્ય તો આટલા થોડા છે અને નરકમાં અનંત વાર ક્યાંથી ગયો ? પશુની સંખ્યા બહુ મોટી છે, ભાઈ ! તિર્યંચની–પશુની સંખ્યા બહુ છે. ત્યાંથી નરકમાં અનંત વાર ગયો. આહા..હા...! એનાથી અસંખ્યગુણા અનંત તો સ્વર્ગના ભવ કર્યા. એક મનુષ્ય ભવ અને અસંખ્ય નરકના. એમ અનંત મનુષ્યના અને એનાથી અસંખ્યગુણા નરકના. અને એક નરકનો ભવ અને અસંખ્ય સ્વર્ગના ભવ. આહા..હા...! સ્વર્ગમાં ઘણી વાર ગયો છે. શુભભાવની મીઠાશને કારણે ત્યાં અટકીને અનંત વાર ગયો. આહા..હા...! નરકના અનંતા ભવ કરતાં સ્વર્ગના અનંતા અસંખ્યગુણા કર્યા. આહા..હા..! એ અંદરમાં રાગની મીઠાશ બહુ કરી, મેં આટલું કર્યું, આટલું કર્યું, સ્ત્રી-કુટુંબ છોડ્યા, ધંધો છોડ્યો, હવે હું તો દયા પાળું છું, મહાવ્રત પાળું છું. આહા..હા...!

એવી મીઠાશમાં **'આ રાગની મંદતા,..'** આહા..! મને રાગની કષાયની કેટલી મંદતા છે. **'આ અઠ્યાવીસ મૂળગુણ,...'** એ અઠ્યાવીસ મૂળગુણ રાગ છે. આહા..હા...! અત્યારે તો એક પત્ર એવો આવ્યો છે કે અઠ્યાવીસ મૂળગુણ ન હોય તો એની પાસે ચૌદ તો છે. ચૌદ ન હોય તો સાત તો છે ને ! આપણાં કરતાં તો વિશેષ છે ને ! અરે...! ભગવાન ! આ શું કરે છે ? સમજાય છે કાંઈ ?

અહીંયા તો કહે છે, અઠ્યાવીસ મૂળગુણ પણ અનંત વાર પાળ્યા. અત્યારે તો એવા અઠ્યાવીસ મૂળગુણ છે પણ નહિ. કેમ કે ચોકા કરાવે. છાપામાં આવે છે, ફલાણા શેઠ ચોકા લઈને આવ્યા છે. ફલાણા શેઠ ચોકા લઈને આવ્યા છે તો માણસ.. માણસ.. (ભેગા થઈ જાય). અર..ર..ર...! આવી વાત. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– મુનિને ભુખે મારે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભુખે કોણ મારે ? મુનિ છે ક્યાં ? ભાઈ ! આકરી વાત છે, પ્રભુ ! શું થાય ? કોઈ વ્યક્તિને માટે આપણો અનાદર નથી. વસ્તુની સ્થિતિ એવી છે, ભાઈ ! એ રાગની મીઠાશમાં રોકાઈ ગયો, ભાઈ ! અઠ્યાવીસ મૂળગુણ હોય એની મીઠાશમાં રોકાઈ ગયો એ પણ પરિભ્રમણનું કારણ છે. આહા..હા...!

**'બસ આ જ હું,...'** રાગની મંદતા, અઠ્યાવીસ મૂળગુણ એ હું. ઓહો..! **'આ જ મોક્ષનો માર્ગ,...'** છે એમ માન્યું. **'ઇત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે;...'** બસ, ત્યાં સંતોષ માનીને રોકાઈ જાય છે. પણ હું આ વિકલ્પની ક્રિયાથી ભિન્ન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ (છું), રાગથી ભિન્ન છું, જેમ દૂધ અને પાણી ભિન્ન છે એમ ભગવાન આત્મા અને રાગ તદ્દન ભિન્ન છે. એમ રાગથી ભિન્ન ભગવાન આત્મા એ તરફનું લક્ષ, દૃષ્ટિ કરી નહિ. બાકી તો જાણપણું પણ અનંત વાર કર્યું. આહા..હા...! આવી અઠ્યાવીસ મૂળગુણની ક્રિયા પણ અનંત વાર કરી. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'સંતાષાઈ અટકી જાય છે; પણ આ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે...'** રાગની મંદતાના ભાવમાં એકત્વબુદ્ધિ છે એ કેમ જોતો નથી ? અને રાગની મંદતા જોઈને મેં ઘણું કર્યું ને મેં ઘણો ત્યાગ કર્યો, મને ઘણો ત્યાગ થઈ ગયો.. આહા..હા...! અશુભભાવનો પણ મેં ત્યાગ કર્યો. કુટુંબકબીલા, ધંધાપાણીનો ત્યાગ કર્યો. પણ શું કર્યું ? પ્રભુ ! તેં કાંઈ નથી કર્યું. આહા..હા..! એ વિકલ્પ જે શુભરાગ અંદર છે એની એકતાબુદ્ધિ મહા મિથ્યાત્વ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'આ અંતરમાં શાંતિ કેમ દેખાતી નથી ?'** શું કહે છે ? આહા..હા..! અઠ્યાવીસ મૂળગુણ પાળું છું, મંદ કષાય છે પણ એમાં શાંતિ જોઈએ તે દેખાતી નથી, એમ કદી વિચાર કર્યો નહિ. શાંતિ, અકષાયભાવ, ભગવાનનો અકષાય સ્વભાવ, એની શાંતિ પર્યાયમાં આવવી જોઈએ એ શાંતિ તો દેખાતી નથી અને આવા કષાયની મંદતામાં ચાલ્યો ગયો. દેહ છૂટી ગયો ને પરિભ્રમણમાં ગયો. આહા..હા...! છે ? બે વાત કરી. એક તો રાગની એકતાબુદ્ધિનો ખ્યાલ આવતો નથી અને મને અંદરમાં શાંતિ દેખાતી નથી. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. જે શાંત સ્વરૂપ ભગવાન આત્મા (છે,) એની પર્યાયમાં શાંતિની વ્યક્તતા, શાંતિ આવવી જોઈએ એ તો આવી નહિ. આહા..હા...! વાત ઝીણી, ભાઈ ! આહા..! આ તો અનંત કાળમાં કેમ રોકાણો અને રોકાવામાં મેં ઘણું કર્યું એમ માની લીધું. પણ કંઈ કર્યું નથી. આહા..હા...! જે કરવાનું હતું એ કર્યું નહિ અને નહોતું કરવાનું એ મેં કર્યું. આહા..હા...! **'તેને કાં જોતો નથી ? આ અંતરમાં શાંતિ કેમ દેખાતી નથી ?'** આહા..! **'પાપભાવ ત્યાગી સર્વસ્વ કર્યું...'** આહા..હા..! એમ માની લીધું. અશુભભાવનો ત્યાગ કર્યો. હિંસા, જૂઠું, ચોરી (કર્યા) નહિ, તો મેં બહુ કર્યું એમ માની લીધું. સર્વસ્વ કરી લીધું એમ **'માની સંતોષાઈ જાય છે.'**

**'સાચા આત્માર્થીને અને સમ્યગ્દૃષ્ટિને તો...'** આહા..હા...! શું કહે છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અશુભરાગનો ત્યાગ કર્યો તો મેં બહુ કર્યું, એમ માની લીધું. અને સમ્યગ્દષ્ટિને.. આહા..હા..! આત્માર્થીને (અર્થાત્) આત્માનું જેને પ્રયોજન છે, શુદ્ધ ચિદાનંદ પ્રભુ, આહા..હા...! એની દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું **'તો ઘણું બાકી છે,..'** શું કહે છે ? સમ્યગ્દર્શન થયું તો પણ ઘણું બાકી છે. હજી ચારિત્ર, શુક્લધ્યાન, કેવળજ્ઞાન (બાકી છે), ભાઈ ! ત્યારે આ માને છે કે કષાય મંદ કર્યો ને અશુભ છોડ્યું તો મેં ઘણું કર્યું. સમ્યગ્દષ્ટિને પોતાનો અનુભવ થયો તો (એમ લાગે છે) મને હજુ ઘણું કરવાનું બાકી છે. સમજાય છે કાંઈ ? આ બધા વ્યાખ્યાન છપાવાના છે. આપ્યા ને દસ હજાર ? ભાઈને. આ વ્યાખ્યાન છપાવાના છે. ઘણા વ્યાખ્યાન થશે. કારણ કે હજી તો અહીં સુધી આવ્યા ત્યાં પોણા ત્રણ મહિના તો થયા. એટલા વ્યાખ્યાન થઈ ગયા. ૭૭ વ્યાખ્યાન થઈ ગયા, લ્યો ! હજી તો ૨૪૩ (બોલ) બાકી છે. ૪૪૩ છે ને ? ૪૪૩. ૨૪૩ બાકી છે. આહા..હા...!

**'સાચા આત્માર્થીને...'** પોતાના શુદ્ધ ચૈતન્યની પ્રયોજનની દૃષ્ટિ પ્રગટ થઈ, હું તો પૂર્ણ આનંદસ્વરૂપ છું, પૂર્ણ આનંદ, પૂર્ણ કેવળજ્ઞાનનો પિંડ છું, એમ અનુભવમાં દૃષ્ટિ થઈ, અને પ્રતીતમાં આવ્યું કે આખો આત્મા પૂર્ણ શુદ્ધ છે. આનંદનો અંશ વેદનમાં આવ્યો. આહા..હા...! શાંતિ પણ અંશે વેદનમાં આવી તો એને એમ લાગે છે કે અરે..રે...! મારે તો હજુ ઘણું કરવાનું બાકી છે. આહા..! દ્રવ્યલિંગી કહે છે કે મેં બહુ કર્યું, ત્યારે સમ્યગ્દષ્ટિ કહે છે કે મારે હજુ ઘણું બાકી છે. આહા..હા...! આવી વાત છે, બાપુ ! ઓહો..હો...! લોકોને દુઃખ લાગે કે આ તો સાધુપણું (માનતા નથી). અહીં તો સાધુપણું કેવું હોય એની વાત ચાલે છે. કોઈ વ્યક્તિની વાત નથી. આહા..હા...!

સમ્યગ્દષ્ટિને અંદરમાં એમ લાગે છે, 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં એક ગાથા છે કે સમ્યગ્દષ્ટિને આત્માનો અનુભવ થયો, આનંદનો સ્વાદ આવ્યો તો એમ માને છે કે હું તો પામર છું. ક્યાં કેવળજ્ઞાન, ક્યાં યથાખ્યાત ચારિત્ર. હું તો પર્યાયમાં પામર છું, દ્રવ્યમાં પ્રભુતા છે. ભગવાન છું, દ્રવ્યે હું પ્રભુ છું, પર્યાયમાં પામર છું. આહા..હા..! મારે હજુ ઘણું કરવાનું બાકી છે. સ્વરૂપમાં રમણતા કરીને ચારિત્ર કરવું, એમાં ઉગ્રપણે એકાગ્ર થઈને શુક્લધ્યાન કરવું, એમાં એકાગ્ર થઈને કેવળજ્ઞાન પ્રગટ કરવું, ઘણું બાકી છે, પ્રભુ ! આહા..હા...!

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિ કૃત્યકૃત્ય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :– એ દૃષ્ટિની અપેક્ષાએ કૃતકૃત્ય છે. સ્થિરતાની અપેક્ષાએ ઘણું બાકી છે. પર્યાયમાં હજી કૃત્યકૃત્ય નથી થયા. આહા..હા...! એ તો મુક્તસ્વરૂપ છે એની દૃષ્ટિમાં મુક્તસ્વરૂપ આવ્યું તો પર્યાયમાં મુક્તિનો અંશ પ્રગટ થયો પણ હજી પૂર્ણ મુક્તિ નથી એની અંદર ઝંખના છે. આહા..હા..! અરે..! હજી તો મારે ક્યાં પહોંચવાનું છે. કેવળજ્ઞાન આહા..હા...! (લેવાનું છે). હજુ ઘણું બાકી છે. મિથ્યાદૃષ્ટિ અઠ્યાવીસ મૂળગુણ પાળીને ઘણું કર્યું એમ માને છે. ત્યારે સમ્યગ્દૃષ્ટિને અનુભવ થયો, ભવનો અંત આવી ગયો, છતાં હજી મારે ઘણું કરવાનું બાકી છે, એમ માને છે. બે વાતમાં ફેર છે. આહા..હા..!

મુમુક્ષુ :– .. કહે છે કે મારે મોક્ષ નથી જોઈતો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો ઇચ્છા નથી. 'બંધ મોક્ષ પણ વર્તે એક સ્વભાવ જો' 'અપૂર્વ અવસર'માં આવે છે. 'બંધ મોક્ષમાં વર્તે એક સ્વભાવ જો' વીતરાગતા વર્તે છે. બંધનો નાશ કરું અને મોક્ષને લઉં એવો વીતરાગભાવ દૃષ્ટિમાં આવ્યો. આહા..હા...! બંધનો નાશ કરું એમ નહિ અને મોક્ષની પર્યાય પ્રગટ કરું એવી ઇચ્છા નહિ. આહા..હા...! ભાવનામાં એમ છે. મારી ભાવના પૂર્ણ, આનંદમય પૂર્ણ થઈ જાય. આહા..હા..!

મુમુક્ષુ :– ભાવના અને ઇચ્છામાં શું ફેર છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પેલો વિકલ્પ છે અને ભાવના અંદરમાં એકાગ્રતા છે. સમજાય છે કાંઈ ? 'શ્રીમદ્દે' કહ્યું. 'શ્રીમદ્ રાજચંદ્ર'. આ તો ગુજરાતી છે.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ગુજરાતી છે.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.
સર્વ ભાવનું બંધન તીક્ષ્ણ છેદી કરી
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો
વીતરાગના પંથે ક્યારે અમે પૂર્ણાનંદમાં રમશું ?
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

એ પ્રશ્ન અમારે (સંવત) ૧૯૮૦ ની સાલમાં થયો. ૧૯૮૦, કેટલા વર્ષ થયા ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



૫૪. વ્યાખ્યાન ચાલતું હતું. હજારો માણસ તે દિ' પંદરસો માણસ. અપૂર્વ અવસર આવ્યું, તો અમાર એક ગુરુભાઈ સાધુ હતા, એમણે કહ્યું, અપૂર્વ અવસરની વાતું કરે છે અને મુનિપણું તો લેતા નથી. અરે..! સાંભળ તો ખરો, ભાઈ ! ૧૯૮૦ ની વાત છે. ૫૪ વર્ષ થયા. સમ્યગ્દૃષ્ટિ ભાવના કરે છે. સમજાય છે કાંઈ ? અંદર એકાગ્રતામાં ભાવના કરે છે કે હું પૂર્ણ એકાગ્ર ક્યારે થાઉં ? આહા..હા...! મોટી તકરાર, દૃષ્ટિ વિપરીત હતી. એણે અપૂર્વ અવસર ગાયું છે અને મુનિપણું તો લીધું નહિ. અરે...! ભાઈ ! એ તો વસ્ત્રસહિત મુનિપણું માનતા હતા ને ! વસ્ત્ર સહિત. ધૂળમાં પણ મુનિ નથી. એ તો દ્રવ્યલિંગ પણ નથી.

મુમુક્ષુ :– મિથ્યાદૃષ્ટિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મિથ્યાદૃષ્ટિ કુલિંગી છે. વસ્ત્ર સહિત મુનિપણું માનવું એ તો મિથ્યાદૃષ્ટિ કુલિંગી છે. વસ્તુ એવી છે, ભાઈ ! એ કોઈ વ્યક્તિ માટેની વાત નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાય છે કાંઈ ? અરે..! નગ્ન મુનિ થઈ જાય, પણ અઠ્યાવીસ મૂળગુણ પાકા ન હોય તો એ પણ મિથ્યાદૃષ્ટિ કુલિંગી છે. દ્રવ્યલિંગી પૂર્ણ છે જ નહિ. દ્રવ્યલિંગી તો અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખા પાળે. પ્રાણ જાય તો પણ એના માટે બનાવેલા આહાર અને પાણીનું બિંદુ ન લે. આહા..હા...! એય..!

મુમુક્ષુ :– અહીંયા જ ઝઘડો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઝઘડો તો હોય, પ્રભુ ! એને ન બેસે તો શું થાય ? અરે..! પ્રભુ ! તારી બલિહારી છે, નાથ ! આહા..હા..! અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખા (પાળે નહિ). અરે...! પત્રમાં એમ આવે કે શેઠ સાધુ માટે ચોકા લઈને આવ્યા. અર..ર..ર..! અને આ મહારાજ એટલા છે કે અઠ્યાવીસ પીંછી, ચાલીસ પીંછી માટે.. આવો શેઠિયાઓ, આહાર બનાવીને દેવા.

અમારા ગુરુ સાથે પણ ચર્ચા થયેલી, કહ્યું હતું ને ? (સંવત) ૧૯૬૯ ની સાલ. સંવત ૧૯૭૦. ૬૫ વર્ષ પહેલાં. મેં દીક્ષા લીધા પહેલાં પ્રશ્ન કર્યો હતો. ગુરુ શાંત હતા. પ્રકૃતિ શાંત હતી, નરમ હતા. ક્રિયા એમની ચોખ્ખી હતી. એમની માટે બનાવેલા આહાર, પાણી કોઈ દિ' લે નહિ. દૃષ્ટિ મિથ્યાત્વ હતી, વસ્તુ નહોતી. મેં એમને પ્રશ્ન કર્યો. દીક્ષા પહેલાં, હોં ! (સંવત) ૧૯૬૯. દીક્ષા તો ૧૯૭૦ માં લીધી. એટલો પ્રશ્ન કર્યો કે મહારાજ ! આ સાધુ માટે મકાન બનાવે છે અને મકાન વાપરે છે તો નવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કોટિમાંથી કઈ કોટિ તૂટે ? પંડિતજી ! ૬૫ વર્ષ પહેલાં પ્રશ્ન કર્યો હતો. સાધુ માટે મકાન બનાવ્યું હોય અને સાધુ એ વાપરે તો મનથી, વચનથી, કાયાથી, કરવું, કરાવવું ને અનુમોદવું, નવ કોટિ છે ને ? તો નવ કોટિમાંથી કઈ કોટિ તૂટે ? આ તો ૬૫ વર્ષ, ૬૬ વર્ષ પહેલાંની વાત છે.

મુમુક્ષુ :– આપને ઘણા વર્ષોની વાત યાદ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આમાં યાદ ક્યાં...? આ તો ૮૯ વર્ષ થયા. ૮૭ વર્ષની વાત તો યાદ છે. બે વર્ષની ઉંમર હતી, મોટા ભાઈના લગન હતા. બે બહેના હતા, બે મોટા ભાઈ. લગન હતા, તે દિ' મારી ઉંમર બે વર્ષની હતી. (સંવત) ૧૯૪૮ માં લગન હતા. જન્મ ૧૯૪૬. અમારું ઘરનું મકાન હતું. મેડી હતી. મેડી ઉપર મારી બહેન લઈને બેઠી હતી. એટલું યાદ આવ્યું. સમજાય છે કાંઈ ? આહા..હા...! વિશેષ તો બેનને સ્મરણ થયું એમાંથી ઘણું યાદ આવ્યું. એ વળી પૂર્વની વાત.

અહીંયા કહે છે, આહા..હા...! મેં સર્વસ્વ કરી લીધું એમ અજ્ઞાની માને છે. જ્ઞાની આત્માનું ભાન થયું, આનંદનો સ્વાદ આવ્યો. અરે..રે...! હજી તો મારે પૂર્ણ આનંદની પ્રાપ્તિ કરવી (બાકી છે). મારે ઘણું કામ બાકી છે. સમજાય છે કાંઈ ? અજ્ઞાની કહે છે કે અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા તો મેં ઘણું કર્યું. તો જ્ઞાની કહે છે કે મને અનુભવ થયો પણ મારે હજી ઘણું બાકી છે. આહા..હા...!

મુમુક્ષુ :– ઘણું બાકી છે એમાં તો આકુળતા નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ, નહિ, આકુળતા નહિ, ભાવના છે. આકુળતા કેવી ?

એકાકી વિચરતો વળી સ્મશાનમાં
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો

સિંહ શરીર લેવા આવ્યો અને મારે શરીર રાખવું નથી. તો સિંહ શરીર લેવા આવે તો મારો મિત્ર છે. આસન સ્થિર અને મનમાં નહિ ક્ષોભતા. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે' આહા..હા...! 'શ્રીમદ્ રાજચંદ્ર' લાખોનો ઝવેરાતના વેપારી હતા પણ અંતરમાં દૃષ્ટિ રાગથી ભિન્ન થઈ ગઈ. આહા..! અને એટલી શક્તિ, ઘણી હતી. એ વખતે એ એક જ પુરુષ હિન્દુસ્તાનમાં હતા. સમજાય છે કાંઈ ? ભલે પછી હતા,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'ધર્મદાસ ક્ષુલ્લક'. 'ધર્મદાસ ક્ષુલ્લક' છે ને ? એ ૧૯૪૮ની સાલમાં છે. આની ક્ષયોપશમની અને અનુભવની શક્તિ બહુ !

એકવાર એમ કહી ગયા, અરે..! 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે...' હજી રાગનો ભાગ મને દેખાય છે અને રાગનું વેદન હજી મને થાય છે. આનંદના વેદનની સાથે. આહા..હા...! 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે..' હજી રાગ બાકી છે તો લાગે છે કે એકાદ ભવ કરવો પડશે. પછી 'જાશું સ્વરૂપ સ્વદેશ રે...' અમારો આનંદનો નાથ અમારો દેશ છે ત્યાં પૂર્ણ રીતે અંદર જાશું. સમ્યગ્દષ્ટિ આવી ભાવના ભાવે છે. આહા..હા..! આવી વાત છે, બાપુ ! સમ્યગ્દર્શન થયું માટે પૂરું થઈ ગયું એમ નથી. મોક્ષમાર્ગ તો દર્શન, જ્ઞાન, ચારિત્રની પૂર્ણતા એ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન થયું માટે મોક્ષમાર્ગ પૂર્ણ થઈ ગયો, (એમ નથી), ભાઈ ! સમજાય છે કાંઈ ?

આવી ભાવના કરનાર ઘણું બાકી છે એમ માને છે અને અજ્ઞાનીએ હજારો રાણીનો ત્યાગ કર્યો, બાળ બ્રહ્મચારી થયો, કરોડ વર્ષના પૂર્વમાં આઠ વર્ષથી જાવજીવ બાળ બ્રહ્મચારી (રહ્યો). આઠ વર્ષમાં તો કાંઈ કર્યું ન હોય. તેથી શું થયું ? તેથી શું થયું ? સ્ત્રીનો ત્યાગ બાહ્ય શરીરથી કર્યો, એ કાંઈ કર્યું નથી, એ રાગની મંદતા હતી, એ કોઈ વસ્તુ નથી. સમજાય છે કાંઈ ? બ્રહ્મ નામ આત્મા, એમાં ચરવું, રમવું. બ્રહ્માનંદ ભગવાનમાં ચરવું એનું નામ બ્રહ્મચર્ય છે. આહા..હા...! એ તો હજી કર્યું નથી. તો શરીરથી બ્રહ્મચર્ય પાળે એમાં કાંઈ થયું નથી. આહા..હા...!

'પદ્મનંદી આચાર્ય'. છવીસ અધિકાર છે, નામ 'પદ્મનંદી પંચવિંશતિઃ' કહેવાય છે. અધિકાર છવીસ છે. એમાં એમણે બ્રહ્મચર્યની વ્યાખ્યા છેલ્લે કરી છે. ઓહો..! એ જંગલના રહેવાસી સંતો, આત્મા જંગલસ્વરૂપ, રાગરહિત એમાં રહેવાસી સંતો. આહા..હા...!

મુમુક્ષુ :– 'શ્રીમદ્દે' વનશાસ્ત્ર કહ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'પદ્મનંદી પંચવિંશતિઃ'ને વનશાસ્ત્ર કહ્યું છે ને. 'શ્રીમદ્દે' વનશાસ્ત્ર (કહ્યું), વનમાં બનાવ્યું છે. એમણે બ્રહ્મચર્યની વ્યાખ્યા એવી કરી, એવી કરી.. ઓહો..! ભગવાન આત્મા બ્રહ્મસ્વરૂપ આનંદસ્વરૂપ પ્રભુ, એમાં ચરવું, રમવું, જમવું, અતીન્દ્રિય આનંદનું વેદન કરવું, પૂર્ણ અતીન્દ્રિય આનંદનું વેદન કરવું એ પૂર્ણ બ્રહ્મચર્ય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? બ્રહ્મચર્યની વ્યાખ્યા બહુ કરી. કર્યા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પછી આચાર્ય ગાથામાં કહે છે, હે યુવાનો ! તમારા યુવાન શરીર ને સ્ત્રીની યુવાનતા ને લક્ષ્મીની અનુકૂળતામાં તમને અમારી આ વાત ન રુચે, પ્રભુ ! માફ કરજો. એમ કહ્યું છે. આહા..હા...! પંડિતજી ! 'પદ્મનંદી પંચવિંશતિઃ'. માફ કરજે, બાપુ ! મારી પાસે શું આશા રાખશો ? ભાઈ ! આહા..હા...! એમ કહ્યું. હું બ્રહ્મચર્યની વ્યાખ્યા જે આનંદસ્વરૂપ છે એની કહું છું, અને તમારી જુવાન અવસ્થા, પચીસ-ત્રીસ વર્ષની ઉંમર ને કરોડ રૂપિયાની કિંમત ને સ્ત્રી રૂપાળી સારી મળે, જુવાન હોય, એના પ્રેમમાં અમારી વાત ન રુચે,.. આહા..હા...! વીતરાગી સંત કહે છે, હોં ! આહા..હા..! મારી પાસે શું આશા રાખીશ ? પ્રભુ ! માફ કરજો તમને દુઃખ લાગે તો. આહા..હા...! એમ સમ્યગ્દૃષ્ટિ કહે છે અમે જે સત્ય વાત કહીએ છીએ અને તમને ન રુચે તો માફ કરજો, અમારી પાસે બીજી શું આશા રાખશો ? કહો, ભાઈ ! આ તમારા હીરા-ફીરા ક્યાંય રહી ગયા.

મુમુક્ષુ :- આ અસલી હીરા છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા...! અહીં બેન કહે છે, જુઓ ! **'સમ્યગ્દૃષ્ટિને તો ઘણું બાકી છે, ઘણું બાકી છે, એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે...'** આહા..હા...! **'એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડ ટકી શકે.'** પુરુષાર્થનો પોતા તરફનો ઝુકાવ અખંડ રહે છે. આહા..હા...!

**'ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધા,...'** છે. શું કહે છે ? ગૃહસ્થાશ્રમમાં ભલે હો, પણ મૂળ પકડી લીધું. આત્માના આનંદના નાથને સમ્યગ્દર્શનને પકડી લીધો છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? પૂર્ણ બ્રહ્મ પ્રભુ, પૂર્ણાનંદ પૂર્ણ ઇદમ્. એવું વસ્તુનું સ્વરૂપ જે અનંત ધર્મનો નાથ, ધર્મનાથ આત્મા છે. આહા..! આવા પરમાત્માનો અનુભવ થઈ ગયો, પકડી લીધો, મૂળ પકડ્યું. હવે... છે ? **'(દૃષ્ટિ અપેક્ષાએ) બધું કરી લીધું,...'** દૃષ્ટિ અપેક્ષાએ આખા દ્રવ્યને પકડી લીધું. આહા..હા...! **'અસ્થિરતારૂપ ડાળાં-પાંદડાં જરૂર સુકાઈ જશે.'** હવે મૂળ પકડી લીધું છે તો રાગની જે અસ્થિરતા છે એ નિશ્ચયથી સુકાઈ જશે. બીજ ઊગી છે તો પુનમ થશે, થશે ને થશે જ. બીજ ઊગી તો તેર દિ'એ પુનમ પૂર્ણ થશે જ થશે. એમ ભગવાન આનંદના નાથને જ્યાં અંદરથી પકડી લીધો... આહા..હા...! પછી જે રાગની અસ્થિરતા છે એ સુકાઈ જશે. મૂળ પકડી લીધું તો સુકાઈ જશે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લાખો આમલીના પાંદડા હોય, આમલી હોય ને આમલી ? મૂળ તોડી નાખ્યું હોય તો પછી એ પાંદડાં કેટલો કાળ રહેશે ? થોડા દિવસ, પંદર દિ'માં સુકાઈને ખલાસ થઈ જશે. આહા..હા...! એમ જેણે આત્મામાં સમ્યગ્દર્શનરૂપી કુહાડો લઈને દૃષ્ટિમાં લઈ લીધો અને મિથ્યાત્વનો છેદ કરી નાખ્યો.. આહા..હા...! ભાઈ ! વસ્તુ અલૌકિક છે. આહા..! એ શબ્દની વાતુમાં આવી શકે નહિ એવી વસ્તુ છે. આહા..હા...! સમ્યગ્દર્શનરૂપી કુહાડો લઈને જેણે મિથ્યાત્વનો છેદ કરી નાખ્યો, આહા..! હવે થોડી અસ્થિરતા–ચારિત્રમોહનો દોષ રહ્યો. કર્મને કારણે નહિ. પોતાની અસ્થિરતાને કારણે ચારિત્રદોષ રહ્યો એ થોડા દિવસમાં સુકાઈ જશે. આહા..હા...! એક, બે ભવમાં કેવળજ્ઞાન થઈ જશે. આહા..! સમજાય છે કાંઈ ? આવું વ્યાખ્યાન છે, લ્યો !

**'દ્રવ્યલિંગી સાધુએ મૂળ જ પકડ્યું નથી;...'** સાધુ થયો, પંચ મહાવ્રત (પાળ્યા) પણ મૂળ દ્રવ્ય છે એને પકડ્યું નહિ, એણે રાગને પકડ્યો છે. આહા..હા..! 'રત્નકરંડ શ્રાવકાચાર'માં આવે છે, પંડિત નથી આવ્યા ? દૂર બેઠા છે. ... ગૃહસ્થાશ્રમમાં પણ સમ્યગ્દૃષ્ટિ મોક્ષમાર્ગે છે અને દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ મુનિ.. આહા..હા...! સંસાર માર્ગી છે. અરે..! 'પ્રવચનસાર' માં તો ત્યાં સુધી કહ્યું, છેલ્લી પાંચ ગાથા, જેણે અંતરમાં આત્મધ્યાન, જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રગટ કર્યા, મોક્ષમાર્ગ જેણે પ્રગટ કર્યો, પ્રભુ 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, તેને અમે મોક્ષતત્ત્વ કહીએ છીએ. તેને મોક્ષતત્ત્વ કહીએ છીએ. પાંચ ગાથા છે. અને રાગનો કણ પોતાનો છે, એમ માનનારો દ્રવ્યલિંગી સાધુ હોય તો પણ સંસારતત્ત્વ છે. મોક્ષમાર્ગ જ્યાં અંદરના આશ્રયે થયો તો કહે છે, એને અમે મોક્ષતત્ત્વ કહીએ છીએ અને બાહ્ય છોડીને નગ્નપણું લઈ લીધું, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, એવું અનંત વાર કર્યું.. આહા..હા...! પણ એ સંસારતત્ત્વ છે. કેમ કે રાગની મીઠાશમાં રોકાઈ ગયો અને રાગની એકતામાં રોકાઈ ગયો એ સંસારતત્ત્વ છે. આહા..હા...! આવો ફેર છે.

એ અહીં કહે છે, **'બાહ્યદૃષ્ટિ લોકોને ભલે લાગે;...'** કે સમકિતીને તો હજી ઘણું બાકી છે અને દ્રવ્યલિંગી મુનિએ ઘણું કરી લીધું. કેટલો ત્યાગ ! હજારો રાણીનો ત્યાગ, શરીરથી જાવજીવ બ્રહ્મચારી, કેટલું કર્યું એણે, અજ્ઞાનીએ ! એમ અજ્ઞાનીને ઘણો ત્યાગ દેખાય છે. અને સમ્યગ્દૃષ્ટિને ઘણું કરવાનું બાકી છે એમ દેખાય છે. **'પણ એમ નથી. પરિષહ સહન કરે પણ અંદરમાં કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી,..'** પરિષહ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સહન કરે છે એમાં અંતરમાં કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી. રાગની મંદતા છે એનું કર્તાપણું છૂટ્યું નથી. આહા..હા...! એ સંસારતત્ત્વ છે. બાહ્ય નિર્ગ્રંથ હોય, અઠ્યાવીસ મૂળગુણ પાળતા હોય, રાગની એકતાબુદ્ધિ છે એ સંસારતત્ત્વ છે. આહા..! આવો ફેર મોટો. આહા..હા...!

**'આકુળતા વેદાય છે,...'** આહા..હા...! એ રાગનો અંશ ભલે મંદ હો, પણ એકતામાં એની આકુળતાનું વેદન થાય છે. એને આનંદના અંશનું વેદન આવ્યું નથી. આહા..હા...! અને ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોય, ચક્રવર્તી હોય, 'ભરત' ચક્રવર્તી, છ ખંડનું રાજ. ચક્રવર્તી પદ છ લાખ પૂર્વ પાળ્યું. છ લાખ. પણ અંતરમાં સમ્યગ્દર્શનમાં.. આહા..હા...! મારી ચીજ તો આ છે એમ સમકિતીને અનુભવમાં કરવાનું ઘણું બાકી છે, છતાં એ મોક્ષમાર્ગમાં છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

'ભરત' ચક્રવર્તીની એક વાત આવે છે. 'ઋષભદેવ' ભગવાન જ્યારે અષ્ટાપદ પર્વતથી મોક્ષ પધાર્યા તો 'ભરત' ગયા. આમ જોઈને આંખમાંથી આંસુ ચાલ્યા ગયા. ક્ષાયિક સમકિતી, ક્ષાયિક સમકિતી ! ઇન્દ્ર આવ્યા, શક્રેન્દ્ર (કહે છે), અરે..! 'ભરત' શું છે ? તમે તો આ ભવે મોક્ષ જવાના છો ને ! અમારે તો હજી એક મનુષ્યદેહ કરવાનો છે. મોક્ષ જવા માટે... આહા..હા...! 'ભરત' કહે છે, સાંભળ, સાંભળ ઇન્દ્ર ! અમે આ ભવે મોક્ષ જવાના છીએ એ અમને ખબર છે, પણ આ પ્રશસ્ત રાગ આવ્યો તો આમ થાય છે. એનો પણ હું જાણનાર છું. આહા..હા..! રૂદન આવ્યું. આહા..હા..! સૂર્ય ઉગ્યો હતો, અસ્ત થઈ ગયો. ભરતક્ષેત્રમાં ભગવાન (રૂપી) સૂર્ય ઉગ્યા હતા. પચાસ લાખ કરોડ સાગરોપમ સુધી હજી બીજા તીર્થંકર નહિ થાય. બે વચ્ચે અંતર છે ને ? પહેલાં તીર્થંકર અને છેલ્લા વચ્ચે ઘણું અંતર છે. આહા..હા...! કેવળજ્ઞાની સૂર્ય પ્રગટ થયા હતા એ અરે..! અમારે માટે અસ્ત થઈ ગયો. ભરતમાંથી અસ્ત થઈ ગયો. એક તો પિતાજી હતા અને એક બાજુ તીર્થંકરદેવ હતા. આહા..હા...! આંખમાંથી આંસુ આવ્યા, રાગ આવ્યો. ઇન્દ્રે કહ્યું, અરે..! 'ભરત' શું કરો છો ? તમારે તો આ ભવે મોક્ષ જવાનું છે. અમારે તો દેવ પછી એક દેહ કરવાનો છે. શક્રેન્દ્ર કહે છે. આહા..હા...! જ્યાં ઇન્દ્રો તો મિત્ર તરીકે જાય. આહા..હા..! ખબર છે, ભાઈ ! ઇન્દ્ર મને ખબર છે, હું આ ભવે કેવળજ્ઞાન પામી મોક્ષ જવાનો છું પણ વર્તમાનમાં ભગવાનનો અસ્ત થયેલો જોઈ રાગ આવ્યો. છતાં એ રાગ અને દેહની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ક્રિયામાં રૂદન થાય છે તેને હું પરજ્ઞેય તરીકે જાણું છું. આહા..હા...!

દ્રવ્યલિંગી રોવે નહિ, કુટુંબ, દેહ છૂટી જાય તો પણ રોવે નહિ. છતાં રાગની એકતા છે તો સંસારતત્ત્વ છે. આહા..હા..! કેમ કે હજી એને અનંત ભવ કરવાના બાકી છે. આહા..! સમજાય છે કાંઈ ? એ દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની બલિહારી છે, પ્રભુ ! આહા..! લોકોને કિંમત નથી, સમ્યગ્દર્શન એટલે શું !

મુમુક્ષુ :- ઇન્દ્રો આવીને..

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઇન્દ્ર નીચે ઉતરે છે. અત્યારે તો પુણ્ય નથી તો ક્યાંથી આવે ? સાધારણ દેવ પણ આવતા નથી. ઇન્દ્ર ઉપરથી આવતા હતા. ભગવાનના વખતમાં દેહ છૂટ્યો તો આવ્યા અને પહેલાં સમવસરણમાં આવતા હતા. ઘણા ઇન્દ્રો આવતા હતા. વાઘ ને સિંહ જંગલમાંથી ચાલ્યા આવતા હતા. ઇન્દ્ર, જે તિર્યંચના ઇન્દ્ર. વાઘ અને સિંહ, કેસરિયા સિંહ. શાંત.. શાંત.. શાંત થઈને જંગલમાંથી સેંકડો સિંહ ભગવાનના સમવસરણમાં આવતા હતા. આમ હાથ જોડીને સાંભળતા હતા. આહા..હા...! અત્યારે છે, અત્યારે ભગવાન પાસે છે. આહા..હા...!

એ દૃષ્ટિનો વિષય જે આત્મા પૂર્ણાનંદનું ભાન થયું, આહા..હા...! તો એને ઘણું કરવું બાકી છે એમ લાગ્યું અને અજ્ઞાનીને એમ લાગે કે આને તો ઘણું કરવાનું બાકી છે અને આ દ્રવ્યલિંગીએ તો ઘણું કરી નાખ્યું. અરે..! કાંઈ કર્યું નથી, જરીએ કર્યું નથી. સાંભળ તો ખરો. આહા..હા...! રાગની એકતા તોડીને, એકતા થઈ નથી, રાગ અને ભગવાન સ્વભાવના પિંડ વચ્ચે સંધિ છે. સ્વભાવ ત્રિકાળ સાગર છે અને રાગ કૃત્રિમ ક્ષણિક વિકાર છે. બે વચ્ચે સાંધ છે, એકત્વ કદી છે નહિ. માન્યતામાં એકત્વ કરી લીધું છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! એ માન્યતા જ્યારે દ્રવ્ય ઉપર ગઈ, આનંદના નાથ ઉપર ગઈ તો રાગની એકતા નહોતી તો તૂટી ગઈ. સંધિ હતી તે સંધિ થઈ ગઈ. બે ટુકડા જુદા હતા, તો ટુકડા જુદા પડી ગયા. આહા..હા...! આવું ત્યાં તમારે સાંભળવા મળતું નથી. શું કહેવાય તમારું ? જયપુર. જયપુર છે ને તમારું બધું ? આહા..હા...! બાપુ !

મુમુક્ષુ :- કરવું શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ કરવું, આ સમજવું કરવું એ કરવાનું છે, બધું રખડવાનું કરવાનું છોડી દેવું જોઈએ. આહા..હા...! ત્રણ લોકનો નાથ બિરાજે છે. એક સમયની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પર્યાય પાસે અને શુભરાગના વિકલ્પની આ બાજુ ભગવાન બિરાજે છે ને, પ્રભુ ! તને ખબર નથી. આહા...! તેની દૃષ્ટિ કરવાથી ભવનો અંત આવે છે. અને એની દૃષ્ટિ નથી અને રાગની દૃષ્ટિ છે, દ્રવ્યલિંગી સાધુ થઈને અનંત વાર પંચ મહાવ્રત ધારણ કર્યાં, એ અનંત સંસારી છે, સંસારતત્ત્વ છે. આહા..હા...! 'પ્રવચનસાર'ની પાંચ ગાથા, એને પંચ રત્ન કહે છે. 'નિયમસાર'માં 'શુદ્ધ અધિકાર'ની પહેલી પાંચ ગાથા રત્ન છે અને 'પ્રવચનસાર'માં છેલ્લી પાંચ રત્નગાથા છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં કહે છે, **'કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી, આકુળતા વેદાય છે,...'** ચાહે તો પંચ મહાવ્રત પાળે પણ એ રાગ છે ને આકુળતા છે, દુઃખ છે. આહા..હા...! એમ કહ્યું ને ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' ત્યારે એનો અર્થ એ કે પાંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ દુઃખ છે, વિકલ્પ છે. આહા..હા...! 'રાગ આગ દાહ દહે સદા, તાતેં સમામૃત સેઈએ' રાગ, શુભરાગ છે એ પણ અગ્નિ-દાહ છે. 'રાગ અગ્નિ આગ દાહ દહે સદા, તાતેં સમામૃત સેઈએ' રાગથી ભગવાન ભિન્ન સમતાનો સાગર છે, એની સેવા કર. તને સમતા થશે, પર્યાયમાં વીતરાગતા થશે. રાગ અગ્નિ છે, વીતરાગતા શાંત છે. આહા..હા...! ચાહે તો શુભરાગ હોય પણ એ અગ્નિ છે અને ભગવાન આત્માનો અંતર્મુખ થઈ સ્વીકાર જ્યાં થયો, શુદ્ધનો સત્કાર થયો, સત્કાર થયો તો પર્યાયમાં શાંતિ આવી. એ શાંતિ અજ્ઞાનીને દ્રવ્યલિંગીને હોતી નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

પંચમ ગુણસ્થાનની દશામાં, જે ચોથે ગુણસ્થાને સર્વાર્થસિદ્ધના એક ભવતારી દેવ છે, એને જે શાંતિ છે તેના કરતાં પંચમ ગુણસ્થાનમાં શાંતિ અધિક વધી ગઈ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? બે કષાયનો નાશ થયો ને શાંતિ વધી ગઈ. ચોથે એક કષાયનો નાશ થયો છે ને શાંતિ છે. આહા..હા...! પંચમમાં અકષાયભાવ વિશેષ વ્યક્ત થયો. એ પંચમ ગુણસ્થાન, સર્વાર્થસિદ્ધના ચોથા ગુણસ્થાનવર્તી એકાવતારી–એક ભવતારી દેવ છે, અને આને હજી ભલે બે-ચાર ભવ કરવા પડતા હોય, પણ શાંતિ વધી ગઈ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

અહીં કહે છે કે તને કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી, શાંતિ મળી નથી, એટલું તો જોતો નથી ? અને ઘણું કર્યું, ઘણું કર્યું, શું તેં માન્યું ? આહા..હા...! **'તેણે કાંઈ કર્યું જ નથી.'** આહા..હા...! એ ૧૯૯ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપશુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા. મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, મોક્ષ વગેરે બધું જાણી લીધું. 'સર્વગુણાંશ તે સમકિત' – અનંત ગુણોનો અંશ પ્રગટ્યો; આખા લોકાલોકનું સ્વરૂપ જણાઈ ગયું.**

**જે માર્ગે આ સમકિત થયું તે જ માર્ગે મુનિપણું ને કેવળ થશે–એમ જણાઈ ગયું. પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ; આ જ માર્ગે દેશવિરતિપણું, મુનિપણું, પૂર્ણ ચારિત્ર ને કેવળજ્ઞાન–બધું પ્રગટ થશે.**

**નમૂનામાં પૂરા માલનો ખ્યાલ આવે. ચંદ્રની બીજની કળામાં આખો ચંદ્રમાં ખ્યાલમાં આવે. ગોળની એક કણીમાં આખા રવાનો ખ્યાલ આવે. ત્યાં (દૃષ્ટાંતમાં: તો જુદાં જુદાં દ્રવ્ય ને આ તો એક જ દ્રવ્ય. માટે સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા. એ જ માર્ગે કેવળ. જેમ અંશ પ્રગટ્યો તેમ જ પૂર્ણતા પ્રગટશે. માટે શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ૨૦૦.**

'**શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ...**' લ્યો, આપણે ચૌદમી ગાથા ચાલે છે ને ? એ આવ્યું. '**શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ...**' ત્યાં ચૌદમી ગાથામાં લીધું છે ને ? અનુભૂતિ કહો, શુદ્ધનય કહો કે આત્મા કહો, એમ ટીકામાં ત્રણ બોલ લીધા છે. આહા..હા...! અબદ્ધસ્પૃષ્ટ આદિ શુદ્ધ આત્મા. ભગવાન બદ્ધ નથી, વિશેષ નથી, સામાન્ય છે, અબદ્ધ છે, મુક્ત છે, એકરૂપ છે, ગુણ-ગુણીના ભેદ જેમાં નથી. આહા..હા...! જેમાં રાગનો અંશ નથી એવો અબદ્ધસ્પૃષ્ટ આદિ શુદ્ધ ભગવાન આત્મા, એની અનુભૂતિ, એને અનુસાર થઈને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પર્યાયમાં થવું. આહા..હા...!

'વસ્તુ વિચારત ધ્યાવતેં મન પાવે વિશ્રામ, રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ યાકો નામ.' આહા..હા..! 'વસ્તુ વિચારત ધ્યાવતે' વસ્તુના સ્વરૂપનું જ્ઞાન કરીને એનું ધ્યાન કરવામાં એકાગ્ર થાય છે 'મન પાવે વિશ્રામ' રાગરૂપી ભાવ–મન ત્યાં વિશ્રામ પામે છે. 'રસ સ્વાદત સુખ ઉપજે' આહા..હા...! 'અનુભવ તાકો નામ.' 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ અનુભૂતિની આ વાત છે.

**'અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.'** પંદરમી ગાથા. આહા..હા..! સવારે કહ્યું હતું, નહિ ? **'अपदेससंत मज्जम्'** ઉપદેશ નામ દ્રવ્યસૂત્રમાં પણ આમ કહ્યું છે અને ભાવસૂત્ર પણ એવું છે. આહા..હા..! **'अपदेससंत मज्जम्'**નો અર્થ આ લોકોએ એવો કર્યા છે કે **'अपदेस'** એટલે અખંડ. પણ એ વાત જ તદ્દન જૂઠી છે. **'अपदेस'**નો અર્થ 'અમૃતચંદ્રાચાર્ય'ને સમજાણો નથી માટે નથી કર્યો, એમ કહે છે. અરે..રે...! ભગવાન ! 'અમૃતચંદ્રાચાર્ય' (એટલે) કોણ !? પ્રભુ ! એ સૂત્ર બન્યા એ દ્રવ્યસૂત્ર. ત્યાં દ્રવ્યસૂત્ર એવું આવી ગયું. સમજ્યા ? આહા..હા...! શું થાય ? અર..ર..ર...! કાળ આવો આવ્યો. અને તે ટીકામાં 'જયસેનાચાર્યદેવે' **'अपदेस'** નો અર્થ કર્યો છે. **'अपदेससंत मज्जम्'**. **'अपदेस'** નો દ્રવ્યસૂત્ર અને **'संत'** નામ ભાવસૂત્ર. આહા..હા...!

જે બાર અંગ આદિ ચાર અનુયોગ છે.. આહા..! એમાં અબદ્ધસ્પૃષ્ટ (આત્મા) બતાવ્યો છે. દ્રવ્યસૂત્રમાં એ બતાવ્યું છે અને એ ગાથામાં પણ એ બતાવ્યું છે. સમજાય છે કાંઈ ? 'પંચાસ્તિકાય'ની ૧૭૨ ગાથા છે. એમાં બે વાત લીધી છે–સૂત્ર તાત્પર્ય, શાસ્ત્ર તાત્પર્ય છે. સૂત્ર તાત્પર્ય (એટલે) ગાથાદીઠ કહેવું એ સૂત્ર તાત્પર્ય. તો પંદરમીં ગાથામાં સૂત્ર તાત્પર્ય સાથે કહ્યું છે, દ્રવ્યસૂત્રમાં કહ્યું છે કે અબદ્ધસ્પૃષ્ટ અનુભવ કરવો એ સમ્યગ્દર્શન છે. ત્યાં પંદરમીમાં અનુભૂતિ–જ્ઞાન છે, ચૌદમીમાં સમ્યગ્દર્શન (લીધું છે). સમજાય છે કાંઈ ? અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ કરવો.. આહા..હા...! એ ભાવશ્રુત છે અને કથન જે વાણી આવી એ દ્રવ્યશ્રુત છે. દ્રવ્યશ્રુતમાં પણ આ કહ્યું છે.

'પંચાસ્તિકાય'ની ૧૭૨ ગાથા છે. સૂત્ર તાત્પર્ય નામ ગાથાદીઠ તાત્પર્ય. આ ગાથાદીઠ દ્રવ્યસૂત્રમાં તો એ કહ્યું જ છે. હવે ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એવો પાઠ છે. ચારે અનુયોગનું શાસ્ત્ર તાત્પર્ય વીતરાગતા છે. અર્થાત્ વીતરાગસ્વરૂપ ભગવાન આત્માનો આશ્રય લઈને દશા ઉત્પન્ન થઈ તો આશ્રય લેવો એ ચાર અનુયોગનું તાત્પર્ય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અનુયોગમાં આ કહ્યું છે. ગાથામાં પણ કહ્યું છે અને ચારે અનુયોગના સારમાં આ કહ્યું છે. આહા..હા...!

ભાઈ ! સંતોએ પૂરું કહ્યું છે. સંતો દિગંબર મુનિઓની બાપા ! એની શી દશા ! એ કોણ ? ભગવાન પરમાત્મસ્વરૂપ છે. 'નિયમસાર'માં તો 'પદ્મપ્રભમલધારીદેવ' કહે છે, કે મુનિમાં અને પૂર્ણમાં જરી રાગનો ફેર છે એમ એકવાર બતાવ્યું. બીજી વાર કહ્યું, કે કેવળજ્ઞાની પરમાત્મા અને મુનિમાં ફેર માને છે એ જડ છે. 'નિયમસાર'માં એવો શ્લોક છે. આહા..હા..!

અહીંયા એ કહે છે, **'સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.'** હવે ચૌદ બ્રહ્માંડની વિશેષ વાત આવશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

જેને આત્મા જણાયો છે એવો ધ્યાતા પુરુષ, ધર્મી જીવ કે જેને સ્વસંવેદન આનંદની અનુભૂતિ સહિતનું જ્ઞાન એક અંશે પ્રગટ્યું છે, તે પ્રગટેલી દશાનું ધ્યાન ધ્યાન-જ્ઞાની કરતો નથી. અનુભવની જે પર્યાય છે તે એકદેશ પ્રગટ પર્યાયરૂપ છે, છતાં ધ્યાતા પુરુષ ધ્યેયનું ધ્યાન કરનારો પુરુષ તે પ્રગટ પર્યાયનું ધ્યાન કરતો નથી. ધર્મી કોનું ધ્યાન કરે છે ? - ધર્મી જીવને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી છે છતાં પ્રગટેલાનું ધ્યાન કરતો નથી, તો કોનું ધ્યાન કરે છે ? - કે એક સમયની પર્યાય પાછળ બિરાજમાન જે સકળ નિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિક-ભાવલક્ષણ-નિજપરમાત્વદ્રવ્યનું ધ્યાન કરે છે. સમ્યગ્દષ્ટિનું ધ્યેય શું ? સમ્યગ્દષ્ટિ ધર્મીનો વિષય શું ? -કે ત્રિકાળી-આત્મા તે એનો વિષય છે કે જે સકળ-નિરાવરણ-એક અખંડ વસ્તુ છે. 'પરમાગમસાર' બોલ નં.૧૨૨.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



## શ્રાવણ વદ ૧૦, સોમવાર તા. ૨૮-૦૮-૧૯૭૮.
## વચનામૃત–૨૦૦, પ્રવચન–૭૮

'વચનામૃત' ૨૦૦, ૨૦૦. **'શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત...'** સવારે ચૌદમી (ગાથા) ચાલે છે ને ? **'અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.'** સૂક્ષ્મ વાત છે, ભાઈ ! પંદરમી ગાથા ચાલશે. આ ભગવાન આત્મા અતીન્દ્રિય અનાકુળ આનંદનો કંદ છે.

મુમુક્ષુ :– ક્યારે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનાદિ, ક્યારે શું ? આહા..હા...! એ તરફના ઝુકાવથી, સંયોગ, રાગ અને નિમિત્ત આદિનું લક્ષ છોડી, પર્યાય વર્તમાન છે તેનું પણ લક્ષ છોડી, મુક્તસ્વરૂપ, અબદ્ધસ્પૃષ્ટ કહેતાં નાસ્તિથી વાત કરી છે, નિશ્ચયથી મુક્તસ્વરૂપ છે, નિર્વાણસ્વરૂપ, મુક્તસ્વરૂપ જ ભગવાન વર્તમાનમાં છે. ત્રિકાળ મુક્તસ્વરૂપ છે. આહા..હા...! એમ અંતરમાં અનુભવ થવો **'તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.'** જૈનશાસનમાં જે કહ્યું, કહેવું છે એ બધું અનુભવમાં આવી ગયું. આહા..! કાલે અહીં સુધી ચાલ્યું હતું.

**'ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા.'** આહા..હા..! જ્ઞાયક ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદઘનનો અનુભવ–અનુભૂતિ જ્ઞાનની પર્યાયથી વાત છે. પંદરમી ગાથામાં આવશે. આ બધું જાણવું. અનુભૂતિમાં ભગવાન આત્મા આવી ગયો. આત્મા અનુભૂતિની પર્યાયમાં આવ્યો નથી પણ વસ્તુના સ્વરૂપની અનુભૂતિ થઈ એમાં જેવો પૂર્ણાનંદ છે એમ જ્ઞાનમાં જણાય ગયું. એમ સમ્યગ્દૃષ્ટિ–સમ્યગ્જ્ઞાનીને ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા.

**'મોક્ષમાર્ગ,...'** એ પણ ખ્યાલમાં આવી ગયો. **'કેવળજ્ઞાન,...'** પણ જ્ઞાનમાં ખ્યાલમાં આવી ગયું, **'મોક્ષ વગેરે બધું જાણી લીધું.'** આહા..હા...! સમજાય છે કાંઈ ? કેમ કે આ શબ્દ 'શ્રીમદ્' ના છે. 'સર્વ ગુણાંશ તે સમકિત.' એ 'શ્રીમદ્'નું વાક્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. આપણે 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એમ આવ્યું છે કે જ્ઞાનાદિ સર્વ ગુણોનો અંશ પ્રગટ થવો એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. આ 'શ્રીમદ્'નું વાક્ય છે–'સર્વ ગુણાંશ તે સમકિત'. સમકિત થવાથી જેટલા ગુણની સંખ્યા છે તેનો અંશ વ્યક્ત–પ્રગટ સમ્યગ્દર્શનમાં થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અનંત.. અનંત.. અનંત.. અનંત જે ગુણો છે એ બધાનો એક અંશ વ્યક્તરૂપે, પર્યાયમાં પ્રગટરૂપે સમ્યગ્દર્શનમાં-વેદનમાં–પ્રતીતમાં આવે છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! છે ? 'સર્વ ગુણાંશ તે સમકિત'. 'ટોડરમલજી'એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એમ લીધું છે, કે જ્ઞાનાદિ અનંત ગુણ છે તેનો એક અંશ વ્યક્ત થઈ ગયો છે. સમજાય છે કાંઈ ? ચોથેથી, હોં ! અનંત ગુણોનો અંશ પ્રગટ થયો. આહા..હા...!

**'આખા લોકાલોકનું સ્વરૂપ જણાઈ ગયું.'** આખો લોકાલોકમાં બધી ચીજના દ્રવ્ય, ગુણ, પર્યાય બધાનું જ્ઞાન થઈ ગયું. આહા..હા...! **'જે માર્ગે આ સમકિત થયું...'** પૂર્ણ આનંદનો નાથ પ્રભુ, એના અવલંબનથી, એના આશ્રયે એની સન્મુખતાથી જે સમકિતદર્શન થયું, આહા..હા...! **'તે જ માર્ગે મુનિપણું...'** થશે. મુનિપણું કોઈ વિકલ્પથી ને શુભથી થશે નહિ. આહા..હા..!

હમણા એક તકરાર એવી આવે છે કે દ્રવ્યલિંગી છે એને દર્શનમોહની સાત પ્રકૃતિનો ક્ષય છે. છે ને, પણ એ દ્રવ્યલિંગી એને કહે છે આ શુભભાવવાળા દ્રવ્યલિંગી છે એને કહે છે. બાકી 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં આવ્યું છે. દ્રવ્યલિંગીના ત્રણ પ્રકાર છે. એક તો રાગને પોતાનો માને છે એ મિથ્યાદૃષ્ટિ અને મુનિપણાની ક્રિયા અઠ્ઠાવીસ મૂળગુણ આદિ પાળે છે, એ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી. બીજા, સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યલિંગી. સાંભળો ! એ 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં કહ્યું છે એ આ વાત કહ્યું છે કે મુનિપણું બહારથી છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા, અઠ્ઠાવીસ મૂળગુણ આદિ ચોખ્ખા પાળે છે પણ અંતરમાં સમ્યગ્દર્શન થયું છે, છઠ્ઠું ગુણસ્થાન નથી આવ્યું. પંડિતજી ! 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં છે. પણ એ દ્રવ્યલિંગી કોણ ? કોને કહ્યા ? જે અનાદિ મુનિપણું લઈને નવમી ગ્રૈવેયક ગયા એ નહિ. એ દ્રવ્યલિંગી તો મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી છે. આહા..હા...! આ તો સમ્યગ્દર્શન પહેલાં મુનિપણું લઈ લીધું, સમ્યગ્દર્શન નહોતું, પછી સમ્યગ્દર્શન મુનિપણાની દશામાં, બાહ્ય લિંગમાં, હોં ! અંતર્મુખ થઈને અનુભવ થયો તો સમ્યગ્દર્શન થયું. પણ બાહ્યમાં સમ્યક્ની છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા દ્રવ્યલિંગી છે. તો એ દ્રવ્યલિંગી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમકિતીને પણ ચોથા ગુણસ્થાનની ક્રિયા છે, છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા વ્યવહારમાં છે, તો એને પણ દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. અરે..! આવી વાત છે. શું કહ્યું ?

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– છે, પણ બાહ્યમાં છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા છે, અંદરમાં છઠ્ઠું ગુણસ્થાન નથી. આહા..હા...! દ્રવ્યલિંગીના ત્રણ પ્રકાર છે. ભાવલિંગનો એક પ્રકાર છે. જેવો અંતરમાં શુદ્ધ આનંદનો અનુભવ છે છઠ્ઠે ગુણસ્થાને અને એની બાહ્ય ક્રિયા અઠ્યાવીસ મૂળગુણની છે તે દ્રવ્યલિંગ. અંતરમાં ભાવલિંગ અનુભૂતિમાં આનંદનો સ્વાદ ઉગ્ર આવ્યો છે. ભાવલિંગની વ્યાખ્યા–પ્રચુર સ્વસંવેદન જેને અનુભવમાં આવે છે તેને ભાવલિંગ કહે છે. અરે...! આ ભાષા. ભાવલિંગ અંદરમાં જ્ઞાયકનો પ્રચુર આનંદનો સ્વાદ આવવો એ ભાવલિંગ છે અને એને જે અઠ્યાવીસ મૂળગુણ, નગ્નપણું આદિની ક્રિયા છે તે દ્રવ્યલિંગ છે. પણ દ્રવ્યલિંગ બાહ્યથી હોય અને અંતરમાં મિથ્યાત્વભાવ છે કે રાગની ક્રિયાથી ધર્મ માને છે તો એ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી છે. અને અંદરમાં સમ્યગ્દર્શન થયું, એ રાગથી ધર્મ માનતો નથી, અનુભૂતિથી ધર્મ માને છે, વીતરાગદશાથી ધર્મ માને છે પણ ક્રિયામાં છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા લઈ લીધી છે તો તે દ્રવ્યલિંગ છે. પણ એ સમ્યગ્દર્શન છે અને છઠ્ઠું (ગુણસ્થાન) નથી એ અપેક્ષાએ દ્રવ્યલિંગી કહેવામાં આવ્યું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ આનો આધાર આપે છે કે જુઓ ! દ્રવ્યલિંગી પણ પૂજનીય છે, દર્શનમોહનો ક્ષયોપશમ થયો છે. પણ કોને ?

જેને અંતર અનુભૂતિ થઈ છે, રાગના વિકલ્પથી (જુદો) નિર્વિકલ્પ પ્રભુ અંદર છે તેનું વેદન થયું છે, સ્વથી અનુભૂતિ થઈ છે એ અંતરમાં ચોથે ગુણસ્થાને છે પણ બાહ્યમાં છઠ્ઠા ગુણસ્થાનની ચોખ્ખી ચોખ્ખી શુભની સત્ય ક્રિયા કરે છે તો એને પણ દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. આહા..! અરે..રે..! માણસો પોતાનો સ્વાર્થ કરવા કંઈક કંઈક ખેંચીને વાત કરે છે. આજે 'જૈન દર્શન'માં આવ્યું છે. કંઈકને કંઈક.

મુમુક્ષુ :– નવમી ગ્રૈવેયક કોણ જાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નવમી ગ્રૈવયેક બે જાય છે. એક મિથ્યાદૃષ્ટિ છે અને અઠ્યાવીસ મૂળગુણ બરાબર ચોખ્ખા પાળે છે, શુકલલેશ્યા છે એ નવમી ગ્રૈવેયક જાય છે અને એક આત્મજ્ઞાની છે, છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા છે, અંતરમાં છઠ્ઠું ગુણસ્થાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થયું છે એ પણ નવમી ગ્રૈવેયક જાય છે. આહા..હા..! અહીંયા તો દ્રવ્યલિંગ એટલે ગમે તે બહાર ક્રિયા હોય માટે એ પૂજનિક છે એમ વસ્તુ નથી. ભલે અંદરમાં મિથ્યાત્વ હો પણ બહારમાં અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખી, આગમ પ્રમાણે ચોખ્ખી પ્રરૂપણા હોય તો એ પણ વ્યવહારથી પૂજનિક કહેવામાં આવે છે. કારણ કે પર સાથે વ્યવહાર છે ને ? એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. એની ક્રિયા અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખા, નગ્નપણું ચોખ્ખું, પ્રરૂપણા પણ બરાબર કરે છે પણ અંદરમાં મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ ? એવો જીવ પણ નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. આહા..હા...!

પોતાની અનુભૂતિ–આત્મા આનંદસ્વરૂપ પ્રભુ છે એવો અનુભવ થયો, બાહ્યમાં નગ્નપણું અને અઠ્યાવીસ મૂળગુણપણું રહે છે. એને પણ 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં દ્રવ્યલિંગી કહ્યા છે. ખબર છે બધી. આહા..હા...! અને કોઈને પંચમ ગુણસ્થાન અંદર થયું. બે કષાયનો અભાવ થઈને આત્માના આનંદનું પ્રચુર વેદન થયું, ચોથા કરતાં, પણ બાહ્યમાં છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા છે, અંતરમાં છઠ્ઠું ગુણસ્થાન નથી, તો એને પણ દ્રવ્યલિંગી કહેવાય છે. આહા..હા...! આવી વાતું છે. અને અંદરમાં ભાવલિંગ, સાચું છઠ્ઠું-સાતમું ગુણસ્થાન છે, બાહ્યમાં નગ્નપણું છે અને છઠ્ઠા ગુણસ્થાનમાં અઠ્યાવીસ મૂળગુણની ક્રિયા બરાબર ચોખ્ખી હોય છે. એને માટે આહાર બનાવેલો હોય તો પ્રાણ જાય તો પણ ન લે. સમજાય છે કાંઈ ? આ ચોકા બનાવીને લે એને તો વ્યવહાર પણ નથી. (એનો બરાબર) આહા..હા...!

અહીંયા તો લેખ એવા આવે, દ્રવ્યલિંગી પૂજનીક છે, પૂજનીક છે. પણ દ્રવ્યલિંગી કોણ ? સમ્યગ્દષ્ટિ હોય અને બાહ્યમાં દ્રવ્યલિંગી મુનિપણાની બરાબર ક્રિયા (પાળતો હોય), પ્રરૂપણા પણ એવી હોય, શ્રદ્ધા (હોય તે પૂજનીય છે). આ તો પ્રરૂપણા (એમ કરે), દયા, દાન, વ્રત, તપથી કલ્યાણ થશે, પરંપરા કલ્યાણ થશે. એ માન્યતા તો મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ ? આ ઝીણી વાત, ભાઈ ! આહા..!

એક મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી છે, એક સમ્યગ્દષ્ટિને બાહ્ય ક્રિયા અઠ્યાવીસ મૂળગુણની છે એ દ્રવ્યલિંગી છે, એક પંચમ ગુણસ્થાન ભાવમાં છે, બાહ્યમાં છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા છે તો એ ત્રણેને દ્રવ્યલિંગી કહેવાય છે. છતાં દ્રવ્યલિંગી દ્રવ્યલિંગી વચ્ચે ઘણો ફેર છે. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! શું થાય ? આહા..! ભાઈએ અમારા પંડિતજીએ કહ્યું ને ? કોઈ વિરોધ કરે તો સ્પષ્ટતા થાય છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં કહે છે કે, **'જે માર્ગે આ સમકિત થયું...'** જુઓ ! **'તે જ માર્ગે મુનિપણું,...'** થાય છે. કોઈ વ્યવહાર ક્રિયાકાંડથી શુભમાં વધી ગયા માટે ત્યાં મુનિપણું આવી ગયું, એમ નથી. આહા..હા...! સમ્યગ્દષ્ટિને અનુભવ અને આત્મજ્ઞાન છે, બાહ્ય ક્રિયામાં મુનિપણું લઈ લીધું હતું તો છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા છે. અંદરમાં આનંદનો અનુભવ ચોથા ગુણસ્થાનનો છે. સમજાય છે કાંઈ ? તો એ સમકિતી જાણે છે કે જે માર્ગે મને સમ્યગ્દર્નશ થયું તેના આશ્રયે જ મને સાચું મુનિપણું થશે. હું અંદર ચોથા ગુણસ્થાનવાળો છું અને બાહ્યમાં છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા છે તો એનાથી હું આગળ વધી જઈશ, એમ એ નથી માનતા.

મુમુક્ષુ :– અમને અંદરની વાત કઈ રીતે ઓળખાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંદરમાં ઓળખાય જાય, પોતાને ખ્યાલ આવી જાય. બરાબર ખ્યાલ આવી જાય. બીજો પણ ઓળખાણ કરી શકે. 'ધવલ'માં આવ્યું છે. મતિજ્ઞાનના અવગ્રહ, ઇહા, અવાય, ધારણાની વ્યાખ્યા આવી છે. સર્વાર્થસિદ્ધમાં આવ્યું છે એ તો આ .. છે ને પછી નિર્ણય, એમ લીધું છે. પણ 'ધવલ'માં તો એમ લીધું છે કે આ પ્રાણી ભવી છે કે અભવી ? એવો પ્રશ્ન 'ધવલ'માં લીધો છે. પછી એની દૃષ્ટિ સમ્યગ્દર્શન છે એવો ખ્યાલ આવી ગયો. ઓ..હો...! એની દૃષ્ટિ સમ્યક્ છે. એવો પરને ખ્યાલ આવે છે. વાત એવી છે, બાપુ ! અને સમ્યગ્જ્ઞાન છે અને સમ્યક્ચારિત્ર છે એવો પરને ખ્યાલ આવી ગયો. અવગ્રહમાં, ઇહામાં, અવાયમાં ધારણ કરીને (ખ્યાલ આવ્યો). મતિજ્ઞાનના ચાર બોલમાં એ વાત લીધી છે. 'ધવલ'માં એમ લીધું છે. પછી નક્કી થાય, ઓ..હો...! આ પ્રાણી તો ભવી છે. મોક્ષમાર્ગની પર્યાયનો પરને ખ્યાલ આવ્યો. ભાઈ ! એ જ્ઞાન શું ન જાણે ? બાપુ ! એ જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. બાપુ ! એ વસ્તુ એવી છે. આહા..હા...!

બાહ્યમાં સાચું દ્રવ્યલિંગ હોય અને અંદરમાં કોઈ મિથ્યાત્વની ભૂલ હોય, એ બીજાને ખ્યાલમાં આવી જાય તો પણ બહારમાં ન કહે. અંદરમાં પ્રરૂપણા ચોખ્ખી છે, શ્રદ્ધાની સાચી વાત કરે છે, ભલે અંદર દૃષ્ટિ નથી અને આચરણ બરાબર છે તો એને પણ વ્યવહારથી પૂજનીક કહેવામાં આવ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. સમજાય છે કાંઈ ? પણ જેની પ્રરૂપણા, શ્રદ્ધા જ જૂઠી છે, હજી તો દયા, દાન, વ્રત, તપ કરો, કરતાં કરતાં કલ્યાણ થશે એ તો પ્રરૂપણા જ મિથ્યાત્વની છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમજાય છે કાંઈ ? એની તો શ્રદ્ધા જ મિથ્યાત્વ છે અને એને દર્શનમોહનીયનો ક્ષયોપશમ છે એમ છે જ નહિ. આહા..હા...! ભારે વાતું, બાપા ! આ તો. આમ 'ધવલ'માં લીધું છે. અવગ્રહ, ઇહા, અવાય, ધારણાથી નિર્ણય થઈ જાય છે. જ્ઞાનીને પરના જ્ઞાનનો અવગ્રહ, ઇહા આદિથી નિર્ણય થઈ જાય છે. આહા..હા...! 'ધવલ'માં છે. અવગ્રહ, ઇહા, અવાય, ધારણાના બોલ છે. 'સર્વાર્થસિદ્ધિ'માં સાધારણ વાત લીધી છે. આ દક્ષિણી છે, એવો અવગ્રહ કર્યો, પછી નિશ્ચય કર્યો કે બરાબર આ તો દક્ષિણી છે. એમ નિર્ણય કરીને ધારણ કર્યું. એ તો વ્યવહાર સાધારણ છે. આ તો એને અનુભવ છે.. આહા..હા...! એ અનુભવી છે, આનંદનો સ્વાદિષ્ટ છે અને છઠ્ઠે ગુણસ્થાને છે તો એ ભવી છે. એમ મતિજ્ઞાનમાં (ખ્યાલ આવી જાય છે). આહા..હા...! આવી વસ્તુ છે.

અહીં કહ્યું ને ? જુઓ ! સમ્યગ્દર્શન થયું તો **'મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, મોક્ષ વગેરે બધું જાણી લીધું.'** બધું જાણી લીધું તો સામાનો પણ ખ્યાલ આવી ગયો. આહા..હા..! ઝીણી વાત, ભાઈ ! આ તો પરમાત્માના.. આહા..હા...! ભગવાન આત્મા જ્યાં અંતરમાં જાગૃત થયો તો એને ચૌદ બ્રહ્માંડનો ખ્યાલ આવી ગયો. સમજાય છે કાંઈ ? એનો અર્થ એ પણ થયો કે સામે સમકિતી છે કે છઠ્ઠા ગુણસ્થાનવર્તી ભાવલિંગી છે કે દ્રવ્યલિંગી છે એનો ખ્યાલ આવી જાય છે. ચૌદ બ્રહ્માંડ જણાઈ જાય તો આનો ખ્યાલ આવી જાય કે નહિ ? પંડિતજી ! આવી વાત છે, બાપુ !

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ ન્યાયથી પહેલાં સમજવું પડશે ને ? એમ ને એમ હા પાડે એમ નહિ. લોજીકથી–ન્યાયથી (સમજવું). કેમ કે પ્રભુનો માર્ગ નિ–ન્યાય, નિ ધાતુ છે. નિ ધાતુ એટલે શું ? જેવું સ્વરૂપ છે તે બાજુ જ્ઞાનને લઈ જવું એનું નામ નિ ધાતુ કે ન્યાય છે. તમારા વકીલાતના ન્યાય નહિ, હોં ! આપણે વકીલાત બહુ કરી હતી. એ બધું કુજ્ઞાન હતું.

મુમુક્ષુ :– હા, પણ એ જ્ઞાન ચોખ્ખું હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ચોખ્ખું અજ્ઞાન છે. વકીલાતનું જ્ઞાન ને ડૉક્ટરનું જ્ઞાન ને આ તમારું લાદીનું જ્ઞાન, કુજ્ઞાન છે. લાદીમાં આમ છાટવું, આવું છાટવું તો લાદી આવી થાય. એમાં છાંટવાનું આવે છે ને ? એવી ચીજ આવે છે ને ? બધું જોયું છે. 'જામનગર'ની બહાર કારખાનું છે ને ? આપણા 'વઢવાણ'વાળાના. સ્થાનકવાસી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. ત્યાં એકવાર દૂધ પીધું હતું. બધી લાદી જોઈ હતી. આમ છાંટે ને આ છાંટે. ‘જામનગર’ની બહાર, ગામ બહાર. આપણે ‘વઢવાણ’ના છે, સ્થાનકવાસી છે. એ કહે, અમે આ ઝીણી ભુંકી છાંટીએ. લાદીમાં આવા રંગ નાખીએ. એ બધું જ્ઞાન કુજ્ઞાન છે. આ મકાન બનાવવાની કળા, બધી કુજ્ઞાન છે. આહા..હા...!

આ તો આત્મા અંદરથી અનુભૂતિમાંથી જાગૃત થયો. આહા..! ભલે કદાચિત્ શાસ્ત્રજ્ઞાન વિશેષ ન હોય પણ અંતરમાં અનુભવમાંથી જ્ઞાન આવ્યું તો એને અનુભૂતિમાં સમ્યગ્જ્ઞાન કહે છે. આહા..હા...! તિર્યંચ છે, સિંહ ને વાઘ જંગલમાં (છે), કોઈ તો ચોથા ગુણસ્થાનવાળા છે, કોઈ પંચમવાળા છે. અસંખ્ય મચ્છ, હજાર જોજનના મચ્છ. ચાર હજાર ગાઉ લાંબા સમુદ્રમાં (છે). આહા..હા...! કેટલા ? અસંખ્ય સમકિતી સ્વયંભૂરમણ સમુદ્રમાં છે. અસંખ્ય પંચમ ગુણસ્થાનવાળા છે. એ તિર્યંચ ! પંડિતજી !

મુમુક્ષુ :– અમારે શરમાવું પડે એવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો વસ્તુની સ્થિતિ છે. સમજાય છે કાંઈ ? શું કહ્યું ? સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય જોજન લાંબા અસંખ્ય તિર્યંચ (છે). એમાં એક સમકિતી અને અસંખ્ય મિથ્યાદૃષ્ટિ છે. એવા અસંખ્ય સમકિતી અને અસંખ્ય પંચમ ગુણસ્થાનવાળા તિર્યંચ છે. અનુભૂતિ આત્માની શાંતિનો સ્વાદ વિશેષ પંચમ ગુણસ્થાનમાં આવ્યો છે. એવા તિર્યંચ અસંખ્ય પડ્યા છે. ક્યારેય સાંભળ્યું નથી ?

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ, નહિ. નહિ, કાયમ રહેનારા. પંચમ ગુણસ્થાને કાયમ રહેનારા અસંખ્ય છે. આઠમે વર્ષે પંચમ ગુણસ્થાન થાય તો આયુષ્ય જેટલું છે તેટલું રહે, એવા તિર્યંચ છે. ભાઈ ! અંદર એ આત્મા છે ને ? આહા..હા...!

મુમુક્ષુ :– ‘સમયસાર’ તો વાંચતા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ આત્મા એણે વાંચ્યો. આત્મા સમયસાર છે ને ? સમયસારનો અર્થ શું ? દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી રહિત એ પ્રભુ આત્મા સમયસાર છે. બસ ! એ સમયસાર જાણ્યો તો એણે બધું જાણી લીધું. ‘સબ આગમભેદ સુ ઉર બસે’ ‘શ્રીમદ્’માં પણ આવે છે. સમજાય છે કાંઈ ? ‘શ્રીમદ્ રાજચંદ્ર’. ‘સબ આગમ ભેદ સુ ઉર બસે, વહ કેવલ કો બીજ જ્ઞાની કહે’ એવું કાંઈક આવે છે. બધું કાંઈ યાદ રહે છે ? ‘વહ કેવલ કો બીજ જ્ઞાની કહે’ કેવળજ્ઞાનનું બીજ સમ્યગ્દર્શન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. આહા..હા...! આ સમ્યગ્દર્શનમાં બધા આગમના ભેદ જાણી લે છે. આહા..હા...! જે આગમને કહેવું છે એ બધું જણાઈ જાય છે. બાપુ ! સમ્યગ્દર્શન શું ચીજ છે ? આહા..હા...! ભાઈ ! એ ચીજ કોઈ બહારની શ્રદ્ધા એવી કોઈ ચીજ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– સમ્યક્ત્વનું બીજ ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બીજ નથી, એ તો વાણી પડી છે. અંદરમાં સંસ્કાર નાખે કે હું રાગરહિત છું. એમ નાખતા નાખતા જ્યારે અનુભૂતિ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય છે.

મુમુક્ષુ :– પંચમ ગુણસ્થાનની બાહ્ય ક્રિયા તો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોને ?

મુમુક્ષુ :– તિર્યંચોને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– છે. પંચમ ગુણસ્થાનના બાર વ્રત આદિ એને છે. શું કહે છે ? જે મુનિ નથી, મુનિને એવા વિકલ્પ છે, પણ મુનિ નથી, બહારમાં વ્રત છે, શુભરાગ, હોં ! સ્વરૂપની સ્થિરતા પંચમ ગુણસ્થાનનો જેટલો આનંદ છે. સર્વાર્થસિદ્ધના દેવ ક્ષાયિક સમકિતી છે તેની કરતાં પણ પંચમ ગુણસ્થાનવાળા તિર્યંચને શાંતિ અને આનંદ વધી ગયા છે. આહા..હા...! અરે..! ભગવાન ! આત્મા છે ને ત્યાં ? ભલે તિર્યંચનું તો માટીનું શરીર છે. તિર્યંચનું હોય, મનુષ્યનું હોય, દેવનું હોય. એ તો ધૂળ છે. એમાં શું ?

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ માંસ નથી ખાતા, માછલા નથી ખાતા. હજાર જોજનનો મચ્છ હોય તો એ માછલા નથી ખાતો, માંસ નથી ખાતો. ત્યાં હજાર જોજનનું કમળ છે. હજાર જોજનનું કમળ છે. એ કમળમાંથી ખાય છે, વનસ્પતિ ખાય છે.

મુમુક્ષુ :– પાણી તો ગળ્યા વગરનું પીવે છે.

પૂજ્ય :— એ તો ભલે પણ પાણી હોય એ. આહા..હા...! એ અંતરની વાતું જબરી છે, ભાઈ ! આ તો દ્રવ્યલિંગીની વાત આવી છે તો જરી આટલું સ્પષ્ટ કરવું પડ્યું છે. દ્રવ્યલિંગી અંદર રાગની ક્રિયાથી ધર્મ માને છે અને દ્રવ્યલિંગી છે એને દર્શનમોહનો ક્ષયોપશમ છે એમ નથી. પણ દ્રવ્યલિંગી બાહ્યમાં તો છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા બરાબર ચોખ્ખી (પાળતો હોય). અઠ્યાવીસ મૂળગુણ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વ્યવહાર બરાબર ચોખ્ખા હોય પણ અંતરમાં અનુભૂતિ ન હોય તો મિથ્યાદૃષ્ટિ છે. અને અંતરમાં ચોથા ગુણસ્થાનની અનુભૂતિ હોય, ક્રિયા છઠ્ઠાની હોય તો દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. પણ એ દ્રવ્યલિંગી મિથ્યાત્વી છે માટે દ્રવ્યલિંગી છે એમ નથી. જે છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા છે એવું ગુણસ્થાન અંદર નથી માટે દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. આટલી બધી વાતું.

મુમુક્ષુ :– પણ ધર્મ કરવામાં આટલું બધું...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધર્મ કરવામાં અંદર મિથ્યાશલ્ય છે એ બધા કાઢવા પડશે. આહા..હા...! ભાઈ !

મુમુક્ષુ :– આ બહુ કઠણ છે, કાંઈક સરળ બતાવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાઈ ! આ જ સરળ છે. જ્યાં છે ત્યાં જવું. તારો સ્વદેશ અંદર પડ્યો છે. આનંદનો નાથ પ્રભુ અંદર સચ્ચિદાનંદ આનંદનો નાથ આ છે. છે ત્યાં જવું છે એમાં કઠણ શું ? એ તો બેનમાં દૃષ્ટાંત પહેલાં આવી ગયું કે કોઈનો સંગ કર્યો હોય તો સંગ છોડવો કઠણ પડે છે. પણ સંગ છોડી સ્વતંત્ર રહેવું એ સરળ છે. એમ રાગનો સંગ અનાદિનો છે એને છોડવો કઠણ પડે છે. પણ સંગ પર છે એ તો છોડી શકે છે. આહા..હા..હા...!

મુમુક્ષુ :– આપ કહો છો એ બરાબર છે, પણ અમને કઠણ લાગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એણે પ્રયત્ન નથી કર્યો ને ! એ તરફનો પ્રયત્ન કર્યો નથી. અને અત્યારે તો બહુ ગડબડ થઈ ગઈ. કોઈ વ્યક્તિની વાત નથી, પ્રભુ ! આ તો વસ્તુના સ્વરૂપની વાત છે. કોઈ વ્યક્તિ ગમે તે હો, એ અંદર તો ભગવાન છે. આહા..હા...! કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન કરવો, કોઈ વિરોધ ન કરવો. ચાહે તો મિથ્યાદૃષ્ટિ ગમે તે હો અને પ્રરૂપણા ગમે તે કરતા હોય, પણ એ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નહિ. વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિ. આહા..હા...! 'તત્વેષુ મૈત્રી'. બધા આત્મા પ્રત્યે (મૈત્રી). 'તત્વેષુ મૈત્રી ગુણષુ પ્રમોદ.' ગુણી વિશેષમાં પ્રમોદ આવે. બાકી બધા જીવો ભગવાન છે. આહા..હા...! નિશ્ચયથી તો એમ છે કે પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યનું ભાન થયું, પર્યાયબુદ્ધિ નાશ પામી તો બીજા આત્માને પણ સમકિતી પરમાત્મા જુએ છે. આહા..હા...! કેમ કે પર્યાયબુદ્ધિ ગઈ તો એની પણ પર્યાય નથી જોતા. જાણે છે, પણ એ ભગવાન પૂર્ણાનંદ આત્મા પ્રભુ છે. આહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બીજી વાત, 'શ્રીમદ્'માં આવે છે, 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા' રાગની ક્રિયાને ધર્મ માની કોઈ ક્રિયાજડ મિથ્યાદૃષ્ટિ થયા. 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ' કોઈ જ્ઞાનની વાતું કરે પણ અંદરમાં સ્વચ્છંદી (થયા). સ્વરૂપ તરફનો ઝુકાવ નહિ, સ્વરૂપ તરફનો આશ્રય નહિ ને વાતું કરે, (એ) નિશ્ચયાભાસ (છે). 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા' ગુજરાતી છે. 'શુષ્કજ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો કરુણા ઉપજે જોઈ' અજ્ઞાની રાગથી ધર્મ માને છે અને શુષ્કજ્ઞાનમાં જ્ઞાનની વાતું કરે છે પણ અંદર સ્વરૂપ તરફનો ઝુકાવ નથી, અંતરનું વલણ નથી અને એકલી જ્ઞાનની વાતું કરે સ્વચ્છંદ સેવે. આહા..હા...! 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા' ભાષા સમજો છો ? 'કોઈ ક્રિયાજડ હો રહા' થઈ રહ્યાનું હો રહા. 'શુષ્કજ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો.' મોક્ષનો માર્ગ રાગની ક્રિયા જડમાં અને શુષ્કજ્ઞાનમાં માને. 'માને માર્ગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.' અરે..રે...! એના મિથ્યાત્વના પરિણામ, પ્રભુ ! એને ભવભ્રમણમાં દુઃખ થશે, એવા પ્રાણી પ્રત્યે તિરસ્કાર, અનાદર ન હોય. આહા..હા...! કરુણા.. કરુણા. અરે..! પ્રભુ ! તારા એ મિથ્યાત્વભાવમાં, બાપા ! પ્રભુ ! તને બહુ દુઃખ થશે. બહુ દુઃખ થશે, એ દુઃખી પ્રાણીનો તિરસ્કાર કેમ કરાય ? આહા..હા...! આવી વાતું છે, પ્રભુ ! કરુણા.. કરુણા.. કરુણા. આહા..! એવો માર્ગ છે.

અહીંયા એ કહે છે, **'જે માર્ગે આ સમકિત થયું...'** બાહ્યમાં ભલે દ્રવ્યલિંગી છે અંદર સમકિતી છે તો એ જાણે છે કે મેં મારા સ્વભાવના આશ્રયે સમકિત લીધું તો મુનિપણું પણ આ જ દશાથી થશે. હું છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા કરું છું માટે મને મુનિપણું આવી જશે એમ એ માનતા નથી. આહા..હા...! જે માર્ગે સમકિત થયું, અંતર ભાન થયું... આહા..હા...! પ્રભુ ! પૂર્ણાનંદ પ્રભુ અનંત આનંદ અને જ્ઞાનનો સાગર, અનંત ગુણનો સાગર પ્રભુ, દેવ સ્વયં દેવ (છે). સવારે આવ્યું હતું ને ? સ્વયં દેવ, શક્તિનો ભંડાર, દિવ્ય શક્તિનો ભંડાર દેવ. એના આશ્રયે જે સમ્યગ્દર્શન થયું તો સમ્યગ્દૃષ્ટિને ખ્યાલ આવે છે કે એના આશ્રયે મુનિપણું થશે. હું આ છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા કરું છું, અંદર સમકિત છે અને આ ક્રિયા કરું છું તો મને છઠ્ઠું ગુણસ્થાન આવી જશે, એમ નથી માનતા. આહા..હા...! આવું છે, ભાઈ ! બહુ આકરું કામ છે. આહા..!

લક્ષ્મી જાય, વડીલો મા-બાપ ગુજરી જાય પછી છોકરાઓ લડાઈ કરે, તકરાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરે કે આ મકાન મારું ને આ મકાન તારું. હું આ મકાનમાં પિતાજીની સાથે રહું છું. પાંચ લાખનું મકાન હોય, મુડી દસ લાખની હોય. ચાર દીકરા હોય. આ મકાનમાં હું રહું છું, પિતાજી ગુજરી ગયા, લક્ષ્મી ઘટી ગઈ અને મકાનમાં તકરાર કરે.

એમ સર્વજ્ઞ પરમાત્માની હાજરી નહિ, આહા..હા...! અને સર્વજ્ઞની પર્યાયની પ્રગટતા રહી નહિ. પાછળ તકરાર ઉભી કરે છે. શુભથી થાય છે, આમ થાય છે, કરતાં કરતાં થાય છે. અરે..! પ્રભુ ! શું કરે છે ?

મુમુક્ષુ :– તકરાર કરે છે. બધા છોકરાઓને બરાબર મળવું જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં તો દૃષ્ટાંત આપ્યું કે પિતાજીની ગેરહાજરી, લક્ષ્મી પણ ખુટી ગઈ, મકાન રહી ગયું. એમાં ચાર જણામાં તકરાર (ચાલે). પેલો કહે, હું આ મકાનમાં રહું છું તો મને આ મકાન મળશે. પેલા કહે, આખું મકાન મળીને દસ લાખ, પચીસ લાખ કે વીસ લાખ છે. તું એકલો દસ લાખનું લઈ લે તો અમને ચોથા ભાગમાં શું આવે ? સમજ્યા ? એમ અહીં આત્મામાં ભગવાન પરમાત્માના અત્યારે અહીંયા વિરહ પડ્યા, પ્રભુ ! આહા..હા...! કેવળજ્ઞાન રહ્યું નહિ, એક શ્રુતજ્ઞાન રહ્યું. મતિ ને શ્રુતજ્ઞાન રહ્યા. અવધિ ને મનઃપર્યય પણ રહ્યા નહિ. ઉપરથી કોઈ દેવ આવે ને કહે, જુઓ ! માર્ગ તો આ છે. એમ પણ નથી.

'ઋષભદેવ' ભગવાનને વખતે તો ચાર હજાર સાધુ સાથે હતા. ભગવાન તો (નિશ્ચળ દશામાં) એમ રહ્યા. ચાર હજાર સાધુએ ભગવાન સાથે (દીક્ષા લઈ લીધી હતી પણ) નભ્યા નહિ તો પછી કોઈ કાંઈક કરવા લાગ્યા, કોઈ કાંઈક કરવા લાગ્યા. ફળ ખાવા લાગ્યા. મુનિપણામાં નગ્નપણામાં. દેવે આવીને કહ્યું, નહિ ચાલે આવું. આ વેશમાં આવી ચીજ નહિ ચાલે. દંડ દઈશું તમને. આહા..હા...! પછી બધાએ વેશ ફેરવી નાખ્યો. કોઈએ તાપસનો લીધો ને કોઈએ કાંઈક. હવે તમે ગમે તે કરો, તમારા સ્વચ્છંદે. પણ નગ્નપણું ધારણ કરીને આ ફળ ખાવા ને લીલોતરી ખાવી, આમ નભવું એમ નહિ ચાલે. એવું તો અત્યારે કોઈ છે નહિ. આહા..! અરે..! કોઈ દેવ પણ નથી. પ્રભુ પાસે ઘણા દેવા જાય છે. દેવને ખબર નથી ?

મુમુક્ષુ :– દેવ સૂઈ ગયા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનો દેવ સૂઈ ગયો છે અને પેલા દેવ પણ સૂઈ ગયા છે. અમારા પંડિતજી એમ કહે છે. આહા..! આ તો ભગવાનના વિરહ પડ્યાની વાતું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. ત્રિલોકનાથ બિરાજે છે. સમજાય છે કાંઈ ? અને ભરતક્ષેત્રમાં સામાન્ય લોકોનો જન્મ થઈ ગયો. ભગવાન બિરાજે છે ત્યાં કેમ જન્મ ન થયો ? સાક્ષાત્ પરમાત્મા. કેવળજ્ઞાનપણે મોક્ષ છે, ભાવમોક્ષમાં બિરાજે છે. બધા (કર્મ) નાશ પામશે પછી દ્રવ્યમોક્ષ થશે. ભાવમોક્ષ તો થઈ ગયો છે. આહા..હા...! પોતાની લાયકાત હોય તો ત્યાં કેમ ન જન્મ્યો ? લાયકાત (એવી), બીજા ક્ષેત્રમાં જન્મ થઈ ગયો. સમજાય છે કાંઈ ?

છતાં પોતાની વસ્તુ છે તો પ્રાપ્ત થઈ શકે છે. પોતાની વસ્તુનો અંદર વિરહ નથી. સમજાય છે કાંઈ ? ત્રિલોકના નાથના વિરહ પડ્યા પણ ચૈતન્યદ્રવ્ય અંદર પોતાની વસ્તુ પડી છે તેનો તો કદી વિરહ નથી. આહા..હા...! પર્યાયની સમીપમાં પ્રભુ પરમાત્મા બિરાજે છે. આહા..હા...! એ તો કદી દૂર થતો નથી. આહા..હા...!

મુમુક્ષુ :– અમને આપે વિરહ ભૂલાવી દીધા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– માર્ગ આ છે, પ્રભુ ! શું કરીએ ? એવી વાત છે.

બેનના વચનો તો જુઓ ! આહા..! **'જે માર્ગે આ સમકિત થયું તે જ માર્ગે મુનિપણું,...'** થશે. આનંદનો નાથ પ્રભુ, પૂર્ણાનંદના અવલંબનથી સમકિત થયું છે તો એના ઉગ્ર અવલંબનથી મુનિપણું થશે. કોઈ ક્રિયાકાંડ વ્યવહાર કરે છે તો મુનિપણું થશે (એમ નથી). સમ્યગ્દષ્ટિ જીવ ચોથે ગુણસ્થાને હોય, બાહ્યમાં છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા હોય પણ એની અંદર એની માન્યતા એવી છે કે હું આ છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા કરું છું તો હું આગળ વધી જઈશ, એવી માન્યતા નથી. આહા..હા...! મેં જેમ (સ્વભાવનું) આલંબન લીધું અને સમ્યકત્વ થયું એમ ઉગ્ર આશ્રય લઈશ તો મુનિપણું થશે. આહા..હા..! આવો માર્ગ છે, બાપા !

ભગવાન છે બધા, બાપુ ! પરમાત્મા છે અંદર. આહા..હા..! જો પરમાત્મા ન હોય તો પર્યાયમાં પરમાત્મા ક્યાંથી આવશે ? કેવળજ્ઞાન પરમાત્મા અરિહંતપદ જો અંતર સ્વરૂપમાં ન હોય તો પર્યાયમાં અરિહંત પદ આવશે ક્યાંથી ? આહા..હા...! એમ સિદ્ધ સ્વરૂપ આત્મા ન હોય તો પર્યાયમાં સિદ્ધપણું આવશે ક્યાંથી ? એમ ભાવઆચાર્યપદ અંદર ન હોય તો ભાવઆચાર્યની પર્યાય આવશે ક્યાંથી ? એમ ભાવઉપાધ્યાય સ્વભાવ જો આત્મામાં ન હોય તો ઉપાધ્યાયની પર્યાયથી ક્યાંથી આવશે ? એમ અંતરમાં સાધુ સ્વભાવ, પૂર્ણાનંદનો નાથ એવો સાધુ સ્વભાવ અંદરમાં છે. આહા..હા...! તો સાધુની પર્યાય વીતરાગી દશા અંતરમાંથી આવે છે. સમજાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કાંઈ ? આહા..હા...!

મુમુક્ષુ :– એના આશ્રયે આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એના આશ્રયે, દ્રવ્યના આશ્રયે. સમ્યગ્દર્શન થયું તો સમ્યગ્દર્શનના આશ્રયે પણ મુનિપણું નહિ આવે. શું કહ્યું ? જે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એના આશ્રયે સમ્યગ્દર્શન થયું તો સમ્યગ્દર્શનની પર્યાયના આશ્રયે મુનિપણું થશે એમ સમકિતી માનતા નથી. સમજાય છે કાંઈ ? અને મને કેવળજ્ઞાન થશે, મને સ્વઆશ્રયે ચારિત્ર થયું તો એ ચારિત્રની પર્યાયના આશ્રયે કેવળજ્ઞાન થશે, એમ સમકિતી માનતા નથી. હું ઉગ્ર આશ્રય લઈશ ત્યારે કેવળજ્ઞાન થશે. આહા..હા...!

મોક્ષના માર્ગથી મોક્ષ થશે એ પણ અહીં તો છોડી દીધું છે. કેવળજ્ઞાન અને મોક્ષ જે છે, મને જે સમ્યક્ત્વ મારા આશ્રયે પ્રગટ થયું એનો જ હું ઉગ્ર આશ્રય લઈશ ત્યારે કેવળજ્ઞાન થશે. ચારિત્રપર્યાય છે તો તેનાથી મોક્ષ થશે, એમ માનતા નથી. આહા..હા...! સમ્યક્–સાચું ચારિત્ર છે પણ પર્યાય છે. પર્યાયના આશ્રયે કેવળજ્ઞાનની પર્યાય થશે, એમ નથી માનતા. આહા..હા..! કહો, ભાઈ ! આવો માર્ગ છે. લોકો બિચારા કહે, એને બેસે નહિ. એટલે નિશ્ચયાભાસી છે (એમ કહે). બાપુ ! બધી ખબર છે, ભાઈ ! આહા..હા...! ભાઈ ! તને વસ્તુની ખબર નથી અને ખબર વિના તું વાત કરે છે તો તારો વિરોધ ન હોવો જોઈએ, કરુણા થવી જોઈએ. આહા..!

અહીં કહ્યું, **'જે માર્ગે આ સમકિત થયું તે જ માર્ગે મુનિપણું ને કેવળ થશે...'** જુઓ ! આહા..હા..! મુનિપણાની પર્યાયના આશ્રયે કેવળજ્ઞાન નહિ થાય. મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થાય છે અને કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. તો વ્યયમાથી ઉત્પન્ન નહિ થાય. ત્રિકાળીનો ઉગ્ર આશ્રય કરવાથી કેવળજ્ઞાન થશે. આહા..હા...! જુઓ તો માર્ગ પ્રભુનો ! આહા..હા..! 'પ્રભુનો માર્ગ છે શુરાનો, એ કાયરના નહિ કામ જોને.' એ લોકો કહે છે, 'હરિનો માર્ગ છે શૂરાનો,' હરિનો માર્ગ શૂરવીરનો છે, એમ કહે છે. અહીં કહે છે, 'વીરનો માર્ગ છે શૂરાનો' આહા..! કાયરના ત્યાં કામ નથી. રાગની પ્રીતિના પ્રેમમાં પડેલા નપુંસકો એવા વીરોના આ કામ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? કહો, ભાઈ ! આવી વાત છે, ભાઈ ! લોકોને જિજ્ઞાસા છે. કેટલા માણસો આવ્યા છે, જુઓને ! પોણા આઠસો તો શિબિરમાં આવ્યા છે, એ સિવાય બાયું, બેનું, દીકરીયું ઘણી આવી છે. બેનના વખતે તો ત્રણ હજાર માણસ. બીજ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉપર. સમાય નહિ એટલા માણસ. એટલા સાંભળવાના પ્રેમી તો છે. ભાઈ ! માર્ગ બાપા એ છે, ભાઈ ! આ કાંઈ ઘરની કલ્પનાથી નથી. આહા..હા...!

એમ જ્ઞાન થઈ ગયું. **'એમ જણાઈ ગયું.'** જુઓ ! શું (જણાઈ ગયું) ? સમ્યગ્દર્શન અનુભૂતિ થઈ તો જ્ઞાન એવું થઈ ગયું કે દ્રવ્યના આશ્રયે ચારિત્ર થશે, દ્રવ્યના આશ્રયે કેવળજ્ઞાન થશે, દ્રવ્યના આશ્રયે શુક્લધ્યાન થશે. આહા..હા...! એમ નથી માનતા કે હું છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા કરું છું, મને સમકિત છે, એ ક્રિયા કરતાં કરતાં મને મુનિપણું આવી જશે. એમ નથી. આહા..હા...! ભાઈ ! ન્યાં ક્યાંય હીરા, માણેકમાં ક્યાંય ધૂળમાં નથી. સાંભળવા મળતું નથી ત્યાં રોકાઈ ગયા. બાપા ગયા તો..

મુમુક્ષુ :– કરવું શું ? આપ ઉપાય બતાવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિવૃત્તિ લેવાનું કહીએ છીએ. કહ્યું ને આ ભાઈનું ? આજે કાલે ગયા. બે-ત્રણ લાખની પેદાશની લોઢાની દુકાન મુંબઈમાં છે. પોતે દુકાન કરી, દુકાન જામી. ૪૨ વર્ષની ઉંમર છે, એક અગિયાર વર્ષનો દીકરો છે, દીકરી તેર વર્ષની. ભાઈ ! બે ભાઈને દુકાને રાખ્યા હતા. ભાઈ ! આપણે ત્રણ ભાગ છીએ તો મને ત્રીજો ભાગ આવે તો મને ચોથો ભાગ આપો, ભાઈ ! હું દુકાને નહિ આવું. હું દુકાને નહિ આવું. આહા..હા..! એય..! અહીં તો તમારે કરોડો હોય તો પણ હખ નથી. ભાઈને કહ્યું, ભાઈ ! આપણે ત્રણ ભાઈઓ છીએ તો મને ત્રીજો ભાગ આવે છે તો મને ચોથો ભાગ આપો. ભાઈ આવે છે. કાલે હતા. શનિ, રવિ કાયમ આવે છે. ત્યાં નિશાળ છે એટલે (જતા રહે). આવશે, શનિવારે આવશે. ભાઈએ પાંચ લાખ આપ્યા. બસ, ઉત્તર જવાબ કાંઈ નહિ. આપણે પેદાશ આટલી છે, આટલા પૈસા છે. બહુ સારુ, ભાઈ ! પાંચ લાખ મારે બસ છે. બેંતાલીસ વર્ષની ઉંમર. ભાઈ ! તમારા ગામમાં જ ... એક મહિનાનું પાંચ લાખ રૂપિયાનું પાંચ હજાર વ્યાજ આવે. એ પણ પાંચ હજારના વ્યાજમાં ત્યાં એક મહિનાના હજાર રૂપિયે ભાડે મકાન લીધું છે. બાકીના ચાર હજાર છે એ અહીંયા પુસ્તકમાં ને કોઈ ગરીબોને, એમ પાંચ હજાર ખર્ચી નાખે. બસ, દીકરા પાસે પાંચ લાખ રહેશે. મને પાંચ હજાર આવે છે. આમાં ખર્ચે, હોં ! ઉડાઉમાં નહિ. શાસ્ત્રમાં, શાસ્ત્ર બનાવવામાં. બેનનું શાસ્ત્ર બન્યું તો એક સાથે દીધા હતા કાંઈક, કેટલા ? ચૌદસો લીધા હતા. સાત રૂપિયાની કિંમત. બેંતાલીસ સો રૂપિયાના લીધા ને બધાને વ્હેંચી દીધા. બોટાદ ને ભાવનગર ને અહીંયા..

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નિવૃત્તિ.. નિવૃત્તિ. ૪૨ વર્ષની ઉંમર. આ સંસારમાં નોકરી કરે તો પણ પંચાવન વર્ષે નિવૃત્તિ લે છે. અહીં તો તમારે સાંઈઠ થાય, સીત્તેર થાય તો પણ હખ નથી.

મુમુક્ષુ :– એ તો સરકાર કાઢી મુકે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ કહે છે, સરકાર રાખતી નથી. આહા..હા...! અરે..રે..! આવું બાપા ! કે દિ' (મળે) ? ભાઈ ! એક ખીસકોલી આવે છે એને જોઈને એવો વિચાર આવે છે. ખીસકોલી એવી કોઈ છે કે આખો દિ' ન્યાં ફરે છે. અરે..રે...! આનો જીવ ક્યો હશે ? ક્યાંથી આવ્યો હશે ? અરે..! આને ક્યારે મનુષ્યપણું મળે ? અને આ વિચારવાનો યોગ ને સાંભળવાનું ક્યારે મળે ? આહા..! મળ્યું છે તે દરકાર કરતા નથી. આહા..હા...!

અહીં કહે છે, આહા..હા..! **'એમ જણાઈ ગયું. પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ,...'** આહા..હા...! **'આ જ માર્ગે દેશવિરતિપણું,...'** પંચમ ગુણસ્થાન પણ સ્વભાવના આશ્રયે થશે. સમજાય છે કાંઈ ? **'મુનિપણું, પૂર્ણ ચારિત્ર...'** આહા..હા...! **'ચારિત્ર ને કેવળજ્ઞાન બધું પ્રગટ થશે.'** મારો પ્રભુ ભગવાન પરમાત્માના અવલંબનથી જે અનુભૂતિ સમ્યક્ થયું તેના જ આશ્રયે મને કેવળજ્ઞાન ને મોક્ષ થશે. આહા..હા..! કોઈ ક્રિયાકાંડ કરવાથી ને તપસ્યા કરવાથી (નહિ થાય). એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું ને ? ત્યાં લોકો પ્રશ્ન બહુ કરતા હતા. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. એમ કહે છે, મુનિ ઉપવાસ કરે છે એ શુદ્ધોપયોગ માટે કરે છે, એવો શબ્દ છે ત્યાં. એનો અર્થ એ ઉપવાસ કરે છે માટે શુદ્ધ ઉપયોગ થશે એમ નહિ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. કાલે આવ્યું હતું. ખબર છે, બધી ખબર છે. (સંવત) ૧૯૮૨ ની સાલથી મોક્ષમાર્ગ પ્રકાશક કેટલી વાર વાંચ્યું છે. ૧૯૮૨. બાવન વર્ષ થયા. 'સમયસાર' (સંવત) ૧૯૭૮ થી છે. 'પ્રવચનસાર', 'સમયસાર', 'નિયમસાર', 'તત્ત્વાર્થ રાજવાર્તિક', 'આદિપુરાણ' આદિ બધા સંપ્રદાયમાં જોયા હતા, સંપ્રદાયમાં જોયા હતા. પરિવર્તન પહેલાં સંપ્રદાયમાં જોયા હતા. આહા..હા...!

અહીં કહે છે, આત્મા આનંદસ્વરૂપ ભગવાન, સમ્યગ્દર્શનમાં જ્યાં જ્ઞાન થઈને પ્રતીતિ થઈ, પર્યાયમાં આખો આત્મા કેવો છે તેનું ભાન આવી ગયું અને તેમાં પ્રતીતિ આવી કે હું તો પરમાત્મસ્વરૂપ છું. અલ્પજ્ઞ પણ હું નથી. આહા..હા..! પર્યાય દ્રવ્યની પ્રતીતિ કરે છે પણ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી અને પર્યાય દ્રવ્યમાં જાતી નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાતી નથીને શું કહે છે ? આહા..હા...! આવો માર્ગ પ્રભુનો. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવે આ જગતને જાહેર કર્યું, પ્રભુ ! આહા..હા...! એ અકષાય કરુણા. ભગવાનને કરુણા છે, એમ 'આદિ પુરાણ'માં કહે છે. કઈ કરુણા ? અકષાય કરુણા. સમજાય છે કે ? પરની કરુણા કરવી એ તો રાગ છે. અને 'પ્રવચનસાર'માં તો એમ લીધું છે કે પરની કરુણા કરું, પરની કરુણા કરી શકું છું, આવી કરુણા કરું એ મિથ્યાત્વભાવ છે. આહા..હા...! 'પ્રવચનસાર'માં છે. ત્રણ બોલ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન, કરુણા. પરની કરુણા એ મિથ્યાત્વ છે. કેમ કે પરની કરુણા કરી શકતો નથી, પરની દયા પાળી શકતો નથી અને માને છે કે કરુણા કરું છું. હું પરની કરુણા કરી શકું છું, પરને સુખી કરી શકું છું એ બધા મિથ્યાત્વના લક્ષણ છે. આહા..હા..! આકરી વાતું છે. એય..!

મુમુક્ષુ :- છોકરાઓને સુખી કરવા કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કોણ કરતા હતા છોકરાને ? પૈસા પેદા કરીને પાપ કર્યું હતું ને એમાં પછી પાંત્રીસ હજારમાં દીકરાને ભણાવ્યો. પાપ કરીને. પોતાના ઘરની વાત કરે છે. એ પાપ કરવું નહિ ને પરને માટે કરું છું એમ માનવું નહિ.

મુમુક્ષુ :- દેવું કે ન દેવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કોને દે ? આહા..હા...! એક રજકણ પણ બીજાને દઈ શકે કે લઈ શકે એ વસ્તુમાં નથી, પ્રભુ ! અરે..! આત્માનો એવો એક ગુણ છે, ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. ૪૭ શક્તિમાં આવ્યું છે. આહા..હા...! આત્મામાં એક અગુરુલઘુ નામનો ગુણ છે તો બધા ગુણમાં અગુરુલઘુનું રૂપ છે. એક સમયની જ્ઞાનની, દર્શનની પર્યાય હોય, એમાં પણ એક પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે. આહા..હા..! કેવળજ્ઞાનની એક પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે તો પણ કેવળજ્ઞાન તો એવું ને એવું છે. એ તો સ્વભાવ કોઈ અલૌકિક છે, બાપુ! એક એક પર્યાયમાં અનંત ગુણની પર્યાય છે, એ એક એક પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ એક સમયમાં થાય છે. એ શું ચીજ છે ? બાપુ ! એ કોઈ અલૌકિક વાતું છે, ભાઈ ! એ સ્વભાવ કોઈ અલૌકિક છે. એકલા તર્કથી સમજાય જાય તો કેવળજ્ઞાનમાં બાકી શું રહે ? આહા..હા...!

મુમુક્ષુ :-

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :- ઇ પરોક્ષ પણ યથાર્થ પ્રમાણ છે. પરોક્ષ પણ પ્રમાણ છે ને ? એ આપણે આવી ગયું. આત્મા દેખાતો નથી, પણ પરોક્ષ પણ પ્રમાણ છે. હમણા આવી ગયું. આહા..હા...!

અહીં કહે છે, **'નમુનામાં પૂરા માલનો ખ્યાલ આવે.'** જુઓ ! રૂ હોય, રૂનું ધોકડું. થોડો નમુનો જુએ, આખો આવો ધોકડો છે. એમ આત્મામાં આનંદનો અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું તો એ નમુનામાં આખો આત્મા આનંદમય છે, આખો આત્મા પૂર્ણ અનંત ગુણમય છે એવું જ્ઞાન થઈ ગયું. સમજાય છે કાંઈ ? આ જુવાર, બાજરા, ચોખા થોડો નમુનો લઈને જોવે. આ પાંચસો ગુણ છે એ આવી છે. સમજાય છે કાંઈ ? ચોખા.. ચોખા કહે છે ને ? શું કહે છે ? ચાવલ.. ચાવલ. **'નમુનામાં પૂરા માલનો ખ્યાલ આવે.'**

**'ચંદ્રની બીજની કળામાં આખો ચંદ્રમાં ખ્યાલમાં આવે.'** છે ? જેટલો પ્રકાશ છે એ આખા પૂર્ણનો છે એ પણ જણાય છે. આહા..હા...! **'ગોળની એક કણીમાં આખા રવાનો ખ્યાલ આવે.'** પારિકા એ હિન્દી ભાષા છે. પારિકા એટલે ગોળનો આખો રવો. નમુના હાથમાં લીધો, આખો ગોળ આવો છે. એમ સમ્યગ્દર્શનમાં ભગવાનનો અનુભવ થયો તો આખો આત્મા કેવો છે એ અનુભવમાં આવી ગયું. આહા..હા...! એ હિન્દી ભાષા છે ? ગુડકી પારિકા.

**'ત્યાં (દૃષ્ટાંતમાં) તો જુદાં જુદાં દ્રવ્ય...'** શું કહે છે ? આ માલના નમુનામાં તો પરમાણુ ભિન્ન ભિન્ન છે. માલ દેખાડ્યો એ ભિન્ન છે અને વસ્તુ પણ ભિન્ન છે. આ તો વસ્તુ દ્રવ્ય પણ ઇ અને પર્યાય પણ ઇ. આહા..હા...! પોતાના દ્રવ્યની પર્યાય નમુનામાં આવી અને એ દ્રવ્ય પોતે પૂર્ણ આવું છે એમ નમુનામાં જણાઈ ગયું. આહા..હા...! એ તો ગોળની કણીમાં એ ભાગ ભિન્ન છે અને રવો ભિન્ન છે. આ તો એનો એ પરમાત્મા, એની પર્યાયમાં નમુનો આવી ગયો તો એક જ દ્રવ્યમાં આવું પૂર્ણ છે એમ પ્રતીતિમાં આવી ગયું. એનું નામ સમ્યગ્દર્શન ને અનુભૂતિ ને મોક્ષના માર્ગની શરૂઆત કહેવાય છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક; શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ 'અપરિણામી' નિજાત્મા.

પ્રમાણ-અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી, અપરિણામી તેમ જ પરિણામી છે. પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. પરિણામ ક્યાં જાત રહે ? પરિણમન તો પર્યાસ્વભાવને લીધે થયા જ કરે છે, સિદ્ધિમાં પણ પરિણતિ તો હોય છે.

પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર–જ્ઞાયક ઉપર–દૃષ્ટિ તેજ સમ્યક્ દૃષ્ટિ છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી દ્રવ્યપર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે ? નિષ્ક્રિય તત્ત્વ ઉપર–તળ ઉપર–દૃષ્ટિ સ્થાપ ને !

પરિણામ તો થયા જ કરશે. પણ, આ મારી અમુક ગુણપર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા – એમ શા માટે જોર આપે છે ? પર્યાયમાં – પલટતા અંશમાં — દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે ? તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબને !

જ્ઞાનાનંદ સાગરના તરંગોને ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ. તરંગો તો ઉછળ્યા જ કરશે. તું એમને અવલંબે છે શું કામ ?

અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે. અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ–અપરિણામી અભેદ એક દળ–તેમાં દૃષ્ટિ દે. પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ. તું જ્ઞાતા દ્રષ્ટા થઈ જઈશ. ૨૦૧.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શ્રાવણ વદ ૧૧, મંગળવાર તા.૨૯-૦૮-૧૯૭૮.**
**વચનામૃત-૨૦૧, પ્રવચન-૭૯**

'વચનામૃત' ૨૦૧. કાલે ૨૦૦ ચાલ્યો ને ? જરી સૂક્ષ્મ છે. **'અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે...'** શું કહે છે ? જે પારિણામિકભાવ ત્રિકાળ છે એને અહીંયા અપરિણામી કહેવામાં આવ્યો છે. જે ત્રિકાળ જ્ઞાયકભાવ છે તેને અહીંયા અપરિણામી કહેવામાં આવ્યો છે. કારણ કે પર્યાયરૂપ થતો નથી એ અપેક્ષાએ. અને **'અપરિણામી નિજ આત્મા...'** ભગવાનના આત્માનું અહીં કાંઈ કામ નથી. આહાહા..! નિજ આત્મા અપરિણામી નામ પર્યાયમાં પલટે છે એ ચીજ નહિ. એ તો પરમ પારિણામિક સ્વભાવભાવ જેનું લક્ષણ છે એને અહીંયા અપરિણામી કહેવામાં આવ્યો છે. એનો આશ્રય લેવાનું (કહેવામાં આવે છે). આશ્રય લે છે એ પર્યાય છે. પર્યાય એનો આશ્રય લે છે. આહાહા..!

**'નિજ આત્માનો...'** ત્રિકાળી અપરિણામી સ્વભાવભાવ, પોતાનો પારિણામિક ભાવ સ્વભાવનો આશ્રય લેવાનું **'કહેવામાં આવે છે...'** સર્વજ્ઞ ભગવાનની આજ્ઞામાં અને શાસ્ત્રમાં અપરિણામી ત્રિકાળી સ્વભાવનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે. આહાહા..! મુદ્દાની રકમની વાત છે. **'ત્યાં અપરિણામી એટલે...'** અપરિણામી અર્થાત્ **'આખો જ્ઞાયક...'** 'અપરિણામી' શબ્દ લીધો છે એ તો પરિણમન-પર્યાયથી ભિન્ન છે એ અપેક્ષાએ, બાકી છે તો પરિણામિક સ્વભાવ. 'પરિણામે ભવ પરિણામિકઃ' એવો પાઠ 'પંચાસ્તિકાય' ની ૫૬ ગાથાની ટીકામાં છે. સહજ સ્વભાવ જે ત્રિકાળ એક સમયની પર્યાયરહિત (છે).. આહાહા..! એવો **'અપરિણામી એટલે આખો જ્ઞાયક...'** પૂર્ણ જ્ઞાન, આનંદ પૂર્ણ સ્વરૂપ ધ્રુવ.

**'શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત...'** પોતાના સ્વભાવને જાણનારી જે જ્ઞાનની પર્યાય છે તેને અહીંયા નિશ્ચયનય કહે છે. આહાહા..! જે પર્યાયથી સ્વભાવ તરફ ઝુકાવ થાય તે નિશ્ચનયનનો વિષય ધ્રુવ છે. પર્યાય નિશ્ચયનય જ્ઞાનની પર્યાય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહાહા..! પણ એનો વિષય જે ત્રિકાળી અખંડ આનંદ છે... આહાહા..! તેને **'અખંડ જ્ઞાયક કહ્યો છે...'** નિશ્ચયનયનો વિષય, પરમાર્થનયનો વિષય અખંડ જ્ઞાયક અપરિણામિક ભાવને અહીંયા અખંડ જ્ઞાયક કહ્યો છે. આહાહા..! **'તે જ આ અપરિણામી નિજાત્મા.'** છે. તે જ અપરિણામી નિજાત્મા છે. અખંડ જે જ્ઞાયક, પરમાર્થ નિશ્ચયનયનો વિષય જે ધ્રુવ, તેને અહીંયા અપરિણામી કહેવામાં આવ્યો છે. એ અપરિણામી નિજાત્મા ધ્રુવ છે. આહાહા..!

**'પ્રમાણ અપેક્ષાએ...'** પહેલાં નિશ્ચયની અપેક્ષાએ કહ્યું. નિશ્ચય નામ જે નય સ્વદ્રવ્યનો આશ્રય લે તેને અહીંયા નિશ્ચયનય કહે છે. આહાહા..! એ નિશ્ચયનયની અપેક્ષાએ ભગવાન ત્રિકાળી જ્ઞાયકભાવ સમ્યગ્દર્શનનો વિષય છે તેને અહીંયા અપરિણામી જ્ઞાયકભાવ કહેવામાં આવ્યો છે. આહાહા..! **'પ્રમાણ અપેક્ષાએ...'** પહેલાં નિશ્ચયની અપેક્ષાએ કહ્યું હતું. ત્રિકાળી જ્ઞાયક અપરિણામી પારિણામિકભાવ સ્વરૂપ, જ્ઞાયકભાવ સ્વરૂપ, ભૂતાર્થ સ્વરૂપ, સત્યાર્થ ત્રિકાળ સ્વરૂપ એ નિશ્ચયનયનો વિષય છે અર્થાત્ એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! **'પ્રમાણ અપેક્ષાએ...'** નિશ્ચયની અપેક્ષાથી તો અખંડ જ્ઞાયક ત્રિકાળી તે એનો વિષય છે.

હવે **'પ્રમાણ અપેક્ષાએ...'** આહાહા..! **'આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી,...'** પ્રમાણની અપેક્ષાએ આત્મા માત્ર અપરિણામી પારિણામિકભાવ સ્વરૂપ જ્ઞાયકભાવ એકલો નથી. આહાહા..! **'અપરિણામી તેમ જ પરિણામી છે.'** પ્રમાણની અપેક્ષાએ નહિ પલટનાર અપરિણામી દ્રવ્ય પણ છે અને પર્યાય પલટે છે તે પણ છે, એ પ્રમાણનો વિષય છે. બન્ને છે. આહાહા..! **'પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં...'** આહાહા..! પરમ સ્વભાવભાવ નિત્યાનંદ એકરૂપ રહેનારા ભાવ ઉપર દૃષ્ટિ દેતાં... આહાહા..! અંતર્મુખ તત્ત્વ છે તેની ઉપર દૃષ્ટિ દેતાં... બહિર્મુખ તો પર્યાય છે, રાગાદિ બહિર્મુખ છે. આહા..! અંતઃતત્ત્વ જે જ્ઞાયકભાવ, તેના પર દૃષ્ટિ દેતાં **'પરિણામ ગૌણ થઈ જાય છે;...'** પર્યાયનું લક્ષ નથી રહેતું. આશ્રય લે છે પર્યાય, પણ પર્યાયનો આશ્રય નથી રહેતો. આહાહા..! આવી વાત છે. સમજાય છે કાંઈ ? આ તો પ્રથમ સમ્યગ્દર્શન પામવાની કળા આ છે. આહાહા..! જે અપરિણામી સ્વભાવ છે તેના પર દૃષ્ટિ દેતાં – આશ્રય લે છે તો પરિણામનું લક્ષ રહેતું નથી. પરિણામનું લક્ષ રહેતું નથી તો પરિણામ ગૌણ થઈ જાય છે એમ કહેવામાં આવે છે, અભાવ (કહેવાતો) નથી. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમજાય છે કાંઈ ?

અગિયારમી ગાથામાં એમ કહ્યું ને ? વ્યવહારનય અભૂતાર્થ છે. અર્થાત્ પર્યાય અભૂતાર્થ–જૂઠી છે, એમ ત્યાં તો કહ્યું છે. ગૌણ કરીને કહ્યું. અભાવ કરીને પર્યાય અસત્ય છે એમ નહિ. આહાહા..! ભગવાન આત્મા પૂર્ણ ધ્રુવ સ્વભાવ છે તેને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહ્યો. એક વાત. ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરીને ભૂતાર્થ એ જ છે એમ કહ્યું અને પર્યાયને ગૌણ કરીને નથી, અસત્ય છે એમ કહ્યું. આહાહા..! **'ववहारोऽभूदत्थो'** પર્યાય તે વ્યવહાર છે અને દ્રવ્ય તે નિશ્ચય છે. આહાહા..! અને 'નયચક્ર' માં ત્યાં સુધી લીધું છે કે પ્રમાણ પૂજ્ય નથી, કેમ કે પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી. આહાહા..! નિશ્ચય સ્વભાવમાં પર્યાયનો નિષેધ આવે છે. અસત્ય છે માટે નિષેધ આવે છે એમ નહિ. છે, પણ આશ્રય કરવા લાયક નથી તેથી તેને ગૌણ કરીને 'નથી' એમ કહ્યું. અને **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ત્યાં અગિયારમી ગાથામાં બીજા પદમાં તો એમ કહ્યું કે સત્યાર્થ પ્રભુ ત્રિકાળ જ્ઞાયક એકરૂપ સ્વભાવ, તેને અમે શુદ્ધનય કહીએ છીએ. એ વસ્તુને જ શુદ્ધનય કહીએ છીએ એમ કહ્યું.

**'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ભગવાન પરમાત્માની વાણીમાં ભૂતાર્થને શુદ્ધનય કહેવામાં આવ્યો છે. નય–શુદ્ધનય તો જ્ઞાનનો એક અંશ છે અને તે એક અંશને સ્વીકારે છે. શુદ્ધનય એક અંશને સ્વીકારે છે. અંશ કોણ ? ત્રિકાળી ધ્રુવ. આહાહા..! સમજાય છે કાંઈ ? નયનો વિષય અંશ છે. પ્રમાણનો વિષય (અંશ) બન્ને છે, બન્ને અંશ છે. આહાહા..! નિશ્ચયનયનો વિષય એકરૂપ ત્રિકાળ છે, પણ છે તે અંશ. એમાં પર્યાય આવી નહિ. આહા..! નિશ્ચયનયનો વિષય જે છે તે પર્યાયનો નિષેધ કરે છે. પ્રમાણમાં પર્યાય અને દ્રવ્ય બન્ને ખ્યાલમાં આવે છે. અને બીજી રીતે કહીએ તો જ્ઞાયકનું જ્ઞાન અને પર્યાયનું જ્ઞાન એવું જે પ્રમાણ એ પ્રમાણ પોતે સદ્ભુત વ્યવહારનય છે. એ પ્રમાણ પોતે... 'પંચાધ્યાયી'માં છે. પંડિતજી ! 'પંચાધ્યાયી'માં એ પ્રમાણને વ્યવહારનયનો વિષય કહ્યો છે. બન્ને સાથે આવ્યા ને (એટલે). દ્રવ્ય અને પર્યાય બે. આહાહા..! ઝીણી વાત છે. સમજાય એવી છે. એ કંઈ ન સમજાય એવી નથી એમ નથી. અને વાત તો જે જ્ઞાનસ્વરૂપ છે તેને કહે છે ને ! આ કહે છે કોને ? રાગને કહે છે ? શરીરને કહે છે ? જે જાણનારો છે તેને કહે છે. સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન ! તું જાણનારો છે ને ! તો એ જાણનારનો વિષય જે 'ત્રિકાળી' છે તેને અમે સત્યાર્થ કહીએ છીએ અને એક સમયની 'પર્યાય' છે તે છે ખરી, પણ ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. પરંતુ 'પર્યાય' છે જ નહિ એમ કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમજાય છે કાંઈ ? આવી વાત છે.

કહે છે કે **'અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી.'** પર્યાય છે તે ક્યાંય ચાલી જાય છે એમ નથી. આશ્રય લીધો એવી પર્યાય પણ છે પણ આશ્રય લેનારી પર્યાયે આશ્રય લીધો છે ત્રિકાળનો. આહાહા..! આવી વાત ભારે ! **'પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. પરિણામ ક્યાં જતા રહે ? પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે,...'** આહાહા..! બદલવાના સ્વભાવને લીધે, **'પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે,...'** આહાહા..! આજે પંડિતજી લાવ્યા હતા ને ? શુદ્ધપર્યાય છે. પર્યાયનયથી પર્યાય શુદ્ધ છે, કઈ અપેક્ષાએ ? એક આત્મા છે એમાં અનંત ગુણ છે. એમાં કેટલાક ગુણની પર્યાય તો અનાદિથી શુદ્ધ જ છે. અસ્તિત્વગુણ, વસ્તુત્વગુણ, પ્રમેયત્વગુણની પર્યાય શુદ્ધ જ છે. આહાહા..! સમજાય છે કાંઈ ? અભવિને પણ એ પર્યાય શુદ્ધ છે. અસ્તિત્વ ગુણની પર્યાય અશુદ્ધ થાય તો અસ્તિત્વ ઓછું થઈ જાય, એમ છે ? આહાહા..!

અસ્તિત્વગુણ જે છે, એક આત્મામાં સામાન્ય ગુણ અનંત છે અને વિશેષ ગુણ અનંત છે. સામાન્ય (ગુણ) છ કહેવામાં આવ્યા છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ પણ એ છ તો સામાન્ય સમજાવવામાં આવ્યા છે, બાકી છે તો ભગવાન પરમાત્મામાં સામાન્ય ગુણ જે છે એ બીજામાં પણ છે અને પોતામાં પણ છે, એવા સામાન્ય ગુણ અનંત છે. અને વિશેષ (ગુણ) પોતામાં છે અને બીજામાં નથી એવા વિશેષ ગુણ પણ અનંત છે. આહાહા..! પણ દૃષ્ટિ કરનારે ત્રિકાળી ઉપર દૃષ્ટિ દેવાની છે. સમજાય છે કાંઈ ? ત્યાં પરિણામ ગૌણ થઈ જાય છે. પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. સિદ્ધમાં પણ પરિણતિ તો થાય છે. સિદ્ધમાં પણ પર્યાય તો છે, એ સિદ્ધ પોતે પર્યાય છે. દ્રવ્ય-ગુણ ત્રિકાળ છે અને સિદ્ધ પર્યાય પોતે (પર્યાય છે). પોતે સમજે ? સ્વયં મોક્ષમાર્ગ પર્યાય છે, સંસાર પર્યાય છે, સિદ્ધ પર્યાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? કેવળજ્ઞાન પણ પર્યાય છે. કેવળજ્ઞાન ગુણ નથી. સમજાય છે કાંઈ ? તો પર્યાય ક્યાંય ચાલી જતી નથી. પર્યાય તો છે પણ પર્યાયનો આશ્રય છોડાવી ત્રિકાળ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાયકનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન અને અનુભૂતિ થાય છે તેથી ત્રિકાળીને ભૂતાર્થ કહ્યો, પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ અને અસત્ય કહી. સમજાય છે કાંઈ ? આવું છે.

**'પણ અપરિણામી તત્ત્વ ઉપર–જ્ઞાયક ઉપર...'** બન્ને એક શબ્દ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર કે અપરિણામી તત્ત્વ ઉપર **'દૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે.'** આહાહા..! સમજાય છે કાંઈ ? **'માટે 'આ મારી જ્ઞાનની પર્યાય'** છે. મારી જ્ઞાનની પર્યાય છે એમ એટલું જોર કેમ આપે છે ? પર્યાય ઉપર તારું જોર કેમ ચાલ્યુ જાય છે કે આ મારી જ્ઞાનની પર્યાય છે. **'આ મારી દ્રવ્યની પર્યાય'** છે. એક ગુણની પર્યાય અને આખા દ્રવ્યની પર્યાય. આ પર્યાય છે, આ છે એમ તારું લક્ષ કેમ ત્યાં જાય છે ? અહીં તો કહે છે કે જેટલો વિકલ્પ આદિ વ્યવહાર છે એ પણ છે તો ખરો પણ એની ઉપર લક્ષ કરવાથી સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! અરે..! સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ એના લક્ષે ચારિત્રપર્યાય ઉત્પન્ન થતી નથી. આહાહા..! ચારિત્રની પર્યાય તો ત્રિકાળી જ્ઞાયકભાવને આશ્રયે જ ઉત્પન્ન થશે. આવો માર્ગ છે. આહાહા..!

અરે..! આઠ-આઠ વર્ષના બાળકો પણ આત્મજ્ઞાન પામી કેવળજ્ઞાન પામે છે. આહાહા..! ભાઈ ! તારામાં મહાસામર્થ્ય છે. એ કાળ કે ક્ષેત્ર કંઈ નડતા નથી, એને વિઘ્ન નથી કરતા. આહાહા..! સાતમી નરકનો નારકી જન્મથી રોગ અને દુઃખ.. દુઃખ.. દુઃખ... દુઃખ... અને આવ્યો છે મિથ્યા દૃષ્ટિ લઈને, સાતમી નરકનો નારકી, પણ એમાં એ સમ્યગ્દર્શન પામે છે. આહાહા..! ભલે ત્યાંથી નીકળે ત્યારે તે પાછો મિથ્યાદૃષ્ટિ થઈ જશે. આવ્યો છે મિથ્યાત્વ લઈને સાતમી નરકે જાય છે ને ? કોઈ સમકિત લઈને જાય છે ત્યાં ? પણ એની સ્થિતિમાં પ્રતિકૂળતાનો પાર નથી. અનંતી અનંતી પ્રતિકૂળતા, જેના ક્ષણના દુઃખની વ્યાખ્યા કરોડો ભવે, કરોડો જીભે ન કહી શકાય. એવા તો પહેલી નરકના દસ હજારની સ્થિતિના દુઃખ. તેંત્રીસ સાગરવાળાના દુઃખ તો પ્રભુ..! આ..હા..! એ ક્ષણે પણ એ જીવ... આહાહા..! અંતરમાં દૃષ્ટિ દે છે. આહાહા..! એ દુઃખ ને જ્ઞાનની પર્યાયનું લક્ષ છોડી દે છે. આહાહા..! માણસ એમ કહે છે ને કે સગવડતા હોય તો અમે ધર્મ કરી શકીએ. એ વાત ખોટી છે. સમજાય છે કાંઈ ? શું કહ્યું ? પૈસા-બૈસા ઠીક હોય, છોકરા ધંધે લાગી જાય તો અમને નિવૃત્તિ મળે. એ વાત ખોટી છે. એવી પ્રતિકૂળતાનો પાર નથી, પ્રભુ ! એ સમયે પણ ભગવાન આત્મા, પૂર્વે સાંભળ્યું હતું કે તું તો જ્ઞાયક છો ને નાથ ! પણ સ્મરણમાં પહેલાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



યાદ ન રહ્યું અને આમાં ખ્યાલ આવી ગયો. આહાહા..!

મુમુક્ષુ :- ત્યાં તો બહુ જોરદાર નિર્ણય થતો હશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- જોરદાર સ્વભાવમાંથી જોરદાર છે, જોરદાર પુરુષાર્થ અંદરમાં ઘુસી જાય છે. દેહ ને રોગ ને તેંત્રીસ સાગરમાં એક કણ આહારનો નહિ, એક બિંદુ પાણીનું નહિ ! ભાઈ ! અહીં બે દિવસ પાણી ન મળે તો રાડ નાખે. અર..ર..ર...! અરે..! મારાથી આ દુઃખ સહન થતા નથી.

મુમુક્ષુ :- શરીરમાં બળતરા થાય તો રાડ ન નીકળે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- શરીરને બળતરા તેંત્રીસ સાગરની છે છતાં તે સમયે તેનું લક્ષ છોડી.. આહાહા..! ભગવાન આનંદનો નાથ અંતરમાં પોતાના સ્વભાવની સંભાળ લેવા જાય છે અને સમ્યગ્દર્શન પામે છે. આહાહા..!

અહીંયા તો એવી વાત કરે છે કે આ મારી જ્ઞાનની પર્યાય, એમ તારું જોર કેમ ત્યાં જાય છે ? દ્રવ્ય ઉપર જોર હોવું જોઈએ. આહાહા..! છે ? **'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે ?'** આહાહા..! આ તો તત્ત્વની મૂળ વાત છે, ભાઈ ! સમજાય છે કાંઈ ? મારા જ્ઞાનનો બહુ ક્ષયોપશમ થઈ ગયો. તારી પર્યાય ઉપર લક્ષ આપી ત્યાં તું કેમ જોર આપે છે ? સમજાય છે કાંઈ ? આહાહા..! **'આ મારી દ્રવ્યની પર્યાય'** છે. આ મારું દ્રવ્ય છે એની આ વ્યંજનપર્યાય આદિ પર્યાય છે. આહાહા..! આ..હા..હા...! **'એમ પર્યાયમાં શું કામ રોકાય છે ?'** પર્યાયમાં એમ લક્ષ કરીને કેમ રોકાય છે ? ત્રિલોકનાથ ભગવાન બિરાજે છે ત્યાં ચાલ્યો જા ! આહાહા..! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ ! પરમ પુરુષાર્થ માંગે છે ત્યાં. આહાહા..!

કહે છે કે તને કોઈ ક્ષયોપશમ વિશેષ થયો કે આ પર્યાય મારી છે કે આ દ્રવ્યની પર્યાય છે, મને રાગની ઘણી મંદ પર્યાય થઈ, એ શું છે ? એનું લક્ષ શું કરવા કરે છે ? જોર કેમ આપે છે ? અહીં તો કહે છે, વ્યવહારથી નિશ્ચય થાય છે એમ માનનારને મિથ્યાદૃષ્ટિ કહીને આ રાગથી મને લાભ થયો, રાગ મંદ કર્યો તો મને (લાભ થયો), પણ એની ઉપર દૃષ્ટિ શું કરવા આપે છે ? આહાહા..! અત્યારે તો બધું એનું જોર ચાલે છે. વ્યવહાર કષાયની મંદતા થાય તો નિશ્ચયમાં પહોંચી જવાય છે. પંડિતજીને એ ખ્યાલ છે. એ પુસ્તકમાં છે એમ નથી, ભગવાન ! આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બધા પંડિતોમાં એમનો નંબર પહેલો છે.

(સંવત) ૨૦૧૩ સાલમાં કહ્યું હતું કે વિકાર પોતાના ષટ્કારકથી એક સમયની પર્યાયમાં થાય છે, પરની અપેક્ષા નથી. એ ચર્ચા વખતે બધા બેઠા હતા. ત્યારે પંડિતજી એટલું બોલ્યા, એ એકલા બોલ્યા કે સ્વામીજી એમ કહે છે કે વિકાર થવામાં, નિશ્ચયથી વિકાર થવામાં પરની અપેક્ષા નથી, એમ બોલ્યા હતા. શિખરજીમાં બધા બેઠા હતા. અમારે પંડિતજી હિંમતભાઈ, રામજીભાઈ, બંસીધરજી, વર્ણીજી, કૈલાસચંદજી બધા બેઠા હતા. ભાઈ ! એવું લાકડું ગરી ગયું છે કે કર્મ નિમિત્તથી થાય છે, નિમિત્તથી થાય છે, કર્મ છે તો અહીંયા વિકાર થાય છે. એમ વાત છે જ નહિ. ***વિકાર પર્યાયમાં થાય છે એ પોતાની યોગ્યતાથી, પોતાની લાયકાતથી અને તે સમયનો નિજ ક્ષણ ઉત્પત્તિનો કાળ છે તેથી વિકાર ઉત્પન્ન થાય છે. કર્મથી નહિ, પૂર્વની પર્યાયથી નહિ. આહાહા..! દ્રવ્યથી નહિ, ગુણથી નહિ. આહાહા..! એક સમયની પર્યાય, પર્યાયથી ઉત્પન્ન થાય છે એવો જ એનો સ્વભાવ છે. આહાહા..!***

મુમુક્ષુ :– અધ્ધરથી થાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ***પર્યાય અધ્ધરથી થાય છે. દ્રવ્ય અને ગુણનો આશ્રય નથી, પરનો આશ્રય નથી.*** પંડિતજી ! 'પ્રવચનસાર' ની ૧૦૨ ગાથા છે એમાં લીધું છે કે નિજ ક્ષણ. તે તે પર્યાય ઉત્પન્ન થવાનો નિજ ક્ષણ છે, નિજ કાળ છે. અને 'પ્રવચનસાર' ૧૦૧ ગાથામાં તો ત્યાં સુધી લીધું કે ***જે વિકૃત અવસ્થા થાય છે એને વ્યયની અપેક્ષા નથી, દ્રવ્યની અપેક્ષા નથી, સ્વતંત્ર ઉત્પાદ થાય છે.*** ૧૦૧ ગાથા છે. ***ત્રણે બોલ સ્વતંત્ર છે. ઉત્પાદ ઉત્પાદથી થાય છે, ઉત્પાદ વ્યયથી નહિ, ઉત્પાદ ધ્રુવથી નહિ, ધ્રુવ ઉત્પાદથી નહિ, ધ્રુવ વ્યયથી નહિ, વ્યય ઉત્પાદથી નહિ. (વ્યય ધ્રુવથી નહીં) આહાહા..!*** એ જ્ઞેય અધિકાર છે તો જ્ઞેયનું સ્વરૂપ જ એવું છે એમ બતાવ્યું. આહાહા..! જ્ઞેય અધિકાર છે. ખરેખર તો 'જયસેનાચાર્યદેવે' એને સમ્યગ્દર્શનનો અધિકાર કહ્યો છે. જ્ઞેયનું–છ એ દ્રવ્યનું સ્વરૂપ જ એવું છે. આહાહા..! જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાનો કાળ છે તે સમયે તે પોતાથી ઉત્પન્ન થાય છે, વિકૃત કે અવિકૃત. આહાહા..!

અહીં તો એમ કહે છે કે મારામાં જ્ઞાનની પર્યાય ખીલી, મારામાં દ્રવ્યની પર્યાય આવી થઈ, મને આનંદ વિશેષ આવ્યો એમ પર્યાય ઉપર જોર, લક્ષ કેમ આપે છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમજાય છે કાંઈ ? આહાહા..! આવું છે, બાપા ! આ કંઈ વાદવિવાદે પાર પડે એવું નથી. 'નિયમસાર' માં કહ્યું છે ને ? ***જ્ઞાનનિધિ પ્રાપ્ત કરીને સ્વસમય અને પરસમય સાથે વાદવિવાદ કરીશ નહિ, પ્રભુ ! કેમ કે અનેક જાતના જીવ છે, અનેક પ્રકારની લબ્ધિ છે, કર્મ અનેક પ્રકારના છે તો એમાં તું કઈ રીતે વાદ કરીશ ?*** 'ણાણા જીવ, ણાણા લબ્ધા, ણાણા કમ્મા' અમે તો ઉપરથી અર્થ કરીએ છીએ. સમજાય છે કાંઈ ? આહાહા..!

જિનેશ્વર ત્રિલોકનાથની આ વાણી અને સંતોની આ વાણી છે. આહાહા..! કહે છે કે પ્રભુ ! તારી પર્યાયમાં જ્ઞાનનો ઘણો ક્ષયોપશમ થયો તો એ પર્યાય ઉપર જોર કેમ આપે છે ? અરે..! મને ઘણો મંદ રાગ થયો એમ પર્યાય ઉપર તારું લક્ષ કેમ આપે છે ? આહાહા..! **'એમ પર્યાયમાં...'** એ પ્રકારે **'શું કામ રોકાય છે ?'** ત્યાં કેમ રોકાય જાય છે ? ભગવાન ! આહાહા..! **'નિષ્ક્રિય તત્ત્વ ઉપર...'** નિષ્ક્રિય. પરિણમન નથી એ અપેક્ષાએ નિષ્ક્રિય. પર્યાયની ક્રિયા એમાં નથી, નિષ્ક્રિય છે. આહાહા..! સમજાય છે કાંઈ ? આવી વાત છે આ તો. તેથી માણસને લાગે, આ સોનગઢનું નિશ્ચયાભાસ છે, એમ કહે છે. ભાઈ ! તને ખબર નથી. વસ્તુની સ્થિતિ એમ છે. આહાહા..! પોતાના દ્રવ્યના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે. વ્યવહારથી થાય એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. સમજાય છે કાંઈ ? આહાહા..!

અહીં તો પર્યાયમાં ક્ષયોપશમ વિશેષ થયો અને આ દ્રવ્યની પર્યાય છે અને આ શ્રદ્ધાની પર્યાય છે, સમ્યગ્દર્શનની પર્યાય છે, આ ચારિત્રની પર્યાય છે એમ પર્યાય ઉપર જોર કેમ આપે છે ? પ્રભુ ! આહાહા..! ભગવાન અનંત ગુણનો સાગર અંદર બિરાજે છે. બાળગોપાળ–બાળક અને વૃદ્ધ, એ (સમયસાર) ૧૭ મી ગાથામાં આવે છે. ***આબાળગોપાળ–બાળકથી માંડીને વૃદ્ધ બધાને જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જણાય છે. આહાહા..!*** એ શું કહ્યું ? 'સમયસાર' ૧૭ મી ગાથામાં આબાળગોપાળ પાઠ છે. આબાળ નામ બાળકથી માંડી, ગોપાળ–વૃદ્ધ, બધાને જ્ઞાનની પર્યાયમાં આત્મા જણાય છે. સમજાય છે કાંઈ ? કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક (સ્વભાવ છે). પર્યાય ભલે હો પણ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. તો સ્વપરપ્રકાશક સ્વભાવને કારણે જ્ઞાનની પર્યાયમાં સ્વ જણાય છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં નથી. આહાહા..! પર્યાય આવી છે ને મને આમ થયું ને મને કષાય મંદ થયો, મને જ્ઞાનનો ઘણો ક્ષયોપશમ થઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગયો. ***એ ક્ષયોપશમની પર્યાય પણ આત્મામાં નથી. ક્ષયોપશમભાવ પણ ખંડખંડ જ્ઞાન છે, એ વસ્તુમાં નથી. આહાહા..!*** અહીં તો થોડું જાણપણું વિશેષ થઈ જાય તો.. આ..હા..! મને કેવું જ્ઞાન છે ? અરે..! સાંભળ તો ખરો, પ્રભુ ! તું ક્યાં રોકાઈ ગયો ? આનંદનો સાગર ભગવાન અંદર છે ત્યાં દૃષ્ટિ નહિ કરીને તું ક્યાં રોકાઈ ગયો ? આહાહા..!

વેદાંતમાં એક આવે છે. પેલું શું કહેવાય ? મોટું પુસ્તક છે ને વેદાંતનું ? પહેલાં નહોતા કહેતા ? 'ચંદ્રકાંત'. એમાં એમ લીધું છે, એને કહ્યું કે સાંજ પહેલાં તારે આ ચીજ કરોડો-અબજો રૂપિયાની ત્યાં છે. ત્યાં સાંજ પહેલાં જાય તો વાંસડા બાંધી દેજે, લઈ લેજે. લેવા નીકળ્યો. વચ્ચે એક વેશ્યા નાચતી હતી ત્યાં રોકાઈ ગયો, કોઈ છોકરો આવીને માંગવા લાગ્યો કે મને પૈસા આપો, ત્યાં રોકાઈ ગયો. એમ કરતાં કરતાં સાંજ પડી ગઈ. રોકાતા રોકાતા સાંજ પડી ગઈ. ત્યાં ખલાસ થઈ ગયું. એમ અહીંયા પર્યાયમાં રોકાતા રોકાતા દ્રવ્યનો સ્વભાવ ખ્યાલમાં ન આવ્યો. ચંદ્રકાંત.. ચંદ્રકાંત. ચંદ્રકાંત નામનું પુસ્તક છે, અમે તો બધું જોઈએ છીએ. નામ ભૂલી જઈએ છીએ. ચંદ્રકાંત નામનું વેદાંતનું મુખ્ય પુસ્તક છે. એમાં એ વાત છે. લેવા જવા નીકળ્યો ત્યાં સાંજ પડી ગઈ અને ખલાસ થઈ ગયું. આ જોયું ને આ જોયું ને આ મકાન ને આ ઝાડ ને આ આમ ને તેમ. ***એમ અજ્ઞાની અનાદિથી આ મારી જ્ઞાનની પર્યાય ખીલી છે, મારો આ રાગ મંદ થયો છે એવા લક્ષમાં રોકાઈને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતા નથી.***

મુમુક્ષુ :– રસ્તામાં જ રોકાઈ ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ રસ્તો જ નથી. આહાહા..!

**'એમ પર્યાયમાં શું કામ રોકાય છે ?'** આહાહા..! **'નિષ્ક્રિય તત્ત્વ ઉપર–તળ ઉપર...'** તળ.. તળ.. તળ. ધ્રુવ તળ છે. પર્યાય ઉપર ઉપર છે. એ તો કાલે આવ્યું હતું. પર્યાય ઉપર ઉપર રહે છે. અંદર પ્રવેશ કરતી નથી. ચાહે તો કેવળજ્ઞાનની પર્યાય હોય તો પણ એ અંદરમાં પ્રવેશ કરતી નથી. પ્રવેશ નથી કરતી એના બે અર્થ છે. એક તો વર્તમાન પર્યાય પ્રવેશ નથી કરતી. પણ પહેલી પર્યાય હતી તે અંદર ગઈ તો પારિણામિક ભાવે થઈ ગઈ. અહીં તો વર્તમાન પર્યાય અંદરમાં પ્રવેશ કરતી નથી એટલું કહેવું છે. ઇ શું કહ્યું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ફરીને કહીએ છીએ, ક્ષાયિક સમકિતની પર્યાય થઈ. બીજે સમયે એ પર્યાય રહેતી નથી. તો એ પર્યાય ગઈ ક્યાં ? દ્રવ્યમાં ગઈ. સમજાય છે કાંઈ ? પણ વર્તમાન પર્યાય અંદર ગઈ નથી એ બતાવવું છે. અને વર્તમાન પર્યાય પ્રગટ છે ત્યાં જ લક્ષ કરીને રોકાય છે તો દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થતી નથી. આહાહા..! બાકી તો પર્યાય.. અરે...! ઉદયભાવ છે ને ભગવાન ! એ ઉદયભાવ વિકૃત છે. છતાં એ ઉદયભાવનો નાશ થાય છે તો અંદર યોગ્યતા જાય છે. વિકાર અંદર જતો નથી, પણ એવી યોગ્યતા અંદર પારિણામિકભાવમાં જાય છે. ઉદયભાવ વિલય થઈ ગયો તો કાંઈ એ ચીજ અસત્ હતી ? એ તો સત્ હતું. એ અંદર જાય છે. વિકાર અંદર જતો નથી પણ એવી યોગ્યતા દ્રવ્ય સ્વભાવમાં જાતા પારિણામિભાવે થઈ જાય છે. આહાહા..! અરે..! આવી વાતું છે. અહીં તો પર્યાય ઉપર જોર નહિ દેવું, દ્રવ્ય ઉપર જોર દેવું એ અપેક્ષાએ વાત ચાલે છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પાંચ ભાવમાં ચાર ભાવ પર્યાય છે અને એક ભાવ દ્રવ્ય છે. ક્ષાયિકભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ઉદયભાવ એ પર્યાય છે અને એ પર્યાયની એક સમયની મુદત છે. એ એક સમયની પર્યાય પલટીને જાય છે અંદર. અંદરમાં જાય છે એનો અર્થ પારિણામિભાવ થઈ જાય છે. આહાહા..! ક્ષયોપશમની પર્યાય છે એ એક સમય રહે છે ને ! બીજે સમયે એ પર્યાયનો વ્યય થાય છે. તો વ્યય થઈને ગઈ ક્યાં ? સત્ હતું ને ! અંદરમાં ગઈ. પાણીના તરંગ પાણીમાં ડૂબે છે. આવે છે ને એવી ભાષા ? એમ સમયસાર નાટકમાં આવે છે. આહાહા..! પણ એ વાત અત્યારે અહીં નથી કહેવી.

અહીં તો વર્તમાન પર્યાય જે પ્રગટ છે એમાં મને આટલો ક્ષયોપશમ થયો ને મને આમ થયું ને મને આમ થયું, એમ શું કરવા રોકાય છે તું ? જ્યાં ભંડાર ભર્યો છે ભગવાન પૂર્ણાનંદનો નાથ.. આહાહા..! ભાઈ ! માર્ગ તો આ છે. અત્યારે તો એવી પ્રરૂપણા ચાલે છે કે વ્યવહાર કરો, દયા પાળો, વ્રત કરો, તપ કરો, પરિષહ સહન કરો... આહાહા..! ‘કુરાવડ’ હતું ને ? ‘કુરાવડ’ ને ? શું કહેવાય ? ‘કુરાવડ’ ગયા હતા ને ! પંચ કલ્યાણક હતા. માણસ બહુ હતું. દસ-બાર હજાર માણસ હતું. ‘ભીંડ’ માં ધર્મસાગર હતા. એક બ્રહ્મચારી આવ્યો હતો, એ છોકરો અહીં આવ્યો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હતો. જ્ઞાનસાગર ક્ષુલ્લક. પહેલાં અહીંયા આવ્યો હતો. ક્ષુલ્લક થઈ ગયો તો પિત્તો ફાટી ગયો. વાત કરતાં કરતાં વાત સાંભળે નહિ. આમ થાય છે ને આમ થાય છે. પરિષહ સહન કરે ને ઉપસર્ગ સહન કરશે તો સમ્યગ્દર્શન થશે. આટઆટલા પરિષહ સહન કરીએ ને તમે કહો કે એ સમ્યગ્દર્શન નથી.

મુમુક્ષુ :– છાપામાં આવ્યું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– છાપામાં આવ્યું હતું ને !

મુમુક્ષુ :– એમાં લખ્યું હતુ 'ગુરુદેવ'ને પૂછ્યું, શું તને સમ્યગ્દર્શન છે ? તો કહે ગુરુની સેવા કરીશ તો થઈ જાશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મેં તો ત્યાં સુધી કહ્યું હતું કે તમે અમારી સાથે વાત કરવાને લાયક નથી. છાપામાં આવ્યું હતું, છાપામાં આવ્યું હતું. અમારી પાસે પહેલાં એ છોકરો આવ્યો હતો. ભાષણ કરતો હતો પણ ક્ષુલ્લક થયા પછી પાવર ફાટી ગયો. સાધુ છે એની પાસે રહે છે. મેં તો કીધું, ભાઈ ! તમારી સાથે વાત કરવા હું લાયક નથી. છાપામાં આવ્યું હતું. પ્રભુ ! આહાહા..! અરે..! લાખ પરિષહ તું સહન કર. પણ પરિષહ કહેવાય ક્યારે ? સમ્યગ્દર્શન થયા પછી પ્રતિકૂળતાનું નિમિત્ત હો તે સમયે આત્માની શાંતિમાં ઘુસી જાય છે તો એને પરિષહ સહન કર્યા એમ કહેવાય છે. અજ્ઞાનીને પરિષહ સહન છે જ નહિ. સમજાય છે કાંઈ ? બાવીસ પરિષહ કોને હોય છે ? સમકિતીને, જ્ઞાનીને, મુનિને હોય છે, એની વાત છે. અજ્ઞાનીને પરિષહ કેવા ? એ તો કષ્ટ સહન કરે છે. આહાહા..! અરે..! એ તો રૂંધાયેલો કષાય પડ્યો છે. આહાહા..!

અહીં કહે છે, નિષ્ક્રિય તત્ત્વ ભગવાન પરિણમન વિનાની ચીજ છે અને તળ છે, ધ્રુવ તળ, તળ નામ તળિયું અંદર ધ્રુવ સ્વભાવ, પાતાળમાં જેમ તળ છે એમ ધ્રુવ સ્વભાવ તળમાં છે. આહાહા..! એની ઉપર **'દૃષ્ટિ સ્થાપ ને !'** એમાં દૃષ્ટિ સ્થાપ ને. ત્યાં દૃષ્ટિ કરને પ્રભુ ! ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયક બિરાજે છે. આહાહા..!

**'પરિણામ તો થયા જ કરશે.'** પરિણામ તો થયા જ કરશે. **'પણ આ મારી અમુક ગુણપર્યાય થઈ,...'** મને જ્ઞાનની પર્યાય નિર્મળ થઈ, શ્રદ્ધાની ક્ષાયિક પર્યાય ઉત્પન્ન થઈ, આહાહા..! આનંદની પર્યાય એવી વેદનમાં આવી.. આહાહા..! **'આ મારા આવા પરિણામ થયા–એમ શા માટે જોર આપે છે ?'** આહાહા..! પર્યાય જોવા ઉપર શા માટે જોર આપે છે ? પ્રભુ ! ભગવાન પરમાત્મ સ્વરૂપે અંદર બિરાજે છે. અંતર આત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે ને ? અંતર આત્મા એટલે અંદર આત્મા. પર્યાય સિવાય અંદર આત્મા એ અંતર આત્મા. એની દૃષ્ટિ થઈ તો એને અંતરાત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ ? ભાવ જરી કઠણ છે, ભાષા તો સરળ છે. અત્યારે તો બહુ ગડબડ થઈ ગઈ છે. શું કરે ?

રાગની મંદતાનું લક્ષ તો છોડી દે પણ જ્ઞાનની પર્યાયમાં ક્ષયોપશમ વિશેષ થયો એનું પણ લક્ષ છોડી દે. તારું જોર પર્યાય ઉપર કેમ જાય છે ? મને આટલું જ્ઞાન થયું, હું કરોડો શ્લોક જાણું છે, કંઠસ્થ કરું છે. એમાં શું આવ્યું પણ ? આહાહા..! સમજાય છે કાંઈ ? એ કહે છે, જુઓ !

**'પણ, આ મારી અમુક ગુણપર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા-એમ શા માટે જોર આપે છે ? પર્યાયમાં-પલટતા અંશમાં...'** પર્યાયમાં-પલટતા અંશમાં. પર્યાયનો અર્થ કર્યો. પર્યાય એટલે ? પલટતો અંશ. ધ્રુવ એટલે નહિ પલટતો અંશ. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણે. એમાં ઉત્પાદ-વ્યય પલટતો અંશ છે, ધ્રુવ એ નહિ પલટતો અંશ છે. આહાહા..! 'ધવલ' માં તો એમ લીધું છે, ઉત્પાદ અને વ્યય બન્નેને વિરોધ છે કારણ કે એક ભાવરૂપ છે, એક અભાવરૂપ છે. ધ્રુવ ત્રિકાળ ભાવરૂપે છે. તો ઉત્પાદ-વ્યય વિરૂદ્ધ અને ધ્રુવ અવિરૂદ્ધ છે. એમ 'ધવલ' માં કહ્યું છે. આહાહા..! 'સમયસાર' ત્રીજી ગાથામાં આવ્યું ને ? વિરૂદ્ધ અને અવિરૂદ્ધ કાર્ય થવા છતાં જગત ટકી રહ્યું છે. સમજાય છે કાંઈ ? વિપરીત કાર્ય હો કે અવિરૂદ્ધ કાર્ય હો પણ પોતામાં આખું જગત એ રીતે ટકી રહ્યું છે. કોઈનો અંશ કોઈમાં જતો નથી અને કોઈનો અંશ કોઈમાંથી આવતો નથી. વિરૂદ્ધ અને અવિરૂદ્ધ શબ્દ પડ્યો છે. 'સમયસાર'. સમજાય છે કાંઈ ? ત્રીજી ગાથામાં વિરૂદ્ધ-અવિરૂદ્ધ શબ્દ છે. વિરૂદ્ધ-અવિરૂદ્ધ કાર્યથી આખું જગત ટકી રહ્યું છે. એટલે પોતામાં પોતાને કારણે વિરૂદ્ધ હો કે અવિરૂદ્ધ હો પણ એ પોતામાં છે. કોઈ પરથી છે એમ નથી. આખું જગત એ રીતે ટકી રહ્યું છે. એવો પાઠ છે.

અહીંયા કહે છે કે પર્યાય ઉપર તારું લક્ષ જાય છે, જોર આપે છે કે મને જ્ઞાનનો ઘણો ક્ષયોપશમ થઈ ગયો, મારી ક્ષાયિક સમકિત પર્યાય થઈ, પણ આટલું બધું જોર પર્યાય ઉપર કેમ આપે છે ? સમજાય છે કાંઈ ? આહાહા..! મને ચારિત્રની પર્યાય થઈ. ભાઈ ! પર્યાય થાય પણ એની ઉપર જોર શા માટે દે છે ? જોર તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન ત્રિકાળ જ્ઞાયક નિષ્ક્રિય તત્ત્વ અંદર તળમાં છે (એની ઉપર દે). આહાહા..! આવી ભાષા. કોઈ કહે છે કે નવો ધર્મ કાઢ્યો. ભાઈ ! અનાદિનો વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ અનંત કાળથી (આમ કહે છે). ત્રિકાળમાં ત્રિકાળને જાણનારનો અભાવ કદી થતો નથી.

મુમુક્ષુ :– એમ કહે છે કે, સાહેબ! આવી બારીક વાત કરો છો તો સાધુ કેમ નથી થઈ જતા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાધુ કઈ રીતે થઈએ ? બહાર લુગડાં છોડી દે તો સાધુ થઈ જાય ? આહાહા..! અંતર દ્રવ્યમાં ઉગ્ર પુરુષાર્થ થઈને સ્થિરતા થાય ત્યારે સાધુ થાય છે. દ્રવ્યને આશ્રયે જે સમકિત થયું તે જ દ્રવ્યનો આશ્રય ઉગ્ર કરે ત્યારે ચારિત્ર પ્રગટ થાય છે. લુગડાં છોડી દીધા એટલે ચારિત્ર થઈ ગયું ? આહાહા..! બાપુ ! અલૌકિક વાત છે, ભાઈ ! આહાહા..! વ્રતાદિ તો આસ્રવ છે. પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણ આસ્રવ છે. અહીં તો એની વાત તો છોડી દે પણ એ સમયે આસ્રવને જાણનારી જ્ઞાનની પર્યાય વિશેષ ઉઘડી છે એની પર જોર શા માટે આપે છે ? મારા જ્ઞાનનો વિકાસ થયો, મને આટલો ખ્યાલ નહોતો, હવે ઘણો ક્ષયોપશમ થયો. એ ક્ષયોપશમ ઉપર આટલું જોર શા માટે આપે છે ? આહાહા..! સમજાય છે કાંઈ ? હું બે ઘડીમાં સેંકડો શ્લોક કંઠસ્થ કરી શકું છું. એમાં શું થયું ? આહાહા..! એમાં શું છે ? એ તો મજૂરી છે. અરે..! સંતો તો એક ઘડીમાં, બે ઘડીમાં અગિયાર અંગ ફેરવી જાય છે. બાપુ ! એવી લબ્ધિ–શક્તિ હોય છે. બે ઘડી અંતર્મુહૂર્તમાં અગિયાર અંગનું પર્યટન કરી લે છે, એવો પાઠ છે. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'. સમજાય છે કાંઈ ? પણ એ શું ચીજ છે ? આટલું બધું જોર કેમ ? હું આવું ઘણું કરી શકું છું. અરે..! પ્રભુ ! અંદર ભગવાન ત્રણ લોકનો નાથ છે ત્યાં જોર દે ને ! ભાઈ !

**'પલટતા અંશમાં–દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે ?'** શું કહે છે ? જે જ્ઞાનની ક્ષયોપશમ આદિની પર્યાય ખીલી એમાં દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે ? એ દ્રવ્યનું જે સામર્થ્ય છે એ પર્યાયમાં આવે છે ? પર્યાયમાં એનું જ્ઞાન થાય છે. આખું દ્રવ્ય આવું છે એનું જ્ઞાન થાય પણ દ્રવ્યનું સામર્થ્ય, દ્રવ્ય વસ્તુ કાંઈ પર્યાયમાં આવી જાય છે ? આહાહા..! ઇ શું કહે છે ? કે પર્યાય અલ્પ હોય તો પણ દ્રવ્યનું સંપૂર્ણ સામર્થ્ય છે, પૂર્ણ સામર્થ્ય છે અને પર્યાય વિશેષ થઈ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ દ્રવ્યનું તો પૂર્ણ સામર્થ્ય છે. વિશેષ પર્યાય થઈ એટલે દ્રવ્યમાં કંઈ ઓછું થઈ ગયું એમ નથી. આહાહા..! શું છે આ તે ! સમજાય છે કાંઈ ? અક્ષરને અનંતમે ભાગે ખ્યાલ હતો એને એકદમ ક્ષયોપશમ જ્ઞાન અગિયાર અંગનું થઈ ગયું. આહાહા..! તો શું થયું ? કહે છે. એ પર્યાયમાં શું દ્રવ્ય આવી જાય છે ? હા, સમ્યગ્દર્શનની પર્યાયમાં જેટલી તાકાત અને સામર્થ્યવાળું દ્રવ્ય છે તેટલું જ્ઞાન આવી જાય છે, એ ચીજ આવતી નથી. આહાહા..! આવો ગંભીર માર્ગ છે, પ્રભુ ! અરે..! એને જન્મ-મરણ રહિત થવાનો પંથ તો આ છે, પ્રભુ ! આહાહા..! જેમાં જન્મ-મરણ અને જન્મ-મરણનો ભાવ નથી, અરે..! જેમાં ક્ષયોપશમની પર્યાય પણ નથી.. આહાહા..! એવા ભગવાન ઉપર (દૃષ્ટિ દે).

**'દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું (પર્યાયમાં) આવે છે ? તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને !'** પર્યાયમાં દ્રવ્યનું સામર્થ્ય, આખું દ્રવ્ય આવી જતું નથી. આખું દ્રવ્ય જે છે એ પરિપૂર્ણ ભગવાન સ્વરૂપ છે, નિષ્ક્રિય છે, તળ છે, પર્યાયનું એ તળ છે, તળિયું છે. ભોંયતળિયે જેમ જાય છે ને ? ઉપરથી ભોંયતળિયે જાય છે ને ? ભોંયરામાં. એમ એક સમયની પર્યાયને છોડીને ભોંયતળમાં જા ને ! અંદર જા ને ! આહાહા..! આવી વાત છે. એની ટીકા કરે છે. એમ કહે છે, 'કુંદકુંદાચાર્ય' નું મુકીને 'ચંપાબેન' નું વાંચવા માંડ્યું. અરે..! પ્રભુ ! પણ... આ આખા સિદ્ધાંત છે. 'સમયસાર' માં જે કહ્યું છે તે જ સિદ્ધાંત અનુભવથી આમાં આવ્યા છે. આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક' 'ટોડરમલજી' એ ગૃહસ્થીએ કર્યું છે, તો શું ન વાંચવું ? આહાહા..! 'નિયમસાર' ની ટીકા મુનિએ કરી છે. ચાલે, એ કંઈ નવી ચીજ નથી. એમ જ ચાલે.

એકવાર તો એવું લખ્યું હતું, દિલ્હીવાળા કેવા કહેવાય ? સન્મતિ સંદેશ. હિતૈષીએ એવું પત્રમાં લખ્યું હતું, ભગવાન વિષે કંઈક લખ્યું હતું. અમારા ખ્યાલમાં આવ્યું નહિ. જ્યાં જ્યાં ભગવાન જતા હતા ત્યાં ત્યાં હજારો વિરોધીઓ વિરોધ કરવા જતા હતા. હિતૈષીએ ક્યાંકથી નાખ્યું છે. એના પત્રમાં આવ્યું હતું. સન્મતિ સંદેશ છે ને ? એમાં આવ્યું હતું. ભગવાન જ્યાં જ્યાં જતા હતા ત્યાં ત્યાં એના વિરોધીઓ એમનો વિરોધ કરવા જતા હતા. એ તો જગતમાં ચાલ્યું આવે છે. આ લીમડીવાળો.. શું કહેવાય ? પુનમચંદજી. જ્યાં જ્યાં અમે જઈએ ત્યાં સામે વિરોધ કરવા આવતા. અંતે ભ્રષ્ટ થઈ ગયો, સંપ્રદાયથી જ ભ્રષ્ટ થઈ ગયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને !'** ભગવાન ત્રિકાળી સામર્થ્ય જે દ્રવ્ય છે તે પર્યાયમાં આવતું નથી એ દ્રવ્યનું અવલંબન કર ને ! પર્યાયનું અવલંબન કેમ લે છે ? સમજાય છે કાંઈ ? આહાહા..! ઓહોહો..! લાંબુ છે, હોં ! **'જ્ઞાનાનંદસાગરના તરંગોને ન જોતાં...'** આહાહા..! સમુદ્રમાં જે તરંગ ઉઠે છે એમ જ્ઞાનાનંદસાગર, ભગવાન જ્ઞાનાનંદ સાગરની પર્યાય તરંગ ઉઠે છે. આહાહા..! તેને ન દેખ, તરંગોને ન જો. અંદર જ્ઞાનાનંદ સાગર પડ્યો છે. આહાહા..! બેનની તો સાદી ગુજરાતી ભાષા છે, હોં ! જ્ઞાનાનંદ સાગર ! એ તો જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ છે. એમાં તરંગ જે પર્યાય ઉઠે છે... આહાહા..! તેને ન દેખ. તેને નહિ જોતાં **'તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ.'** એના દળ ઉપર દૃષ્ટિ સ્થાપિત કર, તરંગ ઉપર નહિ. આહાહા..! અંદર આખું દળ પડ્યું છે ને ! ચૈતન્યદળ ધ્રુવ અંદર અનંત જ્ઞાન ને આનંદનો સાગર ભર્યો છે. આહાહા..! તમારે તો નહિ, અમારે અહીં કાઠિયાવાડમાં દળના લાડુ થાય છે. દળના લાડુ. ઘઉંના દળના લાડુ ઘી પાઈને કરે. દળના લાડુ કહે છે, તમારે પણ કંઈક ભાષા હશે. એ જ કહે છે ? દળના લાડુ. એમ આ દળ પડ્યું છે. અંદર લાડુ... આહાહા..! એની ઉપર દૃષ્ટિ દે ને ! આહાહા..!

મુમુક્ષુ :– દળના લાડુ તો જોવા મળે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળ છે, માટી છે. અમે તો બધું જોયું છે. જોયું પણ છે અને બહારમાં ખાધું પણ છે. એક શક્કરપારા થાય છે. સાંભળ્યું છે ? ચણાનો લોટ હોય ને ? એક શેર ચણાના લોટને ચાર શેર ઘી પાય તેને મેસુબ કહે છે. મેસુબપાક. પણ ઘઉંના લોટને એક શેરમાં ચાર શેર ઘી પાયને બનાવે તો એને શક્કરપારા કહે છે. અમે તો બધું જોયું છે. અમારું (સંવત) ૧૯૮૧ માં ગઢડા ચોમાસુ હતું. લોકો તો અમને પ્રસિદ્ધપણે માનતા હતા ને ! સંઘજમણ કરે છે, સંઘજમણ. એક જણાએ સંઘનું જમણ શક્કરપારાથી કર્યું. ૧૯૮૧ ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા ? ૫૩. એક શેર ઘઉંનો લોટ, ચાર શેર ઘી અને સાકર. એને શક્કરપારા કહે છે. એ ધૂળ છે, એમાં છે શું ? આહાહા..!

અહીં પર્યાયમાં શક્કરપારા નામ જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય તો પણ તારે એ ધ્યાનમાં લેવાની વસ્તુ નથી, જાણવાની ચીજ છે. દૃષ્ટિનું જોર તો અહીંયા દે. આહાહા..! છે ? **'તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ.'** દળ જે ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયકભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અપરિણામી ભાવ ઉપર દૃષ્ટિ દે ને ! આહાહા..! જ્યાં ભગવાન બિરાજે છે તે ભગવાનના ભેટા કર ને ! પર્યાયના ભેટા... **'તરંગો તો ઊછળ્યા જ કરશે.'** પર્યાય તો ઊછળતી જ રહેશે. **'તું એમને અવલંબે છે શું કામ ?'** પર્યાયનું અવલંબન કેમ લે છે ? અહીંયા તો વ્યવહારથી થાય છે એ વાત ક્યાંય ચાલી ગઈ પણ વ્યવહાર રાગને જાણનારી જે જ્ઞાનની પર્યાય છે તેનું પણ અવલંબન શા માટે લે છે ? આહાહા..! આકરો માર્ગ છે, ભાઈ ! આને એકાંત કહે છે. નિશ્ચયથી પણ થાય અને વ્યવહાર ક્રિયાકાંડથી પણ થાય એ અનેકાંત છે (એમ કહે છે). એ અનેકાંત ક્યાં થયું ? એ તો એકાંત થયું. સપ્તભંગીમાં પહેલાં શું આવ્યું ? પોતાથી છે, પરથી નથી. એમ નિશ્ચયથી આત્મા ઉત્પન્ન થાય છે અને વ્યવહારથી નહિ, એનું નામ અનેકાંત છે. નિશ્ચયથી પણ છે અને વ્યવહારથી પણ છે એ અનેકાંત ક્યાં છે ? બે ક્યાં આવ્યા ? અસ્તિ-નાસ્તિમાં બે આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ ? વાત તો આવી છે. **'તું એમને અવલંબે છે શું કામ ?'** એક પેરેગ્રાફ રહી ગયો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✠ ✠ ✠

**જે સમયે જે પ્રકારની જે પર્યાય જ્યાં થાય તેની નોંધ કેવળજ્ઞાનમાં છે. કેવળજ્ઞાની એક સમયની પર્યાય ત્રણ લોકની ત્રણ કાળની પર્યાયોને પ્રત્યક્ષ જાણે છે. જે પર્યાય થઈ નથી. તેને પણ ભવિષ્યમાં જે વખતે થશે તેવી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. નિગોદનો જીવ ક્યે સમયે સિદ્ધ થવાનો છે તેને કેવળી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. કેવળજ્ઞાનનો જેને આવો નિર્ણય થાય તેની દ્રષ્ટિ પર્યાયમાંથી ખસીને દ્રવ્યમાં જાય અને તેના ભવ ભગવાને દીઠા નથી. કેવળજ્ઞાનની હૈયાતીનો સ્વીકાર જેને આવે તેને જ્ઞાનસ્વભાવનો નિર્ણય આવ્યા વિના રહે નહીં. અનાદિ અનંત જે સમયે જે પર્યાય થવાની છે તે ત્યારે જ થશે. અનંત પર્યાયનો તે સમયનો તે કાળ આઘો-પાછો ન થાય, ક્રમસર જ થાય.**

**'પરમાગમસાર' બોલ નં.૧૨૫.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શ્રાવણ વદ ૧૨, બુધવાર તા. ૩૦-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૨૦૧–૨૦૩, પ્રવચન–૮૦**

'વચનામૃત'ના ૨૦૧ (બોલનો) છેલ્લો પેરેગ્રાફ છે. **'અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે.'** આહા..હા..! તારે જો સમ્યગ્દર્શન કરવું હોય, ધર્મની પહેલી સીઢી–સોપાન, તો સંયોગ, નિમિત્ત ઉપરથી તો દૃષ્ટિ હટાવી લે કે સંયોગથી મને સમકિત થશે અને રાગની ક્રિયા અંદર છે તેના ઉપરથી પણ દૃષ્ટિ હટાવી લે કે રાગની ક્રિયા મને થઈ તો મને સમ્યગ્દર્શન થશે, એમ નથી. આહા..હા...! પણ અનંત ગુણના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હટાવી લે. આહા..! અનંત ગુણસ્વરૂપ હું છું એવો ગુણીના ગુણનો ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હટાવી લે. આહા.હા..! આકરી વાત છે, ભાઈ ! કેમ કે ગુણી અનંત ગુણસ્વરૂપ છે એવી દૃષ્ટિ જો રાખીશ તો વિકલ્પ ઉત્પન્ન થશે. આહા..હા...!

મુમુક્ષુ :– અનંત ગુણની મહિમા તો છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનંત ગુણની મહિમા પણ ગુણીની મહિમા ને ? ગુણની મહિમા કરીને ગુણી ઉપર દૃષ્ટિ કરવી છે ને ? ગુણભેદ ઉપર નહિ. આહા..હા...! પ્રથમમાં પ્રથમ આ કર્તવ્ય છે, પ્રભુ ! બાકી મનમાં સમાધાન કરી લે, ગમે તે માની લે, એ બીજી ચીજ છે.

પહેલી ચીજ આ ભગવાન આત્મા અનંત અનંત અનંત ધર્મ ને ગુણસ્વરૂપ છે. એમાં એક અનંતધર્મસ્વરૂપ નામનો ગુણ છે. એક ગુણ, હોં ! અનંત ધર્મસ્વરૂપ એવો એક ગુણ છે. આહા..હા...! ૪૭ શક્તિમાં છે. આહા..! એવો અનંત ગુણસ્વરૂપ પ્રભુ, આહા..! એક એક ગુણમાં પણ અનંત ધર્મસ્વરૂપનું રૂપ એમાં છે. આહા..હા...! એવા અનંત ગુણના ભેદસ્વરૂપ (ઉપર) દૃષ્ટિ રાખવાથી સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા...!

**'ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે.'** આહા..હા...! સંયોગ ને રાગની મંદ ક્રિયા, શુભ દયા, દાન, વ્રત આદિ તો વિકલ્પ છે એની ઉપરથી તો દૃષ્ટિ હટાવી લે, એનાથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમકિત નહિ થાય. આહા..હા..! અને ગુણી ભગવાન આત્મા, એમાં અનંત ગુણ છે એવા ભેદ ઉપર દૃષ્ટિ રાખવાથી પણ સમ્યગ્દર્શન નહિ થાય. સમ્યક્ નામ સત્ય દર્શન. તો સત્ય જે અભેદ વસ્તુ છે એની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થશે. સમ્યક્ નામ સત્ય દૃષ્ટિ. તો પૂર્ણ સત્ય જે અભેદ છે, એના અવલંબને સમ્યગ્દર્શન થશે. ગુણ-ગુણીના ભેદથી પણ નહિ. ગજબ વાત, પ્રભુ ! આહા..હા...! આ વાત લોકોને એકાંત લાગે છે. વસ્તુ સમ્યક્ એકાંત જ છે. નયનો વિષય એક ધર્મ છે. કોણ ? અભેદ ત્રિકાળ. ઝીણી વાત, બાપુ !

પ્રભુ ! અંદર અભેદ સ્વરૂપ છે. સવારે કહ્યું હતું ને ? પાંચ ભાવસ્વરૂપ. એ અભેદ સ્વરૂપ છે. વિશેષ ને એવું આવ્યું હતું ને ? અવિશેષ. અવિશેષ નામ વિશેષ નહિ, ભેદ નહિ, ગુણનો ભેદ પણ નહિ. એ સવારે આવ્યું હતું. સામાન્ય. ગુણ-ગુણીના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હટાવી લે. આહા..હા...! જ્યાં પ્રભુ પૂર્ણાનંદ એકરૂપ છે ત્યાં દૃષ્ટિ લગાવી દે. કેવો છે ?

**'અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ...'** અનંત ગુણમય. ગુણવાળો એમ નહિ. અનંત ગુણમય. આહા..હા...! અનંત ગુણવાળો, એ પણ ભેદ થઈ ગયો. અનંત ગુણમય. ભગવાન આત્મા એક સમયમાં અનંત ગુણમય એક, અનંત ગુણમય એક. અનંત ગુણવાળો, અનંત ગુણ, એમ નહિ. આહા..હા...! આ વાત સંતો જગત પાસે જાહેર કરે છે, ભાઈ ! જગતને રુચે, ન રુચે, જગત સ્વતંત્ર છે. આહા..! અનંત અનંત કાળમાં એણે દૃષ્ટિ અભેદ ઉપર કદી કરી જ નથી.

અહીંયા કહે છે, કે શાસ્ત્રનું જ્ઞાન પર્યાયમાં થયું. આહા..હા...! એના ઉપરથી પણ દૃષ્ટિ હટાવી લે. ઝીણી વાત છે, પ્રભુ ! સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય અલૌકિક છે. અને એ સમ્યગ્દર્શન વિના જેટલા ક્રિયાકાંડ આદિ કરે એ બધી સંસારમાં રખડવાની ચીજ છે. આહા..હા..! **'અનંત ગુણમય એક...'** **'અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ...'** પોતાનું નિજ તત્ત્વ. આહા..હા...! અર્થાત્ **'અપરિણામી અભેદ...'** નહિ બદલનારો એવો અપરિણામી અભેદ. અપરિણામી અર્થાત્ પરિણમન નહિ. ત્રિકાળી જ્ઞાયકભાવ એકરૂપ જે અભેદ છે એ **'અપરિણામી અભેદ એક દળ...'** એક દળ. આહા..હા...! **'તેમાં દૃષ્ટિ દે.'** આહા..હા...! તને સમ્યગ્દર્શન થશે. એ કહેશે. **'પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ.'** પ્રભુ ! પૂર્ણ નિત્ય અભેદ, ત્રણ બોલ લીધા. પૂર્ણ, નિત્ય,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અભેદ, એકરૂપ. આહા..હા...! ભાષા સહેલી પણ ભાવ (ગંભીર છે). આહા..હા...! આ પ્રથમ સમ્યગ્દર્શન પામવાની રીત અને વિધિ આ છે. બાકી બધા (થોથા છે). સમજાય છે કાંઈ ?

એ પૂર્ણ પ્રભુ છે, એ નિત્ય છે, અભેદ છે એવું જોર લાવ. એવું અંદર પુરુષાર્થનું જોર લાવ. આહા..હા...! **'તું જ્ઞાતાદષ્ટા થઈ જઈશ.'** તું જ્ઞાતા-દષ્ટા છો એવો જ્ઞાતા-દષ્ટા થઈ જઈશ. અભેદ ઉપર દૃષ્ટિ કરવાથી તું જ્ઞાતા-દષ્ટા થઈ જઈશ. હું જાણનાર-દેખનાર છું. હું કોઈ રાગનો કરનારો, રાગથી મારામાં (કાંઈ) થાય છે એવો હું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'જ્ઞાતાદષ્ટા થઈ જઈશ.'** એકલું તત્ત્વ માખણ છે. વિશેષ જ્ઞાન પણ ન હોય, પણ અલ્પ જ્ઞાનમાં પણ અભેદ ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થશે. આહા..હા...! ધર્મની પહેલી સીઢી–સોપાન, એ અભેદ ઉપર દૃષ્ટિ દેવાથી થશે. વ્યવહારની ક્રિયાકાંડ, વ્યવહાર કરીએ ને તપ કરીએ ને ભક્તિ કરીએ ને પૂજા કરીએ ને દાન કરીએ, એનાથી સમ્યગ્દર્શન થશે એ ત્રણ કાળમાં નથી. આહા..! એનાથી તો નહિ પણ ગુણ-ગુણીના ભેદના લક્ષે પણ સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'તું જ્ઞાતાદષ્ટા થઈ જઈશ.'** હું તો જાણનાર-દેખનાર છું, બસ ! ચાહે તો રાગ શુભનો આવો કે અશુભનો હો, દેહની ક્રિયા ચાહે તો પોતાની ક્રિયાથી ગમે તે પરિણમન થાઓ, પણ સમકિતી તો અભેદ દૃષ્ટિ હોવાથી જ્ઞાતા-દષ્ટા છે. જાણનાર-દેખનાર છે. હું રાગ કરું ને હું બીજી ક્રિયા કરું, એવી ચીજ જ્ઞાતા-દષ્ટામાં આવતી નથી. આહા..હા...! કહો, આવી વાત છે આ.

**દૃઢ પ્રતીતિ કરી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, દ્રવ્યમાં ઊંડો ઊતરી જા. દ્રવ્યના પાતાળમાં જા. ત્યાંથી તને શાન્તિ ને આનંદ મળશે. ખૂબ ધીરો થઈ દ્રવ્યનું તળિયું લે. ૨૦૨.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**દૃઢ પ્રતીતિ કરી,...**' આહા..હા..! અનંત ગુણમય પ્રભુ, એની દૃઢ પ્રતીતિ કરી, '**સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ,...**' આહા..હા...! જ્યાં સુધી આત્મા ખ્યાલમાં નથી આવતો ત્યાં સુધી ઉપયોગ સ્થૂળ છે. આહા..હા..! ખ્યાલમાં આવનારો જે ઉપયોગ છે એ તો સૂક્ષ્મ છે. આવી વાત છે. આત્મા ખ્યાલમાં નથી આવતો એનો અર્થ એ છે કે એના ઉપયોગમાં સ્થૂળતા છે. આહા..હા...! ચાહે તો એ અગિયાર અંગ ભણ્યો હોય પણ ખ્યાલમાં આવતો નથી તો એનો એ ઉપયોગ સ્થૂળ છે. પ્રભુ ! સૂક્ષ્મ ઉપયોગથી આત્મા જણાય છે. આહા..હા...!

જ્ઞાનનું પરિણમન, જ્ઞાનનો ઉપયોગ ઘણો ધીરો (કરી), અંતર્મુખ વાળવાનો સૂક્ષ્મ ઉપયોગ. ઘણો સૂક્ષ્મ અને બહુ ધીરો છે. આહા..હા...! એવા '**સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ,...**' શું કહ્યું ઇ ? રાગવાળો થઈને કે પુણ્યવાળો થઈને કે સ્થૂળ ઉપયોગવાળો થઈને નહિ. આહા..હા...! બહુ ઝીણી વાત છે. સમજાય છે કાંઈ ? '**સૂક્ષ્મ ઉપયોગવાળો...**' જાણન પરિણામ જે છે. એ જાણન પરિણામ એવો સૂક્ષ્મ થાય કે જેનાથી આત્મા જણાય, પકડાય. આહા..હા...! રાગથી પણ પકડાતો નથી અને સ્થૂળ ઉપયોગથી પણ પકડાતો નથી. આહા..હા..! જુઓને આ વાત. નિમિત્તથી પકડાતો નથી, રાગની મંદતાથી પકડાતો નથી, પણ જ્ઞાનના સ્થૂળ ઉપયોગથી પણ પકડાતો નથી. આહા..હા...! પંડિતજી ! આવી વાત છે, પ્રભુ ! આહા..હા...!

મુમુક્ષુ :– સૂક્ષ્મ ઉપયોગ કઈ રીતે થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉપયોગમાં અંદર પકડવાની લાયકાતવાળો સૂક્ષ્મ ઉપયોગ થઈ જાય. અંતરમાં પકડવાનો ઉપયોગ એ સૂક્ષ્મ છે. એ સૂક્ષ્મ ઉપયોગથી અંદરમાં જા.

મુમુક્ષુ :– પણ સૂક્ષ્મ ઉપયોગ કઈ રીતે કરવો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો કહ્યું, સ્થૂળ ઉપયોગ જે રાગને જાણે છે ને પર્યાયને જાણે છે, આહા.હા...! એ સ્થૂળ ઉપયોગને છોડી દે, પ્રભુ ! આહા..હા..! આ તો માખણ છે.

મુમુક્ષુ :– આમાં ધર્મ શું થયો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સૂક્ષ્મ ઉપયોગથી આત્માને પકડ્યો એ સમ્યગ્દર્શન થયું, એ ધર્મની શરૂઆત થઈ ગઈ. આહા..! બાકી લાખ ક્રિયાકાંડમાં વ્રત ને તપ ને ક્લેશ કરો તો કરો, એનાથી કંઈ સમ્યગ્દર્શન નથી થતું. આહા..હા...! ભગવાન ! આ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વસ્તુનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :– ... સમ્યક્ચારિત્ર થાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ચારિત્ર પછી. એ તો સૂક્ષ્મ ઉપયોગથી જેમ પકડાયું ત્યારે દ્રવ્ય પકડાયું, ત્યારે દૃષ્ટિ થઈ. પછી જે સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું હતું તેમાં લીન થવું તે ચારિત્ર છે. આહા..હા...! ભગવાન પૂર્ણાનંદનો નાથ સૂક્ષ્મ ઉપયોગથી પકડાયો. પકડાયોનો અર્થ, એ તરફ દૃષ્ટિ થઈ ગઈ. આહા..હા...! તો સમ્યગ્દર્શન થાય છે અને સમ્યગ્દર્શનમાં એવી પ્રતીતિ આવી કે હું પૂર્ણ આનંદકંદ ધ્રુવ અખંડાનંદ એકરૂપ છું. અને હું મારી વસ્તુમાં જ્યારે સ્થિર થઈશ ત્યારે ચારિત્ર થશે. એવી સમ્યગ્દર્શનમાં પ્રતીતિ આવી ગઈ. ભલે ચારિત્ર થયું નથી પણ આ ચીજ જે અભેદ અખંડાનંદ પ્રભુ છે, એની મેં પ્રતીતિ કરી, સૂક્ષ્મ ઉપયોગથી પકડી લીધી, એ વસ્તુમાં હું સ્થિર થઈશ, એમાં રમણતા કરીશ ત્યારે મને રાગનો નાશ થશે અને ચારિત્ર થશે. અરે..રે...!

એ ૧૭-૧૮ (ગાથામાં) આવ્યું છે. ૧૭-૧૮ ગાથા છે ને ? પહેલાં જ્ઞાન કરવું, એમ ત્યાં લીધું છે. જ્ઞાન કરીને પ્રતીતિ કરવી. કેમ કે પર્યાયમાં એ વસ્તુ કેવી છે એ ખ્યાલ આવ્યા વિના પ્રતીતિ કોની ? ગધેડાના શીંગડા હોય છે ? એની પ્રતીતિ કઈ રીતે આવે ? જે છે જ નહિ એની પ્રતીતિ શું ? એમ પર્યાયમાં વસ્તુ છે તે ખ્યાલમાં ન આવી, કે આ વસ્તુ છે તો પ્રતીતિ કઈ રીતે આવે ? આહા..હા...! સૂક્ષ્મ વાત છે, ભગવાન ! આહા..!

કહે છે, પર્યાયમાં જ્ઞાનના સૂક્ષ્મ ઉપયોગથી આત્મા પકડાયો. આહા..હા...! ત્યારે એને ખ્યાલ આવ્યો કે આ વસ્તુ તો જ્ઞાયક ને પરિપૂર્ણ સ્વભાવથી ભરેલી છે. એવી પ્રતીતિ થઈ. જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયનું ભાન થયું ત્યારે પ્રતીતિ થઈ કે આ વસ્તુ અખંડ પૂર્ણ છે. જ્ઞાનમાં એ ચીજ જણાય નથી તો પ્રતીતિ કોની કરે ? આહા..હા..! સૂક્ષ્મ છે, ભાઈ ! વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ ફરમાવે છે એ રીતે જ્ઞાનીઓ જગત પાસે ફરમાવે છે. આહા..હા..!

કહે છે, **‘દૃઢ પ્રતીતિ કરી,...’** વસ્તુ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પૂર્ણ અભેદ એકરૂપ (છે) એમ જ્ઞાનમાં જ્ઞેય બનાવી, પછી પ્રતીતિ કરી. જ્ઞાનની પર્યાયમાં, ધ્યાનની પર્યાયમાં ધ્યેય બનાવી સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવી જ્ઞાન થયું, કે આ ચીજ તો પૂર્ણાનંદ પવિત્ર વીતરાગ કંદ છે, તો એમાં પ્રતીતિ થઈ એ સમ્યગ્દર્શન છે. આહા..હા...! આવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વાત છે, ભાઈ !

મુમુક્ષુ :- આ એક જ ઉપાય છે ? બીજો કોઈ ઉપાય કહો.

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ એક જ ઉપાય છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' આહા..હા...! અજ્ઞાનીને આ એકાંત લાગે છે. જે સમ્યક્ એકાંત છે એ તેને એકાંત લાગે છે. નિમિત્તથી પણ થાય છે, રાગની ક્રિયા કરવાથી, કષાયની મંદતા, વ્રત, તપથી પણ થાય છે, એ બધું એકાંત મિથ્યાત્વ છે. આહા..હા...!

મુમુક્ષુ :- બન્ને મળીને થાય સમ્યગ્દર્શન ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- રાગમાં આત્મા અને વીતરાગ આત્મા, બેનો મેળ કઈ રીતે થાય ? રાગ મેલ અને ભગવાન નિર્મળાનંદ પ્રભુ, બેનો મેળ કઈ રીતે થાય ? વસ્તુ આકરી છે, ભાઈ ! સમજાય છે કાંઈ ?

એ તો ('સમયસાર') ૭૨ ગાથામાં કહ્યું નહિ ? કે પુણ્ય ને પાપ એ અશુચિ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો શુભભાવ છે એ અશુચિ છે. ભગવાન એનાથી ભિન્ન નિર્મળાનંદ પ્રભુ છે. એ 'સમયસાર' ૭૨ ગાથામાં આવ્યું છે. અને એ પુણ્ય પરિણામ અચેતન જડ છે. જડથી ચૈતન્યનું ભાન થાય છે ? આહા..હા..! કેમ કે એ શુભભાવમાં એ ચૈતન્યનો અંશ નથી. એ શુભભાવ પોતાને જાણતો નથી અને શુભભાવ બીજા દ્વારા જણાય છે તેથી શુભભાવ અચેતન જડ છે. આહા..હા...! ભાઈ ! આ તો વીતરાગ ત્રણ લોકના નાથ. આહા..હા...! (એમણે કહેલો) માર્ગ બીજે ક્યાંય નથી. સમજાય છે કાંઈ ? આહા..હા..! વાડામાં પડ્યા છે એને પણ ખબર ન મળે. આહા..હા...!

**'દ્રવ્યમાં ઊંડો ઊતરી જા,...'** આહા..હા..! શું કહે છે ? દ્રવ્ય વસ્તુ છે એ ઊંડી ગંભીર.. ગંભીર.. ગંભીર છે. અનંત અનંત અનંત અનંત અનંત ગુણનો પિંડ એકરૂપ (છે). આહા..હા..! એમાં **'દૃઢ પ્રતીતિ કરી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, દ્રવ્યમાં ઊંડો ઊતરી જા,...'** આહા..હા..! દ્રવ્યમાં દૃષ્ટિ લગાવી દ્રવ્યમાં ઘુસી જા. ઘુસી જા એનો અર્થ દ્રવ્યમાં પર્યાય એક નથી થતી. પણ પર્યાયમાં, ઊંડા દ્રવ્યમાં, જ્ઞાન કરવા જાય છે. આવી વાત છે, પ્રભુ ! શું કરીએ ? જ્ઞાનની પર્યાય-ઉપયોગ-ગંભીર પાતાળ તળ છે, આખો સ્વભાવ અપાર.. અપાર.. અપાર.. અપાર.. અપાર.. શક્તિની સંખ્યાનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પાર નથી, એવું એકરૂપ ઊંડું ગંભીર દ્રવ્ય (છે).. આહા..હા...! ત્યાં ઊતરી જા. જેમ પાણીના તળાવમાં પગથિયા હોય છે ને ? પગથિયાથી અંદર ઊતરી જાય છે ને ? પગથિયા કહે છે ને ? સિડીયાં. એમ ભગવાન આત્મા.. આહા..હા...! સૂક્ષ્મ ઉપયોગની સીડીથી અંતર પ્રગટ કરી લે. ઊતરી જા અંદરમાં. આહા..હા..! આવો માર્ગ છે, પ્રભુ ! એ વિના બધા થોથા છે. એ વિના બાહ્ય ત્યાગથી મનાવવું કે અમે ત્યાગી છીએ, એ બધી ભ્રમણા છે. સમજાય છે કાંઈ ?

**'દ્રવ્યમાં ઊંડો ઊતરી જા,...'** પોતાની પર્યાયને સૂક્ષ્મ કરીને અંદરમાં ઊતરી જા. બહારમાં જે લક્ષ છે એ છોડીને જ્ઞાનની પર્યાયમાં સૂક્ષ્મતા પ્રગટ કરીને. જે પર્યાયને પકડે છે એ સૂક્ષ્મ છે, રાગને જાણે છે એ સ્થૂળ છે, સૂક્ષ્મ નથી. એક પર્યાયને પકડે છે એ સૂક્ષ્મ નથી, સ્થૂળ છે. આહા..હા...! અંતરના ઉપયોગમાં ગંભીર દ્રવ્ય છે એ પકડાય, એવા સૂક્ષ્મ ઉપયોગમાં આખા જ્ઞેયનું જ્ઞાન થાય છે. આહા..! અરે..! આવી વાત સાંભળવા મળે નહિ. અરે..રે..! શું થાય ? ભાઈ !

અરે..! આવો મનુષ્યભવ એક એક સમયની સ્થિતિ ચાલી જાય છે, ભાઈ ! આહા..હા...! અને મોતના નગારા માથે વાગે છે. એનો સમય આવીને પડશે (ત્યારે) ફટ દેહ છૂટી જશે. આહા..! લાખ ડૉક્ટર ઉતારે ને દવા આપે ને ઇંજેક્શન ચડાવે ને.. ડૉક્ટર નથી કોઈ ? બધા ગયા લાગે છે. આ ડૉક્ટર રહ્યા. એણે ઇંજેક્શન આપ્યું તો એક માણસ મરી ગયો. અહીં એક ડૉક્ટર હતા. એક વાર એને એમ થયું, શીંગદાણા કહે છે ? શીંગદાણાનો ઓળો કરીને ખાધો. પછી રસોઈમાં જમતા હતા. સાંજે જમવા ગયા. રસોઈ તો અહીંયા શેઠિયાઓ ખાય એવી ચોખ્ખી હોય ને ! જમ્યા, જમીને આવ્યા પછી અહીંયા નાની ઓરડી હતી ત્યાં બેઠા. અમે આહાર કરીને ફરતા હતા. કેમ પટેલ ? શું છે ? બેઠા હતા, નીચે બેઠા હતા. જમીને આવ્યા નીચે બેઠા હતા. અંતક્રિયા, એમ બોલ્યા. શું છે ? અંતક્રિયા. છેલ્લી ક્રિયા છે. શું થયું ? શ્વાસ નાભિમાંથી ખસી ગયો છે. નાભિમાંથી શ્વાસ (ખસી ગયો છે). શ્વાસ નાભિમાં જતો નથી. આ નજરે જોયું છે. પહેલાં અહીંયા નાની ઓરડી હતી એમાં રહેતા હતા. એમાં બીજા એક મુમુક્ષુ આવ્યા. બહુ દુઃખી છે ને.. એમણે ઇંજેક્શન આપ્યું ત્યાં બેસી ગયું. દેહ છૂટી ગયો. એમનો અભિપ્રાય બીજો હતો. એના પરિણામ એવા નહોતા. બહુ દુઃખી છે, એવો ભાવ હતો. આહા..હા..! હું જ્યાં ભોજન કરીને આવું, પહેલાં જોઈને ગયો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હતો, ભોજન કરીને આવ્યો ત્યાં દેહ છૂટી ગયો. આહા.હા..! જે સમયે દેહને છૂટવાનો કાળ છે અને દેહમાં રહેવાની યોગ્યતાનો કાળ છે તેટલો કાળ રહેશે. આયુષ્યને કારણે રહે છે એ નિમિત્તથી કથન છે. આયુષ્ય કર્મ એ તો પરચીજ છે. પોતાની યોગ્યતા જેટલો કાળ ત્યાં રહેવાની છે એ યોગ્યતાથી રહે છે. આહા..હા...! આયુષ્યકર્મથી (રહે છે), એ તો નિમિત્ત કથન છે. એ તો આયુષ્યની જડ પર્યાય છે. જડ પર્યાયને કારણે આત્મા એમાં રહે છે. એ તો નિમિત્તના કથન છે. આહા..હા..! એની દેહમાં રહેવાની યોગ્યતા એટલી જ હતી તો રહે છે. દેહમાંથી છૂટવાની યોગ્યતા થાય છે તો ફડાક છૂટી જાય છે. આહા..હા...! આમ નજરે જોયું. આમ ખાય-પીને આવ્યા. બેઠા, નીચે બેઠા. મેં કહ્યું, શું છે પટેલ ? અંતક્રિયા છે, છેલ્લી ક્રિયા છે. પણ કંઈ નથી ને ? શ્વાસ ખસી ગયો છે. નાભિથી શ્વાસ (ખસી ગયો છે). ત્યાં દેહની સ્થિતિ પૂરી થવાની લાયકાત હતી. આહા..હા..! નીરોગ (શરીર). શીંગનો ઓળા ખાધા. શીંગ.. શીંગ કહે છે ને ? શીંગ. મુંગફળી. ઓળા કરીને (ખાય). આહા..હા...! એમાં શું છે પણ ? બાપુ ! તને ખબર નથી.

જે સમયે દેહ છૂટવાનો એ ભગવાને જોયું છે કે નહિ ? પણ ભગવાને જોયું એમ થશે, એનો નિર્ણય ક્યાં છે ? અને નિર્ણય કઈ રીતે થાય છે ? એ પર્યાયના આશ્રયે એનો નિર્ણય નથી થતો. આહા..હા...! વીતરાગે જોયું તેમ થશે, ક્રમબદ્ધમાં આવવાનું હશે તે આવશે, તેને અકર્તાપણાનું જ્ઞાન થાય છે. હું જ્ઞાયક છું, આનંદ છું, શુદ્ધ છું એવી પ્રતીતિ થાય છે, એને પર્યાયનું કરવું પણ છૂટી જાય છે. એ તો પર્યાયને કરુ, પર્યાયના કાળે પર્યાય આવશે જ. સમજાય છે કાંઈ ?

આત્મામાં એક ભાવ નામનો ગુણ છે. ૪૭ (શક્તિમાં) એક ભાવ નામનો ગુણ છે. ભાવ બે પ્રકારના છે. એક ભાવ નામનો ગુણ છે એ કારણે પર્યાય થશે, થશે ને થશે જ. એ ગુણને કારણે અનંત ગુણની પર્યાય જે સમયે જે થવાની હશે તે થશે. ભાવ નામનો ગુણ છે, તો એ જ સમયે જે પર્યાય થવાની તે થવાની. સમકિતીની વાત છે. જેણે ભાવ ગુણને ધરનાર ગુણીને જેણે દૃષ્ટિમાં લીધો... આહા..હા...! એના ભાવ ગુણને કારણે પોતાની પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાય પણ થવાની હતી, સમ્યગ્જ્ઞાન પણ તે સમયે થવાનો ભાવ હતો, સમ્યક્ આનંદ પણ ઉત્પન્ન થવાનો હતો. એ ભાવગુણને કારણે એ પર્યાય થશે. હું કરું તો થશે, એમ પણ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા...!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો એમ લીધું છે કે પોતાના પરિણામમાં પ્રતિકૂળતા લાગે, પરિણામ થાય એની પ્રતિકૂળતા લાગે કે આ શું ? આહા..હા...! એને પણ અનિષ્ટ જાણે છે એ દ્વેષ છે. સમજાય છે કાંઈ ? પોતાના પરિણામ થયા અને એને અનિષ્ટ જાણવા એ દ્વેષ છે. આહા..હા...!

મુમુક્ષુ :– પ્રતિકૂળતા કીધી એમાં જ અનિષ્ટપણું આવી ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ, નહિ. પ્રતિકૂળતા નહિ. પર્યાયમાં પ્રતિકૂળતા નામ વિરોધી ભાવ થયો. એમ. સ્વભાવથી વિરુદ્ધ, વિકારભાવ થયો. સૂક્ષ્મ વાત છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. જ્યાં કષાયનું વર્ણન કર્યું છે ને ? બહુ કર્યું છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો ઘણું કર્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો એક એક સિદ્ધાંત જે સામાન્ય હતા એનું સ્પષ્ટીકરણ કર્યું છે. પોતાના ઘરની વાત ક્યાંય કરી નથી. સમજાય છે કાંઈ ? એક વાર (એક વિદ્વાન) અહીંયા અમને કહેતા હતા. પંડિતજી ! મેં એમ કહ્યું હતું કે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં સિદ્ધાંતમાં સામાન્યપણું છે એનું વિશેષ છે. (એમણે કહ્યું), મહારાજ ! તમે એક ખુલાસો કરી દ્યો ને, ક્યાં ક્યાં એનું છે ? મેં કીધું, એટલું કરવાનો મારી પાસે સમય નથી. શું કહ્યું ? મેં એમ કહ્યું,

આ લીટીએ લીટી જે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે એ બધાનો સામાન્ય જે દ્રવ્યસ્વભાવમાં જે પર્યાયમાં છે, જે ગુણમાં છે, જે શાસ્ત્રમાં છે એનું સ્પષ્ટીકરણ છે. તો એમણે એમ કહ્યું, એ ક્યાં ક્યાં છે ? એ તો મધ્યસ્થતાથી પૂછતા હતા, કોઈ વિરોધથી નહિ. એમ કે એનો આધાર, દરેકના આધાર આપો તો લોકોને બહુ અનુકૂળ પડે. કીધું, પણ એટલા આધાર કાઢવાનો મારી પાસે સમય નથી. મેં કીધું, દરેક શબ્દ જે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે એ બધા સિદ્ધાંતમાં સામાન્યપણે જે છે તેનું જ વિશેષ સ્પષ્ટીકરણ છે. આહા..હા...! મેં કીધું, પણ મારી પાસે તો સમય જ નથી. અમારા વિચાર આગળ બહાર આવું કરવું... આ તો વિકલ્પ આવો વ્યાખ્યાનનો આવે છે. સમજાય છે કાંઈ ? તેઓ બહુ અનુકૂળ હતા. મેં કીધું, જુઓ ! જેટલા એમાં બોલ છે, એ બધા જે સામાન્યપણે શાસ્ત્રમાં છે એનું સ્પષ્ટીકરણ, શું કહેવું છે એનું એમાં સ્પષ્ટીકરણ છે. સમજાય છે કાંઈ ?

ત્યાં એમ લીધું છે કે પોતાના પરિણામમાં વિરૂદ્ધ ભાવ જોઈને ખરાબ માને છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો જાણનાર છું એમ તો જાણ્યું નહિ. ચાહે તો પરિણામ રૌદ્રધ્યાનના હોય, પણ હું જાણનાર જ્ઞાતા છું એને તો જાણ્યો નહિ. એ ખરાબ માનીને દ્વેષ કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ ભાવ છે, સૂક્ષ્મ વાત છે, હોં ! ત્યાં 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે. આહા..!

અહીં કહે છે, **'દ્રવ્યના પાતાળમાં જા.'** આહા..હા...! દ્રવ્યની જે પર્યાય છે એ પર્યાયને દ્રવ્યના પાતાળમાં લઈ જા. આહા..હા...! એ દ્રવ્યસ્વભાવ પાતાળ છે. પર્યાય એ ઉપરની ચીજ છે એ તો આપણે આવ્યું ને ? પર્યાય ઉપર તરે છે. દ્રવ્યમાં પ્રવેશ નથી કરતી.

મુમુક્ષુ :– ઉપર તરે છે તો અંદર જાશે કેવી રીતે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કહે છે ને, તરે છે એનું લક્ષ અંદર લઈ જાય. લક્ષ લઈ જા. પર્યાય દ્રવ્યમાં પેસતી નથી. આહા..હા...! રાગને જાણવાના કાળે જ્ઞાનની પર્યાય રાગમાં પેસતી નથી. શું કહ્યું ? જ્ઞાનીની પર્યાય જ્ઞાન, રાગ આવ્યો તેને જાણે છે. જાણે છે તો જ્ઞાનની પર્યાય રાગમાં પેસતી નથી તેમ રાગ જ્ઞાનની પર્યાયમાં આવ્યો નથી. આહા..હા...! એમ જ્ઞાનની પર્યાયમાં અંદર પાતાળ પડ્યું છે, એનું તળિયું (છે), તળ, જેમ ભોંયરુ હોય ને ? એમ તળ. એ પર્યાયને ત્યાં લઈ જા. સૂક્ષ્મ વાત છે, બાપા ! ભગવાન ! આ તો સૂક્ષ્મ વાતું છે, નાથ ! આહા..હા...!

**'ત્યાંથી તને શાંતિ ને આનંદ મળશે.'** જુઓ ! વર્તમાન પર્યાયને સૂક્ષ્મ કરીને ઊંડા પાતાળમાં લઈ જા (અર્થાત્) લક્ષ કરવું. તને આનંદ થશે અને તને શાંતિ થશે. બે કેમ લીધા ? ચારિત્રગુણની શાંતિ એને શાંતિ કહ્યું અને આનંદગુણની દશા, એને આનંદ કહ્યું. શાંતિ અને આનંદ બે ભિન્ન ચીજ છે. ચારિત્રગુણ જે ત્રિકાળ છે એમાં દૃષ્ટિ દીધી તો પર્યાયમાં શાંતિ આવી. એ શાંતિ પૂર્ણ છે એમાંથી શાંતિ આવી. આનંદગુણ પૂર્ણ છે તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડવાથી આનંદની પર્યાય આવી. શાંતિ અને આનંદ, બે પર્યાય ભિન્ન ભિન્ન છે. બે ગુણની ભિન્ન વસ્તુ છે. આહા..હા...! આવો માર્ગ ઝીણો. ભાઈ ! આહા..! મુમુક્ષુ :– બરાબર.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એક વાત એવી લીધી છે કે પોતામાં જ્ઞાન સાચું થાય. પણ માનના પ્રયોજન ખાતર કરે છે તો એ જ્ઞાન અજ્ઞાન છે. આહા..હા...! દુનિયામાં મારું જ્ઞાન પ્રસિદ્ધ થાઓ અને દુનિયા મારી પ્રશંસા કરે અને હું કહું એનાથી દુનિયાથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાજી થઈ જાય. આહા..હા..! એ જ્ઞાન સાચું હોવા છતાં મિથ્યાજ્ઞાન છે. આહા..હા...! એ તો સ્થૂળ જ્ઞાનનો ઉપયોગ છે. આહા..! સમજાય છે કાંઈ ? આહા..!

**'તને શાંતિ ને આનંદ મળશે.'** પ્રભુ ! આહા..હા..! જ્યાં શાંતિ અને આનંદનો સાગર પડ્યો છે, પ્રભુ ! અરે..! એ ભાષાનું કાંઈ કામ નથી, બાપુ ! બહુ ભાષા કરીને આમ લડાવે માટે વસ્તુ અંદર આવી જાય (એવું નથી). સમજાય છે કાંઈ ? અંતરની નિર્મળ પર્યાય સૂક્ષ્મ અંતરમાં જ્યાં જાય છે, એનું લક્ષ કરે છે, એનો આશ્રય કરે છે, એની સન્મુખ થાય છે ત્યારે શાંતિ અને આનંદ થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવું છે. લોકોને પાગલ જેવું લાગે. વ્યવહારના રસિયા, નિમિત્તના રસિકોને આવી વાત પાગલ જેવી લાગે, એવી આ વાત છે. એવું છે, પ્રભુ ! શું કરીએ ? માર્ગ જ એવો છે. આહા..હા...!

ત્રિલોકના નાથ પણ એ જ પ્રમાણે કહે છે. એ વાત અહીંયા છે. આ બેનના વચનામૃત છે. ખૂબ ધીર ગંભીર થઈને.. આહા..હા...! ખૂબ ધીર, ધીરો (થઈને). ધીરનો અર્થ એવો છે, ધી નામ બુદ્ધિ, ર નામ પ્રેરતી. જે બુદ્ધિ અંતરમાં પ્રેરે તેને ધીર કહે છે. ધીર. ધી નામ બુદ્ધિ, ર નામ પ્રેરતી. અંતરમાં પ્રેરે તેને ધીર કહે છે. સમજાય છે કાંઈ ? 'નિયમસાર' સંસ્કૃત ટીકામાં છે. ધીર ને વીર, બેની વ્યાખ્યા છે. તો ધી નામ બુદ્ધિ. ર નામ ઈરતી, પ્રેરતી. અંદર સ્વરૂપમાં પ્રેરે તેને ધીર કહે છે. અને વીર. વિશેષે વીર્યને અંતર્મુખમાં પ્રેરે. વીર્યને અંતરમાં પ્રેરે એને વીર કહે છે. બહુ ભાષામાં ફેર. આવો માર્ગ છે, બાપુ ! આહા..!

**'ખૂબ ધીરો..'** ખૂબ ગંભીર. આહા..હા...! **'થઈ દ્રવ્યનું તળિયું લે.'** (સ્પર્શ કર) એકલી માખણ વસ્તુ આવી છે. દ્રવ્યનું તળ જે ધ્રુવ છે તેને સ્પર્શ કર. સ્પર્શ કરવાનો અર્થ એ તરફ (લક્ષ) લઈ જા. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ ૨૦૨ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**આ બધે–બહાર–સ્થૂળ ઉપયોગ થઈ રહ્યો છે, તે બધેથી ઉઠાવી, ખૂબ જ ધીરો થઈ, દ્રવ્યને પકડ. વર્ણ નહિ, ગંધ નહિ, રસ નહિ, દ્રવ્યેન્દ્રિય પણ નહિ અને ભાવેન્દ્રિય પણ દ્રવ્યનું સ્વરૂપ નથી. જો કે ભાવેન્દ્રિય છે તો જીવની જ પર્યાય, પણ તે ખંડખંડરૂપ છે, ક્ષાયોપશમિક જ્ઞાન છે અને દ્રવ્ય તો અખંડ ને પૂર્ણ છે, માટે ભાવેન્દ્રિયના લક્ષે પણ તે પકડાતું નથી. આ બધાથી પેલે પાર દ્રવ્ય છે. તેને સૂક્ષ્મ ઉપયોગ કરીને પકડ. ૨૦૩.**

'**આ બધે–બહાર–સ્થૂળ ઉપયોગ થઈ રહ્યો છે,...**' આહા..હા...! રાગને જાણવાનો, જ્ઞાનની પર્યાયને જાણવાનો. આહા..હા..! પરદ્રવ્યને જાણવાનો, ભેદને જાણવાનો. આહા..હા...! '**સ્થૂળ ઉપયોગ થઈ રહ્યો છે, તે બધેથી ઉઠાવી,...**' આહા..હા...! બહારમાં જે ઉપયોગ ચાલે છે, સંયોગ, નિમિત્તમાં, રાગમાં અને પર્યાય જોવામાં રહે છે તે બાહ્ય ઉપયોગ છે. આહા..હા...! ભાષા તો સાદી છે, પ્રભુ ! માર્ગ તો જે છે એ આકરો છે. આહા..હા...! આ પૂનમ–પૂર્ણ આત્માનો ખ્યાલ કરવાની વાત છે. પૂર્ણચંદ્ર ભગવાન અંદર છે. આહા..હા...!

ખૂબ ધીર, બુદ્ધિને અંદર ધ્રુવમાં પ્રેરે એને 'ધીર' કહે છે. 'વીર', પોતાના વીર્યને ધ્રુવ તરફ પ્રેરે તેને વીર કહે છે. ગંભીર.. આહા..હા..! જેની પર્યાય પણ ગંભીર. આહા..હા..! સૂક્ષ્મ પર્યાયમાં મહા સામર્થ્ય (છે). જે પર્યાય આખા દ્રવ્યને જાણે એ પર્યાયની ગંભીરતા કેટલી ! ભગવંત ! જે પર્યાય દ્રવ્યને જાણે કે અનંત ગુણનો પાર નહિ એવા દ્રવ્યને જાણે, એ પર્યાયની ગંભીરતા કેટલી !! સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે આ તો. આહા..હા...! ભગવાન ! તારી શક્તિ અને ગુણનું ગંભીર દ્રવ્ય તો છે જ, આહા..હા...! એની પર્યાય જાણે છે એ પર્યાય ગંભીર છે. ધીર, ગંભીર થઈને. આહા..હા...! બહારની ઉત્સુકતા નિવારીને. આહા..હા...! અંતર ગંભીર થઈને દ્રવ્યનું તળિયું લે. એ તો આવી ગયું.

'**સ્થૂળ ઉપયોગ થઈ રહ્યો છે,...**' પર્યાયને પકડવામાં, રાગને પકડવામાં છે તે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્થૂળ ઉપયોગ છે. **'તે બધેથી ઉઠાવી,...'** આહા..હા..! સંયોગથી પણ લક્ષ ઉઠાવી, રાગથી, વ્યવહાર રત્નત્રયના વિકલ્પથી પણ હઠાવી અને એની એક સમયની પર્યાયથી પણ ઉપયોગ હઠાવીને. આહા..હા...! કામ કરે છે પર્યાય, અંદરમાં જવાનું કામ કરે છે પર્યાય, પણ પર્યાય ઉપરથી લક્ષ હઠાવીને. સમજાય છે ને ?

મુમુક્ષુ :– લક્ષ કરનારી પણ પર્યાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તો કોણ ધ્રુવ લક્ષ કરે ?

મુમુક્ષુ :– તાળું ખોલવાની ચાવી આપો, મહારાજ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ કહ્યું ને. આ કહે છે ને. વીર, ધીર, ગંભીર થઈને આહા..હા...! અત્યંત ધીર થઈને. છે ને ? ભાષા જુઓ ! **'બધેથી ઉઠાવી, ખૂબ જ ધીરો થઈ,...'** આહા..હા...! જે પર્યાયમાં જ્ઞાયક પકડાય.. આહા..! એવો અત્યંત ધીર થઈ **'દ્રવ્યને પકડ.'** પૂર્ણાનંદનો નાથ જેમાં અનંત ગુણની શક્તિની સંખ્યાનો પાર નથી, એવા દ્રવ્યને અત્યંત ધીર થઈને એ જ્ઞાયકને પકડ. આહા..હા...! ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ... ધ્રુવ.. ધ્રુવ પ્રવાહ તો આમ ચાલ્યો જાય છે. આમ ઊર્ધ્વ, હોં ! પાણીનો પ્રવાહ આમ ચાલે છે. આ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. (પ્રવાહ ચાલે છે) એને પકડ. આહા..હા...! અધ્રુવ પર્યાયથી ધ્રુવને પકડ. અનિત્યથી નિત્ય પકડ. જણાય છે અનિત્ય પર્યાયમાં અને અનિત્ય પર્યાય નિત્યને જાણે છે. આહા..હા...! નિત્યને નિત્ય નથી જાણતું. એની જે પર્યાય અનિત્ય છે, એને એવી ગંભીર બનાવ કે જે દ્રવ્યને પકડી લે. આહા..! આવું ક્યાંય તમારે લાદીમાં ન મળે. અત્યારે તો ધર્મને બહાને બહુ ફેર થઈ ગયો, ભાઈ ! આહા..હા...!

વસ્તુ સ્વરૂપ જે છે એ ઉપર લક્ષ, દૃષ્ટિને લઈ જવી. એ વિના કદી સમ્યગ્દર્શન થતું નથી. લાખ વાર વ્રત ને તપ ને ભક્તિ કરે, કરોડો, અબજો રૂપિયા કરોડો મંદિરો બનાવે અને અબજો રૂપિયા ખર્ચે એનાથી કંઈ આત્મા પકડાતો નથી. આહા..હા...!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૈસાવાળાને લાભ થઈ જાય તો ગરીબને રોવું પડે. પૈસા ન મળે માટે. ધૂળ–પૈસા હોય તો શું થયું ?

અહીં તો કહે છે, રાગ મંદ આવ્યો તો શું થયું ? અરે...! રાગને જાણનારી પર્યાયનું લક્ષ રહ્યું તો શું થયું ? સમજાય છે કાંઈ ? આહા..હા...! જ્યાં પાતાળમાં ભગવાન

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બિરાજે છે.. આહા..હા..! એ દ્રવ્યને પકડ. ત્યાં **'ત્યાં વર્ણ નહિ, ગંધ નહિ, રસ નહિ, દ્રવ્યેન્દ્રિય પણ નહિ અને ભાવેન્દ્રિય પણ દ્રવ્યનું સ્વરૂપ નથી.'** ભાવેન્દ્રિય ક્ષયોપશમ જ્ઞાનની પર્યાય છે. પર્યાય છે એ કંઈ દ્રવ્યનું સ્વરૂપ નથી. આહા..હા...! **'જો કે ભાવેન્દ્રિય છે તો જીવની જ પર્યાય, પરંતુ તે ખંડખંડરૂપ છે,...'** આહા..હા...!

૩૨૦ ગાથામાં આવ્યું છે ને ? 'જયસેનાચાર્યદેવ'ની ટીકા છે ને ? ટીકા છે, હોં ! સંસ્કૃત ટીકાનો અર્થ છે. ૩૨૦ ગાથા. શું કહે છે ? સમ્યગ્દષ્ટિ જીવ કોને પકડે છે ? કે જે સકળ નિરાવરણ.. 'જયસેનાચાર્યદેવ' ની સંસ્કૃત ટીકા છે. ૩૨૦ ગાથા. જે સકળ નિરાવરણ. વસ્તુ છે એ સકળ નિરાવરણ છે. અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય. જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ પ્રતિભાસમય થાય. આહા..હા..! એવી વસ્તુ અવિનશ્વર ત્રિકાળ નાશ નહિ પામનારી વસ્તુ. શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ. શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ. નિજ પરમાત્મ દ્રવ્ય તે જ હું છું. આ ૩૨૦ ની સંસ્કૃત ટીકામાં છે. એ ગુજરાતી છે, સંસ્કૃત ટીકાનું ગુજરાતી છે. આ ૩૨૦ ગાથાનું સંસ્કૃત છે આખું. અહીં તો બધું (જોયું છે). સમજાય છે કાંઈ ?

સમ્યગ્દષ્ટિ જીવ પોતાના ખંડખંડ જ્ઞાનને, ભાવેન્દ્રિય જ્ઞાનને નથી ભાવતા. ત્યાં એમ છે. પણ અખંડ સકળ નિરાવરણ અખંડ એક અવિનશ્વર પરમ પારિણામિક સહજ ભાવ લક્ષણ જેનું છે, એવું નિજ પરમાત્મ દ્રવ્ય તેને ભાવે છે. એ હું છું. આહા..હા...! અરે..! આવી વાતું મોંઘી પડે એટલે લોકોએ બીજો રસ્તો કાઢ્યો. પડિમા લઈ લો ને સાધુ થઈ જાઓ. શેના સાધુ-બાધુ ક્યાં હતા ? બાપા! અરે...! ભાઈ ! પછી એને એ બાહ્ય ત્યાગનું અભિમાન થઈ જશે. અંતરમાં મિથ્યાત્વનો ત્યાગ નથી ને બાહ્યના ત્યાગનું અભિમાન થશે, અમે ત્યાગી છીએ, અમે આવા છીએ. ભાઈ ! સમ્યગ્દષ્ટિ ત્યાગી થયા વિના ગૃહસ્થાશ્રમમાં રહેતા હોય તો એની એને ગણતરી નહિ થાય. અમે તો ત્યાગી છીએ, આ ક્યાં ત્યાગી છે ? શેનો ત્યાગી છે તું ? ધર્મનો ત્યાગી છો. આહા..હા...! એવો માર્ગ, ભાઈ !

અહીં કહે છે, ભાવેન્દ્રિય ખંડખડરૂપ છે. ત્યાં ૩૨૦ માં સંસ્કૃત ટીકામાં લીધું છે. સમ્યગ્દષ્ટિ ખંડખંડ જ્ઞાનને નથી ભાવતા, અખંડ જ્ઞાયકને ભાવે છે. 'જયસેનાચાર્યદેવ'ની (ટીકા છે). આહા..હા...! બીજે ઠેકાણે એવું ઘણું આવે છે, વ્યવહારથી નિશ્ચય થાય છે. એ નિમિત્તનું જ્ઞાન કરાવે છે. એક વાર એમ કહે છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કે આ શ્લોકની વ્યાખ્યા સોનગઢવાળાને કેમ પસંદ પડી ? કે એની શ્રદ્ધાની અપેક્ષાએ બરાબર છે તો પસંદ પડી. ઇન્દોરવાળા એક વિદ્વાન કહેતા હતા. ૩૨૦ ગાથાની 'જયસેનાચાર્યદેવ' ની ટીકા જ કેમ પસંદ પડી ? એની દૃષ્ટિને મેળવાળી છે એટલે પસંદ પડી. એમ કહેતા હતા. અહીંયા આવ્યા ત્યારે એમણે કબુલ કર્યું હતું કે માર્ગ તો આ છે. પાછા જ્યાં જાય ત્યાં જમના કાંઠે જમનાદાસ, ગંગા કાંઠે ગંગાદાસ. એક વિદ્વાને એક ઠેકાણે લખ્યું છે ને ? નામ નથી લેતા. એની શ્રદ્ધા એકરૂપ નથી, ફરી જાય છે. આહા..! અરે..! ભાઈ ! આ પંડિતાઈની વસ્તુ નથી, પ્રભુ ! આ તો પર્યાયથી પણ ઉદાસ થઈને... આહા..હા...! ત્રિલોકનાથ અખંડ પરમાત્મદ્રવ્યને પકડ. આહા..હા...!

ક્ષયોપશમ ભાવેન્દ્રિય તો **'ખંડખંડરૂપ છે, ક્ષાયોપશમિક જ્ઞાન છે અને દ્રવ્ય તો અખંડ ને પૂર્ણ છે,...'** વસ્તુ તો અખંડ પૂર્ણ છે. એ આવ્યું ને ? જે સકળ નિરાવરણ અખંડ એક, એવા શબ્દ આવ્યા. આહા..! **'માટે ભાવેન્દ્રિયના લક્ષે પણ તે પકડાતું નથી.'** આહા..હા..! રાગના લક્ષે પકડાતું નથી, નિમિત્ત દેવ-ગુરુના લક્ષે પણ પકડાતું નથી પણ ક્ષયોપશમ જ્ઞાનની પર્યાયના લક્ષે પણ પકડાતું નથી. પકડનારી પર્યાય છે તો ક્ષયોપશમ જ્ઞાન. સમજાય છે કાંઈ ? પણ એ ક્ષયોપશમ જ્ઞાનના લક્ષે પકડાતું નથી. એ ક્ષયોપશમ જ્ઞાનની પર્યાય છે તે દ્રવ્યને પકડે ત્યારે લક્ષમાં આવે છે. એની પર્યાય (દ્રવ્યને) પકડે એમાં દ્રવ્યનું લક્ષ થઈ જાય છે. આહા..હા...! આવી વાતું છે. આવો પરમાત્માનો માર્ગ (છે). મહાવિદેહમાં ભગવાન પાસે તો ધોખ માર્ગ ચાલે છે. આહા..! સત્‌ને કંઈ સંખ્યાની જરૂર નથી કે ઘણા માણસ માને તો એ સત્ય કહેવાય. એમ નથી. સત્યને સત્ય વસ્તુ જે છે એને એ રીતે માને તો સત્ય કહેવાય છે.

**'ભાવેન્દ્રિયના લક્ષે પણ તે પકડાતું નથી. આ બધાથી પેલે પાર દ્રવ્ય છે.'** નિમિત્તથી પાર છે, રાગથી ભિન્ન છે અને પર્યાયથી પણ પાર છે. ગાથા બહુ સારી આવી ગઈ છે. બેનના વચનો પણ બરાબર મેળવાળા આવી ગયા. **'આ બધાથી પેલે પાર દ્રવ્ય છે. તેને સૂક્ષ્મ ઉપયોગ કરીને પકડ.'** આહા..હા...! જે પકડાય છે તે સૂક્ષ્મ ઉપયોગથી પકડાય છે. પકડાતું નથી ત્યાં સુધી તેનો ઉપયોગ સ્થૂળ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'તેને સૂક્ષ્મ ઉપયોગ કરીને પકડ.'** આહા..હા...! ૨૦૩ (બોલ પૂરો) થયો. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**આત્મા તો અનંત શક્તિયોં કા પિંડ હૈ. આત્મા મેં દૃષ્ટિ સ્થાપિત કરને પર અંતર સે હી બહુત વિભૂતિ પ્રગટ હોતી હૈ. ઉપયોગ કો સૂક્ષ્મ કરકે અંતર મેં જાનને સે બહુત-સી સ્વભાવભૂત ઋદ્ધિ-સિદ્ધિયાં પ્રગટ હોતી હૈ. અંતર મેં તો આનંદ કા સાગર હૈ. જ્ઞાનસાગર, સુખસાગર–યહ સબ ભીતર આત્મા મેં હી હૈં. જૈસે સાગર મેં ચાહે જિતની જોરદાર લહરેં ઉઠતી રહેં તથાપિ ઉસમેં ન્યૂનતા-અધિકતા નહીં હોતી, ઉસી પ્રકાર અનંત-અનંત કાલ તક કેવલજ્ઞાન બહતા રહે તબ ભી દ્રવ્ય તો જ્યોં કા ત્યોં હી રહતા હૈ. ૨૦૪.**

**શ્રાવણ વદ ૧૩, ગુરુવાર તા. ૩૧-૦૮-૧૯૭૮.**
**વચનામૃત–૨૦૪, ૨૦૫, પ્રવચન–૮૧**

'વચનામૃત'નો ૨૦૪ બોલ. એકદમ તત્ત્વની દૃષ્ટિની વાત છે. જેને કલ્યાણ કરવું હોય તો કલ્યાણ કરવાનો ઉપાય શું ? કે **'આત્મા તો અનંત શક્તિઓનો પિંડ છે.'** આત્માને ધર્મ કરવો હોય તો આત્મા શું ચીજ છે ? અનંત શક્તિઓનો પિંડ, અનંત ગુણનો સમૂહ, અનંત શક્તિમય, અનંત ગુણમય એવો આત્મા (છે). **'આત્મામાં દૃષ્ટિ સ્થાપવાથી...'** આહા..હા...! આ વાત છે, આકરી વાત છે. સંયોગથી દૃષ્ટિ હટાવી, રાગથી દૃષ્ટિ હટાવી, એક સમયની પર્યાયથી પણ દૃષ્ટિ હટાવી, **'આત્મામાં દૃષ્ટિ સ્થાપવાથી...'** આહા..હા...! ભગવાન અંતર્મુખ શક્તિનો પિંડ છે એમાં દૃષ્ટિ સ્થાપવાથી **'અંદરથી જ ઘણી વિભૂતિ પ્રગટે છે.'** અંતરમાંથી આનંદ, જ્ઞાન, શાંતિ, પ્રભુતા આદિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિભૂતિ.. આહા..હા...! વિભૂતિ–સમૃદ્ધિ પર્યાયમાં પ્રગટ થાય છે. આહા..હા...!

મુમુક્ષુ :– પોતાની બધી શક્તિઓને વિભૂતિ કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિભૂતિ છે. વિભુત્વશક્તિ બીજી. અહીં તો પર્યાયમાં વિભૂતિ આવવી, નિર્મળ અનંત ગુણની પર્યાય પ્રગટ થવી એને અહીંયા વિભૂતિ કહેવામાં આવ્યું છે. આહા..હા...! અંતરમાં આત્મા તો મહા અગાધ, અપાર શક્તિઓનો ભંડાર છે. એના ઉપર દૃષ્ટિ સ્થાપવાથી અંતરથી વિભૂતિ–આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા વગેરે વિભૂતિ પ્રગટ થાય છે. આહા..હા...!

**'ઉપયોગને સૂક્ષ્મ કરી...'** આહા..! આ તો છેલ્લે આ વાત છે. આહા..! ઉપયોગ બહારમાં જાય છે એ સ્થૂળ ઉપયોગ છે. ઉપયોગ એટલે જ્ઞાનના પરિણમનનો વેપાર. એને સૂક્ષ્મ.. છે ? **'કરી...'**

મુમુક્ષુ :– ઉપયોગને સૂક્ષ્મ કરી એટલે શુદ્ધઉપયોગ કે બીજું કાંઈ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– શુદ્ધ ઉપયોગ. શુદ્ધ ઉપયોગ કહો, સૂક્ષ્મ ઉપયોગ કહો, નિર્મળ પરિણતિના ભાવથી આત્મા જણાય છે. આહા..હા...! મુદ્દાની રકમની આ વાત છે, ભાઈ ! જન્મ-મરણના આરા, ચોરાશીના અવતાર ભાઈ ! દુઃખમાં અનાદિથી સડી ગયો. ચૈતન્ય આનંદનો નાથ ભગવાન, એનું જ્ઞાન ને ભાન ને આદર વિના, રાગ ને પુણ્ય ને એના ફળના આદર ને સત્કારમાં એ દુઃખી છે.

મુમુક્ષુ :– દુઃખ નામનો તો કોઈ ગુણ જ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તેથી કહ્યું ને ? દુઃખ ગુણ નથી માટે દુઃખ એ એક વિકૃત અવસ્થા છે. કોઈ શક્તિ એવી નથી કે દુઃખરૂપે પરિણમે. આહા..હા..! શું કહે છે ? આત્મામાં અનંત શક્તિઓ છે, ગુણ છે પણ કોઈ ગુણ વિભાવપણે પરિણમે એવો કોઈ ગુણ નથી. આહા..હા...! ત્યારે થાય છે શું ? એ પર્યાયમાં નિમિત્તાધીન દૃષ્ટિ થાય છે તો વિકૃત અવસ્થા થાય છે. આહા..હા...! જેટલા ગુણ છે અને શક્તિ છે, એની દૃષ્ટિ કરવાથી કોઈ વિકાર નથી થતો. કેમ કે એ તો નિર્મળાનંદ છે અને કોઈ શક્તિ વિકૃત અવસ્થાપણે પરિણમે એવો એક્કે ગુણ નથી. પણ પર્યાયમાં વિકૃત થાય છે એ નિમિત્ત આધીન (થઈને), સ્વભાવની શક્તિની સંપદાને ભૂલી.. આહા..હા...! રાગ ને પુણ્યના પ્રેમમાં વિકૃત અવસ્થા, ગુણ અને દ્રવ્ય નિર્મળ હોવા છતાં અને ગુણ વિકૃત અવસ્થાએ ન પરિણમે એવી શક્તિ હોવા છતાં, પર્યાયમાં જે રાગ અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પુણ્ય થાય છે તે નિમિત્ત આધીન થઈને પોતામાં થાય છે. આહા..હા..! સ્વભાવને આધીન થાય તો ગુણ એક્કે એવો નથી કે જેમાં વિકૃત અવસ્થા થાય, દુઃખ થાય. આહા..હા..!

મુમુક્ષુ :- ગુણ એવો હોય તો તો વિકાર થયા જ કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- તો વિકાર કદી ટળે જ નહિ. (એવો) ગુણ જ નથી. આહા..હા...! દુઃખ એ તો વિકૃત અવસ્થા છે, પર્યાય છે. એ ગુણ વિકૃતરૂપે પરિણમતો નથી. પર્યાય વિકૃતરૂપે પરિણમે છે. આવી વાતું છે. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :- આપ ઝીણી વાત બહુ કરો છે અને પાછું પૂછો છો સમજાય છે કાંઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ બધા બુદ્ધિવાળા વકીલો બેઠા છે ને આ બધા પંડિતો છે ને.

કોઈ અનંત શક્તિ છે, અનંત ગુણનો પાર નથી એવા (ગુણો છે). જ્યાં ૪૭ શક્તિનું વર્ણન કર્યું છે ને ? ત્યાં નિર્મળ પર્યાય અને નિર્મળ ગુણ, ક્રમ અને અક્રમમાં એ લીધું છે. 'સમયસાર' ૪૭ શક્તિમાં એમ લીધું છે કે શક્તિનું વર્ણન છે તો શક્તિ છે એ તો નિર્મળ છે અને શક્તિનો પિંડ દ્રવ્ય છે એ પણ નિર્મળ છે. તો દ્રવ્યમાંથી શક્તિ જે છે એ તો નિર્મળપણે જ પરિણમે છે. ૪૭ શક્તિમાં ક્રમ અને અક્રમમાં કોઈ વિકાર નથી લીધો. શું કહ્યું ? ક્રમ, અક્રમ. ક્રમ નામ પર્યાય અને અક્રમ નામ ગુણ. પણ શક્તિના વર્ણનમાં ક્રમે અને અક્રમે પરિણમનારા, નિર્મળ પર્યાયપણે ક્રમે પરિણમે અને નિર્મળ ગુણપણે અક્રમ રહે, એને અહીંયા શક્તિનું વર્ણન કહેવાય છે. આહા..હા...! શક્તિનું જ્યાં વર્ણન શરૂ કર્યું છે ત્યાં ક્રમ-અક્રમમાં નિર્મળ પર્યાય અને નિર્મળ ગુણ લીધા છે. શક્તિના વર્ણનમાં કોઈ વિકારી અવસ્થા છે તે લીધું જ નથી. કેમ કે વિકારી અવસ્થા થવાનો કોઈ ગુણ નથી. આહા..હા...! એ તો પર્યાય-અવસ્થામાં ઉઠાવગીર વિકૃત અવસ્થા ઉત્પન્ન કરે છે.

મુમુક્ષુ :- ઉઠાવગીરે તો આખું...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આખું ઘર ઉઠાવી લીધું. આખું ચૈતન્યદ્રવ્ય, એનો ઉઠાવગીરે અનાદર કર્યો. આહા..હા...! પર્યાયમાં-એક સમયની અવસ્થામાં વિકૃત (થાય છે). એ થાય છે પોતાની યોગ્યતાથી, નિમિત્તથી નહિ. પણ નિમિત્ત આધીન થવાની પર્યાયમાં યોગ્યતાથી છે તો એ વિકૃત થાય છે. ગુણ કોઈ વિકૃત થાય એવી કોઈ વસ્તુ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા...!

મુમુક્ષુ :– વિભાવ ગુણ–શક્તિ છે ને ?

પૂજ્ય ગુરુદેશ્રી :– એ વિભાવ શક્તિ વિભાવપણે પરિણમે એવો એનો અર્થ નથી. વિભાવિક શક્તિનો અર્થ એ કે બીજા ચાર દ્રવ્યમાં એ નથી અને જીવ ને પુદ્ગલમાં બેમાં છે તો વિભાવ નામ વિશેષ શક્તિ છે, એનું નામ વિભાવિક શક્તિ છે. વિભાવિક શક્તિ વિકારપણે પરિણમે માટે વિભાવિક શક્તિ છે એવો અર્થ છે જ નહિ.

મુમુક્ષુ :– એનું કામ શું છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિભાવિક શક્તિ પરિણમે છે. નિમિત્તાધીન પરિણમે તો વિકૃતપણે પરિણમે અને સ્વભાવ આધીન પરિણમે તો અવિકૃતપણે પરિણમે. સિદ્ધમાં પણ વિભાવિક શક્તિ તો છે. વિભાવિક શક્તિ ક્યાં જાય ? જેમ જ્ઞાનગુણ છે, દર્શનગુણ છે, આનંદગુણ છે એમ વિભાવિક નામનો ગુણ છે તો સિદ્ધમાં પણ છે. વિભાવનો અર્થ વિકારપણે પરિણમવું એવો એનો અર્થ જ નથી. વિ-ભાવ–વિશેષ ભાવ એવી એક શક્તિ છે. જે ચાર દ્રવ્યમાં નથી અને આમાં છે એવો વિભાવ. વિભાવ છે તો વિભાવપણે પરિણમવું એવી વાત જ નથી. આહા..હા...! અરે..! આવી વાત ? સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– બધા કહે છે, અર્થ ફેરવી નાખો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુ એવી છે, જેવી છે એનો અર્થ થાય છે. સિદ્ધમાં વિભાવિક શક્તિ નથી ? શુદ્ધપણે પરિણમે છે. વિભાવ શક્તિ છે માટે અશુદ્ધપણે પરિણમે છે, એમ છે ? સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– .... વિભાવિક શક્તિ નિમિત્ત તો છે જ ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– બિલકુલ નહિ. વિભાવિક શક્તિ છે એ તો એક વિશેષ ગુણ છે. વિભાવિકપણે પરિણમે એમ એનો અર્થ જ નથી. વિભાવિક શક્તિ છે એ તો નિર્મળપણે પરિણમે એવો એનો સ્વભાવ છે. પણ સ્વભાવનો આશ્રય નહિ લઈને નિમિત્તના આશ્રયમાં જાય છે તો પર્યાયમાં વિકૃત અવસ્થા થાય છે. આહા..હા...!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિભાવિક શક્તિ વિપરીત પર્યાયમાં કરી. કર્મથી નહિ. એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિભાવિક શક્તિ તો નિર્મળપણે પરિણમે એ એનો સ્વભાવ છે. પણ પર્યાય જ્યારે નિમિત્તાધીન જે પર્યાય થાય છે તો વિકૃત અવસ્થા થાય છે. આહા..હા...! એ પણ નિમિત્તથી નહિ. નિમિત્તને આધીન પર્યાય થાય છે. સમજાય છે કાંઈ ? આહા...હા...!

૪૭ શક્તિમાં લીધું છે, ઈશ્વર શક્તિ, અનિશ્વર શક્તિ. 'પ્રવચનસાર' ગુણ. ઈશ્વર ગુણ નય છે. ઈશ્વર નય છે, અનિશ્વર નય છે. 'પ્રવચનસાર'માં ૪૭ નયમાં છે. ઈશ્વર નય. જેમ બાળકને ધાય માતા પાસે લઈ જઈ ધવરાવે છે પણ એ પોતાની શક્તિથી પરાધીન થયો છે, કોઈએ પરાધીન કર્યો નથી. એમ પોતાની પર્યાયમાં પરાધીન થાય છે એવી એક પર્યાયમાં યોગ્યતા છે. ગુણ નહિ. આહા...! આવી વાત.

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– કહ્યું ને, વિશેષ ગુણ છે. ગુણ છે તો વિભાવપણે પરિણમ્યો એમ ક્યાં આવ્યું ? આહા..હા..! ભાઈ ! તત્ત્વની દૃષ્ટિ સૂક્ષ્મ છે, પ્રભુ ! એ તો ભગવાન તો અનંત ગુણનો પિંડ પવિત્ર જ છે. આહા..હા...! ચાહે તો વિકૃત અવસ્થાપણે પરિણમો તો પણ વસ્તુ તો અવિકૃત ત્રિકાળી આનંદનો પિંડ જ છે. આહા..હા...! કેમ બેસે ? એ કહેશે.

કહે છે કે અંદરમાં જવાથી ઘણી સ્વભાવભૂત ઉપયોગને સૂક્ષ્મ કરીને. **'ઉપયોગને સૂક્ષ્મ કરી અંદર જવાથી ઘણી સ્વભાવભૂત...'** આહા..હા...! જ્ઞાનની પરિણતિને–ઉપયોગને સૂક્ષ્મ કરી જ્યાં સૂક્ષ્મ સ્વરૂપ, મહા સૂક્ષ્મ છે ત્યાં સૂક્ષ્મ ઉપયોગને લઈ જાય. આહા..હા...! આવી વાત છે. જ્યાં મહા સૂક્ષ્મ પ્રભુ પડ્યો છે ત્યાં સૂક્ષ્મ પર્યાયને લઈ જા. છે ? **'અંદર જવાથી ઘણી સ્વભાવભૂત રિદ્ધિસિદ્ધિઓ...'** રિદ્ધિસિદ્ધનો અર્થ શું ? બહારની રિદ્ધિ અને બહારની સિદ્ધિ નહિ. આહા..હા..! પોતામાં જે આનંદ આદિની સંપદા પડી છે તેની પર્યાયમાં રિદ્ધિસિદ્ધ પ્રગટ થશે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એકલો પરમાત્મ પવિત્ર સ્વભાવનો પિંડ છે. પર્યાયમાં એ તરફ ઉપયોગને ત્યાં લઈ જવાથી તારી પર્યાયમાં રિદ્ધિસિદ્ધ પ્રગટ થશે. આનંદની રિદ્ધિ, શાંતિની રિદ્ધિ, તેની સિદ્ધિ શાંત પ્રગટ થાય, વીતરાગતા પ્રગટ થાય એવી રિદ્ધસિદ્ધ પ્રગટ થશે. આહા..હા...! આમ છે, ભાઈ ! પુસ્તક એવું બહાર આવી ગયું છે, માખણ છે, માખણ. સમજાય છે કાંઈ ? એ **'રિદ્ધિસિદ્ધિઓ પ્રગટે છે.'**

**'અંદર તો આનંદનો સાગર છે.'** ભગવાન. આહા..હા...! ભગવાન આત્મા તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અતીન્દ્રિય આનંદનો સાગર છે. **'જ્ઞાનસાગર, સુખસાગર–એ બધું અંદર આત્મામાં જ છે.'** આહા..હા...! જ્ઞાનનો સાગર. અનંત અનંત અનંત અનંત જ્ઞાન. એમ આનંદ. અનંત અનંત અનંત આનંદ. એ જ્ઞાનસાગર અને આનંદસાગર તો પ્રભુ અંદર છે. **'એ બધું અંદર આત્મામાં જ છે.'** આત્મામાં 'જ' છે. ભાઈ ! આ તો છેલ્લામાં છેલ્લી સમ્યગ્દર્શન પામવાની રીત આ છે. બાકી લાખ વાત બીજી કરે, આમ થશે ને કષાય મંદ કરો, પરિષહ સહન કરો પછી સમકિત થશે (એ વાત નથી). આહા..!

હમણા એક ક્ષુલ્લક થઈને ત્યાં 'કુરાવડ'માં આવ્યો હતો. પહેલાં અહીંયા આવ્યો હતો, વિદ્યાર્થી તરીકે. પણ હવે ક્ષુલ્લક થઈ ગયો તો પાવર ફાટી ગયો. અમે ત્યાગી થઈ ગયા, એમ પાવર ફાટી ગયો. પાછો બોલતા વખતે એમ કહે, હું વિદ્યાર્થી છું. વિદ્યાર્થી છો તો કુતર્ક કરે છો કે પરિષહ સહન કરે છે, ઉપસર્ગ સહન કરે છે એ બધા સમકિતી નથી ? આહા..હા..! પરિષહ છે ક્યાં ? આત્મજ્ઞાન થયા વિના પ્રતિકૂળ સંયોગને જ્ઞાતાપણે સહન કરે તેનું નામ પરિષહજય છે. આહા..હા...! અને પરિષહ પહેલાં થયો અને પછી જય કર્યો, એમ પણ નથી. પરિ–સમસ્ત પ્રકારે પ્રતિકૂળતાના યોગમાં તે જ સમયે સ્વભાવ સન્મુખ થઈને જ્ઞાતા-દૃષ્ટાપણે પરિણમવું તેનું નામ પરિષહજય કહેવાય છે. આહા..હા...! પહેલાં પરિષહ આવ્યો ને રાગ થયો ને પછી સહન કરે, એવી વસ્તુ નથી. સમજાય છે કાંઈ ? જે સમયે પ્રતિકૂળતાનો પરિષહ આવ્યો તે જ સમયે જ્ઞાતા-દૃષ્ટા તરફના જોરથી વીતરાગતા ઉત્પન્ન થાય છે એને સહન કર્યું એમ કહેવાય છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ !

અહીંયા કહે છે, અંદર આત્મામાં જ્ઞાન, આનંદ છે. **'જેમ સાગરમાં ગમે તેટલાં જોરદાર તરંગો ઊછળ્યા કરે...'** સાગરમાં ગમે તેટલાં તરંગો ઊછળ્યા કરે **'તો પણ તેમાં વધઘટ થતી નથી,...'** સાગરના સ્વભાવમાં વધઘટ કદી થતી નથી. આહા..હા...! ચાહે તો નાની લહેર, તરંગ ઉઠે, ચાહે તો વિશેષ તરંગ આમ ઊછાળા મારે. આગબોટમાં બેસે ને ? એ કહેતા હતા. આપણે તો એમાં કોઈ દિ' બેઠા નથી. આગબોટમાં બેસીને 'આફ્રિકા' જાય છે. એટલા હિલોળા આવે કે જાણે સાગરનું પાણી આગબોટમાં ઘુસી જશે. એટલા હિલોળા આવે. તંરગ ઉઠે.

મુમુક્ષુ :– હવે એરોપ્લેન થઈ ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :— ના હવે ન્યાં એરોપ્લેન નથી, કહે છે. એમ કોઈ કહેતું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હતું. કોઈ કહેતું હતું. યુરોપમાં જવાના, હવે આગબોટ નથી, એમ કીધું. હા, એ સાચી વાત. આગબોટ નથી હવે. એ વાત કરતા હતા. હમણા પંદર લાખનું મંદિર થયું ને ? 'નાઈરોબી'માં સાંઈઠ ઘર અહીંના છે. બધા શ્વેતાંબર હતા. આઠ ઘર તો કરોડપતિ છે. બીજા કોઈ પચીસ લાખ, ત્રીસ લાખ, ચાલીસ લાખ, પચાસ લાખવાળા છે. પૈસા ધૂળ છે. એ બિચારા એમ પણ કહેતા હતા કે અમારે એટલા પૈસા આવે છે કે નાખવા ક્યાં ? પંદર લાખનું મંદિર (કર્યું). અઢી લાખનું તો છે. ભગવાનની પ્રતિમા પંચ કલ્યાણક કરીને પ્લેનમાં 'નાઈરોબી' લઈ ગયા છે.

મુમુક્ષુ :- આપ પધારશો ? પંચકલ્યાણકમાં...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ માંગણી કરે છે. ભાઈ ! શરીરને હવે ૯૦ વર્ષ થયા. ખોરાકમાં કાંઈ ઠેકાણા નહિ. ખોરાક બહુ ઓછો. ચાર ફુલકા. દેખાવ લાગે. ઉંચ્ચો એ કહે છે, શું થાય છે જુઓ. માંગણી તો આવશે. સાંઈઠ ઘર છે. ઘણો ઉમેદ છે, ઘણો ઉત્સાહ છે, ઘણો ઉત્સાહ. એટલો ઉત્સાહ છે.. એ એક ભાઈ કહેતા હતા, બે જણા ગયા હતા ને ? બે જણા ખાતમુહૂર્ત કરવા ગયા હતા. સાંઈઠ ઘરનો એટલો ઉત્સાહ છે કે વ્યાખ્યાન સાંભળતી વખતે બે હજાર માણસ, શ્વેતાંબર આદિ વાસ્તુ વખતે આવ્યા. અને આપણા એક મુમુક્ષુ છે, એણે વાસ્તુમાં બે લાખ બે હજાર આપ્યા. ત્યાં પૈસા ઘણા છે. દસ લાખ, પંદર લાખ, વીસ લાખ, પચીસ લાખ તો કેટલા જણા પાસે છે. પણ અહીંનું વાંચન ત્યાં પચીસ-ત્રીસ વર્ષથી ચાલે છે. લોકોને ઘણો પ્રેમ. અને કેટલા નવા ઘર પણ થઈ જશે. એમ કહે છે. ઘણો ઉત્સાહ. આપણા સાંઈઠ ઘર છે. બધા શ્વેતાંબર દિગંબર થઈ ગયા. ઉત્સાહ ઘણો છે. આહા..હા...! એટલો ઉત્સાહ છે કે એમાં અમે શું કરીએ ? હજી તો પંચ કલ્યાણક વખતે કેટલા પૈસા ખર્ચ કરશે ! લોકોને ઘણો પ્રેમ. પચીસ, ત્રીસ, પાંત્રીસ વર્ષથી ત્યાં અહીંનું વાંચન ચાલે છે. વાંચન હમેશાં ચાલે છે. અને ટેપ રેકોર્ડિંગ (ચાલે છે). આખા સમયસારના પાંચ હજાર (પ્રવચન) ઉતર્યા છે એ ત્યાં ગયા છે. આખા સમયસારના પાંચ હજાર રેકોર્ડિંગ છે એ ત્યાં ગયા છે. એ તો લોકોનો પ્રેમ છે. લોકોને હવે સાંભળવાનો પ્રેમ છે. હવે તો સૂક્ષ્મ વાત પણ સમજી શકે છે. પચીસ-ત્રીસ વર્ષથી પરિચય છે. એક કરોડપતિ છે. છ, આઠ ભાઈ છે. બે જણા વાંચે છે. મહાજન લોકો છે. એ તો હોય. જેની યોગ્યતા હોય એ કરે, એમાં નિમિત્ત શું કરે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીંયા તો કહેવું છે કે એટલા પૈસા ખર્ચવાનો ભાવ છે તો અહીંથી તો કહીએ છીએ કે ભાઈ ! એ તારો શુભભાવ છે. તું જાણે કે મેં આ પંદર લાખ ખર્ચ્યા માટે ધર્મ થઈ જશે, એમ નથી.

મુમુક્ષુ :– એવું પહેલેથી જ કહી દીધું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પહેલેથી જ કહેતા આવ્યા છીએ.

મુમુક્ષુ :– નિમિત્ત તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિમિત્તનો અર્થ શું ? નિમિત્ત કંઈ કરતું નથી. એ તો તમારા પંડિત તરફથી ખુલાસો થઈ ગયો છે. હમણા એક વિદ્વાને બે (વાતનો) ખુલાસો કરી દીધો છે કે ક્રમબદ્ધ છે. તે વખતે નહોતું. આપણે જ્યારે મળ્યા હતા અને તમે કહ્યું હતું ત્યારે એ વખતે બીજાની ક્રમબદ્ધની શ્રદ્ધા નહોતી. લખ્યું છે, કબુલ કર્યું છે, ક્રમબદ્ધ છે. એક વાત. અને બીજી વાત સિદ્ધ કરી. સોનગઢવાળા નિમિત્તને નથી માનતા એમ નથી. નિમિત્ત છે, પણ નિમિત્તથી પરમાં થતું નથી. જૈન સંદેશમાં આવ્યું છે. પંડિતજી ! જોયું ? કાલે આવ્યું હતું. નિમિત્ત વસ્તુ નથી ? નિમિત્ત પોતાની પર્યાય કરે છે, પરની પર્યાય કરે ? તો નિમિત્ત ક્યાં રહ્યું ? એમ લખ્યું છે, સોનગઢવાળા નિમિત્તને માનતા નથી એમ નથી પણ નિમિત્તથી પરમાં કંઈ થાય છે એમ નથી માનતા. વાત તો એમ જ છે. અહીંયા તો પહેલેથી ચાલે છે. આહા..હા...!

અહીં કહે છે, આહા..હા..! **'જેમ સાગરમાં ગમે તેટલાં જોરદાર તરંગો ઊછળ્યા કરે તો પણ તેમાં વધઘટ થતી નથી,...'** આહા..હા...! **'તેમ અનંત અનંત કાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે...'** આહા..હા...! ભગવાન જ્ઞાનનો સાગર, એમાં કેવળજ્ઞાનની પર્યાય અનંત કાળ વહેતી રહે, તો પણ એમાં વધઘટ થતી નથી. સમજાય છે કાંઈ ? કેવળજ્ઞાન પૂર્ણ જ્ઞાન એક સમયે છે, બીજે સમયે છે એમ સાદિ અનંત, સાદિ અનંત (કાળ રહે છે). જ્યારથી કેવળજ્ઞાન થયું તે અનંત કાળ રહેશે. ભલે એક સમયની સ્થિતિ (હોય). એક પર્યાય બીજે સમયે નહિ રહે. બીજે સમયે એવી, એ પ્રકારની બીજી. ત્રીજે સમયે એવી, એ પ્રકારની ત્રીજી. એમ અનંત કાળ, જેના ભવિષ્યનો અંત નથી એટલો કાળ કેવળજ્ઞાનનો પ્રવાહ, ધારા ચાલે છતાં અંતરમાં ઘટી જાય છે એમ નથી. દરિયો તો આખો ભર્યો છે. આહા..હા...! અરે..! અમૃતનો સાગર, અમૃતનો સાગર ભગવાન પર્યાયમાં અમૃતની પર્યાય ધારા, અનંત ચતુષ્ટયમાં અનંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધારા પૂર્ણ થાય અને અનંત કાળ અનંત ધારા પર્યાય રહે તો પણ આનંદ સાગરમાં કંઈ ઘટતું નથી. આહા..હા..! અને વિકૃત અવસ્થા અનાદિ સાંત રહી, તો પણ વિકૃત અવસ્થાના કાળે પણ ભગવાન તો પૂર્ણાનંદનો નાથ જ છે. એમાં કંઈ વધી ગયું, વિકૃત છે અને બહાર પૂર્ણ ન આવ્યું માટે વધી ગયું એમ નથી. આહા..હા..! ભાઈ ! કોઈ અલૌકિક વાતું છે, ભાઈ ! આહા..હા...!

મુમુક્ષુ :- ધર્મ અલૌકિક છે તો વાતું પણ અલૌકિક જ હોય ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વસ્તુ અલૌકિક છે, બાપુ ! એ લોકોત્તર ચીજ છે. આહા..હા...! આત્મા એટલે તે સાક્ષાત્ 'અપ્પા સો પરમઅપ્પા.' આત્મા એ પરમાત્મા-પૂર્ણાનંદનો નાથ છે. આહા..હા...! એમાં વિકૃત અવસ્થા અનંત કાળ રહે તો પણ એમાં વધતું નથી અને અવિકૃત અવસ્થા અનંત કાળ પ્રગટ થાય તો પણ ઘટતું નથી. આહા..હા...! આવો આત્મા છે એને દૃષ્ટિમાં લેવો જોઈએ. આહા..! પહેલું કર્તવ્ય તો આ છે.

**'અનંત અનંત કાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે...'** વહ્યા કરે, પ્રગટ થયા કરે. આહા..હા...! કેળજ્ઞાન.. કેવળજ્ઞાન... કેવળજ્ઞાન વહ્યા કરે અનંત કાળ ' **તો પણ દ્રવ્ય તો એવું ને એવું જ રહે છે.**' આહા..હા..! વસ્તુ તો જેવી છે તેવી જ રહે છે. આહા..હા...! અરે..! પણ કેવળજ્ઞાનની પર્યાય મહા પૂર્ણ પ્રગટી, તો અંદર કંઈ ઓછું થાય છે કે નહિ ? ભગવાન ! તારો સ્વભાવ પૂર્ણ છે એમાં કદી વધઘટ થતી નથી. આહા..હા...! અંદર એને વિશ્વાસ નથી આવતો. સમજાય છે કાંઈ ? આહા..હા...! મારો સ્વભાવ પરિપૂર્ણ છે, ચાહે જેટલી વિકૃત, અવિકૃત અવસ્થા ઉત્પન્ન થાઓ તો પણ વસ્તુ તો પરિપૂર્ણ એકરૂપે બિરાજમાન છે. સમજાય છે કાંઈ ? આ બધું કરવું પડશે. ત્યાં અમેરિકા ને ફમેરિકામાં રખડે છે. ભાઈ આવ્યો નથી ? નથી આવ્યો. આ શનિવારે આવશે. શનિવાર, રવિવારે ભાવનગરથી આવે. પાંચ લાખ લઈને સંતુષ્ટ થઈને બેસી ગયો છે. દુકાન, ધંધો બધું બંધ કરી દીધું. બિલકુલ. અને આને તો કરોડો રૂપિયા છે તો પણ હખ નથી. હજી રખડ્યા રખડ (કરે છે) અને હાર્ટનું કાંઈક દરદ છે એમ કહે છે, આપણને બહુ ખબર નથી. છે ? હાર્ટમાં છે ને કાંઈક ?

મુમુક્ષુ :- આ અમેરિકા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાત તો સાચી છે. અમર નામ અમેરિકા, અમર થવાની વસ્તુ આ છે. આહા..હા...! ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ જન્મે નહિ, મરે નહિ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ ઉત્પાદ-વ્યયમાં આવે નહિ, ઉત્પાદ-વ્યયની પર્યાયમાં આવે નહિ, એવી ચીજ છે. આહા..હા...! ભાઈ ! તને ખબર નથી, બાપુ ! એ કોઈ અલૌકિક ચિત્ચમત્કાર વસ્તુ છે. આહા..હા...!

એ કેવળજ્ઞાનની પર્યાય વહેતી રહે, અનંત કાળ પરિણમતું રહે તો પણ એમાં **'દ્રવ્ય તો એવું ને એવું જ રહે છે.'** આહા..હા...! શું કહે છે આ ? જેમ ક્ષેત્રની અગાધતા.. આહા..હા...! ક્ષેત્રનો ક્યાં અંત ? શું આ વસ્તુ છે ? નાસ્તિક વિચારે તો એને (લાગે કે) આ ક્ષેત્ર છે એનો અંત ક્યાં ? આ ચૌદ રાજુલોક તો અસંખ્ય જોજનમાં છે. આ ચૌદ બ્રહ્માંડ તો અસંખ્ય જોજનમાં છે. પછી અનંત અનંત અનંત અનંત જોજન (છે), પ્રભુ ! એ કદી વિચારમાં લીધું છે. જ્ઞાનની ભૂમિકામાં કદી ઘડતર કર્યું છે ? કે આ શું વસ્તુ છે ? આહા..! જેની જ્ઞાનની પર્યાયમાં આકાશનો અંત નથી એમ દેખાય છે.. આહા..હા...! અંત નથી. છતાં જ્ઞાનની પર્યાય અનંતનું જ્ઞાન કરે છે. આહા..હા...! કેમ કે આત્મા ક્ષેત્રજ્ઞ છે. એ ક્ષેત્ર છે (એનો જાણનાર છે).

એક વાર કહ્યું હતું ને ? (સંવત) ૧૯૯૧માં 'જામનગર' ગયા હતા. ત્યાંના મહેરવાનજી દીવાન હતા એ આવતા હતા. વ્યાખ્યાનમાં તો દીવાન આદિ બધા આવે. એનો દીકરો આવ્યો. એ પારસી હતા. એને કહ્યું, તમે કંઈ ન માનો ભલે, હું આટલી વાત કરું છું, સાંભળો ! આ ક્ષેત્ર આવું છે, ક્ષેત્ર, એનો અંત ક્યાં આવે છે ? ભલે નાસ્તિકપણે વિચાર કરો પણ આ ક્ષેત્ર અસ્તિ છે કે નહિ ? અલોકની પર્યાય લોકને અંતે શરૂ થાય છે. પણ અંત ક્યાં ? કોઈ પણ આકાશના પ્રદેશની શ્રેણી લ્યો, ભલે અહીંથી લ્યો, એ શ્રેણી ક્યાં પૂરી થઈ ? એક આકાશની શ્રેણીની ધારા, હોં ! એવી અનંતી શ્રેણી છે. આ અગાધ જે ક્ષેત્ર છે તેનો જાણનારો તો અગાધ છે. ક્ષેત્રજ્ઞ છે ભગવાન આત્મા. ક્ષેત્રની હયાતી છે તો જાણે છે એમ પણ નહિ. પોતાની હયાતીમાં ક્ષેત્રનું જ્ઞાન પોતાને કારણે કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ ! આત્મા અને તે પણ સર્વજ્ઞ જિનેશ્વરે કહ્યો તે. અજ્ઞાનીઓ આત્મા આત્મા ઘણા કરે છે. વેદાંતી પણ આત્મા આત્મા (કરે છે), પણ એને આત્માની કંઈ ખબર નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...!

મુમુક્ષુ :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને ખબર જ ક્યાં છે, બીજો અને આ. સર્વવ્યાપક એક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે અને કાં ઈશ્વર કર્તા છે એમ માને. આખી દુનિયામાં એમાં પડી છે. આહા..હા...! પણ તારી ઈશ્વરતાનો કર્તા કોઈ નથી. તારી અનંતી ઈશ્વરતા પડી છે. ક્ષેત્રનો પાર નથી એમ તારા ગુણનો પાર નથી, ભાઈ ! તને ખબર નથી. અસંખ્ય પ્રદેશમાં પ્રદેશનો અંત આવી ગયો, પણ એ પ્રદેશમાં જે ગુણની સંખ્યા છે... આહા..હા...! ભાઈ ! એને વિચારમાં લે તો ખબર પડે કે એ સંખ્યા અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. એને અનંત ગુણું કરો તો પણ આ છેલ્લો ગુણ છે એમ આત્મામાં નથી. આહા..હા...! આવો જ્ઞાન અને આનંદનો સાગર નાથ (પોતે છે).

કેવળજ્ઞાનની પર્યાય વહેતી રહે છતાં દ્રવ્ય તો જેવું છે તેવું જ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અહીં દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરાવવા દ્રવ્યનું માહાત્મ્ય કરે છે. સમજાય છે કાંઈ ? એવું જ તારું દ્રવ્ય છે, પ્રભુ ! આહા..! ભગવત્ સ્વરૂપ છે તારું, ભાઈ ! ભગવત્‌માં અને તારામાં કંઈ ન્યૂનતા નથી. એ પર્યાયમાં પૂર્ણ થયા, તું સ્વભાવમાં પૂર્ણ છો. આહા..હા...! એ ૨૦૪ (બોલ પૂરો) થયો.

**ચૈતન્યની અગાધતા, અપૂર્વતા ને અનંતતા બતાવનારાં ગુરુના વચનો વડે શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે. ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે.**

**હે શુદ્ધાત્મદેવ ! તારા શરણે આવવાથી જ આ પંચ પરાવર્તનરૂપી રોગ શાન્ત થાય છે. જેને ચૈતન્યદેવનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ જાય છે. અહો ! મારા ચૈતન્યદેવમાં તો પરમ વિશ્રાન્તિ છે, બહાર નીકળતાં તો અશાન્તિ જ લાગે છે.**

**હું નિર્વિકલ્પ તત્ત્વ જ છું. જ્ઞાનાનંદથી ભરેલું જે નિર્વિકલ્પ તત્ત્વ, બસ તે જ મારે જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. ૨૦૫.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



૨૦૫. માખણ આવ્યું છે, એકલું માખણ ! આહા..હા...! **'ચૈતન્યની અગાધતા,...'** એના ગુણોની સંખ્યાની અગાધતા. આહા..હા...! **'અપૂર્વતા..'** પૂર્વે કદી સાંભળી નથી અને પૂર્વે કદી નહોતી એમ નથી, એવી અપૂર્વતા. અંદરમાં અનંત ગુણની અગાધતા (છે), પ્રભુ ! **'ને અનંતતા...'** આહા..! એ અનંત ગુણની ચૈતન્યતાની અનંતતા **'બતાવનારાં ગુરુનાં વચનો વડે...'** આહા..હા...! **'વચનો વડે શુદ્ધાત્મદેવ બરાબર...'** ભગવાન શુદ્ધાત્મદેવ.

એક વાર કહ્યું હતું કે અમે 'વડોદરા' ગયા હતા ને ? 'વડોદરા'. (સંવત) ૧૯૬૫-૬૬ની લગભગ વાત છે. અનસૂયાનું નાટક હતું. અનસૂયા સતી થઈ છે. ભરૂચને કાંઠે નર્મદા છે. (નર્મદા) અને અનસૂયા બે બહેન હતી. લોકોની અપેક્ષાએ એને સતી કહેતા હતા. અનસૂયાનું મોટું નાટક હતું. અમે માલ લેવા ગયા હતા તો અનસૂયાનું નાટક જોવા ગયા. દિવસે માલ લઈ લીધો, રાત્રે નિવૃત્તિ (હતી).

અનસૂયા બાઈ હતી એ વગર પરણે સ્વર્ગમાં જતી હતી. સ્વર્ગમાંથી નકાર આવ્યો કે અપુત્રસ્ય ગતિ નાસ્તિ. એ લોકોમાં આવે છે ને ? 'અપુત્રસ્ય ગતિ નાસ્તિ.' પુત્ર ન હોય એને સ્વર્ગની ગતિ નહિ મળે. મારે બીજું કહેવું છે. અંદર તો કહે, મારે શું કરવું ? નીચે પડ, જે હોય એની સાથે વર. નીચે પડ, જે હોય એને વર. એમાં નીચે એક આંધળો બ્રાહ્મણ હતો એની સાથે લગન કર્યાં. એને થયો પુત્ર. (નાટકમાં) કોઈને લઈ આવ્યા હશે. પછી આમ (કહે છે), બેટા ! 'શુદ્ધોસિ, બુદ્ધિસો, નિર્વિકલ્પોસી, ઉદાસીનોસી.' એમ બોલતી હતી. નાટકમાં ! પંડિતજી ! પહેલાંના નાટક એવા હતા. અત્યારે તો ફિલ્મે કાળા કેર કરી નાખ્યા. સ્ત્રી ઉભી હોય અને આદમી હાથ નાખે. અર..ર..! આ તે નૈતિક જીવન ? સ્ત્રી ને પુરુષ ને આમ દાંત કાઢે. અર..ર..ર...!

એ નાટકમાં બાઈ એમ બોલતી હતી. આહા..! તે દિ' તો મારી ઉંમર ૧૮-૧૯ વર્ષની હતી. બેટા ! તું શુદ્ધોસિ. આહા..હા...! બુદ્ધોસિ, નિર્વિકલ્પોસી, ઉદાસીનોસી. એટલા ચાર શબ્દ યાદ રહ્યા. બાકી બીજા પણ બોલતી હતી. આપણે અહીંયા છે. આપણે 'સમયસાર'ના 'બંધ અધિકાર'ની ટીકામાં છેલ્લે છે. આ બધા શબ્દ છે. 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં છેલ્લે છે અને 'સમયસાર' 'બંધ અધિકાર'ની 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છેલ્લે આ શબ્દ છે. ત્યાં તો ઘણા છે, ઘણા છે. આ તો ચાર યાદ રહ્યા. બોલી હશે (વધારે) પણ ઘણા વર્ષ થઈ ગયા ને. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નાટકમાં આવું આવતું હતું. આહા..હા...! અહીં તો ધર્મના સ્થાનકમાં પ્રરૂપણામાં આવું આવતું નથી. એય..!

ભગવાન ! તું શુદ્ધોસી છો ને પ્રભુ ! નાટકમાં મોટી સભા હતી. તમારી બાર આનાની ટિકીટ છે પણ તમે બોલો છે એ પુસ્તક લાવો. પુસ્તક વિના તમે શું બોલો છો એ સમજ્યા વિના (અમે નહિ બેસીએ). સમજાય છે કાંઈ ? તો બાર આનાનું પુસ્તક લેતા હતા. તમે શું બોલો છો એ સમજ્યા વિના અમને મજા નહિ પડે, કીધું. શું બોલો છો ? લાવો પુસ્તક. ભલે બાર આના લ્યો. બાર આના સમજ્યા ? પહેલેથી અમને અંદર વૈરાગ્યની ધારા હતી ને ! પણ આવા વૈરાગી નાટક, હોં ! શ્રૃંગારી નાટક બિલકુલ નહિ.

આ બાઈ આને કહે છે, પ્રભુ ! તું શુદ્ધ છો. તું બુદ્ધો નામ જ્ઞાનનો પિંડ છો. ઉદાસીનો–રાગથી, પરથી ઉદાસ છે. આહા..હા...! અને નિર્વિકલ્પોસી. આપણે આમાં આવે છે. નથી અહીં ? 'સમયસાર' છે ? નથી. અહીં બધા નથી આવતા. આપણે 'જયસેનાચાર્યદેવ'ની ટીકા છે ને ? 'બંધ અધિકાર'માં. છે અહીં પુસ્તક ? નથી. 'પરમાત્મ પ્રકાશ'માં છેલ્લે પાને છે. 'પરમાત્મ પ્રકાશ' ક્યાં છે ? 'પરમાત્મ પ્રકાશ' પણ અહીં નથી. આ રહ્યું, લ્યો ! 'સમયસાર', 'બંધ અધિકાર' છે. છેલ્લે છે. 'જયસેનાચાર્યે' ઘણું લીધું છે. જુઓ (ગાથા–૨૮૩-૨૮૫).

**'तस्य बंधस्य विनाशार्थं'** સંસ્કૃત છે. **'तस्य बंधस्य विनाशार्थं विशेष भावना'** વિશેષ ભાવના કહે છે. **'सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं,'** બે વાર અહીંયા આવ્યું છે અને ત્રીજી વાર 'પરમાત્મ પ્રકાશ'માં છે. **'सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं, निर्विकल्पोहं, उदासीनोहं, निरंजननिजशुद्धात्मसम्यक् श्रद्धानज्ञानानुष्ठानरूपनिश्चयरत्नत्रयात्मक निर्विकल्पसमााधिसंजात वीतरागसहजानंदरूप सुखानुभूति- मात्रलक्षणेन स्वसंवेदन-ज्ञानेन संवेद्यो गम्यः'** આહા..હા..! હું તો પરમ શાંતિ અને આનંદથી સંવેદ્ય–ગમ્ય છું. પંડિતજી ! બંધ અધિકારમાં છે. આહા..હા..! અહીંયા તો ઘણી વાર કહ્યું છે. આહા..હા...! પેલા તો ચાર બોલ યાદ રહ્યા, પણ અહીંયા તો ઘણા છે.

**'संवेद्यो गम्यः प्राप्यः, भरितावस्थोऽहं,'** **'भरितावस्थ'** નામ પર્યાય નહિ. અવસ્થ–હું પૂર્ણ ભરેલો છું. આહા..હા...! છે ? **'राग-द्वेष-मोह-क्रोध-मान-माया-लोभ-पंचेंद्रियविषयव्यापार, मनोवचनकायव्यापार भावकर्म-द्रव्यकर्म-नोकर्म-ख्याति-पूजा-लाभ-**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानमायामिथ्याशल्यत्रयादिसर्व-विभावपरिणामरहितः शून्योऽहं'** એનાથી શૂન્ય છું. આહા..! **'जगत्रये कालत्रयेपि मनोवचनकायैः कृतकारितानुमतैश्च शुद्धनिश्चयेन, तथा सर्वेजीवाः' 'सर्वेजीवाः'** જુઓ ! આ ટીકા. **'इति निरंतर भावना कर्तव्या'** આહા..હા..! અને 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં છેલ્લે છે. અહીંયા અને 'પરમાત્મ પ્રકાશ'માં છે. આ વળી પુસ્તક મળી ગયું.

મુમુક્ષુ :– બંધ અધિકાર છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– બંધ અધિકાર, સમયસાર. સંસ્કૃતમાં છે ઇ. બંધ અધિકારમાં **'बंधस्य विनाशार्थं'** એમ આવ્યું ને ? બંધ બતાવવાનો હેતુ બંધનો નાશ કરવાનું કારણ છે. બંધ બતાવવાના હેતુમાં વીતરાગતા પ્રગટ કરવી છે. બંધ બતાવવાનો હેતુમાં બંધમાં રહેવું એ બતાવવું નથી. આહા..હા...! બંધની પર્યાયનો નાશ કરી, વીતરાગી પર્યાય પ્રગટ કરવા માટે **'बंधस्य विनाशार्थं'**નું કથન છે. આહા..હા...! સંસ્કૃત છે.

એમ અહીંયા કહ્યું **'ચૈતન્યની અગાધતા, અપૂર્વતા અને અનંતતા...'** આહા..હા...! **'ગુરુના વચનો વડે શુદ્ધાત્મદેવ...'** ભગવાન શુદ્ધાત્મદેવ. આહા.હા...! નાટકમાં એ ચાલતું હતું એ અત્યારે સંપ્રદાયમાં ચાલતું નથી. નહિ, નહિ એ તો બધી નિશ્ચયની વાત છે. શું કરવું ? વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો મંદિરની અને મંદિરો બનાવો, તમારું કલ્યાણ થશે. આહા..!

'પદ્મનંદી પંચવિંશતિઃ'માં આવ્યું છે કે એક નાની પ્રતિમા બનાવે તો પણ સંઘવીની પદવી મળે, 'પદ્મનંદી પંચવિંશતિઃ'માં એમ છે. છે, ખબર છે, બધી ખબર છે. 'પદ્મનંદી પંચવિંશતિઃ'માં છે. પણ એ તો સમ્યગ્દૃષ્ટિ છે, અનુભવી છે, આત્માના આનંદના સ્વાદી છે, એ જીવ ભગવાનની પ્રતિમા થોડી પણ સ્થાપે તો ત્યાં એને શુભભાવ છે. એ શુભભાવમાં એને પુણ્ય બંધાશે.

મુમુક્ષુ :– એના ગુણ સરસ્વતી પણ ન ગાઈ શકે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એવું પુણ્ય એટલું બંધાશે. સરસ્વતી ન કહી શકે એમ એમાં છે. પુણ્ય છે ને ? સમ્યગ્દૃષ્ટિ છે ને ? આત્માના આનંદના સ્વાદમાં રાગ આવે છે તો દુઃખ લાગે છે. એને એવા પુણ્ય બંધાય જાય કે સરસ્વતી કહી શકે નહિ. 'પદ્મનંદી પંચવિંશતિઃ'માં એમ કહે છે. છે, બધા વ્યાખ્યાન થઈ ગયા છે. અહીં તો ૪૩ વર્ષથી, ૪૪ વર્ષથી ચાલે છે. આ ૪૪ મું ચોમાસુ છે. આહા..હા...! આ ૪૪ માં યાદ આવ્યું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીંયા બાર મહિનામાં ૭૪૪૦૦૦/- રૂપિયા આવ્યા છે. કાલે કહેતા હતા. આપણા મુનિમ છે ને ? બાર મહિનામાં ૭૪૪૦૦૦/- આવ્યા. અને ૬૪૪૦૦૦/- નો ખર્ચ થયો. અહીં ખર્ચો પણ બહુ થાય છે ને. એમાં શું છે ? એ તો જે પૈસા આવવાના એ આવશે જ, નહિ આવવાના નહિ આવે. એ તો જગતની ચીજ છે. આહા..હા...!

મુમુક્ષુ :– આપની સંસ્થા બહુ જોરદાર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રતાપની પર્યાય પરમાં પેસે છે ? આહા..! કોઈ કહે છે કે, પ્રભાવ પડે છે. તો પ્રભાવની વ્યાખ્યા શું ? આ ગુણની પર્યાય ત્યાં અંદર જાય છે ?

મુમુક્ષુ :– એમાં ન જાય પણ એના ઉપર છાપ પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– છાપ ક્યાંથી પડે ? પર્યાય ન્યાં જાતી નથી તો છાપ પડે ક્યાંથી ? એ તો એની યોગ્યતામાં મહત્તા લાગે છે તો પ્રભાવ પડ્યો એમ માને છે. છે ક્યાં ? વસ્તુ એવી છે. આહા..હા...!

**'શુદ્ધાત્મદેવને બરાબર જાણી...'** જુઓ ! છે ને ? **'જાણી શકાય છે.'** આહા..હા...! **'ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે...'** એ પર્યાયની મહિમા અને એક વિકલ્પની મહિમા પણ છૂટી જાય. અનંત આનંદનો નાથ, એની જ્યાં મહિમા લાગે ત્યાં સંસારના કોઈપણ વિકલ્પ, તીર્થંકર ગોત્ર બાંધે એવા ભાવનો મહિમા પણ ઉડી જાય. આહા..હા...! સમજાય છે કાંઈ ? છે ? **'ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે.'** આહા..હા...! રાગ અને પરની મહિમા છૂટે ત્યારે ભગવાન સમીપ આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

ભાઈ ! આ તો ભાગવત કથા, ભગવંતની કથા છે, પ્રભુ ! આહા..હા...! ભગવાન ચૈતન્યસ્વરૂપ, એમાં અગાધ શક્તિ, અપાર શક્તિ, અનંતતા (ભરી છે). એવા સ્વભાવની મહિમા આવતા એને રાગ અને સંસારની મહિમા છૂટી જાય છે. આહા..હા...! એની મહિમા આગળ વિષયની વાસના હોય પણ વાસનામાં સુખબુદ્ધિ ઉડી જાય છે. આહા..હા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો નાથ છે એનો જ્યાં મહિમા આવ્યો, દૃષ્ટિમાં એનો સ્વીકાર, સત્કાર થયો તો શુભભાવની મહિમા પણ ઉડી જાય છે. આહા..હા...! શુભભાવમાં સુખ છે એ બુદ્ધિ ઉડી જાય છે. દુઃખ લાગે છે. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ પણ જ્ઞાનીને દુઃખ લાગે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



‘મોક્ષમાર્ગ પ્રકાશક’માં કહ્યું છે, એક ફેરી બતાવ્યું હતું, નહિ ? ‘સમયસાર નાટક’ છે ને ? ‘મોક્ષ દ્વાર’. લ્યો, ‘મોક્ષ દ્વાર’ જ આવ્યું. (પદ–૪૦). છઠ્ઠે ગુણસ્થાને આત્માના અનુભવની ઉગ્રતા, ભાવલિંગ અનુભવની પ્રચુરતા પ્રગટ થઈ છે. એવું ભાવલિંગ છે. એને છઠ્ઠે ગુણસ્થાને જ્યારે વિકલ્પ ઉઠે છે... **‘તા કારન જગપંથ ઇત..’** એ પ્રમાદનો વિકલ્પ જગપંથ છે. આહા..હા..! **‘ઉત સિવ મારગ જોર.’** ભગવાનની સમીપ જાય છે ત્યાં શિવમાર્ગનું જોર વર્તે છે, જોર વર્તે છે. આહા..હા...! **‘પરમાદી જગકૌં ધુકૈ,...’** અરે..! છઠ્ઠે ગુણસ્થાનમાં પ્રમાદ છે એ પ્રમાદી જગકો ધૂકૈ. આહા..હા...! એટલો ભાવ સંસાર છે. સમજાય છે કાંઈ ? આ તો શુભભાવમાં રાજી રાજી થઈને (માને કે) શુભભાવથી અંદર થશે. અરે..! પ્રભુ ! શું કરે છે તું ? આહા..હા...! ‘કળશ-ટીકા’ બનાવી છે ને ? આ દૃષ્ટિએ વાંચવું એમ લખ્યું છે. આહા..હા...!

જગપંથ. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ ઉઠે છે એ જગપંથ છે, પ્રભુ ! આહા..હા...! તે મહાવ્રતનો વિકલ્પ, પ્રભુ ! એ રાગ છે, નાથ ! એ તારી જાત નહિ. એ સંસારની જાત છે, એ તારા સ્વરૂપમાં નથી. તું મુક્તસ્વરૂપ છો ને, પ્રભુ ! આહા..હા...! સમજાય છે કાંઈ ? **‘પરમાદી જગકૌ ધુકૈ, અપરમાદિ સિવ ઓર.’** અપ્રમત્ત દશાવાળો મોક્ષ તરફ ઢળે છે. છઠ્ઠા-સાતમાની દશામાં આ વર્ણન છે. આહા..હા...! અહીં તો હજી પહેલાં મિથ્યાત્વમાં પડ્યા હોય અને શુભક્રિયા કરતાં કરતાં સમકિત થશે (એમ માને છે). અરે..! પ્રભુ ! શું કરે છે તું આ ? પહેલાં અશુભ છોડો પછી શુભ આવે છે. શુભ .. ધૂળમાં પણ નથી, સાંભળ તો ખરો. એય..! એ તો સમ્યગ્દર્શન અનુભવમાં થયું છે પછી પહેલાં અવ્રતને છોડવા પછી વ્રતને છોડવા એમ ‘સમાધિ શતક’માં આવે છે. સમજાય છે કાંઈ ? અંતર અનુભવ છે એની વાત છે એ તો.

‘સમાધિ શતક’માં આવ્યું છે કે જ્યાં સુધી રાગમાં છે ત્યાં સુધી એને સંસાર છે. તડકો હોય ને ? તડકામાં રહે તો દુઃખ થાય, ઝાડના છાંયે જાવું. એમ જ્ઞાનીને અવ્રત કરતાં વ્રતમાં આવવું. પણ એ કઈ અપેક્ષાથી ? એ તો આત્માનો અનુભવ છે, આનંદનો સ્વાદ છે, એને અવ્રતમાંથી વ્રતમાં આવવું. એ વ્રત ક્યારે આવે છે ? કે જ્યારે ચોથા ગુણસ્થાન કરતાં અંદરમાં શાંતિ ઘણી વધી જાય છે ત્યારે વ્રતના વિકલ્પ આવે છે. આહા..હા...! એને ત્યાં છાંયો કહેવામાં આવ્યું છે. પુણ્યના ભાવમાં સ્વર્ગમાં જશે. આહા..! પાપના ભાવમાં નરકમાં જશે. એ આ અપેક્ષાએ કહ્યું છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અરે..રે.! ઘણા એનો આધાર લે છે. પહેલાં ક્રમે પાપ ટાળવું ને પછી પુણ્ય ટાળવું. પણ કોને ? અજ્ઞાની તો મિથ્યાત્વના મોટા પાપમાં પડ્યો છે, એને ટાળવું ક્યાં રહ્યું ? સમજાય છે કાંઈ ?

અહીં એ કહ્યું, **'ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે.'** આહા..હા...! શું કહે છે ? રાગના પ્રેમમાં ભગવાન દૂર થઈ જાય છે. આહા..હા...! અને રાગની મહિમા છૂટી જવાથી ભગવાન ચૈતન્ય સમીપ આવે છે. ભાષા તો ગુજરાતી સાદી છે. આહા..હા..!

**'હે શુદ્ધાત્મદેવ ? તારા શરણે આવવાથી જ આ પંચપરાવર્તનરૂપી રોગ શાંત થાય છે.'** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ પંચ પરાવર્તન, પ્રભુ ! તારા શરણે આવવાથી પંચ પરાવર્તનનો અંત આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? પંચ પરાવર્તનમાં શુભભાવ આવ્યો કે નહિ ? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ. ભાવ પણ પરાવર્તનમાં આવી ગયા. બન્ને આવી ગયા. શુભ પણ ભેગું આવી ગયું. આહા..હા...! શુભ કે અશુભ બન્ને કર્મચક્ર છે. આહા..હા...!

અહીં તો કહે છે, પ્રભુ ! તારી વસ્તુ એવી છે.. આહા..હા...! તારી સમીપમાં જવાથી.. રાગના પ્રેમમાં તું તારા (પ્રભુની) સમીપથી હટી ગયો છે. રાગનો પ્રેમ છોડી, મહિમા છોડી, પ્રભુ ! તારા સ્વભાવમાં જા. આહા..! તારા પંચ પરાવર્તનનો અંત આવી જશે. શુભાશુભ ભાવનો અંત આવી જશે. તારા સ્વભાવને શરણે જવાથી શુભાશુભ પરાવર્તનનો અંત આવી જશે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..!

**'જેને ચૈતન્યદેવનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ જાય છે.'** મને દીકરો મળ્યો ને પૈસા મળ્યા ને અબજોપતિ થયો ને મોટું મકાન મળ્યું, બધી મહિમા મિથ્યાદૃષ્ટિને લાગે છે. આહા..! એક દિવસમાં પાંચ પાંચ લાખની પેદાશ કરે છે ને મારે આઠ દીકરા છે અને એક એકને દસ-દસ લાખની મહિનાની પેદાશ છે. શું છે ? ધૂળ. તારા દીકરા ક્યાં છે ને તારા પૈસા ક્યાં છે ? આહા..હા...!

મુમુક્ષુ :– લૌકિકમાં ... લોકોત્તરમાં નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લૌકિકમાં મુર્ખાઈમાં હોય. મુર્ખાઈથી ભરેલું લૌકિક છે. આહા..હા...!

**'જેને ચૈતન્યદેવનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ જાય છે. અહો !**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મારા ચૈતન્યદેવમાં તો પરમ વિશ્રાંતિ છે,...'** વિશ્રાંતિગૃહ છે. આ વિશ્રાંતિગૃહ બનાવે છે ને ? પહેલાં પંદર હજારનું બનાવીને દસ હજાર લીધા, હવે દસ હજારનું બનાવીને પાંચ હજાર લીધા. આ વિશ્રાંતિગૃહ ભગવાન છે. આહા..હા..! સંસારનો થાક ઉતરી જશે, અંદર વિશ્રાંતિ કર. આહા..હા...! આનંદના નાથમાં સ્થિતિ કરી વિશ્રાંતિ લે છે. **'બહાર નીકળતાં તો અશાંતિ જ લાગે છે.'** વિશ્રાંતિ ગૃહમાંથી બહાર આવે તો શુભભાવમાં આવે તો પણ અશાંતિ છે. આહા..હા..!

**'હું નિર્વિકલ્પ તત્ત્વ જ છું. જ્ઞાનાનંદથી ભરેલું જે નિર્વિકલ્પ તત્ત્વ, બસ તે જ મારે જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.'** ધર્મીને તો આ છે. કોઈ વિકલ્પ પણ નથી જોઈતા તો એના ફળ આ બાયડી, છોકરા, કુટુંબ, હજિરા મોટા.. આહા..હા...! અમને તો અમારો આત્મા આનંદનો નાથ જોઈએ, બીજું કાંઈ જોઈતું નથી. એવી સમ્યગ્દષ્ટિની ભાવના હોય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✠ ✠ ✠

**'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતાં આત્મા શરીરરૂપ નથી, વાણીરૂપ નથી, પુણ્ય-પાપરૂપ નથી ને એક સમયની પર્યાયમાત્ર નથી. 'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતાં જ્ઞાન દર્શન, અકાર્યકારણ, ભાવ આદિ અનંત શક્તિમય આત્મા છે. પ્રભુ ! તારા ઘરની શી વાત ! તારામાં અનંતી શક્તિઓ ભરી પડી છે ને એક-એક શક્તિ અનંત સામર્થ્યવાન છે, એક-એક શક્તિ અનંત ગુણોમાં વ્યાપક છે, એક-એક શક્તિમાં બીજી અનંત શક્તિનું રૂપ છે, એક-એક શક્તિ બીજી અનંત શક્તિમાં નિમિત્ત છે. એવી એક-એક શક્તિમાં અનંતી પર્યાય પર્યાય છે, તે પર્યાય ક્રમે ક્રમે થતી હોવાથી તે ક્રમવર્તી છે. તથા અનંતી શક્તિઓ એક સાથે રહેતી હોવાથી તે અક્રમવર્તી છે. એ અક્રમવર્તી ને ક્રમવર્તી ગુણ-પર્યાયનો પિંડ તે આત્મદ્રવ્ય છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ પણ શુદ્ધ છે તેથી તેની દૃષ્ટિ કરતાં પરિણમન પણ શુદ્ધ જ હોય**

**'પરમાગમસાર' બોલ નં.૧૬૯.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જ્ઞાનીને ચૈતન્ય કા અસ્તિત્વ ગ્રહણ કિયા હૈ. અભેદ મેં હી દૃષ્ટિ હૈ : 'મૈં તો જ્ઞાનાનંદમય એક વસ્તુ હું'. ઉસે વિશ્રાંતિ કા મહલ મિલ ગયા હૈ, જિસમેં અનંત આનંદ ભરા હૈ. શાંતિ કા સ્થાન, આનંદ કા સ્થાન—ઐસા પવિત્ર ઉજ્જવલ આત્મા હૈ. વહાં જ્ઞાયક મેં–રહકર જ્ઞાન સબ કરતા હૈ પરંતુ દૃષ્ટિ તો અભેદ પર હી હૈ. જ્ઞાન સબ કરતા હૈ પરંતુ દૃષ્ટિ કા જોર ઇતના હૈ કિ અપને કો અપની ઓર ખીંચતા હૈ. ૨૦૬.**

**શ્રાવણ વદ ૧૪, શુક્રવાર તા. ૦૧-૦૯-૧૯૭૮.**
**વચનામૃત–૨૦૬, ૨૦૭, ૨૦૮, પ્રવચન–૮૨**

'વચનામૃત' ૨૦૬. **'જ્ઞાનીએ ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કર્યું છે.'** શું કહે છે ? જેને ધર્મી કહેવાય છે તેને જ્ઞાની કહેવાય છે. તો જ્ઞાનીએ શું કર્યું ? કે અખંડ જ્ઞાયકભાવનું એકત્વ કર્યું છે. ગ્રહણ કર્યું છે એનો અર્થ ત્રિકાળી જ્ઞાયકભાવમાં એકત્વબુધિ કરી. તેને આત્મા ગ્રહણ કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'ચૈતન્યનું અસ્તિત્વ...'** ચૈતન્યનું અસ્તિત્વ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. સત્તા અસ્તિત્વ છે એને ધર્મીએ પકડી લીધું છે અને ધર્મ કરવો હોય તો એને પકડવાનો છે. આહા..હા...! આવી ઝીણી વાત છે.

પર્યાયને અનાદિથી પકડી છે અને રાગ ને પર્યાયને પકડ્યા છે તો એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! એણે જ્યારે પોતાનો સ્વભાવ ચૈતન્ય જ્ઞાયક ધ્રુવ, આનંદનો સાગર ને જ્ઞાનનો સાગર પ્રભુ ઉપર દૃષ્ટિ લગાવી એમાં એકાકાર થાય છે. 'દ્રવ્ય સંગ્રહ'માં ૪૭ ગાથામાં એમ કહ્યું. ૪૭ એટલે ચાર અને સાત. **'दुविहं पि मोक्खहेउं झाणे**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**पाउणदि जं मुणी णियमा।'** આહા..હા...! નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ આરોપિત, એ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. આહા..હા...! કોઈ વિચારધારા ચાલે ને રાગ ચાલે એનાથી પ્રાપ્ત થતો નથી. આહા..હા...! શું કહે છે ? **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।'** આહા..હા...! ઘણી વાત છે, ભાઈ ! એ શાસ્ત્રજ્ઞાનથી કે દયા, દાન, વ્રતાદિના વિકલ્પથી પ્રાપ્ત થતો નથી. આહા...! એ તો ધ્યાનમાં અંદર ત્રિકાળી જ્ઞાયકભાવમાં ધ્યાન લગાવીને, ધ્યાનનો વિષય ત્રિકાળીને બનાવી, આહા..હા..! ચૈતન્યનું અસ્તિત્વ શ્રદ્ધામાં, જ્ઞાનમાં ગ્રહણ કર્યું. આ વાત છે, ભાઈ ! બહુ ઝીણી. સમજાય છે કાંઈ ? પછી બોલતા આવડે, ન આવડે, સમજાવતા ન આવડે તો એ કોઈ વસ્તુ નથી. આહા..હા...!

અંતર ભગવાન આનંદનું દળ, જ્ઞાનનો સાગર પ્રભુ, એવું ચૈતન્યનું અસ્તિત્વ જે સત્તા મોજૂદગી વસ્તુ છે, એક સમયની પર્યાય જેવડો પણ નહિ, આહા..હા...! ત્રિકાળી જ્ઞાયકભાવ મોજૂદ વસ્તુ છે તેને વર્તમાન પર્યાયમાં તેમાં એકાગ્ર થઈને પકડ્યો. આહા..હા...! જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાયો, એ જ્ઞાયકને પકડ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા...! ધ્યાનની વાત છે, ભાઈ ! ભગવાન ! સમજાય છે કાંઈ ? આહા..!

મુમુક્ષુ :– કાલે શુદ્ધ ઉપયોગની વાત કરી હતી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ શુદ્ધ ઉપયોગની જ વાત છે. પછી શુદ્ધ ઉપયોગ આવશે. ૨૦૭. ભાઈ ! શુભ અને અશુભ ઉપયોગની દશાની દિશા પર તરફ છે. શું કહે છે ? શુભ અને અશુભરાગની દશા પર તરફની દિશામાં છે. પર તરફના લક્ષથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! અને શુદ્ધઉપયોગની દશા એ ત્રિકાળી દિશાવાન જે દિશા છે, દ્રવ્યની દિશા છે, શુદ્ધ ઉપયોગની દશા ત્યાં જાય છે.

મુમુક્ષુ :– ચાર દિશામાંથી કઈ દિશા છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– દસ દિશા છે ને ? ચાર છે–પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ. એમાંની કઈ દિશા છે, એમ કહે છે. અહીંયા તો દિશાનો અર્થ શુભાશુભ ભાવનું ધ્યેય પર છે, પર દિશા છે. તે તરફની દિશામાં દશા ઉત્પન્ન થાય છે. અને શુદ્ધઉપયોગની દશા ત્રિકાળી જ્ઞાયકના ધ્યેયની દિશાથી ઉત્પન્ન થાય છે. આહા..હા...! ભાઈ ! એ મારગડા, બાપા ! જુદા ભાઈ ! જન્મ-મરણ કરીને અનંતકાળથી હેરાન થયો છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'પરમાત્મ પ્રકાશ'માં ૩૬ મી ગાથામાં તો કહ્યું છે, જેણે પર્યાય અને રાગનો આદર કર્યો, એણે ભગવાન ત્રિલોકનાથનો અનાદર, હેય કર્યો છે. આહા..હા...! જેનો પ્રેમ પર્યાય અને રાગ ઉપર રહ્યો, તેને આત્મા હેય થઈ ગયો. એમ લખ્યું છે. 'પરમાત્મ પ્રકાશ' ૩૬ ગાથા છે. આહા..હા.! આવી વાત છે, ભાઈ ! અને જેણે આત્મા ઉપાદેય કર્યો, ઉપાદેયનો અર્થ ગ્રહણ, ત્રિકાળી ચૈતન્યકંદ પ્રભુ, આહા..હા...! ધ્રુવને ધ્યેય બનાવી.. આહા..હા..! જેણે પર્યાયમાં એને ગ્રહણ કર્યો. એટલું મહા અસ્તિત્વ છે એમ પર્યાયમાં શ્રદ્ધા થઈ ગઈ અને જ્ઞાનની પર્યાયમાં મહા અસ્તિત્વનું જ્ઞાન થયું તેણે મહા અસ્તિત્વને ગ્રહણ કર્યું. આહા..હા...! ભારે વાત, ભાઈ !

**'અભેદમાં જ દૃષ્ટિ છે :'** જ્ઞાની–ધર્મી જીવને દૃષ્ટિ અભેદ ઉપર છે. ત્રિકાળી જ્ઞાયક ઉપર દૃષ્ટિ છે. કેમ કે એણે પર્યાયમાં ગ્રહણ કર્યો છે તો દૃષ્ટિ ત્યાં છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? રાગથી ભેદજ્ઞાન કર્યું તો કાયમની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે અને ભેદજ્ઞાન કાયમ ચાલે જ છે, કરવું પડતું નથી. પહેલાં ભેદ કર્યો, પર્યાય ને રાગથી મારી ચીજ ભિન્ન છે એવું ભેદજ્ઞાન કર્યું, તો પછી ભેદજ્ઞાન રાગથી ભિન્ન કરવું પડે એમ નથી. એ ભેદજ્ઞાન જ પ્રવાહમાં ચાલે છે. આહા..હા...! માર્ગ બાપા બહુ ઝીણો છે, ભાઈ ! આહા..હા...! બહુ વાંચતા આવડે ને બહુ બોલતા આવડે માટે ધ્યાન થઈ જાય, એવી આ ચીજ નથી. આહા..હા...! અને બહુ વિકલ્પ શુભરાગના કરે માટે અંદરમાં ધ્યાનમાં આવી જાય, એમ નથી, ભાઈ ! આહા..હા...! મુદ્દાની રકમની વાત છે.

**'અભેદમાં જ દૃષ્ટિ છે :'** અભેદમાં જ દૃષ્ટિ છે. કેમ કે રાગથી ભિન્ન પડી ચૈતન્યને શ્રદ્ધા-જ્ઞાનમાં ગ્રહણ કર્યું તો શ્રદ્ધાનો વિષય દ્રવ્ય છે, ત્યાં અભેદમાં જ દૃષ્ટિ પડી છે. ચાહે તો રાગમાં આવતા હોય પણ દૃષ્ટિ તો અભેદ ઉપર છે. ધ્રુવના ધ્યેયમાંથી દૃષ્ટિ ખસતી નથી. ખસતી નથીને શું કહે છે ? હટતી નહિ. આહા..હા...!

**'હું તો જ્ઞાનાનંદમય એક વસ્તુ છું.'** આહા..હા...! સમ્યગ્દૃષ્ટિને– કે સમ્યગ્જ્ઞાનીને... આહા..હા...! હું તો જ્ઞાનાનંદમય, જ્ઞાન, આનંદવાળો નહિ. જ્ઞાનાનંદમય અભેદ. આહા..હા...! હું જ્ઞાન અને આનંદવાળો છું એમ નહિ, એ તો ભેદ થઈ ગયો. આહા..હા...! આવી વાત છે, પ્રભુ ! હું તો જ્ઞાનાનંદમય–જ્ઞાન અને અતીન્દ્રિય આનંદમય વસ્તુ છું. એમ ધર્મીની દૃષ્ટિ ત્યાં પડી છે. આહા..હા...! **'તેને વિશ્રાંતિનો**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

**મહેલ મળી ગયો છે,...'** આહા..હા...! વિશ્રાંતિનો મહેલ, મહાસાગર પ્રભુ અંદર મળી ગયો.

મુમુક્ષુ :– વિશ્રાંતિનો મહેલ એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— વિશ્રાંતિનું સ્થાન, વિશ્રાંતિનું ધામ.

મુમુક્ષુ :– એ તો અંતરમાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એની તો વાત ચાલે છે. વિશ્રાંતિનું ધામ એ છે.

મુમુક્ષુ :– એમાં મહેલ સમાય એવું ક્યાં છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મહેલ એટલે વિશ્રાંતિનું ધામ. 'સ્વયં જ્યોતિ સુખધામ.' આહા..હા..! સ્વયં આનંદજ્યોતિ સુખધામ. મારું ક્ષેત્ર, મારું ધામ, મારું સુખધામ. આહા..હા...! એ ત્રિકાળી જ્ઞાયક એ વિશ્રામ મહેલ છે. આહા..હા...! જેમાં દૃષ્ટિએ પ્રવેશ કર્યો અર્થાત્ દૃષ્ટિમાં જેનો સ્વીકાર કર્યો એને વિશ્રાંતિનો મહેલ મળી ગયો. આહા..હા...! અનાદિનો પુણ્ય અને પાપનો થાક ને અવિશ્રામ હતો, તેને અંતર દૃષ્ટિ જ્યાં થઈ.. આહા..હા...! ત્યાં એને વિશ્રામ લેવાનું સ્થાન–ધામ મળી ગયું. આહા..હા...! અંદર ધામ–સુખધામ એ છે. આ બંગલા છે એ તો દુઃખધામ છે. દુઃખધામ વસ્તુ નથી પણ દુઃખમાં નિમિત્ત છે. આહા..હા...!

મુમુક્ષુ :– આરામ મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આરામ ક્યાં મળે છે ? ધૂળમાં પણ આરામ નથી. આહા..હા..! અમારે ત્યાં કહ્યું નહિ ? આમોદવાળા મુંબઈમાં (રહે) છે. આપણા દિગંબર છે. સીત્તેર લાખનો તો રહેવાનો એક બંગલો છે. સીત્તેર લાખનો એક બંગલો. ઘણા પૈસા છે, પાંચ-છ કરોડ રૂપિયા છે. નરમ છે, શાંત છે, અહીંનો પ્રેમ બહુ છે. એમને, એમની માતાને. એમાં અમે ઉતર્યા હતા. સીત્તેર લાખનું એક મકાન. એવું મોટું મકાન હતું. પાંચ-છ કરોડ રૂપિયા છે. બે ભાઈઓ છે. એની માતાને બહુ પ્રેમ છે.

મુમુક્ષુ :– મહારાજ ! એમાં તો આકુળતાનો પાર નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આકુળતા છે એમાં, ધૂળ પણ ત્યાં નથી. એ દુઃખના નિમિત્ત છે. દુઃખધામ એ નથી, ત્યાંથી દુઃખ ઉત્પન્ન નથી થતું. એ તો નિમિત્ત છે. ઉત્પન્ન થાય છે પરના લક્ષે પોતાનો દુઃખભાવ, એ વિકારની પર્યાય દુઃખનું ધામ છે. મકાન નહિ, પૈસો નહિ. એ તરફનું લક્ષ થયું અને રાગ ઉત્પન્ન થયો એ દુઃખનું ધામ છે.

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને ભગવાન આત્મા આનંદનું વિશ્રામધામ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? પુસ્તક તો બહુ સારું બહાર આવી ગયું છે. લોકો વાંચે છે અને પત્ર આવે છે.. ઓહો..હો...!

મુમુક્ષુ :- કોઈક છાપાવાળા વિરોધ પણ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ કરે, એનું કાંઈ નહિ. અનાદિની જે વાત બેઠી હોય એ કરે. એને રાગથી કલ્યાણ થાય, દયા, દાન, વ્રત પાળીએ તો કલ્યાણ થાય એ વાત અહીંયા ઉડે એટલે એને દુઃખ લાગે એટલે વિરોધ કરે. એમાં વિશેષતા કાંઈ નથી. આહા..હા...!

અહીં તો પર્યાયના લક્ષે પણ ચૈતન્યધામ પ્રાપ્ત થતું નથી. રાગના લક્ષે તો નહિ, પ્રભુ ! એક અંશ જે પર્યાય પ્રગટ વ્યક્ત છે, ભગવાન તો એ અપેક્ષાએ અવ્યક્ત છે. પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત છે. ૪૯ ગાથામાં કહ્યું. છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય વ્યક્ત છે, તેનાથી ભિન્ન ભગવાન અવ્યક્ત છે. એ છ બોલમાં એક બોલ લીધો. સમજાય છે કાંઈ ? અરે..! આવી વાતું હવે. ભાઈ ! તને ખબર નથી. અંદર પ્રભુ મહા અનંત અનંતી ઈશ્વરતાના ચમત્કારથી ભરેલો ભગવાન છે. આહા..હા...! એની ઈશ્વરતા.. એમાં એક પ્રભુતા નામનો ગુણ છે. ૪૭ ગુણ છે ને ? પ્રભુતા નામના ગુણનું કાર્ય શું ? કે પોતાના સ્વતંત્ર પ્રભુતાના અખંડ ભાવમાં સ્વતંત્રતાથી શોભા થાય એ પ્રભુતાનો ગુણ છે. આહા..હા...!

મુમુક્ષુ :- એવો ગુણ તો છએ દ્રવ્યમાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- છએ દ્રવ્ય નહિ, અહીં તો આત્માની વાત છે. એને તો ખબર પણ નથી. આ તો ખબર છે એની વાત છે. સમજાય છે કાંઈ ? પ્રભુત્વ નામનો ગુણ છે. જેમાં અખંડપણાની સ્વતંત્ર શોભાથી બિરાજમાન ભગવાન આત્મા, એવો પ્રભુત્વ નામનો ગુણ છે. આહા..હા...! અને એ પ્રભુત્વ નામના ગુણનું રૂપ અનંત ગુણમાં છે. જ્ઞાનમાં પ્રભુતાનું રૂપ છે, દર્શનમાં રૂપ છે, આનંદમાં છે, અસ્તિત્વમાં છે, વસ્તુત્વમાં છે. આહા..હા...! એવા અનંત અનંત અનંત ગુણના અનંત રૂપ ઈશ્વરતાથી ભરેલો પ્રભુ, આહા..! એ વિશ્રામગૃહ છે. આહા..હા...! છે ?

**'વિશ્રાંતિનો મહેલ મળી ગયો...'** મહેલનો અર્થ ધામ. **'જેમાં અનંતો આનંદ ભરેલો છે.'** આહા..હા...! ભાઈ ! તને ખબર નથી, બાપુ ! દુઃખની દશાની સીમા છે. શું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે ? દુઃખની વિકૃત અવસ્થાની (તો) સીમા છે. મહા અનંત અનંત (દુઃખની દશા) નથી, એની મર્યાદા છે તો એ છૂટી શકે છે. ભગવાન ત્રણ લોકનો નાથ સીમાની બહાર અસીમા છે. આહા..હા...! જેમાં વિશ્રાંતિ લેવાથી કદી ખસતો નથી. એ બેનમાં આવ્યું છે. વિકારી છે એ સીમિત છે. સીમિત એટલે મર્યાદિત. સમજાય છે કાંઈ ? આહા..હા...! અને ભગવાન આત્માના ગુણ 'અમર્યાદિત', જેની શક્તિનો પાર નથી, પ્રભુ ! એ તો ચૈતન્ય ચમત્કારી કોઈ પદાર્થ છે અંદર. આહા..હા...! એની દૃષ્ટિ કરવાથી, એને ગ્રહણ કરવાથી, અનંત આનંદ ભર્યો છે તો તને અંદર આનંદનો સ્વાદ આવશે. આહા..હા...! આ દુઃખનું કર્મચેતનાનું વેદન અનાદિથી છે. આહા..હા...!

પર્યાયબુદ્ધિમાં કર્મચેતના નામ રાગ. કર્મ એટલે અહીં જડની વાત નથી. કર્મ નામ રાગનું કાર્ય, તેનો અનુભવ છે. સમજાય છે કાંઈ ? કર્મ અને કર્મફળ એટલે કાર્ય અને કાર્યનું ફળ. વિકારી પરિણામ કર્મ નામ કાર્ય અને એનું ફળ દુઃખ, એ એક સમયમાં કાર્ય અને ફળ હોય છે. આહા..હા...! તેની મર્યાદા છે. જોકે 'અનુભવ પ્રકાશ'માં 'દીપચંદજી' એ એમ લીધું છે કે, તારી શુદ્ધતાની વાત શું, તારી અશુદ્ધતા પણ મોટી છે. કેમ ? અનંત અનંત તીર્થંકરો પાસે ગયો, વાણી સાંભળી, સમવસરણ જોયું પણ તેં અશુદ્ધતાનો નાશ ન કર્યો. તારી અશુદ્ધતા પણ મોટી, પ્રભુ ! આહા..હા...! સમજાય છે કાંઈ ? કેમ કે ત્યાં (અશુદ્ધાત્મા) જોર આપ્યું છે. હું તો બસ, પુણ્ય કરવાવાળો છું, રાગ કરવાવાળો છું, દયા, દાન, વ્રત કરવાવાળો છું. આહા..હા...! એવી અશુદ્ધતા પણ તારી મોટી છે, પ્રભુ ! છતાં જે શુદ્ધતાની મહત્તા છે એટલી મહત્તા અશુદ્ધતામાં નથી. સમજાય છે કાંઈ ? માની છે.

અહીંયા કહે છે, એ આનંદથી ભરેલો છે. **'શાંતિનું સ્થાન...'** છે. લ્યો, આ ધામ કહો કે મહેલ કહો. શાંતિ.. શાંતિ.. શાંતિ. આહા..! **'આનંદનું સ્થાન..'** છે. લ્યો, આ મહેલનો અર્થ. **'એવો પવિત્ર ઉજ્જવળ આત્મા છે.'** મહા ભગવાન પવિત્ર, ભાઈ ! વાણીમાં કઈ રીતે આવે ? વાણી જડ, ભગવાનનો ચૈતન્ય સ્વભાવ, વાણીમાં ચૈતન્યનો સ્વભાવ, સ્વભાવથી વિરૂદ્ધ વાણી.. આહા..હા...! વાણીમાં ચૈતન્યના સ્વભાવની વ્યાખ્યા કેટલી આવે ? આહા..હા...! પણ ઇશારા આવે છે અંદર. પ્રભુ ! તારું વિશ્રામસ્થાન, પવિત્ર ઉજ્જવળ આત્મા તું છો, ભાઈ ! આહા..હા..! તારી વસ્તુમાં ઉદયભાવની ગંધ નથી. આહા..હા..! પણ એ પ્રતીતિ થયા વિના, દૃષ્ટિ થયા વિના એ વાત બેસે નહિ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા...!

**'ત્યાં જ્ઞાયકમાં—રહી...'** આહા..હા..! ભગવાન જ્ઞાયક આનંદ સ્થાન, જ્ઞાન સ્થાન, શાંતિનું સ્થાન, ત્યાં રહીને. **'જ્ઞાન બધું કરે છે...'** રાગનું, પર્યાયનું જ્ઞાન કરે, પણ દૃષ્ટિ તો અંદર દ્રવ્ય ઉપર પડી છે. સમજાય છે કાંઈ ? અભેદ ઉપર દૃષ્ટિ હોવા છતાં એ જ્ઞાન પોતાનું કરે, પર્યાયનું કરે, રાગનું કરે, સંયોગી ચીજ ઉપર લક્ષ જાય એનું પણ જ્ઞાન કરે. જ્ઞાનમાં તો બધું આવે. સમજાય છે કાંઈ ? પણ જ્ઞાયકમાં રહીને. આહા...! જ્ઞાયક ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ, અભેદની દૃષ્ટિમાં રહીને બધાનું જ્ઞાન કરે. શુભભાવ આવે, અશુભભાવ થાય, દેવ-ગુરુ-શાસ્ત્ર મળે, પ્રતિમા આદિ મળે, જ્ઞાન કરે.

મુમુક્ષુ :- પ્રતિમા તો પર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— પર છે માટે જ્ઞાન કરે. પોતામાં પોતાની જ્ઞાનપર્યાયમાં તાકાત છે કે પરપ્રકાશનું જ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- આપણે શું લેવાદેવા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- લેવાદેવાનું કોણ કહે છે ? આ તો પરનું જ્ઞાન કરે, એટલી વાત છે. જ્ઞાનનો સ્વભાવ એટલો છે. પરની સાથે લેવાદેવાનો ક્યાં સંબંધ છે ? પર સંબંધી પોતામાં જે જ્ઞાન થાય છે તે જ્ઞાન કરે, જાણે. દૃષ્ટિમાં એ વિષય નથી. દૃષ્ટિમાં વિષય તો અભેદ એકાકાર છે. આહા..હા...! પણ દૃષ્ટિની સાથે જ્ઞાન થયું એ જ્ઞાન પોતાના ત્રિકાળને પણ જાણે, પર્યાયને જાણે, રાગને જાણે, સંયોગી નિમિત્ત વસ્તુને પણ જાણે. જાણે.. જાણે.. જાણે.. જાણે.

એ બારમી ગાથામાં આવ્યું છે કે પોતાનું સ્વરૂપ ભૂતાર્થ સત્યાર્થ જે છે તેની દૃષ્ટિ થઈ, અનુભવ થયો તો હવે એની પર્યાયમાં કોઈ વ્યવહાર છે કે નહિ ? કે એકલો નિશ્ચય આવી ગયો ? નિશ્ચય થયો છે, દૃષ્ટિના વિષયનો અનુભવ થયો છતાં હજી પર્યાયમાં અશુદ્ધતા છે. શુદ્ધતા અલ્પ છે, અશુદ્ધતા છે. બસ, સંસ્કૃતમાં એવો પાઠ છે, **'व्यवहार देसिदा'** માં મોટી તકરાર છે. વ્યવહારનો ઉપદેશ (કરવો). ઉપદેશની વાત જ ત્યાં નથી. તે કાળે 'तदात्वे' જાણેલો પ્રયોજનવાન છે, એવું સંસ્કૃત છે. 'અમૃતચંદ્રાચાર્ય'. તે તે સમયે જે રાગ અને તે તે સમયે અલ્પ શુદ્ધતા છે તેને જાણવું એ પ્રયોજન છે. બસ. તે કાળે, જે સમયે શુદ્ધતા અલ્પ છે, અશુદ્ધતા છે, બીજે સમયે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શુદ્ધતા વધી છે, અશુદ્ધતા ઘટી છે તો તે સમયે તે જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? સમયે સમયે શુદ્ધતા વધે છે, અશુદ્ધતા ઘટે છે. તો સમયે સમયે જે શુદ્ધતા છે અને અશુદ્ધતા છે તેને જાણેલો પ્રયોજનવાન છે. બસ. બીજે સમયે શુદ્ધતા વધી અને અશુદ્ધતા ઘટી તો તે સમયે તે જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા...! 'तदात्वे' શબ્દ છે. આહા..હા...! ભાઈ ! મારગડા જુદા.

અહીં એ કહ્યું, દૃષ્ટિ તો દ્રવ્ય અભેદ ઉપર થઈ પણ એની સાથે જ્ઞાન થયું એ જ્ઞાન બધાને જાણે છે. જ્ઞાન બધું કરે છે, બધાને જાણે છે. એમાં જાણવામાં શું ? **'પણ દૃષ્ટિ તો અભેદ ઉપર જ છે.'** આહા..હા...! માલ, માલ, માલ છે. અહીં તો માખણ (છે). આહા..હા...! **'જ્ઞાન બધું કરે છે પણ દૃષ્ટિનું જોર એટલું છે...'** આહા..હા...! જ્ઞાનમાં રાગાદિ આવે છે તેને જાણે છે પણ દૃષ્ટિનું એટલું જોર છે કે **'પોતાને પોતા તરફ ખેંચે છે.'** સ્વભાવ તરફ ખેંચે છે. આવી વાત. આહા..હા..! સમજાય છે કાંઈ ? રાગાદિ જણાય છે છતાં દૃષ્ટિનો વિષય છે તો દૃષ્ટિ અંદર ખેંચે છે. આ શું ? આવી વાતું હવે. આહા..હા...! એ ૨૦૬ (બોલ પૂરો) થયો.

**હે જીવ ! અનંત કાળમાં શુદ્ધોપયોગ ન કર્યો તેથી તારો કર્મરાશિ ક્ષય થયો નહિ. તું જ્ઞાયકમાં ઠરી જા તો એક શ્વાસોચ્છ્વાસમાં તારા કર્મો ક્ષય થઈ જશે. તું ભલે એક છો પણ તારી શક્તિ અનંતી છે. તું એક અને કર્મ અનંત; પણ તું એક જ અનંતી શક્તિવાળો બધાને પહોંચી વળવા બસ છો. તું ઊંઘે છે માટે બધાં આવે છે, તું જાગ તો બધાં એની મેળે ભાગી જશે. ૨૦૭.**

૨૦૭. હવે શુદ્ધઉપયોગ આવ્યો. **'હે જીવ ! અનંત કાળમાં શુદ્ધોપયોગ ન કર્યો.'** પ્રભુ ! શુદ્ધઉપયોગ પણ આત્માની પર્યાય છે. શુભ-અશુભ પણ આત્માની પર્યાય છે.

મુમુક્ષુ :– ક્યા ગુણની ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિકૃત ગુણની પર્યાય શુભ-અશુભ અને નિર્મળ પર્યાય છે શુદ્ધ. આહા..હા...! એ તો વાત થઈ હતી. કેટલાક ગુણની વિકૃત અવસ્થા છે. ઘણા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વર્ષ પહેલાં બહુ વિચાર કરેલો તો ૪૧ બોલ માંડ અંદરથી નીકળ્યા હતા. ૪૧ ગુણ વિકૃતરૂપે છે. બધા ગુણ વિકૃતરૂપે નથી. ઘણા વર્ષ પહેલાં ઘણું મંથન (કરેલું). લગભગ (સંવત) ૧૯૯૯ ની સાલ હશે. 'સાયલા' માં એક ફેરી રાત્રે નિવૃત્તિ હતી. વિકૃત અવસ્થા કેટલા ગુણની છે ? તો અસ્તિત્વગુણ, વસ્તુત્વગુણ, પ્રમેયત્વગુણની વિકૃત નથી, શુદ્ધ છે. અભવિને પણ શુદ્ધ છે. આહા..હા...! અને શ્રદ્ધાગુણની પર્યાય વિકૃત છે. આનંદની પર્યાય દુઃખરૂપ વિકૃત છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાનની વિકૃત અવસ્થા છે. આહા..હા...! પ્રદેશત્વગુણની વિકૃત અવસ્થા છે. એવા ઘણા બોલ કાઢેલા, ક્યાંક લખેલા પડ્યા હશે.

મુમુક્ષુ :– પ્રભુત્વગુણની વિકારી અવસ્થા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તે વખતે કેટલાક લખેલા. રાત્રે મંથન ચાલ્યું. 'જીવણલાલજી' હતા, ગુજરી ગયા. એણે લખ્યા હતા, ક્યાંક પડ્યા હશે. આત્મામાં સામાન્ય ગુણ અનંત છે. અસ્તિત્વ, વસ્તુત્વ આદિ. અને વિશેષ ગુણ જ્ઞાન, દર્શન, આનંદ આદિ. એ પણ અનંત છે. આહા..હા...!

'પરમાત્મ પ્રકાશ'માં કહ્યું છે. અસ્તિત્વ, વસ્તુત્વ આદિ છ બોલ સામાન્ય (ગુણના) આવે છે. એ અસ્તિત્વ, વસ્તુત્વ પોતામાં પણ છે, પરમાણુમાં પણ છે, છએ દ્રવ્યમાં છે તેથી તેને સામાન્ય કહ્યું. પણ એ તો છ નામ કહ્યા. બાકી સામાન્યગુણ છે અનંત. અને વિશેષ–જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા વિશેષગુણ પણ અનંત છે. આહા..હા...! એક આત્માની વાત ચાલે છે. આહા..હા...! બધા ગુણમાં વિકૃત અવસ્થા અમુક ગુણની જ છે. બાકી બધા ગુણ નિર્મળપણે છે. આહા..હા...!

અહીંયા કહે છે, **'હે જીવ ! અનંત કાળમાં શુદ્ધોપયોગ ન કર્યો.'** પ્રભુ ! તેં. અશુભ કરતાં કરતાં કોઈ વખતે શુભમાં આવ્યો. અહીં તો નિગોદમાં પણ... અમારે પંડિતજીએ કાઢ્યું હતું કે એકેન્દ્રિયમાં પણ શુભ ને અશુભ ક્ષણે ક્ષણે થાય છે. નિગોદમાં પણ એક ક્ષણે શુભ અને બીજી ક્ષણે અશુભ. પંડિતજી ! એ પંડિતજીએ કાઢ્યું હતું. ખબર છે ? આહા..હા...! નિગોદનો જીવ જે કદી ત્રસ નથી થયો અને ત્રસ નહિ થાય, એને પણ ક્ષણમાં શુભ અને અશુભ થાય છે. આહા..હા...! એ કોઈ નવીન અપૂર્વ વસ્તુ નથી. આહા..હા...! શુભરાગ દયા, દાન, વ્રતાદિના અહીં છે, ત્યાં તો દેવ-ગુરુ-શાસ્ત્ર પણ નથી કે એના લક્ષે શુભ કરે. પણ આત્મા છે તો પોતાનો આશ્રય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છોડી પરલક્ષમાં (શુભાશુભભાવ થાય છે). એને ખબર નથી કે પરલક્ષ છે. એકેન્દ્રિય નિગોદના જીવ છે પણ શુભ ને અશુભ, ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ કર્મધારા ચાલે છે. આહા..હા...! ધર્મી જીવને ધર્મધારા ચાલે છે. રાગથી ભિન્ન પડી નિજ જ્ઞાનસ્વરૂપને ગ્રહણ કર્યું તો નિર્મળ ભેદજ્ઞાનની ધારા, રાગ હોય તો પણ ભેદજ્ઞાનની ધારા સદાય ચાલે છે. આહા..હા...! આવો માર્ગ છે, પ્રભુ ! આહા..હા...!

**'તેથી તારો કર્મરાશિ ક્ષય થયો નહિ.'** શું કહ્યું ? પ્રભુ ! તેં શુદ્ધઉપયોગ જે આત્માના અવલંબને કરવાનો છે એવો શુદ્ધ ઉપયોગ ન કર્યો. શુદ્ધ ઉપયોગ છે તો પર્યાય, કોઈ ગુણ નથી પણ ત્રિકાળી ભગવાન પરમાત્માના અવલંબનથી જે ઉપયોગ ઉત્પન્ન થાય છે એ શુદ્ધઉપયોગ છે. આહા..હા...!

એ પ્રશ્ન 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ચાલ્યો ને ? ભાઈ ! એ આપણે આવી ગયું. મેં તો ઘણી વાર કહ્યું છે. શિષ્યે પ્રશ્ન કર્યો કે, શુભભાવ થાય તો પુણ્ય બંધાય અને પાપની નિર્જરા થાય છે. એમ કહો ને. એવો પ્રશ્ન છે. શુભભાવ આવે છે તો શુભભાવથી પાપની નિર્જરા અને પુણ્યનો બંધ એમ કહો. તો કહ્યું, એમ નથી. કેમ કે શુદ્ધ ઉપયોગમાં અનુભાગનો રસ વધે છે. આહા..હા..! સ્થિતિ ઘટે છે. બધાની સ્થિતિ ઘટે છે. શુદ્ધઉપયોગમાં અને શુભમાં સ્થિતિ ઘટે છે પણ શુદ્ધઉપયોગથી પણ... એવો કોઈ સ્વભાવ છે.. આહા..હા...! જેમ શુદ્ધતા વધી તો ત્યાં પુણ્યનો અનુભાગ વધી ગયો. શુદ્ધ નિમિત્ત છે માટે વધ્યો ? સ્વભાવ જ એવો કોઈ છે. આહા..હા...! દરેક વસ્તુ કોઈ અલૌકિક છે.

શુદ્ધઉપયોગ થવા છતાં પુણ્ય અને પાપની સ્થિતિ ઘટે છે, પણ પુણ્યનો રસ છે એ ઘટતો નથી, વધે છે. આહા..હા.! સમજાય છે કાંઈ ? આહા..હા...! આવી વાત છે. વિશેષ તો કર્મશાસ્ત્રમાં (છે). પંડિતજીએ ઘણું વાંચ્યું છે. અહીં તો થોડા માલ માલની વાત (કહી). સમજાય છે કાંઈ ? આહા..હા...! એ કહ્યું ને ? જુઓ !

**'અનંત કાળમાં શુદ્ધોપયોગ ન કર્યો તેથી તારો કર્મરાશિ ક્ષય થયો નહિ. તું જ્ઞાયકમાં ઠરી જા...'** પ્રભુ ! આહા..હા...! તારી ભગવત્ શક્તિમાં તું સ્થિર થા. ઓહો..હો...! મહિમાવંત ચૈતન્ય ચમત્કારની શક્તિમાં પ્રભુ ! ત્યાં સ્થિર થા. આહા..હા...! **'તું જ્ઞાયકમાં ઠરી જા તો એક શ્વાસોશ્વાસમાં તારા કર્મો ક્ષય થઈ જશે.'** આહા..હા...! આ શ્વાસ ચાલે છે ને ? એમાં આત્માના પ્રદેશ છે, હોં ! શું કહે છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એકલો શ્વાસ-પવન જ છે, એમ નથી. એ શરીરનું અંગ છે તો એમાં આત્મપ્રદેશ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? શ્વાસ છે એ શરીરનું અંગ છે. શરીરનો ભાગ છે. શરીરમાં જેમ આત્મપ્રદેશ છે એમ શ્વાસમાં પણ પ્રદેશ છે. આહા..હા...! પણ એ પ્રદેશ ચાલે છે એ આત્માને કારણે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? શુદ્ધ આત્મા, હોં ! કંપન છે તો પ્રદેશ ચાલે છે. કંપન પોતામાં છે, પોતાથી છે. એ કારણે શ્વાસ આમ ચાલે છે. આહા..હા...!

અહીંયા કહે છે, એક શ્વાસમાં. આહા..હા...! તારી જ્ઞાયક સ્વભાવમાં જો લીનતા થઈ જાય... આહા..હા..! બહાર નીકળી શકે નહિ. વિકલ્પમાં આવે નહિ, એવો સ્વરૂપમાં જામી જાય.. આહા..હા...! તો કર્મરાશિ ક્ષણમાં નાશ પામે છે. સમજાય છે કાંઈ ? **'કર્મો ક્ષય થઈ જશે.'**

**'તું ભલે એક છો...'** તું ભલે એક છે અને કર્મ અનંત છે. આહા..હા..! પોતાના જે અશુદ્ધ પરિણામ થાય છે ને ? એમાં એક પરમાણુ નિમિત્ત નથી. અનંત પરમાણુ કર્મની પર્યાય એમાં નિમિત્ત થાય છે. એટલું તો એનું જોર છે. શું કહે છે ? પર્યાયમાં જે શુભરાગ વિકૃત થાય છે, એમાં એક પરમાણુ પર્યાય નિમિત્ત નથી, અનંત પરમાણુ (છે). એ તાકાત બતાવે છે. અશુદ્ધતા થવામાં પણ નિમિત્તપણે અનંત પરમાણુની પર્યાય નિમિત્ત થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :- એમાં તો નિમિત્તનું જોર આવ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :— નિમિત્તનું જોર ન આવ્યું. અહીં તો અશુદ્ધતાની પર્યાય પોતાથી થાય, એમાં કર્મના અસંખ્ય પરમાણુ નિમિત્ત એમ નથી, એમ કહે છે. આહા..હા...! એમાં પણ અનંત પરમાણુએ પરિણત થયેલા કર્મ નિમિત્ત છે. એનાથી થાય છે એમ નહિ. આહા..હા...! નિમિત્તથી થાય તો તો ઉપાદાન થઈ ગયું. આહા..હા..! આવી વાત છે, ભાઈ !

અહીં તો એમ કહેવું છે કે પોતાની અશુદ્ધતામાં સામે અનંત કર્મ પરમાણુની ઉપસ્થિતિ છે. આહા..હા...! ભગવાન જે આત્મા જ્ઞાયકમાં ઠરે છે તો અશુદ્ધતાનો નાશ થઈને, જે અનંત કર્મનું નિમિત્ત હતું તે પણ નાશ પામે છે. કર્મની પર્યાય અકર્મરૂપ થઈ જાય છે. નાશની વ્યાખ્યા આ. પરમાણુની પર્યાય નાશ થાય છે એનો અર્થ શું ? જે કર્મરૂપી પર્યાય હતી એ અકર્મરૂપ પર્યાય થઈ જાય છે. એનું નામ કર્મનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નાશ. 'જૈનતત્ત્વ મિમાંસા'માં પંડિતજીએ નાખ્યું છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

**'તું ભલે એક છો પણ તારી શક્તિ અનંતી છે.'** આહા..હા...! તારામાં અનંત બળ છે. સામે અનંત પરમાણુ છે, વિકૃત અવસ્થા, એને તોડવાની શક્તિ તારામાં અનંત છે. તોડવાનો અર્થ એ કંઈ કર્મને તોડતો નથી. અશુદ્ધતા તૂટે છે. અને અશુદ્ધતા તૂટે છે તો કર્મની પર્યાય પોતાની યોગ્યતાથી અકર્મરૂપ થઈ જાય છે. કર્મની અકર્મરૂપ પર્યાય થઈ એ આત્માએ કરી એમ નથી. શું કહે છે ?

નિર્જરા થાય છે ને ? નિર્જરામાં ત્રણ પ્રકાર છે. એક તો અશુદ્ધતાનો નાશ થવો, પોતાની પર્યાયમાં. અશુદ્ધતામાં જે નિમિત્ત રજકણ છે તેનો પણ નાશ થવો, એ તો એને કારણે, હોં ! અને એક શુદ્ધિની વૃદ્ધિ થવી એને પણ નિર્જરા કહે છે. નિર્જરાના ત્રણ પ્રકાર. બે પોતામાં, ત્રીજો કર્મમાં. આહા..હા...! અર્થાત્ પોતામાં જ્યારે શુદ્ધતાનું લક્ષ છે, શુદ્ધતા ઉત્પન્ન થઈ તો અશુદ્ધતાનો નાશ થયો એને પણ નિર્જરા કહેવામાં આવે છે. અને એ સમયે કર્મની પર્યાય પણ પોતાથી નાશ થવાની લાયકાતથી અકર્મરૂપ થાય છે તે પણ નિર્જરા છે. અને શુદ્ધિની વૃદ્ધિ થઈ એ મૂળ નિર્જરા. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ પોતામાં તાકાત છે, એમ કહે છે. આહા..હા...! શુદ્ધતા ઉત્પન્ન કરવાની તાકાત આત્મામાં છે કે જેથી અશુદ્ધતાનો નાશ અને કર્મનો નાશ થાય છે. આહા..હા..! ભારે વાતું, બાપુ ! જડ કર્મની પર્યાયનો આત્મા નાશ નથી કરતો. તેમ અશુદ્ધતાનો પણ નાશ કરતો નથી, પણ શુદ્ધતા ઉત્પન્ન થઈ તો અશુદ્ધતા ઉત્પન્ન ન થઈ એને નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા...! આવી વાતું છે. ત્યારે કર્મ પણ તેને કારણે ત્યાં કર્મની પર્યાય છૂટીને અકર્મ થઈ ગઈ, એ એને કારણે થઈ. એમાં આ શુદ્ધતા નિમિત્ત થઈ તો કર્મ નાશ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. વ્યવહાર નામ અસદ્ભૂત વ્યવહારનયથી. આહા..હા..!

એ અહીં કહે છે, **'તું એક અને કર્મ અનંત; પણ તું એક જ અનંતી શક્તિવાળો બધાને પહોંચી વળવા બસ છો.'** આહા..હા...! અશુદ્ધતાનો ભાવ અને એમાં નિમિત્તરૂપી કર્મ, તેમને પહોંચી વળવાની તારામાં તાકાત છે. આહા..હા...! ભગવાન અનંત અનંત બળનો ધણી પ્રભુ છે. એનો વીર્યગુણ ૪૭ માં કહ્યો ને ? ત્યાં એમ કહ્યું કે વીર્યગુણનું કાર્ય શું ? કે સ્વરૂપની રચના કરવી એ વીર્યગુણનું કાર્ય છે. અશુદ્ધતાની રચના કરવી એ નહિ. શું કહ્યું ? આત્મામાં એક વીર્ય નામનો ગુણ છે, બળ. એનું કાર્ય શું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ ગુણનો ગુણ શું ? એ ગુણનો ગુણ શું ? આહા..હા...! સમજાય છે કાંઈ ? એ ગુણનો ગુણ એ કે અનંતી શુદ્ધિ પર્યાયની રચના કરે એ વીર્ય કહેવાય છે. શુભ-અશુભની રચના કરે એ વીર્ય નહિ, એ તો નપુંસકતા છે. આહા..હા...! આ વકીલાત જુદી જાતની છે. આ તો ભગવાનના ઘરની વકીલાત છે. નયાવોયમ માર્ગ છે. ન્યાયથી સમજાય છે. નિ ધાતુ. પોતાની ચીજમાં જ્ઞાનને લઈ જવું, દોરી જવું એનું નામ ન્યાય. આ વીતરાગના ઘરના ન્યાય. વકીલાતના ન્યાય સરકાર બાંધે એમ કીધે રાખે. કહો, સમજાય છે કાંઈ ? વકીલો આમના બહુ વખાણ કરે. એક વકીલ તો બહુ વખાણ કરતા હતા. આહા..! એમના વખતમાં તો એ એક જ વકીલ હતા, બસ.

મુમુક્ષુ :- એમાં શું લાભ થયો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- લાભમાં પાપ. એય..! આહા..હા...! આ પરમાત્મા ત્રણલોકનો નાથ, એની વકીલાત સંતો કરે છે. એકવાર સાંભળ તો ખરો, પ્રભુ ! તારામાં એટલી શક્તિ અને તાકાત-વીર્ય છે અને એ વીર્યનું એક એક ગુણમાં વીર્ય નામ શક્તિનું રૂપ છે. જ્ઞાન છે તેમાં પણ વીર્યનું રૂપ છે. વીર્યગુણ અંદર નહી પણ જ્ઞાનમાં પણ વીર્યશક્તિ અંદર છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એમ શ્રદ્ધામાં પણ વીર્યની શક્તિ અંદર છે. વીર્યગુણ ભિન્ન. એક ગુણ બીજા ગુણમાં જતો નથી પણ એનું રૂપ છે. આહા..હા...! ચારિત્રગુણમાં પણ વીર્યગુણનું રૂપ છે. અસ્તિત્વગુણમાં પણ વીર્યગુણનું રૂપ છે. વસ્તુત્વગુણમાં વીર્યગુણનો ગુણ છે. પ્રભુત્વગુણમાં પણ વીર્યગુણનું રૂપ છે. સ્વચ્છતા ગુણમાં પણ વીર્યગુણનું રૂપ છે. સ્વસંવેદન પ્રકાશ થવો, પોતાનો પોતાથી પ્રકાશ થવો એમાં પણ વીર્યગુણનું રૂપ છે. આવા અનંતા અનંતા ગુણોમાં વીર્યની શક્તિ પડી છે. આહા..હા...! એવો પ્રભુ તું એકલો જ અનંત શક્તિનો ધણી છો. સામે ભલે અનંત પરમાણુ હો, અરે...! અશુદ્ધતા ઘણી હો, એ પણ તારાથી થઈ છે. પણ એ અશુદ્ધતા પરને લક્ષે થાય છે. પણ તારા સ્વભાવના ઉપયોગથી...

**'તું એક જ અનંતી શક્તિવાળો બધાને પહોંચી વળવા...'** સામનો કહે છે ? સામનાને શું કહે છે ? પ્રયત્ન છે. **'બસ છો.'** તું એકલો જ બસ છો. આહા...હા...! વસ્તુના સ્વભાવની સામર્થ્યતા જ્યાં શુદ્ધઉપયોગમાં આવી તે એક જ બસ છે. સર્વ અનંત અશુદ્ધતા અને કર્મનો નાશ થઈ ગયો. પરનો નાશ કહ્યું તે અસદ્ભુત વ્યવહારનયથી કહ્યું. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'તું ઊંઘે છે...'** તું રાગમાં સૂઈ ગયો છો. આત્મામાં જાગૃત નથી. આહા..હા...! એ કહે છે, ગીતામાં પણ આવ્યું છે અને આપણે પણ અહીં આવે છે કે જ્ઞાની વ્યવહારમાં સૂતા છે અને નિશ્ચયમાં જાગૃત છે. અને અજ્ઞાની વ્યવહારમાં જાગે છે અને નિશ્ચયમાં સૂઈ ગયા છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ગાથા છે, બધી ગાથા કહીએ તો વાર લાગે. આહા..હા..! અજ્ઞાની સ્વભાવમાં સૂતો છે એટલે સ્વભાવનું ભાન નથી. રાગમાં એકાકાર થઈને સૂતો છે. જ્ઞાની સ્વભાવમાં જાગૃત છે. રાગથી સૂઈ ગયા છે. રાગનો નાશ કરી નાખ્યો છે. આહા..હા...! રાગ આવે છે તેને પણ જ્ઞાતા તરીકે જાણે છે. એ તો જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક હોવાથી સ્વનું જ્ઞાન પણ જ્ઞાન કરે છે અને પરનું જ્ઞાન (પણ કરે છે). પોતાની શક્તિ પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. પણ એ સમયે પરને જાણવાની શક્તિ પોતાથી સ્વપરપ્રકાશક ઉત્પન્ન થાય છે. તેને વ્યવહારે જાણેલો પ્રયોજનવાન કહેવાય છે. પણ એ રાગને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. પોતાની પર્યાયમાં એ સમયમાં તે સંબંધી જ્ઞાન અને સ્વ સંબંધી જ્ઞાન, પર્યાયમાં સ્વપરપ્રકાશકની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

કેવળી લોકાલોકને જાણે છે એમ કહેવું એ અસદ્ભુત વ્યવહાર છે. કેમ કે જેમાં તન્મય થતા નથી એ અસદ્ભુત વ્યવહાર છે અને પર્યાય પર્યાયમાં તન્મય છે તેને જાણે છે એ નિશ્ચય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? પરને તન્મય થઈને જાણે છે ? કેવળી તો દુનિયાના રાગ, દ્વેષ, જગતની વિષય વાસના બધું જાણે છે કે નહિ ? શું તન્મય થઈને જાણે છે ? કસાઈ બોકડા કાપે છે તેનું જ્ઞાન જ્ઞાનમાં આવે છે કે નહિ ? એમાં તન્મય થઈને જાણે છે ? પોતાની પર્યાયમાં સ્વપરપ્રકાશકના સામર્થ્યથી તેને જાણે છે એમ અસદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવે છે. ખરેખર તો પોતાની સ્વપરપ્રકાશક પર્યાય છે તેને જ જાણે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ ! પરમાત્માની વાત એ બહુ સૂક્ષ્મ છે. આહા..હા...!

એ અહીં કહે છે, **'તું ઊંઘે છે માટે બધા આવે છે,...'** અજ્ઞાનમાં છે, જાગતો નથી તો બધા કર્મ આવે છે. **'તું જાગ તો બધા એની મેળે ભાગી જશે.'** તું જાગી જાય, કર્મ ભાગી જાય. આહા..હા...! ભાષા તો ગુજરાતી હતી, આ હિન્દી કરી. હજી તો બીજી ભાષામાં બનશે. આપણું આત્મધર્મ પાંચ ભાષામાં આવી ગયું છે, તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ પણ હજી આવશે. મરાઠીમાં થયું છે, કન્નડમાં થશે અને તમિલમાં થશે. આપણે આત્મધર્મ પાંચ ભાષામાં આવે છે. હમણા તમિલમાં આવ્યું ને ? હમણા આવ્યું, ત્યાં જોયું. માથે નામ લખ્યું છે. હિન્દીમાં નામ લખ્યું છે. આ છે, આ છે, એમ લખ્યું છે. સંપાદક કહે છે, ફલાણું એમ હિન્દીમાં છે. આહા..હા...!

અહીં કહે છે તું જાગી જાય તો બધા ભાગી જાય. આહા..હા..! સિંહની જ્યાં ત્રાડ પડે તો બકરા તો પૂંછડી લઈ ભાગી જાય. એમ ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનની જાગૃતિમાં જાગી જાય.. આહા..હા...! તો અશુદ્ધતા અને કર્મ ભાગી જાય. ભાઈ ! આ વાત નથી, આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા...! ૨૦૭ (બોલ પૂરો થયો).

**બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી. આત્મા બહાર નથી; આત્મા તો અંદરમાં જ છે. માટે તારે બીજે ક્યાંય જવું નહિ, પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ; તેને એક આત્મામાં જ વારંવાર લગાડ; વારંવાર ત્યાં જ જવું, એને જ ગ્રહણ કરવો. આત્માના જ શરણે જવું. મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે. અગાધ શક્તિવાળા ચૈતન્ય ચક્રવર્તીને ગ્રહણ કર. આ એકને જ ગ્રહણ કર. ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન એને અંદરમા જ લાવે છે. વારંવાર... વારંવાર... એમ કરતાં...કરતાં...કરતાં... (સ્વરૂપમાં લીનતા જામતાં...જામતાં) ક્ષપકશ્રેણી પ્રગટીને પૂર્ણ થઈ જાય છે. જે વસ્તુ છે તે ઉપર જ તારી દૃષ્ટિનો દોર બાંધ, પર્યાયના આલંબન કાંઈ ન થાય. ૨૦૮.**

૨૦૮. '**બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી.**' શું કહે છે ? આહા..હા...! પર્યાયદૃષ્ટિથી, રાગદૃષ્ટિથી, નિમિત્તદૃષ્ટિથી, એ તો બાહ્યદૃષ્ટિ છે, એનાથી કાંઈ અંતરદૃષ્ટિ પ્રગટ થતી નથી. આહા..હા...! શું કહે છે ? બહિરાત્મા કહે છે ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બહિરાત્માનો અર્થ–જે આત્મામાં નથી, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત ને પર, પોતામાં નથી તેને પોતાના માનવા તે બહિરાત્મા. બહિર્ આત્મા. એમ બહિર્દષ્ટિ. જેની પર્યાય અને રાગ ઉપર દૃષ્ટિ છે એ દૃષ્ટિથી અંતરદષ્ટિ ન થાય. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દષ્ટિ પ્રગટ થતી નથી.'** આહા..હા...! અનુભૂતિ, જ્યારે સમ્યગ્દર્શન થાય છે તે તો અંતરદષ્ટિ ધ્યાનમાં થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ તો પહેલાં ૪૭ ગાથાનું કહ્યું ને ? **'झाणे पाउणदि जं मुणी णियमा'**. આહા..હા...!

**'આત્મા તો અંદરમાં જ છે.'** બહારની દૃષ્ટિથી અંતર નથી મળતું. આહા..હા...! ભગવાન તો પર્યાયની સમીપ અંદર પડ્યો છે. પર્યાયની સમીપ ધ્રુવ પડ્યો છે. મહા અનંત આનંદ આદિ ગુણનો દરબાર, એક સમયની પર્યાય પાસે સાથે પડ્યો છે. આહા..હા...! નિશ્ચયથી તો એક પર્યાયનું અને ધ્રુવનું ક્ષેત્ર પણ ભિન્ન છે. આહા..હા...! આકરી વાત છે, ભાઈ ! પર્યાય તો ભિન્ન છે, દ્રવ્ય તો ભિન્ન છે પણ પર્યાયનું ક્ષેત્ર પણ દ્રવ્યથી ભિન્ન છે. છતાં એ પર્યાયમાં જ્યાં સુધી દૃષ્ટિ છે, જે ભિન્ન છે તેમાં દૃષ્ટિ છે ત્યાં સુધી અંતર વસ્તુમાં દૃષ્ટિ નહિ પડે. એને કારણે અંતરદષ્ટિ નહિ થાય. આહા..હા..!

દૃષ્ટિ છે તો પર્યાય, પણ એ બહિર્દષ્ટિથી એ પર્યાય પ્રગટ નહિ થાય. અંતર આત્મ ભગવાનની દૃષ્ટિથી અંતરદષ્ટિ ઉત્પન્ન થશે. આહા..હા...! અંતર આત્માની દૃષ્ટિથી અંતર ભગવાન, અંતરાત્મા પૂર્ણાનંદ પ્રભુ, પર્યાયની સાથે અંદરમાં પાતાળ તળ છે, પર્યાયનું તળ જે ધ્રુવ છે... આહા..હા...! એમાં ભગવાન આત્મા અંતરદષ્ટિ કરે છે તો દૃષ્ટિ સત્ય થાય છે. આહા..હા...! અર્થાત્ અંતરદષ્ટિ બહાર નથી. આત્મા બહાર નથી. અંતરમાં જ્ઞાયકભાવ ધ્રુવ અંદરમાં છે. એ પર્યાયમાં પણ નથી તો રાગમાં તો ક્યાંથી આવે ? આહા..હા...! ભારે વાત, ભાઈ ! **'બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર દૃષ્ટિ પ્રગટ થતી નથી. આત્મા બહાર નથી.'** બહાર ક્યાં છે તો બાહ્યદષ્ટિથી અંતરદષ્ટિ થઈ જાય ? આહા..હા...! આત્મા પર્યાયમાં અને રાગમાં ક્યાં છે કે બાહ્યદષ્ટિથી અંતરદષ્ટિ થાય ? આહા..હા..! રાગ અને પર્યાયમાં આત્મા નથી. પર્યાયથી અંતરમાં ભિન્ન છે. આહા..હા...! આવી વાતું આકરી પડે માણસને. નિશ્ચય.. નિશ્ચય.. સોનગઢવાળા નિશ્ચયની વાતું કરે, એમ કહે. નિશ્ચયાભાસી. કહે, કહે પ્રભુ ! એને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ન બેસે ને એટલે વાસ્તવિક ન બેસે. 'જામે જિતની બુદ્ધિ હૈ ઇતનો દિયે બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાંસે લાય' આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...! શું કહે છે ?

બાહ્યદૃષ્ટિથી અંતરદૃષ્ટિ થતી નથી એનો અર્થ શું ? કે બાહ્યમાં આત્મા ક્યાં છે ? પર્યાયમાં ને રાગમાં આત્મા ક્યાં છે કે બાહ્યદૃષ્ટિથી અંતરદૃષ્ટિ થાય ? પર્યાય અને રાગથી તો અંદર ભિન્ન પડ્યો છે. આહા..હા...! આઠ વર્ષનો બાળક પણ આ સમજે તો કેવળજ્ઞાન પામે છે. આહા..હા..! જ્યાં પોતાનો આનંદનો રસ ચાખ્યો.. આહ..હા...! માતાને કહે છે, માતા ! મને રજા દે, બા ! અમે અમારા આનંદના વિશેષ વેદન માટે હું વનમાં જાઉં છું. આહા..હા..! જેણે અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો, અનુભૂતિમાં અંતરદૃષ્ટિમાં (સ્વાદ લીધો) એ વિશેષ સ્વાદને માટે માતાને કહે છે, માતા ! અમને ક્યાંય રુચિ નથી જામતી. અમારી રુચિનો વિષય જે અંદર છે ત્યાંથી અમારી દૃષ્ટિ નથી ખસતી. વિશેષ આનંદ લેવા, માતા ! વનમાં જાઉં છું. આહા..હા...! જનેતા ! તારે રોવું હોય તો એક વાર રોઈ લે, પણ અમે કોલકરાર કરીએ છીએ.. એ તો અમે સંપ્રદાયમાં પણ કહેતા હતા, 'અજૈવ ધમ્મં પડિવજ્જયામો'. શ્વેતાંબરનું ઉત્તરાધ્યયન સૂત્ર છે. કંઠસ્થ કરેલું ને ? છ-સાત હજાર શ્લોક કંઠસ્થ હતા. એ બ્રાહ્મણનો છોકરો છે, જાતિસ્મરણ થાય છે અને દીક્ષા લે છે. વાત તો બધી કલ્પિત છે પણ આપણે એમાંથી સિદ્ધાંત કાઢીએ છીએ. 'અજૈવ ધમ્મં પડિવજ્જયામો' માતા ! હું આજે જ સ્વરૂપની રમણતા અંગીકાર કરીશ. 'જહિં પુવનામ ....' માતા ! અમે સ્વરૂપની રમણતા આજે અંગીકાર કરતાં કોલકરાર કરીએ છીએ કે ફરીને બીજો ભવ અમે નહિ કરીએ. ફરીને બીજી માતા નહિ કરીએ, મા ! તારે રોવું હોય તો રોઈ લે. આહા..હા...! જનેતા ! બીજી મા હવે ન કરીએ. આહા..! એ આનંદના રસને ચાખ્યા છે એ રસની વૃદ્ધિ કરવા જંગલમાં ચાલ્યા જાય છે. આહા..હા...!

**'માટે તારે બીજે ક્યાંય જવું નહિ, પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ;...'** વિશેષ આવશે, ટાઈમ થઈ ગયો.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

✻ ✻ ✻

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શ્રાવણ વદ ૧૫, શનિવાર તા. ૦૨-૦૯-૧૯૭૮.
વચનામૃત–૨૦૮, ૨૦૯, ૨૧૦, પ્રવચન–૮૩

૨૦૮ બોલ છે ને ? ફરીને. **'બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દષ્ટિ પ્રગટ થતી નથી.'** શું કહે છે ? ભગવાન આત્મા અંતરમાં છે એ બાહ્યદૃષ્ટિથી કોઈ નિમિત્તદૃષ્ટિથી કે રાગદૃષ્ટિથી અંતર્દષ્ટિ પ્રાપ્ત થતી નથી. આહા..હા..! એકદમ સત્ય છે. કેમ ? કે **'આત્મા તો બહાર નથી;...'** આત્મા બહાર નથી. શું કહે છે ? તારા પરિણામ બહાર શોધે છે તો ત્યાં તો આત્મા છે નહિ. પર્યાયમાં, રાગમાં, નિમિત્તમાં આત્મા તો છે નહિ અને ત્યાં તું શોધે કે નિમિત્તથી થાય છે, રાગથી થાય છે કે પર્યાયથી, એમાં તો આત્મા છે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દષ્ટિ પ્રગટ થતી નથી. આત્મા બહાર નથી;...'** આહા..હા...! ભગવાન આત્મા પર્યાયમાં પણ નથી. આહા..હા...! જે દ્રવ્ય સ્વભાવ અસલી જ્ઞાયકભાવ છે એ પર્યાયમાં નથી, રાગમાં નથી તો બહારથી તો તને ક્યાંથી મળવાનો ? આહા..હા...! આવી વાત છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ સમજવા માટેની તો વાત છે. બહારમાં તું શોધે છે તો અંદરમાં જા. જ્યાં ભગવાન છે ત્યાં જા. આહા..હા...!

મુમુક્ષુ :– ભગવાન તો મંદિરમાં બિરાજે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ન્યાં ક્યાં બિરાજે છે ? અહીં અંદર છે. પોતાની પર્યાયમાં પણ આત્મદ્રવ્ય નથી તો દયા, દાનના વિકલ્પમાં તો ક્યાંથી આવે ? તો નિમિત્તમાં તો ક્યાંથી હોય ? આહા..હા....! આવી વાત છે, ભાઈ !

**'આત્મા તો અંદરમાં જ છે.'** આહા..હા...! જ્ઞાયકભાવ અંતરમાં છે. **'માટે તારે બીજે ક્યાંય જવું નહિ,...'** આહા..હા...! પોતાને ગોતવા બીજે ક્યાંય જતો નહિ. કેમ કે બીજે ક્યાંય આત્મા નથી. આહા..હા...! ભગવાનના દર્શન કરવાથી પણ આત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નહિ મળે. કેમ કે એ તો બાહ્ય છે, ત્યાં તો આત્મા છે નહિ. આહા..હા...! આત્મા તો ભગવાન સ્વરૂપ એક સમયની પર્યાયમાં અંતર સમીપમાં ધ્રુવ રહે છે તો બાહ્યદૃષ્ટિથી ત્યાં ફાંફાં મારે કે અહીંથી મળશે, અહીંથી મળશે. બધો મિથ્યા ભ્રમ છે. આહા..! **'બીજે ક્યાંય જવું નહિ.'**

**'પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ;...'** આહા..હા...! તારે જો આત્મા પ્રાપ્ત કરવો હોય તો પરિણામને બહારમાં ભટકવા દેવા નહિ. આહા..હા...! ગજબ વાત છે, ભાઈ ! **'તેને એક આત્મામાં જ વારંવાર લગાડ;...'** પરિણામને અંતરમાં લગાવી દે. આહા..હા...! જ્યાં ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે, અંતરમાં છે. અંતર આત્મા અંતરમાં છે. બહિર્ આત્મા રાગ ને પુણ્યને માને છે એ બહારમાં ગોતે છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિથી મને આત્મા મળશે એ તો બહિરાત્મા છે. આહા..હા..! બહારથી પોતાનું અંતરંગ મળશે, એ તો મિથ્યા ભ્રમ છે. આહા..હા...! **'એને જ ગ્રહણ કરવો.'** વારંવાર તેમાં જવું, વારંવાર ત્યાં જ જવું. આહા..હા...! **'એને જ ગ્રહણ કરવો.'** ગ્રહણ કરવાનો અર્થ જે ધ્રુવ જ્ઞાયકભાવ છે તેને પકડવો. અથવા પરિણામને તે બાજુ લઈ જવા. આહા..હા...! આવી વાત.

મુમુક્ષુ :– કઈ રીતે પકડવો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરિણામથી. સમ્યગ્દર્શનરૂપી પરિણામથી. આહા..હા...! આવી વાત છે.

**'આત્માના જ શરણે જવું.'** ભગવાન જ્ઞાયક આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનું દળ (છે), ત્યાં શરણમાં જા ને એનું શરણ લે. આહા..હા...! રાગમાં શરણ નથી, પર્યાયની દૃષ્ટિમાં શરણ નથી. કેમ કે એક અંશમાં કાંઈ આખો આત્મા તો આવ્યો નથી. આહા..હા...! આવી વાતું છે. **'મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે.'** આહા..હા...! મહા ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ (છે). **'મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે.'** આહા..હા...! પર્યાયના અંશથી મોટો ભગવાન ત્રિકાળ છે,.. આહા..હા...! તેના આશ્રયે જ બધું પ્રગટ થાય છે. બધું નામ શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા (આદિ બધું). સમજાય છે કાંઈ ? આહા..હા...! આવી વાત હવે.

**'અગાધ શક્તિવાળા ચૈતન્ય ચક્રવર્તી...'** પ્રભુ ! અગાધ શક્તિવાન ચૈતન્ય ચક્રવર્તી પ્રભુ. આહા..હા...! એને **'ગ્રહણ કર.'** 'ન્યાલચંદભાઈ'એ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લખ્યું છે. તીર્થંકરો શાંતિનાથ આદિ છ ખંડને સાધે છે એમ કહેવાય છે પણ એમણે તો અખંડને સાધ્યો છે. આહા..હા...! છ ખંડ નહિ. એમણે તો અંદરથી અખંડ આત્માનું સાધન કર્યું છે. આહા..!

મુમુક્ષુ :– શાસ્ત્રમાં છ ખંડ ક્યા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– છ ખંડ શું, આ છ દ્રવ્યનો જાણનાર ભગવાન પર્યાય એ છ ખંડ અહીંયા છે. આહા..હા....! એક સમયની પર્યાય છ દ્રવ્યને જાણે છે તે બાહ્ય છે. એણે તો અખંડ સાધ્યો છે, પર્યાયને પણ નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈ ! જન્મ-મરણનો અંત લાવવાની વસ્તુ એ કોઈ બાહ્યથી નથી મળતી. આહા..હા...! બાહ્યમાં એ છે ક્યાં ? દયા, દાનના વિકલ્પમાં આત્મા છે ? દેવ-ગુરુ-શાસ્ત્રમાં આ આત્મા છે કે ત્યાંથી મળી જાય ? આહા..હા...! આત્મા મંદિરમાં છે કે ત્યાંથી મળી જાય ?

મુમુક્ષુ :– મંદિર તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ કરે છે ? એ તો બનવાનું છે તે બને છે. મંદિરો પચાસ બન્યા, 'આફ્રિકા'માં પંદર લાખનું મંદિર બને છે. આવ્યું છે, આજે છાપામાં આવ્યું છે. 'જૈન સંદેશ'માં છે. એ તો બનવાની પર્યાયના કાળે પ્રભુ ! તે કાળે તે પરમાણુની એ સ્કંધની પર્યાય ઉત્પન્ન થવાની લાયકાતથી ઉત્પન્ન થાય છે. કોઈ બીજો કહે કે મેં બનાવ્યું (તો એમ નથી).

મુમુક્ષુ :– .. વિના બન્યું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉપદેશ વિના બન્યું છે. અને બનાવનાર છે માટે બન્યું છે એમ નથી. આહા...! આવી વાત.

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– પાગલને પાગલ (જેવું લાગે). આ મકાનમાં ભાઈ ધ્યાન તો બહુ રાખતા હતા. એણે બનાવ્યું કે નહિ આ ? (આ બીજા ભાઈ) ધ્યાન રાખતા હતા, અહીં હોય ત્યાં સુધી. આહા..હા...! એ તો પરમાણુ, સ્કંધ જે છે, અનંત પરમાણુનો સ્કંધ, એવા અનંત સ્કંધની તે પર્યાય ઉત્પન્ન થવાનો કાળ છે તે ઉત્પન્ન થાય છે. આ વાત ગજબ વાત, પ્રભુ ! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– ..

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :— એનાથી કાંઈ થતું નથી, ત્રણ કાળમાં. સમવસરણમાં ભગવાન પાસે ગયો તો એની સન્મુખતાથી આત્માનું જ્ઞાન નથી થતું. આહા..! બહારમાં ક્યાં આત્મા છે ? બહાર છે ? ત્યાં ભગવાન પાસે આત્મા છે ? મંદિરમાં આત્મા છે ? પ્રતિમામાં આત્મા છે ? અરે...! આત્મા રાગમાં છે ? અરે...! આત્મા એક સમયની પર્યાયમાં છે ? આહા..હા...! અલૌકિક વાત છે, ભાઈ ! આહા..હા..! એક ભાઈ વાંચે છે ને ? એ આ વાંચીને બહુ રાજી થયા. 'જાલના'ના છે, 'જાલના'ના. પત્ર આવ્યો છે, વાંચી લેજો, હોં ! એમાં શું છે ? મંગાવે છે, બેનના દસ પુસ્તક મંગાવે છે.

મુમુક્ષુ :– આ વખતે આવવાની વાત હતી ઇ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— આવવાની વાત હતી ઇ. હા, એ આવવાના હતા. પછી કાંઈક થઈ ગયું. ચાલવામાં ગાડીનો આશ્રય લીધો ને પછી એનું પ્રાયશ્ચિત લેવા ગુરુ પાસે ગયા. નહિતર ત્યાં મળત. 'હૈદ્રાબાદ' એમનું ચોમાસુ હતું ત્યારે અમે 'હૈદ્રાબાદ' ગયા ત્યાં મળત પણ ન્યાં નહોતા. ચાલ્યા ગયા. આહા..હા...! આજે પત્ર આવ્યો છે. બેનના દસ પુસ્તક મોકલો. શું કહેવાય..? શું કહેવાય છે ભાષા કાંઈક ? ન હોય તો એક તો મોકલજો. શું કહેવાય ? સ્ટોક.. સ્ટોક. એમાં ન હોય તો એક તો મોકલજો, નહિતર દસ મોકલજો. દિગંબર સાધુ છે, અહીંનો ઘણો પ્રેમ છે. આ વસ્તુ ક્યાં છે ? શું થાય ? લોકો એમ માને છે કે વર્તમાન મુનિને પગે નથી લાગતા. અરે...! પ્રભુ ! સાંભળ તો ખરો, ભાઈ ! મુનિના તો અમે દાસાનુદાસ છીએ, પણ મુનિ હોવા જોઈએ ને. આહા..હા...!

મુનિ એટલે શું ? પ્રભુ ! ભાઈ ! એ તો પરમેશ્વર પદ. આહા..! કેવળીના નજીક. પરમાત્મા પ્રાપ્ત કરવાની નિકટ આવી ગયા. આહા..હા...! અતીન્દ્રિય ભાવઇન્દ્રિયના પ્રચુર સ્વસંવેદનમાં આવ્યા. આહા..હા...! ભાઈ ! એને મુનિ કહે છે. પ્રચુર પરમ આનંદમાં આવી ગયા. આહા..હા..! ધન્ય અવતાર ! ધન્ય જીવન ! આહા..હા...! એ મુનિને કોણ ન માને ? પણ આ દશાવંત હોય એને મુનિ કહે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં કહે છે, એ એકને જ ગ્રહણ કર. છોડી દે, દેવ-ગુરુ ને શાસ્ત્રનું લક્ષ પણ છોડી દે. આહા..હા...! સાચા દેવ, સાચા ગુરુ ને સાચા શાસ્ત્રનું લક્ષ છોડી દે. કારણ કે ત્યાં આત્મા નથી. ભગવાન તો અંતરમાં બિરાજે છે. પ્રભુ ! આહા..હા...! કેમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બેસે ? એક, બે બીડી પીવે સરખાઈની તો ભાઈસાહેબને જંગલ ઉતરે. આવા તો અપલખણ. અને દૂધીનું શાક સરખું ન ચડીને આવ્યું હોય કે અડદની દાળ બરાબર હદડી સરખી ન થઈ હોય તો, કોણે કરી આ ? આવાને આત્મા કહેવો. આહા..હા...! બાપુ ! તારો નાથ અંદર બિરાજે છે એમાં આ ખદબદાટ ન હોય. આહા..હા...! અંદરમાં દયા, દાનના વિકલ્પથી પણ એ પ્રાપ્ત ન થાય. આહા..હા..! અરે..! પર્યાયના લક્ષે પણ ત્યાં આત્મા નથી માટે પ્રાપ્ત ન થાય. આહા..હા...! ભાઈ ! પ્રભુ તો પર્યાયની સમીપમાં અનંત આનંદથી બિરાજમાન પરમાત્મસ્વરૂપ છે. આહા..હા...! ત્યાં જા, પરિણામને ત્યાં લઈ જા. આહા..હા...! ભાષા સાદી છે પણ ભાવ તો બાપા..! આહા..હા...! જ્ઞાનાનંદ સ્વભાવી છું, એમ બોલે ભાષા લ્યો, તેથી ત્યાં જ્ઞાનાનંદ સ્વભાવી થઈ ગયો અંદર ?

મુમુક્ષુ :– ... પણ બિરાજમાન તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ એ બિરાજમાન ક્યારે ? એની ઉપર દૃષ્ટિ જાય ત્યારે. આહા..હા...!

મુમુક્ષુ :– ભાવના તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ભાવના છે એ વિકલ્પ છે. રળવાની ને કમાવાની કેટલી ભાવના છે, એ બધા પાપભાવ છે. આ પુણ્યભાવ, વિકલ્પ છે. જ્ઞાનાનંદ સ્વભાવ એમાં આવ્યો નહિ. આહા..હા...! જ્ઞાનાનંદ સ્વભાવ તો પર્યાયને અંદરમાં લઈ જાય છે, પરિણામને અંદર લઈ જાય છે ત્યારે જ્ઞાનાનંદ સ્વભાવ અનુભવમાં આવે છે. ત્યારે જ્ઞાનાનંદ સ્વભાવ હું છું એમ માન્યું. આહા..હા...!

મુમુક્ષુ :– ... સંસ્કાર પડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સંસ્કાર પણ એ બાજુ (લક્ષ) લઈ જાય ત્યારે સંસ્કાર પડે ને ! બહારના પરિણામથી મને લાભ થશે. જ્ઞાનાનંદ સ્વભાવી છું, જ્ઞાનાનંદી સ્વભાવી છું લાખ, કરોડ, અનંત વાર કરે નહિ. એ તો ભાષા છે. એનું બનાવેલું છે ને ? એ તો વિકલ્પ છે, રાગ છે. આહા..હા...!

મુમુક્ષુ :– વાણીમાં તો વિવેક હોવો જોઈએ ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાણી જડ છે, એમાં વિવેક શું ? આત્મામાં રાગથી ભિન્ન થવાનો વિવેક હોવો જોઈએ. એ વિવેક છે. આહા..હા...! શ્લોક પણ આવે છે, 'ધર્મ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હાટે ન વેચાય, ધર્મ દુકાને ન વેચાય' આવે છે ને કંઈ ? 'ધર્મ વિવેકે નીપજે જો કરીએ તો થાય' એ ગુજરાતીમાં આવે છે. 'ધર્મ વિવેકે નીપજે'. આહા..હા..! વિવેકનો અર્થ–રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન કરે ત્યારે જણાય છે. આહા..હા..! ઘણા શબ્દો.

**'ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન એને અંદરમાં જ લાવે છે.'** આહા..હા..! દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી.. આહા..હા...! અને અંદર ભગવાન પૂર્ણાનંદમાં જામી ગઈ પછી પરિણામ બહાર જાય છે. અસ્થિરતા છે, છતાં અંતરમાં લાવે છે. એ દૃષ્ટિ અંતરમાં લાવે છે. આહા..હા...! હું તો આ છું. પરિણામ બહાર જાય પણ હું તો આ છું. આહા..હા...! **'વારંવાર.. વારંવાર એમ કરતાં.. કરતાં.. કરતાં (સ્વરૂપમાં લીનતા જામતાં.. જામતાં)...'** આહા..હા...! અહીં તો છેલ્લી વાત કહે છે. **'ક્ષપકશ્રેણી પ્રગટીને...'** આહા..હા...! પહેલાં તો પરિણામ અંતરાત્માને પકડી લે. ત્યારે સમ્યગ્દર્શન થાય છે. પછી ઉગ્ર આશ્રય લે છે તો ચારિત્ર થાય છે. પછી ઉગ્ર આશ્રયમાં શ્રેણી ધારણ કરે છે... આહા..હા...! શ્રેણીનો અર્થ–વીતરાગી પર્યાયની ધારા. આહા..હા...! સ્વભાવ સન્મુખની આશ્રયની એકાગ્રતાની ધારા, એનું નામ શ્રેણી. આઠમું ગુણસ્થાન. આહા..હા...!

**'ક્ષપકશ્રેણી પ્રગટીને પૂર્ણ થઈ જાય છે.'** આહા..હા..! લ્યો, આ અહીંયા પૂર્ણ થઈ જાય છે. આહા..હા...! પૂર્ણચંદ્ર પ્રભુ અંદર છે. પૂર્ણ શીતળ.. શીતળ.. શીતળ.. શીતળ. અવિકારી અકષાય ચારિત્રગુણ, હોં ! ત્રિકાળી સ્વભાવ અકષાય શાંત.. શાંત.. શાંત.. શાંત. જેમાં હલચલ નથી. રાગની તો હલચલ નહિ પણ જેમાં પર્યાયની હલચલ નથી. આહા..હા...! એવો ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ લગાવી, પરિણામ બીજે જાય છે તેને અહીંયા લઈ જાય છે. આહા..હા...! એમ કરતાં.. કરતાં.. કરતાં. કરતાં શુદ્ધતાની ધારાવાહી શ્રેણી ચડે છે. જેમ નિસરણીથી ઉપર ચડે છે એમ નિર્મળ ધારાથી અંદરમાં ઉપર ચડે છે. આહા..હા...! જે **'પૂર્ણ થઈ જાય છે.'** આહા..હા...! કેવળજ્ઞાન પ્રગટ થાય છે. પણ અંદરમાં જઈને એકાગ્ર થાય તો. કોઈ વ્યવહારની ક્રિયા કરી માટે આગળ વધી ગયો (એમ નથી). આહા..હા..!

મુમુક્ષુ :— શુદ્ધ વ્યવહાર આવ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પર્યાય વ્યવહાર છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! સવારે આવ્યું હતું, પર્યાય પણ વ્યવહાર છે. દર્શન, જ્ઞાન, ચારિત્રનું સેવન એ પર્યાયનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વ્યવહાર છે. નિર્મળ પર્યાય એ વ્યવહાર છે. જેને સવારે કહ્યું હતું, મેચક. આહા..હા...! ત્રિકાળી એકલા જ્ઞાયકનું સેવન કરવું એ નિશ્ચય, પણ ત્રણ પ્રકારની પર્યાયનું સેવન કરવું એ મેચક નામ વ્યવહાર નામ અનેક છે. આહા..હા..! આવો માર્ગ છે.

જેમ જેનાથી પ્રાપ્તિ થાય છે એ ઉપાયની ખબર નથી અને બીજા ઉપાયથી મળશે, મળશે એમ સંતોષ રાખીને ચાલ્યો જાય છે, ભવ ચાલ્યો જશે, પ્રભુ ! આવો ભવ. ચોરાશીના અવતારમાં રખડતા રખડતા માંડ મનુષ્યપણું મળ્યું, એમાં ભગવંત ત્રિલોકનાથની વાણી મળી. આહા..હા...! પણ વાણીમાં કહ્યો એ આત્માને ન જાણ્યો.

મૃત્યુ કાળે ભગવાન.. ભગવાન.. ભગવાનનું સ્મરણ કરે તો એ રાગ છે. પીડાનો પાર ન હોય, શરીર ભીંસાય, કફ ચડે, ડબલ ન્યુમોનિયા (થયો હોય). ઊંચે લે તો ત્રાસ, નીચે લે તો ત્રાસ, અંદર ત્રાસ. આહા..હા...! એ સમયે ભગવાન ભગવાન કરે પણ એ તો રાગ છે.

મુમુક્ષુ :– છોકરાને બોલાવે એ કરતાં તો સારું ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાંય સારું નહિ. છોકરા પણ બધા ઠીક છે. બધા સ્વાર્થના સગાં છે. સમજાય છે કાંઈ ? મેં પાપ કર્યા ને દોઢ કરોડ પૈસા ભેગા કર્યા. હવે હું દેહ છોડું છું તો મારી પાછળ પાંચ લાખ, દસ લાખ કાઢજો. મરતાં પેલાની જીભ અટકી જાતી હોય. અં.. અં.. દસ લાખ.. દસ લાખ.. (કરતો હોય). બાપા ! અત્યારે પૈસા ન સંભારીએ. એ જાણે કે આ બધા અહીં જોવા આવ્યા છે ને આ દસ લાખ કહે છે, અમારે શું કરવું ? પાછળ છોકરા ચાર છે, કરોડ રૂપિયા છે તો એક એકને પચીસ લાખ માંડ આવે. કરોડ આવવા જોઈએ એને ઠેકાણે પચીસ લાખ આવે, અને આ દસ લાખ આપવાનું કહે છે. બાપુ ! અત્યારે પૈસા ન યાદ કરીએ. પેલાને ભાષા, વાચા બંધ થઈ ગઈ હોય. ભાઈ ! આહા..હા...! એ બધા સ્વાર્થના પૂતળા છે, બાપા ! ધૂતારાની ટોળી છે ઇ. 'નિયમસાર'માં લખ્યું છે. એ બાયડી, છોકરા, દીકરા, દીકરી, જમાઈ એ બધી ધૂતારાની ટોળી તને ધૂતે છે, ધૂતે છે, ઠગે છે તને. 'નિયમસાર'માં છે. આહા..હા..! અમને પત્ની તરીકે કેમ રાખી ? લગનમાં હાથ ઝાલ્યો હતો ને ? બરાબર પાલન કરવું પડશે. અમે તમારા દીકરા છે, તમારી પાસે લક્ષ્મી આવી છે, ખર્ચ દેવો પડશે.

એક છોકરાએ એના બાપને લખ્યું છે. પૈસાવાળા હતો. એ વખતે દસ લાખ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હતા. પૂના ભણતો હતો. છ દીકરા. પૂના ભણતો હતો તો એનો પગાર, જે જોઈએ એ પુસ્તક બધાના પૈસા આપતા હતા અને એ ઉપરાંત પાંચ, પચીસ રૂપિયા દેતા હશે. છોકરાઓ લખ્યું, બાપુજી ! અમે લક્ષ્મીવાળાને ત્યાં આવ્યા છીએ અને લાખો રૂપિયા આપણે ત્યાં આવે છે. એ વખતે તો રોકડ હતી. આવે છે તો પૈસા બહાર રાખે. હજાર, હજારની, સો, બસોની થેલી (હતી). અને ઘરના માણસ ઉપાડીને અંદર નાખીએ. ખાનગી કારણ કે પેલા ન દેખે કે ક્યાં મુક્યા ? અંદર તિજોરી હોય ભોંયરામાં. એક મહિનાના બસો રૂપિયા. એ વખતની વાત છે, હોં ! (સંવત) ૧૯૭૩-૭૪. એ વખતની વાત છે.

છોકરો હતો, બિચારો છ મહિનાના પરણેતરે ગુજરી ગયો. ગૃહસ્થનો દીકરો હતો. વૈશાખમાં લગન થયા, આસોમાં ગુજરી ગયો. એના પિતાજીને લખ્યું, બસો રૂપિયા પુસ્તક, પાના, મહિનાનો ખર્ચ જે માસ્તરને આપે, શું કહેવાય ઇ ? ફી, એ ઉપરાંત મારા બસો રૂપિયા જોઈએ. ગુંજાના ખર્ચના બસો જોઈએ. ત્રણ ભેગા હતા. કાકાને ઠીક ન પડે તો તમારે નામે લખજો ને દેજો. એવો બિચારો. બહુ જુવાન શરીર હતું. 'દામનગર', 'દામોદર' શેઠનો દીકરો. ભાઈ ! એ લગન કર્યા. બે-બે મહિના, બાર-બાર મહિનાથી તો તૈયારી લગનની. એ વખતે, હોં ! ૧૯૭૪ ની વાત છે. આહા..હા..! એ છ મહિનાના લગન, આસોમાં દેહ છૂટી ગયો. આહા..! એ વખતે શેઠિયાને બિચારાને ત્રાસ.. ત્રાસ. કેમ કે એની મા હતા લીમડીના દીવાનના દીકરી હતા. અહીં ગુજરી ગયા એટલે લંઘ્યું આવ્યા. લંઘ્યું સમજો છો ? કૂટાવનારી બાઈયું હોય. દીવાનની દીકરી હતી. કાણે આવે ને ? કાણે. કાણેને શું કહે છે ? આવે ને ? ત્યારે લંઘ્યું બહારથી લઈને આવી. લંઘ્યું કૂટાવે ત્યારે એવી કૂટાવે. આહા..હા...! રાડ રાડ નાખે, લોકો. શેઠ કહેતા, અરે..રે..! ગુજરી ગયો ત્યારે અમને દુઃખ નથી થયું, એવું આજે થયું. ગામમાં હો.. હા. શેઠિયા, નગરશેઠ. અને એની વહુ દીવાનની દીકરી અને એનો દીકરો છ મહિને મરી ગયો. રાડ.. રાડ... ત્રાસ.. ત્રાસ. પણ એને ભાન નથી કે આ ત્રાસ શું છે ?

પર ચીજ તો જનારી જવાની જ છે. એ સંયોગી ચીજ ક્યાં સ્વભાવમાં રહે ? અરે..! રાગ પણ આવે છે ને જાય છે તો રાગને પણ પકડી રાખે તો નહિ રહી શકે. શુભરાગ છે તો રાખો, બરાબર. એ પણ નહિ રહી શકે. આહા..હા...! સંયોગી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાવ, સંયોગી ચીજનો તો નાશ થશે જ થશે. આહા..હા...! અહીંયા તો સંયોગી વિકારનો શુભભાવ સંયોગ છે તો બીજે સમયે વિનાશ થશે જ. તું રાખી નહિ શકે. આહા..હા...!

ભગવાન આત્મામાં વારંવાર અંતર્દષ્ટિ કરવાથી, પરિણામને અંતરમાં વાળવાથી પૂર્ણ જ્ઞાન થઈ જાય છે. **'જે વસ્તુ છે તે ઉપર જ તારી દષ્ટિનો દોર બાંધ,...'** જે ભગવાન પૂર્ણાનંદ પદાર્થ દ્રવ્ય છે તેની ઉપર જ તારી દષ્ટિનો દોર.. દોર ત્યાં લગાવી દે. આહા.હા...! **'પર્યાયના આલંબને કાંઈ ન થાય.'** જુઓ ભાષા. રાગથી તો નહિ પણ પર્યાયના અવલંબને પણ તારું કલ્યાણ નહિ થાય. આહા..હા...! રાગ, દયા, દાન ને વ્યવહાર રત્નત્રયથી તો તારું કલ્યાણ નહિ થાય પણ એક સમયની પર્યાયના આશ્રયે તારું કલ્યાણ નહિ થાય. આહા..હા...! ભાઈ ! આવું છે. લોકો વાંચશે, વિચારશે ત્યારે હજી હળવે હળવે છ મહિને, બાર મહિને (ખ્યાલ આવશે કે) આ શું પુસ્તક છે ? સમજાય છે કાંઈ ? એકલું માખણ છે. આહા..હા...!

કહે છે, **'પર્યાયના આલંબને કાંઈ ન થાય.'** કાંઈ નહીં થાય, થશે, સંસાર. ધર્મ નહિ થાય, એમ કહે છે. એની એક સમયની પર્યાય છે એના અવલંબનથી આત્માનું કલ્યાણ નહિ થાય. થશે, સંસાર થશે. આહા..હા..! જેમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ નથી એવા અંશનો આશ્રય કરવાથી કલ્યાણ, સમ્યગ્દર્શન આદિ ત્રણ કાળમાં નહિ થાય. આહા..હા...! એ ૨૦૮ (બોલ પૂરો) થયો.

**જેમ રાજા પોતાના મહેલમાં ઊંડો ઊંડો રહે છે તેમ ચૈતન્ય રાજા ઊંડા ઊંડા ચૈતન્યના મહેલમાં જ વસે છે; ત્યાં જા. ૨૦૯.**

૨૦૯. **'જેમ રાજા પોતાના મહેલમાં ઊંડો ઊંડો રહે છે...'** ચક્રવર્તી હોય ને ? એને પાંચ મહેલ હોય છે. ઇન્દ્રોએ બનાવેલ પાંચ-પાંચ (મહેલ હોય છે). છન્નુ હજાર તો સ્ત્રી હતી. એવો મહેલ બનાવે, એવો બનાવે કે વચમાં બધા આવી શકે. ચારે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બાજુ ઓરડા. દરેકમાં સ્ત્રી. અને અંદર આવવાનો એક મોટો ઓરડો (મોટી જગ્યા). બધા ત્યાંથી આવી શકે. છન્નુ હજાર સ્ત્રીના ઓરડા. વચ્ચે ચક્રવર્તીનો. ઇન્દ્રોએ બનાવેલા.

મુમુક્ષુ :– સંખ્યામાં તો ફેર નહિ હોય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— છન્નુ હજાર સ્ત્રી. મહા પુણ્યવંત છે. એ છન્નુ હજારમાં એક સ્ત્રીની તો એક હજાર દેવ સેવા કરે. ચક્રવર્તીની સ્ત્રી. આહા..હા...! એક સ્ત્રીની એક હજાર દેવ સેવા કરે. એવી તો એક મુખ્ય સ્ત્રી. આહા..હા...! મહા રાણીઓ તે તેજના પુંજ. એ બધા ધૂળના ઢગલા. અંદર ઓરડા.

એક ફેરી જોયું હતું. 'જૂનાગઢ' જતાં એક દરબારના મકાનમાં ઉતર્યા હતા. 'જૂનાગઢ' જાતા એક મકાન છે. વચ્ચે ખાલી હતું અને ચોર કોર ઓરડા. ત્યાં બધી રાણીઓને ચારે કોર રહેવાનું અને વચ્ચે રાજા રહે. રાણીને બોલાવવી હોય તો બારણેથી આવે. 'જૂનાગઢ' પહેલાં એક ગામ આવે છે. ત્યાં ગયા હતા, ખબર છે. બધા નામ કંઈ યાદ રહે છે ? 'વાદીરાજ'નું નામ ભૂલી ગયા હતા. બપોરે યાદ કરતા હતા. 'વાદીરાજ'ને કોઢ હતો.

કોઈએ એમ લખ્યું છે કે તમે એકાંત કરો છો ને મુનિને માનતા નથી તો (એક વિદ્વાનને) રોગ થઈ ગયો અને (આ બીજા વિદ્વાનને) રોગ થઈ ગયો. અરે...! પ્રભુ ! શું કહે છે તું ? 'સનતકુમાર' ચક્રવર્તી, આહા..હા...! જેને સાતસો વર્ષ ગળત કોઢ (રહ્યો). મુનિ છ ખંડનું રાજ છોડીને, છન્નુ હજાર સ્ત્રીને છોડીને આત્માના ધ્યાનમાં મસ્ત થઈ ગયા. શરીરમાં ગળત કોઢ. ગળત સમજ્યા ? સાતસો વર્ષ. એ તો અશાતાનું નિમિત્ત છે અને પરમાણુની ઉપાદાન પર્યાયની એવી લાયકાત છે. અશાતાના ઉદયથી એ નથી થતું, એ પર્યાય તો પર છે. આહા..હા...! અશાતાના ઉદયના રજકણ ભિન્ન છે અને રોગની અવસ્થાના રજકણ ભિન્ન છે. તો એ અશાતાના ઉદયે રોગના રજકણ બનાવ્યા એમ નથી. આહા..હા...!

'વાદીરાજ' ને કોઢ હતો ને ? મુનિ ભાવલિંગી સંતને કોઢ. એકવાર એનો એક શ્રાવક હતો. એ રાજા પાસે ગયો. રાજા કહે, તારા ગુરુને તો કોઢ છે. શ્રાવક કહ્યું, મહારાજ ! મારા ગુરુને કોઢ નથી. એમ કહ્યું. 'વાદીરાજ' પાસે આવ્યો. પ્રભુ ! મેં તો આમ કહ્યું છે, આપને કોઢ નથી. (મુનિરાજ કહે છે), શાંત રહો, ભાઈ ! બધું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઠીક થશે. પ્રભુની એવી ભક્તિ ઉપાડી, પ્રભુ ! જ્યાં જે ગામની માતાની કૂંખે આવો છો એ ગામમાં સોનાના નગર ને રતનના કાંગરા થઈ જાય છે. પ્રભુ ! તને હું હૃદયમાં સ્થાપું અને આ શરીર રોગ રહે (એમ બને નહિ). એ તો કુદરતે બનવાનું હતું એટલે, હોં !

મુમુક્ષુ :– ભક્તિના માહાત્મ્યથી કોઢ દૂર થઈ ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :-- એ કીધું ને નિમત્તથી કથન છે. અંદર ભક્તિ (કરે છે). હે નાથ ! આ શ્રાવકે રાજાને કહ્યું કોઢ નથી. તો પ્રભુ ! જૈનધર્મની લજ્જા થશે, નાથ ! મને તો છે ઇ છે. એ ભક્તિ ઉપાડી.. કરતાં.. કરતાં.. કરતાં. માતાના પેટમાં પ્રભુ તમે આવો છો તો રતનના કાંગરા અને સોનાના ગઢ બની જાય છે. એ તો નિમિત્ત છે. તો પ્રભુ ! મેં તમને હૃદયમાં સ્થાપન કર્યાં. આહા..હા...! અનુભવ તો છે, મુનિ તો છે સાચા, આહા..હા...! શુભરાગમાં ભક્તિનો એવો ઉછાળો આવ્યો અને બન્યું એવું કોઢ મટી ગયો. પણ રાજા ખોટો ન પડે એટલે આંગળીમાં થોડો રાખ્યો. શ્રાવકે કહ્યું એ બરાબર છે, હતો તો કોઢ, રાજાએ કહ્યું એ બરાબર હતું. પણ અમારો કોઢ હવે ભગવાનની ભક્તિથી મટી ગયો. આહા..હા...!

પ્રભુ ! તમે જ્યારે ગર્ભમાં આવો છો, ઇન્દ્રો આવીને માતાનું પેટ સાફ કરે છે, નાથ ! અને તમે મારા હૃદયમાં આવો ને આ રોગ રહે, એ કેમ બને ? આહા..હા...! એ તો નિમિત્તથી કથન છે.

સીતાજીને લ્યો. સીતાજીને આળ આવ્યું. રાવણને ઘરે તું ગઈ હતી ? લોકો શું કહે છે ? આહા..! અગ્નિની જ્વાળામાં પડો. અગ્નિ થઈ. હે અગ્નિ ! મેં બીજા પતિનો વિકલ્પ કર્યો હોય તો બાળી દેજે. અને જો વિકલ્પ ન કર્યો હોય તો ધ્યાન રાખજે, તું શરીરને નહિ બાળી શકે. ત્રણ લોકના નાથની લાજ જશે, પ્રભુ ! આહા..હા...! એ તો ભક્તોની (વાતો છે). આહા..હા...! સમજે છે કે આ રાગથી (નથી થતું). એકદમ પાણી થઈ ગયું, અગ્નિનું પાણી થઈ ગયું. એ કંઈ ભક્તિના વિકલ્પથી નથી થયું. એ તો થવાનું જ હતું. આહા..હા...! એની બ્રહ્મચર્ય પર્યાયની પરીક્ષા થઈ ગઈ. આહા..હા...! મેં પરપુરુષનો મનથી પણ વિકલ્પ કર્યો હોય તો ભસ્મ કરી નાખજે શરીરને. યાદ રાખ ! અગ્નિ તો જડ છે એને કહે છે ! અને મને જો બ્રહ્મચર્યમાં પતિ સિવાય બીજો વિકલ્પ ન થયો હોય તો બાળીશ નહિ, હોં ! યાદ રાખજે. અમને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બીજો વિકલ્પ નથી. આહા...! પાણી થઈ ગયું. ત્યારે રામચંદ્રજી કહે છે, અરે..! સીતા ! મારા અંતેપુરમાં આવ, તને પટરાણી બનાવું. બસ છે, પ્રભુ ! સંસાર કેવો છે એ ખ્યાલ આવી ગયો. હવે અમે પટરાણી તરીકે મહેલમાં નહિ આવીએ. હું તો સાધ્વી, આર્જિકા થઈશ. આહા..હા...! અંતરમાં જ્યાં ભક્તિનો રસ આવ્યો તો બહારમાં પાણી થઈ ગયું. આહા..હા..! એ નિમિત્તથી કથન છે, હોં ! ત્યાં નિમિત્તથી થયું નથી.

મુમુક્ષુ :-

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ નિમિત્તથી કહેવાય છે. બાકી એ વખતે પુણ્યનો ઉદય એવો આવ્યો અને એમ થઈ ગયું. સમજાય છે કાંઈ ? એમ પ્રભુ ત્રણ લોકનો નાથ અંદર પર્યાયનો આશ્રય લે તો આત્મા પ્રાપ્ત થતો નથી. અમે તો ત્રણ લોકનો નાથ પરમાત્માનો આશ્રય લઈ અનુભવ કરીએ છીએ. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવી વાતું છે, બાપુ ! આહા..હા...! ચૌદ બ્રહ્માંડ...

બેનમાં આવ્યું ને ? પહેલાં આવ્યું છે. કેટલામું ? ત્રણ લોકને ફરવું પડે. બોલ-૨૧. જુઓ ! ૨૧. આહા..હા...! **'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના-એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે,...'** આહા..હા...! અંતરની ભાવનાથી આત્માનો અનુભવ ન થાય, જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે **'અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય.'** દ્રવ્યની પર્યાયમાં પ્રાપ્તિ થાય જ છે, એમ કહે છે. પર્યાયની ભાવના અંતર્મુખ થઈ તો દ્રવ્યની પ્રાપ્તિ થાય જ છે. ન થાય તો દ્રવ્ય નથી એમ થઈ જાય છે. પણ એમ કદી બનતું નથી. સમજાય છે કાંઈ ? જોયું ? ૨૧.

**'ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે...'** આહા..હા...! **'એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'** આહા..હા..! અંતરમાં રાગ, દ્વેષ રહિત પરિણામ થયા અને આત્માની પ્રાપ્તિ ન થાય, એમ ત્રણ કાળમાં બને નહિ. શુદ્ધઉપયોગ થાય અને આત્મા પ્રાપ્ત ન થાય, આહા..હા...! એમ બને નહિ, ભાઈ ! જગતનો કુદરતનો એ સ્વભાવ છે. તને શુદ્ધઉપયોગમાં નથી અવાતું અને તને શુભથી લાભ થાય, એમ બને નહિ. આહા..હા...! એ તરફની શુદ્ધ ભાવના થઈ અને શુદ્ધ ભાવનાથી આત્મા અનુભવમાં ન આવે, એમ ત્રણ કાળમાં બને નહિ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા...! સમજાય છે કાંઈ ? શુભથી પ્રાપ્ત ન થાય. શુભથી પ્રાપ્ત ન થાય. પર્યાયના લક્ષે પ્રાપ્ત ન થાય પણ શુદ્ધઉપયોગમાં અંદરમાં જાય અને પ્રાપ્ત ન થાય (એમ બને નહિ). જુઓ આ વચનો ! આહા..હા...! **'આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'** અર્થાત્ વસ્તુનો સ્વભાવ એવો છે. આહા..! અંતરમાં ભાવના જાગે અને આત્મા ન મળે, એમ ત્રણ કાળમાં બને નહિ. સ્થૂળ ઉપયોગથી પ્રાપ્ત ઇચ્છે તો સ્થૂળ ઉપયોગમાં પ્રાપ્ત થતો જ નથી. આહા..હા...! સૂક્ષ્મ ઉપયોગથી પ્રાપ્ત ન થાય એમ ત્રણ કાળમાં બને નહિ. આહા..હા....! આવી વાતું છે, પ્રભુ ! (દૂર દૂર અંતઃપુરમાં)

આપણે અહીંયા ચાલે છે. **'રાજા પોતાના મહેલમાં ઊંડો ઊંડો રહે છે...'** છન્નુ હજાર સ્ત્રીના મકાનથી અંદરમાં ભિન્ન–દૂર રહે છે. **'તેમ ચૈતન્યરાજા ઊંડા ઊંડા ચૈતન્યના મહેલમાં જ વસે છે;...'** આહા..હા...! એ પર્યાયમાં નથી આવતો, રાગમાં તો આવતો જ નથી. ભગવાન પર્યાયથી દૂર દૂર દ્રવ્ય સ્વભાવમાં વસે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા પર્યાયથી અંદર દૂર દૂર મહેલમાં વસે છે. જેમ રાજાનો મહેલ અંદર દૂર દૂર છે, એમ ભગવાનનો મહેલ પર્યાયથી દૂર રહેવાનો છે. પર્યાયમાં એનો વાસ નથી, અંદર દૂર દૂર એનો વાસ છે. આહા..હા...! અરે...! આવી ભાષા છે. આવી વાત છે, ભગવાન ! લોકો કહે, ગમે તે કહો, ભાઈ ! તારા હિતની વાત છે, પ્રભુ ! તારી નિંદા નથી. આહા..હા...! આવો અનુભવ ન થાય અને મુનિપણું આવી જાય, (એમ ન બને). ભાઈ ! મારગડા જુદા છે, ભાઈ ! આહા..હા...!

પેલા 'તત્ત્વાર્થ રાજવાર્તિક'નું દૃષ્ટાંત આપે છે. દ્રવ્યલિંગીને પણ સાત પ્રકૃતિનો ક્ષય છે. કોની વાત છે ત્યાં ? દ્રવ્યલિંગ ધારણ કર્યું, (એ પહેલાં) સમકિત હતું. અને દ્રવ્યલિંગ ધારણ કર્યું પણ ભાવલિંગ અંદર ન આવ્યું, પુરુષાર્થ ઓછો છે. અથવા દ્રવ્યલિંગ ધારણ કર્યું અને પછી અંદરમાં અંતર્દૃષ્ટિ કરી એ દ્રવ્યલિંગને કારણે નહિ. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં લેખ છે. એક વાર કહ્યું હતું. દ્રવ્યલિંગીના ત્રણ પ્રકાર. મિથ્યાદૃષ્ટિ પણ દ્રવ્યલિંગી (હોય). બરાબર ક્રિયા (પાળતો હોય). સમ્યગ્દર્શન થયું છે પણ મુનિપણાની ક્રિયાનો વ્યવહાર બરાબર છે, પણ અંદર મુનિપણું નથી. પણ અંદર સમ્યક્ અનુભવ થયો છે એની વાત છે. દ્રવ્યલિંગ ધારણ કર્યું માટે ત્યાં સમકિત છે એમ નથી. આહા..હા...! કોઈને અંદર પંચમ ગુણસ્થાન હોય, બહારમાં છઠ્ઠા ગુણસ્થાનની અઠ્યાવીસ મૂળગુણની ચોખ્ખી ક્રિયા મુનિની હોય. એને પણ દ્રવ્યલિંગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહેવાય છે. આહા..! એકવાર કહ્યું હતું. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં છે.

(એમ કહે છે), જુઓ ! દ્રવ્યલિંગીને પણ સાત પ્રકૃતિનો ક્ષય છે. પણ કોની વાત છે ? તારું આ દ્રવ્યલિંગ ધારણ કર્યું માટે છે ? એમ છે ? અંતરમાં સ્વભાવનો આશ્રય લઈને અનુભવ કરે છે ત્યારે સાત પ્રકૃતિનો નાશ થાય છે. મુનિપણું બહારની ક્રિયા અઠ્યાવીસ મૂળગુણ બરાબર છે. પણ અંદરમાં છઠ્ઠું-સાતમું ગુણસ્થાન નથી. એમાં ચોથું હોય. અંદરમાં સ્વભાવનો આશ્રય લઈને, ભાવના કરીને અંદરમાં સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, બહારમાં અઠ્યાવીસ મૂળગુણની ક્રિયા છે તેને પણ દ્રવ્યલિંગી કહે છે. આહા..હા...! કેમ કે જેવી બાહ્ય ક્રિયા છે તેવો ભાવ અંતરમાં છઠ્ઠા ગુણસ્થાનનો નથી. એ અપેક્ષાએ દ્રવ્યલિંગ કહે છે. પણ દ્રવ્યલિંગ ધારણ કર્યું માટે સાત પ્રકૃતિનો ક્ષય થઈ ગયો (એમ કહેવું નથી). હવે એવા તો અનંત વાર દ્રવ્યલિંગ ધારણ કર્યાં. એવું દ્રવ્યલિંગ તો અત્યારે છે પણ નહિ. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..!

અંતરમાં પરિણામ પર્યાય ઉપરથી હટાવી અંતર સ્વભાવનો મહેલ ભગવાન જ્યાં ચૈતન્ય મહેલમાં બિરાજે છે, જાગૃત સ્વભાવમાં ભગવાન આત્મા છે. આહા..હા...! રાગ આંધળો છે એમાં ભગવાન નથી, પર્યાય એક અંશ છે એમાં ભગવાન નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? ત્રિકાળ જ્ઞાયક જાગૃત સ્વભાવમાં ભગવાન આત્મા છે. આહા..હા...!

**'ચૈતન્યના મહેલમાં જ નિવાસ કરે છે; ત્યાં જા.'** આહા..હા...! ભાષા કેટલી સાદી ! કહો, સમજાણું કાંઈ ? કેટલાક તર્ક કરે છે, કે બાહ્યને તમે પૂજનિક કહો તો પછી પદ્માવતીને કેમ પૂજવું નહિ ? અરે..! પ્રભુ ! શું કરે છે તું આ ? એમ કહે છે. અરે..! પ્રભુ ! શું કહે છે તું ? ભાઈ ! પદ્માવતી તો કોઈ વ્યંતરદેવી છે. એ તો ત્યાં ઉત્પન્ન થવાવાળો મિથ્યાદૃષ્ટિ છે. ત્યાં સમકિત તો છે નહિ. આહા..હા...! પદ્માવતી ને શું કહેવાય બધા ? ક્ષેત્રપાળ. એ તારી માન્યતા તો મિથ્યાત્વ છે. ભાઈ ! આહા..હા...!

'છ ઢાળા'માં આવે છે, નહિ ? સમ્યગ્દૃષ્ટિને સંયમનો અંશ નથી. આવે છે. સુરનાથ જજૈ હૈ. અરે...! પ્રભુ ! શું કહે છે ? ભાઈ ! જ્યાં અંતરની ભાવનાથી ભગવાનનો અનુભવ થયો એ બાપુ ! એ કોઈ અલૌકિક વાતું છે. આહા..હા...! એની મહિમા કહે છે કે સંયમનો લેશ ન હોય. એમ કહ્યું ને ? લેશ સંયમ ન હોય. ચરિત્રમોહ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વશ લેશ ન સંયમ, પણ સુરનાથ જજૈ હૈં. આહા..હા...! ભાઈ ! તને સમ્યગ્દર્શનની મહિમાની ખબર નથી. આહા..હા...! ભગવાન સમ્યગ્દર્શનમાં આવ્યો, એનું સામર્થ્ય આવ્યું, હોં ! ભગવાન તો દ્રવ્ય છે, દ્રવ્ય કંઈ પર્યાયમાં આવતું નથી. પણ દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે એવું જ્ઞાનની પર્યાયમાં આવી ગયું. આહા..હા...! અને જ્યાં સમ્યગ્જ્ઞાન થયું એમાં શું ન જણાયું ? આખું જૈનશાસન (જણાઈ ગયું). બંધ, મોક્ષ, પર્યાય, કેવળ બધું જણાઈ ગયું. સમજાય છે કાંઈ ? ભાઈ ! માર્ગ આવો છે, પ્રભુ ! આહા..! ૨૦૯ (બોલ પૂરો) થયો.

**તું પોતે માર્ગ જાણતો નથી ને જાણેલાને સાથે રાખે નહિ. તો તું એક ડગલું પણ કઈ રીતે ભરીશ ? તું પોતે આંધળો, અને જો ગુરુવાણીનું અને શ્રુતનું અવલંબન ન રાખ, તો સાધકનો માર્ગ જે અંદરમાં છે તે તને કેમ સૂઝશે ? સમકિત કેમ થશે ? સાધકપણું કેમ આવશે ? કેવળ કેમ પ્રગટશે ?**

**અનંતકાળનો અજાણ્યો માર્ગ ગુરુવાણી અને આગમ વગર જણાતો નથી. સાચો નિર્ણય તો પોતે જ કરવાનો છે પણ તે ગુરુવાણી અને આગમના અવલંબને થાય છે. સાચા નિર્ણય વગર – સાચા જ્ઞાન વગર સાચું ધ્યાન થઈ શકતું નથી. માટે તું શ્રુતના અવલંબનને, શ્રુતના ચિંતવનને સાથે જ રાખજે.**

**શ્રવણયોગ હોય તો તત્કાલ બોધક ગુરુવાણીમાં અને સ્વાધ્યાય યોગ હોય તો નિત્યબોધક એવાં આગમમાં પ્રવર્તન રાખજે. તે સિવાયના કાળમાં પણ ગુરુવાણી ને આગમે બતાવેલા ભગવાન આત્માના વિચાર ને મંથન રાખજે. ૨૧૦.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



૨૧૦. દેવ, ગુરુ ને શાસ્ત્રનું એણે અવલંબન લેવું જોઈએ (એમ કહે છે). '**તું પોતે માર્ગ જાણતો નથી ને જાણેલાને સાથે રાખે નહિ,...**' દેવ અને આગમના નિમિત્તને તું સાથે નહિ રાખે '**તો તું એક ડગલું પણ કઈ રીતે ભરીશ ?**' અંતરમાં કઈ રીતે જઈશ ? તું જાણતો નથી અને જાણનારનો સંગ કરતો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? દેવ અને આગમ નિમિત્ત છે કે નહિ ? દેવ, આગમ બતાવે છે કે નહિ કે વસ્તુ આ છે. તું જાણતો નથી અને જાણનારનો સંગ કરતો નથી. વ્યવહારની વાત કરી ને ? સમજાય છે કાંઈ ? તો અંતરમાં એક ડગલું નહિ જઈ શકે. આહા..હા...!

'**તું પોતે આંધળો, અને જો ગુરુવાણી અને શ્રુતનું અવલંબન ન રાખ, તો સાધકનો માર્ગ જે અંદરમાં છે તે તને કેમ સૂઝશે ?**' ભગવાન પરમાગમથી કહે છે કે તું ત્રણ લોકનો નાથ અંદર છો, તારી વસ્તુ પર્યાયમાં આવતી નથી. એમ આગમ કહે છે એવા આગમનો અભ્યાસ ન હોય, આગમનો સાથ નહિ હોય તો તું કઈ રીતે જાણી શકીશ ? સમજાય છે કાંઈ ? આહા..હા...! ચોથી ગાથામાં કહ્યું ને ? પોતે તો જાણતો નથી પણ જાણનારની સેવા કરી નથી. 'સમયસાર' ચોથી ગાથામાં છે. 'શ્રુત, પરિચિત, અનુભૂતા'. ત્યાં છેલ્લે છે. તું તો જાણતો નથી, અજાણ્યો છો અને જાણનારની સેવા નથી કરી. સેવા નથી કરી એનો અર્થ જાણનાર શું કહે છે તેને તું માનતો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? છે ને ચોથી ગાથામાં ? 'સમયસાર'.

અને પાંચમી ગાથામાં પણ 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું, હું સમયસાર નિજ વૈભવથી કહીશ પણ મારો નિજ વૈભવ કઈ રીતે પ્રગટ થયો છે ? આહા..હા...! આગમની સેવા. પરમાગમ અને ગુરુએ અમને શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો અને કુશાસ્ત્રની કુયુક્તિથી અમે કાઢી નાખ્યું કે આ માર્ગ નથી, આ નથી. એમ અમે યથાર્થ યુક્તિથી કુમાર્ગનો નિષેધ કરી દીધો. સુમાર્ગ અમને આગમથી મળ્યો. નિમિત્તથી કથન છે ને ? અને અમારો અંતર વૈભવ નિજ અનુભવથી પ્રગટ થયો છે. જેની આનંદની મહોર-છાપ છે, અતીન્દ્રિયની મહોર-છાપ છે એવો અમારો નિજ વૈભવ અમને પ્રગટ થયો છે. આહા..હા...! હું મારા નિજ વૈભવથી આ સમયસાર કહીશ. આહા..હા...! તમને સાંભળવું છે તો કહીશ એમ નહિ. શ્વેતાંબરમાં એમ આવે છે સ્વયમેવ ભગવાન જે કહે છે તે સાંભળ્યું છે તે કહીએ છીએ. એમ અહીંયા નથી. આચારાંગનું પહેલું સૂત્ર છે ને ? એમાં એવું આવ્યું છે. પહેલું સૂત્ર ... હે આયુષ્યમન ! મેં ભગવાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પાસે આ સાંભળ્યું તે હું તમને કહીશ. અહીં કહે છે, નહિ. હું તો મારા અનુભવથી કહીશ. જુઓ આ શૈલી ! આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

**‘તું પોતે આંધળો, અને જો ગુરુવાણીનું અને શ્રુતનું અવલંબન ન રાખ, તો સાધકનો માર્ગ જે અંદરમાં છે તે તને કેમ સૂઝશે ? સમકિત કેમ થશે ? સાધકપણું કેમ આવશે ? કેવળ કેમ પ્રગટશે ?’**

**‘અનંતકાળનો અજાણ્યો માર્ગ ગુરુવાણી અને આગમ વગર જણાતો નથી.’** જાણવામાં એ નિમિત્ત છે. આહા..! સમજાય છે કાંઈ ? ભલે એ નિમિત્ત છે. એ વખતનું જ્ઞાન છે એ પરલક્ષી છે, પણ એ લક્ષ એમ બતાવે છે, શાસ્ત્ર માર્ગ દેખાડી અળગા રહે. આહા..હા...! બતાવી દે કે આ માર્ગ છે. જાવાનું તો એને છે ને ! આહા..હા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**સાધક જીવ પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ, પરદ્રવ્યરૂપ ભાવકર્મ-દયા-દાન આદિ ભાવકર્મ અને શરીરાદિ પ્રત્યે ઉદાસીન છે, કેમ કે શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં તેને શુદ્ધ ચૈતન્ય ઉપાદેય છે. ધ્રુવને ધ્યાનમાં લઈ જ્યારથી આત્માનો અનુભવ થયો ત્યારથી તે જીવ પોતાના પૂર્ણાનંદ સ્વરૂપને ઉપાદેય જાણતો હોવાથી રાગાદિ વિકલ્પ ઉઠે તેના પ્રત્યે ઉદાસીન છે. ‘પરમાગમસાર’ બોલ નં.૧૭૪.**

**પોતાના સ્વરૂપને જાણતા નથી એવા અજ્ઞાની જીવો રાગ સાથે એકતાબુદ્ધિ કરીને ‘ રાગ મારું કર્તવ્ય છે’ - એવી અજ્ઞાનપણે કર્તાકર્મની પ્રવૃત્તિ કરી રહ્યા છે. રાગ સાથે એકત્વપણું માન્યું છે પણ જ્ઞાયક પ્રભુ એકરૂપ થયો નથી. રાગની એકતાબુદ્ધિ એ અજ્ઞાનનો અભ્યાસ છે ને રાગથી ભિન્ન પડીને જ્ઞાયકનો અભ્યાસ તે ધર્મનો અભ્યાસ છે - જ્ઞાનનો અભ્યાસ છે. ‘પરમાગમસાર’ બોલ નં.૧૭૫.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાદરવા સુદ ૧, રવિવાર તા. ૦૩-૦૯-૧૯૭૮.
વચનામૃત–૨૧૦, ૨૧૧, પ્રવચન–૮૪

૨૧૦ બોલ છે, વચમાંથી છે. **'સાચા નિર્ણય વગર–સાચા જ્ઞાન વગર સાચું ધ્યાન થઈ શકતું નથી.'** માણસ એમ કહે ને ? ધ્યાન શું કરવું ? ૐ ૐ કરવું ? પંચ પરમેષ્ઠીનું કરવું ? અત્યારે તો એ વા આવ્યો છે, ધ્યાનનો અભ્યાસ કરવો. પણ ધ્યાન કોનું ? વસ્તુ સ્વરૂપ શું છે ? સર્વજ્ઞે કહ્યો એ આત્મા કેવો છે ? એમાં ગુણ શું છે ? એની પર્યાયમાં શું છે ? વિકારી શું છે ? અવિકારી શું છે ? એમાં નિમિત્ત વસ્તુ કોણ છે ? એવું યથાર્થ જ્ઞાન થયા વિના, પહેલાં યથાર્થ જ્ઞાન થયા વિના સ્વરૂપ તરફ દૃષ્ટિ નથી જાતી. આહા..હા...! જ્ઞાનમાં વિપરીતતા હોય ત્યાં સુધી સ્વરૂપ દૃષ્ટિ થતી નથી. કંઈ પણ રાગથી લાભ થશે, નિમિત્તથી લાભ થશે એવું જ્ઞાન છે એ જ્ઞાન અંતરમાં નહિ જઈ શકે. આહા..હા...! અને પછી ધ્યાન કોનું ? એ કહે છે.

**'સાચા નિર્ણય વગર...'** સાચો સત્ય ભગવાન નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપનો અનુભવમાં નિર્ણય થયા વગર. આહા..હા...! અને તેના જ્ઞાન વિના. નિર્વિકલ્પ અભેદ વસ્તુ છે એવી એકરૂપ વસ્તુ છે એના જ્ઞાન વિના **'સાચું ધ્યાન થઈ શકતું નથી.'** કલ્પિત માને કે હું એકાગ્ર થાઉં છું. પણ સાચો આત્મા અખંડ પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્ય, એનું જ્ઞાન અને નિર્ણય કર્યા વિના અંતરમાં ધ્યાન ન થઈ શકે. સમજાય છે કાંઈ ?

'અષ્ટ પાહુડ'માં એમ આવ્યું છે કે સમ્યગ્દર્શન માટે ધ્યાન કરવું. પણ એનો અર્થ એ છે કે સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્દર્શન માટે અથવા સમ્યગ્દર્શન પામવા. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** એમ આવે છે ને ? અંતર જ્ઞાયક ચૈતન્ય કેવો છે ? એનું વાસ્તવિક યથાર્થ જ્ઞાન આગમ અને ગુરુ પાસે સાંભળીને થયું નથી તો એ અંતરમાં જઈને ધ્યાન નહિ કરી શકે.

મુમુક્ષુ :– જ્ઞાન એટલું બધું પરાધીન.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :– પરાધીન નહિ. એ જ્ઞાનમાં યથાર્થતા નથી એ પરાધીન. આહા..હા...! જ્ઞાનમાં વાસ્તવિક યથાર્થ તત્ત્વ શું ? દ્રવ્ય શું ? ગુણ શું ? પર્યાય શું ? વિકાર શું ? એવા વાસ્તવિક વ્યવહારુ જ્ઞાનના નિર્ણય વિના અંતરમાં જઈ નહિ શકે. આહા..હા...!

મુમુક્ષુ :– એ તો વ્યવહારનો મહિમા આવ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યવહારુ પરલક્ષી જ્ઞાન. પછી સાચું જ્ઞાન કહે છે. અંતરમાં ધ્યાન કોને થાય છે ? અહીં તો એ વાત ચાલે છે કે અંતરમાં જ્ઞાયક સ્વરૂપનો દૃષ્ટિમાં નિર્ણય થયો હોય એ અંતરમાં ધ્યાન કરી શકે છે. સમજાય છે કાંઈ ? નહિતર તો રાગ ને દ્વેષના પુણ્ય-પાપનું ધ્યાન એ તો આર્તધ્યાન, રૌદ્રધ્યાન છે. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...!

મુમુક્ષુ :– સમ્યગ્દૃષ્ટિ જ ધ્યાન કરી શકે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમ્યગ્દૃષ્ટિ જ ધ્યાન યથાર્થ કરી શકે. કેમ કે દૃષ્ટિમાં અખંડ ચીજ શું છે એમ દૃષ્ટિમાં–શ્રદ્ધામાં આવ્યું છે. અને જ્ઞાનની પર્યાયમાં પણ આ પરિપૂર્ણ છે એવું જ્ઞાન થયું છે. આહા..!

રાત્રે પ્રશ્ન થયો હતો ને ? કે જેમ લોકાલોકને જાણવું એ પર છે તો એ અસદ્‌ભુત વ્યવહાર છે. તો જ્ઞાન સ્વદ્રવ્યને જાણે એ પર્યાયથી દ્રવ્ય ભિન્ન છે–એમ નથી. પોતાના સ્વરૂપનું જ્ઞાન, પોતાનું જ્ઞાન કરવું છે, જ્ઞાન જ્ઞાનને કરે અને જ્ઞાન સિવાય બીજા ગુણનું (જ્ઞાન) કરે એ નિશ્ચય જ્ઞાન છે. સમજાય છે કાંઈ ?

'નિયમસાર'માં છે ને ? 'નિયમસાર'માં એમ છે કે આત્મા પોતાના જ્ઞાનનું જ્ઞાન કરે અને જ્ઞાન બીજા ગુણનું અને પર્યાયનું જ્ઞાન કરે એ નિશ્ચય છે. સમજાય છે કાંઈ ? પોતાનું જ્ઞાન કરે અને જ્ઞાન બીજા ગુણનું જ્ઞાન કરે એ વ્યવહાર છે–એમ નથી. ઝીણી વાત, બાપુ ! આહા..હા...! ભગવાન નિર્વિકલ્પ ચીજ અંદર છે. જેમાં પર્યાયનો ભેદ નથી, આહા..હા...! એવી ચીજનું જ્ઞાન કરવું અને એ જ્ઞાન જ્ઞાનને જાણે અને એ જ્ઞાન અનંત ગુણ ને પોતાની પર્યાયને જાણે એ નિશ્ચય છે. પર્યાયથી પર્યાય ભિન્ન છે, પર્યાયથી દ્રવ્ય ભિન્ન છે માટે એ દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન વ્યવહાર છે, એમ નથી. અરે...! આવી વાત છે. સમજાય છે કાંઈ ?

રાત્રે પ્રશ્ન થયો હતો ને ? આ આત્મા શરીર, વાણી, મન, લોક, અલોકને જાણે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એમ કહેવું એ તો અસદ્ભુત વ્યવહાર છે. પરમાં તન્મય થતો નથી માટે તે અસદ્ભુત છે. એમ જ્ઞાનની પર્યાય દ્રવ્યમાં જતી નથી તેમ જ્ઞાનની પર્યાય બીજાને જાણે છે એમાં જાતી નથી તો એ જ્ઞાન વ્યવહાર કહેવાય કે નહિ ? એમ નથી. આહા..! ઝીણી વાત, બાપુ !

એણે અનંત કાળમાં નિર્વિકલ્પ ચીજ અંદર છે, પરમાત્મસ્વરૂપ (છે)... આહા..હા...! 'અપ્પા સો પરમપ્પા.' આત્મા તે પરમાત્મ જ છે. આત્મામાં અને સર્વજ્ઞની પર્યાયમાં કંઈ ફેર નથી. ફક્ત એની પર્યાય પ્રગટ છે, અહીં પર્યાય પ્રગટ નથી પણ વસ્તુ તો સરખી છે. આહા..હા...! એમ જ્યારે અંતરમાં ચીજનું જ્ઞાન થયું નહિ, નિર્ણય થયો નથી, તો એ ચીજ દૃષ્ટિમાં આવી નથી અને આવ્યા વિના ધ્યાન કોનું કરવું ?

મુમુક્ષુ :- ધ્યાનમાં જ સમ્યગ્દર્શન થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધ્યાન એ જુદી ચીજ છે. ધ્યાન પહેલાં કહ્યું ને ? કે અંતરમાં લક્ષ કરવું એ પણ એક ધ્યાન છે. સમ્યગ્દર્શન ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એનો અર્થ શું ? 'દ્રવ્ય સંગ્રહ'ની ૪૭ ગાથા કહી ને ? **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર અંતર ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. બહારમાં કોઈ વિકલ્પ છે ને વાંચે છે ને સાંભળે છે ને ધ્યાન, સમ્યક્ થઈ જાય, એમ નથી. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :- બધી સૂક્ષ્મ નયો ધ્યાનમાં જ પ્રગટે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અંદરમાં જ પ્રગટે. હમણા એક પ્રશ્ન આવ્યો હતો. ચાલતા ચાલતા અનુભૂતિ થાય કે નહિ ? અરે..! ભગવાન ! મુનિની દશા જુદી છે. આહા..હા...! એમને તો ચાલતા ને બોલતા પણ સપ્તમ ગુણસ્થાન આવી જાય છે. અંદર આમ થોડી વાર જામી જાય. એમ સમ્યગ્દર્શન અને અનુભૂતિ એ ચાલવાની ક્રિયામાં થાય છે એમ ન બની શકે. આહા..હા...! ત્યાં તો વિકલ્પ છે, આમ ચાલું, આમ ચાલું. અંદરમાં ધ્યાનમાં જાય છે ત્યારે સમ્યગ્દર્શન પામે છે. આહા..હા...!

મુમુક્ષુ :- લોકનું ધ્યાન અને આમાં બહુ ફેર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- લોકોમાં ધ્યાન ક્યાં ? અજ્ઞાનીના છે. અહીંયા ૐ ના, ૐ ના ધ્યાન કરે, પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે, એ તો રાગ છે. ભગવાન અરિહંત પરમાત્માનું ધ્યાન કરે તો પણ પરદ્રવ્ય છે, એ તો વિકલ્પ, રાગ છે, એ ધ્યાન જ નથી. ઝીણી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વાત, ભગવાન ! શું થાય ? આહા..હા...! અંદર પ્રભુ નિર્વિકલ્પ પરમાત્મ સ્વરૂપ છે, એવો અનુભવમાં સાચો નિર્ણય થયા વિના અંતરમાં જાવું, ધ્યાન કરવું એ નહિ થઈ શકે. આહા..!

મુમુક્ષુ :– અનુભવ પણ ધ્યાનમાં થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કહ્યું ને પહેલાં ? એ તો કહ્યું. ધ્યાનમાં સમ્યગ્દર્શન પામે છે અને પછી પણ ધ્યાન કરે છે, સમ્યગ્દષ્ટિને વસ્તુ ધ્યાનમાં આવી છે, દૃષ્ટિ (થઈ છે) તો એ ધ્યાન કરી શકે છે. આહા..! આકરી વાતું બહુ.

અંતરમાં આત્મા છે. પર્યાયમાં પણ નહિ, રાગમાં નહિ. આહા..હા...! બહારની બધી વાત ભૂલી જવી અને નિજ પર્યાયને અંતરમાં લઈ જવી. ધ્યાનમાં આવી જવું. તો એ ધ્યાન છે.

મુમુક્ષુ :– એક સમયની પર્યાયમાં અનુભવ થયો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ સમયની પર્યાય ભલે હોય, ઉપયોગ ભલે અસંખ્ય સમયનો હોય, પણ એક સમયમાં જ સમયાંતર થઈ જાય છે. સમ્યગ્દર્શન એક સમયમાં થઈ જાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? જે દૃષ્ટિ રાગ ને પર્યાય ઉપર છે એ દૃષ્ટિ સ્વભાવ ઉપર લઈ જવી એ એક સમયમાં થાય છે. આહા..! 'रभसा' આવ્યું કે નહિ ? 'रभसा'. એક ઠેકાણે શીઘ્ર કહ્યું છે અને એક ઠેકાણે એક સમય કીધું છે. એ તો ઠીક. આહા..હા...!

પૂર્ણાનંદ પ્રભુ નિર્વિકલ્પ ચૈતન્યના ધ્યાનમાં સમ્યગ્દર્શન થાય છે. વાંચન ને શ્રવણ કરતાં કરતાં સમકિત થાય છે, એમ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? મુનિની દશા જુદી છે. મુનિ તો ભાઈ ! એમનું તો શું કહેવું ? અત્યારે તો કંઈ (ભાવલિંગ દેખાતુ નથી.) આહા..હા...! જેના આત્મામાં અંતરમાં અનંત અનંત અનંત ગુણમાં દૃષ્ટિ ઘુસી ગઈ અને લીનતા.. આહા..હા...! પ્રચુર સ્વસંવેદન ભાવસાધુનું ચિહ્ન છે. આહા..હા..! રાગ ને વિકલ્પ ને પંચ મહાવ્રત કે નગ્નપણું એ કોઈ સાધુપણું નથી. આમાં એક શબ્દ આજે વાંચવામાં આવી ગયો. આ ભાઈએ પુસ્તક લખ્યું છે ને ? સાધુ બનવું સહેલું છે પણ સાધુ થવું મુશ્કેલ છે. શું કહ્યું ? સાધુ થવું એટલે આ લુગડા ફેરવ્યા ને નગ્ન થઈ ગયા. ભાષા એવી વાપરી છે. સાધુ બનવું સહેલું. સાધુ નામ આ ક્રિયાકાંડ ને વ્રત લઈ લીધા. પણ સાધુ બનવું.. અરે..! બાપુ ! સાધુ થવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શું વસ્તુ છે ! આહા..હા...! અરે..રે...! આ કાળમાં સમ્યગ્દર્શન દુર્લભ થઈ ગયું તો સાધુપણું તો ભાઈ ! અલૌકિક વસ્તુ છે. આહા..હા...! જેને અતીન્દ્રિય આનંદમાં રમતા બહાર વિકલ્પ આવે તો બોજો લાગે છે. પંચ મહાવ્રતના વિકલ્પ આવે તો બોજો લાગે. આહા..હા...! શિષ્યને શીખડાવવાનો વિકલ્પ આવે એ બોજો લાગે. આહા..હા...! વાંચનનો વિકલ્પ ઉઠે એ બોજો લાગે. બોજો સમજાય છે ? શું કહે છે હિન્દીમાં ? ભાર. આહા..હા...! નિર્વિકલ્પ આનંદ આગળ વિકલ્પ તો બોજો–ભાર લાગે છે. આહા..હા..!

જ્યારે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ અંતર ધ્યાનમાં પ્રાપ્ત થાય છે અને ધ્યાન પાછળ, ધ્યાન જે સ્વરૂપ ખ્યાલમાં આવ્યું કે આ વસ્તુ આનંદ છે, એમાં ધ્યાન લગાવવું. એ વિશેષ સ્થિરતા ચારિત્ર આદિ છે. આહા..હા...! સ્વરૂપના ભાન વિના ધ્યાન કોનું કરે ? જે ચીજ છે એ તો ખ્યાલમાં આવી નથી. ખ્યાલમાં આવી નથી એનું ધ્યાન કરવું છે એ શી રીતે કરે ? આહા..હા..! કોઈ ચીજ ખ્યાલમાં આવી હોય અને પછી ટકટક લગાવીને ધ્યાન કરે તો થઈ શકે. આહા..હા...! ઝીણી વાત, ભાઈ ! આહા..હા...!

સમ્યગ્દષ્ટિને પણ, ક્ષાયિક સમકિત હોય તો પણ સ્ત્રીના વિષયની વાસનાનો વિકલ્પ આવે છે. આહા..હા...! પણ બોજો, દુઃખ લાગે. આ છૂટતું નહિ જાણીને દુઃખ લાગે છે. અરે..રે..! પોતાના આનંદ સ્વભાવનો જ્યાં સમ્યગ્દર્શનમાં સ્વાદ આવ્યો તો ખ્યાલ આવ્યો કે જે નમુનો–આનંદનો અંશ નીકળ્યો તો આખો ભગવાન આનંદમય છે. આવી વાત છે, પ્રભુ ! શું થાય ? આ રૂનો ધોકડો હોય છે ને ? એમાંથી નમુનો કાઢે. નમુના ઉપરથી આખી ધોકડો આવો છે (એમ જ્ઞાનમાં આવી જાય છે). એમ ભગવાન અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની ગાંસડી છે, ભાઈ ! પુંજ છે. એમાં સમ્યગ્દર્શનમાં એકાગ્ર થાય છે તો એમાંથી આનંદનો, શાંતિનો, સ્વચ્છતાનો નમુનો આવે છે. એ નમુના દ્વારા પ્રતીત કરે છે કે આખો ભગવાન અતીન્દ્રિય આનંદમય છે. આહા..હા...!

મુમુક્ષુ :– એ તો અનુમાનજ્ઞાન છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ અનુમાન નથી. એમાં પ્રતીતિ આવી છે. આવી નહિ, પ્રત્યક્ષ થયું. આહા..હા...! જ્ઞાનની, સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ થયું. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે ભલે જ્ઞાન પરોક્ષ, પણ એ જ્ઞાન પોતાને જાણવામાં પ્રત્યક્ષ થઈ ગયું. આહા..હા...!

મુમુક્ષુ :– અનુભવ પ્રત્યક્ષ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનુભવ પ્રત્યક્ષ, પણ એ જ્ઞાનને જ ત્યાં પ્રત્યક્ષ કહ્યું. ... આવે છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. 'અષ્ટ સહસ્ત્રી'માં. આહા..! એની અપેક્ષાએ અનુભવમાં જ્ઞાનને પ્રત્યક્ષ કહેવાય છે. ખરેખર પરોક્ષ છે પણ પેલું દૃષ્ટાંત નથી દીધું ? કે આ માણસને મેં પ્રત્યક્ષ જોયો. એ તો પ્રત્યક્ષ નથી જોયો, એ તો પરોક્ષ રીતે જોયો છે. એમ અંતર ભગવાન આત્મામાં જ્ઞાનની પર્યાયમાં મેં પ્રત્યક્ષ જોયો. ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ છે, પૂર્ણ શાંતસ્વરૂપ છે, પૂર્ણ સ્વચ્છતા વીતરાગસ્વરૂપ છે એવું જ્ઞાન થઈ ગયું. આહા..હા..! બહુ કામ આકરું, બાપા !

જેનાથી જન્મ-મરણના અંત આવે, ભવનો અંત આવી જાય.. આહા..હા..! ચોરાશીના અવતાર કરી કરીને અનંત કાળ માથે વીત્યો. આહા..હા...! ક્યાંય એને સુખ નથી. સુખ છે તો સાગર પ્રભુ આત્મામાં છે. આહા..હા...! ત્યાં તો ગયો નહિ, એનો અનુભવ તો કર્યો નહિ અને બહારમાં ઝાંવા નાખે. સ્ત્રીમાં ને પૈસામાં ને આબરૂમાં ને ધૂળમાં.. આહા..હા...!

જેને એ આનંદનો નાથ પ્રભુ જ્ઞાનમાં પૂર્ણ સ્વરૂપ જણાયું નથી એ અંતરમાં ધ્યાન નહિ કરી શકે. આહા..હા...! અત્યારે એ ચાલ્યું છે. ધ્યાન કરો, ધ્યાન કરો. પણ હજી વસ્તુની ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વર પરમાગમમાં જે આત્મા કહ્યો એ કોણ છે ? અને ગુરુ પણ જ્ઞાની આત્મા કોને કહે છે, એ તો ખબર નથી અને ધ્યાન લગાવો. બેચાર (કલાક) શું ધ્યાન લગાવે ?

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધું ઘણું આવે છે. વાંચીએ છીએ, છાપામાં બહુ આવે છે. ધ્યાનમાં એમ કે.. શું કહેવાય આ ? શિક્ષણ શિબિર કરી ને ? એમ ધ્યાનની શિબિર કાઢી છે.

મુમુક્ષુ :– શૂન્ય થઈ જાઓ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શૂન્ય થઈ જાઓ, એ તો 'રજનીશ' (કહે છે). એના તો કાંઈ ઠેકાણા નથી. 'રજનીશ'ના કાંઈ ઠેકાણા નથી. આહા..! એ તો ભોગાનંદમાં બ્રહ્માનંદ છે, કહે છે. અરે...! પ્રભુ ! શું કરે છે તું આ ? વિષયમાં મજા લાગે ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ ભોગનો આનંદ એ બ્રહ્મનો આનંદ છે. અરે..! ભગવાન ! શું તેં કર્યું ? પ્રભુ ! આહા..હા..! ભોગના આનંદમાં એને મજા લાગે ને ? પણ એ તો દુઃખ છે. ભોગના વિષયની વાસના એ તો દુઃખ છે, પ્રભુ ! આહા..હા...! એને એમાં આનંદ ક્યાંથી આવ્યો ? ખુબ રોવો, રોવો પછી શૂન્ય થઈ જાઓ. ખૂબ દાંત કાઢો. શું છે આ ? ગપ માર્ગ ચલાવ્યો. નહિતર હતો તો જૈન, 'રજનીશ' તારણપંથીમાં જન્મ હતો. 'જબલપુર'માં પ્રોફેસર હતો પણ ભ્રષ્ટ થઈ ગયો હતો. આહા..હા...!

મુમુક્ષુ :– હવે ભગવાન થઈ ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાન તો દુનિયા ભગવાનસ્વરૂપ છે તો ભગવાન માની લે. માને તેથી કંઈ ભગવાન થઈ ગયો ? આહા..હા...! ભગવાન નામ ભગ નામ આનંદ ને શાંતિરૂપી લક્ષ્મી એનો વાન. આનંદલક્ષ્મીરૂપી સ્વરૂપ. એવો આત્મા ભગવાન છે. આહા..હા...! શું થાય ?

અહીંયા એ કહે છે, **'સાચા નિર્ણય વગર–સાચા જ્ઞાન વગર–સાચું ધ્યાન થઈ શકતું નથી. માટે તું શ્રુતના અવલંબનને,...'** ભગવાન પરમામગ જે શાસ્ત્ર છે... આહા..હા.! એ શ્રુત પણ પરમાગમ છે. દિગંબર શાસ્ત્ર જે સંતોએ કહ્યા એ શ્રુત, એ પરમાગમ. આહા..હા....! એવા પરમાગમરૂપી **'શ્રુતના અવલંબનને, શ્રુતના ચિંતવનને સાથે જ રાખજે.'** વાસ્તવિક પરમાગમ કેવા હોય એનું જ્ઞાન સાથે રાખજે તો અંદર ધ્યાન થઈ શકશે. આહા..હા...!

અરે..રે..! આ તો ભવના અંતની વાતું છે, પ્રભુ ! આહા..! જેમાં ભવ અને ભવનો ભાવ અંદરમાં છે જ નહિ. આત્મા જેને કહીએ, નિર્વિકલ્પ ભગવાન, એમાં ભવ અને ભવના ભાવનો અભાવ છે. આહા..હા...! એવા દ્રવ્યનો નિર્ણય કરીને ધ્યાન કરવું એ ભવના અંતનું ધ્યાન છે અને મોક્ષની પર્યાય નજીક કરે છે એ ધ્યાન છે. આહા..હા...!

મુમુક્ષુ :– એક ખીલે બંધાવોને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બંધાણા ખીલે. વાસ્તવિક ગુરુ કહે અને વાસ્તવિક સત્ શાસ્ત્ર કહે, એનું તો એને શ્રવણ, મનન, લક્ષ હોવું જોઈએ. કારણ કે એ વિના વસ્તુસ્થિતિ લક્ષમાં નહિ આવે. આહા..! શાસ્ત્ર અને ગુરુવાણી એમ કહે કે આ આત્માનો સાર વીતરાગતા છે. ચારે અનુયોગની વાણીમાં વીતરાગતા સાર છે. તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વીતરાગતા એ બતાવે છે કે વીતરાગતા થાય કેવી રીતે ? જે વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મા છે તેના આશ્રયે વીતરાગતા થાય છે. ગુરુ એમ કહે કે મારા આશ્રયે પણ વીતરાગતા નથી થતી.

મુમુક્ષુ :– ગુરુ તો એમ કહે કે ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– શિષ્ય કેવો ને ગુરુ કેવા ? આહા..હા...! પોતે પોતાનો ગુરુ અને પોતે પોતાનો દેવ. આહા..! સર્વજ્ઞદેવ પરમગુરુ. 'શ્રીમદ્' માં એવા શબ્દ આવે છે. સર્વજ્ઞદેવ સર્વજ્ઞસ્વભાવ, સર્વજ્ઞદેવ એ પરમગુરુ છે. આહા..હા...! પોતાનો સર્વજ્ઞ સ્વભાવ, જ્ઞ સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ, પૂર્ણ સ્વભાવ એવો ભગવાનનો સ્વભાવ, એ સર્વજ્ઞદેવ છે, પ્રભુ ! આહા..! અલ્પજ્ઞપણું પણ જેના સ્વરૂપમાં નથી. રાગ તો નથી, પુણ્ય, દયા, દાનના વિકલ્પ તો નથી... આહા..હા..! પૂર્ણ સ્વરૂપનો અર્થ એ સર્વજ્ઞસ્વરૂપી પૂર્ણ છે. સર્વજ્ઞ સ્વભાવ, સર્વદર્શિ સ્વભાવ, પ્રત્યેક ગુણ પૂર્ણ સ્વભાવી ભગવાન આત્મા છે. એવો સાચો નિર્ણય જ્ઞાન વિના અંતરમાં તેનું ધ્યાન (થઈ શકે નહિ). ચીજ લક્ષમાં જ આવી નથી તેનું ધ્યાન કઈ રીતે કરવું ? જે ચીજ લક્ષમાં આવી નથી, જ્ઞાનમાં ખ્યાલ આવ્યો નથી એ ચીજનું ધ્યાન કઈ રીતે કરવું ? આહા..હા...!

**'શ્રવણયોગ હોય તો તત્કાળબોધક ગુરુવાણી...'** 'પ્રવચનસાર'માં આવે છે ને ? ત્રીજા અધિકારમાં. ગુરુવાણી એ તત્કાળબોધક છે. તત્કાળ નિમિત્ત, તદ્દન ... આ આમ કહે છે. ગુરુ આમ કહે છે કે તું નિર્વિકલ્પ વસ્તુ છો. આહા..હા..! સમજાય છે કાંઈ ? ગુરુવાણી તત્કાળબોધક છે અને સ્વાધ્યાયયોગ નિત્યબોધક છે. શું કહે છે ? નિત્યબોધક. સ્વાધ્યાય તો કાયમ કરે છે તો નિત્યબોધક છે અને ગુરુ તો કહે ત્યારે તત્કાળબોધક છે. આહા...હા...! સમજાય છે કાંઈ ? ગુરુ અને આગમ. એમાં ગુરુ તત્કાળબોધક છે. જે વખતે કહે એટલું. અને સ્વાધ્યાય નિત્યબોધક છે. આહા..હા...!

મુમુક્ષુ :– ગુરુવાણી ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વખતે સ્વાધ્યાય. સ્વ.. સ્વનો અધ્યાય કરવો. સ્વાધ્યાયમાં એ આવે છે કે તારા સ્વનો અધ્યાય, ધ્યાન કરવું. આહા..હા...!

**'નિત્યબોધક એવા આગમમાં પ્રવર્તન રાખજે. તે સિવાયના કાળમાં પણ ગુરુવાણી અને આગમે બતાવેલા ભગવાન આત્માના...'** આહા..હા...! **'વિચાર ને મંથન રાખજે.'** આહા..હા...! હું જ્ઞાયક છું, શુદ્ધ છું, પરિપૂર્ણ પરમાત્મા છું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- સમ્યગ્દર્શનના..

પૂજ્ય ગુરુદેવશ્રી :- એની જ વાત છે ને અહીંયા. સમ્યગ્દર્શન વિના ધ્યાન ને મંથન યથાર્થ હોતું નથી. કોનું મંથન કરે ? દહીં છે તો માખણ કરે. પાણીમાં મંથન કરે ? એમ પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદકંદ પ્રભુ, આહા..હા...! દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આવ્યું છે એનું રટણ અને મંથન કરે. આહા..હા...! ઝીણી વાત, ભાઈ ! શું થાય ? અત્યારે તો લોકોએ તો... આહા..હા...!

મુમુક્ષુ :-

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ કરે ત્યારે કહેવાય છે. 'દિશા દેખાડી શાસ્ત્ર અળગા રહે.' દિશા દેખાડે બાકી શાસ્ત્ર અળગા રહે. ગુરુવાણી પણ દિશા દેખાડીને અલગ રહે. બહુ ઝીણી વાત, ભાઈ ! જ્યાં સુધી ગુરુ તરફ લક્ષ છે ત્યાં સુધી અંતરમાં જઈ નહિ શકે. આહા..હા...!

મુમુક્ષુ :-

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો વ્યવહાર કહેવામાં આવે છે. નિશ્ચય તો આહા..હા...! તું હી દેવાધિદેવ, તું હી ગુરુ. આહા..હા...! તારી પર્યાયમાં તેં તારાથી સમજી લીધું માટે તું તારો ગુરુ છે. ગુરુએ સમજાવ્યું પણ તેં પોતાને સમજાવ્યો ને. આહા..! હું તો પૂર્ણ આનંદ છું, શુદ્ધ છું. એમ તેં તને સમજાવ્યો માટે તું તારો ગુરુ છે. આહા..હા...! બહુ વાતું આકરી. સમ્યગ્દર્શન અને એનો વિષય, અત્યારે બહુ ફેરફાર થઈ ગયો. આહા..હા...! બસ, મંદિર બનાવો, ગજરથ કાઢો, લાખો, કરોડો ખર્ચો એમાં તમને ધર્મ ધુરંધરની પદવી આપી દે. અરે..! પ્રભુ ! ન્યાં ક્યાં ધર્મ હતો. એ ક્રિયા તો પરથી થઈ. તારો ભાવ હોય તો પરલક્ષી શુભભાવ છે, એ પુણ્ય છે, ધર્મ નહિ. આહા..હા...! ધર્મ નથી માટે નથી આવતો એમ નહિ, આવે છે. સ્વરૂપમાં સ્થિર ન થઈ શકે ત્યારે અશુભભાવથી બચવા જ્ઞાનીને પણ શુભભાવ તો આવે છે પણ એ હેય અને દુઃખરૂપ છે. આહા..હા...! હેય અને દુઃખરૂપ છે તો કેમ આવે છે ? પણ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..!

કયુ ગામ 'ગાંધી'નું ? નોહાખલી. નોહાખલીમાં મુસલમાનનું જોર હતું. માતા, બેન અને દીકરો, ભાઈ. બેને નગ્ન કરીને આમ ઇન્દ્રિયને જોડે. અર..ર..ર...! પ્રભુ.. પ્રભુ ! પાતાળ છે તો હું સમાઈ જાઉં. આ શું ? આહા..હા...! 'ગાંધીજી' પછી ગયા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હતા. 'નોહાખલી.. નોહાખલી'. એમ પરમાત્મસ્વરૂપનું જેને ભાન અને જ્ઞાન થયું એને અશુભરાગ આવે છે તો મહાદુઃખ લાગે છે. આહા.હા..! શુભભાવ આવે છે તો પણ બોજો લાગે છે ને, પ્રભુ ! આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'ગુરુવાણી ને આગમે બતાવેલા ભગવાન આત્માના વિચાર ને મંથન રાખજે.'**

**વસ્તુનું સ્વરૂપ બધાં પડખેથી જ્ઞાનમાં જાણી અભેદજ્ઞાન પ્રગટ કર. અંદરમાં સમાયા તે સમાયા; અનંત અનંતકાળ સુધી અનંત અનંત સમાધિસુખમાં લીન થયા. 'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે'. માટે તું તે જ્ઞાનપદને પ્રાપ્ત કર. તે અપૂર્વ પદની ખબર વગર કલ્પિત ધ્યાન કરે, પણ ચૈતન્યદેવનું સ્વરૂપ શું છે, આવા રતનરાશિ જેવા તેના અનંત ગુણોનો સ્વામી કેવો છે–તે જાણ્યા વગર ધ્યાન કેવું ? જેનું ધ્યાન કરવું છે તે વસ્તુને ઓળખ્યા વિના, તે ગ્રહણ કર્યા વિના, ધ્યાન કોના આશ્રયે થશે ? એકાગ્રતા ક્યાં જામશે ? ૨૧૧.**

૨૧૧. **'વસ્તુનું સ્વરૂપ બધાં પડખેથી જ્ઞાનમાં જાણી...'** વસ્તુનું સ્વરૂપ ચારે બાજુથી જેવું છે, દ્રવ્ય, ગુણ, પર્યાય, વિકાર આદિ બધા પડખેથી જાણી **'અભેદજ્ઞાન પ્રગટ કર.'** આહા..હા...! જાણે તો બધું, દ્રવ્ય, ગુણ, પર્યાય આદિ. 'નિયમસાર'માં આવશ્યક અધિકારમાં તો કહ્યું છે કે દ્રવ્ય, ગુણ, પર્યાયના વિચાર ચાલે એ પણ આવશ્યક નથી, અનાવશ્યક છે. આહા..હા...! મૂળ શ્લોક છે. ત્રણ બોલ આવ્યા ને ? અભેદ ન આવ્યો. આ દ્રવ્ય છે, આ ગુણ છે અને આ પર્યાય છે. એ ત્રણેના વિચાર, વિકલ્પ અનાવશ્યક છે, આવશ્યક નથી. આવો માર્ગ ભારે આકરો. પછી સોનગઢવાળાના માથે નાખે. પણ માર્ગ આ છે. અનંત જ્ઞાનીઓ કહે, અનંત આગમ કહે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :— એને પોતાને એ વાત બેસતી નથી. એને અંતરની વાત સૂઝતી નથી, પછી બહારથી આનાથી થાય, આનાથી થાય, એનાથી ન થાય ? થાય. એમ કરીને બિચારા માને, શું કરે ?

**'વસ્તુનું સ્વરૂપ બધા પડખેથી...'** બધા પ્રકારથી **'જ્ઞાનમાં જાણી અભેદજ્ઞાન પ્રગટ કર.'** પછી અખંડાનંદ પ્રભુમાં દૃષ્ટિ લગાવી અભેદજ્ઞાન પ્રગટ કર. આહા..હા...! **'અંતરમાં સમાયા તે સમાયા;...'** આહા..હા...! 'શ્રીમદ્' માં એ વચન છે. સમજ્યા એ સમાઈ ગયા. સમજ્યા કે હું આત્મા આનંદ છું એ સમાઈ ગયા, અંદરમાં ગયા. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'અંતરમાં સમાયા તે સમાયા;...'** આહા..હા...! નિર્વિકલ્પ ભગવાનમાં ગયા તો અંદર ગયા તે ગયા. આહા..! આવું છે.

**'અનંત અનંત કાળ સુધી અનંત અનંત સમાધિસુખમાં લીન થયા.'** આહા..હા...! મુનિરાજ અનંત સમાધિ આનંદમાં લીન થઈ ગયા. આહા..હા..! નિર્વિકલ્પ ચીજના આનંદમાં જ્યાં લીન થયા અને એમાં લીન થયા ઇ થયા. આહા..હા...! **'લીન થયા. 'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે'** સમયસારની ગાથા છે. જ્ઞાનગુણથી રહિત. સમ્યગ્જ્ઞાન જે આત્માનો અનુભવ, એવા જ્ઞાનગુણ વિના. બહુ લોક. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શાસ્ત્ર વાંચન લાખ, કરોડ, અબજ કરે. આહા..હા...! પણ એનાથી પદ નહિ પામી શકે. ભગવાન આનંદસ્વરૂપ પદ છે તેને નહિ પામી શકે. આહા..હા...!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– અખંડ આનંદ ત્રિકાળ. આ જ્ઞાન નહિ. આહા..હા...! શાસ્ત્રજ્ઞાન ને આ જ્ઞાન થયા એ તો શબ્દજ્ઞાન થયું. આહા..હા..! અને અભિમાન થઈ જાય એને કે મને ઘણું જ્ઞાન છે. લોકો પણ મને જ્ઞાન છે એમ કહે છે. ભ્રમણામાં પડી ગયો. આહા..હા..! માર્ગ તો આવો છે, પ્રભુ ! આહા..હા...! અંતર સ્વરૂપ અભેદ અખંડાનંદ પ્રભુ, એમાં એકાકાર થઈ જ્ઞાન પ્રગટ કર. બાકી બીજી રીતે જ્ઞાન–આત્મા કોઈ દિ' પ્રગટ નહિ થાય. આહા..હા..! એ શાસ્ત્રની પૂજા કરે, વાણીની પૂજા કરે. એ બધો વિકલ્પ છે. સમજાય છે કાંઈ ? જેમ ભગવાનની પૂજા એ વિકલ્પ છે, મૂર્તિ, એમ શાસ્ત્રની પૂજા એ પણ વિકલ્પ છે, એક જ જાત છે. આહા..હા...! સમજાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કાંઈ ? આહા..હા...! ત્યાં ઢોલ વગાડે. ઓ..હો...! શું થયું પણ એમાં છે શું ? એ તો રાગ છે.

મુમુક્ષુ :— વગાડવા કે ન વગાડવા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– વગાડી શકે કોણ ? રાગ આવે છે. એ વગાડવાની ક્રિયા તો (એનાથી થાય છે). એક ફેરી ત્યાં નીકળ્યું હતું ને ? 'મલારગઢ'. ત્યાં પેલા તાબુચવાળા મુસલમાન કૂટે ને એમ કૂટ્યા કરે. આમ હાથમાં લુગડું (હોય). શું છે પણ ? મલારગઢ ગયા તો બધાને શીખવ્યું હોય ને કે પ્રતિમા નહિ, પ્રતિમા નહિ. પ્રતિમાના વિરોધનું ગાયન ગાવા માંડ્યા. મૂળ માણસને એકાંત દૃષ્ટિ થઈ જાય છે ને. આહા..! અનાદિથી પ્રતિમાની પૂજા જ્ઞાનીને પણ હોય છે, એ નવી નથી, પણ એ વ્યવહાર છે. રાગ આવે છે, પણ એ રાગ છે એ વ્યવહાર છે. પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ. સમજાય છે કાંઈ ? તો કહે, નથી, તો આવે છે શું કામ ? આહા..હા...!

'બનારસીદાસ' તો કહે છે, જેના હૃદયમાં આગમના શબ્દો પડ્યા તેને આગમમાં કહી એવી પ્રતિમાનો પૂજાનો ભાવ આવે છે. આહા..હા...! અને પ્રતિમાની પૂજાનો ભાવ ન આવે અને એમ જ માને કે અમે તો નિશ્ચયવાળા છીએ, એવી વાત નથી. વસ્તુનું સ્વરૂપ એવું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવી વાતું છે.

મુમુક્ષુ :– વાણીમાં આવે..

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાણી એ જડ છે. વાણી કોઈ આત્મા કરી શકે નહિ, એ તો જડ છે. આહા..હા...! વાણીના પરમાણુ છે એ તો જડ અજીવ છે. એ ભાષાની પર્યાય અજીવથી થાય છે, આત્માથી નહિ. આહા..હા...! આત્માથી તો નહિ પણ હોઠથી નહિ. આહા..હા...! ભાષા જડની પર્યાય ભાષાવર્ગણામાંથી થાય છે. આ તો ઔદારિક વર્ગણા (શરીર) છે, આહાર વર્ગણા છે. ગજબ વાત છે, ભાઈ ! આ હોઠ આમ થાય છે તો ભાષા નીકળે છે, એમ નથી. ભાષાની પર્યાયને હોઠ છે ને ? હોઠ અડતા નથી. આત્મા હોઠને અડતો નથી, હોઠ ભાષાને અડતા નથી. આવી વાતું. આમ ભાષાનું અભિમાન થઈ જાય કે મને કેટલું આવડે છે ! આહા..! માણસોનું રંજન કરી દે તો રાજી રાજી થઈ જાય, ખુશી ખુશી થઈ જાય. અજ્ઞાનીની ભ્રમણા છે. આહા..હા...! ભાઈ ! કામ અનંત કાળથી કર્યું નથી, એ કામ બહુ આકરું પ્રભુ ! શું થાય ? આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તિર્યંચો કેટલાક ક્ષાયિક સમકિતી હોય. એટલે કે પહેલાં તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું હોય, પછી ક્ષાયિક સમકિત થાય તો જુગલિયામાં જાય. જુગલિયા એટલે અકર્મભૂમિ. અકર્મભૂમિમાં તિર્યંચ થાય. ત્યાંથી સ્વર્ગમાં જઈ, મનુષ્ય થઈને મોક્ષમાં જશે. આહા..હા..! એને તો સમજાવાની ભાષા નથી. એનું શું કામ છે ? સમજાવવાની ભાષા આવડે કે ન આવડે, એ તો જડની દશા છે. સમજાય છે કાંઈ ? બુલંદશહેરવાળા (વિદ્વાન) ગયા લાગે છે. નહિ ? બપોરે આવતા નથી. એ પહેલાં બોલતા, ધીમે બોલો, જોરથી બોલો, એમ કહેતા. ખબર છે. કોણ ધીમે બોલે ? કોણ જોરથી બોલે ? પ્રભુ ! વિકલ્પ આવે છે. આત્માથી કંઈ જોરથી બોલાય છે ? આહા..હા...! કામ એવું છે, બાપા ! ભગવાન અરૂપી જ્ઞાનઘન, ભાષા રૂપી મૂર્ત. આહા..હા...! રાગનો કર્તા થાય તો પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! ભક્તિનો રાગ આવ્યો, પૂજાનો આવ્યો, દયાનો (આવ્યો) પણ કર્તા થઈ જાય કે હું એનો કર્તા છું, તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. તો જડની પર્યાયનો કર્તા થાય તો ... ભાઈ ! સમજાય છે કાંઈ ?

'સમાધિ શતક'માં 'યોગીન્દ્રદેવ' તો ત્યાં સુધી કહે છે, ઉપદેશનો વિકલ્પ આવે છે, પ્રભુ ! એ ઉન્માદ છે, ઉન્માદ. આહા..હા...! મારો નાથ આનંદનો કંદ પ્રભુ, એમાંથી આ વિકલ્પ ઉઠે છે એ ઉન્માદ છે.

મુમુક્ષુ :– એ ચારિત્રનો ઉન્માદ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ચારિત્રના ઉન્માદની વાત છે. દર્શનની ક્યાં ? એ તો સમકિતી જ્ઞાની છે. મુનિ છે. ત્રણ કષાયનો અભાવ અને અંદર ભાવલિંગ–પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું છે. એ મુનિ એમ કહે છે, આહા..હા...! અરે..! ઉપદેશ દેવાનો વિકલ્પ આવ્યો એ ચારિત્રમોહનો ઉન્માદ છે. આહા..! ભાઈ ! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે. આહા..! એમ તો શાસ્ત્રના... 'સબ શાસ્ત્રન કે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન બાર અનંત કિયે, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.' સાધન નથી, આહા..હા...! ભગવાન અરૂપી આનંદઘન નાથ, આહા..હા...! એણે શાસ્ત્ર જાણ્યા, ધાર્યા. કરોડો, અબજો શ્લોક, અગિયાર અંગ.. ઓહો..હો...! અને અસ્તિ-નાસ્તિ કરીને સિદ્ધ કર્યું કે આ આમ છે અને આ આમ નથી. ખંડન, મંડન કર્યું. પ્રભુ ! એ તો વિકલ્પ છે, નાથ ! એમાં આત્મા નથી. આહા..હા...! 'યોગીન્દ્રદેવ' સંત ભાવલિંગી મુનિ, જેને પરમેશ્વરપદ પ્રગટ થયું છે. એ એમ કહે છે કે અમને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉપદેશનો વિકલ્પ આવે છે એ ઉન્માદ છે. ખેદ છે, ઉન્માદ છે. આહા..હા...! અને એમાં હોંશ કરવી. બાપુ ! આકરું કામ, ભાઈ ! આહા..હા...!

**'અંદરમાં સમાયા તે સમાયા; અનંત અનંતકાળ સુધી અનંત અનંત સમાધિસુખમાં લીન થયા. 'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે'. માટે તું તે જ્ઞાનપદને પ્રાપ્ત કર.'** જ્ઞાનપદ જે ભગવાન તેને પ્રાપ્ત કર. શાસ્ત્રનું જ્ઞાન નહિ. આહા..હા...! જ્ઞાનપદ, પ્રભુ જ્ઞાયકસ્વરૂપ પદ, એ પદને પ્રાપ્ત કરે એ જ્ઞાન છે. આહા..હા..! **'તે અપૂર્વ પદની ખબર વગર...'** આહા..હા..! જ્ઞાનઘન ભગવાન આત્માની ખબર વિના **'કલ્પિત ધ્યાન કરે,...'** આંખ્યું મીંચીને આમ (બેસે), એમાં શું થયું ? એ તો 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નથી આવ્યું ? બાહ્ય છ તપ અને અભ્યંતર છ તપ, એ બધા વિકલ્પ છે. ત્યાં આવ્યું છે. ભાઈ ! હમણાં આવ્યું હતું ને ? અભ્યંતર તપ. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ એ બધા (વિકલ્પ છે). વિનય કરો, વૈયાવચ્ચ કરો. આહા..હા...! ધ્યાન કરું, હું આમ ધ્યાન કરું એ બધો વિકલ્પ છે. આહા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે, બારે પ્રકારના તપ છે એ વિકલ્પ છે. આહા..હા...! અંતરમાં આનંદ સ્વરૂપમાં પ્રતપન ઇતિ તપ. રાગરહિત થઈને વીતરાગ પર્યાયથી તપે એનું નામ તપ છે. આહા..હા...! આવું આકરું પડે માણસને.

'જબલપુર'વાળા (એક ભાઈ છે) એ એવું લખે કે એકાંત હતું તો (બીજા વિદ્વાનને) પણ રોગી કરી નાખ્યા. અરે..! ભગવાન ! શું કરે છે તું આ ? શરીરની અવસ્થા થવાની તે થશે જ થશે. સનતકુમાર મુનિ થયા. આહા..હા...! આનંદની લહેરમાં ઝુલતા હતા. એમને ગલત કોઢ થયો. એ તો દેહની સ્થિતિ, પ્રભુ ! જે થવાની એ તો ક્રમબદ્ધમાં થવાની જ. સમજાય છે કાંઈ ? (એક સાધુએ) લખ્યું છે કે મને આવવાનો ભાવ છે પણ ક્રમબદ્ધમાં હશે ત્યારે આવીશ. મળવાનો ભાવ છે. ભાવ છે. પહેલાં કાગળમાં આવ્યું હતું. હમણા આવ્યું છે. જ્ઞેય-જ્ઞાયક દસ પુસ્તક મગાવ્યા છે અને બેનની વાણીના દસ પુસ્તક મગાવ્યા છે. દસ-દસ પ્રત મગાવી છે. વાંચનમાં બહુ મજા આવે છે. ભેગુ (બીજા વિદ્વાનનું) વાંચે છે એમાં પણ મજા પડે છે. એમાં તો વ્યવહાર કરતાં નિશ્ચય પ્રાપ્ત થશે, એમ લખ્યું છે. 'અધ્યાત્મ અમૃતવાણી.' પુસ્તક આવ્યું ને ? જોયું ને ? આહા..! બાપુ ! એ માર્ગ એમ નથી. એ વિકલ્પના વ્યવહારથી પ્રાપ્ત થાય એ ચીજ નથી. વિકલ્પ શુભરાગ એ દુઃખ છે, એનાથી સુખ–આનંદની પ્રાપ્તિ થાય ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વ્યવહાર જેટલો છે એ તો શુભરાગ છે, એટલે દુઃખ છે અને ભગવાન આત્માનો નિશ્ચય તો આનંદ છે. દુઃખથી આનંદપ્રાપ્તિ થાય ? પ્રભુ ! ગડબડ બહુ કરી નાખી. પંડિત લોકોએ પણ મોટી પંડિતાઈમાં જાણે.. આહા..! આ પંડિતાઈની ચીજ નથી. છે ?

**'પણ ચૈતન્યદેવનું સ્વરૂપ શું છે,...'** જુઓ ! છે ? **'કલ્પિત ધ્યાન કરે, પણ ચૈતન્યદેવ...'** આહા..હા...! દેવાધિદેવ ભગવાન આત્મા.. આહા..હા..! એનું **'સ્વરૂપ શું છે, આવા રતનરાશિ જેવા...'** અનંત ચૈતન્યના રતન એમાં ભર્યા છે. આહા..હા...! **'આવા રતનરાશિ જેવા તેના અનંત ગુણોનો સ્વામી કેવો છે...'** આહા..હા...! સ્વયંભુરમણ સમુદ્રમાં તળમાં રતન ભર્યા છે, રેતી નહિ. બાહ્યમાં સ્વયંભુ છે ને છેલ્લો ? શાસ્ત્રમાં પાઠ છે. છેલ્લો સ્વયંભુરમણ સમુદ્ર છેલ્લો, અસંખ્ય (દ્વીપ, સમુદ્રમાં). નીચે રેતી–વાળુ નથી, રતન છે. આ સ્વયંભુરમણ સમુદ્ર છેલ્લો છે. નીચે એકલા રતન છે. આ તો ભગવાને કહ્યું. એમ આ ચૈતન્યમાં અનંત રતન ભર્યા છે. સ્વયંભૂ ભગવાન આત્મા.. આહા..હા...! છે અસંખ્ય પ્રદેશી, પણ અનંત ચૈતન્ય રત્ન, જેનો અંત નથી. પ્રભુ ! આહા..હા...! જરી વિચાર ઉપર લે ને પ્રભુ ! આટલા ચૈતન્યરતન ગુણની અંદર ખાણ છે કે અનંતના અનંતના વર્ગ કરીને, અનંત અનંત આવે તો પણ આ છેલ્લો અનંત છે એમ નથી આવતું. અને અનંતમાં પણ છેલ્લા અંતમાં પણ આ છેલ્લો ગુણ છે એમ આવતું નથી. આહા..હા...! એ ભગવાન આત્મામાં અનંત ગુણ એટલા રતન ભર્યા છે... આહા..હા...! કે જેની સંખ્યાનો અંત આવી જાય એવી વસ્તુ નથી. આહા..હા..! ભગવાન એવા અનંત રત્નથી ભરેલો ભગવાન, એની પ્રતીતિ નિર્વિકલ્પ થાય છે ત્યારે થાય છે. રાગની તાકાત નથી કે એની પ્રતીત કરી શકે. આહા..હા...! સમજાય છે કાંઈ ? કેમ કે પ્રતીતિમાં અનંત ચૈતન્ય રતનની પ્રતીતિ આવે છે. આહા..હા...! એ પ્રતીતિની તાકાત કેટલી ! આહા..હા...! અનંત અનંત ચૈતન્યરતનને વિશ્વાસમાં, પ્રતીતિમાં લીધા, ભાઈ ! એ કોઈ અલૌકિક વાતું છે. ભાષાથી ગમે તે પ્રકારે કહો. પણ એ પાર આવે એવું નથી એવી ચીજ છે. આહા..હા..!

મહાસ્વયંભુરમણ સમુદ્ર જેમ છે, અનંત અનંત ચૈતન્યરતનથી ભરેલો જેના ગુણની સીમા નથી. આહા..હા...! **'અનંત ગુણોનો સ્વામી કેવો છે–તે જાણ્યા વગર ધ્યાન કેવું ?'** આહા..હા...! અને સર્વજ્ઞના આગમમાં આ વાત કહી છે. બીજામાં આ વાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ક્યાંય નથી. આહા..હા.! તે પણ દિગંબર પરમાગમ છે તેમાં જ કહ્યું છે. આહા..હા...! જૈન નામ ધરાવનારા સંપ્રદાય છે એમાં પણ આ વાત નથી. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! આ જગતની બહારની મીઠાશ, શરીર કાંઈક રૂપાળુ હોય, હાથી જેવું હોય, પચાસ લાખ, કરોડ, બે કરોડ રૂપિયા હોય, બાયડી, છોકરા, કુટુંબ હોય એને જાણે (એમ થાય) કે... આહા..! મોટપમાં કેટલા છીએ ! અમારી મોટપ કેટલી છે ! ધૂળ છે. આહા..! સમજાય છે કાંઈ ? એય..! શું છે વળી ? તમને બોલાવે છે. મજૂરી કરવા એમ ? એ કહે, મારો ભાઈ બોલાવે છે.

મુમુક્ષુ :– મોટા ભાઈ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– મોટો ભાઈ તો ભગવાન છે. આહા..હા...! જેની મોટપની ખબર નથી. જેની મોટપનો પાર નથી, પ્રભુ ! સર્વજ્ઞદેવ સર્વદર્શિ દેવ, પૂર્ણાનંદ દેવ એવી અનંત શક્તિની દિવ્ય શક્તિથી ભરેલો ભગવાન, એનું ધ્યાન તેના જ્ઞાન કેવી રીતે કરી શકે ? આહા..હા...! સમજાય છે કાંઈ ?

**‘જેનું ધ્યાન કરવું છે તે વસ્તુને ઓળખ્યા વિના, તે ગ્રહણ કર્યા વિના,...’** ગ્રહણ નામ લક્ષમાં લીધા વિના **‘ધ્યાન કોના આશ્રયે થશે ?’** આશ્રય કોનો કરવો ? વસ્તુ છે એની ખબર નથી તો આશ્રય કોનો કરવો ? આહા..હા..! **‘એકાગ્રતા ક્યાં જામશે ?’** આહા..હા...! આ ચીજ મહા ચૈતન્ય રત્નાકર, જેના ગુણના પાર નહિ, એના જ્ઞાન વિના એકાગ્રતા શેમાં થશે ? સમજાય છે કાંઈ ? વાસ્તવિક જ્ઞાન અને પ્રતીતિ થયા પછી એમાં એકાગ્રતા વિશેષ થશે, ધ્યાન થશે. એ વિના ધ્યાન નહિ થાય.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

* * *

**પ્રશ્ન :- સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે ને ?**

**ઉત્તર :- સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે તેનો અર્થ સવિકલ્પથી નિર્વિકલ્પ થાય છે તેમ નથી પણ નિર્વિકલ્પ થતાં પહેલાં હું શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાયક છું એવા વિકલ્પો આવે છે તેને પણ છોડીને અંદર અભેદ સ્વભાવનો આશ્રય લેતાં નિર્વિકલ્પ થાય છે ત્યારે તેને સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થયો તેમ ઉપચાર આવે છે - ઉપચારથી કહેવાય છે.**

**‘પરમાગમસાર’ બોલ નં.૧૮૦.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**એક સત્-લક્ષણ આત્મા—ઉસીકા પરિચય રખના. 'જૈસા જિસકો પરિચય વૈસી ઉસકી પરિણતિ'. તૂ લોકાગ્ર મેં વિચરનેવાલા લૌકિક જનોંકા સંગ કરેગા તો વહ તેરી પરિણતિ પલટ જાનેકા કારણ બનેગા. જૈસે જંગલમેં સિંહ નિર્ભયરૂપ સે વિચરતા હૈ ઉસી પ્રકાર તૂ લોક સે નિરપેક્ષરૂપ અપને પરાક્રમ સે—પુરુષાર્થ સે—અંતર મેં વિચરના. ૨૧૨.**

**ભાદરવા સુદ ૨, સોમવાર તા. ૪-૦૯-૧૯૭૮.**
**વચનામૃત–૨૧૨, ૨૧૩, ૨૧૪, પ્રવચન–૮૫**

૨૧૨ બોલ. **'એક સત્-લક્ષણ આત્મા—એનો જ પરિચય રાખજે.'** શું કહે છે ? જે આત્મા, ઉત્પાદ, વ્યય ને ધ્રુવ શક્તિ રાખનાર ગુણ, જેમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ નામનો એક ત્રિકાળી ગુણ છે. અને એક 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્' અને 'સત્ દ્રવ્ય લક્ષણં.' સત્ દ્રવ્ય નામ એનું અસ્તિત્વ પરિણામમય શક્તિ લેવી છે. શું (કહ્યું) ? ધ્રુવ, વ્યય અને ઉત્પાદથી આલિંગિત સદ્દશ, વિસદ્દશ જેનો સ્વભાવ છે, એવા ત્રિકાળ અસ્તિત્વ પરિણામ. આવી વાત છે. ઝીણી વાત, પ્રભુ ! એનો ત્રિકાળ એક ગુણ એવો છે કે 'સત્ દ્રવ્ય લક્ષણં', એ આ શબ્દ છે. સત્નો અર્થ એ છે કે ત્રિકાળ એમાં ધ્રુવ, વ્યય, ઉત્પાદ. સદ્દશ–વિસદ્દશ. સદ્દશ નામ ધ્રુવ, વિસદ્દશ નામ વ્યય, ઉત્પાદ. એવો જેનો સ્વભાવ છે એવું સત્. એનું અસ્તિત્વ, એની સત્તાનું હોવાપણું એવો આત્મામાં એક ગુણ છે.

અહીં કહે છે કે **'એક સત્-લક્ષણ આત્મા...'** બહુ ટૂંકી ભાષા. 'જાલના'થી આજે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એક પત્ર આવ્યો છે. પેલા (સાધુ) હતા ને ? કોઈ દેરાવાસીનો છે. એમ કોઈ કહેતું હતું. પચાસ હિન્દી, પચાસ ગુજરાતી અને પચાસ મરાઠી વચનામૃત મોકલો. દોઢસો. આપણે મરાઠી તો છે નહિ. મરાઠી છે ? હિન્દી, ગુજરાતી છે. ત્યાં દિગંબર (સાધુ) છે ને ? વાંચે છે. શ્વેતાંબરને એમ થઈ ગયું, ઓ..હો..હો...! દોઢસો પુસ્તક મોકલો. પચાસ હિન્દી, પચાસ ગુજરાતી, પચાસ (મરાઠી). આ ચીજ એવી છે. અરે..! કોઈ વેદાંતી જરી મધ્યસ્થતા વાંચે કે આ શું વસ્તુ છે ? આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..!

સત્ લક્ષણ દ્રવ્ય. છે, એવા લક્ષણવાળું દ્રવ્ય. છે એ ધ્રુવ, વ્યય ને ઉત્પાદરૂપ લક્ષણવાળું સત્ છે. આહા..હા..! એવો સત્ લક્ષણવાળો આત્મા. **'એનો જ પરિચય રાખજે.'** રાગનો, વ્યવહારનો નહિ, પર્યાયનો પરિચય નહિ. આહા..હા...! આવી વાત છે, પ્રભુ ! શું થાય ? બહુ સૂક્ષ્મ વાત. આજે સવારે તો ઘણું આવ્યું હતું. રેકોર્ડિંગમાં. 'જિન વચનસે રમન્તે.' તો જિનવચનમાં શું કહ્યું ? કે ત્રિકાળ જ્ઞાયક જિનસ્વરૂપી પ્રભુ, જેમાં વ્યવહાર વિકલ્પની ગંધ નથી, જેમાં ઉદયભાવનો સંગ નથી. આહા..હા...! એવી ચીજ (છે). જિનઆજ્ઞામાં એમ કહ્યું... જિનવચનસી રમન્તેનો અર્થ એ, જિનવચનમાં ત્રિકાળી વીતરાગ સ્વરૂપ જ્ઞાયકભાવ સત્ લક્ષણ દ્રવ્ય, એને ઉપાદેય કહ્યું. આહા.હા...! લાખ, કરોડ શાસ્ત્રમાં પણ એક ત્રિકાળી જ્ઞાયક જિનસ્વરૂપી પ્રભુ, વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા ત્રિકાળ, સત્ લક્ષણવાળો વીતરાગપણે છે, એવા લક્ષણવાળો. આહા..હા...! એ આત્માનો પરિચય રાખજે.

ત્રિકાળી જ્ઞાયક સત્ લક્ષણવાળો, છે એવું લક્ષણ. અનંત ગુણરૂપ એક વીતરાગસ્વરૂપી જિનમૂર્તિ પ્રભુ અનાદિ, આહા..હા..! એનો પરિચય કર. કેમ ? કે વીતરાગતા ઉત્પન્ન કરવાની ભગવાનની આજ્ઞા છે. તો વીતરાગ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થશે અને એ વીતરાગી પર્યાય પૂર્ણ વીતરાગતાનું કારણ છે. શું કહ્યું ? આહા..હા...! જિનસ્વરૂપી ભગવાન પૂર્ણાનંદ વીતરાગ મૂર્તિનો પરિચય કરવાથી વીતરાગ પર્યાય પ્રગટ થશે અને એ વીતરાગ પર્યાય–સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણે વીતરાગી પર્યાય છે, એ વીતરાગ ત્રિકાળી ભગવાનને અવલંબને ઉત્પન્ન થાય છે અને એ વીતરાગી પર્યાય પૂર્ણ વીતરાગ સર્વજ્ઞનું કારણ છે. વ્યવહાર, આ વ્યવહાર. સમજાય છે કાંઈ ? અરે...! આવી વાત છે. નિશ્ચયથી તો તે સમયની સર્વજ્ઞની વીતરાગ પર્યાય ઉત્પન્ન થાય છે, એ સત્ લક્ષણવાળું દ્રવ્ય છે તેને આશ્રયે ઉત્પન્ન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય છે.

મુમુક્ષુ :– પર્યાય પોતે સત્ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાય સત્ છે; એ પણ ત્રિકાળી દ્રવ્ય સત્ છે ત્યારે પર્યાય સત્ છે. આહા..હા...! પહેલું સદૃશ ધ્રુવ સદૃશ છે અને વ્યય ને ઉત્પાદ એ પર્યાય છે, પણ એનો ગુણ એવો છે. વ્યય-ઉત્પાદ થવો એનો ગુણ એવો છે. આહા..હા...! બીજી ભાષાએ કહીએ.. પ્રભુ ! બહુ સૂક્ષ્મ વાત, ભાઈ !

જિનસ્વરૂપી સત્ લક્ષણવાળો ભગવાન, એનો પરિચય કરવાથી, એ તરફની એકાગ્રતા થવાથી જે ભાવ થાય છે એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પરિણામ છે, એ વીતરાગી પર્યાય છે. આહા..હા...! અને એ વીતરાગી પર્યાય પૂર્ણ સર્વજ્ઞ વીતરાગ (પર્યાયનું) વ્યવહાર કારણ કહેવામાં આવે છે. રાગાદિ તો નહિ, પણ આ વ્યવહાર કારણ છે. આહા..હા...! નિશ્ચય કારણ એ સમયે સર્વજ્ઞ અને વીતરાગતા પ્રગટ થવી એનું નિશ્ચય કારણ તો ત્રિકાળી દ્રવ્યનો પરિચય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તો અગમ્યગમ્યની વાતું છે, પ્રભુ ! આહા..હા...! આ કોઈ પંડિતાઈની ચીજ નથી. આહા..હા...! અને શાસ્ત્રનું જ્ઞાન કર્યું હોય એ પણ ખંડખંડ જ્ઞાન છે. આહા..હા...! એ બંધનું કારણ છે. આહા..હા...! પ્રભુ ! તારે શું કહેવું છે ? શાસ્ત્ર, શાસ્ત્રનું જ્ઞાન ધારણામાં કર્યું એ શબ્દજ્ઞાન છે, એ આત્મજ્ઞાન નથી. એ શબ્દજ્ઞાન ઇન્દ્રિય જ્ઞાનના વિષયથી થયું એ ખંડખંડ જ્ઞાન છે, એ બંધનું કારણ છે. આહા..હા...!

તારો સ્વભાવ વીતરાગી જ્ઞાનથી ભરેલો છે. આહા..હા...! એનો પરિચય કર, પ્રભુ ! આહા..હા...! ક્યાં સુધી ? પૂર્ણ સર્વજ્ઞ અને વીતરાગ ન થાય, ત્યાં સુધી એનો પરિચય રાખ. આહા..હા...! પુસ્તકની શૈલી છે, તદ્દન સાદી ભાષા. આહા..! બીજાનો કો'કનો પત્ર છે ને ? કોનો હતો ? બીજાનો કો'કનો પત્ર હતો. એણે તો પ્રશંસા કરી છે. વચનામૃતનું હતું એમાં કાંઈ ? આહા..હા...! આત્મધર્મની પ્રશંસા બહુ કરી છે. ત્યાં સુધી એણે લખ્યું છે કે અરે..! આત્મા વીતરાગ પરિચયમાં રહે, વીતરાગ સ્વરૂપી ભગવાનના પરિચયમાં વીતરાગભાવથી રહે એ જ મોક્ષમાર્ગ છે. ત્યાં સુધી એણે દૃષ્ટાંત આપ્યા. આપણે ઘણીવાર દઈએ છીએ. પાંચ પાંડવો. ત્રણ પાંડવો તો પોતાના આત્માના પરિચયમાં આનંદમાં પડ્યા. મુક્તિ થઈ ગઈ. બે પાંડવને પોતાનો પરિચય તો છે પણ એમાંથી જરી એક વિકલ્પની અસ્થિરતા આવી ગઈ. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સાધર્મી સંતોને કેમ હશે ? એવો શુભભાવ (આવી ગયો). લોઢાના આભરણ પહેરાવ્યા. રાજકુમાર સહોદર, એક માતાના પેટથી ઉપજેલા, સાધર્મી ઉંમરમાં વડેરા એને (કેમ હશે) ? એવો વિકલ્પ આવ્યો. બે ભવ વધી ગયા. આહા..હા...! શુભરાગ એ સંસારના બે ભવ વધી ગયા.

મુમુક્ષુ :– રાગ જબરો દુશ્મન.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વીતરાગમૂર્તિ ભગવાન, એના પરિચયથી વીતરાગ પર્યાય ઉત્પન્ન થઈ એ સજ્જન છે, એ સત્ જન છે. આહા..હા...! એ સત્ ભગવાનની પરિણતિ છે. આહા..હા...! એમાં રાગ, મુનિ ત્રણ કષાયનો અભાવ છે, મહાત્મા પંચ પરમેષ્ઠીમાં રહેલા, ભાવલિંગ જેનું પ્રચુર સ્વસંવેદન છે, આહા.હા...! અતીન્દ્રિય આનંદના વીતરાગી સ્વભાવના પરિચયમાં વીતરાગી આનંદ પ્રચુર થયું છે. એને જરી એવો વિકલ્પ આવ્યો. અંદરથી ખસી ગયા. આહા..હા...! એ વિકલ્પમાં બે ભવ (વધી ગયા). તેંત્રીસ સાગરનો સર્વાર્થસિદ્ધ(નો) ભવ અને મનુષ્ય થશે તો જન્મીને તરત કંઈ કેવળ નહિ થાય. આહા..હા...! ભાઈ ! પોતાનો પરિચય છોડીને, વિકલ્પમાં આવવું, પ્રભુ ! એ તો ભવ છે, સંસાર છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આકરું લાગે, બાપુ ! પણ માર્ગ તો આ છે, ભાઈ !

કહે છે, સત્નો પરિચય રાખજે. **'જેવો જેને પરિચય એવી જ એની પરિણતિ.'** આહા..હા...! જેને જિનસ્વરૂપી ભગવાન, એનો પરિચય છે.. આહા..હા..! તો એની પરિણતિ એવી વીતરાગી થશે. આહા..હા...! માર્ગ બહુ અલૌકિક છે, પ્રભુ ! લોકોએ તો અત્યારે બહુ ગડબડી કરી છે અને આ વસ્તુ છે એ એકાંત છે એમ માને છે. અમારા રાગની ક્રિયાથી નિશ્ચય ન થાય (એમ કહે છે). અરે..! ભગવાન ! આ સમજવા માટે એને.. આહા..હા...! ભાષા શું છે ? જુઓ ! **'જેવો જેને પરિચય એવી જ એની પરિણતિ.'** તું લૌકિકનો પરિચય કરીશ તો રાગ અને વિકારની પર્યાય ઉત્પન્ન થશે. આહા..હા...! અરે...! દેવ, ગુરુ ને શાસ્ત્ર પરનો પરિચય કરીશ તો રાગ ઉત્પન્ન થશે, પ્રભુ ! આવો માર્ગ છે પ્રભુનો. આહા..હા...! **'જેવો જેને પરિચય એવી જ એની પરિણતિ.'** હવે ત્રીજો બોલ.

**'તું લૌકાગ્રે વિચરનારો...'** આહા..હા..! સિદ્ધ તો લોકાગ્રમાં વિચરે છે અને તું પણ સિદ્ધ સમાન તારી ચીજ છે... આહા..હા...! લોકથી અગ્ર નામ ભિન્ન તારું વિચરવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય (છે). લોકાગ્રમાં વિચરનારો પ્રભુ. આહા..હા...! જગતથી નિરાળું તારું વિચરવું છે. આહા..હા...! 'સમાધિ શતક'માં કહ્યું ને ? મુનિરાજ એમ કહે, હોં ! આહા..હા...! અરે...! અમને ઉપદેશનો વિકલ્પ આવે છે એ ચારિત્રમોહનો ઉન્માદ છે. આહા..હા...! અમે ક્યાં જઈ ચડ્યા ? એમ કહ્યું. આહા..હા...! અરે..! એ ઉપદેશનો રાગ આવ્યો એ તો પરદેશ છે, અમે ક્યાં જઈ ચડ્યા ? આહા..હા...! વીતરાગ.. વીતરાગ.. વીતરાગ. આહા..હા...!

'આત્માવલોકન'માં તો કહ્યું છે, સંતો તો વીતરાગ.. વીતરાગ 'મૂહુ.. મૂહુ' વીતરાગપણું બતાવે છે. આહા..હા...! ભલે ચરણાનુયોગમાં રાગની વ્યાખ્યા કરી પણ એ રાગની વ્યાખ્યામાં વીતરાગતા બતાવે છે. આહા..હા...! વીતરાગી જ્ઞાન થયું એમાં રાગ જાણે છે. જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. પણ એ સમયે વીતરાગી સમ્યક્ ચૈતન્યના અવલંબનથી જે જ્ઞાન થયું એ વીતરાગી જ્ઞાન સ્વપરપ્રકાશક પોતાથી થયું છે. રાગ છે તો એને જાણવાનું કાર્ય થયું છે એમ પણ નહિ. આહા..હા...! કેમ કે એમાં અસ્તિત્વ સત્ લક્ષણ પરિણામસ્વરૂપ ભગવાન આત્મા છે એનો પરિચય કર્યો તો એની પર્યાયમાં વીતરાગતા ઉત્પન્ન થાય છે. વીતરાગતા, જ્ઞાન પણ વીતરાગી ઉત્પન્ન થયું. સમ્યગ્દર્શન પણ વીતરાગી પર્યાય થઈ. આહા..હા...! એ વીતરાગી જ્ઞાનમાં રાગ આવ્યો એમ જણાય, પણ એ રાગ પણ વીતરાગી પર્યાય જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. વીતરાગી પર્યાય વીતરાગી પર્યાયને જાણે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? કહો. આવી વાત છે. આહા..હા...! અરે..રે...! દુનિયા ક્યાં છે અને ક્યાં માર્ગ ? (માને છે) અરે..!

**'તું લોકાગ્રે વિચરનારો..'** એનો શું અર્થ છે ? કે તારે તો સિદ્ધ થવાનું છે. એ લોકાગ્રે રહે છે તો અત્યારે તારે લોકથી ભિન્ન રહેવાનું છે. લૌકિક રાગાદિ જે લૌકિક છે,... આહા..હા...! સમજાય છે કાંઈ ? એનાથી તો ભિન્ન રહેનાર છો ને ભગવાન ! તારા દેશમાં રહેવાનું છે, તારો દેશ તો વીતરાગી સ્વભાવ છે. રાગના દેશમાં જાવું એ તો પરદેશભાવ છે, ત્યાં કોઈ આત્માનો પરિવાર નથી.

મુમુક્ષુ :– પરદેશથી ઘણા માણસો રૂપિયા લઈ આવ્યા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પરદેશમાં ધૂળેય.. એ તો પુણ્યને લઈને આવે. પરદેશમાં શું (છે) ? આ પરદેશમાં જઈને રાગમાં આવે તો કાંઈ લાભ (નથી), નુકસાન થાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. આ બધા મહાજન પરદેશમાં ગયા ને ? ઘણા કરોડપતિ થઈ ગયા. અહીં આવ્યા છે ને ભાઈ ? ત્યાં કેટલાક મહાજન કરોડોપતિ થઈ ગયા. આપણા મુમુક્ષુના સાંઈઠ ઘર છે ને ? 'નાઈરોબી'. એમાં સાત-આઠ કરોડપતિ છે અને બીજા વીસ લાખ, પચીસ લાખ, ત્રીસ લાખ, ચાલીસ લાખ(વાળા છે). બધા શ્વેતાંબર હતા.

મુમુક્ષુ :— ન્યાં ગયા તો થયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ગયા તો થયા, એ તો પરમાણુ આવવાના હતા, એ પણ એની પાસે ક્યાં આવ્યા છે ? એની પાસે તો, આ મને મળ્યા એવી મમતા આવી છે.

મુમુક્ષુ :– સાહુકારી આવી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાહુકાર-ફાવકાર.. ક્યાં સાવકાર હતા ? આહા..હા...! પંદર લાખનું મંદિર બનાવ્યું ને ? હમણા વાસ્તુ કર્યું ને ? આહા..હા...! મુમુક્ષુ મંડળ તરફથી. એ શું ? એ તો પરની ક્રિયા થવાવાળી છે, ભાઈ ! એમાં ભાવ હોય તો શુભ છે. એ વિભાવભાવ છે, એ પરદેશનો ભાવ છે. આહા..! ગજબ વાત, બાપા ! ભાઈ ! આવી વાતું ન્યાં તમારા ઝવેરાતમાં મળતી નથી. આહા..હા...!

**'તું લોકાગ્રે વિચરનારો લૌકિક જનોનો સંગ કરીશ...'** આહા..હા...! રાગના રસીલા એવા જગતના જીવો, રાગના પ્રેમી એવા જગતના જીવો, એનો પરિચય કરીશ, આહા.હા...! તો એ તારી પરિણતિ પડી જવાનું કારણ બનશે. આહા..હા...! પરિચય કરીશ તો. એનાથી નહિ (પડે). આહા..હા...! આવો માર્ગ છે. અરે...! હજી તો આ શાસ્ત્ર વાંચશે.. શ્વેતાંબર લોકો વાંચે છે. આ તો તત્ત્વની વાસ્તવિક ચીજ છે, આ ક્યાં કોઈ પક્ષ છે ? સમજાય છે કાંઈ ? આહા.હા...! બોલવાની ક્રિયા તો જડની છે, એનો પણ પરિચય ન કર. આહા..હા...! અને રાગના રસિક લૌકિકજન... આહા..હા...! જેને પુણ્ય પ્રત્યે પ્રેમ છે અને પુણ્યના ફળ લક્ષ્મી, શરીરાદિનો પ્રેમ છે એવા લૌકિકજનો સાથે સંપર્ક કરીશ તો તારી પરિણતિ પડી જશે. ઉપયોગ પરમાં જશે. આહા..હા...! આકરી વાત છે, ભાઈ !

મુમુક્ષુ :– બધાથી ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– સર્વે જીવા મન, વચન, કાયાથી કરવું, કરાવવું, અનુમોદનથી ભિન્ન સર્વ જીવ એવા છે. છેલ્લે કહ્યું ને ? સ્વભાવ કહો, શક્તિ કહો, સત્ત્વ કહો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વસ્તુ એવી છે. અને 'જીવ અધિકાર'માં તો કહ્યું, સર્વ જીવો એ પ્રમાણે પ્રાપ્ત થાઓ. ખબર નથી એમને અભવી જીવ છે, કેટલાક જીવો તો નિગોદમાંથી નથી નીકળ્યા. ન નીકળે તો પણ બધા જીવ એવા થઈ જાઓ. આહા..હા...! 'मजन्तु'. આનંદના સરોવરમાં અંદર આવી જાવ. જીવનો છેલ્લો શ્લોક છે. 'જીવ અધિકાર'. આહા..હા...!

આનંદનો નાથ ભગવાન વીતરાગી આનંદથી ભરેલો સર્વ જીવ અંદર આવી જાઓ. આહા..હા...! સંતો, મુનિઓ એમ કહે. આહા..હા...! કેમ કે પોતાના આનંદના વાસમાં વસ્યા છે. એ વસ્તુનું સ્વરૂપ છે તો એવું તારું સ્વરૂપ છે ને, ભગવાન ! આહા..! તમારા આનંદવાસમાં આવી જાવ. રાગ ને નિમિત્તના વાસમાં તને નુકસાન છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભારે વાતું, બાપા ! હવે આવી વાતું. આખોદિ' વેપાર ને ધંધા, બાયડી, છોકરા, કુટુંબમાં ઘુસી ગયો. સવારથી સાંજ બાવીસ, તેવીસ કલાક (એમાં રહે). એકાદ કલાક સાંભળવા ને વાંચવા વખત લે ત્યાં કોઈ શુભભાવ હોય તો, એ પણ સાચો સત્સમાગમ હોય તો. પણ એ તો... સમજાણું ? એરણની ચોરી ને સોયનું દાન છે એ તો. અરે..! ભગવાન ! બાપુ ! તારો માર્ગ ભાઈ ! લોકાગ્રે વસનાર નાથ ! તું છો ને ! લોકાગ્રે સિદ્ધ વસે છે. સિદ્ધને કોઈ પરિચય છે ? આહા..હા...! એમ લોકાગ્ર નામ લોકથી ભિન્ન ભગવાન આત્મા ત્રણ લોકનો નાથ, એમાં વસનારો પ્રભુ (છો). આહા..હા...!

**'લૌકિક જનોનો સંગ કરીશ તો તારી પરિણતિ પલટી જવાનું કારણ થશે.'** આહા..હા...! એ કંઈ કહે અને તું કંઈ કહે, એને સમાધાન કરાવવું.. આહા..હા...! પ્રભુ ! ભારે ગજબ કહે છે. એ તારે બહારમાં રોકાવું પડશે. આવું સ્વરૂપ છે, પ્રભુ ! **'જેમ જંગલમાં સિંહ નિર્ભયપણે વિચરે છે...'** એ સિંહ કોઈ હરણિયા ને શિયાળનો પરિચય કરે છે. આહા..હા...! **'જંગલમાં સિંહ નિર્ભયપણે વિચરે છે...'** હમણા 'મદ્રાસ' ગયા હતા ને ? ત્યાંનો ગર્વનર છે ને ? વ્યાખ્યાનમાં આવ્યા હતા. અમે જ્યારે પ્લેનમાંથી ઉતર્યા ત્યારે કોઈને મુકવા આવ્યા હતા. એને ખબર પડી કે મહારાજ આવ્યા છે. તો મારી મોટર પાસે આવ્યા. નરમ માણસ છે. પછી કહે, મહારાજ ! મારા ગર્વનર હોલમાં પધારવું પડશે. મારે સ્વાગત કરવું છે. ગવર્નર હોલ છે, રાજમહેલ છે. મારે બીજું કહેવું છે. ત્યાં ગયા હતા, પા કલાક બેઠા હતા. ત્યાં આખા જંગલમાં તેરસો તો હરણિયા છે. તેરસો. એ પાળે છે. કોઈને વધ-શિકાર કરવા નથી દેતા. શિયાળીયા,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ શું કહેવાય ? હરણિયા, શિયાળ, સસલા. મોટું રાજ. ગર્વનર ને ? આપણી ભાષામાં લોકપાલ. સરકારી ભાષામાં ગવર્નર. મોટું વન અંદર, ત્યાં એનો બંગલો હતો. ગયા હતા. બેઠા હતા, પા કલાક બેઠા, બહુ વિનય કર્યો. પાણી, દૂધ, ચા જેને જે જોઈએ તે આપ્યું. કીધું, માર્ગ જુદા છે. આ બધા હરણિયા, ફરણિયા પાળે ને... આહા..હા...! પણ એને પરિચયમાં આખો દિ' નવરાશ ન મળે. આહા..હા...! અહીં જેમ નવરાશ ન મળે, આ બાયડી, છોકરા ને ધંધા આડે. એને એ જાતના ધંધામાં નવરાશ ન મળે. નવરાશ સમજો છો ? ફુરસદ.

અહીં તો ત્રિકાળ (સ્વરૂપ) ફુરસદ–ભિન્ન જ છે. રાગનો પરિચય નથી, શરીરનો પરિચય નથી, ઉદયનો, કર્મનો પરિચય નથી એવી ચીજ અંદર ત્રિકાળ પડી છે. આહા..હા...! આ સર્વજ્ઞ પરમાત્માની વાણી આ કહે છે. કેમ કે વીતરાગ જે છે એ વીતરાગતા ઉત્પન્ન કરવાનું કહે. વીતરાગની વાણીમાં વીતરાગતા ઉત્પન્ન કરવાનું કહે. વીતરાગ રાગ ઉત્પન્ન કરવાનું કહે ? વીતરાગતા ઉત્પન્ન કરવાનું કહે, એનો અર્થ શું ? એ ભગવાન કહે છે કે વીતરાગી મૂર્તિ તારી વસ્તુ છે ત્યાં પરિચય કર. આહા..હા...! વીતરાગતા ઉત્પન્ન કરવાનું કારણ તારું ત્રિકાળી જિનસ્વરૂપ છે ત્યાં પરિચય કર, તો વીતરાગપર્યાય ઉત્પન્ન થશે. આહા..હા...! શું થાય ? ભાઈ !

**'જેમ જંગલમાં સિંહ નિર્ભયપણે વિચરે છે...'** એને કોઈનો પરિચય છે ? ડર છે ? કેસરી સિંહ જંગલનો રાજા, એમ કહેવાય છે ને ? વનરાજ. વનનો રાજા. એમ ભગવાન તું ત્રણ લોકનો જાણનાર ચૈતન્યરાજા છો. આહા..હા...! ત્રણલોકનો પરિચય કરનાર રાજા નહિ, ત્રણ લોકનો જાણનારા રાજા. શ્રુતજ્ઞાનમાં પણ ત્રણલોકનો જાણનાર તું છો, પ્રભુ ! આહા...હા...! **'જંગલમાં સિંહ નિર્ભયપણે વિચરે છે તેમ તું લોકથી નિરપેક્ષપણે...'** આહા..હા...! કરોડોપતિ, અબજોપતિ વંદન કરે તો રાજી અને ગરીબ કરે તો સાધારણ, એની તને શું પડી છે ? આહા..હા...! સમજાય છે કાંઈ ? કોઈ પચીસ લાખ ખર્ચ કરવાનું કહે તો એના ઉપર ખુશ થઈ જાય, (એમ નથી). ક્યાં છે ? પ્રભુ !

મુમુક્ષુ :– પચીસ લાખ એમ જલ્દી ખર્ચે નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત તો સાચી પણ આ તો એક (વાત કરી). ભાઈ ! એ તો કરોડપતિ છે. પણ બાપ મરી ગયા પાછળ કરોડ ખર્ચે ? બધું આપી દે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ આપે તો શું ? તારે શું ? તને શું મળ્યું ? આહા..! તને એમાં શું ખુશી થાય છે ? ... કરે છે. પરિચય ન કર, પ્રભુ ! આહા..હા...! તને રાગમાં આવવું પડશે, સ્વરૂપમાંથી ખસી જઈશ. આહા..હા...! તારા બેસણા વીતરાગી–ઉદાસીન, રાગથી ભિન્ન આસન તારું અંદર પડ્યું છે. આહા..હા...! આકરી વાત છે, બાપા ! પણ ભાઈ ! માર્ગ તો આ છે. આહા..હા...!

**'તું લોકથી નિરપેક્ષપણે...'** લોક રાજા હોય કે દાની હોય કે ગરીબ હોય. આહા..હા...! એનાથી નિરપેક્ષ. તને અપેક્ષા શું છે ? એ અપેક્ષા કરીશ તો રાગ થશે. આહા..હા...! ત્રણલોકનો નાથ ભગવાન, એની અપેક્ષા કર ને. પરની અપેક્ષા છોડી દે, નિરપેક્ષ થઈ જા. આહા..હા...! **'તું લોકથી નિરપેક્ષપણે તારા પરાક્રમથી–પુરુષાર્થથી અંદર વિચરજે.'** જ્યાં સ્વદેશ ભગવાન આનંદકંદ પ્રભુ છે. જિનસ્વરૂપી ભગવાન તે સ્વદેશ છે, ત્યાં વિચરજે. આહા..હા...! જુઓ ! ભાષા. આ કોને ન પસંદ પડે ? આહા..હા...! આવું છે, ભગવાન ! ભેટમાં ઘણા પુસ્તક પહોંચી ગયા છે. દેરાવાસી છે એણે દોઢસો મંગાવ્યા છે. વેંચાતા. પચાસ હિન્દી, પચાસ ગુજરાતી, પચાસ મરાઠી. એને ખબર નહિ હોય કે મરાઠી હજી બન્યું નથી. આહા..હા...!

તારા સ્વરૂપની વાતું, ભગવાન ! આહા..હા...! અરે...! અહીં તો કહે છે.. આહા..હા...! એક જ બોલ છે, ૨૧૨ પણ કેટલું સમાવ્યું છે ! લોકો માને, બહુ જ માન આપે, પોતાની પ્રશંસા કરે, એનો પરિચય કરીશ તો મરી જઈશ. રાગ (થશે). આહા..હા...! **'તારા પરાક્રમથી...'** સ્વભાવ સન્મુખ પુરુષાર્થથી વીતરાગભાવ તરફ અંદરમાં વિચરવું. આહા..હા...! બહુ સરસ ! સવારે પણ સારું આવ્યું. ટેપ રેકોર્ડિંગ ઘણું સરસ હતું. વ્યાખ્યાન ચોથા શ્લોકની વ્યાખ્યા. આહા..હા...! એ ૨૧૨ (બોલ પૂરો) થયો.

**લોકોના ભયને ત્યાગી, ઢીલાશ છોડી, પોતે દૃઢ પુરુષાર્થ કરવો. 'લોક શું કહેશે' એમ જોવાથી ચૈતન્યલોકમાં જઈ શકાતું નથી. સાધકને એક શુદ્ધ આત્માનો જ સંબંધ હોય છે. નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ કરવો, બસ ! તે જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે. ૨૧૩.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



૨૧૩. **'લોકોના ભયને ત્યાગી,...'** આહા..હા...! દુનિયા શું માનશે, આ નમાલો માણસ છે, બોલતા પણ આવડતું નથી અને અંદર પડ્યો છે. ગમે તે બોલે લોકો, તારે શું છે ? સમજાય છે કાંઈ ? **'લોકોના ભયને ત્યાગી, ઢીલાશ છોડી,...'** આહા..હા...! અરે..! લોકો મને પ્રશંસે ને હું બહાર આવું, એ બહિરાત્મ બુદ્ધિવાળાનો ભાવ છે. આહા..હા...! પંડિતજી ! આહા..હા...!

ભગવાન ! તું વીતરાગ સ્વભાવની મૂર્તિ છો ને, પ્રભુ ! સવારે કહ્યું હતું ને ? 'ઘટ ઘટ અંતર જિન વસે ને, ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાન સો, મતવાલા સમજે ન' 'ઘટ ઘટ અંતર જિન વસે..' વીતરાગમૂર્તિ ભગવાન જિનસ્વરૂપી આત્મા. 'અને ઘટ ઘટ અંતર જૈન...' એ જિનનું અવલંબન લીધું એ જૈન. આહા..હા...! જૈન સ્વરૂપી ભગવાન આત્મા, વીતરાગમૂર્તિ પ્રભુ અનાદિઅનંત (છે), એનું અવલંબન લીધું એ જૈન. જૈનની શક્તિ, જૈન વીતરાગનો આધાર લીધો, આશ્રય લીધો એ જૈન. આહા..હા...! જૈન કોઈ વાડામાં છે માટે જૈન છે, (એમ નથી). સમજાય છે કાંઈ ? 'ઘટ ઘટ અંતર જિન વસે ને, ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાન સો,' પણ પરિણામમાં અભિમાન (કરે છે કે) હું રાગી છું ને હું આવો છું ને મને માનનારા ઘણા છે ને મારી ઘણી પ્રસિદ્ધિ થઈ. અરે..! પ્રભુ ! શું છે ? પ્રસિદ્ધિ તો તારી તારામાં થાય છે. આહા..હા..!

**'ઢીલાશ છોડી, પોતે દૃઢ પુરુષાર્થ કરવો.'** અંદર વીતરાગ સ્વભાવ સન્મુખ જવું, દૃઢ પુરુષાર્થ કરવો. પ્રભુ ! આહા..! વિકલ્પમાં આવવું એ પણ શિથિલતા, બંધનનું કારણ છે. આહા..હા...! અનંત પરાક્રમનો ધણી, પ્રભુ ! તારામાં એક પ્રભુતા નામનો ગુણ છે. એ સ્વતંત્રતાથી શોભાયમાન, અખંડ પ્રતાપથી શોભાયમાન (છે). આહા..હા...! જેનો અખંડ પ્રતાપ છે, ભગવાનસ્વરૂપ આત્માનો અને સ્વતંત્રતાથી શોભાયમાન છે. કોઈ રાગથી લાભ થયો ને નિમિત્તથી (થયું), એવું સ્વરૂપમાં નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? વાત કઠણ પડશે, પણ પ્રભુ ! માર્ગ આ છે. આહા..હા...! કેમ કે જિન આજ્ઞામાં વીતરાગભાવ... સવારે કહ્યું હતું, નહિ ? ચારે અનુયોગમાં વીતરાગભાવ તાત્પર્ય છે. અર્થાત્ 'કળશ-ટીકા'માં આવ્યું છે ને ? કે બાર અંગ વિકલ્પરૂપ છે પણ એમાં કહ્યું છે, અનુભૂતિ (કરવાનું). આહા..હા...! 'કળશ-ટીકા'માં છે. બાર અંગ કોઈ અપૂર્વ ચીજ નથી. આહા..હા...! બાર અંગમાં કહ્યું છે, ભગવાનની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનુભૂતિ કરવી. એટલે કે વીતરાગી પર્યાય કરવી. આહા..હા...! અને એ વીતરાગી પર્યાય દ્રવ્યના આશ્રયે થાય છે. એનો અર્થ ચાર અનુયોગો એમ કહે છે ત્રિકાળનાથ જિનસ્વરૂપીનો આશ્રય લે. વ્યવહાર ને નિમિત્ત ને લૌકિક સંગનો આશ્રય છોડી દે, પ્રભુ ! આહા..હા...! આવું આકરું લાગે એટલે માણસ પછી એમ કહે, સોનગઢ નિશ્ચયાભાસ છે. કહો, પ્રભુ કહો. એકાંત છે, એકાંત છે. દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન કરવું એ પ્રમાણ અનેકાંત છે, પણ એક નયનું જ્ઞાન નિશ્ચયનું કરવું એકાંત છે. સમ્યક્ એકાંત છે. આહા..હા...!

વીતરાગ.. વીતરાગ.. વીતરાગ, રાગના વિકલ્પથી ભિન્ન પ્રભુ, અનંત અમાપ વીતરાગ સ્વભાવનો પિંડ પ્રભુ, એનો આશ્રય લે. આહા..! અંતરમાં દૃઢ પુરુષાર્થ કરવો જોઈએ. આહા..હા..! **'લોક શું કહેશે' એમ જોવાથી ચૈતન્યલોકમાં જઈ શકાતું નથી.'** આહા..હા...! મને લોકો માને છે ને એને માને છે ને મને માનતા નથી, એમ જોવા જઈશ તો તું અંદર નહિ જઈ શકે. આહા..હા..! સમજાય છે કાંઈ ? મારી સભામાં બસો-પાંચસો ને આની સભામાં પાંચ લાખ, બે લાખ. પણ શું કરવું છે ? પણ તારે કામ શું છે ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવે, ન આવે એ તો થવાનું હોય તે થાય છે. આવે, જાય એ તો એના પરમાણુ, એના આત્માની પર્યાયની યોગ્યતાથી આવે છે, જાય છે. આહા..હા...!

**'લોક શું કહેશે' એમ જોવાથી ચૈતન્યલોકમાં જઈ શકાતું નથી.'** ચૈતન્યલોકમાં નથી પહોંચી શકાતું. ભગવાન ચૈતન્ય જાગૃત સ્વભાવનો પિંડ પ્રભુ, ચૈતન્યલોક નિત્ય અસ્તિત્વથી ભરેલો છે, નિત્ય સત્તા સ્વભાવ જેનો છે. વીતરાગ સ્વભાવ નિત્ય જેનો સ્વભાવ છે. લોક શું કહેશે, એમ જોવાથી અંતરમાં જઈ શકાતું નથી. આહા..હા...!

**'સાધકને એક શુદ્ધ આત્માનો જ સંબંધ હોય છે.'** આહા..હા...! જુઓ ! રાગનો સંબંધ નહિ, લૌકિક સ્ત્રી, કુટુંબ, પરિવાર કે સાધર્મી જીવોનો પણ સંગ નથી, એમ અહીં કહે છે. આહા..હા...! આવું સ્વરૂપ છે, પ્રભુ ! જગતથી નિરાળી વાત છે. આહા..! આત્માનો જ સંબંધ હોય છે. એક શુદ્ધ પ્રભુ ધ્રુવ નિત્ય વીતરાગ સાધકને એનો એકનો જ સંબંધ હોય છે. આહા..હા..! ત્રિકાળી વીતરાગમૂર્તિનો જ સાધકને સંબંધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોય છે. આહા..હા...! ધર્મનો સાધક જીવ, એને એક ત્રિકાળી વીતરાગ સ્વભાવનો જ સંબંધ હોય છે. આહા..હા...! બહારના સંબંધમાં પોષાય ગયો એને આ સંબંધ (રહ્યો નહિ). આહા..હા...! અનંત અનંત કાળમાં પુણ્ય ને પાપના સંગમાં પડ્યો અને પરલક્ષમાં પડ્યો એને આ સંબંધ રહિત ચીજ છે (એનો સંગ ન કર્યો). મારો તો મારા આત્મા સાથે સાધકને સંબંધ છે. સાધકને રાગ ને નિમિત્ત સાથે સંબંધ નથી. આહા..હા...!

**'નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ કરવો,...'** દુનિયાની દરકાર છોડી, એને ઘણું જ્ઞાન છે ને મને થોડું છે, લોકો મારી ગણતરી નહિ કરે, એ વાત છોડી દે. શું તારે દુનિયામાં ગણાવું છે ? આહા..હા..! **'બસ ! તે જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે.'** આહા..! સિદ્ધ થનાર સાધક, સિદ્ધ સાધ્ય છે, સાધક મોક્ષનો માર્ગ છે, એ મોક્ષનો માર્ગ વીતરાગ પર્યાય છે, વીતરાગ પર્યાય વીતરાગ સ્વભાવથી ઉત્પન્ન થાય છે. વીતરાગ સ્વભાવના આશ્રયે. આહા..હા...! અને પૂર્ણ વીતરાગનું કારણ છે. ત્રણે વીતરાગ. આ વીતરાગ માર્ગ છે. વસ્તુ સ્વરૂપ ત્રિકાળી વીતરાગ, એના સંબંધે–આશ્રયે વીતરાગી પર્યાય દર્શન, જ્ઞાન, ચારિત્ર ઉત્પન્ન થાય છે, એ વીતરાગ. અને એનાથી પૂર્ણ સર્વજ્ઞ વીતરાગ થાય છે એ વીતરાગ. આહા..હા...!

દુનિયાને પસંદ ન પડે પણ શું થાય ? લોકોના રક્ષણ માટે વ્યવહારધર્મ છે. અરે..! ભગવાન ! કોનું રક્ષણ કરે ? પ્રભુ ! વિકલ્પ આવે છે પણ એ તો બંધનું કારણ છે. વ્યવહારધર્મ લોકોને સમાજને બરાબર બતાવવો ને સમાજ સાથે સંબંધ રાખવો ને સમાજમાં ઠીક થશે, એ વ્યવહારધર્મ છે ? આહા..હા...! વ્યવહારધર્મનો અર્થ એટલો કે વીતરાગ સ્વભાવમાં નથી રહી શકતા ત્યારે વિકલ્પ આવ્યો એને વ્યવહારધર્મ કહેવામાં આવે છે. નિશ્ચયથી અધર્મ છે. મીઠી ભાષામાં કહીએ તો એ પુણ્ય છે. કડક ભાષાથી કહીએ તો તે અધર્મ છે. આહા..હા..! આવું છે, પ્રભુ ! આહા..હા...!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું છે કે ઉપદેશ દેનાર લોકો રાજી થાય તો ખુશ થઈ જાય. સંખ્યા બહુ હોય તો (ખુશ થઈ જાય), અને સામાનું મોઢુ તાકે કે મારી વાતમાં મહિમા કોને આવે છે ? અરે..! પ્રભુ ! શું છે તને આ ? ક્યાં જાવું છે પ્રભુ તારે ? આહા..હા...! આવો માર્ગ. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'બસ ! તે જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે.'** સિદ્ધ થનાર સાધક એમ વિચારે છે કે નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ કર, બસ ! આહા..હા...! જ્યાં ચૈતન્ય રત્નાકર ભગવાન બિરાજે છે ત્યાં સંબંધ કર. સાધકને તો એનો જ સંબંધ હોવો જોઈએ. ધર્મી–સમ્યગ્દષ્ટિ સાધક કે ચારિત્રવંત સાધક, એને ત્રિકાળી શુદ્ધનો જ પરિચય છે. આહા..હા...! એનો જ સંબંધ છે. આહા..હા...! રાગનો પણ સંબંધ નથી તો નિમિત્ત, લૌકિકનો સંગ તને ક્યાં આવ્યો ? આહા..! સંત મુનિ.. આહા..હા...! સહદેવ ને નકુળ. અંતર આનંદના ઝુલામાં ઝુલતા હતા. જરી એક વિકલ્પ આવ્યો, તે પણ શુભરાગ, મુનિને કેમ હશે ? આહા..હા...! એ જગપંથ છે. રાગ જગપંથ છે, પ્રભુ ! એ સંસારપંથ છે, એ શિવમાર્ગ નહિ. આહા..!

ભાઈ ! તું વીતરાગ મૂર્તિ છો ને ! વીતરાગ પર્યાય મુક્તિનું કારણ છે. તું રાગને કારણ માને એ કલંક છે, મોટું મિથ્યા શલ્ય છે. તું ત્યાં રોકાઈ ગયો. રોકાવાના રસ્તા અનેક છે, છૂટવાનો રસ્તો એક છે. વીતરાગ મૂર્તિના સંબંધમાં જવું એ છૂટવાનો એક રસ્તો છે. આહા..હા...! બાકી રોકાવાના તો અનેક અનેક પ્રકાર (છે). બહુ... આહા..હા...! કોઈ ક્યાંય અટક્યા, કોઈ ક્યાંય અટક્યા, કોઈ ક્યાંય અટક્યા. આહા..હા..! અરે..! દેહ છૂટે ને અજાણ્યા ક્ષેત્ર, અજાણ્યા દ્રવ્યમાં ચાલ્યો જશે. જેણે દ્રવ્યનો પરિચય કર્યો નથી.. આહા..હા...! પરદ્રવ્યના પરિચયમાં, પુણ્ય-પાપના બંધન કર્યાં. એ પુણ્ય પણ કો'કને વિશેષ હોય, બાકી ઘણા તો પાપ (ઉપાર્જે છે). એ બંગલામાં પડ્યા, ચાલ્યો જાય ક્યાંક. ઘેંટાની કૂખે, બકરીની કૂખે, હાથીની હાથણીની કૂખે, ઘોડીની કૂખે (અવતાર લે). આહા..હા...! પ્રભુ ! શું છે ? ભાઈ !

**'ઉગ્ર પુરુષાર્થ કરવો, બસ ! તે જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે.'** આહા..હા...! ૨૧૩ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**સદ્‌ગુરુના ઉપદેશરૂપ નિમિત્તમાં (નિમિત્તપણાની) પૂર્ણ શક્તિ છે પણ તું તૈયાર ન થાય તો – તું આત્મદર્શન પ્રગટ ન કર તો –?? અનંત અનંત કાળમાં ઘણા સંયોગ મળ્યા પણ તેં અંતરમાં ડૂબકી મારી નહિ! તું એકલો જ છો; સુખદુઃખ ભોગવનાર, સ્વર્ગ કે નરકમાં ગમન કરનાર કેવળ તું એકલો જ છો.**

**'જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે !**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે.'**

**– તું એકલો જ મોક્ષ જનાર છો, માટે તું આત્મદર્શન પ્રગટ કર.**

**ગુરુની વાણી સાંભળી વિચાર કર, પ્રતીતિ કર ને ઠર; તો તને અનંત જ્ઞાન ને સુખનું ધામ એવા નિજ આત્માનાં દર્શન થશે. ૨૧૪.**

'**સદ્‌ગુરુના ઉપદેશરૂપ નિમિત્તમાં (નિમિત્તપણાની) પૂર્ણ શક્તિ છે પણ તું તૈયાર ન હોય તો...**' આહા..હા...! ધર્માત્મા, સંતો અને કેવળીએ તો વીતરાગભાવ બતાવ્યો. આહા..હા...! પણ એ તો નિમિત્તથી બતાવ્યું. પણ તું વીતરાગભાવ પ્રગટ ન કર તો તને નિમિત્ત પણ ક્યાં આવ્યું ? આહા..! દેવ, ગુરુ ને શાસ્ત્ર ત્રણે વીતરાગતા ઉત્પન્ન કરવાનો ઉપદેશ આપે છે. આહા..હા...! એ નિમિત્ત છે, નિમિત્તમાં પૂર્ણ શક્તિ છે. એ અપેક્ષાએ નિમિત્ત. '**પણ તું તૈયાર ન હોય...**' આહા..હા...! એમણે આજ્ઞા કરી કે વીતરાગતા ઉત્પન્ન કર ને એવો પુરુષાર્થ ન હોય. '**તું આત્મદર્શન પ્રગટ ન કરે તો–??**' આહા..હા...! પૂર્ણાનંદનો નાથ, એની દૃષ્ટિ ન કરે, દર્શન ન કરે તો શું ? આહા..હા...!

સમવસરણમાં અનંત વાર વાણી સાંભળી અને પોતે કથન પણ કર્યાં. 'સબ શાસ્ત્રન કે નય ધારી હૈયે, મત ખંડન મંડન ભેદ લિયે,' 'સબ શાસ્ત્રન કે નય ધારી હૈયે, મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન બાર અનંત કિયો...' આહા..હા...! આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સાધન અનંત વાર કર્યાં. 'તદપિ કછુ હાથ હજુ ન પર્યો.' આહા..હા...! વીતરાગભાવ વિના વીતરાગ દર્શન થતા નથી. સમજાય છે કાંઈ ? વીતરાગી પર્યાય વિના વીતરાગી સ્વરૂપના દર્શન નથી થતા. આહા..હા...! આવી વાતું છે, ભાઈ !

**'અનંત અનંત કાળમાં ઘણા સંયોગો મળ્યા...'** આહા..હા...! સમવસરણમાં ગયો, ગુરુ મળ્યા, તીર્થંકર મળ્યા, વાણી મળી. આહા..! **'પણ તેં અંતરમાં ડૂબકી મારી નહિ !'** આહા..હા...! સમ્યગ્દર્શન, જ્ઞાનમાં ધ્યાનમાં થાય છે. આહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કઈ રીતે પ્રગટ થાય ? **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** આહા..હા...! દ્રવ્ય સ્વભાવનું ધ્યાન કરવાથી, નિર્વિકલ્પ ધ્યાન કરવાથી, અંતર ડુબકી મારવાથી (પ્રગટ થાય છે). આહા..હા...! આમ સાંભળવાથી કે શાસ્ત્રથી કે જ્ઞાન ઘણું થયું માટે પ્રગટ થઈ જશે એવી વસ્તુ નથી. આહા..હા...! બહારનું ધ્યાન છોડી, અંતર સ્વરૂપને ધ્યેય બનાવી, પૂર્ણાનંદના નાથને ધ્યેય બનાવી, ધ્યેયને ધ્યાનનો વિષય બનાવી.. આહા..હા..! તો તને સમ્યગ્દર્શન થશે. **'અંતરમાં ડુબકી મારી નહિ !'**

**'તું એકલો જ છો;...'** પ્રભુ ! તું તો એકલો છો. આહા..હા..! **'સુખદુઃખ ભોગવનાર, સ્વર્ગ કે નરકમાં ગમન કરનાર કેવળ તું એકલો જ છો.'**

**'જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે !**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે.'**

આહા..હા...! **'તું એકલો જ મોક્ષ જનાર છો,...'** એકલો આનંદની દશા પ્રાપ્ત કરી મુક્ત થનાર છો. કોઈ સંબંધ નથી. **'માટે તું આત્મદર્શન પ્રગટ કર.'** આહા..હા...!

**'ગુરુની વાણી સાંભળી વિચાર કર, પ્રતીતિ કર...'** અંદરમાં **'ને ઠર;....'** જ્ઞાન કર, શ્રદ્ધા કર અને સ્થિર થા. એમ ત્રણ. **'તો તને અનંત જ્ઞાન ને સુખનું ધામ...'** અનંત જ્ઞાન અને સુખનું ધામ **'એવા નિજ આત્માનાં દર્શન થશે.'** આહા..હા..! આવી વાત છે. આકરું લાગે. એક એક શબ્દમાં ઘણું ભર્યું છે ! આ તો હજી ૨૧૪ થયા, કુલ ૪૩૨ છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં કરતાં થોડા છે. થોડા નાના નાના છે એટલે ૬૪૫ થયા. ૬૪૫ ને ? ૬૪૫ છે પણ થોડા થોડા શબ્દો છે. આ ૪૩૨ પણ છે પણ ઘણાં પાના (છે). વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✻ ✻ ✻

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ જીવ શુભ મેં લગતા હૈ, પરંતુ અપની શોધક વૃત્તિ બહ ન જાય–અપને સત્સ્વરૂપ કી શોધ ચલતી રહે ઇસ પ્રકાર લગતા હૈ. શુદ્ધતા કા ધ્યેય છોડકર શુભ કા આગ્રહ નહીં રખતા.

તથા વહ 'મૈં શુદ્ધ હું, મૈં શુદ્ધ હું' કરકે પર્યાય કી અશુદ્ધતા કો ભૂલ જાય—સ્વચ્છંદ હો જાય ઐસા નહીં કરતા; શુષ્કજ્ઞાની નહીં હો જાતા, હૃદય કો ભીગા હુઆ રખતા હૈ. ૨૧૫.

ભાદરવા સુદ ૩, મંગળવાર તા. ૫-૦૯-૧૯૭૮.
વચનામૃત–૨૧૫, ૨૧૬, ૨૧૭, પ્રવચન–૮૬

'વચનામૃત'. આ આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયો છે અને કહ્યો છે, ત્રિલોકનાથ જિનેશ્વરદેવ સર્વજ્ઞ પ્રભુએ, પૂર્ણ સ્વરૂપ આનંદ અને પૂર્ણ જ્ઞાનઘનની દૃષ્ટિ કરવી એમ કહ્યું. તો સમ્યગ્દર્શન થશે. કોઈ ક્રિયાકાંડ દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામ ધર્મ નથી. એ ધર્મ નથી અને ધર્મનું કારણ પણ નથી. આકરી વાત, ભાઈ ! અંતરમાં ભગવાન પૂર્ણ આનંદ, ધ્રુવધામ સ્થાન જેના.. આહા..હા...! એની ઉપર દૃષ્ટિ (કરે), ધ્રુવને ધ્યેય બનાવી દૃષ્ટિમાં જે સમ્યગ્દર્શન થાય છે એ ત્રિકાળી આનંદનો અનુભવ થાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહા..! ધર્મની પહેલી સીઢી. આહા..!

**'મુમુક્ષુ જીવ શુભમાં જોડાય,...'** મુમુક્ષુ જીવને શુભભાવ આવે છે પણ એ શુભભાવ ઉપર જોર ન દેવું. **'પણ પોતાની શોધકવૃત્તિ વહી ન જાય...'** આહા..હા...! હું ચૈતન્ય પૂર્ણ આનંદ શુદ્ધ વસ્તુ છું એવી શોધકવૃત્તિ ન જાય અને શુભભાવ થાય. સમજાય છે કાંઈ ? શ્રવણ કરવામાં, વાંચનમાં, ભક્તિ આદિમાં શુભભાવ તો થાય છે, પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ જીવને શુભભાવ થવા છતાં, એની શોધકવૃત્તિ, શુદ્ધની શોધકવૃત્તિ હોય છે. આહા..હા...! આવું કામ ભારે આકરું જગતને.

**'શોધકવૃત્તિ વહી ન જાય-પોતાના સત્સ્વરૂપની શોધ ચાલુ રહે...'** આહા..હા...! અંતર ભગવાન પૂર્ણ અનંત શાંતિ અને આનંદનું ધામ પ્રભુ, એની મુમુક્ષુ જીવને સમ્યગ્દર્શન થયા પહેલાં પણ,.. આહા..હા...! શુભભાવ આવે છે છતાં ત્યાં શુદ્ધને શોધવાની દૃષ્ટિ ચાલે છે. આહા..હા..! આવું કામ છે, ભારે કામ. એક તો સંસારના કામ આડે નવરો નથી બિચારો, એમાં પાંચ, પચાસ લાખ કે કરોડ, બે કરોડ મળે તો થઈ રહ્યું, મરી ગયો ન્યાં. અમે જાણે પૈસાવાળા.. અરે..! પ્રભુ ! શું છે તું ? રાગ જે શુભ છે એ પણ તારી વસ્તુ નથી. આહા..હા...! શુભરાગ આવે છે પણ ધર્મીજીવ થવાની લાયકાતવાળો મુમુક્ષુની અંતર શુદ્ધ સ્વભાવની શોધકવૃત્તિ ન જાય. આહા.હા...! ગમે તે પ્રસંગ હો, પણ એને અંતર શુદ્ધ ચૈતન્ય.. આહા..હા...! પૂર્ણાનંદનો નાથ પરમાત્મસ્વરૂપે બિરાજમાન આત્મા.. આ કેમ બેસે ? અંતર વસ્તુ ભગવાન પરિપૂર્ણ સ્વરૂપ આત્મા છે. શુભભાવ આવવા છતાં મુમુક્ષુની અંતર શુદ્ધ સત્તાની શોધકવૃત્તિ ન જાય. આહા..હા...! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :- શોધકવૃત્તિ એટલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- અંતર તરફનું વલણ. આહા..હા...! માર્ગ ભાઈ ! અલૌકિક માર્ગ છે, પ્રભુ ! સમ્યગ્દર્શન પામવા પહેલાં પણ, સમ્યગ્દર્શન થાય છે એ તો ત્રિકાળી આનંદના નાથનો અનુભવ અને અતીન્દ્રિ આનંદનો સ્વાદ આવે છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા...! હજી તો ધર્મની પહેલી સીઢી. ચારિત્રની વાતું બાપુ ! એ તો કોઈ જુદી ચીજ છે. આહા..હા..!

અહીંયા કહે છે કે મુમુક્ષુ એને કહીએ, મોક્ષનો અભિલાષી, ઉત્કંઠીત એવો જીવ એને કહીએ કે શુભભાવ હોવા છતાં પણ એ દયા, દાન, વ્રત આદિ, ભક્તિ આદિ, પ્રભુનું નામ સ્મરણ આદિ શુભભાવ છે, એ ધર્મ નથી. એ ધર્મનું કારણ પણ નથી. આહા.હા..! આવી વાત.

મુમુક્ષુ :- અશુભથી બચ્યો એટલો તો ધર્મ ખરો ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :- અશુભથી (બચવાનું) એને ક્યાં છે ? મિથ્યાદૃષ્ટિ ગયા પછી અશુભથી બચવા શુભ આવે છે. હજી મિથ્યાત્વનું અશુભ છે ત્યાં બચવાનું કોનાથી ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઝીણી વાત છે, ભાઈ ! વર્તમાનમાં તો બહુ ગડબડ થઈ ગઈ છે, આહા..! જિંદગી ચાલી જાય છે. આહા..હા...!

આ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર અંદર... આહા..હા...! એની શોધકવૃત્તિ મુમુક્ષુને શુભરાગના કાળે પણ.. આહા.હા..! ન જાય. આહા..હા...! અરે..રે...! આ ક્યાં ? જગતને ક્યાં ફુરસદ છે ? પાપ, આખો દિ' પાપ ને પાપ ને પાપ. અહીં તો પુણ્યના વખતમાં પણ શોધકવૃત્તિ, એની વાત કરે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભગવાન ! ચૈતન્ય શુદ્ધ સત્તા પરમ સત્તા પ્રભુની—આત્માની એને અશુભભાવ વખતે તો ઠીક, એ તો પાપ છે, ત્યાં તો પ્રેમ ન હોવો જોઈએ પણ શુભભાવમાં પણ, એ કાળે પણ, એનો પ્રેમ નથી. અંતર શોધકવૃત્તિમાં જેની દૃષ્ટિ જાય છે. આહા..હા.! આવી વાત હવે. હજી પકડવી કઠણ (પડે). આહા..હા..!

**'પોતાના સત્સ્વરૂપની શોધ ચાલુ રહે...'** આહા..હા...! અંદર ચૈતન્ય ભગવાનને શોધવા આહા..હા...! એક દીકરો ખોવાઈ ગયો તો કેટલી શોધ કરે છે. ક્યાં ગયો ? ક્યાં ગયો ? ક્યાં છે ? આહા..હા...! એમ ભગવાન આત્મા રાગના પ્રેમમાં ભગવાન આત્મા પોતાને ભૂલી ગયો. આહા..! હવે જ્યારે અંદર મુમુક્ષુપણું થાય છે ત્યારે શુભરાગના કાળમાં પણ અંતરની શોધકવૃત્તિ (ચાલી) ન જાય. આહા..હા...! એ શુભભાવમાં તલ્લીન ન થાય. આહા..હા....! આવી વાતું છે. અજાણ્યા માણસને તો એવું લાગે આ કઈ જાતનો ધર્મ હશે ?

મુમુક્ષુ :– જૈનધર્મ તો આવો કોઈ દિ' સાંભળ્યો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :— એવું સાંભળ્યું નથી, ભાઈ ! જૈનધર્મ કોઈ પક્ષ નથી, કોઈ વાડો નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા...! જિનસ્વરૂપી ભગવાન આત્મા, ત્રિકાળ જિનસ્વરૂપ, રાગને કાળે પણ જિનસ્વરૂપની શોધકવૃત્તિ, વીતરાગ સ્વભાવી આત્માની શોધકવૃત્તિ ન જાય. આહા..હા...! 'શુદ્ધતાનું ધ્યેય છોડીને શુભનો આગ્રહ ન રાખે.' આહા..હા...! મુમુક્ષુ છે પણ શુદ્ધ ચૈતન્ય ભગવાન પરિપૂર્ણ પવિત્ર પ્રભુ, એનું ધ્યેય છોડીને, શુભનો આગ્રહ ન રાખે કે મને શુભભાવ આવ્યો તો મારું હિત થશે અને આ શુભભાવથી મને આત્માનો અનુભવ, દર્શન થશે. એવો આગ્રહ ન રાખે. આહા..હા...!

**'વળી તે હું શુદ્ધ છું, હું શુદ્ધ છું' કરીને પર્યાયની અશુદ્ધતા ભૂલાઈ ન જાય...'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા...! હું ત્રિકાળી શુદ્ધ છું એમ હોવા છતાં, પર્યાયમાં અશુદ્ધતા છે એ ભૂલી ન જાય, સ્વચ્છંદ ન થઈ જાય. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..! આવો માર્ગ છે. હું શુદ્ધ છું, હું શુદ્ધ છું કરીને પર્યાય એટલે અવસ્થામાં અશુદ્ધતા છે એ ભૂલાઈ જાય **'સ્વચ્છંદ થઈ જાય એમ ન કરે;...'** આહા..હા...! અશુદ્ધતા છે તો ક્યાં છે ? મારામાં ક્યાં છે ? એમ પર્યાયમાં અશુદ્ધતા છે એ છે જ નહિ અને સ્વચ્છંદ થઈ જાય (એમ ન કરે). આહા..હા...!

મુમુક્ષુ :– સ્વચ્છંદ એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સ્વચ્છંદ નામ વિકારી પર્યાય મારી નથી, એમ માનીને વિકારી પર્યાયનું સેવન કરે એ સ્વચ્છંદ છે. આહા..હા...! એમ તો સ્વચ્છંદનો અર્થ સ્વતંત્રતા પણ થાય છે. 'સમયસાર'માં છે. એ અર્થ અહીં નથી. અહીંયા સ્વચ્છંદના અર્થમાં પોતાના સ્વભાવમાં શુદ્ધતા છે એને ભૂલીને અને પર્યાયમાં અશુદ્ધતા છે તેને લક્ષમાં નહિ રાખીને અશુદ્ધતા ગમે તેટલી હોય તેને સેવે. આહા..હા...! એમ કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એમ કહ્યું છે. તો એ એમ માની લે કે મારે આ ભોગ છે... આહા..હા...! એનાથી નિર્જરા થાય છે. એમ નથી, પ્રભુ ! વિષય વાસનાનો ભાવ, ભોગનો ભાવ એકલું પાપ છે. આહા..હા...!

અહીંયા તો શુભભાવમાં હોવા છતાં શુદ્ધતાનું ધ્યેય, શોધકપણું (ચાલ્યું) ન જાય. અને શુદ્ધતાનું ધ્યેય કરે છે અને પર્યાયમાં અશુદ્ધતા છે જ નહિ, ગમે તેટલી અશુદ્ધતા હોય, મારે શું ? એમ સ્વચ્છંદી ન થઈ જાય. આહા..હા...! આવું છે, ભાઈ ! **'શુષ્કજ્ઞાની ન થઈ જાય,...'** 'શ્રીમદ્'માં આવે છે ને ? 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા' કોઈ રાગની ક્રિયામાં, જડમાં, રાગ જડ છે, ચૈતન્ય નથી (એમાં રહી ગયા). 'શુષ્કજ્ઞાનમાં કોઈ,' એકલી જ્ઞાનની ઉઘાડની વાતું કરે અને અંદરમાં સ્વચ્છંદ પણ સેવે. આહા..હા...! નિશ્ચયાભાસી છે. આહા..! ગમે તેવા પાપના પરિણામ આવે એની જેને દરકાર નથી,.. આહા..હા...! એ સ્વચ્છંદી છે, સ્વતંત્ર નથી. આહા..હા...! પાપ થયું તો થયું, ભોગ થયો તો થયો, એમ બેદરકારી ન કરે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તો ભાઈ ! જન્મ-મરણ રહિત થવાની વાત છે. આહા..હા...! બાકી તો ઠીક બધું કરે છે, હો.. હા.

**'સ્વચ્છંદ થઈ જાય એમ ન કરે; શુષ્કજ્ઞાની ન થઈ જાય,...'** જ્ઞાનની વાતું કરે પણ અંદર જરીયે રાગની એકતા તોડે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહ્યું ને ? 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા' દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા, એ તો રાગ છે. 'શુષ્કજ્ઞાનમાં કોઈ.' કોઈ વાતે ચડી ગયા. શાસ્ત્રના ભણતર કરી વાતુંમાં ચડી ગયા કે આમ હોય ને તેમ હોય. પાપના પરિણામ કેટલા તીવ્ર થાય છે એની દરકાર નહિ. આહા..હા...! એ તો શુષ્કજ્ઞાની છે. કોરો જ્ઞાની છે, યથાર્થ જ્ઞાની નથી. આહા..હા...! 'કરુણા ઉપજે જોઈ' એમ આવે છે ને ? 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો...' આહા..હા...! અમે પણ મોક્ષના માર્ગમાં છીએ. અરે..! પ્રભુ ! આહા..હા...! પરથી ઉદાસીનતા આવી નહિ અને સ્વચ્છંદે... આહા..હા...! આ એક દીકરો મારે થયો. બહુ રાજી રાજી (થઈ જાય). આહા..હા...! આ દીકરો રળાઉ થયો તો રાજી રાજી... શું છે આ સ્વચ્છંદ ? મને શું છે ? હું તો શુદ્ધ છું ને.

મુમુક્ષુ :– રળાઉ દીકરો થાય તો નારાજ થવું (?)

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોનો રળાઉ દીકરો હતો ? એમનો દીકરો રળાઉ થયો. છ હજાર ને આઠ હજારનો પગાર, એમ કહે છે. વાત ઈ કરે છે, હોં ! કોનો દીકરો ? આહા..હા...!

શુભરાગ પણ જ્યાં પોતાનો નથી. ત્યાં અશુભરાગમાં જોડાઈને મને મજા પડે છે, હું તો શુદ્ધ છું, હું ક્યાં અશુદ્ધતામાં આવ્યો છું ? ભાઈ ! અશુદ્ધનું સેવન કરી નરકે જઈશ, બાપા ! તિર્યંચમાં અવતાર થશે. આહા..હા...! ત્યાં કુદરતના નિયમથી વિરૂદ્ધ કરીશ તો કુદરત નહિ છોડે. આહા..હા...! આકરું કામ બહુ, ભાઈ ! આહા..!

**'હૃદયને ભીંજાયેલું રાખે.'** જોયું ? હૃદયને શુષ્કજ્ઞાની ન થઈ જાય. ભીંજોયલું, ઉદાસીન રાખે છે. આહા..હા...! એ ૨૧૫ (બોલ પૂરો) થયો. મુમુક્ષુની દશાની યોગ્યતા આ કહી. આહા..હા...! ૨૧૬. ભાઈ ! આ તો સર્વજ્ઞ પરમાત્માએ કહેલા પંથની વાત છે, પ્રભુ ! આ કોઈ વાર્તા કથા નથી. ભગવત્ સ્વરૂપ પ્રભુ, એને પામવાની રીત શું છે એ વાત છે. સમ્યગ્દર્શનમાં, હોં !

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :— ભગવત્ સ્વરૂપ છે એ એની પ્રતીતિમાં ક્યાં આવ્યું છે ? એ તો ભગવત્ સ્વરૂપ છે એ તો ભાષામાં ખ્યાલ આવ્યો. આહા..હા...! ભગવત્ સ્વરૂપ પરમાત્માની હયાતી, પ્રતીતિમાં, જ્ઞાનમાં આવે તેને ભગવત્ સ્વરૂપ છે. જેને જ્ઞાનમાં રાગ ને પર્યાય ભાસે છે તેને ભગવત્ સ્વરૂપ ક્યાં છે અંદર ? છે તો છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ એને ક્યાં પ્રતીતિ છે ? આહા..હા...! સમજાય છે કાંઈ ? એ તો સવારે આવશે ને ? આહા..હા...!

આત્માની જ્ઞાનની પર્યાયમાં.. આહા..હા...! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપનું જ્ઞાન અજ્ઞાનીને પણ થાય છે. આહા..હા...! શું કહે છે ? અજ્ઞાનીની જ્ઞાનની પર્યાય પણ, બાળગોપાળ-બાળકથી વૃદ્ધ હો, સ્ત્રી હો, પુરુષ હો, નપુંસક હો.. આહ..હા...! એનો આત્મા એની જ્ઞાનની પર્યાયમાં, પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી. પર્યાયમાં ભગવાન જ ભાસે છે, ભગવાનનું જ જ્ઞાન પર્યાયમાં થાય છે. આહા..હા...! પણ અજ્ઞાની રાગ ને બંધને વશે પરદ્રવ્યને વશ થઈને પર્યાયમાં સ્વદ્રવ્ય ભાસે છે, તેની બેદરકારી કરે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? કેમ કે જ્ઞાનની પર્યાય જે છે તો એ પર્યાયનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક છે. સ્વપ્રકાશક જ્ઞાનની પર્યાયમાં આખો ભગવાન પૂર્ણાનંદનું જ્ઞાન પર્યાયમાં થાય છે. આહા..હા...! અજ્ઞાનીની પર્યાયમાં પણ સ્વદ્રવ્યનું જ્ઞાન તો થાય જ છે, પણ રાગના બંધને વશે દૃષ્ટિ થવાથી, અબંધ ભગવાન પર્યાયમાં જણાવા છતાં એ પણ જાણતો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? શું કહ્યું ? કાલે કે પરમ દિવસે આવશે.

**સંસારથી ખરેખરા થાકેલાને જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે કાંઈ જોઈતું જ નથી, એક નિજ આત્મદ્રવ્ય જ જોઈએ છે' એમ દૃઢતા કરી બસ 'દ્રવ્ય તે જ હું' એવા ભાવે પરિણમી જાય છે, બાકી બધું કાઢી નાખે છે.**

**દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી. શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ 'મને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ' એમ જોવા નથી બેસતી. એને-દ્રવ્યદૃષ્ટિવાળા જીવને-ખબર છે કે અનંતા કાળમાં અનંત જીવોએ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**આવી રીતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપીને અનંતી વિભૂતિ પ્રગટ કરી છે. દ્રવ્યદૃષ્ટિ હોય તો પછી દ્રવ્યમાં જે જે હોય તે પ્રગટ થા જ; છતાં 'મને સમ્યગ્દર્શન થયું, મને અનુભૂતિ થઈ' એમ દૃષ્ટિ પર્યાયમાં ચોંટી નથી જતી. તે તો પ્રારંભથી પૂર્ણતા સુધી, બધાંને કાઢી નાખી, દ્રવ્ય ઉપર જ સ્થપાયેલી રહે છે. કોઈ પણ જાતની આશા વગર તદ્દન નિસ્પૃહ ભાવે જ દૃષ્ટિ પ્રગટ થાય છે. ૨૧૬.**

**'સંસારથી ખરેખરા થાકેલાને જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.'** આહા..હા...! પર્યાયમાં ભગવાન પૂર્ણાનંદ ભાસે છે છતાં એની દૃષ્ટિ પર્યાય અને રાગ ઉપર હોવાથી, તે ભાસતો હોવા છતાં તેને ભાસતો નથી. આહા.હા..! સમજાય છે કાંઈ ? દૃષ્ટિમાં એકલો પરપ્રકાશક રહી ગયો. પરપ્રકાશમાં સ્વપ્રકાશક જણાય છે એ રહ્યું નહિ. આહા..હા...! પર્યાયને અને શુભ-અશુભ રાગને જાણવામાં સ્વપરપ્રકાશક ન આવ્યું. સ્વપ્રકાશક ન આવ્યું, એકલું પરપ્રકાશક આવ્યું. જાણે છે, પર્યાય સ્વ અને પર પ્રકાશક એવું પર્યાયના સ્વભાવમાં છે. આહા..હા..! છતાં સ્વ તરફનું લક્ષ નથી તે કારણે એકલી પરપ્રકાશક પર્યાયમાં પોતાને માને છે. આહા..હા...! એ મિથ્યાત્વ છે. આહા..હા...! ગજબ વાત છે. આવી વાત !

દિગંબર સંતો કેવળજ્ઞાનીના કેડાયતો, પ્રભુ ! એ સર્વજ્ઞના કેડાયત છે. એ સર્વજ્ઞપણું અલ્પ કાળમાં પામવાના છે. આહા..હા...! સર્વજ્ઞની વાણી અનુસાર અંતરમાં જે અનુભવ થયો, તો એ જગતને જાહેર કરે છે. આહા..હા...! કે પોતાની પર્યાયમાં તારી વસ્તુ તો જણાય છે, પણ તારું લક્ષ રાગ ને પર્યાય ઉપર હોવાથી, પરદ્રવ્ય ઉપર તારું લક્ષ હોવાથી સ્વદ્રવ્ય તારા જ્ઞાનમાં જણાવા છતાં જાણ્યું નહિ. આહા..હા...! આવી વાતું હવે. એ કરતાં દયા પાળે, વ્રત કરવા, ણમો અરિહંતાણં, ઇચ્છામી પડીકમણા જાઓ, તસ્સ મિચ્છામી દુક્કડમ્. ... એક ઠેકાણેથી બીજે ઠેકાણે જીવને મુક્યો હોય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો મિચ્છામી દુક્કડમ્. ન્યાં ક્યાં ધર્મ આવ્યો ? તાવત્કાય મણેણં, મોણેણં તસ્સૂતરી આવે છે ને ? શ્વેતાંબરમાં. બસ, ... મિથ્યાત્વ આદિ બધાથી રહિત થવા હું કાયોત્સર્ગ કરું છું. આહા..હા...! પણ હજી મિથ્યાત્વ શું ? એનાથી રહિતપણું શું છે ? એની ખબર નથી. સમજાય છે કાંઈ ? અને લોગસ્સમાં એમ બોલે 'સિદ્ધા સિદ્ધિ મમ દિસ્સંતુ' હે સિદ્ધ ભગવાનો ! મને સિદ્ધપણું દેખાડો. આહા..હા...! શું છે ઇ ? આહા..હા...! બધું કર્યું હતું કે નહિ તમે ? કર્યું હતું ? આહા..હા...! અમે પણ દુકાન ઉપર બધું કર્યું હતું. સાંજે પડિકમણું કરીએ. આ સંવત્સરી આવે ને ? શું કહેવાય ? પજોસણ સ્થાનકવાસીના. અપવાસ કરીએ. આઠ દિ'માં ચાર અપવાસ, હોં ! ચોવિયારા. પાણી નહિ, પાણીનું બિંદુ નહિ. ચોવિયારા. અને સાંજે પ્રતિક્રમણ. સામાયિક કરી હું પ્રતિક્રમણ કરાવતો. (સંવત) ૧૯૬૫-૬૬ની વાત છે. કાંઈ ભાન ન મળે. આ ક્રિયા તે ધર્મ. મેં ધર્મ કર્યો, પડિકમણું કર્યું. આહા..હા...! પછી ગાયન બોલીએ, જુઓ રે જુઓ રે, જૈનો કેવા વ્રતધારી ! વ્રતધારી. એવું ભજન આવે છે. 'જંબુસ્વામી', 'જંબુસ્વામી'નું. દુકાન ઉપર નિવૃત્તિ હતી. કાંઈ ન મળે ભાન. આહા..હા...! અરે..! પ્રભુ કોણ છે ? આ બોલું છું એ ભાષા કોની છે ? અને વિકલ્પ આવે ઇ શું ચીજ છે ? આહા..હા...!

અહીં કહે છે, **'સંસારથી ખરેખરા થાકેલાને જ...'** આહા..! ચોરાશી લાખ યોનિમાં અવતાર કરતાં તને પ્રભુ ! અનંત કાળ ગયા. છતાં તને થાક ન લાગ્યો હજી. આહા..હા..! તિર્યંચના ભવ, નિગોદના ભવ, એક શ્વાસમાં અઢાર ભવ નિગોદના, આહા..હા...! એ કેવા ભવ હશે ? આહા..! એને રાગનો, ભવનો કેટલો પ્રેમ હશે ! આહા..હા...! આ સ્ત્રી હોય છે ને ? આઠ, દસ સાડલા રાખે. સાડલાને શું કહે છે ? સાડી. બહુ રાખે. રસોડા વખતે જુદી સાડી, જંગલ જાય તો જુદી સાડી, કાણ હોય, કોઈક મરી ગયું હોય તો જુદી સાડી. કપડા બહુ ફેરવે. નાની ઉંમરમાં બધું જોયું છે, હોં ! આહા..હા...! ફેરવ્યા ફેરવ કરે. એમ જોડા પણ (ફેરવે). ભાવનગર દરબાર મોટા હતા. મરી ગયા પછી ત્રણ હજાર જોડા નીકળ્યા. જુદી જુદી જાતના. બેસવામાં, સૂવામાં, ચાલવામાં, સૂતા વખતે બધી જુદી જુદી જાતના. ફેરફાર.. ફેરફાર. કપડા પણ ફેરવ્યા કરે. એમ અનાદિથી અજ્ઞાની ભવને ફેરવ્યા કરે છે. આહા..હા...! અર..ર..ર...! હવે જો તને થાક લાગ્યો હોય તો. આહા..! તને થાક લાગ્યો હોય તો.

તેને જ **'સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.'** આહા..! બહારથી સમેટી અંદરમાં જવું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં બિરાજે છે ત્યાં દૃષ્ટિ લઈ જવી અને તેનો અનુભવ કરવો. ત્યારે સંસારનો થાક ઉતરી જશે. ભવનો અંત આવશે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ સિવાય ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, દાનના ભાવ કર્યા એ બધો સંસાર છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે...'** આહા..હા...! ભગવાન આત્મા, અનંત અપરિમિત શક્તિનો–ગુણનો ભંડાર. સ્વભાવનો ભગવાન ભંડાર છે. અપરિમિત સ્વભાવ, બાપુ ! આહા..હા...! પર્યાયમાં એની જેને મહિમા આવે છે... આહા..હા...! આ ભગવાન ઊંડે ઊંડે તળમાં કેટલી શક્તિ રાખે છે !! ધ્રુવમાં કેટલી શક્તિ ? અનંત અપરિમિત. આહા..હા...! અને તે નિત્ય. આહાહા..! **'સંસારથી એટલો બધો થાકી જાય છે કે મારે કાંઈ જોઈતું જ નથી,...'** મને ભગવાન પૂર્ણાનંદના નાથ સિવાય મારે કાંઈ જોઈતું નથી. આહા...! દુનિયા પ્રશંસા કરે, નિંદા કરે એ તો જગતની ચીજ છે, મારે શું ? સમજાય છે કાંઈ ?

અહીંયા એટલો થાકી ગયો કે મારે કાંઈ જોઈતું નથી. **'એક નિજ આત્મદ્રવ્ય જ જોઈએ છે.'** આહા..હા...! ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ જે દ્રવ્યસ્વભાવ, એ એક જ જોઈએ. વસ્તુ ત્રિકાળી જ્ઞાયકભાવ, અનંત ગુણનો સાગર પ્રભુ, આહા..હા...! એ એક જ જોઈએ. **'એમ દૃઢતા કરી...'** **'એક નિજ આત્મદ્રવ્ય જ જોઈએ છે, એમ દૃઢતા કરી બસ દ્રવ્ય તે જ હું...'** આહા..હા...! પરવસ્તુ તો હું નહિ, દયા, દાનના વિકલ્પ પણ હું નહિ, એક પર્યાય પણ હું નહિ. આહા..હા...! એમ ગુણરૂપ પણ નહિ. અનંત ગુણનો સાગર એક દ્રવ્ય ભગવાન, તે જ હું છું. **'એવા ભાવરૂપે પરિણમી જાય છે,...'** એમ પર્યાયમાં નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાયરૂપે પરિણમી જાય છે. આહા...હા...! સમજાય છે કાંઈ ? **'એવા ભાવે...'** હું શુદ્ધ દ્રવ્ય એકરૂપ છું, એ જ મને જોઈએ છે, એવી દૃઢતા કરી, તેવા ભાવરૂપે પરિણમી જાય છે. **'બાકી બધું કાઢી નાખે છે.'** આહા..હા...! ચાહે તો શુભરાગ હો, એને પણ છોડી દે છે. એ મારી ચીજ નહિ. એક સમયની પર્યાયમાં ક્ષયોપશમ જ્ઞાન હોય, એ પણ મારે ન જોઈએ. મને તો પૂર્ણ જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવ એક જ જોઈએ. આહા..હા..! **'બાકી બધું કાઢી નાખે છે.'** પર્યાય પણ પોતાનો આશ્રય છોડી દે છે. પર્યાયનો આશ્રય છોડી દે છે, એકલો ત્રિકાળ જ્ઞાયકભાવ.. આહા..હા..! ત્યારે એને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીંયા તો કહે, ભગવાનની ભક્તિ કરો, સ્મરણ કરો, જાપ કરો, એનું ધ્યાન કરો, ભગવાનનું તમને આત્મા પ્રાપ્ત થઈ જશે. અરે..! ભાઈ ! એ વિકલ્પમાં ક્યાં આત્મા છે ? વિકલ્પમાં તો અનાત્મા છે. વિકલ્પથી પાર ભગવાન નિર્વિકલ્પ ચીજ, એની પ્રાપ્તિમાં એના તરફની દૃષ્ટિ થાય તો રાગ અને પર્યાયબુદ્ધિ છૂટી જાય. આહા..હા...! શાસ્ત્રની પૂજા કરવાથી મારું કલ્યાણ થશે, એ દૃષ્ટિ છૂટી જાય. શાસ્ત્રની પૂજા કરવી એ પણ એક શુભભાવ રાગ છે. આહા..હા...! જે વાણીને પૂજ્ય કહી છે, બીજા શ્લોકમાં, પણ એ વ્યવહારે પૂજ્ય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ બધા શાસ્ત્ર લખ્યા છે, પાના હોય, જય ભગવાન..! ભગવાનની પ્રતિમા તો શાસ્ત્રથી પણ વિશેષ છે. એમના પ્રતિબિંબમાં તો શાંત.. શાંત.. શાંત.. આહા..હા...! દેખાય છે. વીતરાગ. હલચલ નહિ, સ્થિરબિંબ દેખાય. આહા..હા...! એ પણ શુભભાવ છે. સમજાય છે કાંઈ ? એ દૃષ્ટિમાંથી કાઢી નાખે છે, એ મારો નહિ. આહા..હા...!

**'દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી.'** આહા..હા...! શું કહે છે ? સમ્યગ્દૃષ્ટિ(ની) જે દૃષ્ટિ છે એ નિમિત્તને સ્વીકારતી નથી, રાગને સ્વીકારતી નથી, પર્યાયને સ્વીકારતી નથી. આહા..હા..! ભેદને સ્વીકારતી નથી. ગુણ-ગુણીના ભેદને પણ દૃષ્ટિ સ્વીકારતી નથી. આહા..હા...! ભગવાન પૂર્ણાનંદનો નાથ અભેદ વસ્તુ, દૃષ્ટિ એ અભેદને સ્વીકારે છે. આહા..હા....! શુભરાગ આવે છે તેનો સ્વીકાર કરે અને તેનાથી લાભ થશે (એમ માને એ તો) મિથ્યાદર્શન છે. આહા..હા..! આવી વાતું છે, ભાઈ !

અત્યારે તો જુઓને ! આ હાર્ટફેઈલ ને ? શું કહેવાય ઇ ? હાર્ટનો રોગ કેટલાયને સાંભળીએ છીએ. જુવાન માણસને હાર્ટનો રોગ છે, ઢીકણું છે. આહા...! પણ હાર્ટનો રોગ તને લાગુ પડી ગયો છે ? રાગના પ્રેમમાં તારું હાર્ટ ફેઈલ થઈ ગયું છે. આહા..હા...!

**'દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી.'** આહા..હા...! **'શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ...'** એમ જોવા નથી બેસતી... આહા..હા...! (કે) ત્રિકાળી વસ્તુ સામાન્ય ઉપર દૃષ્ટિ (ટકેલી છે) એ દૃષ્ટિ એમ સ્વીકારતી નથી કે **'મને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ'** આહા..હા...! કેમ કે સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન તો પર્યાય છે. આવી વાત છે, પ્રભુ ! કઠણ પડે એટલે લોકો સોનગઢને નામે વિરોધ બિચારા કરે છે. અરે...! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! તારા સ્વરૂપની પ્રાપ્તિની વાત છે ને, નાથ ! તું કોનો વિરોધ કરે છે ? ભાઈ ! આહા..હા..! એમ કહે છે, આ વ્યવહારે થાય, (એમ)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વ્યવહારથી થાય એવું તો કહેતા નથી, લોપ કરી નાખે છે. અહીં તો ભેદદૃષ્ટિનો પણ સ્વીકાર નથી. આહા..હા...! વ્યવહાર ક્રિયા દયા, દાનની તો વાત શું કરવી ? પણ ગુણ-ગુણીનો ભેદ પણ દૃષ્ટિનો વિષય નથી. આહા..હા...! આવો છે પ્રભુ. આહા..હા...!

જેના ધ્યેયમાં, દૃષ્ટિમાં તો એકલું દ્રવ્ય અભેદ દેખાય છે. દેખાય છે એટલે શ્રદ્ધાય છે, પ્રતીતમાં આવે છે અને જણાય છે. આહા..હા...! શાસ્ત્રના દાખલા આપે કે આમાં આમ કહ્યું છે ને ? જુઓ ! આમાં કહ્યું છે. ભિન્ન સાધ્ય-સાધન કહ્યું છે ને 'પંચાસ્તિકાય'માં ? ભગવાન ! એ કઈ અપેક્ષાએ કહ્યું છે ? ભાઈ ! એ તો નિમિત્ત કેવું હતું એનું જ્ઞાન કરાવ્યું છે. પણ એનાથી નિશ્ચય થાય છે, એમ નથી. આહા..! અરે..રે...! શાસ્ત્રના અર્થમાંથી પણ પોતાની દૃષ્ટિ પોષાય એવા અર્થ કરે પણ વસ્તુ દૃષ્ટિનું પોષણ કેમ થાય એની ખબર નથી. આહા..હા...! અરે..રે...!

દૃષ્ટિ ભેદને સ્વીકારતી નથી. આહા..હા...! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે ને ? 'સોગાની'. મળ્યું ને ? 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' મળ્યું છે ને ? ભાઈ ! સમજાય છે કાંઈ ? એનાથી પણ આ પુસ્તક અલૌકિક છે. આહા..હા...! સમ્યગ્દૃષ્ટિ, એ ભેદને પણ દૃષ્ટિ સ્વીકારતી નથી. રાગ નહિ, નિમિત્ત ભગવાનનો તો પોતામાં સ્વીકાર નથી, એ તો પરમાં છે. રાગ પણ પોતામાં નથી, એ તો પરદ્રવ્ય છે. અરે...! નિશ્ચયથી તો પર્યાય પણ પરદ્રવ્ય છે. આહા..હા...! એમ દૃષ્ટિ દ્રવ્યને સ્વીકારવામાં પર્યાય પણ પરદ્રવ્ય છે. પર્યાય ભેદ છે ને ? દ્રવ્યનો ત્રિકાળી ભેદ છે. આહા..હા...! છતાં એના લક્ષમાં પર્યાય છે, અશુદ્ધતા છે એનું લક્ષ તો હોવું જોઈએ. આહા..હા...! એ 'સમયસાર' ચૌદમી ગાથામાં આવ્યું છે. આહા..! એમ ભૂલી જાય કે પર્યાયમાં અશદ્ધતા છે જ નહિ. તો ટાળવું કોને ? તો આત્માનો આશ્રય લઈને અશુદ્ધતા ટળે એ ક્યાં રહ્યું ? ન હોય તો ટળવું ક્યાં રહ્યું ? આહા..હા...!

**'દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ 'મને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ' એમ જોવા નથી બેસતી.'** એ તો પર્યાય છે. દૃષ્ટિના વિષયમાં સમ્યગ્દર્શન... સમ્યગ્દર્શનની પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો વિષય, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન નથી. આહા..હા...! તો એનો વિષય શાસ્ત્ર ને પ્રતિમા ને મંદિર (તો ક્યાંથી હોય ?) ભારે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :— શું થાય ? 'આફ્રિકા'વાળા મંદિર કરાવે છે ને ! પંદર લાખનું. 'નાઈરોબી' બે હજાર વર્ષમાં નવું છે. પરદેશમાં આ પહેલું મંદિર. નાઈરોબી. મુમુક્ષુ ઘર છે, અહીંના સાંઈઠ ઘર છે અને સાત-આઠ ઘર તો કરોડપતિ છે. બીજા પંદર, વીસ, પચીસ લાખવાળા ઘણા છે. શ્વેતાંબરને બધાને લક્ષમાં આવ્યું છે કે માર્ગ તો આ છે. સમજાણું કાંઈ ? ક્યાં થશે ? કઈ રીતે થશે ? 'જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા' આહા..હા...! 'અનહોની કબહુ ન હોસી કાહે હોત અધીરા' આહા..હા...! એની પણ દૃષ્ટિ ક્યાં છે ? દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવી જોઈએ. આહા..હા...! પર્યાય થવાની તે થવાની એની ઉપર પણ દૃષ્ટિ નથી, એમ કહે છે. અને પર્યાય થઈ એની ઉપર પણ દૃષ્ટિ નથી. સમ્યગ્દર્શન થયું ને કેવળજ્ઞાન તો થયું નથી. તો પણ થયું કે નથી થયું, તે પણ **'દ્રવ્યદૃષ્ટિવાળા જીવને ખબર છે...'** દ્રવ્યદૃષ્ટિવાળા જીવને ખબર છે કે **'અનંત કાળમાં અનંત જીવોએ...'** અનંત કાળમાં અનંત જીવોએ **'આવી રીતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપીને...'** વસ્તુ ઉપર દૃષ્ટિ જમાવીને.. આહા..હા...! **'અનંતી વિભૂતિ પ્રગટ કરી છે.'** આહા..હા...! અંદરમાં જે અનંત અનંત સંપદા (છે), આનંદ ને જ્ઞાન ને શાંતિની સંપદા અનંત પડી છે, એ દ્રવ્યદૃષ્ટિ કરી સંપદાની વિભૂતિ પર્યાયમાં પ્રગટ કરી છે. આહા..હા...! એ વિભૂતિ. આ પૈસા, બૈસા ધૂળ છે એ તો મસાણના હાડકાની ફાસફૂસ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– આખી દુનિયા પૈસા પાછળ ગાંડી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગાંડી છે, આખી દુનિયા પાગલ છે. એય..! દસ હજારનો, પંદર હજારનો, વીસ હજારનો પગાર થાય ત્યાં આહા..હા...! (થઈ જાય). શું છે પણ ? પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ. મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! અહીં તો પર્યાયમાં સમ્યગ્દર્શન પ્રગટ થયું, દૃષ્ટિ એને પણ સ્વીકારતી નથી. એને દૃષ્ટિનું જોર તો ત્રિકાળી જ્ઞાયક ઉપર છે. આહા..હા...! આવી વાત છે.

**'અનંતકાળમાં અનંત જીવોએ કર્યું.' 'દ્રવ્યદૃષ્ટિ હોય તો પછી દ્રવ્યમાં જે જે હોય...'** દ્રવ્ય નામ વસ્તુ જે અખંડ અભેદ છે, એવી દૃષ્ટિ થતાં એ અભેદમાં જે છે તે પ્રગટ થાય છે. છે તેમાંથી, સત્‌માંથી સત્ આવે છે. આહા..હા...! નિર્મળ સમ્યગ્દર્શન, નિર્મળ જ્ઞાન, નિર્મળ શાંતિ, નિર્મળ આનંદ એ વિભૂતિ વસ્તુમાં છે તો એનો અનુભવ, પ્રતીત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરવાથી, સમ્યગ્દર્શનમાં એ વિભૂતિ પ્રગટ થઈ જાય છે. આહા..હા...! **'દ્રવ્યમાં જે જે હોય તે પ્રગટ થાય જ;...'** થાય જ છે. આહા..હા..! આ વાતું, ભાઈ ! આ તો જેને જન્મ-મરણ રહિત થવું હોય એની વાત છે. બાકી બહારમાં રાજી રાજી (કરવા હોય એને માટે નથી). આહા..હા...! પેલામાં તો ત્યાં સુધી આવે છે ને ? 'પ્રવચનસાર' 'અમૃતચંદ્રાચાર્ય'. અમારે વિષે હવે ક્ષયોપમશમ જ્ઞાનની પણ જરૂર નથી. આહા..હા...! અમારે તો ભગવાન છે ત્યાં જવું ને ઠરવું એક જ વાત છે. આહા..! ક્ષયોપશમથી પણ બસ. 'अलम' સમજાય છે કાંઈ ?

**'દ્રવ્યદૃષ્ટિ હોય તો પછી દ્રવ્યમાં જે જે હોય તે પ્રગટ થાય જ; છતાં 'મને સમ્યગ્દર્શન થયું, મને અનુભૂતિ થઈ' એમ દૃષ્ટિ પર્યાયમાં ચોંટી નથી જતી.'** પર્યાયમાં ચોંટતી નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? દૃષ્ટિ તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉપર પડી છે. એ પર્યાય પ્રગટ થઈ એની ઉપર ચોંટતી નથી, રોકાતી નથી. આહા..હા...! સમ્યગ્દર્શનનો વિષય અભેદ પૂર્ણાનંદનો નાથ દૃષ્ટિના વિષયમાંથી ખસે નહિ. આહા..હા...! મધ્યસ્થતાથી જો બરાબર સાંભળે તો એને ખ્યાલ આવે કે વસ્તુ તો આ છે, સત્ય તો આ છે. આહા..હા...! ભલે એને એકાંત લાગે અને આકરું લાગે. અનંતકાળમાં કર્યું નથી ને, ભાઈ ! અનંતકાળથી કર્યું નથી. આહા..હા...! દૃષ્ટિ દ્રવ્ય ઉપર આપવી આ તે છે શું ? દૃષ્ટિ શું ? ને દ્રવ્ય ઉપર દેવું શું ? આહા..હા...! અને દૃષ્ટિ પ્રગટ થઈ છતાં દૃષ્ટિ એના ઉપર જોર નથી દેતી કે મને સમ્યગ્દર્શન તો થયું. આહા..હા...! તો લૌકિક શાસ્ત્રજ્ઞાન થયું એની તો વાત જ ક્યાં છે ? શાસ્ત્રના ભણતરના અભિમાન (કરે) કે મને જ્ઞાન થયું.. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'એમ દૃષ્ટિ પર્યાયમાં ચોંટી નથી જતી.'** આહા..હા...! **'એ તો પ્રારંભથી પૂર્ણતા સુધી,...'** એ તો સમ્યગ્દર્શન અને દૃષ્ટિ તો **'પ્રારંભથી પૂર્ણતા સુધી, બધાંને કાઢી નાખી,...'** આહા..હા...! **'દ્રવ્ય ઉપર જ સ્થપાયેલી રહે છે.'** સમજાય છે કાંઈ ? આહા..હા...! દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી જ્ઞાયક પ્રભુ, અનંત અનંત સંપદાનું ઘર, મહેલ, એમાં જ્યાં દૃષ્ટિ ગઈ.. આહા..હા...! એ શરૂઆતથી પૂર્ણતા સુધી ત્યાં જ જામેલી રહે છે. આહા..હા...!

**'કોઈ પણ જાતની આશા વગર...'** મને લોકો જાણે, મને જાણે કે આને સમ્યગ્દર્શન થયું એ બધી આશાઓ.. આહા..હા...! સમજાય છે કાંઈ ? ઢંઢેરો પીટવો, હું આટલું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પામ્યો. દૃષ્ટિના વિષયવાળાને આવી વસ્તુ હોય નહિ. આહા..હા...! **'કોઈ પણ જાતની આશા વગર...'** દુનિયા માને, દુનિયા મને ઓળખે, હું ધર્મ પામ્યો છું એમ જાણે. આહા..હા...! એ કોઈ પ્રકારની આશા વિના **'તદ્દન નિસ્પૃહ ભાવે...'** આહા..હા...! **'દૃષ્ટિ પ્રગટ થાય છે.'** ત્રિકાળી વસ્તુની દૃષ્ટિ નિસ્પૃહ ભાવે પ્રગટ થાય છે. પરની કંઈપણ આશા વિના. આહા..હા...! એ ૨૧૬ (બોલ પૂરો) થયો.

**દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને સમાન કોટિના નથી; દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે. દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં–પર્યાયમાં—ચોંટી નથી જતી. 'અહો ! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો !' એમ જ્ઞાન જાણે, પણ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર–દ્રવ્યસ્વભાવ ઉપર–જામેલી તે જામેલી જ રહે છે. ૨૧૭.**

૨૧૭. **'દ્રવ્યમાં..'** એટલે વસ્તુ. ભગવાન આત્મા **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં...'** ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણ છે. આહા..હા...! નવી પર્યાય ઉત્પન્ન થવી, જૂની પર્યાય વ્યય થવી, ધ્રુવપણે કાયમ રહેવું. આહા..હા...! **'દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને સમાન કોટિના નથી;...'** આહા..હા...! દ્રવ્ય અને પર્યાય એક કોટિના, એક ક્લાસના નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એ ઉત્પાદ, વ્યય ધ્રુવ હોવા છતાં, દ્રવ્ય અને પર્યાય બન્ને સમાન કોટિના નથી. આહા..હા...! ચાહે તો સમ્યગ્દર્શન થયું હોય, ચારિત્ર થયું હોય પણ દ્રવ્ય અને પર્યાય સમાન કોટિના નથી. આહા..હા...! આવી વાત, હવે આવો ઉપદેશ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગ તો નહિ, નિમિત્ત તો નહિ, પણ ઉત્પાદ, વ્યય ને ધ્રુવ જે આત્મામાં છે એમાં ઉત્પાદ, વ્યય અને દ્રવ્ય એક કોટિના, એક સરખા નથી. આહા..હા...! સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થઈ, મિથ્યાત્વનો વ્યય થયો, ચારિત્રની પર્યાય પ્રગટ થઈ, અચારિત્રનો વ્યય થયો, પણ એ પર્યાય અને દ્રવ્ય એક કોટિના નથી. આહા..હા...! ભાવલિંગી સંતનું પ્રચુર સ્વસંવેદન ભાવલિંગીની છાપ–મહોરછાપ, છતાં એ ભાવલિંગીની પર્યાય જે છે. આહા..હા...! અને એનું ત્રિકાળી દ્રવ્ય છે એ સમાન પ્રકારના નથી, બંનેની એક કોટિ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'દ્રવ્યની કોટિ ઊંચી જ છે,...'** આહા..હા...! ભગવાન પૂર્ણાનંદનો નાથ ત્રિકાળી રહેનાર અને પર્યાય તો એક સમયની છે. ચાહે તો કેવળજ્ઞાન હો પણ એક સમયની પર્યાય છે. આહા..હા..! નાશવાન અને અવિનાશી બે એક કોટિના નથી. એક સમયની સ્થિતિવાળા અને ત્રિકાળ સ્થિતિવાળી ચીજ એક કોટિના નથી. શું કહ્યું ? ભગવાન આત્મા પૂર્ણ ત્રિકાળ એકરૂપ રહેનારી ચીજ અને પર્યાય એક સમય રહેનારી ચીજ. આહા..હા...! કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે. તો પર્યાય અને દ્રવ્ય એકસરખી કોટિના નથી. આહા..હા...! આવું ક્યાં બેસવું ? સમજાય છે કાંઈ ? આ એક સમયની દશા તો એક અંશ છે. આ તો મહાસાગર અનંત ગુણનો પિંડ દ્રવ્ય છે. આહા..હા...! એવી તો અનંતી અનંતી પર્યાયો એક ગુણમાં અંદર પડી છે. આહા..! એ એક સમયની પર્યાય અને ત્રિકાળી દ્રવ્ય એકસરખા નથી, એક કોટિના નથી, એક ક્લાસના નથી, એક ક્લાસ નથી. આહા..હા...! આવી વાતું છે. કહો, ભાઈ ! આહા..હા...!

એને પર્યાયની મહિમા આવી જાય, દ્રવ્યની મહિમા છોડીને. સમજાય છે કાંઈ ? પર્યાયની મહિમા દ્રવ્ય જેટલી માની લે.. આહા.હા...! સમ્યગ્દષ્ટિ જીવ.. 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં તો એમ કહ્યું છે, આહા..હા...! ક્યાં મારી પર્યાય અને ક્યાં સર્વજ્ઞની પર્યાય. હું તો પર્યાયમાં પામર છું, આહા..હા...! દૃષ્ટિમાં ભગવાન પૂર્ણ છે. અહીંયા તો કેવળજ્ઞાનની પર્યાય હોય તો પણ દ્રવ્યની સામે સમાન કોટિની નથી. આહા..હા...! અનંત આનંદ પર્યાયમાં પ્રગટ થયો એ અનંત આનંદની પર્યાય અને ત્રિકાળી દ્રવ્ય એક સરખા નથી, એક કોટિના નથી. આહા..હા...! આવ્યું ને ?

**'દ્રવ્યની કોટિ ઊંચી જ છે...'** મહાન પ્રભુ પરમાત્મસ્વરૂપ દ્રવ્ય એ તો પર્યાયથી ઊંચી કોટિની ચીજ છે. આહા..હા.! અહીં તો જરી શુભરાગ કરે તો એને એમ થઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાય કે આહા..હા...! મેં શું કર્યું ! પાપ છોડ્યા, પુણ્ય કર્યું. દ્રવ્ય પર જ જામી રહે છે. **'પર્યાયની કોટિ નાની જ છે.'** દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે. નીચી છે. આહા..હા...! **'દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે...'** માલવાળું તત્ત્વ દેખાય છે. આહા..હા...! દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલો અધિક રસ ને કસ, માલ એટલો દેખાય છે કે **'તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી.'** પર્યાયમાં એની દૃષ્ટિ ટકતી નથી. આહા..હા.! સમજાય છે કાંઈ ? વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❖ ❖ ❖

**અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે, કેમ કે આનંદનું વેદન પરિણતિમાં છે. ત્રિકાળીનું વેદન થતું નથી. તેથી વેદનમાં આવ્યો તે હું - એમ કહ્યું છે. જ્યાં જે આશય હોય તે સમજવો જોઈએ. અહીં સમ્યગદર્શનની વાત છે. સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી - ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે. એ વસ્તુ પોતે ધ્રુવ છે. તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. 'પરમાગમસાર' બોલ નં.૨૬૭.**

❀

**ત્રિકાળી દ્રવ્યનો અવતાર શુદ્ધજ્ઞાન જ છે. અવતાર એટલે નવી ઉત્પત્તિ એમ નહીં પણ શુદ્ધજ્ઞાનસ્વરૂપ છે. વિકલ્પથી કે રાગથી રહિત જ છે. ગુણ-ગુણીના ભેદથી રહિત શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ છે. તથા સુખસાગરનો પૂર છે. વસ્તુ પોતે સુખસાગરનો પૂર છે. વસ્તુમાં સુખસાગરની ભરતી ભરી પડી છે, અતીન્દ્રિય આનંદનો પુંજ પ્રભુ છે તે શુદ્ધભાવ છે, સામાન્યભાવ છે, જ્ઞાયકભાવ છે, તેનો એક સમયમાત્ર અનુભવ થતાં સમસ્ત સંસારનો નાશ થઈ જાય છે. 'પરમાગમસાર' બોલ નં.૨૬૮.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાદરવા સુદ ૪, બુધવાર તા. ૬-૦૯-૧૯૭૮.
વચનામૃત–૨૧૭ થી ૨૨૨, પ્રવચન–૮૭

૨૧૭. બે લીટી છે, બે-ત્રણ છે, નહિ ? ૨૧૭. શું કહે છે ? ધર્મીની દૃષ્ટિ નિમિત્ત ઉપર નથી, રાગ ઉપર નથી.. આહા..હા..! પર્યાય ઉપર નથી. ત્રિકાળ જ્ઞાયક અંતર સ્વરૂપ જે ધ્રુવ છે તેની ઉપર દૃષ્ટિ સદા રહે છે. ઝીણી વાત છે. એટલે માણસને આકરું પડે છે ને. એ વ્રત ને તપ ને ભક્તિ લાખ, કરોડ કરે એ કોઈ સમ્યગ્દર્શન પામવાનો રસ્તો નથી. આહા..હા...! તેમ શાસ્ત્રજ્ઞાનમાં કરોડો શ્લોક કંઠસ્થ કરે.. આહા...હા...! એ કોઈ સમ્યગ્દર્શન પામવાનો રસ્તો નથી. ત્યાં અનાદિથી રોકાઈ જાય છે. કાંઈક જ્ઞાનનો ક્ષયોપશમ થયો, કંઈક ક્રિયા વ્રત, તપ આદિ કરીને ત્યાં રોકાઈ જાય છે કે મેં બહુ કર્યું. કાંઈ કર્યું નથી. આહા..હા...!

અંદર દ્રવ્યસ્વભાવ, એ બહિર્‌ના લક્ષે અંતરલક્ષ નહિ થઈ શકે. આહા..હા...! અંતરદૃષ્ટિ, બહિરની દૃષ્ટિથી અંતરની દૃષ્ટિ નહિ થઈ શકે. આહા..હા...! આકરી વાત પડે છે ને ! અંતરદૃષ્ટિનો વિષય અંતરઆત્મા ધ્રુવ.. આહા..હા...! **‘આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો...’** પર્યાયમાં, જ્ઞાનમાં, શ્રદ્ધામાં ભાન થયું કે હું પૂર્ણ આનંદ ને શદ્ધ ચૈતન્ય અંતર્‌તત્ત્વ, અંતઃતત્ત્વ પૂર્ણ છે એમ અંતર્મુખ થઈને દૃષ્ટિ ને જ્ઞાન થયા. **‘અનુભવમાં આવ્યો !’** આહા..હા...! દ્રવ્ય સ્વભાવ જે અનંત અપરિમિત શક્તિનો પિંડ છે તેની દૃષ્ટિ કરવી, એનાથી આત્મા શું ચીજ છે એ પર્યાયમાં ભાન થાય છે. આહા..! આવી શરતું છે. સમજાય છે કાંઈ ?

**‘એમ જ્ઞાન જાણે.’** જ્ઞાન જાણે કે પર્યાય દ્રવ્યમાંથી આવી અને ભાન થયું એ જ્ઞાન જાણે **‘પણ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર...’** છે. શાશ્વત સ્તંભ. ધ્રુવ શાશ્વત વસ્તુ, જે બદલતી પર્યાયમાં પણ આવતી નથી. આહા..! આવી વાત. એ શાશ્વત સ્તંભ નિત્ય ધ્રુવ ભગવાન છે, સમકિતીની દૃષ્ટિ તો ત્યાં છે. આહા..હા...! **‘દ્રવ્યસ્વભાવ ઉપર–જામેલી તે જામેલી જ રહે છે.’** આહા..હા...! ચાહે તો વિકલ્પ આવો પણ વસ્તુની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દૃષ્ટિ જે છે એ તો વસ્તુમાં જામી છે. આહા..હા...! આ માણસને આકરું પડે છે. એમ કે, આ બધા વ્રત પાળે, તપસ્યાઓ કરે, આટલું સહન કરે.. એ બધા (કાંઈ નહિ ? ) ભાઈ ! તારા હિતની વાત છે, પ્રભુ ! દુનિયા માનશે અને તું માની લે... આહા..હા...! એ રખડવાનો રસ્તો બંધ નહિ થાય.

**'જામેલી તે જામેલી જ રહે છે.'** વસ્તુ અંદરમાં જે ધ્રુવ છે એની ઉપર દૃષ્ટિ થઈ તો દૃષ્ટિ ત્યાં જ જામેલી રહે છે. આહા..હા...! શું કહે છે ? સમજાય છે કાંઈ ? પર્યાયમાં ચાહે તો શ્રુતજ્ઞાન હો, મતિજ્ઞાન હો, ચારિત્ર હો પણ દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જામેલી છે. આહા..હા...!

મુમુક્ષુ :- દ્રવ્ય ઉપર જામી એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- અંદર ગઈ છે, દૃષ્ટિ ત્યાં સ્થિર થઈ ગઈ છે. સ્થિરમાં સ્થિર થઈ ગઈ. સ્થિર વસ્તુ જે ધ્રુવ.. આહા..હા...! એમાં સ્થિર થઈ ગઈ. ધ્રુવમાં સ્થિર થઈ ગઈ. ધ્રુવ થઈ નહિ, ધ્રુવ ન થઈ. ધ્રુવમાં એકાગ્ર થઈ. ધ્રુવમાં ધ્રુવમય નથી થઈ જતી. આહા..હા...! એ ૨૧૭ (બોલ પૂરો) થયો.

**કોઈ એકાંતમાં વસનાર – એકાંતપ્રેમી–માણસ હોય, એને પરાણે બાહ્યકાર્યમાં જોડાવું પડે તો તે ઉપલકપણે જોડાતો દેખાય ખરો, પણ કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ અથવા કોઈ ઘણો નબળો માણસ હો ને એના માથે કોઈ કામનો બોજો મૂકે તો તેને કેટલું આકરું લાગે એવી રીતે જ્ઞાનીને જ્ઞાનધારા વર્તતી હોવાથી બહારનાં કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે. ૨૧૮.**

**'કોઈ એકાંતમાં વસનાર–એકાંતપ્રેમી–'** હોય. એકાંતમાં રહેવાનો પ્રેમી **'માણસ હોય, એને પરાણે બાહ્ય કાર્યમાં જોડાવું પડે તો તે ઉપલકપણે જોડાતો દેખાય ખરો,...'** આહા..હા...! જેને અંતરમાં એકાંત પ્રિય છે એ બાહ્યમાં આવે છે તો પણ એ, **'જોડાવું પડે તો તે ઉપલકપણે જોડાતો દેખાય ખરો,...'** આહા..હા...! **'પણ કોણ જાણે તે**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**બહારમાં આવ્યો છે કે નહિ !!'** આહા..હા...! **'અથવા કોઈ ઘણો નબળો માણસ...'** પહેલાં એકાંતપ્રિય માણસ લીધો. એને બહાર આવવું પડે તો એ આવે છે કે નથી આવતો, કોણ જાણે ? એને ક્યાં રસ છે એમાં. આહા..હા...! માર્ગ આવો, ભાઈ !

મુમુક્ષુ :– ઘણો કઠણ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કઠણ નહિ, એને અભ્યાસ નથી. વસ્તુ છે, છે સ્થિર ધ્રુવ નિત્ય.. આહા..હા..! એણે દૃષ્ટિ અંતરમાં લગાવવી. કદી અભ્યાસ કર્યો નથી ને બહારના અભ્યાસમાં રોકાઈ ગયો. આહા..હા..! કાં શાસ્ત્ર અભ્યાસ કર્યો કાં વ્રત, નિયમ, મુનિપણાનું બાહ્ય આચરણ કર્યું. આહા..હા...! ત્યાં રોકાઈ ગયો. મેં ઘણું કર્યું. સ્ત્રી, કુટુંબ છોડ્યા, રાજપાટ છોડ્યા, બ્રહ્મચર્ય લીધું. આહા..હા...! એમાં શું થયું ? એણે કાંઈ કર્યું નથી. આહા..! ભગવાન જ્યાં નિત્ય સ્થિર ધ્રુવ ઉપર દૃષ્ટિ લગાવ્યા વિના બધું થોથા છે. આહા..હા...! આવી વાત છે, ભાઈ !

**'કોઈ ઘણો નબળો માણસ હોય ને એના માથે કોઈ કામનો બોજો મૂકે તો તેને કેટલું આકરું લાગે ?'** આમ જોવો. આહા..હા...! સ્વરૂપ પામવું એ કઠણ નથી, પણ સ્વરૂપ પામ્યા પછી રાગમાં આવવું એ કઠણ છે, એમ કહે છે. આહા..હા...! **'કોઈ કામનો બોજો મૂકે તો તેને કેટલું આકરું લાગે ?' 'એવી રીતે ધર્મીને (જ્ઞાનીને) જ્ઞાનધારા વર્તતી હોવાથી...'** આહા..હા...! વસ્તુસ્વરૂપ આત્મા, એનું જ્ઞાન થયું અને એ જ્ઞાન થયું તે જ્ઞાનધારા કાયમ ચાલે છે. સમજાય છે કાંઈ ? આ વસ્તુ છે.

મુમુક્ષુ :— મહાવ્રતમાં જોડાય...

પૂજ્ય ગુરુદેવશ્રી :– મહાવ્રતનું કોણે કહ્યું ? મહાવ્રતમાં આવે પણ એ બોજો લાગે છે. આહા..હા...! અંદરમાં આનંદસ્વરૂપ ભવગાન રાગથી પણ નિવૃત્તસ્વરૂપ, અમૃતના સાગરથી, અમૃતાનંદથી ભરેલો પ્રભુ... આહા..હા...! એમાં દૃષ્ટિ લગાવવાથી બહારમાં રાગમાં આવવું બોજો લાગે છે, કહે છે. સમજાય છે કાંઈ ? **'ધર્મીને જ્ઞાનધારા વર્તતી હોવાથી...'** જ્ઞાનધારાની વ્યાખ્યા કે રાગથી ભિન્ન પોતાના આત્માનું જ્ઞાન કર્યું. શાસ્ત્રના ભણતરથી પણ ભિન્ન પોતાના આત્માનું જ્ઞાન કર્યું. આહા..હા...! એ આત્મજ્ઞાન ધર્મીને નિરંતર ધારા વહે છે. આહા..! છે ?

**'બહારના કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે.'** આહા..હા...! ભક્તિનો ભાવ આવે છે, આહા..હા...! બીજાને બહારમાં ઉત્સાહ પણ દેખાય છતાં એ શુભભાવ બોજરૂપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લાગે છે. આહા..હા...!

મુમુક્ષુ :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- હલકી, આનંદ વસ્તુ પ્રભુ શુદ્ધ... આહા..હા...! એનું જ્યાં જ્ઞાન થયું, આત્મજ્ઞાન.. આત્મજ્ઞાન (થયું).. શાસ્ત્રજ્ઞાન નહિ, વ્રત, તપ નહિ. એ આકરું પડે છે માણસને. એમ કહે છે, એકાંત છે, એકાંત છે, સોનગઢનું એકાંત છે. એને બેઠું નથી. ખબર નથી ને. ભાઈ ! માર્ગ આ છે. આહા..હા...! લાખ તાર વ્રત ને તપ ને ભક્તિ ને દાનના ભાવ કર, એ કંઈ ધર્મ નથી અને શાસ્ત્રના કરોડો, અબજો શ્લોક કંઠસ્થ કરીને દુનિયાને સમજાવી દે, એ કોઈ જ્ઞાન નથી. આહા..હા...!

ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમ કહે છે, પ્રભુ ! આત્મા જે છે તેનું જ્ઞાન. આત્મજ્ઞાન ને ? તો આત્મજ્ઞાનમાં શું થયું ? આત્માનું જ્ઞાન (થયું વર્તમાન પર્યાયમાં). આહા..હા...! રાગનું જ્ઞાન નહિ, શાસ્ત્રનું જ્ઞાન નહિ, આહા..હા...! પર્યાયનું જ્ઞાન નહિ. આહા..હા...! આત્મજ્ઞાન. નિત્ય સ્થિર પ્રભુ, એનું જ્ઞાન. એ અંતર્મુખ થઈને તેનું જ્ઞાન થાય છે. આહા.હા...! બહારના કોઈ કારણથી અંતર્મુખ આત્મજ્ઞાન ત્રણ કાળમાં થતું નથી. આવું છે, બાપા !

'**બહારના કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે.**' જગતને બાહ્ય કાર્યમાં હોંશ અને ઉત્સાહ લાગે છે. કહો. ભાઈ !

મુમુક્ષુ :- મુનિને તો કોઈ બાહ્ય કાર્ય હોતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- મુનિને માથે કોઈ કામ હોતા જ નથી. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે પણ પંચ મહાવ્રતના વિકલ્પ આવે છે, ઉપદેશ દેવાનો વિકલ્પ આવે છે. આહા..હા...! ભગવાનના સમવસરણમાં સાંભળવાનો વિકલ્પ આવે છે. આહા..હા...! પણ એ સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘનના અનુભવ ને દૃષ્ટિમાં એ બોજો લાગે છે. આહા..હા...! આવી વાત હવે. વાણિયાને જૈનધર્મ મળ્યો, વાણિયા વ્યવસાયમાં ઘુંચાઈ ગયા. પેલા જાપાનીએ વ્યવસાય કહ્યું.

મુમુક્ષુ :- સમજવું એ પણ વ્યવસાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— સમજવું એ વ્યવસાય જુદો અને પેલો રળવાનો ને નોકરી કરીને પૈસા ભેગા કર્યા, (છોકરાને) ભણાવ્યા. પાપથી પૈસા કર્યા અને પછી ભણાવ્યા. એય...! આહા..! એ બધા વ્યવસાયમાં રોકાઈને ચૈતન્યને અંદરથી ભૂલી ગયો. આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો દૃષ્ટાંત (આપ્યું). આહા..હા...! હીરા, માણેકના ધંધા હોય તો ત્યાં ને ત્યાં ઘુસી જાય. એમાં વળી દિવસના પાંચ-દસ હજાર પેદા થાય. આહા..હા...! અરે..રે...! ભાઈ ! તેં શું કર્યું ? ભાઈ !

મુમુક્ષુ :– હમણાં તો હીરાનો ધંધો ખુબ ચાલે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, હીરાનો ચાલે છે. ઘસે છે, નહિ ? ઘણા ગામમાં ચાલે છે. સાધારણ માણસો બે-બે, ત્રણ-ત્રણ હજાર મહિને પેદા કરે છે. કારણ કે અહીંના માણસ થોડામાં મળે, ન્યાં તો મળે નહિ. આહા..હા...! શું પણ ? ભાઈ ! ક્યાં રોકાઈ ગયો ? આહા..હા...! આ વ્યવસાય પાપનો અને આગળ જતાં શુભમાં આવ્યો, એ વ્યવસાય પણ પુણ્યનો. એનાથી રહિત ભગવાન આત્માના આત્મજ્ઞાનનો વેપાર–વ્યવસાય.. આહા..હા...! એ કદી કર્યો નહિ. સમજાય છે કાંઈ ? કહો, ભાઈ ! આ બધા હીરા ને માણેક ને .. છોકરા..

મુમુક્ષુ :– આ તો સૌને લાગુ પડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો દાખલો. આહા..હા...! ભાઈ ! તારો વ્યવસાય તો આત્માનું જ્ઞાન કરવું એ જોઈએ. આહા..હા...! એમાં તારું હિત છે. બહારના વ્યવસાયમાં પ્રભુ ! તારું અહિત છે. આહા..હા...! અરે..! આવી વાત.

'સમાધિ શતક'માં તો 'પૂજ્યપાદસ્વામી' એમ કહે, આહા..હા...! પ્રભુ ! અમને ઉપદેશનો વિકલ્પ આવે છે.. આહા..હા...! એ ચારિત્રમોહનો ઉન્માદ છે. ઉન્માદ છે. દર્શનના ઉન્માદની વાત નથી. જુઓ ! આ સંતોની વાણી ! આહા..હા...! અહીં તો એકલા પંચ મહાવ્રત અને તે પણ સરખા પાળે નહિ, એમ થઈ જાય કે અમે સાધુ છીએ, મુની છીએ. પ્રભુ ! તારા હિતના પંથ કોઈ જુદા છે, ભાઈ ! આહા..હા...! જેમાં આનંદ અને જ્ઞાન પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, અમૃતસાગર ભગવાન... આહા..હા...! જેના અમૃતના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો સડેલા મીંદડી, બિલાડી અને સડેલા કૂતરા જેવા લાગે. સમકિતીને વિષયવાસનાનો વિકલ્પ આવે છે. ઇન્દ્ર એકાવતારી છે. આહા..હા...! દુઃખ લાગે, બોજો લાગે. આહા..હા...! (કોઈ એમ કહે), તો એમ કેમ કરે છે ? પણ નબળાઈને લઈને આવે છે. આહા..!

મુમુક્ષુ :– આજના છોકરાઓને ઘરનું કામ બોજારૂપ લાગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો એને બીજાના કામ આડે આ ઘરનું કામ એને બોજો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લાગે. એ બધોય બોજો છે. આહા..હા...! અહીંયા તો ધર્મની દૃષ્ટિ થઈ, જ્ઞાનસ્વરૂપી જેમ સ્થિર અને ધ્રુવધારા છે એમ જ્ઞાનધારા, એમ રાગથી ભિન્ન પડી જ્ઞાન, ભાન થયું તો પર્યાયમાં જ્ઞાનધારા ચાલી. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક એવો ધ્રુવપ્રવાહ તો પડ્યો જ છે. આહા..હા...! એ ધ્રુવપ્રવાહમાં દૃષ્ટિ પડતાં જે જ્ઞાન સમ્યક્ આત્મજ્ઞાન થયું એ જ્ઞાનધારા કાયમ ચાલે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? કઠણ પડે, માર્ગ તો આ છે, ભાઈ ! એ વિના જન્મ-મરણનો અંત નહિ આવે, બાપુ ! આહા..હા...! દુનિયાને મનાવવા અને માને અને દુનિયા તને સર્ટીફિકેટ આપે. પાગલના સર્ટિફીકેટની કિંમત શી ? આહા..હા...! સમજાય છે કાંઈ ?

મુનિરાજ તો એમ કહે છે કે (અમને) અંદર અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. આહા..હા...! એની પાસે ઉપદેશનો વિકલ્પ પણ ઉન્માદ લાગે છે. આહા..હા...! શું છે આ ? શું એ વિકલ્પથી ભાષા નીકળશે ? અને ભાષા નીકળવાથી એને જ્ઞાન થશે ? આહા..હા...! ઉપદેશની વાણી નીકળે છે તો એનાથી પરને જ્ઞાન થશે ? શું તને ઉન્માદ થયો છે ? આહા..હા...! હું પરને મોક્ષ કરાવી દઉં. 'બંધ અધિકાર'માં આવે છે ને ? આહા..હા...! ભાઈ ! એની વીતરાગ દશા વિના એની મુક્તિ નહિ થાય. તું શું એનો મોક્ષ કરાવી દઈશ ? આહા..હા...! ઝીણું બહુ, ભાઈ ! ૨૧૮ (બોલ પૂરો) થયો.

**ગમે તેવી કટોકટીમાંથી પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો. આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. તેને વ્યર્થ જવા ન દેવું. ૨૧૯.**

**'ગમે તેવી કટોકટીમાંથી પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો.'** આહા..હા..! ગમે તે પ્રસંગ હો, રોગનો પ્રસંગ હો, બહારનો પ્રસંગ હો, કુટુંબમાં એક પછી એક દેહ છૂટીને મરી જતા હોય.. આહા...! એવા સમયમાં પણ ધર્મી તો... આહા..હા...! પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લે છે. આહા..! સમજાય છે કાંઈ ? **'ગમે તેવી કટોકટીમાંથી પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો.'** અંતર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાયક સ્વરૂપનું ધ્યાન અને જ્ઞાનનું અંતરમાં ધ્યાન (કરવાનો) એ સમય કાઢી લેવો જોઈએ. આહા..હા...! આવી વાત છે.

**'આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે.'** પ્રભુ ! આહા..હા...! જેને કૌસ્તુભ મણિ આપો તો મનુષ્યપણાનો એક સમય ન મળે. આહા..હા...! નરક ને નિગોદ ને કીડા ને કાગડા ને કુંજરમાં અવતાર લીધા. આહા..હા..! આ મનુષ્યભવનો અવતાર પોતાનું હિત કરવા માટે આ અવતાર છે. આ ભવ ભવના અભાવ કરવા માટે આ ભવ છે. આહા..હા...! દુનિયા માટે બે, પાંચ, દસ લાખ, પચીસ લાખ, પચાસ લાખ પેદા કર્યા ને દીકરા સારે ઠેકાણે વર્યા ને દીકરીઓ (સારે ઠેકાણે વરી), એ કંઈ તારું હિતનું કાર્ય છે ? એ તો અહિતનું કાર્ય છે. આહા..હા..!

શરીરમાં રોગ (આવે), ઇન્દ્રિયો હીણી પડી જાય. આહા..હા...! માંડ માંડ આમઆમ કરે તો અક્ષર દેખાય. બહુ ધ્યાન રાખે તો કાને માંડ સંભળાય. એવી ઇન્દ્રિય હીણી પડી જાય. પ્રભુ ! એ પહેલાં કામ કરી લે, પ્રભુ ! જડ ઇન્દ્રિયની પર્યાય તો ક્રમબદ્ધમાં જે આવવાની હશે તે આવશે. એ પહેલાં વૃદ્ધાવસ્થા આવશે, ઇન્દ્રિયો હીણી પડી જશે. આહા..હા...! વ્યાધિ આવી ગઈ. આહા..હા...! એ પહેલાં ભગવાન આચાર્ય એમ કહે છે, પ્રભુ ! તારું કામ કરી લે ને, પ્રભુ ! આહા..હા..! પછી નહિ થાય. બે ઘડી બેસી નહિ શક. ભીંતને ઓથે બેસવું પણ કઠણ પડશે. આહા..હા...!

**'ગમે તેવી કટોકટીમાંથી..'** દીકરો મરી જાય, દીકરી રાંડે, દુકાન ફેઈલ થઈ જાય એવા કઠણ સમયમાં પણ પ્રભુ ! તું તારો સમય કાઢી લે. સમજાય છે કાંઈ ? આહા..હા...! દુકાનમાં વીમો લીધો હોય તો વીમાવાળો એ સમયે ભાંગે, અહીં દુકાન ભાંગે, દીકરી રાંડે. દીકરી રાંડે, મરી જાય તો તો ઠીક. દીકરો મરી જાય તો દુઃખ ને દીકરી રાંડે તો દુઃખ. અરે..! પ્રભુ ! શું છે ? ભાઈ ! ક્યાં તું અટકી ગયો ? એવા સમયમાં પણ પોતાના જ્ઞાન ને ધ્યાનનો સમય કાઢી લે. પ્રભુ ! આવો વખત નહિ મળે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

'શ્રીમદ્'માં કહે છે ને ? પહેલાં સોળ વર્ષે. 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તોયે અરે..! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો.' એક આંટો ટળે તો ખલાસ થઈ જાય. આહા..! 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે' સુખની અભિલાષામાં પ્રભુ તારા સુખનો નાશ થાય છે. આહા..હા...! એવા સમયમાં પ્રભુ ! તું તારા જ્ઞાન,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધ્યાનનો સમય કાઢી લે. આહા..હા...! તારું કાર્ય કરવાનો વખત કાઢી લે. આહા..હા...! આવું કામ છે. આ તો દુકાન સરખી ચાલે, છોકરા બરાબર કામ કરતા હોય, પોતાને સંતોષ થાય કે મારી જેવું જ છોકરા કામ કરે છે, હવે આપણે નિવૃત્તિ લઈએ.

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ન્યાં જ છે. એ છોકરાઓ બરાબર ચલાવે તો એ તો ન્યાં જ છે. એમાંથી છૂટ્યો જ ક્યાં છે ? આહા..હા...! અરે..રે..! ગમે તેવી ભીડના પ્રસંગમાં પ્રભુ ! તું ચાલ્યો જઈશ. દેહ છૂટીને ચાલ્યો જઈશ. ક્યાંય ચોરાશી લાખ યોનિમાં (ચાલ્યો જઈશ). આહા..હા...! પવન હોય ને ? પવન. એમાં તણખલું ક્યાં જઈને પડશે ? આહા..હા...! એમ પ્રભુ ! પોતા માટે કાળ કાઢી લેજે, હોં ! દુનિયાને માટે રોકાઈશ નહિ, ભાઈ ! આહા..હા...!

હવે આમાં બેનની વાત છે એના જ્યાં બહારમાં વખાણ કર્યાં તો એનો પણ વિરોધ કર્યો અરે..! પ્રભુ ! શું કરે છે તું આ ? ગમે તે આત્મા હો. સ્ત્રીનો હો.. આહા..! પુરુષનો હો.

મુમુક્ષુ :– જેને વિરોધ કરવાની ટેવ પડી હોય...

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે..! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! એમ કહે છે, હવે એના વખાણ (કરે છે), લ્યો ! હવે કાનજીસ્વામીના તો ચાલતા હતા, હવે બેનના ચાલ્યા. શું કરે છે પ્રભુ તું ? એને ગોઠતું નથી.

**'અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. તેને વ્યર્થ જવા ન દેવું.'** આહા..હા...! પોતાનું જ્ઞાન ને ધ્યાન કરવાનો વખત કાઢી લેવો. આહા..હા...! અંતર્મુખ થવાનો વખત કાઢી લેવો, એમ કહે છે. બહિર્મુખના કાર્યમાંથી... આહા..હા...! છૂટીને અંતરમાં જવાનો વખત કાઢી લે, ભાઈ ! આહા..! આવા સમય ફરીને નહિ મળે, પ્રભુ ! આહા..હા...! આ તો આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ બનાવ્યું ને મંદિર બનાવ્યા ને પુસ્તક બનાવ્યા. એમાં રોકાઈ ગયો. થઈ રહ્યું. આહા..હા...! સમજાય છે કાંઈ ? ઘણા પુસ્તક છપાણા ને ઘણા બહાર આવ્યા, એમાં તને શું મળ્યું ? આહા..હા...! સમજાય છે કાંઈ ? ઘણા મંદિર બનાવ્યા. છવીસ લાખનું. અરે..! પ્રભુ ! કોણ બનાવે છે ? ભાઈ ! આહા..હા...! એ વિકલ્પ આવ્યો હોય તો એનાથી પણ નિવૃત્તિ લઈ લે. આહા..! પરનું તો કરી શકતો નથી.. આહા.હા...! **'તેને વ્યર્થ જવા ન દેવું.'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર. શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું કર્તાપણું સમાયેલું છે. ૨૨૦.**

૨૨૦. **'જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર.'** આહા..હા...! જ્ઞાયક ભગવાન નિત્યાનંદ પ્રભુ, એની જે નિર્મળ પરિણતિ, તેનો અભ્યાસ કરો. આહા..હા...! ભાષા આવી. જ્ઞાયક પરિણતિ. જ્ઞાયક તો ત્રિકાળી છે. એની દૃષ્ટિ ને પરિણમન થયું, જ્ઞાનમાં જણાયું કે આ ભગવાન જ્ઞાયક છે, એવી જે પરિણતિ–પર્યાય–સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની (જે) પર્યાય, એ જ્ઞાયકની પરિણતિ છે. આહા..હા..! અને દયા, દાન, વ્રતાદિના પરિણામ એ જીવની પરિણતિ નહિ. આહા..હા...! આવી વાતું આકરી પડે, ભાઈ ! તારી હિતની વાતું છે, બાપુ ! તું બીજી રીતે માનીને બેસી ગયો એથી કંઈ તારું હિત થશે ? આહા..હા..! એમ કહે છે કે આ તો કોઈને ગણતા જ નથી. પણ બાપુ ! તારે ગણાવું છે કે અંદરમાં દૃષ્ટિ કરીને ભણવું છે, અભ્યાસ કરવો છે ? આહા..હા...!

આ પુસ્તક તો... હમણાં ભાઈ લાવ્યા હતા., પંદર ઠેકાણે આ થયા છે. એમ કહ્યું. પુસ્તક. શું કહેવાય ? તાડપત્ર, પાના.. પંદર લઈને આવ્યા હતા. પંદર પ્રકારે આ શાસ્ત્ર બહાર આવ્યું છે. ભાઈ લાવ્યા હતા. તાડપત્ર ઉપર ચાર-પાંચ પાના છે ને એ. ઘણા છપાણા. તાડપત્ર ઉપર છે, એના ઉપર છે. આહા..હા..! ચાકળા ઉપર છે. આહા..હા...! ચાંદીના પાના ઉપર છે. આ આવ્યા ને ? બાપુ ! એ થવાનું હોય છે એ થાય છે. આટલું બધું બહાર આવી ગયું એ લોકોને પસંદ પડતું નથી. આહા..હા...! બાપુ ! આ તો સત્યની પ્રસિદ્ધિ છે, ભાઈ ! આહા..હા...! તારો નાથ અંદર બિરાજે છે એની ખ્યાતિ–પ્રસિદ્ધિ કર ને ! આહા..હા...! રાગ ને પુણ્યની પ્રસિદ્ધિમાં રોકાઈને તેં તારું હિત કર્યું કે અહિત કર્યું ?

**'જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર.'** આહા..હા...! **'શુભભાવના કર્તૃત્વમાં પણ...'** શુભભાવ જે રાગ આવે છે, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો, એમાં જે કર્તૃત્વની માન્યતા છે તેમાં **'આખા લોકનું કર્તાપણું સમાયેલું છે.'** આખા લોકનું કર્તાપણું સમાયેલું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. શું કહે છે ? જ્ઞાનમાં સમસ્ત લોક જણાય છે પણ જે રાગનો કર્તા થયો, એ દયા, દાન, વ્રતના વિકલ્પનો કર્તા થયો, એ આખા લોકનો કર્તા થયો. એ જ્ઞાતા આખા લોકને જાણનાર છે એને ભૂલી ગયો. આહા..હા...! મેં કર્યું.. મેં કર્યું.. મેં કર્યું.. આહા..હા...!

'નરસિંહ મહેતા' અન્યમતિમાં કહે છે ને ? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' શકટ નામ ગાડું. નીચે કૂતરું હોય એ જાણે કે મારાથી ગાડું ચાલે છે. એમ દુકાને બેસે, આ બધી દુકાનની વ્યવસ્થા મારાથી ચાલે છે. કૂતરો છો. આહા..હા..! હું બરાબર ધ્યાન રાખું છું. હું દુકાનમાં આવું ત્યાં માણસો બધા એકદમ બેસી જાય. આહા..હા...! અમારે ત્યાં હતો. 'રાયચંદ ગાંધી'ની મોટી દુકાન. નોકરો ઘણા મોટા. શેઠ આવે તો ધ્યાન રાખે, નહિતર લાંબા પગ કરીને બેઠા હોય. શેઠ આવે ત્યાં પુસ્તક લઈને (બેસી જાય). 'રાયચંદ ગાંધી' મોટો વેપાર હતો. દીનશાનો મોટો વેપાર હતો. પચાસ હજારની પેદાશ, તે દિ' હોં ! તે દિ', સાંઈઠ વર્ષ પહેલાં. શેઠથી ડરે. આ શું છે ? ભાઈ ! તેં શું કર્યું આ ? ભવભયથી ડર ને. આહા..હા..! અરે..રે...! હું અહીંથી ક્યાં જઈશ ? મારો પ્રભુ ક્યાં જશે ? કઈ ગતિમાં ? કઈ સ્થિતિમાં ? આહા..હા...! એનો ડર કર ને. એ ડર કરીને અંદરમાં જાને. આહા..હા...! જ્યાં ભવ ને ભવનો ભાવ નથી. આહા..હા...! એવો ભગવાન..

'**જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર.**' જો એક રાગના કણનું કર્તૃત્વ થયું તો આખા લોકનું કર્તૃત્વ તારે માથે આવી ગયું. આહા..હા...! પરની ક્રિયા તો કોઈ કરી શકતો જ નથી, પણ પોતામાં રાગ આવે છે તેનું કર્તાપણું માન્યું. આહા..હા...! તો ભગવાન તો જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ છે, એ જ્ઞાનસ્વરૂપ રાગનું કરે ? આહા..હા...! કે એ રાગને જાણવામાં રહે ? એ રાગનું કર્તૃત્વ જેણે સ્વીકાર્યું.. 'કરે કરમ સો હી કરતારા, જો જાને સો જાનન હારા, જાને સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાને નહિ કોઈ.' રાગના કર્તા, હું આત્મા જ્ઞાતા છું, એને એ ભૂલી ગયો. આહા..હા...! જગત જ્ઞેય અને હું જ્ઞાન. જગત જ્ઞેય, હું જ્ઞાન. એ પણ પરજ્ઞેયની અપેક્ષાએ. બાકી પોતાનું જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાન પોતામાં છે. એવા ત્રણ ભેદ પણ મારામાં નથી. જ્ઞાતા પણ એ, જ્ઞાન પણ એ અને જ્ઞેય પણ એ. પોતાનું સ્વરૂપ જ્ઞેય, હોં ! આહા..હા..!

એવું કર્તૃત્વપણું છોડીને.. એ ક્યારે છૂટે ? પોતાનું સ્વરૂપ જ્ઞાન–જાણવું–એ મારું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વરૂપ છે, એમાં રાગનું કર્તૃત્વ તો આવતું નથી. કેમ કે એમાં એવો કોઈ ગુણ નથી કે વિકારને કરે. અનંત ગુણ છે. અનંત.. અનંત.. અનંત.. અનંત અમાપ ગુણ છે. પણ એવો એક ગુણ નથી કે રાગને કરે. એવો કોઈ ગુણ છે ? આહા..હા...! આ તો ધમાલ.. ધમાલ. ગજરથ કાઢે ને મોટા રથ કાઢે ને હાથી 'જયપુર'માં હતા ને ? એકવીસ તો હાથી મોઢા આગળ ને ભગવાનનો રથ. માણસ ચાલીસ હજાર. એમાં થયું શું ? અરે..! પ્રભુ ! એમાં પ્રભાવના થઈ ? એ શુભભાવ હોય તો વ્યવહાર પ્રભાવના એ શુભભાવને કહેવામાં આવે છે. બહારની પ્રવૃત્તિ વ્યવહાર પ્રભાવના જ નથી.

મુમુક્ષુ :– ભગવાનનો રથ ચલાવતા હોય..

પૂજ્ય ગુરુદેવશ્રી :– લોકો તો જોવા આવતા હતા. હું રથ ઉપર બેઠો હતો સાધુ જોવા નીકળ્યા કે શું છે આ ? ૨૧ તો હાથી. એ... તમારા ગામમાં, 'જયપુર'. તે દિ' ચાલીસ હજાર માણસ સાથે. માથે જોનારા લાખો. પણ એ તો બહારની ચીજ, પ્રભુ ! એમાં તને શું આવ્યું ? આહા..હા...! એ તારું કાર્ય છે એ ? એ તો નહિ પણ અંદર રાગ આવ્યો એ તારું કાર્ય છે ? પ્રભુ ! આહા..હા...! રાગના એક કણનું પણ કર્તૃત્વ માને છે એ આખા લોકનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ ? શું કહ્યું ?

**'શુભભાવના કર્તૃત્વમાં પણ...'** વ્રતનો વિકલ્પ આવ્યો, એનો કર્તા થાય છે તો તે આખા લોકનો કર્તા છે. કેમ કે જાણનાર એકને જાણે તો બધાને જાણે. એવો એનો સ્વભાવ છે. તો કર્તા એકનો થયો તો આખા લોકનો કર્તા થયો. આહા..! આવી વાત. કહો, સમજાય છે કાંઈ ? ભગવાનની ભક્તિમાં સ્વાહા.. સ્વાહા (બોલે). એ ભાષાનો કર્તા અને એમાં રાગ આવ્યો એનો કર્તા.. આહા..હા...! પ્રભુ ! તું લોકાલોકનો જાણનાર છો ને, નાથ ! તું રાગનો કર્તા થાય છે તો લોકનો કર્તા તું થઈ ગયો. બહુ માર્ગ આકરો, બાપા ! જન્મ-મરણના અંત લેવાની ચીજ.. આહા..હા...! આ તીર્થ ફંડનો મોટો વાંધો ચાલે છે. એક જણને .. બાધા છે. કરોડનું નહિ થાય ત્યાં સુધી. શરીર સુકાણું છે. આપણે તો કોઈ દિ' કહ્યું નથી કે તીર્થ ફંડ કરો ને આ કરો. કોઈ દિ' કહ્યું નથી. એમાં સાંઈઠ લાખ નાખી દો તો કરોડ થશે તો એની પ્રતિજ્ઞા (છૂટે). એ સોનગઢિયા જુદી જાતના છે, એમ કહે છે. અરે..! ભગવાન ! પ્રભુ ! સાંભળ તો ખરો, ભાઈ ! તું ગમે તે કહે, ભાઈ ! કેટલા શબ્દ આવ્યા છે !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એક શુભરાગનો–ભાવનો કર્તા થાય તો આખા લોકનો કર્તા થાય છે. મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! કેમ કે આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન બધાને જાણે. અરે..! પોતાને પણ સ્વજ્ઞેય તરીકે જાણે પણ કર્તા (થવું) એ સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ ? રાગરૂપે પરિણમે એટલે કર્તા કહો, પણ કર્તા–કરવાલાયક છે એવા કર્તાપણાથી આખી દુનિયાનો કર્તા થાય છે. આહા..હા...! આવી વાત કાને પડવી કઠણ પડે. ભાઈ ! ભગવાન અંતર પ્રભુ પડ્યો છે. એ તારો દૃષ્ટિનો વિષય છોડીને તું બાહ્યની પ્રવૃત્તિમાં ઘુસી ગયો, પ્રભુ ! આહા..હા...! એક રાગનો કર્તા થાય તો આખી દુનિયાનો કર્તા થાય છે. આખા લોકનો કર્તા. આહા..હા...! ચૌદ બ્રહ્માંડમાં જેટલા પરમાણુ અને આત્મા છે એ બધાનો તું કર્તા થઈ ગયો. આહા..હા...! એ ૨૨૦ (બોલ પૂરો) થયો.

**સર્વસ્વપણે ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ. અંતર્મુહૂર્ત નહિ પણ શાશ્વત અંદર રહી જવું તે જ નિજ સ્વભાવ છે, તે જ કર્તવ્ય છે. ૨૨૧.**

‘**સર્વસ્વપણે ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ.**’ છે. આહા..હા..! છે ને ? સર્વસ્વપણે ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ છે. ‘**સર્વસ્વપણે ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ.**’ છે તો ત્રિકાળી ઉપાદેય, પણ ત્રિકાળી શુદ્ધઉપયોગમાં બન્યો તેથી એ શુદ્ધઉપયોગને જ ઉપાદેય કહેવામાં આવે છે. શુભ-અશુભ ઉપાદેય નથી તો શુદ્ધ ઉપાદેય છે એમ કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ ? આહા..! ગહન સંસાર. કેટલા જીવ તો હજી નિગોદમાંથી નીકળ્યા નથી. અનંત કાળ થયો નિગોદમાંથી નીકળ્યા નથી. ત્રસપણું પામ્યા નથી. આહા..હા...! ‘છ ઢાળા’માં તો આવે છે ને ? ત્રસપણું પામવું એ ચિંતામણિ રત્નની પેઠે છે, એમ આવ્યું છે. ‘છ ઢાળા’ આવે છે. આહા..હા...! એમાં પણ મનુષ્યપણું મળે.. આહા..હા...! શેને માટે ? પોતાના હિતને માટે. આહા..હા...! બાયડી, છોકરાને સાચવવા ને આ કરવા ને ધૂળધાણી, એને માટે આ મનુષ્યભવ છે ? આહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'સર્વસ્વપણે ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ'** છે. આહા..હા...! શુભની ના પાડી ને ? શુભનો કર્તા થાય તો (આખા) લોકનો કર્તા થાય છે. તો હવે ઉપાદેય શુદ્ધોપયોગ છે. ઉપાદેય તો ત્રિકાળી વસ્તુ છે પણ શુભઉપયોગ જ્યારે છૂટી ગયો તો શુદ્ધોપયોગ સ્વ તરફ આવ્યો તો એ શુદ્ધઉપયોગને ઉપાદેય કહેવામાં આવ્યું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'અંતર્મુહૂર્ત નહિ પણ શાશ્વત અંદર રહી જવું...'** આહા..હા...! વસ્તુ જે શાશ્વત છે એમાં શુદ્ધઉપયોગ આવી ગયો અંદરમાં, હવે એ શુદ્ધઉપયોગ કાયમ રાખવો, કહે છે. જ્યાં ગયો ત્યાં ને ત્યાં હવે રહેશે. નબળાઈને લઈને શુભરાગ આવે છે પણ એ બોજો છે. આહા..હા..! આવી વાતું છે. લોકોને (એકાંત લાગે છે). અત્યારે પ્રરૂપણા એવી ચાલે કે વ્રત કરો, ભક્તિ કરો, તપ કરો, એ મંદ કષાયથી થશે. વ્યવહાર પણ ધર્મ છે કે નહિ ? આહા..હા...! એ વ્યવહાર ધર્મ તો કોને કહીએ ? જેને પોતાના આત્માનું જ્ઞાન અને આનંદ થયા હોય, એમાં રાગ આવે તો એને વ્યવહાર ધર્મ આરોપથી કહેવામાં આવે છે. છે નહિ એને કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! આવી વાત છે. આ પંડિતોને આકરું લાગે.

**'પણ શાશ્વત અંદર રહી જવું...'** એ શું કહ્યું ? વસ્તુ જે શુદ્ધ ચૈતન્યઘન, એમાં શુદ્ધઉપયોગ લાગ્યો તો શાશ્વત એમાં ને એમાં રહેવું. એ ચીજ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? બાળપણ ખેલમેં ખોયા. ત્યાં અમારે બોલતા હતા. એ નીકળે ત્યારે (બોલે), બાળપણ ખેલમેં ખોયા, યુવાની સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધ પણ દેખકર રોયા. વૃદ્ધાવસ્થા (આવી). હવે ? અરે..! હું બેસી શકતો નથી, બોલી શકતો નથી, ચાલી શકતો નથી. શું કર્યું તેં ? બાળપણ ખેલમેં ખોયા. રમતું ને ગમતું. આહા..હા...! જુવાની સ્ત્રી ને વેપાર ને ધંધામાં મોહ્યા. વૃદ્ધાવસ્થા આવી તો શરીર જીર્ણ થઈ ગયું. અરે..રે...! હું કંઈ કરી શકતો નથી. હું ચાલી શકતો નથી. આહા..હા...! હું બોલી શકતો નથી. આહા..હા..! જિંદગી ખોઈ, પ્રભુ !

**'પણ શાશ્વત અંદર રહી જવું તે જ નિજ સ્વભાવ છે, તે જ કર્તવ્ય છે.'** આ કર્તવ્ય બતાવવું છે ને ? શુભભાવ એ કર્તવ્ય નથી. પણ પોતાના જ્ઞાયક સ્વભાવમાં શુદ્ધ ઉપયોગથી જાવું અને કાયમ રહેવું એ કર્તવ્ય છે. આહા..હા..! ધ્યાતા, ધ્યાન ને ધ્યેય, જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય એ પોતાની ચીજ છે. એ જાણનાર પણ પોતે. જાણનાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ, જ્ઞાન એ અને જ્ઞેય પણ એ. આહા..હા..! એમ શુદ્ધઉપયોગમાં અભેદ ઉપર દૃષ્ટિ થઈ, ત્યાંથી હવે ખસવું નહિ. શાશ્વત ત્યાં રહેવું એવી ભાવના ધર્મીની તો હોય છે. આહા..હા...! ભારે કામ, ભાઈ ! સવારમાં આવ્યું હતું કે મુક્તિનો ઉપાય તો આ રીતે છે, અન્યથા નથી. ત્યારે પેલા લોકો એમ કહે છે, વ્યવહારથી પણ હોય અને નિશ્ચયથી પણ હોય. અરે...! પ્રભુ ! શું થાય ? ભાઈ ! એમ આત્માને મનાવીશ અને દુનિયાને મનાવીશ એનું ફળ દુઃખ છે. આહા..હા..! એમાં ક્યાંય સુખ નહિ મળે. આહા..હા...!

સવારમાં આવ્યું નહોતું ? કે ચારિત્રના દસ પ્રકારના ધર્મ એ સુખસાર છે. એમાં આનંદનો અનુભવ છે. એમાં આનંદનો અનુભવ છે ને એનાથી આનંદનો અનુભવ છે અને એ સુખસાર છે. આહા..હા...! દસ પ્રકારના ધર્મમાં આનંદનો અનુભવ છે. એ દસ પ્રકારના ધર્મનો સાર આનંદ છે. આહા..હા...! અકિંચન ને ત્યાગ ને આવે છે ને ? પણ એનો અર્થ શું ? પાઠમાં એમ છે, પુસ્તક આપવા, આહાર દેવો, પણ એ તો વિકલ્પ છે. અંદરમાં.. આહા..હા...! આનંદનો ઉભરો આવવો. અતીન્દ્રિય આનંદની ભરતી આવવી તે દસ પ્રકારના ધર્મનો સાર એ છે. આહા..હા...!

ક્ષુલ્લક ધર્મદાસ. એ તો એમ કહે છે, અરે...! ભગવાન આત્મા એક અને દસ પ્રકારના ધર્મ, એ ક્યાં આવ્યું ? ભગવાન આત્મા એક અને બાવીસ પરિષહ ? આત્મા એક અને બાર ભાવના. આહા..હા...! અંતર સ્વરૂપમાં એકાગ્ર થવું એમાં પછી બીજી ભાવના-બાવના શું છે ? આહા..હા...! એ તો નિમિત્તથી કથન કર્યું કે આ અનિત્ય ભાવના, આ અશરણ ભાવના. વાત તો વીતરાગ સ્વભાવમાં એકાગ્ર થવું એ બધી ભાવના છે. આહા..હા..!

**'તે જ કર્તવ્ય છે.'** આહા..હા..! શુભભાવ પણ કર્તવ્ય નથી. ત્યારે છે શું ? અંતર સ્વરૂપ ભગવાનમાં શુદ્ધઉપયોગ લગાવી ત્યાં ને ત્યાં કાયમ રહેવું, નબળાઈથી રાગ આવે છે તો કર્તા ન થવું. આહા..હા...! સમજાય છે કાંઈ ? કમજોરીથી શુદ્ધઉપયોગમાંથી ખસીને શુભભાવ આવે છે પણ કર્તૃત્વ ન કરવું. આહા..હા...! જાણનાર-દેખનાર રહેવું. આહા..હા...! એ રાગને જાણનાર-દેખનાર કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા...! પોતાની પર્યાયને જ જાણે છે, દેખે છે, બસ. આહા..હા...! **'તે જ કર્તવ્ય છે.'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મુનિઓ વારંવાર આત્માના ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે. તેમની દશા નિરાળી, પરના પ્રતિબંધ વિનાની, કેવળ જ્ઞાયકમાં પ્રતિબદ્ધ, માત્ર નિજગુણોમાં જ રમણશીલ, નિરાલંબી હોય છે. મુનિરાજ મોક્ષપંથે પ્રયાણ ચાલુ કર્યાં તે પૂરાં કરે છે. ૨૨૨.**

'**મુનિઓ વારંવાર આત્માના ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે.**' આહા..હા...! મુનિ કોને કહે !? પ્રભુ ! એ તો પરમેશ્વરપદ. આહા..હા...! જેમાં ત્રણ કષાયનો અભાવ થઈ પ્રચુર સ્વસંવેદન જેને ભાવલિંગ પ્રગટ થયું છે. આહા..હા...! એ મુનિ '**વારંવાર આત્માના ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે.**' ઉપયોગ વારંવાર અંદર લાવે છે. આહા..હા...! છટ્ઠે ગુણસ્થાને વિકલ્પ આવે છે એટલો જગપંથ છે. આહા..હા...! અંતરમાં વારંવાર ઉપયોગ લઈ જાય છે, અંતરમાં જાય છે. આહા..હા...! આ મુનિપણું. સમજાય છે કાંઈ ? 'ધન્ય મુનિદશા' પુસ્તક આવ્યું છે ને ? એમાં બહુ સરસ વાત નાખી છે.

'**તેમની દશા નિરાળી,...**' આહા..હા...! ભાઈ ! મુનિપણું કોને કહેવું ? આહા..! અંતરમાં આનંદની લહેર ઉઠે છે. આહા..! પોતાનો ઉપયોગ વારંવાર અંદર લઈ જાય છે. આહા..હા...! છટ્ઠે આવે છે તો વિકલ્પ ઉત્પન્ન થાય છે તો એ જગપંથ છે. આહા..હા...! મહાવ્રતના વિકલ્પ એ પ્રમાદ છે. છટ્ઠે ગુણસ્થાને છે ને ? એ પ્રમાદ છે. આહા..હા...! વ્રતના વિકલ્પ એ પ્રમાદ છે. આહા..હા...! મુનિ તો એ પ્રમાદને છોડીને અંદરમાં ઉપયોગ વારંવાર લગાવે છે. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ... આહા..હા..! જેમાં અતીન્દ્રિય આનંદનો ભરચક ભગવાન બિરાજે છે. આહા..હા..! ત્યાં ઉપયોગને વારંવાર લઈ જાય. એનું નામ મુનિપણું છે. આહા..હા...! આકરું કામ છે. લોકો એમ કહે છે, તમે વર્તમાન મુનિને માનતા નથી. પ્રભુ ! તારે મનાવવાનું શું કામ છે ? આહા..! મુનિપણું હોય અને બીજો ન માને તો એથી કંઈ મુનિપણું ચાલ્યું જાય છે ? અને મુનિપણું નથી અને મનાવે અને બીજો માને તો મુનિપણું આવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાય છે ? આહા..હા...!

મુમુક્ષુ :- મુનિને પગે લાગવું એ શ્રાવકની ફરજ છે ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો શુભ વિકલ્પ આવે તો થાય છે, કર્તૃત્વ નથી. આહા..! એ દશા નિરાળી છે.

**'પરના પ્રતિબંધ વિનાની,...'** કોઈ પ્રતિબંધ નથી કે પાઠશાળામાં તમારે એક કલાક તો આવવું પડશે. આહા..હા...! આટલા પૈસા ભેગા કરવા તમારે એનું ભાષણ કરવું પડશે. આહા..હા...! અરે...! એ મુનિનું કામ નહિ, પ્રભુ ! આહા..હા..! છે ? **'કેવળ જ્ઞાયકમાં પ્રતિબદ્ધ, માત્ર નિજગુણોમાં જ રમણશીલ,...'** આહા..હા...! નિજગુણમાં રમણશીલ. **'નિરાલંબી હોય છે. મુનિરાજ મોક્ષપંથે પ્રયાણ ચાલું કર્યાં તે પૂરાં કરે છે.'** અંતરમાં આનંદમાં ગયા તો એ પૂરું કરે છે. એનું નામ મુનિપણું ને એનું નામ શુદ્ધઉપયોગ છે. વિશેષ કહેશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

⌘ ⌘ ⌘

**આચાર્યદેવ કહે છે કે અનેક પ્રકારના શુભ વિકલ્પો કરવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ થતી નથી. કાર્યસિદ્ધિ તો અનંત અનંત આનંદના સાગર એવા આત્મા તરફ જવાથી જ થાય છે. ત્યાં કેમ જતો નથી ? અનેક પ્રકારના શુભ વિકલ્પોની ક્રિયામાં જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ સ્વાનુભવની કાર્યસિદ્ધિ કરવાથી ભ્રષ્ટ થાય છે. પહેલાં આત્માનો નિર્ણય કરીને સ્વાનુભવનો પ્રયત્ન કરવો જોઈએ. એ ન કરતાં શુભ વિકલ્પમાં ને વિકલ્પમાં આગળ વધતો જાય છે તે સ્વાનુભવથી ભ્રષ્ટ થાય છે. અશુભમાં જવાની તો વાત છે જ નહિ. શ્રીમદ્ પણ કહે છે કે એકલું વાંચન કર્યા કરવાથી મનન શક્તિ ઘટે છે. તેમ એકલા શુભ વિકલ્પો ને ક્રિયાકાંડમાં વધતો જાય છે તેમ સ્વાનુભવથી ભ્રષ્ટ થતો જાય છે. સર્વ શાસ્ત્ર જાણવાનો સાર તો આત્માનો અનુભવ કરવો તે છે. બાર અંગમાં પણ આત્માનુભૂતિ જ કરવાનું કહ્યું છે.**

**'પરમાગમસાર' બોલ નં.૨૮૬.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શુદ્ધાત્મામાં ઠરવું તે જ કાર્ય છે, તે જ સર્વસ્વ છે. ઠરી જવું તે જ સર્વસ્વ છે, શુભભાવ આવે પણ તે સર્વસ્વ નથી. ૨૨૩.**

**ભાદરવા સુદ ૬, શુક્રવાર તા. ૮-૦૯-૧૯૭૮.**
**વચનામૃત–૨૨૩ થી ૨૨૬, પ્રવચન–૮૮**

૨૨૩ બોલ છે. '**શુદ્ધાત્મામાં ઠરવું તે જ કાર્ય છે,...**' શું કહે છે ? આહા..હા...! શુદ્ધ આત્મા ચેતનમાં સ્થિર થવું, દૃષ્ટિ જમાવી સ્થિર થવું એ કાર્ય છે. આહા..હા...! ચેતનની એવી ઝંખના જોઈએ કે ચેતન વિના ક્યાંય ચેન ન પડે. મારી ચીજ જે ભગવાન આત્મા, ચેતનસ્વરૂપ ભગવાન 'સખી મુને દેખણ દે, ચંદ્રપ્રભુ મુખચંદ, સખી મુને દેખણ દે' આહા..હા...! શુદ્ધ પરિણતિરૂપી સખીને આત્મા કહે છે. સખી! મને ચંદ્રપ્રભુ ! (ભક્તિમાં) ચંદ્રપ્રભુ લીધા છે પણ આ ચંદ્રપ્રભુ આત્મા, શીતલનાથ, શીતલસ્વરૂપ ચેતન મને દેખણ દે. મને બીજી કોઈ ચીજ જોઈતી નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ચેતનના દર્શન કરવાની ઝંખના જેને અંદર છે, આહા..હા...! મને કોઈ ચીજ મને રુચિમાં નથી આવતી. આહા..હા...! પ્રભુ ! તારા દર્શન મને દે. આવી વાત છે, પ્રભુ !

એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિયપણામાં તને ક્યાંય ન જોયો. આહા..હા...! અરે...! અનંત વાર મુનિપણું લીધું પણ તારા દર્શન ન થયા, નાથ ! આહા..હા...! તો એક વાર ચેતનના દર્શન કરવા દે. આહા..હા...! બીજી બધી જંજટ છોડીને... આહા..હા...! ધર્મી જીવને... આહા..હા...! ચેતનનો અનુભવ કરવામાં જેની લગની લાગી છે. આહા..હા...! દુનિયા માન આપો, ન આપો એની સાથે કોઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સંબંધ નથી. દુનિયા ગણતરીમાં લે કે આ ધર્મી છે, એ કોઈ ચીજ નથી. આહા.હા..!

મારો ચૈતન્ય ભગવાન ઉપર દૃષ્ટિ કરવાથી પ્રાપ્ત થાય છે તો સખી ! મને સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવા દે. આહા..હા...! જગતના શરીરના પ્રાણ પણ ભલે જાઓ, આહા..હા...! મારા ચૈતન્ય ભાવપ્રાણ મને દૃષ્ટિમાં આવો અને મારા ચૈતન્ય ભાવપ્રાણના મને દર્શન થાઓ, એવી ધર્મીની ભાવના હોય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'શુદ્ધાત્મામાં ઠરવું...'** ભગવાન ! આહા...હા...! એ ક્રિયાકાંડ બધો રાગ આદિ હો, એનાથી મને શું લાભ છે ? આહા...હા..! હું તો ભગવાન પૂર્ણ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય (છું). ધર્મીની દૃષ્ટિમાં શરૂઆતથી (એમ છે કે) રાગમાં તો નહિ પણ પર્યાયમાં રોકાવું નથી. આહા..હા...! ભાઈ ! માર્ગ તો આવો અલૌકિક છે. આહા...! અંતર સ્વરૂપ ભગવાનમાં દૃષ્ટિ દેવી અને ભગવાન ચૈતન્યના ભેટા કરવા. આહા..હા...! પ્રભુ ! મેં રાગ ને પુણ્ય ને પાપના ભેટા અનંત વાર કર્યા, એ તો પરિભ્રમણનું કારણ થયું. આહા..હા..! સમજાય છે કાંઈ ?

ભગતને અંદરથી આત્માની ભક્તિ ઉઠે છે. આહા..હા...! આ વાત છે, ભાઈ ! આખી દુનિયા છોડી મારો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એ મને મળી જાય અને મને તેનો ભેટો થાય. આહા..હા...! આ તમારા રૂપિયા-બુપિયા તો ક્યાંય ધૂળમાં રહી ગયા. આહા..હા...! અનંત કાળમાં ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુનો ભેટો થઈ જાય અને ભેટા થઈને સ્થિર થઈ જવું. આહા..હા...! શુદ્ધાત્માનું કર્તવ્ય આ છે. સમજાય છે કાંઈ ? ભાઈ ! મારગડા અલૌકિક વસ્તુ છે કોઈ.

ચૈતન્ય જાગૃત સ્વભાવનો પિંડ પ્રભુ, એ ચૈતન્ય રત્નાકર દરિયો-સમુદ્ર, એના ભેટા કરીને.. આહા..હા...! અંદર સ્થિર થઈ જવું. આ છે. સમજાય છે કાંઈ ? **'ઠરવું તે જ કાર્ય છે.'** આહા..હા...! પરનું કાર્ય તો કરવાનું નથી, પણ દયા, દાનના કાર્ય એ પણ મારા કાર્ય નહિ. પ્રભુ ! હું તો જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્યસ્વરૂપ છું ને ! આહા..હા...! મારું કાર્ય તો શુદ્ધાત્મા પ્રભુમાં રહેવું એ મારું કાર્ય છે. આહા..હા...! મારા નિજઘરમાં વાસ કરવો, સ્થિર.. સ્થિર છે ને ? નિવાસ કરવો. આહા..હા..! અનાદિથી પુણ્ય ને પાપ ને પર્યાયમાં વાસ કર્યો, પ્રભુ ! એ તો મિથ્યાબુદ્ધિ હતી. આહા..હા...!

અહીંયા કહે છે, પ્રભુ ! ચૈતન્યપ્રાણ. પહેલી જીવતરશક્તિ લીધી ને ? એમાં ચૈતન્ય-જ્ઞાન, દર્શન, આનંદ સત્તા પ્રાણ જે ત્રિકાળી પ્રાણ.. આહા..હા...! એ પ્રાણથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જેનું જીવન છે એવા જીવના ભેટા કરવા. આવી વાત છે, ભાઈ ! આ સમ્યગ્દર્શન કઈ રીતે થાય એની વાત ચાલે છે. આહા..હા...! સમ્યક્ નામ સત્યદર્શન. આહા..હા...! તે પણ બીજાઓ કહે છે એ નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે જે સર્વજ્ઞ સ્વભાવી, સર્વજ્ઞસ્વભાવી ત્રિકાળી વસ્તુ (જેવી જોઈ અને કહી) આહા..હા...! એમાં દૃષ્ટિ કરીને અને સ્થિર થઈને લીન થવું. આહા..હા...! એ જ શુદ્ધાત્માનું કાર્ય છે. લોકોને આમાં એકાંત લાગે છે. પણ સાધન જોઈએ ને ? કાંઈક કાર્ય કરવા, મંદ રાગાદિ કરે, ભક્તિ આદિ કરે. અરે...! પ્રભુ ! એ તો રાગ છે ને ! પ્રભુ ! આહા...! રાગના અવલંબનથી શુદ્ધાત્માનું અવલંબન થાય છે ? આહા..હા...!

ચૈતન્યઘન વીતરાગમૂર્તિ પ્રભુ, એના તો વીતરાગ શુદ્ધઉપયોગથી ભેટા થાય છે. સમજાય છે કાંઈ ? એ માથે (૨૨૨ બોલમાં) આવી ગયું છે. **‘ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે.’** છે ને ? શુદ્ધઉપયોગ એ ૨૨૨ માં આવી ગયું છે. આહા..હા...! શુભ-અશુભરાગને છોડીને, પરને તો છોડવાનું છે જ નહિ, પર તો છૂટા જ છે. આહા..હા...! શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ-પરિવાર એ પર ચીજ તો છોડવી છે ક્યાં ? એ તો છૂટી જ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ તો છૂટી જ છે. તારી પાસે આવી નથી ને તારી છે નહિ. આહા..હા...! તારામાં જે પુણ્ય અને પાપાદિના ભાવ છે એ તારી પર્યાયની પાસે છે. આહા..હા...! અને એ તારી પર્યાયમાં છે. આહા..હા...! એને પણ છોડીને. આહા..હા...! ભગવાન ચૈતન્યસ્વભાવમાં ચૈતન્યમૂર્તિ પ્રભુ, સ્વયંભૂ અનંત અનંત ગુણનો રત્નાકર, ભાઈ ! તેમાં મને રહેવા દે. આહા..હા...! એમ પ્રભુને–આત્માને કહે છે, હોં ! આહા..હા...! આવી વાતું લોકોને આકરી લાગે. કંઈક બહારના સાધન હોય ને આમ હોય.. આહા..!

કેટલાક એવા નીકળ્યા છે, જૈનધર્મમાં આવ્યું છે, એક બ્રહ્મચારી બાઈ છે. બધા ધર્મમાં એક જ વાત કરી છે, યથાર્થ, બસ. અરે..! પ્રભુ ! શું કહે છે ? ભાઈ ! જેમાં સર્વજ્ઞ સ્વભાવી આત્મા નથી અને જેમાં સર્વજ્ઞ પ્રગટ પર્યાયવાળો આત્મા નથી... આહા..હા...! ત્યાં એ સર્વજ્ઞસ્વભાવી આત્માની વાત કોણ કરી શકે ? સમજાય છે કાંઈ ? જ્યાં સર્વજ્ઞસ્વભાવી આત્મા, વસ્તુ સ્વભાવ જ સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. એવું જેમાં નથી અને જેમાં સર્વજ્ઞસ્વભાવી પર્યાય પ્રગટ થઈ,.. કેમ કે એ સર્વજ્ઞસ્વભાવ છે, આહા..હા...! એમાં **‘ઠરવું એ કાર્ય છે,...’** સ્થિર થાય છે તેને સર્વજ્ઞપણું થઈ જાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. આહા..હા...! આવા સર્વજ્ઞ થયા તેને જે જણાયું અને એ વાણીમાં જે આવ્યું, કે તું વીતરાગમૂર્તિ સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ તું છે. આહા..હા...! એવી વાત કદી સાંભળવા મળી નથી.

એ ચોથી ગાથામાં આવે છે ને ? 'શ્રુત પરિચિત અનુભૂતા' ભગવાન ! શુભરાગની ક્રિયા અનંતવાર પરિચયમાં આવી અને સાંભળવામાં પણ આવી, અનુભવમાં પણ આવી. આહા..હા...! પણ મારો નાથ અંદર ચૈતન્ય આનંદનો નાથ, અનુભવમાં ન આવ્યો. આહા..હા...! સમજાય છે કાંઈ ? એમાં એકાકાર (થવું). સર્વજ્ઞએ કહ્યું અને સર્વજ્ઞ થયા તો સર્વજ્ઞસ્વભાવી છે એમાંથી સર્વજ્ઞ થયા. આહા..હા...! એ વાત ક્યાં છે ? આહા..હા..! સમજાય છે કાંઈ ? એ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના માર્ગમાં જે કહ્યું એ વસ્તુ બીજે ક્યાંય નથી. એવો પણ જ્યાં નિર્ધાર નથી... સમજાય છે કાંઈ ? સાંભળો ! આહા..!

એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જ્ઞાનની પર્યાય જાણે છે, જાણવામાં આવી જાય છે. આહા..હા...! એવી પર્યાય જેને પ્રગટ થઈ, કેમ કે એનો સ્વભાવ જ એવો છે. સ્વભાવમાં સ્થિર થઈને શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ કરી. આહા..હા...! એવા સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આ આવ્યું. આહા..! પ્રભુ ! તું શુદ્ધાત્મા છો ને! અમે જે પ્રગટ કર્યું એવી વસ્તુ તું છો. આહા..! અમારી નાતનો, જાતનો તું આત્મા છો, ભાઈ ! અમારે પર્યાય પ્રગટ થઈ. તારામાં સ્વભાવ–શક્તિ પરિપૂર્ણ ભર્યા છે. આહા..હા...! સાત તત્ત્વનો નિર્ણય કરે પણ એક આત્માનો નિર્ણય અંદર આવવો.. આહા..હા...! **'भूदत्थेणाभिगदा'** આવી ગયું ને ? ('સમયસાર') તેરમી ગાથા.

ચૈતન્ય જ્ઞાયક ભગવાન પરમાનંદ પ્રભુ, આહા..હા...! એવી લગની લાગે કે જેમાં સ્થિર થઈ જવું. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ વાત છે અહીં. **'તે જ સર્વસ્વ છે.'** જુઓ ! આહા..હા...! સર્વસ્વ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની દૃષ્ટિ લગાવી એમાં સ્થિર થવું એ સર્વસ્વ છે. આહા..હા...! બાર અંગમાં પણ આ અનુભૂતિ કરવાનું કહ્યું છે. એ કળશ ટીકામાં આવ્યું છે. આહા..હા...! બોલવું પણ શું ? વિકલ્પ એ શું ચીજ છે ? આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન એ પણ શું વસ્તુ છે ?

મને તો અંદર એમ આવી ગયું, કે શાસ્ત્રજ્ઞાન છે તે પરદ્રવ્ય છે. એ સ્વદ્રવ્ય નહિ. આહા..હા...! જો પરદ્રવ્ય ન હોય તો એમાં આનંદ આવવો જોઈએ. પરદ્રવ્યનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે તો દુઃખ છે તો એ પરદ્રવ્ય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? 'નિયમસાર'માં પર્યાયને પરદ્રવ્ય કહ્યું છે તે જુદી વસ્તુ છે. એ તો નિર્મળ પર્યાયને પણ ત્યાં પરદ્રવ્ય કહ્યું છે. આહા..હા...! પણ અહીંયા તો શાસ્ત્રનું જ્ઞાન અને રાગની મંદતાનો મહાવ્રતનો ભાવ.. આહા..હા...! એ સ્વદ્રવ્યમાં નથી માટે એ પરદ્રવ્ય છે. આહા..! એ પરદ્રવ્યનું લક્ષ, અવલંબન છોડીને.. આહા..હા...! હું તો શુદ્ધાત્મા છું. આહા..હા..! એમાં સર્વસ્વ આવી જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

**'ઠરી જવું તે જ સર્વસ્વ છે.'** આહા..હા...! ચૈતન્ય ચેતનદળ વસ્તુ, એમાં દૃષ્ટિ કરીને સ્થિર થઈ જવું. આહા..હા...! એ સર્વસ્વ છે. એ સર્વસ્વ, એ કર્તવ્ય છે. આકરું લાગે માણસને, શું થાય ? કરવાનું તો આ છે. એ વિના કદી સંસારનો અંત નહિ આવે, પ્રભુ ! આહા..! બહારથી જાણે અમે સુખી છીએ, પૈસા ને આબરૂ ને કીર્તિ.. ધૂળમાંય નથી, ભાઈ ! આહા..હા...! શાસ્ત્રનું જ્ઞાન કરીને માનવું કે અમે સુખી છીએ, એ પણ મિથ્યાત્વભાવ છે. આહા..હા...! એ માટે અહીં કહ્યું, શુદ્ધાત્મામાં ઠરવું. આહા..હા...! અહીં તો અનાદિથી અટકી ગયો છો, પ્રભુ ! શુભભાવ આવ્યો, શાસ્ત્રજ્ઞાન થયું, પંચ મહાવ્રત આવ્યા, મુનિપણું બહારમાં લીધું. મુનિપણું બહારમાં લીધું પણ મુનિપણું થયું નહિ. આહા..હા...! મુનિપણું ક્યારે થાય છે ? શુદ્ધાત્માની દૃષ્ટિ કરીને અંદર સ્થિર થવું ત્યારે મુનિપણું થાય છે. મુનિપણું લઈ લેવું, થવું એ જુદી વસ્તુ છે અને મુનિપણું હોવું એ જુદી વસ્તુ છે. આહા..હા...!

**'શુભભાવ આવે...'** આહા..હા...! અશુભની તો વાત અહીંયા છોડી દીધી. પણ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, શાસ્ત્રવાંચન, શાસ્ત્ર સાંભળવા.. આહા..હા...! એ શુભભાવ આવે **'પણ તે સર્વસ્વ નથી.'** એ કોઈ ચીજ સર્વસ્વ આત્મા નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? સર્વ-સ્વ નથી. સર્વ સ્વ નથી. એ પર છે. આહા..હા...! આવી વાતું છે.

કોઈકનો વળી મોટો લેખ આવ્યો છે. અત્યારે જોઈએ તો કોઈ કાનજીસ્વામીના ભક્ત દેખાય, કોઈ મુનિના ભક્ત દેખાય, પણ મહાવીરને ભૂલી ગયા છે, એમ લખ્યું છે. અરે..! પ્રભુ ! એને એમ કે અનેકાંત થવું એ મહાવીરનો ધર્મ છે. આહા..હા..! વ્યવહારથી પણ ધર્મ થાય છે, નિશ્ચયથી પણ થાય છે, નિમિત્તથી પણ થાય છે, ઉપાદાનથી પણ થાય છે એ અનેકાંત. ભગવાન ! આહા..હા..! સ્વની અસ્તિ અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરની નાસ્તિ, એનું નામ અનેકાંત છે. આહા..હા...! અનેક ધર્મ ક્યારે કહેવાય ? કે સ્વની અસ્તિ અને પરની નાસ્તિ. આહા..હા...! એનું નામ અનેકાંત છે. અહીંની વાત એવી આવે છે કે વ્યવહારથી લાભ થતો નથી. એ એકાંત છે. અરે..! પ્રભુ ! સમ્યક્ એકાંત છે. આહા..! એ શુભભાવ આવ્યો પણ એને છોડીને શુદ્ધ ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ બિરાજે છે ને ! આહા..હા...! ત્યાં નજરું નાખ ને, પ્રભુ ! નજર બહારમાં ફરે છે. આહા..હા...! જ્યાં નિધાન પડ્યા છે, ભગવાન ! ત્યાં નજર કર ને. આહા..હા...! એ સર્વસ્વ છે. દુનિયા માનો, ન માનો, દુનિયાની સત્‌ની સંખ્યા હો ન હો, પણ સત્ય તો આ છે. આહા..હા...! **'શુભભાવ આવે પણ તે સર્વસ્વ નથી.'** ૨૨૩ (બોલ પૂરો) થયો.

**અંતરાત્મા તો દિવસ ને રાત અંતરંગમાં આત્મા, આત્મા ને આત્મા–એમ કરતાં કરતાં, અંતરાત્મભાવે પરિણમતાં પરિણમતાં, પરમાત્મા થઈ જાય છે. ૨૨૪.**

**'અંતરાત્મા તો દિવસ અને રાત...'** આહા..હા...! રાગથી ભિન્ન પડી, ભગવાન આત્માનું ભેદજ્ઞાન કર્યું. એવો અંતરાત્મા **'દિવસ અને રાત અંતરંગમાં આત્મા, આત્મા ને આત્મા..'** આહા..હા...! શુદ્ધ પરિબ્રહ્મ ભગવાન હું છું, બસ. આહા..હા...! એવી રટણ લાગે છે. આત્મા, આત્મા **'એમ કરતાં કરતાં...'** શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માને દૃષ્ટિમાં લઈ, શુદ્ધાત્મા.. આત્મા.. આહા..હા...! કરતાં કરતાં **'અંતરાત્મભાવે પરિણમતાં, પરિણમતાં...'** આહા..હા...! અંતર આત્મભાવરૂપ. રાગરૂપ પરિણમવું એ તો બાહ્ય ભાવ છે. આહા...! અંતરાત્માપણે હું શુદ્ધ આત્મા છું, આત્મા છું, આત્મા છું. એમ અંતરમાં રટણ કરતાં કરતાં.. આહા..હા...! રટણ શબ્દે વિકલ્પ નહિ, હોં ! અહીંયા. આહા..હા...! અંતરાત્મભાવરૂપ, અંતર-આત્મ-ભાવ-રૂપ એમ છે ને ? અંતરાત્મભાવરૂપ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહા..હા...! રાગાદિ કોઈ અંતરાત્મભાવ નથી. આહા..હા...! **'પરિણમતાં, પરિણમતાં...'** આહા..હા...! શુદ્ધ આત્માને દૃષ્ટિમાં લઈને એની પરિણતિ પરિણમતાં, પરિણમતાં... આહા..હા...! **'પરમાત્મા થઈ જાય છે.'** અંતરાત્મા ભાવરૂપે, અંતરાત્મા ભાવરૂપે પરિણમતાં પરિણમતાં પરમાત્મા થઈ જાય છે. આહા..હા...! અંતરાત્મા જે પરમાત્મસ્વરૂપ છે એના અંતરાત્મભાવરૂપે થતાં છતાં, એ પરમાત્મસ્વરૂપની ભાવના–શુદ્ધઉપયોગ કરતાં કરતાં. આહા..હા...! એ પરમાત્મા પર્યાયમાં થઈ જાય છે. આહા...! બીજું કોઈ કારણ નથી. મનુષ્યપણું ને સંઘયણ, વજ્રનારાચ સંઘયણ ને એવા સાધન હોય તો પરમાત્મા થઈ શકાય, એમ નથી. હો નિમિત્ત તરીકે, તેથી શું થયું ? આહા..!

અહીંયા તો શુદ્ધાત્મા પરમાત્મસ્વરૂપ ભગવાન, એના ઉપયોગમાં રટણ કરતાં કરતાં એકાગ્રતા કરતાં કરતાં, શુદ્ધાત્માનું પરિણમન કરતાં કરતાં પરમાત્મા થઈ જાય છે. આહા..હા...! ભાઈ ! આ વાત બીજી છે આખી. દુનિયાથી જુદી છે, ભાઈ ! **'પરમાત્મા થઈ જાય છે.'** આહા..હા...! ૨૨૪. હજી અડધો ભાગ પણ નથી થયો, હોં ! ૪૩૨ બોલ છે ને ? બોલ ૪૩૨ છે, હજી તો ૨૩૨ પણ આવ્યો નથી. ત્રણ મહિના તો થઈ ગયા. આહા..હા...!

**અહો ! અમોઘ-રામબાણ જેવા – ગુરુવચનો ! જો જીવ તૈયાર હોય તો વિભાવ તૂટી જાય છે, સ્વભાવ પ્રગટ થઈ જાય છે. અવસર ચૂકવા જેવો નથી. ૨૨૫.**

**'અહો ! અમોઘ–રામબાણ જેવાં–ગુરુવચનો !'** સંતોના ગુરુના કેવળીના.. આહા..હા...! રામબાણ વચન કે જ્યાં પરિણતિ આત્માની થાય છે ત્યારે કલ્યાણ થાય છે, એવા રામબાણ વચન. આહા..હા...! ચૈતન્ય ભગવાન પોતાની શુદ્ધ પરિણતિમાં આવે છે.. આવે છે એનો અર્થ–**'जीवो चरित्तदंसणणाणठिदो'** (સમયસાર ગાથા–૨). આહા..હા..! પર્યાયમાં કંઈ દ્રવ્ય આવતું નથી. પણ શુદ્ધ પરિણમન આત્મા કરે છે, એમાં રહે છે, એમ કહેવું. **'जीवो चरित्तदंसणणाणठिदो'** ત્યાં **'चरित्त'** શબ્દ પહેલાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લીધો છે પણ દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત. આહા..હા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રમાં જીવ સ્થિત. આહા..હા...! એ સ્વસમય, એ આત્મા છે. આહા..હા...! અને રાગ ને પુણ્ય, દયા, દાનના વિકલ્પમાં સ્થિર છે તે પુદ્ગલ પ્રદેશમાં સ્થિર, પર આત્મા, અનાત્મા છે. આહા...હા...! આ તો બીજી ગાથા. આહા..હા...!

**'અહો ! અમોઘ–રામબાણ...'** અમોઘ એટલે ? મોઘ અર્થાત્ નિષ્ફળ, અમોઘ અર્થાત્ સફળ. મોઘ એટલે નિષ્ફળ, અમોઘ એટલે સફળ. અમોઘનો અર્થ. આહા..હા..! આનંદનો નાથ પ્રભુ અંદર, આહા..હા...! એની દૃષ્ટિ કરીને સ્થિર થવું એ ગુરુના વચનો છે. જ્ઞાનીના, સંતોના, કેવળીના એ વચનો છે. રામબાણ છે. વીતરાગ પર્યાયથી તારા આત્માને જાણ. આહા..હા...! એ રામબાણ–ફરે નહિ, એમ વીતરાગ પર્યાય દ્વારા અંદર જાણ. એ કદી ફરે નહિ. એ તને અનુભવમાં આવશે. આહા..હા...! લોકોની લાલચ ને લાલસાની દૃષ્ટિ છોડી દે, પ્રભુ ! આહા..હા...! લોકો રાજી થાય ને લોકો મને પસંદ કરે, બાપુ ! એમાં તારું શું આવ્યું ? આહા..હા...!

**'જો જીવ તૈયાર હોય તો વિભાવ તૂટી જાય છે,...'** આહા..હા...! વિભાવ તોડવાના વચન છે, સ્વભાવ પ્રગટ કરવાના ગુરુના વચન છે. રાગ કરવાનો કે રાગ છોડવાનો પ્રશ્ન અહીંયા નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? અહીંયા તો સ્વરૂપની દૃષ્ટિ અને રમણતા કર એ ગુરુના વચન છે. આહા..હા...! આકરી વાત, બાપુ ! લોકોને પસંદ પડે ન પડે પણ શું થાય ? ભાઈ ! તારો ભગવાન રહી ગયો એક બાજુ અને બધી માંડી તેં.. આહા..હા...! પુણ્ય ને પાપ ને શાસ્ત્રના જ્ઞાન ને મહાવ્રતની બધી માંડી. ભગવાનને ભૂલી ગયો. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'જો જીવ તૈયાર હોય તો વિભાવ તૂટી જાય છે,..'** કેમ કે વીતરાગના સંતોના વચન એ છે કે જ્ઞાયક સ્વરૂપ ભગવાનનો અનુભવ કર. અનુભવ થાય. આહા..હા..! એવી દૃષ્ટિ કરવાથી વિભાવ તૂટી જાય છે. વિભાવની એકતા જે અનાદિની માની છે, એ તોડવાનો ઉપાય ભગવાન કહે છે અને એ તૈયાર હોય તો એનો વિભાવ તૂટી જાય છે. આહા..! રાગ અને ભગવાન વચ્ચે સંધિ છે, એકતા નથી. સ્વભાવની દૃષ્ટિના અભાવમાં રાગની સાથે એકતા માની રાખી છે. તારી માન્યતા એવી છે, વસ્તુ એવી નથી. આહા..હા...! એમ સંતોની વાણી.. આહા..હા...! વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. એ સંતોની વાણી વીતરાગપણું પ્રગટ કરે. આહા..! રાગપણું પ્રગટ છે એને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છોડી દે. આહા..! એ વીતરાગપણું પ્રગટ કરે એ રામબાણ વચન છે. આહા..હા...! ભગવાન આત્મામાં અંતરમાં જા તો વિભાવ તૂટી જાય છે. રાગ અને સ્વભાવની એકતાની જે માન્યતા હતી, એ સ્વભાવમાં જવાથી એકતા તૂટી જાય છે, વિભાવ તૂટી જાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

એકવાર સ્તુતિમાં કહ્યું છે, 'પદ્મનંદિ પંચવિંશતિ:'માં. ભગવાન ! મેં જ્યારે તમારા દર્શન કર્યાં.. વાત આમ ભગવાનથી લીધી છે, આ વાદળા હતા એ અખંડ હતા ને મેં જ્યાં દર્શન કર્યાં અને મેં હાથ આમ કર્યાં તો વાદળા તૂટી ગયા. આ તૂટતા વાદળા દેખાય છે. સિદ્ધાંત શું કહેવો છે ? વાદળા હતાને ઉપર ? એ કટકા, કટકા ટુકડા ટુકડા હતા. સંતોએ અલંકાર કર્યો. અરે..! પ્રભુ ! આ ટુકડા ટુકડા દેખાય છે એ શું છે ? કે મેં જ્યારે મારા ભગવાન આત્માના દર્શન કર્યાં, તમારા દર્શન એ મારા દર્શન છે. એ વખતે અખંડ વાદળાના–કર્મનું જોર અખંડ હતું, જ્યાં તમારા દર્શન થયા ને હાથ આમ કર્યાં–ભેદજ્ઞાન થયું તો અખંડ વાદળા હતા એના હવે કટકા કટકા દેખાય છે. અખંડ રહ્યા નહિ. આહા..! સમજાય છે કાંઈ ? આવી વાતું છે. ત્યાં તો એમ લીધું છે કે પ્રભુ ! તારા દર્શન કર્યાં ને હું ભક્તિમાં આવ્યો હાથ આમ થયા તો અખંડ વાદળા તૂટી ગયા. એમ મારી ભક્તિ આત્મામાં લાગી તો અખંડ વાદળા, જે કર્મ હતા તેના ટુકડા થઈ ગયા. વિભાવ ત્યાં તુટી ગયા. મારી વસ્તુમાં નથી એમ થઈ ગયું. આવી વાતું છે. અધ્યાત્મની વાતું ઝીણી પડે. આહા..હા...!

સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ પરમાત્માના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિનો આ સાર છે. સમજાય છે કાંઈ ? **'સ્વભાવ પ્રગટ થઈ જાય છે.'** આહા..હા...! વીતરાગના વચન રામબાણ વીતરાગપણું પ્રગટ કર, એક જ સિદ્ધાંત. આહા..હા...! વીતરાગપણું પ્રગટ ક્યારે થાય છે ? ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ એનો આશ્રય લેતાં વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે. ત્યારે રાગની એકતા તૂટી જાય છે અને સ્વભાવ પ્રગટ થાય છે. આહા..હા...! ભાષા સહેલી છે, બાપા ! ભાવ કંઈક આકરા છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

વીતરાગ ને સંતોના, જૈન સંતો, દિગંબર સંતો કે કેવળી પરમાત્મા, એમની વાણીમાં તો આ આવ્યું. ભગવાન ! તું વીતરાગમૂર્તિ છો તો વીતરાગપર્યાય પ્રગટ કરને, પ્રભુ ! છે તેમાંથી આવશે. આહા..હા...! રાગને છોડવા-ફોડવાની અહીં વાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી. આહા..હા...! અહીં તો અસ્તિ, વીતરાગમૂર્તિ ભગવાન અંદર છે, અકષાય સ્વરૂપ પ્રભુ, એનો આશ્રય લઈને દૃષ્ટિ થઈ.. આહા..હા...! રાગ તૂટી જાય છે અને સ્વભાવ પ્રગટ થાય છે. શક્તિરૂપ જે સર્વજ્ઞ સ્વભાવ હતો એ પર્યાયમાં વ્યક્તરૂપે અંશ પ્રગટ થઈ ગયો. આહા..હા..! આવો ઉપદેશ હવે. તમારે આખો દિ' ધંધો કરવો હોય એને બે કલાક... સરળ સીધો રસ્તો, રસ્તો જ આ છે. સરળ કહો, કઠણ કહો, વસ્તુ તો આ છે. દુનિયા ગમે તે રીતે માને ને મનાવે એથી કંઈ રસ્તો હાથ નહિ આવે, પ્રભુ !

રાગની એકતામાં તેં ભગવાનને જોવા પડદો નાખી દીધો છે. એક વાર અંદર એ ભગવાનને જો. આહા..હા..! રાગનો પડદો તૂટી જશે અને અરાગી દશા પ્રગટ થશે. સ્વભાવ પ્રગટ (થાય) એટલે અરાગી (દશા પ્રગટ થાય). સમ્યગ્દર્શન, જ્ઞાન એ બધી અરાગીદશા (પર્યાય) છે. સમજાય છે કાંઈ ? આહા..!

**'અવસર ચૂકવા જેવો નથી.'** આહા..હા...! પ્રભુ ! તને અવસર આવી ગયો છે ને નાથ ! આવું મનુષ્યપણું મળ્યું, જૈનકુળમાં જન્મ થયો, વીતરાગની વાણી તને મળી.. આહા..હા...! નિગોદના જીવ, અરે..! આ ઝીણા ઝીણા ફૂદડા થાય છે ને ? હવે એને ક્યાં ખબર છે ? બચારાને પાણીમાં આમ આમ ઉડે, આમ પડે. પ્રકાશ હોય ત્યાં જાય. આહા...! આ પ્રકાશ હોય ત્યાં જાય. ઝીણી ફૂદડા હોય ને ? જંગલમાં બહુ હોય. બેટરી પડી હોય ને ? અરે..રે..! કીધું, આ જોને. બહારના પ્રકાશ માટે ફરે છે પણ અંદરનો ચૈતન્ય પ્રકાશ છે એની તો એને ખબર પણ નથી. અરે...! એને સાંભળવાનું કે દિ' મળે ? એ ક્યારે પંચેન્દ્રિય થાય ? ક્યારે એ મનુષ્ય થાય ? ક્યારે એ જૈનકુળમાં જન્મ થાય ? ક્યારે એ સર્વજ્ઞ ત્રિલોકનાથની વાણી સાંભળવા મળે ? આહા..હા...! અને સાંભળવા મળે ને રાગ તોડે. આહા..હા...! (તો કામ થાય.)

**'અવસર ચૂકવા જેવો નથી.'** 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો એક ઠેકાણે આવ્યું છે, સબ અવસર આ ચુકા હૈ, ભાઈ ! આહા..હા...! સમજાય છે કાંઈ ? વાજું હોય, વાજું, (જરી દબાણ કર) ત્યારે વાગે છે ને ? એમ અનંત આનંદનો નાથ ભગવાન છે, એમાં જરી દબાણ કર, તો શુદ્ધતા પ્રગટ થશે. શુદ્ધતાનો અવાજ આવશે. આહા..હા...! સમજાય છે કાંઈ ? જેની .. ત્યાં કરતા હશે ને ? એમ ભગવાન આત્મા અનંત આનંદ ને અનંત ગુણનો પિંડ પ્રભુ, ત્યાં દૃષ્ટિથી દબાણ કર ને ! શુદ્ધતા પ્રગટ થશે. અંદર અવાજ આવશે. એ વાજું વાગશે. આહા..હા...! **'અવસર ચૂકવા જેવો નથી.'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોતાનો અગાધ ગંભીર જ્ઞાયકસ્વભાવ પૂર્ણ રીતે જોતાં આખો લોકાલોક ભૂત-ભવિષ્યની પર્યાય સહિત સમયમાત્રમાં જણાઈ જાય છે. વધારે જાણવાની આકાંક્ષાથી બસ થાઓ, સ્વરૂપનિશ્ચળ જ રહેવું યોગ્ય છે. ૨૨૬.**

૨૨૬. **'પોતાનો અગાધ ગંભીર જ્ઞાયકસ્વભાવ...'** પોતાનો. ભગવાનનો ભગવાન પાસે રહ્યો. પોતાનો અગાધ, જેની ઊંડપનો પાર નથી. ઊંડાને હિન્દીમાં શું કહે છે ? ગહરાઈ. અંદર ગિરીગુફામાં ઊંડે ઊંડે જાય છે ને ? ત્યાં તો ગિરીની હદનો પત્તો લાગી જાય. આનો પત્તો ન લાગે પર્યાયમાં. આહા..હા..! એટલા અનંત ગુણની અગાધ શક્તિનો ભંડાર પ્રભુ, જેમાં અનંત અનંત ગુણ અને એક એક એ અનંત ગુણની અનંતતા.. આ શું કહે છે આ ? આટલા ક્ષેત્રમાં હોવા છતાં જેના અનંત ગુણ–ધર્મ–સ્વભાવ–એટલો છે, અગાધ–પાર ન આવે એટલા ગુણ છે. આહા..હા...!

**'પોતાનો અગાધ ગંભીર...'** આહા..હા..! અનંત ગુણગંભીર. **'જ્ઞાયકસ્વભાવ...'** એવો ભગવાન જ્ઞાયકસ્વભાવ **'પૂર્ણ રીતે જોતાં...'** આહા..હા...! અહીંયા તો છેલ્લી (વાત) લીધી ને ? સમ્યગ્દર્શનમાં જોવાથી પ્રતીતિ આવી ત્યાં અલ્પ પરિણતિ છે, પણ આવો **'અગાધ ગંભીર જ્ઞાયકસ્વભાવ પૂર્ણ રીતે જોતાં આખો લોકાલોક...'** આહા..હા...! વાત આકરી, ભાઈ ! ગહન સ્વભાવ. આહા..હા...! **'પૂર્ણ રીતે જોતાં...'** પૂર્ણ આશ્રય કરી પૂર્ણ રીતે જોતાં. આહા..હા...! એવી પર્યાય પ્રગટ થશે, **'આખો લોકાલોક...'** આખો લોક અને અલોક. આહા..હા...! **'લોકાલોક ભૂત-ભવિષ્યની પર્યાય સહિત...'** લોકાલોક ભૂત-ભવિષ્યની પર્યાય સહિત ચૈતન્યની નિર્મળ વીતરાગી પૂર્ણ પર્યાય, પૂર્ણ જોવાથી પૂર્ણ પર્યાય (પ્રગટ થઈ જાય છે). એમાં ભૂત-ભવિષ્યની પર્યાય પણ વર્તમાનમાં નથી છતાં જાણે છે, એમ કહે છે. આહા..હા...! ભૂત નામ ભૂતકાળ–ગયો કાળ અને ભવિષ્ય પર્યાય સહિત. આહા..હા...! અનંત દ્રવ્યોની પર્યાયનો અંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી. છેલ્લો... આહા..હા...! અને ભૂતની પર્યાયની ક્યાંય શરૂઆત નહિ. એવા એ ભૂત ને ભવિષ્યની પર્યાય સહિત **'સમયમાત્રમાં જણાઈ જાય છે.'** વર્તમાન. આહા..હા...! તારી વસ્તુ એવી છે, પ્રભુ ! અપૂર્ણ રીતે જોતાં અત્યારે સમ્યગ્દર્શન આદિ થાય છે. પણ પૂર્ણ રીતે જોતાં.. પૂર્ણ.. પૂર્ણ... પૂર્ણમાં જ્યાં પૂર્ણ આશ્રય લીધો તો એક સમયમાત્રમાં, ભૂતકાળ, ભવિષ્યની પર્યાયો સહિત દ્રવ્ય (જણાય જાય છે). આહા..હા...!

કોઈ કહે કે પણ ભવિષ્યની પર્યાયનો અંત નથી ને ? અંત નથી, પણ અંત નથી એમ જણાય છે. આહા..હા...! ભવિષ્યની પર્યાય, દ્રવ્ય, ગુણની પર્યાય છેલ્લી કઈ ? છેલ્લી છે ક્યાં ? આહા..હા...! તેનું પણ સમયમાત્રની પર્યાયમાં જ્ઞાન થઈ જાય છે. આહા..હા...! અને પર્યાયની શરૂઆત કઈ ? પહેલી પર્યાય કઈ ? આહા..હા...! પહેલાં સિદ્ધ કયા ? નિગોદનો જીવ પહેલોં ક્યો ? પહેલોં છે જ ક્યાં ? આહા..હા...! આવું તત્ત્વ એક સમયમાં પૂર્ણ આત્માનો આશ્રય જેણે લીધો, એ પર્યાયમાં ભૂત-ભવિષ્ય સહિત, દ્રવ્ય, ગુણ પર્યાય પોતાના અને પરના એક સમયમાત્રમાં (જાણી લે). આહા..હા...! આ તે શું વાત છે ? ભાઈ ! વસ્તુનું સ્વરૂપ જ કોઈ એવું છે.

જ્ઞાન થઈ જાય છે. **'સમયમાત્રમાં જણાઈ જાય છે.'** એક સમય. ક બોલવામાં અસંખ્ય સમય જાય છે. અ. અ બોલવામાં અસંખ્ય સમય જાય છે. આહા..હા...! એક સમયમાત્રમાં, પ્રભુ ! એ કંઈ એકલી ભાષા નથી. આહા..હા...! ભૂત-ભવિષ્ય પર્યાય સહિત દ્રવ્ય, ગુણ સમયમાત્રમાં જણાઈ જાય છે. આહા..હા...! પૂર્ણ દ્રવ્યની પ્રતીતિ કરવાથી એક સમયમાં સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે અને એમાં વિશેષ આશ્રય લેવાથી ચારિત્રની પર્યાય (થાય) અને પૂર્ણ રીતે આશ્રય લેવાથી, પૂર્ણ રીતે જોતાં.. આહા..હા...! ભૂત-ભવિષ્યની પર્યાયો સહિત.. ભૂતની–ગયા કાળની પર્યાય પહેલી કઈ ? અરે..! પહેલી ક્યાં છે ? પ્રભુ ! આ ગંભીર ચીજ છે. છેલ્લી વસ્તુ કઈ છે ? જણાય તો પછી છેલ્લી વસ્તુ કઈ ? અલોકને જાણ્યો તો અલોકનો અંત ક્યાં જોયો ? આહા..હા...! અંત નથી, પર્યાયનો અંત નથી, શરૂઆત નથી એમ જોયું. આહા..હા...! આ સર્વજ્ઞપદ. આત્માને પૂર્ણ રીતે જોતાં થાય છે, કોઈ ક્રિયાકાંડથી થાય છે ને વ્યવહાર કરતાં થાય છે એમ નથી, એમ કહે છે. આહા..હા...!

**'વધારે જાણવાની આકાંક્ષાથી બસ થાઓ,...'** આહા..હા...! 'પ્રવચનસાર'માં આવે છે. 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, વિશેષ ક્ષયોપશમનો ભાવ ન હો, જાણવાની આકાંક્ષા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બસ થાઓ. અમે તો ભગવાન આત્માને પૂર્ણ જાણતાં કેવળજ્ઞાન થઈ જશે. આહા..હા...! 'પ્રવચનસાર'માં છે. 'અમૃતચંદ્રાચાર્ય'. અમારે તો આત્મા છે તેમાં એકાગ્ર થવું, દૃષ્ટિ કરીને આલંબન લેવું (એ જ છે). વિશેષ ક્ષયોપશમથી અલમ્. જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ ન હો, બસ.

ભાઈમાં પણ આવે છે. 'ન્યાલભાઈ'માં. છેલ્લે છે. નથી ને અહીં ? ઇ છે, ઇ નીકળ્યું હોં ! કોઈએ રાખ્યું લાગે છે. છેલ્લો શબ્દ છે. આપ કૌન-સે શાસ્ત્રકા વાંચન કરતે હો ? છેલ્લો શબ્દ છે. ૬૪૫. ઉત્તર :– શાસ્ત્રવાંચન કરનેકી ખાસ આદત નહીં રહી. આહા..હા...! ઔર મુજે ક્ષયોપશમ ભી નહીં બઢાના હૈ. હું તો મારી વસ્તુમાં દૃષ્ટિ કરીને સ્થિર થવું એ મારે કરવું છે. જ્ઞાનનો ક્ષયોપશમ વિશેષ હો કે ન હો.. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ વળી નીકળ્યું અહીંથી. તમને 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' મળ્યું છે ને ? ભાઈ ! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' નથી મળ્યું ? આ પુસ્તક. અહીં એક હતું તમારા માટે. આ તો કો'કનો ૐ કરેલું છે. હશે, તમારા નસીબનું હશે. ૐ કરેલો છે. એમની પાસે જવાનું હતું. આહા..હા...! **'વધારે જાણવાની આકાંક્ષાથી બસ થાઓ,...'** બહુ પંડિતાઈ ને બહુ વ્યાકરણ ને... એમાં આવે છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં. વ્યાકરણ આદિ બધું પંડિતાઈ (નો વિષય છે). આહા..હા...! **'વધારે જાણવાની આકાંક્ષાથી બસ થાઓ,...'**

**'સ્વરૂપનિશ્ચળ જ રહેવું યોગ્ય છે.'** આહા..હા...! પોતાનો ભગવાન આત્મા દૃષ્ટિ ને અનુભવમાં આવ્યો તેમાં સ્થિર થવું એ કર્તવ્ય છે. આહા..હા...! તે યોગ્ય છે. આહા..હા...! વાંચન ને વિશેષ જ્ઞાનનો ક્ષયોપશમ ને બધું ઉડાડી દીધું. આહા..હા...! પૂર્ણાનંદનો નાથ, પ્રભુ ! નિર્વિકલ્પ અનુભવ થઈને અંદર સ્થિર થઈ જવું, આ કર્તવ્ય છે. આહા..હા...! બાકી વિશેષ વાંચન ન હોય, સમજાવતા ન આવડે, એ કોઈ વસ્તુ નથી. આહા..હા...! એ ૨૨૬ (બોલ પૂરો) થયો. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**શુદ્ધનયના વિષયભૂત આત્માની સ્વાનુભૂતિ સુખરૂપ છે. આત્મા સ્વયમેવ મંગળરૂપ છે, આનંદરૂપ છે; તેથી આત્માની અનુભૂતિ પણ મંગળરૂપ અને આનંદરૂપ છે. ૨૨૭.**

**ભાદરવા સુદ ૭, શનિવાર તા. ૦૯-૦૯-૧૯૭૮.**
**વચનામૃત–૨૨૭, ૨૨૮, ૨૨૯, પ્રવચન–૮૯**

'વચનામૃત' ૨૨૭. સૂક્ષ્મ અધિકાર છે, ભગવાન ! અનંત કાળથી અંતરાત્મા વસ્તુ શું છે, એનું કદી જ્ઞાન કર્યું નથી. અનંત કાળથી ઇન્દ્રિયજ્ઞાન, બહારથી શાસ્ત્રજ્ઞાન કર્યું એ બધું ઇન્દ્રિયજ્ઞાન છે. આહા..હા...! અનંત વાર દયા, દાન, ભક્તિ, વ્રત, તપ કર્યા, એ બધો વિકલ્પ રાગ છે. આહા..હા....! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સત્ કાયમ રહેનાર, ચિદ્ જ્ઞાન અને આનંદ પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ એ એની વસ્તુ છે. આહા..હા...! એનો અનુભવ થયા વિના અનંત કાળથી ચોરાશી લાખ યોનિમાં રખડે છે. 'નરસિંહ મહેતા' પણ એમ કહે છે ને ? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ, ત્યાં લગી સાધન સર્વ જૂઠી' ચાહે તો ભગવાનની ભક્તિ કરો ને પૂજા કરો.. આહા..હા...! પ્રભુ ! તારી ચીજ અંદર શું છે, એનું ભાન થયા વિના ક્રિયાકાંડમાં જે કંઈ રાગાદિ થાય છે, બધુ બંધનું કારણ, સંસારનું કારણ છે. આહા...હા...! ભાઈ ! ઝીણી વાત છે, પ્રભુ ! દુનિયાની તો અમને ખબર છે ને. અહીં તો નેવું વર્ષ થયા. દુનિયા ક્યા પ્રકારે ક્યાં ચાલે છે, બધી ખબર છે. માર્ગ, બાપુ ! જન્મ-મરણ રહિત થવાની વસ્તુ કોઈ જુદી વસ્તુ છે. સમજાય છે કાંઈ ? એ અહીંયા કહે છે.

બેન છે, 'ચંપાબેન' છે. અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણ છે. અને એમના ઉપદેશમાં આવ્યું હતું. અહીંયા ચોસઠ બાળબ્રહ્મચારી દીકરીઓ છે. એમાંથી નવે લખી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લીધું તો આ બહાર આવી ગયું. ત્રણ મહિનાથી એનું વ્યાખ્યાન ચાલે છે. સવારે 'સમયસાર' અધ્યાત્મ ગ્રંથ છે (એ ચાલે છે અને) અત્યારે આ ચાલે છે. શું કહે છે ? સાંભળો, પ્રભુ !

**'શુદ્ધનયના વિષયભૂત...'** બધી ભાષા, સાદી ભાષા છે. આત્મા જે અંદર આનંદસ્વરૂપ પ્રભુ સચ્ચિદાનંદ નિત્યાનંદ ધ્રુવ (છે), એને જે જ્ઞાનની પર્યાય-અવસ્થાથી જણાય તે જ્ઞાનને શુદ્ધનય કહેવાય છે. આ તો અંદર અનંતકાળમાં કદી કર્યું નથી. આહા..હા...! બાકી તો શાસ્ત્રજ્ઞાન પણ કર્યાં. શાસ્ત્ર પણ લોકોને સમજાવ્યા, એ બધો રાગ અજ્ઞાન છે. અહીંયા તો આત્મજ્ઞાન. એ આત્મજ્ઞાન શું ? આત્મા વસ્તુ શું છે ? આહા..હા...! રાગનું જ્ઞાન નહિ, સંયોગનું જ્ઞાન નહિ, એની વર્તમાન દશા અવસ્થા ચાલે છે એનું જ્ઞાન નહિ. ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન આત્મા, જ્ઞાનસ્વભાવ અને બ્રહ્મ પ્રજ્ઞાબ્રહ્મ. એ જ્ઞાન અને આનંદ જેનું અનાદિ સ્વરૂપ છે. આહા..હા...! તેનો વિષય. જે અંતર જ્ઞાનની દશામાં અંતરમાં આત્માને વિષયભૂત બતાવી. આત્માને વિષય બનાવી, ધ્યેય બનાવી. આહા..હા...! વર્તમાન દશામાં ધ્યાનમાં ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદને ધ્યેય બનાવી. અર્થાત્.. વિષય ઝીણો છે, પ્રભુ ! આહા..હા...!

એણે બીજું બધું બહુ કર્યું છે પણ આ એક આત્મજ્ઞાન ન કર્યું તો પરિભ્રમણ ન મટ્યું. બાકી રખડતો, રખડતો, રખડતો દુનિયા(માં) ચોરાશીના અવતારમાં, ભાઈ ! જન્મ-મરણ કરી કરીને થોથા નીકળી ગયા છે, બાપા ! એ કીડાના, કાગડાના, કૂતરાના ભવ છે. નરકના ભવ છે, નરક એક યોનિ છે. સૂક્ષ્મ પડે. માંસ આદિ ખાય છે અને મનુષ્યને મારે છે એ બહાર પડે કે મનુષ્યને મારે છે અને કોર્ટમાં સાક્ષી પડે તો કદાચિત્ એકવાર ફાંસી મળે. પણ એણે કરોડો માણસને કે લાખોને માર્યા હોય, એનું ફળ ક્યાં છે ? લાખ વાર ફાંસી પર ચડાવે ? જે લાખો માણસોને મારી સંહાર કરે છે ને ? આહા..હા...! વિલાયતમાં બહુ થાય છે. બધી ખબર છે ને. લાખો માણસોનો સંહાર કરવાનું જે પાપ, લાખો માણસોને દુઃખ દેવાનો ભાવ, જેટલું દુઃખ આપ્યું તેવા દુઃખ જ્યાં હોય ત્યાં જન્મવું એનું નામ નરકયોનિ કહેવાય છે. અરે..રે...!

એમ નરક યોનિમાં.. સાત નરક પાતાળ છે નીચે. બધું યુક્તિથી, લોજીકથી સિદ્ધ કરવા જાય તો ચાલે નહિ. નીચે સાત પાતાળ છે. જેમ આ મનુષ્ય ક્ષેત્ર છે, પશુ છે, ઉપર સ્વર્ગ છે, આ ચંદ્ર, સૂર્ય આદિ અંદર દેવ છે. સુધર્મ ઇન્દ્ર આદિ. નીચે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નરક છે. સાત પાતાળ છે. એ પાતાળમાં પણ અનંતવાર આત્મજ્ઞાન વિના (ગયો). ભગવાન પ્રભુ શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એનો અનુભવમાં આનંદ આવ્યા વિના તેના ચોરાશીના અવતાર અનંત વાર થયા છે. આહા..હા...! ઝીણું છે, પ્રભુ ! આ શ્લોક જ તાકડે આવ્યો છે. બેનના અનુભવમાંથી (નીકળેલા) વચન છે. આહા..! ઝીણી વાત છે, ભાઈ !

પ્રભુ ! તું કોણ છો ? તારી પ્રભુતા ક્યાં છે ? કેટલી છે ? તને ખબર નથી. આહા..હા...! તારામાં તો અનંત અનંત અનંત અનંત (જ્ઞાનાદિ ગુણ ભર્યા છે). ક્ષેત્રનો ક્યાંય અંત છે ? પ્રભુ ! આ ક્ષેત્ર છે ને ? આ ચૌદ બ્રહ્માંડ છે, એ તો અસંખ્ય યોજનમાં છે. પછી કોઈ ખાલી ભાગ છે કે નહિ ? અલોક.. અલોક. આ ચૌદ રાજુલોક બ્રહ્માંડ છે એ તો અસંખ્ય યોજનમાં છે, અનંત યોજનમાં નથી. પછી કોઈ ક્ષેત્ર છે કે નહિ ? નાસ્તિકને પણ એકવાર વિચાર કરવો પડશે કે નહિ ? આહા..! એ ક્ષેત્રનો અંત ક્યાં ? કે ક્ષેત્ર હવે પૂરું થઈ ગયું. સમજાય. છે કાંઈ ? આહા..હા...!

એ ક્ષેત્ર, જેને આકાશ કહે છે, ઝીણી વાત છે, પ્રભુ ! આકાશ નામનો એક અરૂપી પદાર્થ છે. લોકમાં પણ છે અને ખાલી અલોકમાં પણ છે. એ આકાશ.. આકાશ.. આકાશ.. આ વાદળી રંગનું દેખાય એ આકાશ નથી. આ વાદળી રંગ દેખાય એ તો રૂપી જડ છે. આકાશ તો એક અરૂપી પદાર્થ છે. જે લોક-આ જગત અને ખાલી (ભાગ) બધામાં વ્યાપક છે. આહા..હા...! એનો અંત ક્યાં ? કે હવે પછી ક્ષેત્ર નથી. લોજીકથી કાંઈક વિચાર તો કરવો પડશે કે નહિ ? એમ ને એમ મંદ શ્રદ્ધાએ જિંદગી ગાળી જગતે.

આ વસ્તુ શું છે ? એ ક્ષેત્રનો પાર નહિ. અંત નહિ, અંત નહિ, અંત નહિ. અનંતને અનંત વર્ગ કરો, અનંતને અનંત વર્ગ. વર્ગનો અર્થ શું ? એક અનંતને એક અનંતે એકવાર ગુણો પછી જે ભાગ આવે એ બીજા અનંતને અનંતવાર ગુણો, એવો અનંત વાર ગુણાકાર થાય તો પણ ક્ષેત્રનો અંત નથી, એટલું ક્ષેત્ર છે. આહા..હા...! એ ક્ષેત્રનો જાણનાર ભગવાન આત્મા.. આહા..હા...! ક્ષેત્રજ્ઞ (છે). એ અમાપ ક્ષેત્ર છે તેને જાણનાર ક્ષેત્રજ્ઞ પ્રભુ છે. પ્રભુ એટલે આ આત્મા, હોં ! આહા..! કેમ બેસે ? બે બીડી, સીગારેટ સરખી પીવે ત્યારે ભાઈસાહેબને પાયખાને જંગલ ઉતરે. આવા તો અપલખણ, હવે એને આવો આત્મા (સમજાવવો). બે બીડી પી ને આવે ને દોઢ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પા શેર ચા પીને અહીં આવે તે મગજ ઠેકાણે રહે. આજે ચા નથી પીધી એટલે મગજ (ઠેકાણે નથી). આવી તે મુર્ખાઈ. હવે એને કહેવું કે તું પ્રભુ (છો).

તારામાં પ્રભુ ! શું કહીએ ? જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી શક્તિઓ જે ગુણ છે, ઝીણું પડશે, પ્રભુ ! અહીંયા તો અનેક વાર વાત થઈ ગઈ. એ અનંત ધર્મ જે ગુણ છે, જાણન, દેખન, આસ્થા, અસ્તિ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રમાણત્વ એવા જે અનંત અનંત ગુણ છે, તેનો ક્યાંય અંત નથી એટલા તારામાં ગુણ છે. જેમ ક્ષેત્રનો અંત નથી,... આહા..હા...! પ્રભુ ! તું શરીર પ્રમાણે ભલે હો, પણ તારા ગુણની સંખ્યાનો પાર નથી એટલા ગુણ તારામાં છે. આ ગુણ છેલ્લો છે એમ ક્યાંય અંત નથી. શું કહે છે આ ? અરે..રે...!

એવો આત્મા **'શુદ્ધનયના વિષયભૂત...'** આહા..હા...! પોતાના જ્ઞાનની નિર્મળ પર્યાયના વિષય નામ ધ્યેયભૂત. એ રાગથી ધ્યેયભૂત નથી થતો. દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ તો વિકલ્પ છે, એનાથી એ ધ્યેયભૂત નથી થતો. આહા..હા...! અરે..! ભગવાન ! સમજાય છે કાંઈ ? એ તો અંતરની નિર્મળ પર્યાય દ્વારા (ધ્યેય થાય છે). આહા..હા...!

મારાથી એક (વાત) કહેવાઈ ગઈ હતી, ભાઈ ! કે શાસ્ત્રજ્ઞાન એ પુદ્ગલ છે. એ આજે આમાં નીકળ્યું. 'યોગસાર'માં. મારે તો અંદરથી આવ્યું હતું. આ શાસ્ત્રજ્ઞાન જડ છે, આત્મજ્ઞાન નહિ. આજે વાંચતા આવી ગયું હતું. 'યોગસાર' છે ને લ્યો, એ જ નીકળ્યું. 'વૈશ્વિક જ્ઞાન સબ પૌદ્ગલિક હૈ.' ૭૬ શ્લોક છે, 'યોગસાર'. ભગવાન આત્મામાં યોગ નામ વીતરાગી નિર્દોષ દશામાં જોડાણ કરવું. આકરી વાતું, બાપુ ! વર્તમાન જ્ઞાનની દશાએ અનંત કાળથી રાગ ને પુણ્ય ને ભક્તિ ને પાપના પરિણામમાં જોડી દીધું છે એ મિથ્યા ભ્રાંતિ છે. અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ એને ઇન્દ્રિયજ્ઞાન જે થાય છે તેને પણ પૌદ્ગલિક કહેવામાં આવ્યું છે. આહા..હા...! અંતર અતીન્દ્રિય ભગવાન જે આત્મા છે. આહા..હા...! અનાદિથી ઇન્દ્રિયજ્ઞાન જ કરે છે, પણ પોતાનું સ્વરૂપ અંદર અતીન્દ્રિય તત્ત્વ છે ને ? અસ્તિ છે ને ? વસ્તુ છે ને ? પદાર્થ છે ને ? છે તો એની કોઈ શક્તિઓ છે કે નહિ ? આહા..હા...! શક્તિ પણ અનંત છે. સંખ્યાએ અનંત છે. અનંત સંખ્યાએ (રહેલી) એક એક શક્તિની અનંત અનંત અમાપ તાકાત છે. આહા..હા...! અરે..રે...! કોઈ દિ' એણે આત્મા શું છે (એની દરકાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરી નથી). નિજને જાણ્યો નહિ, પરની માથાકૂટ કરી કરીને મરી ગયો. મોટા એલ.એલ.બીના પૂંછડા વળગાડ્યા વકીલે ને આ દાકતરે એમ.એ. ના પૂંછડા વળગાડ્યા. (આ અમારે) ત્રીસ વર્ષ પહેલાં પાંચ કલાક જતાં, બસો રૂપિયા લેતા. વકીલ છે ને ! મોટા વકીલ આખા કાઠિયાવાડના. પણ બધું કુજ્ઞાન.

મુમુક્ષુ :– એની કિંમત શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કાંઈ કિંમત નથી. ધૂળની કિંમત પાપની છે. કોર્ટમાં જતાં પાંચ કલાક. મોટા વકીલો, જજને કાન પકડાવે. મોટા મગજવાળા છે, છન્નું વર્ષ છે. ભાદરવા સુદ ચોથે છન્નું બેઠું. પાંત્રીસ વર્ષ પહેલાં પાંચ કલાકના બસો રૂપિયા લેતા. પણ એ બધી અજ્ઞાન દશા ને મુર્ખાઈ હતી. આવી વાતું, બાપા ! ભાઈ ! શું કહીએ તને ?

મુમુક્ષુ :– એ વખાણ કર્યાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ વખાણ ક્યાં છે ? નિંદા છે આ તો. ભાઈ ગયા ? ગયા હશે. એમના દીકરા છે, મુંબઈમાં. માસિક આઠ હજારનો પગાર છે. માસિક આઠ હજારનો પગાર છે. જામનગરનો એક વાણિયો છે. સાડા ત્રણ કરોડની ઉપજ છે. પેદાશ, હોં ! પેદાશ. સાડા ત્રણ કરોડની મુડી નહિ, સાડા ત્રણ કરોડની ઉપજ. એમાં નોકર છે. અહીં હતા, આવી ગયા હતા. આઠ હજારનો પગાર છે પણ એ બધા ધૂળધાણી ને વાહપાણી છે, બાપા ! અરે..રે...! એ તારી બુદ્ધિ કઈ ? ને એ તારા પૈસા (કેવા) ? જે જ્ઞાનની પર્યાય પરને વિષય કરે, વિષય કરે તે જ્ઞાન અજ્ઞાન છે. આહા..હા...! જે જ્ઞાનની દશા સ્વનો–ભગવાનનો વિષય બનાવે.. આહા..હા...! અંદર જ્ઞાનની દશા, વર્તમાન જ્ઞાનની દશા ચાલે છે એને અંતરમાં ભગવાનને ધ્યેય બનાવે તેને '**શુદ્ધનયના વિષયભૂત આત્માની સ્વાનુભૂતિ સુખરૂપ છે.**' આહા..હા...!

મુમુક્ષુ :– એ તો અતીન્દ્રિય જ્ઞાન થયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :— અતીન્દ્રિય જ્ઞાન. ભગવાન ! શું કહીએ ? એને ખબર જ નથી. ભગવાન અંદર અતીન્દ્રિય સ્વરૂપ છે તે ઇન્દ્રિયથી જણાતો નથી. એ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, લાખ કરોડ અબજ કરે અને અબજોના દાન કરે કે અબજો મંદિર બનાવે માટે એનાથી આત્માનું જ્ઞાન થાય છે, (એમ) ત્રણકાળ ત્રણલોકમાં નથી. સમજાય છે કાંઈ ? અહીં તો અમારે ૪૩ વર્ષથી ચાલે છે, આ ૪૪ મું વર્ષ ચાલે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. આ સોનગઢ જંગલ હતું. અહીં પાડા બેસતા. અહીં ૪૪ વર્ષ થયા. ૪૫ વર્ષે આવ્યા હતા અને અત્યારે ૪૪ થયા, ૮૯ પૂરા થયા. શરીરને, હોં ! આત્માને વર્ષ-બર્ષ નથી. આત્મા તો ભગવાન અનાદિઅનંત છે. આહા..! એને જન્મ પણ નથી ને મરણ નથી. શરીરના સંયોગને જન્મ કહેવાય, શરીરના વિયોગને મરણ કહેવાય. વસ્તુ તો ભગવાન અનાદિઅનંત અંદર પડી છે. ભાઈ ! ન્યાં દવાખાનામાં કાંઈ છે નહિ અંદર. આહા..હા...! આ તો અંદરનું ઇંજેક્શન છે.

વર્તમાન જ્ઞાનની દશાને શુદ્ધનય એટલે પવિત્ર જ્ઞાનનો અંશ જે છે, આહા..હા...! એને અંતરમાં ત્રિકાળી જ્ઞાયક પ્રભુ છે, નિત્યાનંદ ધ્રુવ છે તેને ધ્યેય બનાવી અનુભવ કરવો. છે ? **'આત્માની સ્વાનુભૂતિ...'** અનુભૂતિ. સ્વ-અનુભવ. રાગ ને પુણ્ય ને પાપના અનુભવ તો અનંતકાળથી કર્યો. એ તો દુઃખરૂપ વેદન છે. આહા..હા...! આ વિષયની વેદના, સ્ત્રીના ભોગ ને રમત, એ એના શરીરને નથી ભોગવતો. એ તો જડ છે, માટી–ધૂળ છે અને ભગવાન તો અરૂપી છે. તો અરૂપી જડને કેવી રીતે ભોગવે ? પણ એ રૂપી સુંવાળું છે ને અનુકૂળ જોઈને રાગ કરે છે. એ રાગને–દુઃખને વેદે છે. એને એમ કહે છે કે મેં સ્ત્રીને ભોગવી. એમ અજ્ઞાની માને છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ પરમાં સુખ માન્યું એ મિથ્યા ભ્રમ અજ્ઞાન છે. સુખ તો ભગવાન આત્મામાં છે.

હરણની નાભિમાં કસ્તૂરી પણ હરણિયાને કસ્તૂરીની કિંમત નથી. આહા..હા...! એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય પ્રભુતા પૂર્ણ ભરી છે. પણ પામર પ્રાણી, રાગના પ્રેમીઓ,.. આહા..! એની એને ગંધ આવતી નથી. ઘણું ગુજરાતી થઈ જાય છે. અમે તો ગુજરાતી છીએ ને ! સમજાય છે કાંઈ ? આહા..હા...! અહીંયા કહ્યું, આ એક લીટીનો અર્થ છે. **'શુદ્ધનયના વિષયભૂત...'**

મુમુક્ષુ :– શબ્દો જ સમજાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો ભાઈ ! આ તો શાસ્ત્રભાષા અધ્યાત્મ ભાષા છે. એને તો પહેલાં સમજવું પડશે ને ! પ્રભુ ! દુઃખી છે, દુઃખી. એ અબજોપતિ રાંકા ભિખારા દુઃખી છે. પોતાની લક્ષ્મીની ખબર નથી અને બાહ્ય લક્ષ્મીના પ્રેમમાં મૂઢ જેવા મુંઝાઈ ગયા.

દરબાર આવ્યા હતા ત્યારે કહ્યું હતું. દરબાર આવ્યા હતા ને આપણા ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'કૃષ્ણકુમાર' ગુજરી ગયા. ભાવનગર દરબાર આવ્યા હતા ને. બધા આવે તો ખરા. મોટું નામ સાંભળીને. શું છે આ ? આત્મધર્મ.. આત્મધર્મ. ૪૪ વર્ષથી અહીં માંડી છે. પાડા બેસતા હતા ત્યાં કરોડો રૂપિયા નખાઈ ગયા છે. બાપુ ! એ વસ્તુ જુદી, ભાઈ ! એને કહ્યું હતું, દરબાર ! મહિને પાંચ લાખ માંગે એ માગણ, નાનો માગણ છે, હોં ! ભિખારી. કરોડ માગે એ મોટો માગણ, ભિખારો છે. અમારે ક્યાં એની પાસે ફાળો લેવો હતો કે ખરડા કરાવવા હતા કે રાજી થાય. નરમ હતો માણસ. કૃષ્ણકુમાર હતા ને ? અત્યારે છે એનો બાપ. બાપુ ! કરોડ માગે ને અબજ માગે મોટો ભિખારી છે.

અંતર આનંદનો નાથ, અંદર અતીન્દ્રિય કેવળજ્ઞાન પડ્યું છે.. આહા.હા...! જેના તત્ત્વના સત્ત્વમાં, વસ્તુના સત્ત્વમાં, સત્ત્વ–એના કસમાં અનંત આનંદ ને અનંત જ્ઞાન ને અનંત શાંતિ અંદર પડી છે. એ લક્ષ્મીની જેને કિમત નથી અને બહારની આ ધૂળ મળે, પાંચ-પચાસ કરોડ કે અબજ ધૂળ.. આહા..હા...!

મુમુક્ષુ :— ... શાક ન આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— શાક પૈસાથી આવતું હોય તો... પૈસા નાના બાળકને આવે છે કે નહિ ? એ તો આપણે એક કહેવત છે. લોકો નથી સમજતા, બાકી આપણી એક કહેવત છે કે ખાનારનું નામ દાણે દાણે છે. એવી કહેવત છે, આપણી ગુજરાતી ને હિન્દીમાં. છે ? ડૉક્ટર ! ખાનારનું નામ દાણે દાણે (લખ્યું છે). એનો અર્થ નામ છે ? પણ જે દાણા આવવાના એ આવશે, જે દાણા નહિ આવવાના એ નહિ આવે. એનો અર્થ એ છે.

મુમુક્ષુ :– જે દાણો પૈસાથી આવવાનો છે તે પૈસાથી આવશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ પૈસાથી આવતો નથી. પૈસા પણ એને કારણે આવે છે અને શાક પણ પરમાણુ છે. શાકનું શરીર જે છે તે પરમાણુનું છે, પુદ્ગલનું છે. એ પુદ્ગલની પોતાની ક્રિયાથી અહીંયા આવે છે, એને કારણે નહિ. આહા..હા...! આવી વાતું આકરી પડે, ભાઈ ! શું થાય ? સત્ય વસ્તુ એવી કોઈ છે. એ સત્યને કોઈ દિ' એણે જોયું નહિ, શોધ્યું નથી. અને બહાર ને બહારમાં મહિમા કરીને જિંદગી ગુમાવી ને જાય નરક ને નિગોદમાં, કાગડા ને કૂતરાના અવતારમાં. આહા..હા...!

જેણે આત્માનો વાસ્તવિક સ્વભાવ શુદ્ધનયનો વિષયરૂપ, એની અનુભૂતિ કરી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી, એણે કામ ને ક્રોધ, દયા ને દાન, વ્રત ને ભક્તિ આદિ કષાયભાવ છે, એ કષાયભાવ કરીને ભગવાને આડોડાઈ કરી. આડોડાઈ સમજ્યા ? ટેઢાઈ. આહા..હા...! એ આડોડાઈના ફળમાં આ શરીર આડું મળ્યું. મનુષ્ય આમ (ઉભા) છે, તિર્યંચ છે ને ? ગાય, ભેંસ, ઘોડા આડા છે. શરીર આડું છે. કેમ આડું થયું ? કે પોતાની વસ્તુને ભૂલી આડોડાઈ બહુ સેવી. રાગ ને દ્વેષ, વિષય ને કષાયના પરિણામ એટલા કર્યા કે પરિણામમાં આત્મા આડો થઈ ગયો. એના ફળમાં શરીર પશુનું, ગાયનું આડું થઈ ગયું. ભાઈ ! એવા તેં અનંત વાર કર્યા છે, બાપા ! અરે..રે..! તને તારી દયા નથી, ભાઈ ! તને તારી દયા નથી ને પરની દયા કરવા ચાલી નીકળ્યા. આ ડૉક્તર પણ પહેલાં મહિનો, બે મહિનો હોનરરી કામ કરે ને ક્યાંક ? હેતુ બીજો હોય. આપણું પછી ડૉક્ટરનું કામ ચાલે. પેલા કહે, હોનરરી કરે છે, ધૂળેય હોનરરી નથી, સાંભળને હવે. એય..! એમ છે ને ? બાપા ! રાજકોટમાં મોટા મોટા દવાખાના છે. અમારે તો ઘણા આવતા હોય ને ! મહિનો, બે મહિના, ચાર મહિના હોનરરી કરે. ઓહો..! મફત કરે છે. મફત નહિ, એનું પછી બહાર નીકળીને દવાખાનું ચાલે એવા લોભને માટે કરે છે. જગતની ઉઘાડી કરવા જેવું છે. આહા..હા..!

પ્રભુ ! તું કોણ છો ? એની અનુભૂતિ સુખરૂપ છે. આહા..હા...! છે ? શું કહે છે ? આનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ તરફના ઝુકાવથી જે આત્માનો અનુભવ થાય, આત્માનું જ્ઞાન થાય એ સુખરૂપ છે. અતીન્દ્રિય સુખરૂપ છે. આહા..હા...! ઇન્દ્રિયના સુખ એ તો ઝેરના પ્યાલા પીવે છે. અમૃતનો સાગર અંદર ભગવાન ડોલે છે. આહા..હા...! અમૃત સ્વરૂપથી ભરેલો પ્રભુ, એ આ પુણ્ય ને પાપના ભાવનું વેદન કરે છે એ ઝેરના પ્યાલા પીવે છે. આહા..હા..! અહીંયા તો કહે છે, તેને છોડીને, ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે તેની ઉપર દૃષ્ટિ લગાવી, ધ્યેય બનાવી, જે દશામાં અનુભૂતિ નામ અનુભવ થયો એમાં આનંદ આવે છે. આહા..હા...! એ આનંદનું નામ ધર્મ છે, બાકી બધું થોથા છે. સમજાય છે કાંઈ ? ભક્તિ બહુ કરી ને પૂજા બહુ કરી ને ઈશ્વરને આમ કર્યું... ધૂળેય નથી કાંઈ, સાંભળને ! તારો નાથ ઈશ્વર પડ્યો છે એને રાજી કર્યો નથી અને પરને રાજી કરવા જાય છે ? સમજાય છે કાંઈ ? દુનિયાથી જુદી જાત છે. આહા..હા...!

**'સુખરૂપ છે.'** આહા..હા...! ઇન્દ્રિયના વિષયો, ચાહે તો શાસ્ત્રનું જ્ઞાન (હો પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ) દુઃખરૂપ છે. ભગવાનનો માર્ગ બહુ જુદો, પ્રભુ ! શું કરીએ ? આહા..હા...! અંતર ભગવાન અંતરમાં પરમાત્મસ્વરૂપે બિરાજે છે. પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ. પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ. પરમ સ્વરૂપે નિત્યાનંદ પ્રભુને ધ્યેય બનાવી જે અનુભવ પર્યાયમાં, દશામાં-વર્તમાન દશામાં થયો તે સુખરૂપ છે, એ આનંદરૂપ છે, એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અનંત કાળ વીત્યો પણ કોઈ દિ' આવા આત્માનું જ્ઞાન કરવાનો પ્રયત્ન કર્યો નહિ. બહારમાં ને બહારમાં જિંદગી ગુમાવી. આહા..હા..! એમાં વળી પાંચ હજારનો પગાર હોય ને આઠ હજારનો થાય તો ત્યાં જાણે લાપસી મુકો ઘરે. કરો, આજે તો આઠ હજાર થયા. ધૂળમાંય નથી, સાંભળને ! મોકાણ છે બધી. આહા..!

નાથ ! તારી ચીજને અંતર અનુભવતા જે આનંદ આવે એ આનંદ દુનિયામાં કયાંય નથી. ઇન્દ્રના ઇન્દ્રાસનોમાં એ રાજ, રાજપાટ, મોટા અબજોપતિ રાજા કે આ શેઠિયાઓ જે ધૂળના ધણી કહેવાય, શેઠ.. શેઠ. ધૂળના શેઠ. ધૂળ, એ બધા દુઃખી પ્રાણી છે બિચારા. આહા..હા...! પણ અંદર આત્માના આનંદસ્વરૂપનો અનુભવ કરે છે એ સુખી છે.

સુખીયા જગતમેં સંત, દુરીજન દુખિયા રે..
સુખીયા જગતમેં સંત, દુરીજન દુખિયા રે...

આહા..હા...! પ્રભુ ભગવાન અંતર સચ્ચિદાનંદ પ્રભુનો અનુભવ કરે એ સુખી સંત છે. આહા..હા...! સાચી વાત હશે ? આ તમારા બે કરોડમાં ચાલીસ લાખ પેદા થયા તો ધૂળ આવી. 'બેંગલોર'ના શેઠ છે. પંદર લાખનું મંદિર બનાવ્યું. ત્યાં ગયા હતા. આઠ લાખ એણે આપ્યા, ચાર લાખ બીજાએ આપ્યા, એમ બાર લાખનું મંદિર 'બેંગલોર'માં (બનાવ્યું). આઠ લાખ (આપ્યા) પંદર દિ' અમારું રોકાણ હતું. બે કરોડનું સ્ટીલ હતું, ચાલીસ લાખ વધી ગયા. ધૂળ. ન્યાં ગરી ગયા. આહા..હા...!

અરે..! પ્રભુ ! તારામાં અનંતી લક્ષ્મી ક્રોડાક્રોડની પાર નહિ એટલી લક્ષ્મી આનંદની પડી છે ને, પ્રભુ ! આહા..હા...! એની સામું તારે જોવું નથી અને એનાથી વિમુખ થઈને તારે પરમાં જોવું છે. આહા..હા...! તારી સ્થિતિનો નકાર કરીને તેં તારી હિંસા કરી. તારું જીવન વસ્તુ અંદર આનંદ ને શાંતિનું જીવન, અંદર જીવ, જીવે એ જીવ. અંદર અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનથી જીવે એ જીવ. એ જીવનો નકાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરીને રાગથી મને લાભ થયો, એવા જીવન ગાળ્યા, એ સ્વભાવનો અનાદર કર્યો. આહા..હા..! અરે..! આવી કઈ વાત પણ આ ? સમાજમાં આવું (ચાલે) ? બાપુ ! સમાજ અંદર ભગવાન આત્મા છે. સમાજ કોણ છે ? આત્મા છે કે નહિ અંદર ? આહા..હા...! સમજાય છે કાંઈ ? એ આત્માની અનુભૂતિ સુખરૂપ છે.

**'આત્મા સ્વયમેવ મંગળરૂપ છે,...'** શું કહે છે ઇ ? સ્વયમેવ મંગળરૂપ. મંગ-લ. મંગ-લ. મંગ નામ પવિત્રતા. લ નામ પ્રાપ્તિ, લાતી. ભગવાન આત્મા મંગળરૂપ છે. કેમ કે પવિત્રતાની પ્રાપ્તિ અંદર પડી છે તેમાંથી અનુભવ કરે તો પવિત્રતા પ્રગટ થાય છે. આહા..હા...! મં..ગ..લ. આ તો બહારમાં એક છોકરો થયો ને પચીસ હજાર પેદા થયા ને મકાન બનાવ્યું તો કર્યું માંગલિક. ધૂળેય માંગલિક નથી, સાંભળને! બધા અમાંગલિક છે. એય...! તમે તો વ્યાખ્યાનમાં આવી ગયા છો. ડૉક્ટર પણ આવતા હતા. પહેલાં હતા ને એ આવતા હતા. આહા..હા...! અરે..! બાપુ ! શું કહીએ ? આહા..હા...! એ ભગવાન આત્મા મંગળસ્વરૂપ છે. આહા..હા...! પુણ્ય ને પાપ ન બધી ચીજો તો અમાંગલિક પર છે. આહા..હા...!

મંગ–અંદર પ્રભુમાં પવિત્રતાની પૂર્ણતા પડી છે એ લ નામ પ્રાપ્તિ થાય એનું નામ મંગળ. આત્મા મંગળરૂપ છે તો એનો અનુભવ કરવાથી મંગળતાની પ્રાપ્તિ થાય છે.

બીજો બોલ. મં અને ગલ. મંગ અને લ કહ્યું હતું. હવે મં અને ગલ. આહા..હા...! શું ? નિજ સ્વરૂપને છોડી વર્તમાન દશામાં દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ થયા એ મં (અર્થાત્) એ મારા છે એમ માનવું એ ભ્રમ અજ્ઞાન છે. તેને ગલ નામ ગાળે, તેનું નામ આત્મા કહેવાય છે. જુદી જાતનો ઉપદેશ છે. દુનિયા શું કહે છે એ બધી ખબર છે. અહીં તો ૮૯-૯૦ વર્ષ થયા. ૭૨ વર્ષથી તો શાસ્ત્રનો અભ્યાસ છે. ૬૬ વર્ષથી તો દુકાન છોડી દીધી છે. ૬૬ વર્ષ. 'પાલેજ' માં દુકાન છે. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. જન્મસ્થાન 'ઉમરાળા' છે. અહીંથી અગિયાર માઈલ (દૂર છે). ન્યાં જન્મ લીધો. નવ વર્ષ ત્યાં (રહ્યા). દુકાન છે, મોટી દુકાન છે, હમણા દુકાન છે. પાંચ વર્ષ મેં દુકાન ચલાવી હતી, પાપની. સત્તર વર્ષથી બાવીસ વર્ષ. હમણા મોટી દુકાન છે. પાંત્રીસ, ચાલીસ લાખ રૂપિયા છે. ત્રણ-ચાર લાખની પેદાશ છે. ધૂળની દુકાન છે એ. આ તો ચૈતન્યની દુકાન માંડી. આહા..હા...! અરે..! ભગવાન !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તારા જન્મ-મરણના અંત ન આવે, એ કઈ ક્રિયા ?

અહીંયા તો કહે છે, આત્મા **'મંગળરૂપ છે, આનંદરૂપ છે;...'** આહા..હા...! અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ તો છે, ભાઈ ! તને ખબર નથી. હરણની નાભિમાં કસ્તૂરી, હરણને કિંમત નથી. એમ તારી ચીજમાં અતીન્દ્રિય આનંદ છે, પ્રભુ ! તને ખબર નથી. જ્યાં ત્યાં શોધવા જાય છે. પૈસામાં ને બાયડીમાં ને કુટુંબમાં ને કોઈ વખાણ કરે ત્યાં રાજી રાજી (થઈ જાય). મુર્ખાઈ ભરેલી તારી દશા છે, ભાઈ ! આહા..હા...!

એ આનંદરૂપ પ્રભુ છે. **'તેથી...'** આ કારણે **'આત્માની અનુભૂતિ પણ...'** જે ભગવાન આત્માનો અનુભવ કરવો, સ્વ સ્વરૂપનો આશ્રય લઈને.. આહા..! એ પણ **'મંગળરૂપ અને આનંદરૂપ છે.'** આહા..હા...! આત્મા શબ્દમાં કેટલું ભર્યું છે ! સમજાય છે કાંઈ ? પણ એ આત્મા શું છે એ વાત જ જગતને બેસતી નથી. કોઈ દિ' સાંભળી નથી અને એ તરફનો ઝુકાવ કર્યો નથી. આ જગતની બહારની હો..હા, હો..હા.. અને બે, પાંચ કરોડ થાય તો માણસ વખાણ કરે. ઓહો..! ઉદ્યોગપતિ એ તો બાપા ! એમાં બિરૂર લગાવી દે. પાપનો ઉદ્યોગપતિ. આહા..! આપણે હતા ને ? ચાલીસ કરોડ રૂપિયા. અહીં આવતા, વ્યાખ્યાનમાં આવતા. દિલ્હી. ઉદ્યોગપતિ બિચારા ૬૬ વર્ષની ઉંમરે મરી ગયા. બે મહિના પહેલાં અહીં વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. અહીં કાયમ આવતા. શું વસ્તુ ધૂળમાં ? આહા..હા...!

અહીં કહે છે, પ્રભુ ! ત્રિકાળી તો આનંદસ્વરૂપ અને મંગળ છે, ભાઈ ! તો એનો અનુભવ કરવાથી મંગળ અને આનંદ પ્રગટ થશે. આહા..હા...! એનું નામ ધર્મ છે. બાકી બધી વાતું છે. આહા..હા...! છે ? એ ૨૨૭ (બોલ પૂરો) થયો. સાડા ત્રણ લીટીનો અર્થ થયો.

**આત્માના અસ્તિત્વને ઓળખીને સ્વરૂપમાં ઠરી જા, બસ !... તારું અસ્તિત્વ આશ્ચર્યકારી અનંત ગુણપર્યાયથી ભરેલું છે. તેનું પૂર્ણ સ્વરૂપ ભગવાનની વાણીમાં પણ પૂરું આવી શકતું નથી. તેને અનુભવી, તેમાં ઠરી જા. ૨૨૮.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



૨૨૮. **'આત્માના અસ્તિત્વને ઓળખીને...'** શું કહે છે ? ભગવાન આત્માની હયાતી, મોજૂદગીને ઓળખીને. આત્માના અસ્તિત્વની મોજૂદગીને ઓળખીને. આહા..હા...! હું આત્મા, અસ્તિત્વ નામ મારી સત્તા, પૂર્ણ સત્તા, આનંદસત્તા, જ્ઞાનસત્તા, એવી પૂર્ણતાથી મારી સત્તા છે. અસ્તિત્વ નામ હોવું, મોજૂદગીપણે રહેવું. એવો ભગવાન આત્મા. પર્યાય વર્તમાન વિચાર બદલે છે એ પર્યાયનું લક્ષ છોડી દે, અને એનું અસ્તિત્વ જે કાયમી અસ્તિત્વ, અનાદિઅનંત પોતાની સત્તામાં રહેનાર. આહા...હા...! પરની સત્તામાં જતો નથી અને પરની સત્તાથી પોતામાં કંઈ થતું નથી. આહા..હા...! આવો ઉપદેશ હવે. શું થાય ? બાપા !

ભગવાન ! તારી મહિમાનો પાર ન મળે. એ ચીજ અંદર એવી છે. આહા..હા...! જેનું અસ્તિત્વ.. આ શરીર છે તો શરીરનું અસ્તિત્વ છે ને ? વાણીનું અસ્તિત્વ છે ને ? છે તે જણાય છે ને ? તો આત્માનું–પોતાનું કોઈ અસ્તિત્વ છે કે નહિ ? એ કાયમી અસ્તિત્વ છે તેને જાણવું, છે તેને જાણવું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. આહા..હા...! ન્યાં દિલ્હીમાં, ને કલકત્તામાં કાંઈ ન મળે. બધું જોયું છે ને. બધે જોયું છે ને, દિલ્હી જોયું ને કલકત્તા (જોયું છે). આખા હિન્દુસ્તાનમાં દસ હજાર માઈલ ત્રણ વાર ફર્યા છીએ. દસ હજાર માઈલ. છે ને એક મોટર ? એને લઈને. ચાલીને તો ક્યાં પોગાય ? આહા..હા..! અરે..! બાપા ! પ્રભુ ! શું કહીએ ? કહે છે.

આ બેનના વચનો અનુભવમાંથી નીકળેલા છે, આનંદના અનુભવમાંથી. સમજાય છે કાંઈ ? પણ બેસવું કઠણ પડે. આહા..હા...! **'આત્માના અસ્તિત્વને...'** આત્માની હયાતીને, આત્માની મોજૂદગીને આહા..હા...! **'ઓળખીને...'** એ ત્રિકાળી હયાતીને જાણીને. જાણીને એ દશા છે, અને ત્રિકાળી હયાતી આત્મા છે. તેને જાણનારી તેની દશા છે. આહા..હા...! બાપા ! આ તો અધ્યાત્મનો માર્ગ છે. આ કાંઈ કોઈ વાર્તા, કથા નથી. નાની ઉંમરમાં શીખતા ને ? ચકલી લાવી ચોખાનો દાણો ને ચકો લાવ્યો મગનો દાણો, એની બનાવી ખીચડી ને કુંભાર ને આપી ને એણે ઘડુલો આપ્યો. નાની ઉંમરમાં શીખ્યા હતા. એવી આ વાતું. જગતની બધી વાતું એવી છે. આ તો અધ્યાત્મની વાત છે, પ્રભુ ! આહા..હા...! ભવનો અંત આવીને નિજ આનંદની પૂર્ણ દશા કઈ રીતે પ્રાપ્ત થાય, એ વાત છે, નાથ ! આહા..હા..!

તારા **'અસ્તિત્વને ઓળખીને સ્વરૂપમાં ઠરી જા,...'** તારું અસ્તિત્વ નામ સત્તા-

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોવાપણામાં, તેનું જ્ઞાન કરીને કે આ હું આત્મા પૂર્ણાનંદ છું એ મારું અસ્તિત્વ છે, એને ઓળખીને અંદર સ્થિર થઈ જા. આહા..હા..! સ્વરૂપમાં રમણતામાં રમી જા. 'નિજપદ રમે સો રામ કહીએ, રાગમાં રમે તે હરામ કહીએ.' એય..! નિજપદ પ્રભુ આનંદનો નાથ, એમાં રમે એ આતમરામ તેને રામ કહીએ. બાકી એ પુણ્ય ને પાપ, શુભ ને અશુભ, વિષયકષાય ને દયા, દાનના ભાવમાં રમે તે હરામી કહીએ. આકરી વાત છે, ભાઈ ! કોરડા પડે એવું છે માથે. ચામરડા ઉતરીને ખાર છાંટે તો આકરું કેવું લાગે ! અમસ્તો ખાર છાંટે તો (કાંઈ ન લાગે). ચામડી ઉતરડીને (છાંટે તો આકરું લાગે). ભગવાન ! તને ખબર નથી, પ્રભુ ! એ રાગ વિનાના–ચામડા વિનાની તારી ચીજ અંદર છે. આહા..હા...! અંદર આનંદનો નાથ છે, પ્રભુ ! તેં કોઈ દિ' જોયો નથી, તેં કદી સાંભળ્યું નથી અને કરવા લાયક કાર્ય તેને કદી કર્યું નથી. આહા..! ઓળખીને ઠર.

હવે એટલી વાત કરે છે, **'તારું અસ્તિત્વ...'** તારી મોજૂદગી, તારી હયાતી. આહા..હા...! આ કઈ જાતની ભાષા ? ભાષા તો સાદી ગુજરાતી છે. આ તો હિન્દી બનાવ્યું છે, બાકી બેનની ભાષા ગુજરાતી છે. સમજાય છે કાંઈ ? **'તારું અસ્તિત્વ આશ્ચર્યકારી અનંત ગુણપર્યાયથી ભરેલું છે.'** આહા..હા...! તારું હોવાપણું–અસ્તિત્વ છે એ આશ્ચર્યકારી છે, પ્રભુ ! અનંત ગુણના ભેદ, ગુણપર્યાયથી ભરેલું છે. એ ગુણપર્યાય એટલે ભેદ. આહા..હા...! આ શું કહે છે ?

જેમ સાકર છે એ મીઠાશથી, સફેદાઈથી ભરી પડી છે. એમ ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન આદિ અનંત ગુણના ભેદથી ભરેલો છે. આહા..હા...! આરે..! આવો આત્મા ? આ આત્મ તત્ત્વજ્ઞાન જ્યાં સુધી ન કરે ત્યાં સુધી બધી સાધના એકડા વિનાના મીંડા છે. કોરે કાગળે એકડા મુક્યા વિનાના મીંડા કરે, લાખ કરોડ. સંખ્યામાં ગણાય ? લાખ, કરોડ કર્યા છે ને ? એમ ભગવાન આત્માના જ્ઞાન ને અનુભવ વિના જેટલી ક્રિયાકાંડ ને દયા, દાન ને વ્રત, ભક્તિ ને પૂજા બધી ધમાલ, નિરર્થક રાગ (છે). નિરર્થક એટલે સ્વભાવને માટે નિરર્થક, રખડવા માટે સાર્થક. મોટા ... થાય છે ને ?

'ગાંધીજી' વ્યાખ્યાનમાં આવ્યા હતા. 'ગાંધીજી' 'રાજકોટ' આવ્યા હતા. બેન.. શું કહેવાય ? 'કસ્તુરબા'. એની સાથે પેલો માણસ હતો ને ? મહાદેવભાઈ. બધા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવતા. ત્યાં તો (સંવત) ૧૯૯૫નું ચોમાસુ હતું ને. ૩૯ વર્ષ પહેલાંની વાત છે. ત્યાં આવ્યા હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. પણ અમારી વાત તો આ છે, બાપુ ! બાકી બધી લૌકિક વાત છે. ગાંધીની પણ લૌકિક વાત હતી. એય...! આહા..હા...! ભાઈ ! તારી ચીજમાં–અસ્તિત્વમાં શું પડ્યું છે ? તારા અસ્તિત્વમાં પ્રભુ ! અનંત શક્તિ અનંત ગુણરૂપી પર્યાયભેદ પડ્યા છે. આહા..હા...! જે ગુણની સંખ્યાને અંત નથી. સંખ્ય નહિ, અસંખ્ય નહિ, અનંત પણ અનંતનો અંત નહિ. આ વાત બેસવી કઠણ. અંદરમાં–ગુફામાં જા, ભગવાન સ્વરૂપ બિરાજે છે ત્યાં તે એના ગુણ-પર્યાયથી ભરપૂર ભરેલો છે. અરે...! આ શું છે આ તે ? આવો માર્ગ ક્યો ? બાપુ ! માર્ગ તો આ છે. દુનિયાએ બગાડીને મારી નાખ્યો. માર્ગ કંઈક કરી નાખ્યો, ઊંધો. આહા..! જેનાથી આત્મજ્ઞાન થાય અને જેનાથી ભવનો અંત આવે એ ચીજ પ્રભુ ! કોઈ જુદી છે. એ કોઈ વિદ્વતાનો વિષય નથી. આહા...હા...! કે મોટા વિદ્વાન થઈ ગયા ને લાખો કરોડોને સમજાવ્યા માટે તે જ્ઞાન સાચું છે (એમ બિલકુલ નથી). આહા..હા...!

અહીંયા તો કહે છે, તારા અસ્તિત્વમાં–તારી મોજૂદગીમાં આશ્ચર્યકારી અનંત ગુણ–શક્તિ આદિ ભરેલા છે. **'તેનું સંપૂર્ણ સ્વરૂપ...'** આહા..હા...! આત્માનું સંપૂર્ણ સ્વરૂપ **'ભગવાનની વાણીમાં પણ પૂરું આવી શકતું નથી.'** જેને સર્વજ્ઞપણું પ્રગટ થયું, કેમ કે સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ, સર્વજ્ઞ–જ્ઞ સ્વરૂપી, જ્ઞ-સ્વરૂપી, સર્વજ્ઞસ્વરૂપી આત્માનો અનુભવ કરી તેમાં લીન થઈ જ્યારે પર્યાય–દશામાં સર્વજ્ઞપણું થયું તો ત્રણકાળ ત્રણલોક જણાયા. તેને અહીંયા અરિહંત ભગવાન કહેવામાં આવે છે. આ 'ણમો અરિહંતાણં' એ પક્ષનો શબ્દ નથી. અરિ નામ રાગ ને દ્વેષ ને અજ્ઞાનરૂપી અરિ, એને હંતાણં નામ હણી અને વીતરાગ ને સર્વજ્ઞપણું પ્રગટ કર્યું એનું નામ અરિહંત કહેવાય છે. એ પહેલો નમસ્કાર ણમો અરિહંતાણમાં આવ્યા. આહા..હા...! એ ભગવાનને પણ વાણી દ્વારા આત્મા કહેવાણો નહિ. આહા..!

ગુંગાને ગોળ દે, ગુંગાને ગોળ. ગુંગા ! ગોળ કેવો છે ? બસ. ભાષામાં (ન આવે). આહા..હા...! જેણે ચાખ્યો એને ખબર પડે. એ વાણી દ્વારા કહી શકે નહિ. આહા..હા...! 'જે સ્વરૂપ સર્વજ્ઞે...' 'શ્રીમદ્ રાજચંદ્ર' થયા. બહુ જ્ઞાની (હતા), ૩૪ વર્ષે દેહ છૂટી ગયો. બાવીસ વર્ષે આત્મજ્ઞાન થયું હતું. લાખોનો ઝવેરાતનો ધંધો હતો. છતાં અંદર આત્મજ્ઞાન (હતું). ભિન્ન જેમ નાળિયેરનો ગોળો છૂટો પડે ને છૂટો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રહે. કાચલીથી છૂટો. કાચલી સમજો છો ? નરેલી કહે છે ? શું કહે છે તમારા હિન્દીમાં ? નરેલી. એમ આ દેહ ને રાગથી ભિન્ન ભગવાન છે એવું જ્ઞાન થયું એ ગોળો ભિન્ન પડે છે. એમણે એક 'અપૂર્વ અવસર' બનાવ્યું.

'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,' જે સ્વરૂપ સર્વજ્ઞે જ્ઞાનમાં દીઠું. 'કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો, તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ? તે સ્વરૂપને અન્ય વાણી તે ક્યા કહે ? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.' આહા..હા...! ઘીનો સ્વાદ ગળથૂથીમાંથી મળ્યો છે. ઘી.. ઘી. જન્મ થાય ત્યારે ગળથૂથી આપે ને ? જન્મઘૂંટી. કેવો સ્વાદ છે ? બતાવો. કોઈ પદાર્થ સાથે મેળવો. સાકર જેવો ? ગોળ જેવો ? ... આવે છે તળાવમાં, એના જેવો ? કેવો ? ખ્યાલમાં છે પણ કોઈ પદાર્થ સાથે મીંઢવીને કહી શકાય એવી ચીજ નથી. અરે...! ઘીના સ્વાદ જેવી જડની ચીજના સ્વાદને ખ્યાલમાં આવ્યો છતાં કોઈ પદાર્થ સાથે મીંઢવણી ન થઈ શકે તો પ્રભુ આત્માના આનંદના સ્વાદની કોની સાથે તારે મીંઢવણી કરવી છે ? આહા..હા...! ભગવાન આત્માનું પ્રથમ વાર જ્ઞાન થાય છે ત્યારે એનો આનંદ આવે છે એ વાત કોણ કહે ? કઈ રીતે કહે ? આહા..હા...! ભલે એ ગૃહસ્થાશ્રમમાં હો, પણ આત્મજ્ઞાન થાય છે... આહા..હા...! એ આત્મામાં છે, ગૃહસ્થાશ્રમમાં નહિ. આહા..હા...!

**'તેનું સંપૂર્ણ સ્વરૂપ ભગવાનની વાણીમાં પણ પૂરું આવી શકતું નથી.'** આહા..હા...! **'તેને અનુભવી, તેમાં ઠરી જા.'** બહુ માખણ છે. માખણ હોય ને ? એ આમ છૂટા રાખે. છાશ નીતરી જાય ને માખણ ઉપર રહી જાય. આમ કરીને ન કાઢે. છાશ નીતરે નહિ ને માખણ જુદું પડે નહિ. એમ ભગવાનના આનંદના સ્વાદમાં રાગનો સ્વાદ ભિન્ન થઈ જાય છે, નીતરી જાય છે. આહા..હા...! આવી વાતું હવે ક્યાં...? દુનિયાના ડાહ્યા થઈને ફરે. દુનિયાના ડાહ્યા દુનિયામાં જવાના, રખડવાના. આહા..! ભગવાન આત્માના ડાહ્યા રખડવાનું બંધ કરીને પરમાનંદને પ્રાપ્ત કરશે. સમજાય છે કાંઈ ? આહા..હા...! શું કહ્યું ? જુઓ !

**'તેને અનુભવી, તેમાં ઠરી જા.'** ચારિત્ર આ. પહેલાં સ્વરૂપ જે શુદ્ધ અખંડ આનંદકંદ છે, તેને ઓળખી સ્વરૂપ સન્મુખ થઈ, પરથી વિમુખ થઈ સ્વરૂપની સન્મુખ થઈ અનુભવ કરવો અને પછી એમાં સ્થિર થઈ જવું એ ચારિત્ર છે. ચારિત્ર એ કોઈ બહારની ક્રિયા નથી કે આ વ્રત પાળે છે ને મહાવ્રત પાળે છે ને શરીરથી બ્રહ્મચર્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પાળ્યું માટે ચારિત્ર છે, એમ નથી. બ્રહ્મચર્ય નામ બ્રહ્મ નામ આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એમાં ચર્ય નામ રમવું એનું નામ ચારિત્ર કહેવાય છે. આરે..! શબ્દે શબ્દે ફેર. પેલું કહે છે ને ? 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક તાંબિયાના તેર'. એમ અહીં કહે છે, તારે ને મારે બાપા ! ભાવે ભાવે ફેર, પ્રભુ ! શું કહીએ ? કહે છે. આહા..હા...! એ ૨૨૮ (પૂરો થયો). એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની વાત કરી.

અંતર સમ્યક્–સત્યદર્શન, ત્રિકાળી સત્યાર્થ પ્રભુ, મોજૂદગી ચીજ અનંત અનંત ગુણથી ભંડાર ભર્યો છે એની અનુભવમાં પ્રતીતિ થઈ અને જ્ઞાન થયું, આનંદનો સ્વાદ આવ્યો. અહીં સુધી તો સમ્યગ્દર્શન, જ્ઞાનની વાત કરી. હવે મુનિ. એ મુનિ કોને કહીએ ! આહા..હા...! આ સાધુ થઈ ગયા, બાયડી છોકરા છોડ્યા, લુગડાં ફેરવ્યા,. ધૂળેય સાધુ નથી. સાધુ તો એને કહીએ કે જે વસ્તુનું સ્વરૂપ છે તેને સાધતે ઇતિ સાધુ. આહા..હા...! જે વસ્તુની ખબર નથી એ સાધે ક્યાંથી ? સમજાય છે કાંઈ ? એ કહે છે.

**મુનિને સંયમ, નિયમ ને તપ – બધામાં આત્મા સમીપ હોય. અહો ! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો...ત્યાં આ લૌકિક જનના પરિચયનો રસ કેમ ?**

**તારે શુદ્ધિ વધારવી હોય, દુઃખથી છૂટવાની ભાવના હોય, તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળાના સંગમાં વસજે.**

**લૌકિક સંગ તારો પુરષાર્થ મંદ પડવાનું કારણ થશે. વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશે, વધવાનું કારણ થશે.**

**અચાનક આવી પડેલા અસત્સંગમાં તો પોતે પુરુષાર્થ રાખી જુદો રહે, પણ પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ મંદ પડી જાય.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**– આ તો સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને (આચાર્યદેવની) ભલામણ છે. નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે. આ પ્રમાણે પોતાની ભૂમિકાનુસાર બધાએ સમજી લેવાનું છે. ૨૨૯.**

**'મુનિને...'** એ સંતની ઉત્કૃષ્ટ વાત લીધી. **'સંયમ..'** એમાં આત્મા સમીપ છે. સંયમ નામ ઇન્દ્રિય દમન કરી જે અનુભવ થયો. સં-યમ, સં-યમ. સમ્યક્ પ્રકારે યમ. ત્રિકાળી જ્ઞાયકભાવને સમ્યક્ પ્રકારે જાણીને પછી યમ નામ સ્થિર થાય, એનું નામ સંયમ. અરે.. અરે..! આવી ભાષા. એ સંયમ છે. અને **'નિયમ...'** આકરા નિયમ ધારણ કરે. એ જરી સૂક્ષ્મ વાત છે. એવો નિયમ ધારણ કરે કે હું ભિક્ષા લેવા જાઉં તો બાઈનું નામ મોતી હોય, મોતીચૂરનો લાડવો ખાતી હોય, મોતીચૂરનો સાડલો પહેર્યો હોય. સાડલો સમજ્યા ? સાડી. એને હાથે લેવું, નહિતર દેહ છૂટી જાય તો પણ ન લઉં. એવા નિયમ પણ અનંતવાર લીધા. પણ આ નિયમ જે છે એમાં આત્મા સમીપ વર્તે છે. આહા..હા...! આનંદનો નાથ ભગવાન, નિયમના સમીપમાં વર્તે છે. જેને આત્મા સમીપમાં નથી એના સંયમ ને નિયમ કહેવાતા નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

શાસ્ત્રનો એ શબ્દ છે 'जस सन्निहो अप्पा' જેને સમીપમાં આત્મા છે. તેને 'संयमे नियमे तवे' એ તપ નામ વીતરાગી દશા ઉત્પન્ન થાય, ઇચ્છાનિરોધ કરીને અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ આવે છે તેને તપ કહે છે. તપન્તે ઇતિ તપ. જેમ સુવર્ણ ગેરુથી ઓપે છે, શોભે છે એમ ભગવાન આત્મા અંતર આનંદની દશામાં ઉગ્રપણે શોભે છે તેને તપ કહે છે. બાકી બધું લાંઘણું કહેવાય. લંઘન.. લંઘન. આહા..હા...! આ સત્યાગ્રહ માટે કરે છે ને ? શું કહેવાય ? શહીદ થઈ જાય છે ને મરી જાય. ઘણા જોયા છે. ઘણા સાંભળ્યા છે. ધૂળેય ત્યાં સંયમ નથી. રાગની ક્રિયા છે. બંધનની ક્રિયા છે. બંધનના ફળમાં ગતિ મળે. આહા..હા...! દેહ છૂટશે તો આત્મા કંઈ છૂટશે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્માનો નાશ થશે ? અને લોકો પણ કહે છે ને દેહ છૂટતી વખતે ? એ.. જીવ ગયો. જીવ ગયો એમ કહે છે કે જીવ મરી ગયો, એમ કહે છે ? આ દાક્તર પલ્સ જોવે. હાથ આવતી નથી. ચાલ્યો ગયો અહીંથી. એ વસ્તુ હતી તે ગઈ કે વસ્તુ નહોતી ? આહા..હા...!

એવો જે આત્મા એને જે સંયમ હોય છે ને નિયમ હોય છે ને તપ, **'બધામાં આત્મા સમીપ હોય.'** આનંદનો નાથ જેની નજરમાં સમીપમાં છે તો એ સંયમ ને નિયમ કહેવાય છે. આહા..હા..! ભારે ભાઈ ! ભાષા ભાષાએ ફેર, વાણી વાણીએ ફેર. બાપુ ! મારગડા એવા છે, ભાઈ ! આહા..! અનંતકાળથી પરિભ્રમણ (કરી રહ્યો છે). આહા..હા...!

'અનંત કાળથી આથડ્યો..' આથડ્યો એટલે રખડ્યો. 'વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને, મુક્યા નહિ અભિમાન.' અનંત અનંત કાળથી આથડ્યો. આથડ્યો એટલે રખડ્યો. 'વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને...' જ્ઞાની ધર્માત્મા શું કહે છે, એની સેવા એટલે આજ્ઞા માની નહિ. સેવા એટલે કાંઈ પગ દાબવા એ સેવા-બેવા નથી. સમજાય છે કાંઈ ? એમણે જે કહ્યું તે એણે માન્યું નહિ તો સેવા ન કરી. આહા..હા...! 'મુક્યું નહિ અભિમાન' હું જાણું છું, મને ખબર છે. અભિમાનમાં ને અભિમાનમાં તારી જિંદગી ગઈ, પ્રભુ ! એવા અનંત ભવ ગયા. આહા..હા...!

ભવનો અંત છે ? ક્યારથી ભવ શરૂ થયા ? આત્મા ક્યારથી છે ? એ તો અનાદિથી છે. તો ભવ પણ ક્યારથી શરૂ થયા એવું કાંઈ છે. અનાદિથી ભવ છે. આમ ભૂતકાળ.. ભૂતકાળ જુઓ તો ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. અંત વિનાના. આહા..હા...! અનંતા અનંતા અનંતા અનંત ભવ કર્યા. આહા..હા..! પણ ભવનો અંત લાવનારી ચીજ જે અંદર છે તેની સમીપ ન આવ્યો. તેનાથી દૂર રહી ગયો. રાગની ક્રિયા ને દયા ને દાન ને પુણ્ય ને ભક્તિ ને પૂજા ને.. એ બધી રાગની ક્રિયા છે, એ તો ભગવાનથી દૂર છે. આહા..હા...! આવું આકરું પડે જગતને, શું થાય ? ભાઈ !

**'અહો ! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો...'** છે ને, પ્રભુ ! આ મુનિ કહે છે. સાધુ એટલે અંતર આનંદ સ્વરૂપને સાધે. શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ કરે. આહા..હા...! જેમ ચોસઠ પહોરી લીંડીપીપર, છોટીપીપર એમાં ચોસઠ પહોરી શક્તિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભરી છે. ચોસઠ પહોર ઘુંટે છે તો ચોસઠ પહોરી શક્તિ છે તે બહાર આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ, છે તે બહાર આવે છે. આ લીંડીપીપર હોય છે ને ? કદે નાની ને રંગે કાળી પણ અંદરમાં લીલો (અને તીખાશની) શક્તિ ચોસઠ નામ રૂપિયે રૂપિયો, સોળ આના તીખાશથી ભરેલી છે. આહા..હા...! એને ચોસઠ પહોર ઘુંટવાથી છે તે બહાર આવે છે. એમ ભગવાન આત્મામાં સર્વજ્ઞ ને પૂર્ણ આનંદ ભર્યો છે, પ્રભુ ! તને ખબર નથી. આહા..હા...! ચોસઠ નામ રૂપિયો. ચોસઠ નામ સોળ આના. ચોસઠ નામ પૂર્ણ. આહા..હા...! એ પૂર્ણ જ્ઞાન ને આનંદ અંદર પડ્યા છે. આહા..હા...! એની એકાગ્રતાથી તેને સમીપ લઈ, રાગને દૂર કરી... આહા..હા...! ભગવાન જ્યારે આવ્યા છે... **'આત્માની સાધના કરવા નીકળ્યો.. ત્યાં આ લૌકિક જનોના પરિચયનો રસ કેમ ?'** આહા..હા...! રાજા આવ્યા ને શેઠિયા આવ્યા ને એને પસંદ કરે.. આ છે શું તને ? સમજાય છે કાંઈ ? દુનિયાને રાજી રાખવી, સભા કેમ રાજી થાય ? શું છે તારે ? લોકરંજન કરવું છે તારે ? એમ કહે છે. આહા..! આહા..હા...! લોકિકજનો, હોં ! જેને ભાન ન મળે કંઈ તત્ત્વની દૃષ્ટિનો. તેનો પરિચય કરવાથી તને શું લાભ છે ? એ પરિચય છોડ અને સ્વભાવનો પરિચય કર. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✻ ✻ ✻

**પહેલાંમાં પહેલી ક્રિયા શું ? - કે સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણતા કરવી તે પ્રથમ ક્રિયા છે. દ્રવ્ય તો ત્રિકાળી નિરાવરણ છે. પણ વર્તમાન પર્યાયમાં રાગાદિને મિશ્રિત કર્યા છે. તો પણ ભેદજ્ઞાનની પ્રવીણતાથી, રાગની દશાની દિશા પર તરફ છે અને જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે. એમ બે વચ્ચે પ્રજ્ઞાછીણી મારવાથી ભિન્નતા અનુભવી શકાય છે. 'પરમાગમસાર' બોલ નં.૩૪૮.**

✻

**એ રીતે સર્વ પ્રકારથી ભેદજ્ઞાનની પ્રવીણતાથી શું થાય છે ?- કે 'આ અનુભૂતિ છે તે જ હું છુ' પણ વ્યવહારરત્નત્રયનો રાગ છે તે હું નથી એમ આત્મજ્ઞાન થાય છે. જ્ઞાનલક્ષણથી લક્ષિત ચૈતન્યસ્વભાવનો અનુભવ થતાં આ અનુભૂતિ તે જ હું છું એમ સમ્યગ્જ્ઞાન થાય છે. 'પરમાગમસાર' બોલ નં.૩૪૯.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**ભાદરવા સુદ ૮, રવિવાર તા. ૧૦-૦૯-૧૯૭૮.**
**વચનામૃત–૨૨૯, ૨૩૦, ૨૩૧. પ્રવચન–૯૦**

'વચનામૃત'નો ૨૨૯ ચાલે છે. મુનિની મુખ્યતાએ અધિકાર છે. **'તારે...'** ત્યાં આવ્યું છે. **'શુદ્ધિ વધારવી હોય,...'** આહા..હા...! અહીંયા મુખ્યપણે મુનિને કહે છે, હોં ! પોતાનો આત્મા રાગના સંગથી ભિન્ન છે એવો અનુભવ થયો હોય અને પછી સ્વરૂપમાં સંયમ, નિયમમાં ભગવાન સમીપ વર્તતો હોય, તેનું નામ મુનિપણું છે. એ મુનિને કહે છે, **'તારે શુદ્ધિ વધારવી હોય,...'** આત્મા પૂર્ણાનંદ પ્રભુ તારા અનુભવમાં આવ્યો છે અને ચારિત્રમાં પણ રમણતા તો છે પણ વિશેષ શુદ્ધિ વધારવી હોય અને **'દુઃખથી છૂટવાની ભાવના હોય, તો અધિક ગુણવાળા..'** પોતાથી અધિક ગુણ હોય તેનો સંગ કરવો કાં **'સરખા ગુણવાળાના સંગ વસજે.'** (કરજે.)

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :— અહીંયા તો સંગ કરે તો કોને કરે એ વાત છે. સંગ કરવામાં સંગ કરે તો કોનો કરે ? સંગ ન કરે તો અસંગમાં રહે, પણ અસંગમાં કાયમ રહી શકે નહિ. મુનિ પણ કાયમ અસંગમાં રહી ન શકે. આહા..હા...! એને પણ વિકલ્પ તો આવે છે, પ્રભુ ! આહા..! વીતરાગી નિર્વિકલ્પ ભગવાન જાગૃત થયો છે. અને જાગૃતમાં પણ હજી કમી છે, રાગાદિ આવે છે, તો એને કહે છે. આહા..હા...! પોતાથી **'અધિક ગુણવાળા કે સરખા ગુણવાળા (આત્મા)ના સંગમાં વસજે.'** આવે છે ને ? 'પ્રવચનસાર' ચરણાનુયોગના અધિકારમાં.

**'લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે.'** આહા..હા...! શેઠિયાઓ ને રાજાઓ ને એ બધાનો સંગ તો તને નુકસાન કરશે. આહા..હા..!

મુમુક્ષુ :– મુનિને ઉદ્દેશીને વાત છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મુનિને મુખ્ય ઉદ્દેશીને વાત છે. આ તો હજી ધંધો છોડ્યો નથી. આ તો જેણે ધંધા છોડ્યા છે, અંતરમાં શુદ્ધિની વૃદ્ધિ થઈ છે એને શુદ્ધિની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વૃદ્ધિ કરવી હોય તો એણે પોતાથી ગુણમાં અધિક હોય તેના સંગમાં રહેવું. સરખા ગુણવાળા હોય તો તેનો સંગ કરવો. **'લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે.'** રાજા ને શેઠિયાઓ આવ્યા ને એને ઉપદેશ આપવો ને એને રાજી રાખવા.. શેઠિયાને, રાજાઓને રાજી રાખવાના સંગનો વિકલ્પ તને નુકસાન કરશે. આહા..હા...!

**'વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશેષ વધવાનું કારણ થશે.'** નિમિત્ત. **'અચાનક આવી પડેલા અસત્સંગમાં તો પોતે પુરુષાર્થ રાખી જુદો રહે,...'** એકદમ લૌકિક સંગ આવી ગયો ક્યાંક તો ત્યાંથી જુદો રહે **'પણ પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે...'** આહા..હા...! **'તો તેની પરિણતિ મંદ પડી જાય.'** આહા..હા...! આ તો વીતરાગભાવ... જંગલમાં ગિરીગુફા ભગવાન આત્મા, આનંદની ગુફા છે ભગવાન આત્મા, ત્યાં જવું છે તો પરનો સંગ છોડી દે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અધિકાર ચાલતો હોય એ ચાલે. આહા..હા...! **'તેની પરિણતિ મંદ પડી જાય.'**

**'આ તો સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને (આચાર્યદેવની) ભલામણ છે.'** છે ? ધન્ય અવતાર ! પોતાનો આનંદસ્વરૂપ ભગવાનમાં અંદર ઝુલે છે. ઝુલામાં ઝુલે એમ આનંદમાં ઝુલે. વિકલ્પ આવી જાય ત્યાંથી ખસીને અતીન્દ્રિય આનંદમાં ઝુલે. એ ચારિત્ર સાધન છે, ભગવાન ! એ સાધન સાક્ષાત્ મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ ? આ દસલક્ષણી પર્વ એ ચારિત્રના ભેદ છે. પોતાનું સમ્યગ્દર્શન, સત્યદર્શન રાગથી ભિન્ન ભેદજ્ઞાનથી થયું, એમાં લીન થઈ ચારિત્ર થયું, એનું દસ પર્વ, શાંતિ વધારવી, આનંદ વધારવો એ આ દસ પર્વ છે. સમજાય છે કાંઈ ? અહીંયા મુનિની વાત છે.

**'નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે.'** શું કહે છે ? વ્યવહાર અધિકાર ચાલતો હશે ને ? અંદરમાં જાવું અને વ્યવહારનો વિકલ્પ આવે તો અધિક ગુણીનો સંગ કરવો. એવી વ્યવહાર સંધિ આવે છે. **'આ પ્રમાણે પોતાની ભૂમિકાનુસાર બધાએ સમજી લેવાનું છે.'** પોતપોતાની ભૂમિકા અનુસાર સમજી લેવાનું છે. આહા..હા...! સમ્યગ્દર્શનના અભિલાષીએ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનો સંગ છોડી દેવો. સમજાય છે કાંઈ ? સાચો સંગ આદિ મળે એ છે તો પર ઉપર લક્ષ જાવું એ વિકલ્પ, પણ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર કોને કહેવા એનો પહેલાં નિર્ણય કરવો પડશે. આહા..હા...! અને એનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સંગ છોડવો પડે. પોતાના સ્વરૂપની દૃષ્ટિ થઈ તો સત્‌સમગામ, સાચો સંગ છે એનો વિકલ્પ આવે છે. સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર છે તો બંધનું કારણ. આહા..હા...!

**આત્મા તો આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ ! પહેલાં ચારે બાજુથી તેને ઓળખી, પછી નય-પ્રમાણ વગેરેના પક્ષ છોડી અંદરમાં ઠરી જવું. તો અંદરથી જ મુક્તિ સ્વરૂપ પ્રગટ થશે. અંદર સ્વરૂપમાં ઠરી ગયેલા જ્ઞાનીઓ જ સાક્ષાત્ અતીન્દ્રિય આનંદામૃતને અનુભવે છે. 'त एव साक्षात् अमृतं पिबन्ति'. ૨૩૦.**

૨૩૦. **'આત્મા તો આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ !'** આહા..હા...! ભગવાન આત્મા આશ્ચર્યકારી અદ્‌ભુતા અદ્‌ભુતમ્ ચૈતન્યમૂર્તિ છે. ચૈતન્યપ્રતિમા ભગવાન સ્વરૂપ છે. આહા..હા...! જેમાં રાગ તો નથી પણ અલ્પજ્ઞતા પણ જેમાં નથી. આહા...! એવો ભગવાન આત્મા, આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ. આહા..હા...! ક્ષેત્ર ને કાળ પણ આશ્ચર્યકારી ક્યાંય અંત ન દેખાય. આહા..હા...! તો એને જાણનારો ભગવાન.. ભાઈ ! જરી વિચારમાં લેવું જોઈએ. એમ ને એમ ન ચાલે. આહા..! આશ્ચર્યકારી અદ્‌ભુતાત્ અદ્‌ભુતમ્. અનંત અનંત આનંદ આદિ ગુણ, સામાન્ય સદૃશપણે અંદર પડ્યા છે. આહા..હા...! એવી જિનપ્રતિમા પ્રભુ, ચૈતન્યમૂર્તિ. આહા..હા...!

**'પહેલાં ચારે બાજુથી તેને ઓળખી,...'** ચારે બાજુથી ભગવાન પૂર્ણાનંદ છે તેને ઓળખી. આહા..હા..!

મુમુક્ષુ :– ચાર બાજુ કઈ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ચાર એટલે બધા પડખેથી, એમ. બધે પડખેથી. વ્યવહારથી,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નિશ્ચયથી, નિમિત્તથી, ઉપાદાનથી. એમ. અનેક પડખાં છે તે બધા પડખેથી એને ઓળખવો. આહા..હા...! આ ઝીણી વાતું. બધી બાજુ નામ અનેક પ્રકારના નય, નિક્ષેપ, પ્રમાણ છે કે નહિ ? નય, નિક્ષેપ, પ્રમાણ ચારે બાજુથી પહેલાં આત્માની ઓળખાણ કરે. આહા..હા...! નિશ્ચયથી ભગવાન પૂર્ણાનંદ છે, વ્યવહારથી પર્યાય છે. આહા..હા...! પર્યાય છે, એમ બન્નેનો નિર્ણય યથાર્થ કરે. સમજાય છે કાંઈ ? વસ્તુ તરીકે ધ્રુવ છે એ પલટતું નથી. પલટે છે તે પર્યાય છે, એમ એને જેવી વસ્તુ છે એવો નિર્ણય કરે.

**'તેને ઓળખી, પછી...'** જુઓ ! **'નય-પ્રમાણ વગેરેના પક્ષ છોડી...'** પહેલાં નય, પ્રમાણથી એને જાણવું, એમ કહે છે. પછી પક્ષને છોડી. આહા..હા...! નિશ્ચયથી આવો અબંધ છે ને વ્યવહારથી રાગનો સંબંધ છે, એમ જે નિશ્ચયનય અને વ્યવહારનયથી નિર્ણય કર્યો પણ એ બધો વિકલ્પ છે, રાગ છે. આહા..હા...! એ નય, નિક્ષેપ, પ્રમાણ આદિનો પક્ષ છોડી **'અંદરમાં ઠરી જવું.'** આહા..હા...! ધ્યાનમાં આત્માને લઈને ધ્યાનમાં મસ્ત થવું, એમ કહે છે. એકાંતમાં અને એક-અંત, એક જ ધર્મ તે નિશ્ચય. આહા..હા..! એકાંતમાં એકાગ્ર થઈને ધ્યાન લગાવવું. આહા..હા...! એમાં ઠરી જવું. **'તો અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે.'** આહા..હા...! ચૈતન્યમૂર્તિ મુક્તસ્વરૂપ અબદ્ધસ્વરૂપ છે. આહા..હા...! ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ અનંત અનંત ગુણનું અરૂપી સ્વરૂપ, એ અંતરમાં મુક્ત સ્વરૂપ છે. આહા..હા...! આવી વાત.

મુક્તસ્વરૂપનું અંતર ધ્યાન કરવાથી પર્યાયમાં મુક્તિ પ્રગટ થશે. સમજાય છે કાંઈ ? **'તો અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે.'** કોઈ બાહ્યને કારણે નહિ. એ કોઈ બાહ્ય વસ્તુ નથી. આહા..હા..! નિમિત્તમાં આત્મા નથી, રાગમાં આત્મા નથી અને એક સમયની પર્યાયમાં પૂર્ણ આત્મા નથી. આહા..હા...! પૂર્ણ આત્માનું અંતરમાં જે સ્વરૂપ છે, એની ઉપર દૃષ્ટિ કરી ધ્યાનમાં સ્થિર થઈ જવું. આહા..હા...! અને ધ્યાન કરતા તો આવડે છે ને ? આર્તધ્યાન, રૌદ્રધ્યાન કરતા આવડે છે કે નહિ ? વિચારમાં રોકાઈ જાય, પૈસા પેદા થાય એમાં. દીકરાના લગન હતા. એક બાપના છોકરાના. અને મોટા ગૃહસ્થ હતા. મોટો વરઘોડો નીકળ્યો. વિચારમાં ચડી ગયો. કાલે આમ કરવું છે ને તેમ કરવું છે. ખબર ન રહી કે વરઘોડો ક્યાં ગયો ? એક કોર બેઠો હતો. પે'લા કહે, એનો બાપ ક્યાં ગયો ? એનો બાપ અંદર વિચાર કરતો હતો, કાલે આમ કરવું ને આમ કરવું. આહા..હા...! આર્તધ્યાનમાં ચડી ગયો. એ ધ્યાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરતા તો આવડે છે. એવું ધ્યાન સ્વરૂપનું લગાવવું. અરે...! ભાઈ ! માર્ગ ભાઈ આવો છે. એ કોઈ દયા, દાન, વ્રત, ભક્તિથી નહિ મળે. એ તો રાગ છે, ભગવાન !

અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, આહા..હા...! જેમ કંદમૂળમાં એક કટકીમાં અનંત આત્માઓ છે. એમ એક આત્મામાં અનંત ગુણો. આહા..હા..! ભાઈ ! તારી ઋદ્ધિની તને ખબર નથી. આહા..! 'રિદ્ધિસિદ્ધિ વૃદ્ધિ દિસે, ઘટમેં પ્રગટ સદા' ત્રણ લોકનો નાથ પ્રભુ તું, આહા..હા...! તારા સ્વભાવની સામર્થ્યતા, સિદ્ધની એક સમયની પર્યાય કરતાં અનતંગુણી છે. આહા..હા..! એવું ચૈતન્યતત્ત્વ, એનો જ્ઞાનનો અંશ અને પ્રમાણ આદિથી નિર્ણય કરી, પછી એ વિકલ્પ છોડી દેવો. અંદરમાં પ્રવેશ (કરવો).

ગુફામાં જવું હોય ત્યાં સુધી ઘોડાગાડી કે વાહન આવે. પછી અંદર જવું હોય ત્યાં વાહન કામ ન કરે. એમ ભગવાન આત્મા, એના વિચાર માટે વિકલ્પ આવે પણ અંદર પ્રવેશ કરવામાં એ વિકલ્પ કામ નહિ કરે. સમ્યગ્દર્શન પ્રગટ કરવામાં... આહા..હા...! ધર્મની પહેલી સીઢી હજી તો. ભાઈ ! સમજાય છે કાંઈ ? અંતર ભગવાન પૂર્ણ સ્વરૂપ છે, એમ પ્રમાણ, નિશ્ચયથી નિર્ણય કર્યો પણ એ વિકલ્પ છે, એ વૃત્તિનું ઉત્થાન છે. વૃત્તિ ઉઠે છે તે રાગ છે. આહા..હા..! હું આવો છું ને હું આવો છું. અરે..! હું અબદ્ધ છું ને પૂર્ણ છું ને શુદ્ધ છું... આહા..હા...! એવો પણ જે વિકલ્પ ઉઠે છે તેથી શું ? એનાથી તને શું લાભ છે ? એમ કહે છે. સમજાય છે કાંઈ ? એ વિકલ્પનો રાગનો પક્ષ છોડી દે. તને ભગવાન આત્માના ભેટા કરવા હોય તો. આકરું કામ, ભાઈ ! એને મળ્યું નથી. જિંદગી એમ ને એમ ચાલી જાય છે. આહા..હા...! એમાં વળી પાંચ, પચાસ લાખ, કરોડ, બે, પાંચ, દસ કરોડ મળ્યા, મરી ગયો એમાં, ગુંચાઈ ગયો, થઈ રહ્યું. આહા..હા...! એય...! આ બે કરોડ ને અઢી કરોડ રૂપિયા–ધૂળ ભેગી થઈ છે એની પાસે. ન્યાં ને ન્યાં ગુંચાઈ ગયા. આહા..હા...!

અરે..! પ્રભુ ! તારી પાસે તો અંતરમાં તને ખબર નથી, ભાઈ ! તારી પાસે તો અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત ઈશ્વરતા, સ્વચ્છતા, જીવિતવ્યતા આદિ અનંત શક્તિઓનો ભંડાર છે. મહાલક્ષ્મી પડી છે. એક વાર નજરે નિહાળ તો ખરો, પ્રભુ ! નજરમાં જગતને જાણવામાં રોકાઈ ગયો, પણ જાણનારો કોણ છે તેને જાણ્યો નહિ, પ્રભુ ! આહા..હા...!

એ તો સવારે આવ્યું હતું, પરજ્ઞેય જે છે, આ શરીર, વાણી, મન, બાયડી, છોકરા,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કુટુંબ, દેવ, ગુરુ, શાસ્ત્ર અને રાગ દયા, દાન, વ્રતાદિ, એ બધા પરદ્રવ્ય-પરવસ્તુ છે. આહા..હા...! એમાં તારું જ્ઞાન જાણવા માટે રોકાયું પણ જાણનારો કોણ છે એ તરફ તારું જ્ઞાન આવ્યું નહિ. તેં શું કર્યું ? આહા..હા...! સમજાય છે કાંઈ ? પર તરફના લક્ષમાં જે જ્ઞેય વેદનમાં-ખ્યાલમાં આવે છે, એ વેદનમાં આવે છે એને જાણ્યું, પણ વેદનાર અંદર કોણ છે ? આહા..હા...! એ તરફ નજર ન કરી. તો એક વાર (નજર કર).

**'અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે. અંદર સ્વરૂપમાં ઠરી ગયેલા જ્ઞાનીઓ...'** આહા..હા...! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એમાં સ્થિર-લીન, ધ્યાનમાં લીન થાય છે. આહા..હા...! **'સાક્ષાત્ અતીન્દ્રિય આનંદામૃતને અનુભવે છે.'** આહા..હા...! સાક્ષાત્ અમૃત. અમૃતસ્વરૂપ તો છે. અનીન્દ્રિય આનંદસ્વરૂપ તો પ્રભુ છે. અરે..! પણ આ કેમ બેસ ? અડદની દાળ સરખી (ન થઈ હોય), કોણે રાંધ્યું છે આવું ? આવા કષાયવાળા. અર..ર..ર..! એને આનંદામૃત ભગવાન (કેમ બેસે ?) એમાં વળી દીકરીનો સાસરો સત્તાપ્રિય આવ્યો હોય અને ચૂરમાના લાડવા બનાવ્યા હોય ને અડદની દાળ (બનાવી હોય). છાશ બાકળા જેવી થઈ ગઈ હોય અને પેલો સત્તાપ્રિય માણસ હોય અને આમ જોવે ત્યાં, કોણે આ બનાવ્યું ? અરે..! પણ શું છે ? બાપા ! તું કોણ છો એને જોતો નથી ને તને આ શું થયું ? આહા..હા...! તારા અપલખણ તો જો. જે વસ્તુ કરી શકતો નથી, બનાવી શકતો નથી એને બનાવવામાં તું રોકાઈ ગયો. આ મારે આમ કરવું ને મારે આમ કરવું ને દીકરી જુવાન થઈ ગઈ, પચીસ વર્ષની એને ઠેકાણે પાડવી છે. દીકરાને સારા ઘરે (વરાવવા છે). અમારું ઘર પાંચ કરોડનું આસામી, એના પ્રમાણમાં ઘરના પ્રમાણમાં વહુ આવવી જોઈએ ને. સાધારણની લઈએ તો આપણી આબરૂ શું ? અરે...! ભગવાન ! શું કરે છે તું આ ? આ ભભૂતિ જુદી જાતની છે. આહા..હા...!

સવારમાં નાહીને ચાંદલો કરતા વખતે નાનો અરીસો હોય ને ? નાનો. તો આખું મોઢું ન દેખાય એટલે આમ (કરે). ભૂતડો જોયો હોય તો એ વખતે. આહા..હા...! શું છે આ તને ? આ વ્યંતરના ચાળા ભૂતડા તને ક્યાંથી વળગ્યા ? ભગવાન અંદર પડ્યો છે એને જોવાને નવરો થતો નથી. અહીં તો વિદ્વાન નામ ધરનાવનારા એને પણ કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ ! તારી વિદ્વતાનું અભિમાન એકવાર છોડી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દે. આહા..હા...! અને અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ, ત્યાં તારી નજર લગાવી દે. તારી પર્યાયમાં મુક્તતા આવશે. મુક્તસ્વરૂપ છે તો પર્યાયમાં અંશે મુક્તતા પ્રગટ થશે. આહા..હા...!

મિથ્યાત્વ અને અનંતાનુબંધીના કષાયથી મુક્ત થયો તો એટલી તો મુક્તિ સમ્યગ્દર્શન થતાં થઈ. અરે...! આ તે શું વાત છે ? સમજાય છે કાંઈ ? એ ચૈતન્ય બાદશાહ ભગવાન, એની તરફ દૃષ્ટિ કરવાથી, સ્થિરતા કરવાથી અતીન્દ્રિય **'સાક્ષાત્ અતીન્દ્રિય...'** આહા..હા...! જે અતીન્દ્રિય આનંદસ્વરૂપ તો પ્રભુ છે, એ સચ્ચિદાનંદ પ્રભુ છે. આહા..હા..! સત્ શાશ્વત આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ તો છે. **'સાક્ષાત્ અતીન્દ્રિય આનંદ...'** અંદરમાં જવાથી પ્રભુ ! તને સમ્યગ્દર્શન, જ્ઞાનમાં.. આહા..હા..! સાક્ષાત્ પ્રત્યક્ષ વર્તમાન અતીન્દ્રિય આનંદામૃત–અતીન્દ્રિય આનંદના અમૃતનો અનુભવ કરે છે. આહા..હા..!

**'त एव साक्षात् अमृतं पिबन्ति'**. 'સમયસાર' આહા..હા...! વ્યવહારથી બંધ છે, નિશ્ચયથી અબંધ છે, એવો વ્યવહારનો તો નિષેધ કરતા આવ્યા પણ નિશ્ચયથી વસ્તુદૃષ્ટિથી અબદ્ધ છે, મુક્ત છે, સામાન્ય છે, એકરૂપ છે એવી જે વિકલ્પની વૃત્તિ ઉઠે છે, રાગની વૃત્તિ ઉઠે છે એ વિકાર છે, દુઃખ છે. આહા..હા...! અરે...! અને વ્રત ને તપ ને ભક્તિના ભાવ એ તો રાગ ને દુઃખ છે, ભાઈ ! તને ખબર નથી, ભાઈ ! ભગવાન ! તું અતીન્દ્રિય અમૃતની મૂર્તિ પ્રભુ અંદર (છો). એમાં જવાથી અતીન્દ્રિય આનંદામૃતનો અનુભવ કરે છે. સમ્યગ્દૃષ્ટિ જીવો અંતરમાં જઈ અતીન્દ્રિય અમૃતનો અનુભવ કરે છે, શૂન્ય નથી ત્યાં. આહા..હા.! સમજાય છે કાંઈ ? વિકલ્પથી શૂન્ય છે.

હું પૂર્ણ છું ને શુદ્ધ છું ને અખંડ અભેદ છું એવી જે વૃત્તિ ઉઠતી હતી તે રાગ છે. આહા..હા.! અને પરની દયા પાળવાનો ભાવ પણ રાગ છે, સ્વરૂપની હિંસા છે. અરે..! તને ખબર નથી, પ્રભુ ! આહા..હા...! પરની દયા ત્રણ કાળમાં પાળી શકતો નથી, પણ પરની દયાનો ભાવ આવવો એ રાગ છે. એ તારી સ્વરૂપમાં હિંસા છે. આહા..હા...! આ વાત કેમ બેસે ? આહા..હા...! અહીં તો દયા ધર્મની.. શું કાંઈક કહે છે ને ? 'દયા ધરમ કો મૂલ છે, પાપ મૂલ અભિમાન, દયા સુખની વેલડી' કઈ દયા પ્રભુ ! તને ખબર નથી. એ સ્વરૂપની રાગરહિત અહિંસાદૃષ્ટિ પ્રગટ કરવી, પોતામાં એ દયા છે. આહા..હા...! 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનંતા જીવ મુક્તિએ ગયા, દયા તણા..' માર હાંકા ગાડા. કાંઈ ભાન ન મળે બિચારાને.

(સંવત) ૧૯૮૧ માં ગઢડામાં ચોમાસુ હતું. ઘડિયાળ પાસે ગોઠવેલું. (સંવત) ૧૯૮૧ ની વાત છે. 'દયા તે સુખની વેલડી' પણ કઈ દયા ? બાપુ ! આ તો પરની દયા પાળવી. કોણ પરની દયા પાળે ? પ્રભુ ! એનું આયુષ્ય હોય ત્યાં સુધી રહે. અને આયુષ્ય ન હોય ત્યારે છૂટી જાય. તારાથી દયા પાળી શકાય છે ? આહા..હા...!

અહીંયા તો કહે છે કે એ તો વિકલ્પ, રાગ છે. પરદયાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ એ રાગ છે, શુભરાગ છે. આહા..હા...! એને તો છોડી દે, પણ હું ત્રિકાળી આનંદનો નાથ છું એવી શુભની વૃત્તિ ઉઠે છે તેને છોડી દે તો તને અંતરમાં અતીન્દ્રિય અમૃતનો સ્વાદ આવશે. આહા..હા..! આવી વાત. અરે..! જિંદગીમાં સાંભળવા મળે નહિ. એમ ને એમ જિંદગી મજૂરીમાં ચાલી જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? જગતથી વીતરાગ જૈન પરમેશ્વર કોઈ જુદી જાત કહે છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ બિરાજે છે. મહાવિદેહમાં સીમંધર પ્રભુ બિરાજે છે. આહા..! ઇન્દ્રો ને ગણધરોની સમક્ષમાં ભગવાન તો એ કહે છે ત્યાં, એ વાત અહીં છે. સમજાય છે કાંઈ ? પ્રભુ બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે. બે હજાર હાથ ઊંચા છે. મહાવિદેહમાં વર્તમાન બિરાજે છે. મનુષ્યક્ષેત્રમાં મનુષ્યપણે. આહા..હા...! એ જગતને જાહેર કરે છે, એ વાણી 'કુંદકુંદાચાર્ય' ત્યાંથી લાવ્યા. સમજાય છે કાંઈ ? એ વાણીનો સાર આ છે. આવી વાતું છે, પ્રભુ ! શું થાય ? આહા..!

પ્રભુ ! તું આત્મા અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ ત્રિકાળ છો ને ! એમાં જા, પ્રભુની સમીપ જા. દૂર દૂર, રાગમાં તું દૂર દૂર વર્તે છે. પરનું કરવું, વાંચવું, સાંભળવું એ વિકલ્પમાં તો ભગવાનથી તું દૂર વર્તે છે. આહા..હા...! ભગવાન કોણ ? આ આત્મા, હોં ! પેલા ભગવાન ભગવાન પાસે રહ્યા. આહા..હા...! કેમ બેસે ? આહા..હા...! જેને હિત કરવું હોય તો અનુભવ કરવો પડશે, પ્રભુ ! આહા..હા...! પ્રથમ હજી ધર્મની વાત છે, હોં ! ચારિત્ર ને સંયમ એ તો કોઈ અલૌકિક વાતું છે. અત્યારે તો એ છે જ નહિ. આ તો હજી સમ્યગ્દર્શનની વાત છે. આહા..હા...!

ભગવાન અંદરમાં સર્વજ્ઞ પર્યાય પ્રગટ થાય છે, ભગવાનને અતીન્દ્રિય આનંદ અનંત પ્રગટ થાય છે એ આવ્યો ક્યાંથી ? કોઈ બહારથી આવે છે ? અંદરમાં પૂર્ણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પડ્યો છે, પ્રભુ ! તને ખબર નથી. આહા..હા...! બાહ્યના પદાર્થની આશ્રયતા છોડ. અંતર પદાર્થની આશ્રયતામાં જા. આહા..હા...! તને અતીન્દ્રિય સાક્ષાત્ આનંદના અમૃતનો અનુભવ થશે અને ત્યાં અમૃતના પીણા ઘુંટડા આવશે. આહા..હા...! શેરડીનો રસ જેમ ઘુંટડે પીવે ને ? ઘટ.. ઘટ.. ઘટ. ભગવાન તારી વસ્તુ જે અંદર છે ત્યાં જો જઈશ તો આનંદના ઘુંટડા પીશ. આહા..હા...! બાકી તો તું પુણ્ય ને પાપના દુઃખના ઘુંટડા પી રહ્યો છો, ભાઈ ! આહા...! આવી વાત પણ ક્યાંથી આવી ? આ નવી વાત હશે ? અમે તો સંપ્રદાયમાં આવું કાંઈ સાંભળ્યું નહોતું.

અમારે હીરાજી મહારાજ હતા. બિચારા બહુ (ભદ્રિક હતા). કાઠિયાવાડમાં હિન્દુસ્તાનમાં હીરો કહેતા. એવી એની બહારની ક્રિયા. આહાર, પાણી નિર્દોષ. એને માટે કર્યું હોય તો લે નહિ. દૃષ્ટિ મિથ્યાત્વ, અજ્ઞાન. આહા..હા...! એ એમ કહેતા, સમાજમાં છાપ મોટી હતી. હજારો માણસ (આવતા). રાજકોટ જાય, પોરબંદર જાય. એ એમ કહે, અરે..! પ્રભુ ! ભગવાન તો એમ કહે છે, અહિંસા પરમો ધર્મ. ... જ્ઞાનીનો એ સાર. .... કોઈ પ્રાણીને હણવો નહિ. હવે એ તો વ્યવહારની વાત (થઈ).

મુમુક્ષુ :– કોઈ પ્રાણીમાં પોતે ન આવ્યો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ પોતે નહિ, પર. .. સિદ્ધાંતનો એ સાર છે. હાથ આમ રાખે, હોં ! સભા ઉપર નજર નહિ. સ્ત્રીઓનો સમુદાય હોય તો નજર નહિ. એવા હતા. વસ્તુદૃષ્ટિ મિથ્યાત્વ. આહા..હા...! એ પરની અહિંસા પાળી શકે એમાં ધર્મ છે એમ માનતા હતા. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં તો કહે છે, પ્રભુ ! તારી તો દયા પાળ પહેલી. આહા..હા...! પરની કોણ પાળી શકે છે ? ભાઈ ! આહા..હા...! વ્હાલામાં વ્હાલી સ્ત્રી જેને અર્ધાંગના કહે. બે થઈને એક. મુર્ખાઈવાળા. આહા..હા...! એ જ્યારે મરવા પડે, દેહ છૂટે ત્યારે રાખવા માગે છે કે નહિ ? રાખી શકે છે ? પરની દયા પાળવા જાય ને આની દયા નહિ ? સમજાય છે કાંઈ ? એક બાઈ તો મરતાં બોલી ગઈ, એના ધણીને (કહ્યું), હું જાઉં છું પણ તમારી પ્રકૃતિ એવી છે કે તમે ફરીને પરણજો, હોં ! આ તો અમારે ઘરમાં બધો અનુભવ થઈ ગયેલો. અમારા ભાગીદાર હતા ને ? પાલેજ. દુકાન છે ને પાલેજ અત્યારે ? એની વહુ નાની ઉંમરમાં મરી ગયા. એની ઉંમર ૫૩ વર્ષની હતી. અને તે સાધારણ હતા. વાણિયા ખરા પણ બુદ્ધિ બધી લૌકિક કોળી જેવી બુદ્ધિ. પુણ્યને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લઈને રળી ખાતા હોય. ધૂળમાં શું છે ? એની બાઈ મરી ગઈ તો કહી ગઈ એને, તમે પાછળ કરજો, હોં ! તમને પ્રકૃતિ તમારી સાચવવી મુશ્કેલ પડશે. નાગા, ભુખ્યા, ઢાંક્યા કોણ કરશે તમને ? અર..ર..ર...! ચાલ્યું નહિ પછી કાંઈ. કોણ આપે ? ૫૩ વર્ષની ઉંમર અને મુડીમાં દસ હજાર. એટલા હતા. વધારે પૈસા ક્યાં હતા તે દિ' ? આ તો (સંવત) ૧૯૯૨ ની સાલની વાત છે. આહા...હા...! અમે તો દુકાનમાં ભેગા હતા ને ? (સંવત) ૧૯૬૩ થી ૧૯૬૮. પાંચ વર્ષ દુકાન મેં પણ ચલાવી હતી, ભાગમાં. બધા પાપના પોટલા હતા. અરે..! એણે પછી પરણવાની ઘણી મહેનત કરી, પણ કોણ આપે પછી ? અને અત્યારે પણ પરણે છે ને ? ૫૩ વર્ષના, ૫૫ વર્ષના પરણે છે. મરવાની તૈયારી હોય તો પણ પરણે. બીજી ઉપાધિ વળગાડે. આહા..હા...!

મુમુક્ષુ :– દેનારા પણ મળે છે ને (?)

પૂજ્ય ગુરુદેવશ્રી :– દેનારા તો પૈસા-બૈસા આપે ને એવી આબરૂ હોય તો આપે. એમાં શું છે ? ત્યાં ગયા હતા ને એક ફેરી ? પેલું ગામ ક્યું ? દરબાર મોટા વૃદ્ધ હતા. ત્યાં વ્યાખ્યાન વાંચ્યું હતું. કયું ગામ ? ભૂલી ગયા. ગોંડલ પાસે. રાજા ચોરડી નહિ. અપાસરામાં ઉતર્યા હતા. લોકોને બહુ પ્રેમ હતા. દરબાર વૃદ્ધ હતા, પણ બાઈ જુવાન પરણેલા. બાઈ બીજી હતી. તદ્દન જુવાન અને આની ઉંમર થઈ સીત્તેર વર્ષની અને બાઈની ઉંમર વીસ વર્ષની. આહા..હા..! એ આવી શકતા નહોતા તો એના બંગલામાં વ્યાખ્યાન કરવા ગયા. બધા સાંભળતા હતા. વાતું બધી આવી. અર..ર..ર..! મુર્ખાઈના પાર ન મળે. આહા..હા...! જેને આત્માના આનંદનો રસ લેવા છે તેણે વિષયના રસને છોડી દેવો પડશે. આહા..હા...! સમ્યગ્દર્શન પ્રગટ કરવામાં.. આહા..હા..! એ વિષયના રસ જેને લાગ્યા છે તેને આત્માનો રસ નહિ આવે. આહા..હા...!

એ અહીં કહે છે, **'સાક્ષાત્ અતીન્દ્રિય આનંદામૃતને અનુભવે છે.'** મુનિ ધર્માત્મા સમકિતી. સાક્ષાત્ કહ્યું ને ? અતીન્દ્રિય અમૃત સ્વરૂપ તો આત્મા છે જ. પર્યાયમાં સાક્ષાત્ અમૃતનો અનુભવ કરે છે. આહા..હા..! આનું નામ સમ્યગ્દર્શન, એનું નામ સમ્યગ્જ્ઞાન, એનું નામ ધર્મની શરૂઆત. બાકી બધું થોથે થોથા છે. આહા..હા..! અહીં તો થોડા પોષા કરે ને પડિકમણા કરે ને થઈ ગયા સામાયિક. હતી કે દિ' સામાયિક ને પોષા તારે ? દૃષ્ટિ જ્યાં મિથ્યાત્વ છે, આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં કહે છે, પ્રભુ ! અંદરમાં જા ને. અંદર ભગવાન બિરાજે છે ને ! આહા.હા..! બહારમાં ગોતે છે પણ બહારમાં એ ચીજ નથી. આહા..હા..! અંતરમાં શોધને પ્રભુને. આહા..હા...! તને આનંદ અમૃતનો સ્વાદ આવશે. આહા..! આ શું ચીજ છે ? એ ૨૩૦ (બોલ પૂરો) થયો.

**આત્માના ગુણ ગાતાં ગાતાં ગુણી થઈ ગયો – ભગવાન થઈ ગયો; અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણરત્નોના ઓરડા બધા ખુલ્લા થઈ ગયા. ૨૩૧.**

**'આત્માના ગુણ ગાતાં ગાતાં ગુણી થઈ ગયો...'** આહા..હા..! અંદરમાં નિર્વિકલ્પ આત્માના ગાણા ગાતાં ગાતાં અંદર ગુણી–સમકિતી થઈ ગયો, ગુણી થઈ ગયો. આહા..હા...! એ શું કહે છે ? ભગવાન આત્મામાં અપાર.. અપાર.. અપાર.. અપાર સંખ્યામાં એટલા ગુણ ભર્યા છે કે પાર નથી. અનંત અનંત અનંત અનંત અનંત અનંતને અનંતગુણા ગણો, એક અનંતને સંખ્ય, અસંખ્યથી ભિન્ન અનંત, એ અનંતને અનંતગુણા ગુણો અને એને પણ અનંતગુણા ગુણો એવો અનંતવાર ગુણાકાર કરો તો પણ ભગવાન આત્મામાં ગુણની સંખ્યાનો પાર ન આવે. અરે..રે...! એય..! તમારા બે કરોડ ને અઢી કરોડ ધૂળ તો ક્યાંય રહી ગઈ. આહા..હા...! હવે નિવૃત્તિ લેવી છે એમ કહે છે હજી. કહો, સમજાણું કાંઈ ? આહા..હા..!

જ્ઞાન, આનંદશક્તિ-ગુણ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, અકર્તૃત્વ, અભોક્તૃત્વ એવા એવા અનંત ગુણસ્વરૂપ પ્રભુ કે જે અનંત ગુણની સંખ્યાનો ક્યાંય અંત નથી કે આ ગુણ છેલ્લો છે. અરે...! શું છે આ વસ્તુ ? અરે..રે...! સમજાય છે કાંઈ ? એ ભગવાન આત્માના ગુણ ગાતાં ગાતાં, આવા અનંત ગુણની મહિમા કરતાં કરતાં.. આહા..હા...! એક બાયડી સરખી મળી હોય તો એમાં ઘુસી ગયો, મારી નાખ્યો આત્માને.

અહીં તો ત્રણ લોકનો નાથ અંદર બિરાજે છે, પ્રભુ ! આહા..હા...! એના ગુણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગાતાં ગતાં અંદરથી ભગવાન મળી ગયા. આહા..હા...! કોઈ ક્રિયાકાંડ કરતાં કરતાં સમ્યગ્દર્શન થાય એવી વસ્તુ નથી. આહા..હા..! આવી વાતું જગતથી ઉંધી. એ ભગવાનના એક સમયમાં અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંતગુણ. આહા..હા...! એવા અનંતા અનંતા ગુણને વિસ્મયતા દૃષ્ટિમાં કરતાં એ ગુણી થઈ ગયો. આહા..હા...! પર્યાયમાં અનુભવ, દૃષ્ટિ આદિ થઈ ગયા, એમ કહે છે. ગુણીના ગુણ ગાતાં ગુણી થઈ ગયો. ભાઈ ! આ કઈ જાતની વાતું ? પેલા તો કહે, દયા પાળો, વ્રત કરો, ઇચ્છામી પડિકમા.. તસ્સ મિચ્છામી દુક્કડમ્. એ તો બધી રાગની વાતું છે. તસ્સૂતરી કરણેન... લોગસ્સ કર્યો એટલે થઈ ગઈ સામાયિક એને. ધૂળેય નથી, સાંભળને ! આહા..હા...!

પ્રથમ સામાયિક કોને કહેવાય એની ખબર નથી. એને સામાયિક ચારિત્રની સામાયિક આવી ગઈ. આહા..હા...! અહીં તો પરમાત્મા અનંત વીતરાગી શક્તિનો પિંડ છે એ સર્વજ્ઞ ભગવાને કહ્યો એ, હોં ! અજ્ઞાની કોઈ કહે, આત્મા આત્મા તો ઘણા બધા કરે છે પણ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરદેવે જે આત્મા જોયો અને કહ્યો.. આહા..હા...! જેના અનંતા અનંતા અનંતા અનંતા અનંતા હદ નહિ એવા ગુણસાગરથી ભરેલો ભગવાન, એના અનંતા ગુણની મહિમા કરતાં કરતાં એ આત્મા ગુણી થઈ ગયો.

મુમુક્ષુ :- મહિમા કરતાં કરતાં થાય કે... ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— મહિમા કરતાં કરતાં ગુણી થઈ ગયો, એમ કીધું. ગાતાં ગાતાંનો અર્થ ઇ. આહા..હા...! ભલે શરીર પ્રમાણે આત્મા ભગવાન છે, એનું કદ, પણ એના ગુણો અપાર, એટલા ગુણ છે ભગવાન ત્રિલોકનાથ કહે છે. આહા..હા...! કે આકાશનો પાર ન મળે, આકાશનો અંત છે ? અલોકમાં ક્યાં આકાશ પૂરું થયું ? તો એ બધા આકાશમાં એક રજકણ મુકો પરમાણુનો, જે પ્રદેશ કહેવાય, એના પ્રદેશ કેટલા છે ? એના પ્રદેશ કરતાં એક આત્મામાં અનંત ગુણા ગુણ છે. આહા..હા...! કે દિ' સાંભળ્યું છે ? બિચારાએ સાંભળ્યું નથી. ભિખારાવેડામાં (આયખુ) કાઢ્યું. ભીખ માગે છે બહારથી, બાહ્યથી આપો, અહીંથી આપો, અહીંથી આપો. ભગવાનને એમ કહે, પ્રભુ ! મને શિવપદ આપો. ભગવાન કહે, શિવપદ તો તારી પાસે છે, અમે ક્યાં દઈએ છીએ ? સિદ્ધાસિદ્ધિ મમ દિસંતુ. હે સિદ્ધ ભગવાન ! મને સિદ્ધપણું દેખાડો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દેખાડો એમ કહે છે, હોં ! એનો અર્થ કે હું પણ કેવળજ્ઞાન પામું અને સિદ્ધપણાને પામું. આહા..હા...! એની પણ ક્યાં ખબર છે ? અર્થ શું છે, ભગવાન જાણે.

અહીં કહે છે કે આત્મા વસ્તુ એક પ્રભુ આત્મા, એવા અનંત આત્માઓ. આહા..હા...! એક ડુંગળી અને લસણની આટલી કટકી લઈએ તો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં અનંત અનંત અનંત અનંત આત્મા છે. કોણ માને ? ભગવાન ત્રિલોકના નાથનું આ કથન છે. છતાં એમાં એક આત્મા, અનંતમાં જે એક આત્મા છે એમાં અનંત અનંત અનંત અપાર ગુણ છે. આહા..હા...! આરે.. આરે..! આવી વાતું હવે. ભાઈ ! તારો નાથ અનંત ગુણે બિરાજમાન પ્રભુ છે, ભાઈ ! એની બાદશાહી તો એના ગુણમાં છે. આહા..હા...! એ પુણ્ય-પાપના ભાવમાં અને પરમાં એની બાદશાહી નથી. આહા...હા...! એનો એ ધણી નથી.

અનંત અનંત ગુણ, ગુણી નામ ભગવાન આત્મા, એના અનંત અનંત ગુણને લક્ષમાં લઈને વિસ્મયતા કરતાં અંદરમાં જાય છે ત્યારે સમ્યગ્દષ્ટિ થાય છે–ગુણી થઈ જાય છે. ભલે હજી બાહ્યમાં ચક્રવર્તીપદમાં હો, પણ અંતરમાં અનુભવી સમકિતી થઈ જાય છે. આહા..હા...! શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ચક્રવર્તી હતા, તીર્થંકર હતા, કામદેવ હતા. છ ખંડમાં એના જેવું રૂપ નહિ. છતાં એ બધું છોડીને અંતરમાં અનુભવમાં ગયા હતા. સમકિત લઈને તો જન્મ્યા હતા. ભગવાન ત્રણ લોકના નાથ કેવળી તો પછી થયા. માતાના ઉદરમાં સ્વર્ગમાંથી (આવ્યા તો સમકિત લઈને આવ્યા હતા). આહા..હા...! અરે..! એ શું ચીજ છે ? કહે છે કે ભગવાન અનંત ગુણનો ધણી, એનો અનુભવ લઈને તો માતાના પેટમાં આવ્યા હતા. સમજાય છે કાંઈ ? ચક્રવર્તીએ છ ખંડ સાધ્યા એમ કહેવાય છે એ બધી વિકલ્પની વાતું છે. એણે તો ભગવાન અનંત ગુણનો પિંડ અખંડને સાધ્યો, અખંડને સાધ્યો હતો. આહા..! અખંડનું સાધન કર્યું હતું. આહા..હા...! આ તો પાગલ જેવું લાગે એવું છે. છે એવી વાતું, ભાઈ ! આહા..! એણે આત્મા શું ચીજ છે ? એમાં કેટલા અપાર ગુણ છે ? પ્રભુ ! તેં સાંભળ્યા નથી. સાંભળ્યા નથી તો જાણવામાં ક્યાંથી આવે ? આહા..હા...!

આત્માના ગુણ ગાતાં ગાતાં એટલે ? ગુણની મહિમા એકાગ્રતા કરતાં કરતાં ગુણી થઈ ગયો. અરે..! **'ભગવાન થઈ ગયો.'** એમ કહે છે, લ્યો ! ભગવાન ગુણીના ગુણમાં એકાગ્ર થતાં થતાં પર્યાયમાં અરિહંત ભગવાન થઈ ગયો. ત્રણ લોકનો નાથ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અરિહંત-ણમો અરિહંતાણં. આહા..હા...! એ અંતરમાં અનંત ગુણોના મહિમામાં રહેતા રહેતા કેવળી થયા છે. આહા..હા...! એ કોઈ વ્રત ને તપ કર્યા માટે કેવળી થયા છે, એમ નથી. એ બધી ક્રિયા રાગ છે. આહા..હા...! અહીંયા એ બતાવવું છે. **'ભગવાન થઈ ગયો.'** ભગવાનના ગુણ ગાતાં ગાતાં—ગુણમાં એકાગ્ર થતાં થતાં આત્મા ભગવાન થઈ ગયો. આહા..હા...! અનંતા ભગવાન થઈ ગયા. અનંત સિદ્ધ થયા ને ? છ મહિના ને આઠ સમયમાં છસો આઠ સિદ્ધ અઢી દ્વીપમાંથી થાય છે. છ માસ ને આઠ સમય. એમાં છસો આઠ તો મુક્તિ પામે છે. આહા..હા...! એ કઈ રીતે મુક્તિ પામે છે ? અત્યારે પણ ત્યાં મહાવિદેહમાં મુક્તિ પામે છે. અહીંયા નથી (પામતા). મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થાય છે. આહા..હા...! કઈ રીતે થાય છે ? કે અનંત ગુણનો ભગવાન, અપાર ગુણનો દરિયો, એની મહિમા અંતરમાં કરતાં કરતાં-એકાગ્ર થતાં થતાં એ ભગવાન થઈ ગયો, સિદ્ધ થઈ ગયો. આહા..! સમજાય છે કાંઈ ? આવી વાતું હવે. કઈ જાતની વાત આ ? બાપુ ! માર્ગ આ છે, ભાઈ ! દુનિયાએ તો માર્ગને અવળે રસ્તે ચડાવી દીધો છે. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરનો પંથ તો આ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણરત્નોના ઓરડા બધા ખુલ્લા થઈ ગયા.'** આહા..હા...! શું કહે છે ? ભગવાન આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. જેમ સોનાની સાંકળી હોય છે ને ? ચેઈન. બસો, પાંચસો મકોડા હોય ને ? મકોડાને શું કહે છે ? કડી.. કડી. આ પાંચસો, હજાર મકોડાની. અમારે કાઠિયાવાડમાં સાંકળી કહે છે. તમારે બહારમાં ચેઈન કહે, લ્યો ને! એ આખી સાંકળી છે એ હજાર મકોડાની બની છે. મકોડા એટલે કડી. એમ આ ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી છે. અહીંયા પ્રદેશ છે ? આ તો માટી-ધૂળ છે. અહીંયા આત્મા જે છે, અહીંયા જે પ્રદેશ છે તે અહીંયા નથી, અહીં નથી, ભિન્ન ભિન્ન એવા અસંખ્ય પ્રદેશ છે. આહા..હા...! ભગવાન અસંખ્ય પ્રદેશી સ્વદેશમાં આત્મા બિરાજે છે. સમજાય છે કાંઈ ? આવી વાતું છે. અમને પામરને ભગવાન તરીકે બોલાવો ! આહા..હા..! ભગવાન તું પામર નથી, પ્રભુ ! તું ભગવાનસ્વરૂપ છો, ભાઈ ! તને ખબર નથી. આહા..હા...!

**'ભગવાન થઈ ગયો; અસંખ્ય પ્રદેશોમાં...'** જેમ એક કડી છે એમ આત્મામાં પ્રદેશ છે. પણ કડી કડીમાં સોનું ભર્યું છે એમ પ્રદેશે પ્રદેશે બધા અનંત ગુણ ભર્યા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. આહા..હા...! ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો આ હુકમ છે, પ્રભુ ! તું સાંભળને ! આહા..હા..! અસંખ્ય પ્રદેશ તારો દેશ છે એમાં અનંત ગુણની પ્રજા અંદર પડી છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણ રત્ન. અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ રત્ન. આહા..હા...! શું કહે છે ? આ પકડવું કઠણ હજી તો, સમજે તો ક્યારે ? આહા..હા...! ભગવાન અસંખ્ય પ્રદેશી આ એક આત્મા, એના દરેક પ્રદેશમાં અનંત ગુણના રત્ન ભર્યા છે. એ ગુણ રત્નના ઓરડા ભર્યા છે. આ બધા તમારે ઓરડા હોય છે ને ? બે, પાંચ, દસ લાખના મકાન કર્યા, આ છોકરાનો ઓરડો છે ને આ ઢીકણાનો ઓરડો છે ને ફલાણું.. આપણા (એક મુમુક્ષુને) ત્યાં છે ને ? મુંબઈ. છ છોકરાઓનો એક એક છોકરાનો પાંચ પાંચ લાખનો ઓરડો જુદો. એમનો પોતાનો જુદો, એ હમણા ગુજરી ગયા. કેટલાય કરોડો કહેવાય છે એની પાસે. એક જણો હતો એ કહેતો હતો હું જઈને નાના ભાઈને મોકલીશ પણ હજી આવ્યા નથી. એ ઓરડા જુદા જુદા. છએ છોકરાઓના પાંચ પાંચ લાખના જુદા ઓરડા. એના બાપનો જુદો. એમ આ અસંખ્ય પ્રદેશી ઓરડામાં અનંત ગુણ ભર્યા છે. ભાઈ ! આ ઝવેરાતમાં કાંઈ ધૂળમાંય નથી ન્યાં.

મુમુક્ષુ :– આપ તો એમ જ કહોને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંદરમાં અનંતી ઝવેરાત પડી છે, ઓરડા ભર્યા છે. એક એક ઓરડામાં લાખો, કરોડોની કિંમત હોય છે. સમજાય છે કાંઈ ? આહા..! એક માણસ હતો એ સ્નાન કરવા ગયો તો ત્યાં રતનના ઢગલા હતા. મણિરત્નના. ત્યાં ગયો તો એક રતન લઈ આવ્યો, પથરો જાણીને, પત્થર જાણીને. ગ્યાસતેલ બાળવું મટી ગયું, આના પ્રકાશમાં રોટલી થશે. એટલે રાખ્યું. એમાં એક શેઠિયો આવી ગયો. એને ત્યાં લેણું હતું તો. એમાં આ જોયું. ઓ..હો...! ભાઈ ! આ તું ક્યાંથી લાવ્યો ? સાહેબ હું ગયો ત્યાં તો કરોડો, અબજો ઢગલા હતા. એમાંથી એક લીધો. આમાં મારે રોટલી કરવામાં ગ્યાસતેલ બાળવું નહિ. ગ્યાસતેલ બાળવું પડે ને ? અરે...! ભગવાન મારા કરોડ ગોદામ છે, એક એક ગોદામમાં કરોડો સોનામહોર છે, એ બધી તને આપીશ, આ મને દે. અરે..! આવા તો કરોડો રતન ત્યાં પડ્યા હતા. આ આટલી કિંમતી !

અહીં પરમાત્મા ત્રણ લોકનો નાથ કહે છે, આહા..હા...! પ્રભુ ! અસંખ્ય પ્રદેશમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગુણના અનંતા ઓરડા ભર્યા છે. આહા..હા...! ખોલ.. ખોલ એને. તાળા માર્યા છે, પ્રભુ તેં. રાગની એકતા, પુણ્ય ને દયા, દાન કર્યાં, મેં દયા પાળી, એમાં મિથ્યાત્વનું તાળું માર્યું. પરની ક્રિયા મેં કરી એ માન્યતા મિથ્યાત્વ છે. મિથ્યાત્વના તાળા માર્યા ને રતનના ઓરડા ખોલ્યા નહિ એણે. એ બધા ઓરડા ખુલી ગયા. આહા..હા...! વિશેષ વાત આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

⌘ ⌘ ⌘

ગુરુ અને શાસ્ત્ર તો દિશા બતાવે કે રાગાદિ તું નથી તેથી ત્યાંથી દૃષ્ટિ હટાવ અને ધ્રુવમાં દૃષ્ટિ લગાવ. કેમ કે સ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર થઈ શકશે અસ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર ન થઈ શકે. ધ્રુવ સ્થિર વસ્તુ છે. તે પોતાના પરિણામમાં પણ આવતી નથી. તેથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિ સ્થિર થાય છે. એટલે કે સમ્યગ્દર્શન થાય. - એમ શાસ્ત્ર ગુરૂ દિશા દેખાડે પણ કરવાનું તો એણે પોતે છે. એ સિવાય જન્મ-મરણના અંત નહીં આવે. 'પરમાગમસાર' બોલ નં.૩૫૩.

❀

જ્ઞાનની પર્યાયમાં વસ્તુ જેવી છે તેવી પ્રત્યક્ષ પ્રતિભાસ પ્રથમ આવે. પછી આત્મા જેવો જાણ્યો તે હું છું એમ પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય અને પછી તેમાં-પોતાનામાં સ્થિર થાય ત્યારે સાધ્ય આત્માની સિદ્ધિ થાય છે. 'પરમાગમસાર' બોલ નં.૩૫૪.

❀

જેમ દૂધપાકના સ્વાદ આગળ લાલ જુવારના રોટલાનો સ્વાદ ન આવે તેમ જેણે પ્રભુ આનંદ સ્વરૂપ છે એના સ્વાદ લીધા છે તેને જગતની કોઈ ચીજમાં પ્રેમ લાગતો નથી, રસ આવતો નથી. એકાકારપણું થતું નથી. સ્વ સ્વભાવ સિવાય જેટલા વિકલ્પ અને બાહ્ય જ્ઞેયો તે બધાનો રસ તૂટી ગયો છે. ધ્યાનમાં ઉતરે ત્યાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એક થઈને આનંદનો રસ આવે, એટલી મોકળાશ રાખીને રાગમાં-બહારમાં આવે છે.
'પરમાગમસાર' બોલ નં.૩૫૫.

❀

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાદરવા સુદ ૯, રવિવાર તા. ૧૧-૦૯-૧૯૭૮.
વચનામૃત–૨૩૧, ૨૩૫, પ્રવચન–૯૧

૨૩૧, ફરીને. ચાલી ગયું છે. આહા..હા...! **'આત્માના ગુણ ગાતાં ગાતાં ગુણી થઈ ગયો...'** શું કહે છે ? ભગવાન અનંત ગુણ સંપદા સ્વરૂપ પ્રભુ, એના ગુણ ગાતાં નામ ગુણની એકાગ્રતા કરતાં કરતાં. આહા..હા...! ગાતાંનો અર્થ એ. ગાવાનો વિકલ્પ છે. એ ગુણ ગાતાંનો અર્થ એ. આહા..હા...! અનંત અનંત ગુણની જ્યાં મહિમા અંતરમાં આવી એ મહિમાને એકાગ્રતા કહે છે. એને ગુણ ગાતાં ગાતાં કહેવામાં આવે છે. આહા..હા...!

**'આત્માના ગુણ ગાતાં ગાતાં ગુણી થઈ ગયો...'** પર્યાયમાં કેવળજ્ઞાન આદિ દશા થઈ ગઈ. આહા..હા...! કોઈ ક્રિયાકાંડ કરતાં કરતાં થાય છે એમ નથી, ભાઈ ! એમ કહે છે. અને આત્માના ગુણ ગાતાં (ગાતાં) **'ભગવાન થઈ ગયો;....'** આહા..હા...! જ્ઞાનસ્વરૂપી પ્રભુ, આનંદરૂપ પ્રભુ ત્રિકાળી ધ્રુવ જ્ઞાતા સ્વભાવની એકાગ્રતા થવાથી. એ ગુણ ગાયાનો અર્થ એનો સત્કાર અને એકાગ્રતા થવાથી ભગવાન થઈ જાય છે. જેવો સ્વભાવમાં ભગવાન છે તેવો પર્યાયમાં ભગવાન થઈ જાય છે. આહા..હા...! આવી વાત છે. અને એ ભગવાન થયો તેની દશા...

આજે એક મોટી ગડબડ આવી છે. 'કલકત્તા'ની વિશ્વવિદ્યાલય છે એનો અધ્યક્ષ છે. એણે બે-ત્રણ મહિના પહેલાં મોટું અંગ્રેજી પુસ્તક બનાવ્યું છે. એમાં એ નાખ્યું કે ભગવાન મહાવીર.. આહા..હા...! ગોશાળા સાથે વાદવિવાદ કરતાં કરતાં તાવ આવી ગયો અને પછી માંસ ખાધું. આહા..હા..! તાવ આવી ગયો એમ એના શાસ્ત્રમાં નથી. શ્વેતાંબરનું 'ભગવતી સૂત્ર' છે. એમાં પંદરમો અધ્યાય છે એમાં એમ આવ્યું છે, વાત તો બધી કલ્પિત છે, ગોશાળા એક.. એય...! આ તમારા શ્વેતાંબર શાસ્ત્રની વાત ચાલે છે. એ તો મોટા અધ્યક્ષ છે ને, કરોડપતિ. આહા..હા...! પંદરમાં શતકમાં એમ આવ્યું છે, અમે તો ઘણીવાર વાંચ્યું છે ને ! અહીંયા એક ભાઈ આવ્યા હતા,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શ્વેતાંબરના પંડિત છે એને કહ્યું કે આમાં આ શું લખ્યું છે ? પંદરમાં અધ્યાયમાં એમ આવ્યું છે કે ભગવાનને લોહીખંડ ઝાડા થઈ ગયા. ઝાડાને શું કહે છે ? કળશાનો રોગ થઈ ગયો. લોહીખંડ.. લોહીખંડ. લોહી પડતું હતું. ભગવાનને લોહી પડતું હતું. આહા..હા...! પેશી.. પેશી. એમણે એક મુનિને કહ્યું, જાઓ, આહાર લ્યો. આહાર લાવ્યા. ત્યાં પાઠમાં એવું છે કે કુકડ માંસે. કુકડાનું માંસ. એવો પાઠ છે. અમે તો બધું જોયું છે. એ વખતે પંડિતને દેખાડ્યું હતું, અરે...! આ શું લખ્યું છે ? કીધું.

મુમુક્ષુ :- એનો અર્થ જુદો કર્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અર્થ જુદો કર્યો પણ અંદર ચોખ્ખું લખ્યું છે આણે. (એક મુમુક્ષુને) પત્ર બતાવ્યો હતો. છે પત્ર અહીં ? ત્યાં છે. આજે આવ્યું છે કે ભગવાનને પણ રોગ થયો. ભગવાન થયા અને રોગ થયો. અને પેશીચી રોગમાં.. એણે તો તાવ લખ્યું છે, માંસ ખાધું. એમ સંસ્કૃત ટીકામાં છે. શ્વેતાંબરની સંસ્કૃત ટીકામાં છે. આહા..હા...! ગજબ વાત. ભગવાનને આહાર નથી, આહાર-પાણી નથી ને એને માંસ ! અર..ર..ર...!

સમ્યગ્દૃષ્ટિ હોય એ પણ માંસ ખાય નહિ. પશુ સિંહ. અસંખ્ય સિંહ જે (અઢી દ્વીપ) બહાર છે. સમ્યગ્દર્શન પામે છે. અંદર આત્માના જ્ઞાતા-દૃષ્ટાનું ભાન (થાય છે). જેનો માંસનો ખોરાક હતો એ છોડી દીધો. અને એક હજાર જોજનનું કમળ હોય છે. એ કમળના ડુડા ખાય. એવો શાસ્ત્રમાં પાઠ છે. આહા..હા...!

શ્વેતાંબરના શાસ્ત્રમાં એમ લખ્યું છે. એણે બે-ત્રણ માસ પહેલાં એના અંગ્રેજી પુસ્તકમાં લખ્યું છે. પહેલાં ઘણી ચર્ચા બહુ થઈ ગઈ છે. આ શું લખાણ ? આ તો કાંઈ જ્ઞાનીના વાક્ય છે ? છે શાસ્ત્રમાં પાઠ છે, ટીકા છે. 'ભગવતી સૂત્ર' પંદરમું શતક. અને નીચે લખ્યું છે, કે કુકડ માંસ એટલે જે માંસ છે એ ચીજ. જૂના આચાર્ય કહે છે કે એ છે. અર..ર...! મૂળ કલ્પિત શાસ્ત્ર. શ્વેતાંબર જે છે, સ્થાનકવાસી કે દેરાવાસી, એ જ્યારે દિગંબરમાંથી નીકળ્યા તો બધા કલ્પિત શાસ્ત્ર બનાવ્યા. આહા..હા...! કલ્પિતમાં સંસ્કૃત ટીકામાં આવું નાખી દીધું. મૂળ પાઠ એવો છે-કુકડ મંસે. પછી સાધારણ માણસે અર્થ કર્યો, કુકડ માંસ જેવો કોળા પાક, એમ લીધું. આ કોળા હોય છે ને ? કોળા. કોળાપાક. પણ પાઠમાં કુકડમાંસ છે. મૂળ સૂત્રમાં, 'ભગવતી સૂત્ર' મૂળ પાઠ. અમે તો સત્તર વાર વાંચ્યું છે. સત્તર વાર. સોળ હજાર શ્લોક છે. સવા લાખ શ્લોકની ટીકા છે. સત્તર વાર વાંચ્યું છે. પણ એ કલ્પિત,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શ્વેતાંબરના મિથ્યાદૃષ્ટિ સાધુ થયા એણે બનાવ્યા. આહા..હા...! ઘણી ચર્ચા ચાલી છે. આહા..હા...! અરે..રે..! ભગવાનનો રોગ ! ભગવાન જ્યાં થયા, આત્માનો આનંદ.. અહીંયા એ કહે છે, જુઓ !

**'અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણ રત્નોના ઓરડા બધા ખુલ્લા થઈ ગયા.'** આહા..હા...! આ વાત પરમાત્મા ત્રણ લોકનો નાથ સર્વજ્ઞ જિનેશ્વર કહે છે એ આ વાત છે. આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. કાલે કહ્યું હતું, જેમ હજાર મકોડાની સાંકળી–ચેઈન હોય છે ને ? એમ આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. કડીની પેઠે. અસંખ્ય કડી છે (તેમ) અસંખ્ય પ્રદેશ છે. એ સર્વજ્ઞે જ જોયું છે. એ સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. આહા..હા...! એ અસંખ્ય પ્રદેશમાં.. છે ? **'અનંત ગુણરત્ન...'** આહા..હા...! એક એક પ્રદેશમાં અનંત ગુણ. જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ છે. આહા..હા...! એ જ્ઞાતા ભગવાન અદ્‌ભુત સ્વરૂપ પ્રભુમાં એકાગ્ર થતાં થતાં.. આહા..હા...! ભગવાન થઈ ગયો. અરિહંત સર્વજ્ઞ થઈ ગયો.

અને અસંખ્ય પ્રદેશમાં જે અનંત ગુણ છે એ ગુણ ઓરડા છે. આપણી ગુજરાતી ભાષામાં ઓરડા લખ્યું છે. (હિન્દીમાં) કમરા લખ્યું છે ? બેનના શબ્દમાં ઓરડો.. ઓરડા. અનંત ઓરડા અંદર છે. એક એક પ્રદેશમાં અનંત ગુણરૂપી ઓરડા છે. કહો, પંડિતજી ! આહા..હા....! અરે..! પ્રભુ ! તને તારી ખબર નથી કે તું શું ચીજ છો. આહા..હા...! અસંખ્ય પ્રદેશમાં એક એક અંશમાં અનંત ગુણરૂપી રત્નના ઓરડા છે. એમાંથી એક એક ગુણમાં અનંતી પર્યાય પ્રગટ થાય છે. એ અનંતી પર્યાયનો ખજાનો એક એક ગુણ, એવા અનંત ગુણના ઓરડા અસંખ્ય પ્રદેશમાં છે. આહા..હા...! અરે..! આવી વાતું હવે.

**'અનંત ગુણરત્નોના ઓરડા બધા ખુલ્લા થઈ ગયા.'** પરમાત્માને અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ રતન ખીલી ગયા, ખુલી ગયા. અરિહંત સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર જેને ણમો અરિહંતાણં કહીએ, એને હવે રોગ ? એને દવા ? અને એમાં પણ માંસ. અર..ર..ર...! ગજબ કરી નાખી, ભાઈ !

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ રોગ કોને ? પણ એ શ્વેતાંબર શાસ્ત્રમાં પાઠ છે. 'ભગવતી સૂત્ર'માં. મૂળ કલ્પિત બનાવીને લોકોને ખબર ન મળે. શ્વેતાંબર પંથ બે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હજાર વર્ષ પહેલાં નીકળ્યા. પછી સ્થાનકવાસી તો હમણા નીકળ્યા તો એને તો કાંઈ ખબર ન મળે. એ તો જે કહે છે એ શાસ્ત્ર ભગવાનના છે એમ માનીને નીકળ્યા. એમાંથી આ તેરાપંથી નીકળ્યા, તુલસી. સમજાય છે કાંઈ ? એય...!

મુમુક્ષુ :– એવી ખોટી વાત લખવાનું કારણ શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પોતાનો મત ચલાવવા. વસ્ત્રસહિત મુનિપણું સ્થાપવું હતું તો કેવળીને પણ રોગ થાય છે, એ દવા લે છે (એમ સ્થાપ્યું). આહા..હા...! શાસ્ત્રમાં બહુ ગડબડ છે. શ્વેતાંબર લોકો પીસ્તાલીસ માને છે, સ્થાનકવાસી એમાંથી બત્રીસ માને છે. પણ બધા કલ્પિત. સર્વજ્ઞના કહેલા નહિ, પણ મિથ્યાદૃષ્ટિએ બનાવેલા શાસ્ત્રો છે. આહા..હા...! એમાં આવી વાત મૂળ પાઠમાં કે ભગવાનને રોગ થયો તો સિંહણગાર એક અણગાર–મુનિ હતા. એ જંગલમાં રોતા હતા કે અરે..રે...! ભગવાનને રોગ છે. એમ રોતા હતા. એવો શાસ્ત્રમાં પાઠ છે, હોં ! બધી કલ્પિત–ખોટી (વાતો). રોતા હતા તો ભગવાને બોલાવ્યા, અહીં આવ, શું છે ? ભગવાનને વાણી ક્યાં છે ? ભગવાનને તો ૐ ધ્વનિ હોય છે. જા, શું કેવી બાઈ કીધી ? રેવતી. ભૂલી ગયા. બધું મોઢે–કંઠસ્થ હતું. રેવતી રાણીને ત્યાં આહાર લેવા જા. ત્યાં મારી માટે આહાર બનાવ્યો છે, એ નહિ લેતો. પણ એના ઘોડા માટે બનાવ્યો છે એ લેજો. એવો પાઠ છે. આહા..હા...! એ આહાર લાવે છે, ભગવાન ખાય છે, રોગ મટી જાય છે. બધા સંતોષ.. સંતોષ.. દેવો ખુશ (થઈ જાય છે). એવો પાઠ છે. 'ભગવતી સૂત્ર' મૂળ પાઠ. આહા..હા...! માર્ગ ભ્રષ્ટ કરી નાખ્યો. સમજાય છે કાંઈ ?

નિશ્ચયથી તો પ્રભુ ! શું કહીએ ? એ શ્વેતાંબર અને સ્થાનકવાસી એ જૈનધર્મ, જૈન જ નથી. એવી વાત છે. અમે તો અંદર ઊતરી ગયા હતા ને ! પણ અમને તો પૂર્વની વાત અંદરથી આવી. ભગવાન પાસે હતા. આ માર્ગ નહિ. આ માર્ગ જ ખોટો છે. આખો શ્વેતાંબર અને સ્થાનકવાસી ધર્મ, એ જૈનધર્મ નથી, અન્ય ધર્મ છે. આજે માનો, કાલે માનો, પછી માનો આ માન્યે છૂટકો છે. એય...! આહા..હા...! પણ લોકોને આકરું લાગે. સીત્તેર સીત્તેર વર્ષ સ્થાનકવાસી ને દેરાવાસી જૈનધર્મમાં કાઢ્યા હોય એને એમ કહેવું કે તારો જૈનધર્મ નથી. આકરું લાગે બિચારાને, શું થાય ? ભાઈ ! વસ્તુસ્વરૂપ એવું છે.

મેં તો એક પંડિતને કહ્યું હતું, એમણે લખ્યું હતું. અહીં આવ્યા હતા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્થાનકવાસીના પંડિત છે. શું લખ્યું છે આ ? એ તો સંસ્કૃત ટીકામાં છે, પાઠમાં છે. વૃદ્ધ સાધુ આમ માને છે એમ એમાં લખ્યું છે. ઠીક ! સંસ્કૃતમાં છે. અમારી પાસે બધા પુસ્તક છે. મોટું પુસ્તક છે, 'શ્રીમદ્' (સંસ્થા) તરફથી છપાયેલું. અરે...! ભગવાનને રોગ કેવો ? આહા..હા...! એને દવા કેવી ? અને એમાં માંસ ?

પ્રભુને આહાર ને પાણીનો અભાવ છે. અમૃતનો અનુભવ જ્યાં કરે છે, (અનંત ગુણો) ખીલી ગયા. અસંખ્ય પ્રદેશમાં અનંતા અનંતા ગુણરત્નો ખીલી ગયા. અનંતા અમૃતનો ભગવાન અનુભવ કરે. આહા..હા...! કોણે લખ્યું આ ? કહે છે. પોતાનો પંથ ચલાવવા લખ્યું છે, ભગવાન ! શું કરીએ ?

આ બધું પરિવર્તન કર્યું ત્યારે અંદરથી કાંઈક બીજું લાગ્યું ત્યારે કર્યું ને ? નહિતર અમારી માન્યતા તો સ્થાનકવાસીમાં બહુ હતી. દીક્ષા બહુ ધામધૂમથી (થઈ હતી). મોટા ભાઈએ અઢારસો, બે હજાર રૂપિયા પાંસઠ વર્ષ પહેલાં ખર્ચ કર્યા હતા. અત્યારે ત્રીસ ગુણા ગણાય. પછી મેં તો કહી દીધું, ભાઈ ! આ માર્ગ નથી. આ માર્ગ, વીતરાગ માર્ગ નથી. હું તો છોડી દઈશ, આ સાધુપણું નથી. હું તો કડક ક્રિયા કરતો હતો. આ સાધુપણું નથી, હું સાધુ નથી. વસ્તુ બીજી છે. મોટાભાઈને અમારા ઉપર બહુ પ્રેમ હતો તો કહ્યું, મહારાજ ! આપની પ્રસિદ્ધિ બહુ છે તો ધીમે ધીમે છોડવું. મોટા ભાઈ. ધીમે ધીમે છોડવું. આ વાત (સંવત) ૧૯૮૭ માં કરી હતી, ૧૯૮૭. હું આ છોડી દઈશ, આ માર્ગ નથી. આ જૈનધર્મ નથી. એની હયાતીમાં (સંવત) ૧૯૯૧માં છોડ્યું. અહીંયા બંગલો છે ને ? પછી તો દુકાન છોડીને અહીંયા રહેતા હતા. પતિ-પત્ની બે હતા. આજીવિકા માટે પૈસા હતા. દુકાન, ધંધો છોડી દીધા. ૧૯૯૩માં ગુજરી ગયા, પણ એની હયાતીમાં (પરિવર્તન) કર્યું. માર્ગ આ નથી, બાપુ ! હાથીના હોદ્દે મોટી દીક્ષા. ધામધૂમ ને સાડી ત્રેવીસ વર્ષની ઉંમર, જુવાન અવસ્થા.

મુમુક્ષુ :– ધોતિયું ફાટી ગયું હતું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ધોતિયું ફાટી ગયું હતું. હાથીના હોદ્દે થઈ હતી. ઘરે મોટો હાથી લાવ્યા હતા. હાથી મોટો હતો. નિસરણી હોય ને ? નિસરણી. નિસરણી ચડતાં, હું તો કપડા ઊંચા પહેરતો, દુકાન ઉપર પણ. જગન્નાથીની ધોતી, આલપાકનો કોટ. ઝરીની ટોપી. એવું પહેરતો હતો. (એ દિવસ) પણ જગન્નાથનું પહેરીને ઉપર ગયો ત્યાં નિસરણીમાં ભરાણું, ફાટ્યું. મને શંકા પડી કે આ શું ? થયું શું ? હું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હજી દીક્ષા લેવા જાઉં છું ને... અને માણસ બે-બે હજાર માણસ. અહીંયા જન્મગામમાં. કણબીના ગામમાં અમારું મકાન છે ને ? ઘણું માણસ. શંકા પડી કે કંઈક ફેર છે, હોય એ ખરું. એનો અર્થ કે વસ્ત્રસહિત મુનિપણું ત્રણ કાળમાં હોતું જ નથી. આકરી વાત, ભગવાન ! શું કહીએ ? આહા..હા...!

એકવાર તો અમારા ગુરુ હતા. (સંવત) ૧૯૮૩ ની સાલની વાત છે. પાત્ર રંગતા હતા. પાત્ર હોય ને ? બે બે કલાક રંગવામાં જતા હતા. એને રંગવા ને સુકાવવું ને ધ્યાન રાખવું. મેં તો મહારાજને કહ્યું, મહારાજ ! આ શું છે ? આ ઉપાધિ ? આ શું છે ? સ્વાધ્યાય કરવું મુકીને બે બે કલાક પાત્રા રંગવા ને આ... અમારા ગુરુ બિચારા નરમ માણસ હતા, પણ એમ બોલ્યા કે પાત્રા વિનાના સાધુ ગોતી લાવજે. સમજ્યા ને ? પાત્રા વિનાના સાધુ. આ પાત્રા વિનાના ગોતી લાવ્યા, આ 'કુંદકુંદાચાર્ય' રહ્યા. આવી બહુ વીતી ગઈ અમારે તો. માર્ગ આ છે, બીજો કોઈ માર્ગ નથી. મુનિને પાત્ર હોય નહિ ને વસ્ત્રનો ટુકડો ન હોય. એક વસ્ત્રનો ટુકડો રાખીને મુનિ છું એમ માને, મનાવે નરક, નિગોદમાં જશે. એ...! એવી વાત છે, ભગવાન! શાંતિથી કહીએ છીએ, ધીમેથી કહીએ છીએ, માર્ગ પ્રભુ ! આ છે, ભાઈ ! અરે...! જગતને બેસવું કઠણ પડે, ભાઈ !

અહીં તો કહે છે, આહા..હા...! અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણરત્ન. અનંતી અનંતી પર્યાયની શક્તિ એક એક ગુણમાં પડી છે. એવા અનંતા ગુણો અસંખ્ય પ્રદેશમાં એક એકમાં (ભર્યા છે). આહા..હા...! એ જ્ઞાતા-દૃષ્ટાનું ધ્યાન કરતાં કરતાં એ અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણરત્નના ઓરડા ખુલ્લા થઈ ગયા. આહા..હા...! જેની પર્યાયમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંતી ઈશ્વરતા પ્રગટ થયા તેને અરિહંત કહેવામાં આવે છે. હજી અરિહંતદેવની પણ ખબર ન મળે કે અરિહંત કોણ ? ને કેવા ? જય ભગવાન ! વાડામાં પડ્યા (એને માની લીધું). આહા..હા...! દેવ આવા હોય છે અને ગુરુ વસ્ત્રરહિત (એક) ટુકડા વિનાના નિર્ગ્રંથ અને અતીન્દ્રિય આનંદમાં ઝુલાનારાને ગુરુ કહે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ અહીંયા કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો. આહા..હા...! તારા અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણરત્નના ઓરડા ભર્યા છે. આહા..હા...! એક એક ઓરડામાં ભરે છે ને ? આ મોટા ગોદામ નહિ ? મુંબઈમાં કેસરના ને કેસરના ડબાના મોટા ગોદામ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોય છે. અમે તો માલ લેવા જતા તો ઘણું જોયું છે ને ? મોટા મોટા હજારો કેસરના ડબા. તે દિ' તો રૂપિયાભાર કેસર હતું. તે દિ' કેસરનો ધંધો હતો ને અમારે ! આહા..હા...! એમ આ ભગવાન આત્મા અનંત ગુણનું ગોદામ પરમાત્મા છે. આહા..હા....! અરે...! એને કેમ બેસે ? આ શરીર જડ, માટી–ધૂળ છે. કર્મ અંદર ધૂળ અંદર જુદી ચીજ છે અને દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ એ જુદા વિકૃતભાવ છે. આહા..હા...! એનાથી ભિન્ન ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા ને અનંત આનંદ (સ્વરૂપ છે). તેનું ધ્યાન કરતાં કરતાં શક્તિમાં જે અનંતી શક્તિ પ્રદેશમાં પડી છે, એ બધી ખુલી ગઈ. આહા..હા...! એ ભગવાનને આહાર કેવા ને એ ભગવાનને રોગ કેવા ? ભાઈ ! એ બધી કલ્પિત વાત છે, જૈનધર્મની વાત નહિ. આને એમાંથી નીકળતાં એકતાલીસ હજાર રૂપિયા ભરવા પડ્યા હતા. એના સંપ્રદાયમાંથી (નીકળવા માટે) લોકો ઉશ્કેરાઈ ગયા. આ તો ન્યાં સોનગઢ (જાય છે). કરો દંડ. આણે નાતમાં ભળવા માટે એકતાલીસ હજાર ભર્યા હતા. પછી અહીં રહી ગયા. અરે..! ભગવાન ! ભારે કામ આકરાં.

આવો પરમાત્મમાર્ગ પ્રભુ, આહા..હા...! જેને અંતરમાં સમ્યગ્દર્શન થાય ત્યાં અનંત ઓરડા જે ભર્યા છે તેમાંથી અંશ વ્યક્ત–પ્રગટ થાય છે. આહા..હા...! ચારિત્ર થાય ત્યારે અનંત ઓરડામાંથી ઉગ્ર શુદ્ધિ ઘણી વધી જાય છે. કેવળજ્ઞાન થયું તો... આહા..હા...! જેટલી અનંત શક્તિ અસંખ્ય પ્રદેશમાં છે એ બધી ખુલી ગઈ. આહા..હા...! ત્રણ લોકનો નાથ ણમો અરિહંતાણં, એને અરિહંત કહીએ. આહા..હા...!

એ અહીં કહે છે, **'ભગવાન થઈ ગયો;...'** આહા..હા...! ભગવાન નામ ભગ એટલે લક્ષ્મી. ભગનો અર્થ લક્ષ્મી થાય છે. અનંત આનંદ ને અનંત જ્ઞાન, અનંત ગુણરૂપી લક્ષ્મી. તેનો વાન. એ લક્ષ્મીવાન પ્રભુઆત્મા છે. આહા..હા...! આ ધૂળના લક્ષ્મીવાન નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા..! ધૂળની લક્ષ્મી મારી છે એ માન્યતા મૂઢની છે. સવારે આવ્યું હતું. આહા..! જડ છે, માટી–ધૂળ છે. તારી ક્યાંથી થઈ ? આહા..હા...! અહીંયા તો અનંત અનંત લક્ષ્મી પડી છે, પ્રભુ ! તને ખબર નથી. તું કેટલો મહાન પ્રભુ અંદર છે !! આહા...! એ શક્તિનું ધ્યાન કરતાં કરતાં.. આહા..હા....! ભગવાન થઈ ગયો. ગુણરત્નના ઓરડા ખુલી ગયા. ગુજરાતીમાં ભાઈ ! ઓરડા છે. આપણે અહીં હિન્દીમાં કમરા લખ્યું છે. ગુજરાતીમાં ઓરડા છે. અનંત ઓરડા ભર્યા છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જ્ઞાતાનું ધ્યાન કરતાં કરતાં આત્મા જ્ઞાનમય થઈ ગયો, ધ્યાનમય થઈ ગયો – એકાગ્રતામય થઈ ગયો. અંદર ચૈતન્યના નંદનવનમાં એને બધું મળી ગયું; હવે બહાર શું લેવા જાય છે ? ગ્રહવા યોગ્ય આત્મા ગ્રહી લીધો, છોડવા યોગ્ય બધું છૂટી ગયું; હવે શું કરવા બહાર જાય ? ૨૩૨.**

૨૩૨. **'જ્ઞાતાનું ધ્યાન કરતાં કરતાં...'** આહા..હા...! એ પુણ્ય ને પાપથી ભિન્ન ભગવાન, જ્ઞાતા-દૃષ્ટા. જગત જ્ઞેય અને દૃશ્ય, ભગવાન જ્ઞાતા અને દૃષ્ટા. આહા..હા...! રાગથી માંડી પરજ્ઞેય વસ્તુ, એનો આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા...! એવા જ્ઞાતા-દૃષ્ટાનું ધ્યાન કરતાં. આહા..હા...! એ ભગવાન આત્માને ધ્યેય બનાવી ધ્યાન કરતાં કરતાં, એકાગ્ર થતાં થતાં. આહા..હા...! આવી વાતું છે. જ્ઞાતા નામ ભગવાન પ્રભુ ત્રિકાળી, તેનું ધ્યાન કરતાં કરતાં **'આત્મા જ્ઞાનમય થઈ ગયો.'** આહા..હા...! પર્યાયમાં જ્ઞાનમય થઈ ગયો.

પર્યાય શું ને વળી દ્રવ્ય શું ? આહા..હા...!

દ્રવ્ય એ ત્રિકાળી વસ્તુ, ગુણ ત્રિકાળી શક્તિ અને પર્યાય એની અવસ્થા–હાલત. એમાં આ પર્યાયમાં જ્યારે દ્રવ્યનું ધ્યાન કરતાં કરતાં પર્યાયમાં જ્ઞાનમય થઈ ગયો, કેવળજ્ઞાનમય થઈ ગયો. નીચે મતિ-શ્રુતજ્ઞાનમય થઈ ગયો, પૂર્ણ થયો ત્યારે કેવળજ્ઞાનમય થઈ ગયો. આહા..હા...! આવો ઉપદેશ કઈ જાતનો ? દિગંબરમાં પણ અત્યારે ચાલતો નથી, શ્વેતાંબરમાં, સ્થાનકવાસીમાં તો છે જ નહિ. દિગંબરમાં પણ ચાલતો નથી. એય..! આ બધા દિગંબરના રહ્યા. એ પહેલે દિ' આવ્યા ત્યારે એમ કહેતા હતા, આવી વાત ક્યાંય નથી એમ કહેતા હતા. આપણે ત્યાં 'કલકત્તા'ના પ્રમુખ છે. આહા..હા...!

પ્રભુ ! શું કરતાં કરતાં આત્મા જ્ઞાનમય થઈ જાય છે ?

એ જ્ઞાતાનું ધ્યાન કરતાં કરતાં પર્યાયમાં જ્ઞાનમય થઈ જાય છે. જે પુણ્ય ને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પાપ રાગ મારો છે એવી એકત્વબુદ્ધિ છે તે મિથ્યાત્વ, ભ્રાંતિ, અજ્ઞાન છે. એવો આત્મા.. ત્રણ લોકનો નાથ પરમાત્મા એમ ફરમાવે છે કે જ્ઞાતાનું ધ્યાન કરતાં કરતાં જ્ઞાનમય થઈ ગયો. પર્યાયમાં જ્ઞાનમય દશા થઈ ગઈ.

**'ધ્યાનમય થઈ ગયો...'** આહા..હા..! **'એકાગ્રતામય થઈ ગયો.'** ત્રણ શબ્દ છે. આહા..હા...! માર્ગ ભાઈ ! બહુ અલૌકિક છે, ભાઈ ! અત્યારે તો માર્ગ બગાડીને આ કરો ને આ કરો ને આ કરો. કરવું એ મરવું છે. આવે છે ? શેમાં ? 'સોગાની'. ભાઈ ! 'સોગાની'ના 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં. હું કાંઈક કરું, રાગ કરું, હું આ કરું એ તારું મરવું છે. આહા..હા...! ભગવાન જ્ઞાતા-દૃષ્ટામાં કરવું, રાગ કરવો, દયા, દાનના વિકલ્પ કરવા એ ક્યાંથી આવ્યા ? આહા..હા...! સમજાય છે કાંઈ ? આવો માર્ગ છે, પ્રભુ ! લોકોને તેથી એમ લાગે છે ને, એય..! સોનગઢિયાનો ધર્મ નિશ્ચયાભાસ એકાંત છે. કહો, પ્રભુ ! તને ખબર નથી, બાપુ ! આહા..હા...! અને સોનગઢિયા ઠરાવે. પેલા તીર્થ(ફંડમાં) પણ સોનગઢિયા ઠરાવે છે. તીર્થફંડ કર્યું છે ને ! મેં તો કોઈને ક્યાંય કહ્યું નથી, હોં ! કે તીર્થફંડ કરો કે આ દેરાસર કરો, આપણે કોઈને કદી કહ્યું નથી. (એક મુમુક્ષુએ) તીર્થફંડ ઉઠાવ્યું છે. સાંઈઠ લાખ ભેગા કર્યા છે. કરોડ ભેગા કરવાના છે. ચાલીસ લાખ બાકી છે. એ તો ઠીક. પેલા લોકો કહે કે, જુઓ ! સોનગઢિયાએ તીર્થફંડ બનાવ્યા.

મુમુક્ષુ :– બધા તીર્થને કબજે કરી લેવા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અમને આપી દો, એમ કહે છે. એક સાધુએ બાધા લીધી છે ને ? એક કરોડ રૂપિયા ન થાય ત્યાં સુધી ફલાણું ન ખાવું. અમારે થયા નથી, તમે આપી દો તો ભેગા થઈ જાય. અમે તો કાંઈ કહ્યું નથી કે ફંડ કરો ને પૈસા ભેગા કરો, મેં તો કદી કોઈને કહ્યું નથી. અમે તો તત્ત્વની વાત કરીએ છીએ. સમજાય છે કાંઈ ? ફતેપુરના મુમુક્ષુ છે ને ? ગૃહસ્થ છે, ચાલીસ-પચાસ લાખ રૂપિયા છે. અને પોતે બ્રહ્મચારી છે ઘણા વર્ષથી. જાવજીવ બ્રહ્મચર્ય લઈ લીધું. ઘણા વર્ષથી. એક દીકરી જ છે. ઉપદેશ આપે છે. પાંચ-પાંચ હજાર, દસ-દસ હજાર માણસમાં. આફ્રિકા ગયા હતા ને ? આ પંદર લાખનું મુહૂર્ત થયું ને ? બે જણા. (એક) રાજકોટવાળા અને (એક આ). (રાજકોટવાળાની) બહુ નિર્મળ દૃષ્ટિ છે.

મુમુક્ષુ :–

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવશ્રી :– અમારો પ્રતાપ અહીં રહ્યો, ન્યાં ક્યાં ગયો પ્રતાપ ? પણ લોકોને એમ થઈ જાય કે આ સોનગઢનું તીર્થ છે માટે આપો. અમે તો કોઈ દિ' કહ્યું નથી કે આ મકાન બનાવો, આ સ્વાધ્યાય મંદિર બનાવો. અમે તો કોઈ દિ' કહ્યું નથી, ભાઈ ! લોકો આવે કે અમારે આ કરવું છે, અમે સાંભળીએ. રાજકોટમાં મંદિર (થયું). (આપણા મુમુક્ષુ) કરોડપતિ છે. એ મારી પાસે આવ્યા, મારે એક મંદિર બનાવવું છે. તમારી મરજી, આપણે કહ્યું નથી. મંદિર મોટું બનાવ્યું છે. મંદિર, માનસ્તંભ, સમવસરણ. આઠ દસ લાખ (થયા). બને, બનવાનું હોય ત્યાં બને. એને એવું નિમિત્ત આવી જાય. એમાં કંઈ એનાથી થયું છે (એમ નથી). અરે..રે...!

અહીં તો રાગના કર્તા થવું (એ મરવા બરાબર છે). એ જ્ઞાનસ્વરૂપી પ્રભુને રાગનો રજકણ કેમ હોય ? આંખમાં જેમ એક રજકણ હોય એ ખટક ખટક ખટકે છે. એમ ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એમાં દયા, દાનના વિકલ્પ હોય એ ખટકે છે. અરે..રે...! આવી વાત સાંભળવા મળવી મુશ્કેલ. શું થાય ? ભાઈ ! એ તો કહ્યું પહેલાં, નહિ ? ભગવાનના વિરહ પડ્યા, પ્રભુ ત્યાં રહી ગયા. આહા..હા...! અહીં સર્વજ્ઞપણું ઉત્પન્ન થવાના વિરહ પડી ગયા. દેવનું આવવું અટકી ગયું. એક ભાવશ્રુતજ્ઞાન રહ્યું. એમાં આ માર્ગ જગતને કઠણ પડે, શું થાય ? ભાઈ !

અરે...! ચોરાશીના અવતાર કરીને બાપુ ! ઠડ નીકળી ગયો છે, નાથ ! તારા દુઃખના (પાર નથી). ભગવાન તો એમ કહે, કે નરકના એક ક્ષણના દુઃખ, પ્રભુ ! તેંત્રીસ સાગર તેં અનંતવાર ભોગવ્યા. પણ એક ક્ષણના દુઃખ કરોડ જીભે, કરોડ ભવે ન કહેવાય, બાપા ! એવા તેં દુઃખ સહન કર્યા છે. એ તું ભૂલી ગયો. ભૂલી ગયો માટે નહોતું એમ કેમ કહેવાય ? સમજાય છે કાંઈ ? જન્મ્યા પછી છ મહિના શું સ્થિતિ હતી, એ અત્યારે ખબર છે ? (નથી ખબર) માટે નહોતી ? ખબર નહોતી માટે નહોતી, એમ કોણ કહે ? હતી, છે, હું અહીંયા છું તો જન્મ પછી છ મહિના, બાર મહિનામાં હું હતો કે નહિ ? આહા..હા...! એમ હું છું, તો અનાદિઅનંત કાળમાં અનાદિકાળમાં હું રહ્યો ક્યાં ? આહા..હા...! નરક ને નિગોદ, ભાઈ ! એ અનંત અવતાર કરતાં કરતાં એ દુઃખી છે, દુઃખી છે. સનેપાતિયો રાજી થાય, દાંત કાઢે પણ એ દુઃખી છે. આહા..હા...! એમ અજ્ઞાની કંઈક પૈસા ને શરીર અનુકૂળ (હોય એમાં) રાજીપો (અનુભવે એ) સનેપાતિયાના દાંત છે. આહા..હા...! અહીં કહે છે કે એ દુઃખ મટાડવાનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉપાય આ છે. આહા..હા...! જ્ઞાતાનું ધ્યાન કરતાં કરતાં (ધ્યાનમય થઈ ગયો).

અરે...! ભગવાનને નામે આવું નાખ્યું ? ગજબ કર્યો, પ્રભુ ! ટીકામાં નાખ્યું, માંસ ખાય. અર..ર..ર...!

મુમુક્ષુ :– અત્યારના આચાર્ય નહિ, વૃદ્ધ આચાર્યોએ નાખ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા. વૃદ્ધ. શ્વેતાંબરના બધા જૂના સાધુ મિથ્યાદૃષ્ટિઓ. એણે લખી નાખ્યું એમાં. અરે..! ભગવાન ! આ દુનિયાને બિચારાને ખબર ન મળે. વાણિયા ધંધા આડે નવરા ન મળે. છ, સાત કલાક સૂવું, છ, સાત કલાક બાયડી, છોકરાને રાજી રાખવામાં રહેવું. આહા..હા...! એકાદ, બે કલાક સાંભળવા મળે તો બધું ઊંધુ સાંભળવાનું મળે. અરે..! જિંદગી જાય છે, ભાઈ ! આહા..હા...! એટલે આ સત્યનો નિર્ણય કરવાનો એને વખત ન મળે.

અહીં તો ભગવાન જ્ઞાનમય થઈ ગયો. ધ્યાનમય થઈ ગયો, એકાગ્રતામય થઈ ગયો. આહા..હા...! **'અંદર ચૈતન્યના નંદનવનમાં...'** મેરુ પર્વતમાં નંદનવન છે. ત્યાં નંદનવનમાં અનેક ફળ ને ફૂલ ફાલે છે. એમ આ ભગવાન આત્મા **'ચૈતન્યના નંદનવનમાં...'** આહા..હા...! અનંત ગુણનું નંદનવન, પ્રભુ ! આહા.હા..! **'એને બધું મળી ગયું.'** અંદરમાં અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એ જ્યાં અંતરમાં મળી ગયો, બધું મળી ગયું. આહા..હા...! સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શનમાં નંદનવન મળી ગયું ! કેવળજ્ઞાનની તો વાત શું કરવી !! આહા..હા...! મુનિની દશા.. આહા.હા...! મુનિની દશાનું શું કહેવું ! આહા..હા..! જેને, મુનિને તો નંદનવન ખીલી ગયા. અનંત અનંત પ્રચુર આનંદના વેદનની મહોરછાપ જેને પડી છે. આહા..હા...! એ મુનિ કોને કહીએ, ભાઈ ! આહા..હા...!

એ કહે છે કે, અમારે ચૈતન્યના નંદનવનમાં બધું મળી ગયું. આનંદ, શાંતિ, પ્રભુતા, સ્વચ્છતા (આદિ બધું મળી ગયું). ભગવાન આત્માનો સ્વભાવ નિરોગ છે. રાગનો રોગ એમાં છે જ નહિ. **'બધું મળી ગયું.'** આહા..હા...! અંતર સ્વરૂપ ભગવાન, અનંત ગુણરત્નનો ભંડાર અસંખ્ય પ્રદેશ, એની દૃષ્ટિ ને અનુભવ થયા અને મળી ગયું, બધું મળી ગયું. આહા..હા...! **'હવે બહાર શું લવા જાય ?'** આહા..હા...! જ્યાં ભગવાન અનંત આનંદ આદિ અંદરમાં મળી ગયો, એ બહાર શું કરવા આવે ? એ ભગવાન બહાર શું કરવા આવે ? વિકલ્પ આહાર લેવા નો ને... આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'ગ્રહવા યોગ્ય આત્મા ગ્રહી લીધો,...'** આહા..હા...! પરમાનંદનો નાથ પ્રભુ, જેમ પચાસ મણની બરફની પાટ હોય છે કે નહિ ? મુંબઈમાં બહુ હોય છે. પચાસ પચાસ મણની પાટ ખટારા ભરીને જાતા હોય. પચાસ પચાસ મણની પાટ, શેની ? બરફ.. બરફ. ખુલ્લી, હોં ! એને કંઈ લુગડું-બુગડું ઢાંક્યું ન હોય. એમ આ ભગવાન અનંત આનંદની પાટ અંદર પડી છે. આહા..હા...! અરે..! કેમ બેસે ? એ પાટ મળી ગઈ. આહા..હા...! જેમ એ શીતળતા છે, એમ આમાં શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. અને આનંદ.. આનંદ.. આનંદ અતીન્દ્રિય આનંદ એવી પાટ અંદરથી મળી ગઈ. આહા..હા...! (એ) બહાર શું કરવા જાય ? બહાર વિકલ્પમાં જાય શું કરવા ? આહા..હા...! **'ગ્રહવા યોગ્ય આત્મા ગ્રહી લીધો,...'**

**'છોડવા યોગ્ય બધું છુટી ગયું;...'** રાગાદિ પર્યાયબુદ્ધિ આદિ બધું છૂટી ગયું. આહા..હા...! **'હવે શું કરવા બહાર જાય ?'** આહા..હા...! એ ૨૩૨ (બોલ પૂરો થયો). ૪૩૨ (બોલ). આ ૨૩૨ આવ્યું. આમાં ૪૩૨ બોલ છે. બસો બાકી રહ્યા. સવા ત્રણ મહિના થયા. આહા..હા...! કો'કનું પુસ્તક છે ને ? એમાં પણ આનું લખાણ આવ્યું છે. એ બતાવ્યું ને ? એમાં પણ બેનનું આવ્યું છે. બેનના વચનામૃતો. પુસ્તકની સમાલોચના કરે ને ? એમાં આવ્યું છે. ભગવાન માંસ ખાય એ આવ્યું ને ? એમાં આ આવ્યું છે, બેનના વચનામૃતો આવા છે, આવા છે એમ કરીને વખાણ કર્યા છે. અન્યમતિ પેલા.. અન્યમતિ એટલે આ જૈનો પણ ક્યાં સમજનારા છે ? એ લોકોએ પણ આ વાંચીને એને એમ થઈ ગયું કે આ..હા..! એ પુસ્તક આજે આવ્યું છે.

**અંદરથી જ્ઞાન ને આનંદ અસાધારણપણે પૂર્ણ પ્રગટ થયાં તેને હવે બહારથી શું લેવાનું બાકી રહ્યું ? નિર્વિકલ્પ થયા તે થયા, બહાર આવતા જ નથી. ૨૩૩.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'અંદરથી જ્ઞાન ને આનંદ અસાધારણપણે પૂર્ણ પ્રગટ થયાં...'** અંદરથી જ્ઞાન ને આનંદ અસાધારણ નામ બીજી વસ્તુમાં નથી, એવા પૂર્ણ પ્રગટ થયાં. આહા..હા...! અનંત જ્ઞાન, અનંત આનંદ પર્યાયમાં પરમાત્માને પ્રગટ થયાં. આહા..હા...! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વર વીતરાગ પરમાત્માને અનંત જ્ઞાન ને અનંત આનંદ અસાધારણ, બીજે નથી એવા પૂર્ણ પ્રગટ થયા. **'તેને હવે બહારથી શું લેવાનું બાકી રહ્યું ?'** આવે છે ને ? બાકી શું રહ્યું ? આહા..હા...!

**'નિર્વિકલ્પ થયા તે થયા,...'** એ તો પૂર્ણાનંદના નાથમાં નિર્વિકલ્પ નામ વિકલ્પ રહિત થયા, એ થાય તે થયા. **'બહાર આવતા જ નથી.'** આહા...હા...! એ ૨૩૩. **'આવતા 'જ' નથી.'** સમ્યગ્દષ્ટિ જ્ઞાની ધર્માત્મા અંદરમાં જાય છે તો નિર્વિકલ્પ અનુભવ થાય છે, પણ એને નબળાઈ છે તો વિકલ્પ આવે છે. નીચે રાગ આવે છે, પણ એ રાગ આવે છે તે દુઃખરૂપ લાગે છે. આહા..હા..! વ્રતનો, ભક્તિનો વિકલ્પ આવે છે પણ ધર્મીને એ દુઃખરૂપ લાગે છે. આહા..હા...! આવી વાત છે. આખી વાત જ ફેર. પેલા માણસ કહે છે ને ? 'આણંદ કહે પરમાણંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક તાંબિયાના તેર.' એમ ભગવાન કહે છે કે તારે ને મારે વાતે વાતે ફેર છે. આહા..હા...! **'નિર્વિકલ્પ થયા તે થયા,...'**

**મારે કરવાનું ઘણું બાકી છે એમ માનનારને જ આગળ વધવાનો અવકાશ રહે છે. અનંતકાળમાં 'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ જીવે ઘણી વાર કર્યા, પણ વિવિધ શુભ ભાવો કરી તેમાં સર્વસ્વ માનીને ત્યાં સંતોષાઈ ગયો. કલ્યાણ કરવાની સાચી વિધિને જાણી નહિ. ૨૩૪.**

૨૩૪. **'મારે કરવાનું ઘણું બાકી છે...'** આહા..હા...! મારો આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન, તેનું સમ્યગ્દર્શન થયું, તેનું ધ્યાન કરવાથી નિર્વિકલ્પ દશા પ્રગટ થઈ, છતાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધર્મી સમકિતી હજી ગૃહસ્થાશ્રમમાં છે (એમને એમ લાગે છે), **'મારે કરવાનું ઘણું બાકી છે,...'** આહા..હા...! સ્વરૂપમાં લીનતા કરવી ઘણી બાકી છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ લીનતા કરવી ઘણી બાકી છે, હોં ! આહા..હા...!

**'મારે કરવાનું ઘણું બાકી છે એમ માનનારને જ આગળ વધવાનો અવકાશ રહે છે.'** પણ કંઈક જ્ઞાન થયું ને આપણે થઈ ગયા પૂર્ણ,.. આહા..હા...! એને વધવાનો અવકાશ ન રહ્યો, ત્યાં રોકાઈ ગયો. આહા..હા...! **'અનંત કાળમાં...'** ? અનંત અનંત કાળ થયો, **'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ જીવે ઘણી વાર કર્યા,....'** દિગંબર જૈન સાધુ અનંત વાર થયો. દિગંબર સાધુ, હોં ! વસ્ત્રનો ટુકડો નહિ. એવો મુનિ થયો, પણ મિથ્યાદૃષ્ટિ. એ રાગની ક્રિયા મારી છે ને રાગ ઉપર એનું લક્ષ છે. આહા..હા...!

**'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ જીવે ઘણી વાર કર્યા, પણ વિવિધ શુભ ભાવો કરી તેમાં સર્વસ્વ માનીને ત્યાં સંતોષાઈ ગયો.'** સાધુ થયો. પંચ મહાવ્રતના ભાવ આવ્યા, બસ ! એ પંચ મહાવ્રત એ શુભરાગ છે. એ કોઈ ચારિત્ર નહિ, સમકિત નહિ, એ વસ્તુ નહિ. પંચ મહાવ્રતના વિકલ્પ, હોં ! એ તો અત્યારે છે જ નહિ. આહા..હા...! નવમી ગ્રૈવેયક ગયો, દરેક પ્રાણી 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' મુનિવ્રત ધારી દરેક પ્રાણીએ હજારો રાણી છોડી, બાળ બ્રહ્મચારી રહ્યો, મુનિપણું લઈ લીધું. બાહ્યની ક્રિયા (કરી) પણ આત્મજ્ઞાન નહિ, સમ્યગ્દર્શન નહિ. સમજાય છે કાંઈ ? એ કહ્યું ને ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ મહાવ્રતના પરિણામ આસ્રવ દુઃખરૂપ છે. અરે...રે...! આકરું કામ. અહીં તો મહાવ્રતને ચારિત્ર માને. એને અત્યારે તો મહાવ્રત પણ ક્યાં છે ? પણ બાયડી, છોકરા છોડી, દુકાન છોડીને બેઠા, લુગડાં છોડ્યા, થઈ ગયા સાધુ. અરે...! ભાઈ ! સાધુ બનવું, વેશ લેવો એ સહેલું છે. પણ અંદર સાધુ થવું, અંદર સાધુપણું હોવું અંદર એ કોઈ અલૌકિક ચીજ છે, બાપુ ! સમજાય છે કાંઈ ? આવી વાતું, લ્યો !

**'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ જીવે ઘણી વાર કર્યા, પણ વિવિધ શુભ ભાવો કરીતેમાં સર્વસ્વ માનીને ત્યાં સંતોષાઈ ગયો.'** સરસ, સરસ, ઓ.હો..હો..! હજારો રાણી છોડી, રાજપાટ છોડ્યા, દુકાન છોડી, કપડાં છોડ્યા. હવે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શું ત્યાગ બાકી રહ્યો ? એવો જે શુભભાવ હતો એમાં સંતોષાઈ ગયો. એ તો શુભભાવ છે. એ કોઈ ધર્મ નથી, ચારિત્ર નથી. આહા..હા...! **'તેમાં સર્વસ્વ માનીને ત્યાં સંતોષાઈ ગયો.'** બહુ કર્યું મેં તો.. ઓ..હો...! કરોડોની દુકાનની પેદાશ હતી એ છોડીને હું ત્યાગી થયો છુ. ધૂળમાંય નથી, સાંભળને હવે. આહા...હા...! રાગથી ભિન્ન ભગવાનનું જ્ઞાન થયું નહિ તો એણે કાંઈ ત્યાગ કર્યો નથી. સમજાય છે કાંઈ ? મહાવ્રતના પરિણામ જે શુભરાગ છે એ તો, એનો જેને પ્રેમ છે તેણે આત્માનો અનાદર કર્યો, આત્માનો ત્યાગ કર્યો. અરે..રે...! બાળ બ્રહ્મચારી હોય, પણ એ તો શુભભાવ છે. એ મૂળ બ્રહ્મચર્ય નહિ. આહા.હા...! બ્રહ્મચર્ય તો આનંદરૂપી ભગવાન બ્રહ્મ, આનંદમાં રમવું, ચરવું અતીન્દ્રિય આનંદમાં, એનું નામ બ્રહ્મચર્ય છે. આહા..હા...! શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું તો થઈ ગયું... આહા..હા...! આપણે તો બાળ બ્રહ્મચારી. એ શુભભાવમાં સંતોષાઈ ગયો. વસ્તુ પડી રહી. આવી વાતું ભારે આકરી. સમજાય છે કાંઈ ?

**'કલ્યાણ કરવાની સાચી વિધિને જાણી નહિ.'** એ તો શુભભાવ છે. આહા..હા..! પણ કલ્યાણ કરવાની રાગથી ભિન્ન મારી વસ્તુ છે એની દૃષ્ટિ કરીને અનુભવ કરવો એ વિધિ ભૂલી ગયો. આહા..હા...! ક્રિયાકાંડના રસ્તે ચડી ગયો. આહા..હા...! એ શુભરાગ છે. નવમી ગ્રૈવેયકે જ્યારે ગયો ત્યારે જે શુભરાગ હતો એવો તો અત્યારે શુભરાગ થતો જ નથી, અજ્ઞાનીને પણ. સમજાય છે કાંઈ ? અજ્ઞાનીને પણ. એ નવમી ગ્રૈવેયક ગયો (ત્યારે) એટલી રાગની મંદતા શુક્લલેશ્યા (હતી). શુક્લલેશ્યા, હોં ! શુક્લધ્યાન નહિ. આહા..હા...! એની ચામડી ઉતરડીને ખાર છાંટે, (પણ) ક્રોધ ન કરે. એવી ક્રિયા અનંત વાર કરી છે. પણ ત્યાં એ રાગની ક્રિયા છે તેમાં સંતોષાઈ ગયો. આહા..હા...! આવી વાત ?

આ દેશને માટે શહીદ નથી થતા ? દેશને માટે મરે. એમ જાણે કે.. ઓહો..! બાળમરણ છે, મૂઢમરણ છે, સાંભળને ! એય..! દેશ ક્યાં તારો હતો તે દેશને માટે તેં દેહ છોડ્યો ? તારો દેશ તો અંદર છે. અસંખ્યપ્રદેશી અનંત ગુણનું ધામ, તારું ધામ તો અહીંયા અંદર છે. આ મારા દેશને માટે મરી ગયો, જાય, નરક ને નિગોદમાં જશે. એય...! ભારે આકરું, ભાઈ ! લૌકિક કરનારાઓને પણ આકરું પડે. આહા..!

**'કલ્યાણ કરવાની સાચી વિધિને જાણી નહિ.'** ૨૩૪ (બોલ પૂરો થયો).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**સ્વતઃસિદ્ધ વસ્તુનો સ્વભાવ વસ્તુથી પ્રતિકૂળ કેમ હોય ? વસ્તુનો સ્વભાવ તો વસ્તુને અનુકૂળ જ હોય, પ્રતિકૂળ હોઈ શકે જ નહિ. સ્વતઃસિદ્ધ વસ્તુ સ્વયં પોતાને દુઃખરૂપ હોઈ શકે જ નહિ. ૨૩૫.**

હવે એક ન્યાય આપે છે. **'સ્વતઃસિદ્ધ વસ્તુનો સ્વભાવ વસ્તુથી પ્રતિકૂળ કેમ હોય ?'** શું કહે છે ? ભગવાન આત્મા જે વસ્તુનું સ્વરૂપ છે એ તો આનંદ છે, જ્ઞાન છે, શાંતિ છે, વીતરાગતા છે. એ તો વસ્તુનો સ્વભાવ વસ્તુથી પ્રતિકૂળ કેમ હોય ? રાગાદિ થાય છે એ તો વસ્તુના સ્વભાવથી વિરૂદ્ધ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'સ્વતઃસિદ્ધ વસ્તુનો સ્વભાવ વસ્તુથી પ્રતિકૂળ કેમ હોય ?'** જ્ઞાનાનંદ આદિ સ્વભાવ એ પોતાથી પ્રતિકૂળ કેમ હોય ? દયા, દાનના રાગાદિ થાય છે તે તો સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. આહા..હા...! આવી વાતું હવે. ધંધા આડે એક તો નવરા નથી.

પેલા જાપાનવાળાએ લખ્યું છે. જાપાનવાળાએ નહિ ? અનુભૂતિ એ જૈનધર્મ છે, એમ લખ્યું છે. આત્મા રાગરહિત, આત્મા આનંદસ્વરૂપની અનુભૂતિ કરે તે જૈનધર્મ છે. જાપાનનો કોઈ ઇતિહાસીક છે. પછી એણે લખ્યું છે, વાણિયાને આ જૈનધર્મ મળ્યો અને વાણિયા આખો દિ' વેપારમાં ઘુસી ગયા. એય..! જાપાનનો એક ઇતિહાસીક છે. બાપ, દીકરો. બાપ સાંઈઠ વર્ષનો, છોકરો સત્તર વર્ષનો. બંન્નેને આ રસ છે. ઇતિહાસીકે શોધ્યું. છે ને ? છાપામાં આવ્યું છે. ઇતિહાસની શોધ કરતાં કરતાં બધું વાંચન કર્યું. કાઢ્યું કે જૈનધર્મ કોને કહે છે ? ભલે એને અનુભવ ન હોય, પણ વાંચન (કર્યું). અનુભૂતિ એ જૈનધર્મ છે. આત્મા રાગથી ભિન્ન, દયા, દાન, વ્રતના વિકલ્પથી ભિન્ન પોતાની વસ્તુનો અનુભવ કરે એનું નામ અનુભૂતિ ને જૈનધર્મ છે. અહીં તો લોકો દયા પાળે ને આ કરે, તો જૈનધર્મી. ધૂળેય નથી, સાંભળને ! ધૂળેય નથી એટલે શું ? તને પુણ્યાનુબંધી પુણ્ય પણ નહિ થાય. આહા..હા...! પાપાનુબંધી પુણ્ય થશે. ધૂળ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'સ્વતઃસિદ્ધ વસ્તુનો સ્વભાવ...'** સ્વતઃ પોતાથી જે વસ્તુનો–આત્માનો સ્વભાવ છે તે **'વસ્તુથી પ્રતિકૂળ કેમ હોય ?'** સ્વભાવથી વિરૂદ્ધ ન હોય. **'વસ્તુનો સ્વભાવ તો વસ્તુને અનુકૂળ જ હોય,...'** આહા..હા...! જ્ઞાન, આનંદ આદિ વસ્તુનો સ્વભાવ છે તો જ્ઞાન, આનંદરૂપે થાય છે. **'વસ્તુને અનુકૂળ જ હોય...'** આહા..હા...! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન સ્વભાવ, એ પોતાના અતીન્દ્રિય આનંદ ને જ્ઞાન સ્વભાવરૂપે પર્યાયમાં થાય છે. સમજાય છે કાંઈ ? એને આત્મા કહીએ. આત્માનો સ્વભાવ છોડીને રાગ ને દયા, દાનનો વિકલ્પ કરે છે એ તો સ્વભાવથી વિરૂદ્ધ છે. આહા..હા...! આવી વાતું પણ હવે ઘણા લોકો સાંભળે છે કે આ શું કહે છે ? ૪૪ વર્ષથી એક જ વાત માંડી છે. ૪૪ વર્ષ ચાલે છે, આ જંગલમાં. વીસ લાખ તો અહીંના પુસ્તક છપાઈ ગયા છે. વીસ લાખ. હજી લાખો છપાય છે. આહા..હા...! વાત તો એમાં આ છે. આહા..હા...!

**'વસ્તુનો સ્વભાવ...'** આત્મા પદાર્થ છે, વસ્તુ છે અર્થાત્ એમાં અનંત ગુણનો વાસ છે માટે વસ્તુ છે. વાસ્તુ લે છે ને ? વાસ્તુ લે તો કોઈ મકાનમાં લે છે કે કોઈ ઝાડ ઉપર લે છે ? આ વાસ્તુ લે છે ને ? પછી પાંચ, દસ હજાર ખર્ચે, લાપસી ઉડાવે, મોટા કાર્યકર્તાને બોલાવે ને ધૂમાડો કરે પૈસાનો. કર્યું હશે ને એ બધું ? આહા..! કાર્યકર્તાને બોલાવે, મોટા શેઠિયાને બોલાવે. આહા..હા...! અહીં કહે છે, એ તો રાગની ક્રિયા છે. એ કંઈ સ્વભાવને અનૂકૂળ નથી.

**'વસ્તુનો સ્વભાવ વસ્તુને અનુકૂળ જ હોય, પ્રતિકૂળ હોઈ શકે જ નહિ.'** આહા..હા...! જેણે વસ્તુ સ્વભાવ જ્ઞાતા, દૃષ્ટા, આનંદ છે એમ જેને સ્વીકાર થયો તેને તો સ્વભાવ શુદ્ધ જ પ્રગટ થાય છે. આહા..હા...! શું કહ્યું સમજાણું ? ન્યાય સૂક્ષ્મ છે. વસ્તુ જે ભગવાન આત્મા, એમાં અનંત અનંત શુદ્ધિના ગુણ ભર્યા છે. એનો જેને સ્વીકાર થયો તો એની પર્યાયમાં વસ્તુનો સ્વભાવ જ પરિણમશે. અનુકૂળ થશે, પ્રતિકૂળ નહિ થાય. આહા..હા...! દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, એ તો સ્વભાવથી વિરૂદ્ધ છે. જેની સ્વભાવની દૃષ્ટિ થઈ અને સ્વભાવ ઉપરનો આદર થયો તો એનું તો સ્વભાવરૂપ અનુકૂળ પરિણમન જ થશે. રાગનું પ્રતિકૂળ (પરિણમન) થશે નહિ. આહા..હા...! અને એ રાગાદિ આવે છે તો એને જાણવામાં અનુકૂળ સ્વભાવમાં રહેનારો એ છે. આહા..હા...! આવી વાત છે. છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'સ્વતઃસિદ્ધ વસ્તુ સ્વયં પોતાને દુઃખરૂપ હોઈ શકે જ નહિ.'** ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એ પોતાથી દુઃખરૂપ, રાગરૂપ કેમ હોય ? આહા..હા...! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✻ ✻ ✻

**આત્માને ઓળખાવવા જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, એમ કહ્યું છે. કારણ કે જ્ઞાન તે પ્રગટ અંશ છે અને આનંદનો અંશ કાંઈ પ્રગટ નથી, પ્રગટ તો આકુળતા છે, તેથી જ્ઞાનના પ્રગટ અંશ દ્વારા આત્માને ઓળખાવ્યો છે. જ્ઞાનના પ્રગટ અંશને અંદરમાં વાળે એટલે આખું સળંગ થઈ જાય છે. (દ્રવ્ય ગુણ શુદ્ધ છે તેમ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે). આત્માને જ્ઞાનના અંશથી ઓળખાવવાનો મૂળ હેતુ તો આ છે.**

**'પરમાગમસાર' બોલ નં.૩૮૨.**

✿

**(પરસન્મુખ જ્ઞાનમાં થતું પરલક્ષ છોડાવવા અને પોતાનું સ્વરૂપઅસ્તિત્વ વેદ્ય-વેદકપણે જાણવા યોગ્ય છે. તે ન્યાયે... ) જ્ઞેય-જ્ઞાયક સંબંધી પણ જીવને ભ્રાંતિ રહી જાય છે કે છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે. પરંતુ જીવથી ભિન્ન પુદ્ગલ આદિ છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે એમ નિશ્ચયથી નથી. અરે ! રાગ તે જ્ઞેય ને જ્ઞાયક એમ પણ (પર સન્મુખપણે) નથી. પરદ્રવ્યોથી લાભ તો નથી પણ પરદ્રવ્યો જ્ઞેય ને તેનો તું જાણનાર છો એમ પણ ખરેખર નથી. હું જાણનાર છું, હું જ જણાવા યોગ્ય છું, હું જ મને જાણું છું. પોતાના અસ્તિત્વમાં જે છે તે જ સ્વજ્ઞેય છે એમ પરમાર્થ બતાવીને પર તરફનું લક્ષ છોડાવ્યું છે.**

**'પરમાગમસાર' બોલ નં.૩૮૩.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com